॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

શ્રીમહાપ્રભુજી કી વધાઇ

પ્રકટે પુષ્ટિ સૃષ્ટિ સુખદાયક ।
જિનકી કૃપા ખાનિ તે ઉપજત,
અમિત કુંજ કે નાયક ॥૧॥

કારુણીક ફલ દેત સબ નિકો,
જો જન જાકે લાયક ।
'વલ્લભ' શરણુ સત્ય ગહજિનિકી,
વચન ઔર મેન કાયક ॥૨॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૧ ✠ એપ્રિલ, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ ૩૬૦૦૦૧

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશ દ્વારા થયેલ ગૌ સંવર્ધન તેમજ દુષ્કાળ સેવાનાં કાર્ય

(૧) પાટડી :– સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી મુકામે પૂ. પા. ગો. શ્રી વૃજેશકુમારજી (કામવન-રાજકોટ) વાળાના હસ્તે કેટલ કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો. તેમજ પ્રદેશ પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠનાં હસ્તે રૂા. ૫૧,૦૦૦ એકાવન હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી ચીમનભાઈ શેઠ, ડાયાભાઈ ડેલાવાળા, કાંતીભાઈ રાધનપુરા તેમજ હસુભાઈ ખખ્ખર વિગેરે ઉપસ્થિત હતા. સ્થાનિક કાર્યકરો શાંતિલાલ કંસારા તથા મનુભાઈ શુકલ વિગેરે સારી સેવા કરી રહ્યા છે,

(૨) વડોદરા :– રાજસ્થાનમાં કાંકરોલીની દ્વારકેશ ગૌશાળા માટે પૂજ્ય શાસ્ત્રી શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા ભાગવત સપ્તાહ દરમ્યાનની આવક પૈકી રૂા. ૨૫,૦૦૦ કાંકરોલી નરેશ ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજને અર્પણ કરવામાં આવ્યા. આ પ્રસંગે ચીમનભાઈ શેઠ ઉપસ્થિત હતા,

(૩) સુરત :– વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના કાર્યકરેનું સંમેલન સુરત મુકામે મલ્યુ. જેમાં પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહોદય (સુરત)શ્રીએ આશીર્વચન તેમજ ગૌસંવર્ધન અંગે માર્ગદર્શન આપેલ.

તેમજ ગાયો દત્તક લેવામાં આવતા સ્થળ ઉપર જ એક ગાયના રૂા. ૩૦૦ લેખે ૭૦ ગાયો દત્તક લેવામાં આવી તેમજ સ્થળ ઉપર રૂા. ૧૧,૧૦૦ એકત્ર થયા. આ પ્રસગે યોગેશભાઈ શાસ્ત્રી, ચીમનભાઈ શેઠ, પદ્યુમન શાસ્ત્રી, રમેશભાઈ શ્રોફ વિગેરેએ પ્રાસંગિક વક્તવ્યો આપેલ.

(૪) મેઘરજ :– વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા સીસોદરાની આસપાસના વીસ ગામના ૨૫૦ કુટુંબોને કુટુંબદીઠ ૧૦ કીલો ઘઉં તેમજ એક કીલો ગોળનું વિતરણ કરવામાં આવ્યું. આ વિતરણ સેવા કાર્યમાં મોડાસા–મેઘરજના સ્થાનિક કાર્યકરો ચીમનભાઈ શેઠ સાથે જોડાયા હતા.

(૫) લખતર (તાલુકો જોડીયા) :– જોડિયા તાલુકાના લખતર મુકામે કુટુંબ દીઠ ૨૦ કીલો ઘઉં લેખે ૧૦૦ કુટુંબોને ઘઉં વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂ. શાસ્ત્રી, શ્રી યોગેશભાઈ, ચીમનભાઈ શેઠ, ડાયાભાઈ ડેલાવાળા, જે. પી. પારેખ, અંબુભાઈ શાહ, જોડીયા ગીતા વિદ્યાલયના રસીકભાઈ પદ્ધણી પણ ઉપસ્થીત હતા.

(અનુસંધાન ટા. ૩ ઉપર)

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૧ * એપ્રીલ, ૧૯૮૮

શ્રી વલ્લભસુધા માધુરી

—સોની કાંતીલાલ છગનલાલ, (ચીત્તલ)

અખંડ ભૂમંડલાચાર્ય શ્રીમદ વલ્લભનું પ્રાગટય નિજલીલાધામથી વિછુરેલા નિજદૈવી જીવોને માટે થયું છે. શ્રીઠાકુરજી તથા શ્રીસ્વામિજીના ઉભય સ્વરૂપ કૃપા શકિત રૂપે આપશ્રીનું પ્રાગટય છે. સમગ્ર પુષ્ટિ લીલાજગત શ્રીમદ વલ્લભથી ભૂષીત છે. પુષ્ટિ- સૃષ્ટિ એ આત્મ સૃષ્ટિ છે. ભૂમંડલ પર આપશ્રીનું પ્રાગટય ન થયું હોત, તો પુષ્ટિની સર્વ રસાત્મક લીલાઓ ગુપ્ત જ રહેત, પુષ્ટ લીલાનો જે દિવ્ય આનંદ તથા મુળ લીલાધામનો જે સેવા પ્રકાર તે કંઇ ન હોત "સેવા રીત પ્રિત વ્રજજનકી જનહિત જગ પ્રગટાઇ."

નવ પ્રકારની ભકિતમાં સર્વશ્રેષ્ઠ આત્મનિવેદન ભકિત છે. તેથી શ્રીમદ્ વલ્લભાધીશ પ્રગટીત પુષ્ટિમાર્ગમાં પ્રવેશ જ આત્મનિવેદનથી છે. આત્મનિવેદનથી જીવનો દેહ સેવા પયોગી થાય છે. અને નિત્યના સેવા પ્રકારમાં જે જીવ મગ્ન હોય છે તેને નવે પ્રકારની ભકિત સહજમાં પ્રાપ્ત થાય છે. મર્યાદા માર્ગમાં જેમ ઇન્દ્રિયનું દમન કરવું પડે છે તેવું આચાર્ય ચરણ પ્રગટીત પુષ્ટિમાર્ગમાં નથી. જીવની એકાદશ ઇન્દ્રિય સહજમાં જ શ્રી ઠાકુરજી સન્મુખ થઇ જાય છે. આવી મહાકરૂણા એ "મહાકારૂણીક" પ્રભુએ આપણા પુષ્ટિ જીવો ઉપર કૃપા કરીને કરી છે.

* 'શ્રીવલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમ્યાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ થી લવાજમ મોકલતી વખતે નીચેના કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી । દિવ્ય સિદ્ધાન્તોને સરળભષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો. આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનતિ.
* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી
* શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

મહાનુભાવ શ્રી હરિરાયજીએ એક પદમાં કહ્યું છે કે :

“પ્રગટે પુષ્ટિમહારસ દેન” આ પુષ્ટિ મહારસ એટલે નિજજન સ્વકીયોને મુલધામસ્થ “ધર્મી વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનું દાન કરવું તે જ. તેથી જ શ્રી સર્વોત્તમજીમાં આપશ્રીનું એક નામ “અદેયદાન દક્ષશ્ચ” એવું બિરાજે છે. અદેયદાન એટલે જે કોઇ ન દઇ શકે તેવું “તાપ કલેશાનંદ”નું દાન. આ તાપ કલેશાનદનું દાન આપશ્રી પોતાના સ્વતંત્ર પ્રમેય બળથી કરવાવાળા છે. દાની એને જ કહેવાય કે જે પોતાની સત્તાની વસ્તુ આપી શકે, અને આ અદેયતમ દાન કરવા જ આપશ્રી વલ્લભાગ્નિનો ભૂતલમાં પ્રાદુર્ભાવ થયો છે. આ “તાપકલેશાનંદ” પોતાના જ તાપાત્મક–આનંદ સ્વરૂપનું અંતરંગોને દાન કર્યું છે. માત્ર સંયોગાત્મક આનંદ નહિ, પરતુ તાપ કલેશ સહિતના આનંદના સ્વરૂપનું અંતરંગોને દાન કર્યું છે. સંયોગ સ્વરૂપનો આનંદ “પરિમત” (માપી શકાય તેવો) છે. જયારે “અપરિમિતતા” તો તાપાત્મક વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં જ રહેલી છે. આ અગણિત આનદનો અનુભવ શ્રીવલ્લભાગ્નિના તાપાત્મક સ્વરૂપના આશ્રયથી થાય છે.

આવું અદેયદાન શ્રીવલ્લભાગ્નિ સિવાય અન્ય કોઇ આચાર્ય દઇ શકતા નથી. અરે, શ્રીવલ્લભ નામની સમાનતા પણ ત્રણે કાળમાં અન્ય ભકિતમાર્ગીય આચાર્યોથી થઇ શકતી નથી. તો આપશ્રીના સ્વરૂપની સમાનતા તો સંભવે જ કેમ ? તેથી જ “સપ્તશ્લોકી”માં શ્રી ગુંસાઇજીએ આજ્ઞા કરી છે.

‘શ્રીવલ્લભનામ ધેય સદશો ભાવિ ન ભૂતોસ્ત્યપિ’

અર્થ :– શ્રીવલ્લભ-નામ-સ્વરૂપ આગળ હતું નહિ. કારણ કે શ્રીવલ્લભ “રૂપ” થી અને “નામ”થી બન્ને પ્રકારે ક્રીડા કરે છે. “રૂપ” થી બહાર. અને “નામ” થી ભાવાત્મક રસાત્મક સ્વરૂપથી નિજજનોના હૃદયમાં ક્રીડા કરે છે.

શ્રીમદ્ વલ્લભ એટલે સર્વ રસાત્મક લીલાઓનો સમૂહ. શ્રીવલ્લભના રોમ રોમમાં અનંત કોટી યુગલો નિત્ય રસાત્મક લીલાઓ કરે છે. અનેક લીલારસના સમુદ્રો આપશ્રીના શ્રીઅંગમાં ભરેલા છે. અનેક રસનું એકીભૂત મૂર્તિમાન “ઘનીભૂત” સ્વરૂપ એટલે શ્રીવલ્લભ.

શ્રીવલ્લભ રોમ રોમ ઝલકે ॥
ભરે સમુદ્ર અનેકન રસ કે, કૃપા લહેર ઉર હલકે ॥૧॥
જે જે અધિકારી યા રસ કે, ભરત સંભારીન છલકે ॥
“રામદાસ” શ્રીમુખ માધુરી, ચાખન કો જીય લલચે ॥૨॥

આવા શ્રીવલ્લભ પ્રભુને તેમનાં ૫૧૦માં પ્રાગટય પ્રસંગે આપણા કોટી કોટી વંદન !

* * *

॥ શ્રી વલ્લભો જયતિ ॥

શ્રી પુષ્ટિમાર્ગના ઉત્સવોની ભાવના

સંગ્રાહક : **સોની દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા, ધોરાજી**

પુષ્ટિમાર્ગના બારે માસના ઉત્સવોનો ગૂઢભાવ

પ્રભુ પોતાના ભકત ઉપર કૃપા કરી અનુભવ સહઆનંદનું દાન કરે તે ઉત્સવ કહેવાય અને ભકતજનો અનેક પ્રકારની વસ્તુ-સામગ્રીથી પ્રભુની વાત્સલ્ય ભાવ વડે સેવા કરે તે મનોરથ કહેવાય.

૧. જન્માષ્ટમી – શ્રાવણ વદ ૮, પ્રભુ પોતાના નિજ ભકતો પર અનુગ્રહ કરવા માટે પોતે સાક્ષાત્‌ પ્રગટ થયા.

૨. રામનવમી, વામન દ્વાદશી, નૃસિંહ ચતુર્દશી અને જન્માષ્ટમી

ચૈત્ર સુદ ૯, ભાદરવા સુદ ૧૨. વૈશાખ સુદ ૧૪, શ્રાવણ વદ ૮. આ ચાર જયંતિના વ્રત અવશ્ય કરવાં, કારણ કે તે ભકત ઉદ્ધારક છે.

૩. ભાદરવા સુદ ૫– શ્રી ચન્દ્રાવલીજીનું પ્રાકટય. (ગુપ્તોત્સવ) એમણે શ્રી સ્વામિનીજી તરીકે નિકુંજની સેવા કરી પરકીયા રસ પ્રકટ કર્યો.

૪, રાધાષ્ટમી – ભાદરવા સુદ ૮ મુખ્ય શ્રી સ્વામિનીજી શ્રી રાધિકાજીનું પ્રાગટય અને તે દ્વારા સર્વે ભકતજનોને શ્રી ઠાકોરજીની ગૂઢલીલાનો અતુભવ થયો છે.

૫. દાન એકાદશી– ભાદરવા સુદ ૧૧ પ્રભુ દાનના મિષથી પ્રથમ ગોરસ અધરામૃતનું પાન કરી પોતાના ભકતોને પાન કરાવ્યું અને રસાનંદનું દાન કર્યું.

૬. સાંજી – ભાદરવા સુદ ૧૫થી ભાદરવા વદ અમાસ સુધી શ્રી વૃષભાનજીને ઘેર શ્રી સ્વામિનીજી તથા સર્વે સખીઓ મળી પ્રભુ પધારવાની અભિલાષાથી કુલની રંગબેરંગી સાંઝી ચિતરે છે, ત્યાં શ્રી ઠાકોરજી સખી વેશ ધરી પધાર્યા છે. સાંજી શ્રી વૃષભાનપુરની યાત્રા છે.

૭. કરખાં–આસો સુદ ૧થી૧૦ સુધી દશ પ્રકારના ભકતોનું વીરરસનું વિવિધ પ્રકારો દ્વારા રસ સમૂહનું દાન કરી આકર્ષણ કરવું,

૮. નવરાત્રી-આસો સુદ ૧થી૯ સુધી દેવી પૂજનના મિષથી નવવિલાસ અને પ્રભુનો મેળાપ.

૯. વિજયાદશમી–આસો સુદ ૧૦. દશ પ્રકારના ભકતોને આનંદરસનું દાન. પ્રભુનો સદા વિજય થવાથી તેજપ્રતાપ વધે છે.

૧૦. શરદપૂર્ણિમા રાસોત્સવ –

આસો સુદ ૧૫ શરદપુનમમાં શ્રુતિરૂપા કુમારીને રાસ દ્વારા રસદાન કરાવ્યું અને છ માસની રાત્રિ કરી ભકતોના મનોરથ સિદ્ધ કર્યા.

૧૧. ધનતેરસ – આસો વદ ૧૩. શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીએ પરકિયા રસનો અનુંભવ કર્યો.

૧૨. રૂપ ચૌદસ – આસો વદ ૧૪. સઘળા રોગ દોષોનો નાશ થાય છે.

૧૩. દિપાવલી – અસો વદ અમાસ. નંદાલયની દિપદાન, હટરી મિષે સર્વે ભકત

શ્રી નંદરાયજીને ઘેર આવે છે અને પ્રભુ મિલાપથી પરસ્પર આનંદ અનુભવ કરે છે.

૧૪. અન્નકુટ : કારતક સુદ ૧ વ્રજ-ભકતોના ઈન્દ્ર અન્યાશ્રયથી છોડાવીને શ્રી ઠાકોરજીએ પોતાનો આશ્રય સિદ્ધ કરાવી અનેક ભકતોના મનોરથની સામગ્રી ભુજા લાંબી કરી માગી માંગીને આરોગ્યા અને સર્વેને સંયોગરસનું દાન કર્યું.

૧૫. ભાઈબીજ કારતક સુદ ૨ શ્રી ઠાકોરજી પોતાની બહેન સુભદ્રાને ઘેર ભોજનના મિષથી પધારી સાત્વિક મનોરથ સિદ્ધ કર્યા.

૧૬. ગોપાષ્ટમી – કારતક સુદ ૮ ગાય ચરાવવાના મિષથી શ્રી વૃંદાવનમાં નિત્ય સિધ્ધા ભકત નિકુંજ સ્થિત છે. ત્યાં પશુ, પક્ષી સર્વેને રસદાન કરાવ્યું.

૧૭. પ્રબોધિની – કારતક સુદ ૧૧ કુંજમાં બધા ભકતો આવે છે અને ત્યાં ચારે યુથ વિવાહ ખેલ આદિથી ચાર પ્રહર જાગરણ કરી ભોગ ધરી વિરહતાપ નિવારણ કરે છે.

૧૮ શ્રી આચાર્યજી મહાપ્રભુજી તથા શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીનો ઉત્સવ.–ચૈત્ર વદ ૧૧ અને માગશર વદ ૯ દૈવી જીવોના ઉદ્ધારાર્થે પ્રાકટય છે.

૧૯ વસંત પંચમી–મહા સુદ ૫ ચાલીસ દિવસ ખેલ દ્વારા કામનો ઉદ્દિપનભાવ પ્રકટ કરી વિહાર કર્યો.

૨૦ હોળી દંડા–મહા સુદ ૧૫ વ્રજના બાલ ગોપાલ અને વ્રજ વાસીઓ સાથે હોરી ખેલ રૂપ યુદ્ધનો રણ સ્થંભ અને હોરી ખેલ (યુદ્ધ)ની શરૂનો યાદિ દિન.

૨૧ શ્રી નાથજીનો પાટોત્સવ–મહા વદ ૭ શ્રી ગુસાંઈજીને ઘેર મથુરાથી સતધરામાં આપ પધારી સર્વસ્વ અંગીકાર કરી હોળી ખેલ્યા.

૨૨ કુંજ એકાદશી–ફાગણ સુદ ૧૧ ચારે યુથાધિપતિઓના જુદા જુદા હોરી ખેલનાં સ્વતંત્ર દિવસોમાં પ્રથમનાં મંગલા ચરણનો દિવસ.

૨૩ હોળી–ફાગણ સુદ ૧૫ શ્રી ઠાકોરજીનો વિવાહ સર્વે સખીઓ મળીને કરે છે અને હોળીમાં નાળીએર હોમી પરસ્પર ગાંઠ જોડી ગારી ગાય છે.

૨૪ ડોલ–ફાગણ વદ ૧ ચાર ભકતો સાથે નિકુંજમાં વિવાહ ખેલ. પ્રથમ નિર્ગુણ, સાત્વિક, રાજસી, તામસી.

૨૫ દ્વિતીયા પાટોત્સવ–ફાગણ વદ દ્વિતીયા પાટથી નિકુંજમાં વિહાર.

૨૬ સંવત્સવર ઉત્સવ–ચૈત્ર સુદ ૧ લીમડાનો કોર તથા મિશ્રી શ્રીઠાકોરજી પાસે ધરવાનું કારણ આખા વર્ષની કુશળતા દેહમાં આરોગ્યતા રહે.

૨૭ ગણગૌરી–ચૈત્ર સુદ ૩ ગણ એટલે સમૂહ વ્રજ-ભકતોના સમૂહરૂપ ગણનાં ગૌરી (સ્વામીની) રૂપ શ્રી રાધિકાજીના સેવાનો વ્રજ ભકતોએ કરેલો ઉત્સવનો દિવસ

૨૮ અક્ષય તૃતીયા–વૈશાખ સુદ ૩ કુંજની યાત્રા છે ભકતજન પોતાને ઘેર પ્રભુને પધરાવી ચંદન, અરગજા, શિતલ સામગ્રી

ભોગ ધરી, વિરહતાપ પ્રભુને નિવેદન કરી દર્શનાદિથી શીતળતા પ્રાપ્ત થાય છે.

૨૯ ગંગા દશહરા-જેઠ સુદ ૧૦ જન્હુની જાંઘમાંથી જાન્હવી (ગંગાજી) નું પ્રાકટય.

૩૦ જયેષ્ઠાભિષેક સ્નાન યાત્રા-શ્રીનંદરાયજી પુત્રને રાજ્યાભિષેક કરાવે છે. તે સર્વે વ્રજ ભકતો જોવાને ત્યાં આવ્યા છે. બીજો ભાવ એવો છે કે પ્રભુ ભકતો સાથે શ્રી યમુનાજીમાં નાવનો ખેલ જળ વિહાર લીલા કરે છે.

૩૧ રથ યાત્રા-અષાડ સુદ ૨. પ્રભુ રથ પર બેસી સઘળાં વ્રજમાં પધારે છે અને સર્વે ભકતોને ઘેર શીતળ ભોગ આરોગે છે.

૩૨ ફુલ મંડલી-નિકુંજમાં ફૂલના મંદિરે પ્રભુ પધારે છે. તે કુંજની યાત્રા છે.

૩૩ કસુંભાછઠ્ઠ -અષાડ સુદ ૬ બરસાનામાં શ્રી લાડીલીજીના મહેલમાં ગોપીજનો અને સખા દ્વારા શ્રી વૃષભાનુજા સાથે પ્રભુ મીલન અને સર્વન આનંદનું દાન.

૩૪ અષાઢી પૂનમ-ચાતુર્માસનો આરંભ અને વર્ષ દિનની કુશળતા.

૩૫ હિંડોળા-અર્ધો અષાડ માસ તથા અર્ધો શ્રાવણ માસ શ્રી સ્વામિનીજી તથા શ્રી ઠાકોરજી નિકુંજમાં હિંડોળા ઝૂલે છે.

૩૬ હરિયાળી અમાસ-અષાડ વદ અમાસ નિકુંજ અને વ્રજના સર્વ જીવોને પ્રભુએ આનંદનું દાન આપી હર્યા બનાવ્યા. શૃંગાર કરી સુખ લીધું અને દીધું.

૩૭ ઠકુરાણી ત્રીજ-શ્રાવણ સુદ ૩, શ્રીસ્વામિનીજીને વિવિધ પ્રકારના હિંડોળામાં ઝૂલાવવાનો મનોરથ શ્રી વ્રજભકતોએ કર્યો અથવા શ્રી યમુનાજીની કુંજમાં મલી દર્પણ હિંડોળે યુગલ સ્વરૂપને ઝૂલાવવાનો વ્રજ ભકતોએ મનોરથ કરી આનંદ લીધો.

૩૮ પવિત્રા એકાદશી-શ્રાવણ સુદ ૧૧, અર્ધરાત્રિનાં સમયે શ્રી ઠાકોરજીએ શ્રી મહાપ્રભુજીને ગોકુલમાં ગોવિંદ ઘાટ ઉપર દૈવીજનોના ઉધ્ધાર અર્થે બ્રહ્મ સંબંધની આજ્ઞા કરી.

૩૯ રક્ષા બંધન-શ્રાવણ સુદ ૧૫, શ્રી ઠાકોરજી તથા શ્રી બલદેવજીને કોઇની નજર ન લાગે એટલા માટે શ્રી યશોદાજી રક્ષા બાંધે છે.

૪૦ છઠી મહોત્સવ-વ્રજ કુલની કુલદેવી શ્રી યમુનાજીની કુંજમાં પ્રભુ પ્રાગટય મહોત્સવ

૪૧ વ્રતચર્યા-શ્રી યમુનાજીનાં સ્નાન પૂજન અર્ચન દ્વારા શ્રી કુમારીકાઓને વરદાન અને રાસ રમણની મહાન ફલસિદ્ધિની પ્રાપ્તિ.

૪૨ મકરસંક્રાંતી-સખાઓ સાથે વનમાં ગેંદખેલ, પતંગ લીલા વગેરેથી ગોપીઓને આનંદનું દાન.

૪૩ ઘટાઓ-વિવિધ પ્રકારનાં મનોરથો દ્વારા ગોપીજનોએ શ્રી યુગલસ્વરૂપની સેવાનો સ્વતંત્ર આનંદ લીધો.

૪૪ નાલછેદન-પૂર્ણાવતારના પ્રાગટયથી નાલ અને નાલમાં ઉત્પન્ન થયેલ બ્રહ્મા સહિતનું હવે કાંઇ પ્રયોજન નથી. વ્રજમાં નાલ અને બ્રહ્માનું સ્થાન નથી માટે નાલ છેદન ભગવત્ ભકતો અને ગોપીજનોએ કર્યું અને કરાવ્યું.

અલૌકિક હૃદય પરિવર્તન

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

દ્વારકાની નવી હવેલીવાળા પરમ વંદનીય ગો. શ્રી નટવર ગોપાલજી મહોદયશ્રીની અધ્યક્ષતા અને છત્રછાયામાં સંવત ૨૦૩૧ એટલે ઇ.સ. ૧૯૭૫ માં સાડા ત્રણ માસની અખિલ ભારત પુષ્ટિમાર્ગીય બેઠક યાત્રા યોજાયેલી. ચાર ધામ અને સાત પવિત્ર પુરી સહિત ભારતભરમાં બિરાજતાં સમસ્ત પુષ્ટિમાર્ગીય બેઠકજીઓની આ યાત્રા જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજીની યાત્રા પછી પ્રથમવાર યોજાઇ હોવાથી સાંપ્રદાયિક રીતે પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને આવસ્મરણીય રહેશે. આ બેઠક યાત્રાનું આયોજન સ્વતંત્ર બસો દ્વારા કરવામાં આવેલું.

યાત્રામાં ઘણી બધી સમસ્યાઓ ઊભી થતી હોય છે પરંતુ પ્રભુ કૃપાથી તેમનો ઉકેલ અલૌકિક રીતે થઇ જતો હોય છે. આવા સમયે આપણને શ્રીવલ્લભકુલની અલૌકિકતા અને દૈવી પ્રતાપનો અનુભવ થતો હોય છે.

બસના ડ્રાઇવરો કેટલીકવાર સમસ્યારૂપ થઇ અગવડો અને અંતરાયો ઊભા કરતા હોય છે. બધા ડ્રાઇવરો સરખા સ્વભાવના હોતા નથી, કોઇ તામસી સ્વભાવના, દારૂ પીવાની લતવાળા, તોછડા–ઉદ્ધત વર્તનવાળા ગાળા ગાળી કરનારા, કજિયાખોર અને માથાભારે હોય છે.

આ બેઠક યાત્રામાં સાથે આવેલા ડ્રાઇવરોમાંથી બે–ત્રણ જણા આ પ્રકૃતિના હતા. તેમાં પણ અશોકભાઇ નામનો બસ ડ્રાઇવર તામસી સ્વભાવનો, દુર્ભાવનાવાળો અને માથાભારે હતો, તે યાત્રામાં વારંવાર અનેક જાતના વાંધા ઉઠાવતો અને વિઘ્ન ઊભા કરતો. પરંતુ ભગવત્કૃપામુલક યાત્રા નાયકના પ્રભુત્વ અને અલૌકિક પ્રતાપના બળે અને વૈષ્ણવોની વૈષ્ણવતાના પુનિત સ્પર્શે. ડ્રાઇવરોએ ઊભી કરેલ વિકટ સમસ્યાનું એની અજબ શી રીતે નિવારણ થાય છે કે એ જાણી આપણે આનંદ અને આશ્ચર્યની લાગણી અનુભવીએ છીએ !

યાત્રા અનેક સ્થળોનો પ્રવાસ કરતી કરતી કલકત્તામાં આવી ત્યારે કલકત્તામાં વૈષ્ણવોને ફરવા જવા માટે બસોને લઇ જવાની ડ્રાઇવરોએ સ્પષ્ટ ના પાડી સહકાર ન આપ્યો અને અગવડ ઊભી કરી.

કલકત્તાથી હાજીપુર જવા યાત્રા રવાના થઇ વચ્ચે ઇસરી બજાર રોકાયા ત્યાંથી રવાના થયા પછી બિહાર શરીફ પાસે રસ્તા પર આવેલી એક હોટલમાં ડ્રાયવરોએ ઉદ્ધત વર્તનનું પ્રદર્શન કર્યું અને તકરાર ઊભી કરી.

આથી શ્રી પરમાણંદભાઇ ભાટિયા આદિ વ્યવસ્થાપકોએ બસોના આ ડ્રાઈવરોનું આવું અમાનુષી વર્તન નિભાવીન શકાય. એવા નિર્ણય પર આવી બીજી બસો લાવવા માટે વ્યવસ્થા કરવામાં લાગી ગયા.

પ્રભુ કૃપાથી નજીકના ચારેક હજારની વસતિવાળા તેઘડાવાળા ગામના એક જૈન સદ્ગૃહસ્થે અર્ધી રાત્રે યાત્રાળુઓને પોતાના નવા બંગલામાં સર્વ સગવડો સાથે ઉતારો આપ્યો અને હાજીપુર જવાની સગવડ કરી આપવા પણ જણાવ્યું.

આ સમય દરમ્યાન યાત્રામાં જોડાયેલ શેઠ પરમાણંદ ભાટિયાને એક અલૌકિક અનુભૂતિ થઇ. પ. ભ. શ્રી પરમાણંદભાઇ ભાટિયા મૂળ તો કચ્છ ગુંદિયાળીના વતની પણ તે સમયે મુંબઇ–બોરીવલીમાં રહે. પૂ. યાત્રા નાયક પ્રત્યે સંપૂર્ણ વફાદારી અને પૂજ્ય ભાવ ધરાવતા.

ડ્રાઇવરોના તુમાખીભર્યા વર્તન અને કજીયાખોરીના કારણે યાત્રા ખોરંભાઇ એથી પરમાણંદભાઇને ચિંતા થતી હતી. પૂ. મહારાજશ્રીને અસુવિધા થતી હતી એ વિચારે પણ એમને મનમાં ક્લેશ થતો હતો. આમ ચિંતા અને પરિતાપમાં તેઓ રાત્રે સૂતા નિંદ્રામાં તેમને એક સુખદ સ્વપ્નું આવ્યું.

શ્રીવલ્લભે તેમને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને પ્રસન્ન મુખ મુદ્રાથી કહ્યું, “વૈષ્ણવ, મનમાં કોઇ ચિંતા રાખશો નહીં બધું સમે સૂતર પાર ઉતરશે.”

આ સ્વપ્નથી પરમાણંદભાઇને અલૌકિક આનંદની અનુભૂતિ થઇ. શ્રીહરી જે કરશે તે સારું જ કરશે એવી શ્રદ્ધા તેમના મનમાં ઉત્પન્ન થઇ.

બીજે દિવસે વહેલી સવારે જ્યારે મુજફરનગર જવાની તૈયારી થઇ રહી હતી ત્યારે એક આશ્ચર્યકારક ઘટના ઘટી. માથાભારે ગણાતા બસના ત્રણેય ડ્રાઇવરો ખેદયુક્ત ચહેરે પૂજ્ય બાવાશ્રી પાસે આવ્યા. તેમણે બાવાશ્રીના ચરણ કમલમાં મસ્તક નમાવી પ્રણામ કર્યા અને અપરાધ બદ્દલ ક્ષમા યાચી. તેમણે હાથ જોડી વિનમ્ર ભાવે કહ્યું, “બાવાશ્રી, જે થયું તે બદ્દલ અમે ઘણા દિલગીર છીએ કૃપા કરી અમને ક્ષમા કરો. હવેથી અમારા તરફથી તરફથી યાત્રામાં કશી મુશ્કેલી નહીં થાય એની હૃદયપૂર્વક ખાતરી આપીએ છીએ.”

પૂજ્ય મહારાજશ્રી અને ભાટિયા શેઠને કોઇ શંકા ન રહી કે શ્રીવલ્લભ મહાપ્રભુજીની કૃપાના બળે અને બુદ્ધિપ્રેરક પ્રભુની અહૈતુકી કરુણાથી ડ્રાઇવરોના સ્વભાવમાં આ સુપરિવર્તન પરિણમેલ છે.

મહદ્ આશ્ચર્યની વાત તો એ થઇ કે તે દિવસે તપેલીનો તમામ ખર્ચ પણ આ ડ્રાઇવરોએ પોતાના શિરે ઉઠાવી લીધો !

સફર કરતાં કરતાં યાત્રા શ્રીમદ્ ગોકુલ થઇ મથુરામાં આવી પહોંચી. સર્વ વૈષ્ણવોએ પ્રસન્નતાથી જામનગરવાળા શ્રી ગોરધનદાસ રણછોડદાસ સચદેવને ત્યાં પ્રસાદ લીધો.

બેઠક યાત્રાના વૈષ્ણવોને અહીં શ્રીવલ્લભ કુલની અલૌકિકતાનો પ્રત્યક્ષ અનુભવ થયો.

શ્રીવલ્લભની કૃપાથી અને પૂજ્ય બાવાશ્રીની પાવનકારી ચરણરજના પ્રતાપે માથાભારે ડ્રાઇવરોનું હૃદય પરિવર્તન થયું હતું. તેઓ ૬–૬–૭૫ના દિને બાવાશ્રી સંમુખ આવ્યા

અને વિનમ્ર ભાવે બ્રહ્મસંબંધ લેવાની ઇચ્છા પ્રકટ કરી તેમનો આરત ભાવ જોઇ પરમ કૃપાળુ વલ્લભ સ્વરૂપ બાવાશ્રી તેમને બ્રહ્મ સંબંધ આપવા કબુલ થયા.

પરંતુ બાવાશ્રીએ આ ડ્રાઇવરો પાસેથી માંસાહાર મંદિરા પાન નહીં કરવા, જુગાર નહીં રમવા, વ્યભિચાર નહીં કરવા, અને અન્યને દુઃખ થાય તેવું આચરણ નહીં કરવા અને બ્રહ્મ સંબંધ લીધા પછી વૈષ્ણવવી નિયમોનું પાલન કરવા શપથ લેવડાવ્યા.

ડ્રાઇવરો બાવાશ્રીની બધી આજ્ઞાઓનું અંતઃકરણપૂર્વક પાલન કરવા કબુલ થયા એટલે તે દિવસે વ્રત કરવાની અને બીજે બ્રહ્મસંબંધ માટે આવવાની આજ્ઞા આપી.

બાવાશ્રીની આજ્ઞાનું કડક રીતે પાલન કરી બીજે દિવસે તા. ૭-૬-૭૫ ના દિને ડ્રાઇવરો પૂજ્ય બાવાશ્રી સન્મુખ આવ્યા.

બાવાશ્રીએ આજ્ઞા કહીઃ "આજે તો અમે ભોજન કરી લીધું હોવાથી આવતીકાલે તમારો બ્રહ્મસંબંધ થશે."

પૂજ્ય બાવાશ્રીની આજ્ઞાથી વધુ વિનમ્ર બની ડ્રાઇવરોએ તે દિવસે પણ વ્રત કર્યું.

આથી પ્રસન્ન થઇ બાવાશ્રીએ તેમને રાસ સ્થલી પરાસોલી ચંદ્ર સરોવર શ્રીગુસાંઇજી મહારાજના વિપ્રયોગ બેઠકજીની સન્મુખ બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો અને 'શ્રીકૃષ્ણ શરણં મમ' મંત્રનો જપ કરવા આ આજ્ઞા કરી.

આ પછી અલૌકિક રીતે ડ્રાઇવરોના સ્વભાવમાં અને હૃદયની ભાવનામાં સુપરિવર્તન થયું.

બેઠક યાત્રામાંનો પ્રસંગ આપણને શ્રીવલ્લભ કુલના અલૌકિક પ્રતાપના બળે દુર્ભાવ અને દોષયુક્ત જીવોનું કેવું સુભગ અને અલૌકિક હૃદય પરિવર્તન થાય છે તેનું દર્શન કરાવી જાય છે.

ગ્રાહકોને લવાજમ મોકલવા વિનંતિ

શ્રી વલ્લભ સુધાના આગલા અંકોમાં નવા વર્ષના લવાજમ મોકલાવવા માટે વિનતિ કરેલ તે અનુસાર ઘણા ગ્રાહકોએ નવા વર્ષનું લવાજમ મોકલાવી આપેલ છે અને જે ગ્રાહકો ચાલુ રહેવા ન્હોતા ઇચ્છતા તેઓ તરફથી તેમના નામ કમી કરવા પત્રો આવેલા છે અને જે ગ્રાહકોએ લવાજમ મોકલાવેલ નથી તેમજ નામ કમી કરવા કાર્યાલયને જાણ કરી નથી તેવા ગ્રાહકો નવા વર્ષમાં ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છે છે તેમ માની નવા વર્ષનો અંક પહેલો મોકલાયેલ છે. તો તત્પરતા દાખવી આપનું લવાજમ વહેલીતકે મોકલાવવા વિનતિ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના

(લેખાંક ૬૨ મો) અધ્યાય તેરમો બી.એ. (ઓનર્સ), કોવિદ

પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।
યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમિતો ગતાઃ ॥૧॥

શ્રીભગવાને કહ્યું, મુખ્ય એવું જ્ઞાનોમાંનું ઉત્તમ જ્ઞાન ફરીથી હું કહીશ, જેને જાણીને બધા મુનિઓ આ દેહથી પરમ સિદ્ધિને પામ્યા છે. ॥૧॥

(પૂ. પા. શ્રીપુરુષોત્તમજી ચૌદમા અધ્યાયનો પ્રારંભ એક કારિકાથી કરે છે.) શ્રીકૃષ્ણે પોતાના (સત્ત્વ વગેરે) ગુણોના સંબંધથી થતી પ્રપંચની (સંસારની) વિચિત્રતાની અર્જુનને સમજ આપવા માટે (સત્ત્વાદિ ગુણો સંબંધે) વિસ્તારથી વર્ણન કર્યું. ॥૧॥

હવે (ચૌદમા અધ્યાયમાં) પોતાની ક્રીડાને માટે રચેલા અને સત્ત્વ વગેરેના ગુણોના સંગથી ઉત્પન્ન થયેલા પ્રપંચની (સંસારની) વિચિત્રતાના સ્વરૂપથી ફલાત્મક નિરૂપણ કરીને વર્ણન કરે છે, તેમાં બે શ્લોકથી તેનું ફળ સંબંધી સ્વરૂપ 'પરમ્' વગેરે શબ્દોથી કહે છે.

'પરમ્' એટલે મુખ્ય મુખ્ય, ભગવાન સંબંધી ફલાત્મક એવા જ્ઞાનને એટલે કે જે જાણવાનું સાધન છે તેને સામાન્ય ગુણધર્મથી પહેલાં કહ્યું છે તેને ફરીથી સાધન સહિત વિશિષ્ટતાથી હું કહીશ, એટલે કે હું કહું છું, એમ અર્થ છે. ફરીને વિશિષ્ટતાથી કહેવામાં વિશિષ્ટ લક્ષણથી તેનું શ્રેષ્ઠત્વ દર્શાવે છે. તે કેવા પ્રકારનું છે ? બધાં જ્ઞાનમાં તે ઉત્તમ છે, એટલે કે પહેલાં કહેવાયેલ જાણવા જેવાં સાધનોમાં તે મુખ્ય છે, એમ અર્થ છે. એ પ્રમાણેના કથનને નિશ્ચયપૂર્વક જણાવીને તેની ફલરૂપતા 'યદ્' વગેરે શબ્દોથી કહે છે. જે જ્ઞાનને જાણીને, તેના અભ્યાસમાં પરાયણ રહેતા મનનશીલ બધા મુનિઓએ પરમ અનુભવ સ્વરૂપની સિદ્ધિને લૌકિક દેહથી પ્રાપ્ત કરેલી છે. 'સર્વે' એવા પદથી જેઓમાં સિદ્ધિ પ્રગટી છે તેઓની સિદ્ધિ આ જ્ઞાન વડે જ થઇ છે, એમ જણાવ્યું છે. 'જ્ઞાન માંહેનું ઉત્તમ' એવા વિશેષણથી જ્ઞાનમાં જ તેનું ઉત્તમપણું છે, પરંતુ તેનું ભક્તિથી ઉત્તમપણું નથી, એમ સૂચવ્યું છે. ॥૧॥

ઇદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ ।
સર્ગેઽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ॥૨॥

આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સમાન ગુણધર્મને પામેલાઓ સૃજન સમયે પણ જન્મતા નથી અને પ્રલય સમયે વ્યથા અનુભવતા નથી. ॥૨॥

જ્ઞાન વડે સિદ્ધિને શી રીતે પામ્યા ? એમ પ્રશ્ન થાય તો 'ઇદમ્' વગેરે શબ્દોથી કહે છે. આ જે કહેવાશે તે જ્ઞાનનો આશ્રય લઇને સાધનની પૂર્વતૈયારી કરીને, મારા સાધર્મ્યને પામીને, એટલે કે મારા સમાન ગુણધર્મને પામીને, એટલે કે મારી લીલાઓની યોગ્યતાને પામીને સૃષ્ટિની ઉત્પત્તિ સમયે, એટલે કે પ્રથમના સૃજનમાં બ્રહ્માની ઉત્પતિ

થાય છે ત્યારે તેઓ ઉત્પન્ન થતા નથી તેમ જ પ્રલય સમયે એટલે કે સૃષ્ટિનો સંહાર થાય ત્યારે તેઓ વ્યથાને પામતા નથી, એટલે કે ફરીને જન્મ પામતાં નથી, એમ અર્થ છે. ॥૨॥

મમ યોનિર્મહદ્બ્રહ્મ તસ્મિન્ગર્ભં દધામ્યહમ્ ।
સંભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥૩॥

હે ભરત કુલોત્પન્ન અર્જુન, પ્રકૃતિ મારી યોનિ (ઉત્પત્તિ સ્થાન) છે, તેમાં હું ગર્ભને સ્થાપિત કરું છું, તેથી ભૂત માત્રની ઉત્પત્તિ થાય છે. ॥૩॥

એ પ્રમાણે ફલરૂપતા કહીને તેને જ 'મમ' વગેરે શબ્દોથી વિશેષ સ્પષ્ટતાથી કહે છે. મહદ્બ્રહ્મ એટલે દેશ કાળ વગેરેની મર્યાદાથી પર બ્રહ્મ; કારણ કે તે વિશાળ છે. સર્વત્ર વિસ્તરેલ હોવાથી મારી લીલા માટે વસ્તુની વૃદ્ધિ થવાનું તે કારણ છે, તેથી મહદ્બ્રહ્મ એટલે કે પ્રકૃતિ મારી યોનિ છે, એટલે કે પુરુષોત્તમની યોનિ છે. ક્રીડા માટે વિચિત્ર એવાં અનેક વસ્તુ સ્વરૂપને તે પ્રગટ કરનાર ગર્ભાધાનનું સ્થાન છે, તેમાં હું ગર્ભ મૂકું છું, એટલે ક્રીડા કરવાની ઇચ્છાના ભાવને હું સ્થાપિત કરું છું. તે પછી એટલે કે ગર્ભાધાન પછી ભૂત માત્રની ઉત્પત્તિ થાય છે. હે ભારત, એવું સંબોધન વિશ્વાસ બેસાડવા માટે છે. ॥૩॥

સર્વયોનિષુ કૌંતેય મૂર્તયઃ સંભવન્તિ યાઃ ।
તાસાં બ્રહ્મ મહદ્યોનિરહં બીજપ્રદઃ પિતા ॥૪॥

હે કુંતીપુત્ર અર્જુન, સર્વે યોનિઓમાં જે સ્વરૂપો ઉત્પન્ન થાય છે તેઓની યોનિ (ઉત્પત્તિ સ્થાન) પ્રકૃતિ છે અને હું બીજપ્રદ પિતા છું. ॥૪॥

અનેકવિધ વસ્તુઓનું અનેક યોનિઓમાં વૈવિધ્ય સ્પષ્ટ દેખાય છે, તો પછી એક યોનિ હોવાનું કેવી રીતે હોઇ શકે? એમ પ્રશ્ન થાય તો 'સર્વયોનિષુ' વગેરે શબ્દોથી કહે છે. પ્રથમ તો સર્વની ઉત્પત્તિરૂપ સર્વ યોનિઓની ઉત્પત્તિ છે. તેનાથી સર્વ યોનિઓમાં હે અર્જુન, જે જે સ્વરૂપો ઉત્પન્ન થાય છે, તેઓની મહદ્બ્રહ્મ એટલે કે પ્રકૃતિ એ યોનિ છે, એટલે કે ઉત્પતિ સ્થાન છે, અથવા માતૃ સ્થાન છે અને બીજ આપનાર એટલે કે મારી ઇચ્છાના જ્ઞાનરૂપ બીજ આપનાર પિતા; ઉત્પન્ન કરનાર હું જ છું, એમ અર્થ છે. તે જ બ્રહ્મ મારી ઇચ્છાથી વિવિધ યોનિરૂપ થઇને પ્રકાશમાં આવે છે, એમ અર્થ છે. ॥૪॥

સત્ત્વં રજસ્તમ ઇતિ ગુણાઃ પ્રકૃતિ સંભવાઃ ।
નિબધ્નન્તિ મહાબાહો દેહે દેહિનમવ્યયમ્ ॥૫॥

હે મહાબાહુ અર્જુન, સત્ત્વ, રજ અને તમ એવી સંજ્ઞાવાળા ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે. તેઓ દેહમાં રહેલા નાશ રહિત જીવાત્માને બાંધે છે. ॥૫॥

લીલાત્મક પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા દેહ વગેરેમાં રહેલ બીજનું (જીવાણુનું) બંધન શી રીતે થાય? એમ પ્રશ્ન થાય તો 'સત્વમ્' વગેરે શબ્દોથી કહે છે. સત્ત્વ, રજ અને તમ એવી સંજ્ઞાવાળા ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે, પ્રકૃતિથી જેઓની ઉત્પત્તિ છે તેવા તે છે. પ્રકૃતિ દ્વારા ગુણના ભોગ અર્થે ગુણોને પ્રગટ કરેલ છે, તે ગુણો અવ્યય એટલે કે વિનાશ વગેરે ધર્મોથી રહિત એવા જીવને બાંધે છે, વશ કરે છે, કારણ કે વાસના સાથે સંબંધિત હોવાથી તેમ થાય છે, એમ અર્થ છે. ॥૫॥

તત્ર સત્ત્વં નિર્મલત્વાત્પ્રકાશક મનામયમ્ ।
સુખસંગેન બધ્નાતિ જ્ઞાનસંગેન ચાનઘ ॥૬॥

હે નિષ્પાપ અર્જુન, તેમાં સત્ત્વગુણ નિર્મળ, હોવાથી પ્રકાશ કરનાર, દુઃખ રહિત છે, તે સુખના સંગથી તથા જ્ઞાનના સંગથી બાંધે છે. ॥૬॥

હવે ત્રણેય ગુણની બંધન કરવાની રીત તેનાં લક્ષણો સાથે ‘તત્ર’ વગેરે શબ્દોથી કહે છે. તેમાં એટલે કે ત્રણેય ગુણોમાં સત્ત્વગુણ નિર્મલ છે અને ભગવાનની ઇચ્છા રૂપ પદાર્થની સ્થિતિનું કારણ હોવાથી અને શુદ્ધ હોવાથી પ્રકાશક છે, ભગવાનના રમણરૂપ બધાં સ્વરૂપોને પ્રકટ કરવાને તે સમર્થ છે. દુઃખ રહિત અને ભગવાનની સેવામાં પ્રતિબંધાત્મક એવા રાગ વગેરે દોષો રહિત છે, તેથી સુખના સંગ વડે ભગવાનને સાધી આપનાર એવી સેવાના સુખને તે ઉત્પન્ન કરનાર છે અને ઉત્તમ દેહ વગેરેની સાથે તે બાંધે છે. અને વળી, જ્ઞાનના સંગ વડે એટલે કે જ્ઞાનને પ્રગટાવનાર હોવાથી એવા સાધકની સાથે તે બાંધે છે. ‘હે અનઘ,’ એવા સંબોધનથી મારી વિશિષ્ટ કૃપા હોવાથી તારી સાથે તેના સંબંધનો અભાવ છે, એમ જણાવ્યું છે. ॥૬॥

ભગવદ્ ભાવ કેમ સ્થિર થતો નથી ?

–શ્રીવલ્લભ પદ રેણું

ઉજ્જૈન નગરીમાં હીરજીભાઇ નામે એક વૈષ્ણવ રહેતા હતા. તે ગોસ્વામી શ્રીગોકુલનાથજીના સેવક હતા. એકવાર તેમણે પોતાની શંકાનું સમાધાન કરવા શ્રીજીને એક પ્રશ્ન પુછયો.

“રાજ, આપશ્રી વિષે મારા હૃદયમાં ભગવદ્ભાવ છે. આપશ્રી પુર્ણપુરૂષોત્તમરૂપ છો અને તેથી અલૌકિક સામર્થ્ય ધરાવો છો એમ માનતો હોવા છતાં મારા હૃદયમાં આપશ્રી વિષેનો ભગવદ્ભાવ સ્થિર થતો નથી. આનું કારણ મારાથી કળાતું નથી તો કૃપા કરી આપશ્રી મને તે કહો.’

કૃપા સાગર શ્રીગોકુલનાથજી એ ઉત્તર આપ્યો: “હીરજીભાઇ’ એ વસ્તુ સરળતાથી સમજવા માટે હું તમારા વ્યવહારુ જીવનમાંથી એક દાખલો આપુ.

“તમે વેપાર કરો છો ત્યારે વેપારને લગતી લેણદેણ અને બીજી બાબતો તમને કેવી રીતે યાદ રહે છે ? તમે જમવા બેઠા હો કે દર્શને આવતા હો ત્યારે પણ વેપાર અંગેની બાબતોનું તમારા મનમાં સતત સ્મરણ નથી થયા કરતું ?’

“આનું કારણ એ છે કે આ વસ્તુ તમારા મનમાં ઘર કરી ગઇ છે, તમારા જીવન સાથે ભળી ગઇ છે, તમારા જીવનના તાણાવાણા સાથે એ વણાઇ ગઇ છે.

“તારતમ્ય એ છે કે જો તે રીતે ભગવાનનું સ્વરૂપ હૃદયમાં સ્પષ્ટ સમજાઈ જાય સ્વરૂપની ભાવના તમારા જીવનમાં વણાઇ જાય, તમારું મન તેના દર્શન કરવાની ઝંખના કરતું થઇ જાય તો જ હૃદયમાં ભગવદ્ ભાવ સ્થિર થાય અને આ ભગવદ્ભાવ સ્થિર થતાં શંકા–કુશંકા તર્ક-વિતર્ક મનમાંથી ગચ્છન્તી કરી જાય છે. આવા ભગવદ્ સ્વરૂપ’ સમજવાને માટે સેવા દ્વારા સંયોગ વિપ્રયોગની ભાવનાથી શ્રીઠાકુરજીના દર્શનનો આરત ભાવ રાખવો જોઇએ.’

* * *

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રી શ્યામલાત્માજ શ્રીવ્રજરાજ કૃત વિવરણનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ૯ મો) અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(અહીં શંકા થાય કે, એમ કહેવું સત્ય છે, તેમ છતાં બ્રહ્મવિદ્યાની જેમ કઠિનાઈથી પ્રાપ્ત થાય તેવાં ભગવાનનાં ચરણરેણુ પરત્વે પોતાની તુચ્છતાનું સ્ફુરણ થતાં ચિંતા ઉદ્ભવે જ, એમ હોવાથી તેના નિવૃત્તિ શી રીતે થાય ? એવી આકાંક્ષા થાય તો ચિંતાની નિવૃત્તિ માટે, એ પ્રમાણે) દોષ રહિત સ્વરૂપનો વિચાર કરીને, તેવે સમયે મનની અપેક્ષા વગેરે દોષોથી મુક્ત થઇને આજ્ઞાનું પાલન જ કરવું, એમ સાડાત્રણ શ્લોકથી કહેતાં પ્રથમ (તુચ્છતાનું સ્ફુરણ થાય ત્યારે અર્થહીન એવું કાંઇયે ન કરવાનું દૃષ્ટાંત આપીને સમજાવે છે.) 'ચાંડાલી ચેત્' વગેરે શબ્દોથી કહે છે.

ચાંડાલી હોવા છતાં કોઇ સમયે રાજાની માનીતી થતાં રાજપત્ની થઇ. (મૂળ શ્લોકમાં) 'ચ' અક્ષર છે તેથા એમ જણાય છે કે, તેને પોતાને એ પ્રમાણેનું અભિમાન ઉત્પન્ન થયું. (ત્યારે) તેવા પ્રકારના તેણીનું કોઇ વાર અપમાન થતાં મુળે તો રાજપત્ની છે તેમાં શી ન્યુનતા આવે ? કોઇ ઊણપ આવે નહિ, એમ અર્થ છે માન મળવામાં કારણ તો રાજપત્નીપણું છે, નહિ કે ચાંડલીપણું રાજપત્ની હોવામાંયે કારણ રાજાથી સન્માન થવું તે છે, પરંતુ તેનુ કોઇ કર્તવ્ય કારણરૂપે નથી. તેથા તેણીનું કરાયેલું અપમાન પણ રાજપત્ની હોવામાં કોઇ વિપરીત પરિવર્તન કરે એવી કોઇ શંકા નથી. જેવી રીતે રાજપત્ની થયા પછી અપમાન થવામાં પણ તેને કોઈ હાની નથી, તેમ જ અહીં સમર્પણ કરી દીધા પછી (પરીક્ષા વગેરે માટે) અથવા બીજા રસની પૂર્તિ માટે, ભગવાને અપમાનં કરવા છતાં પણ પોતાનો અન્ય ભાવ થશે નહિ. (વળી, જેવી રીતે રાજરાણી થયા પછી પહેલાનું સ્વરૂપ વિચારવું ન જોઇએ, તેવા વિચાર આવે તો પોતાની હીનતાનું સ્ફુરણ થાય અને ત્યારે તેના રસમાં ઊણપ આવે તેવા, તેવી જ રીતે સમર્પણ કરી દેવાય છે ત્યારે પણ પોતાના સ્વરૂપ વિચારથી પ્રભુ કૃપા કરશે કે નહિ એવી હીનતા વિચારવી નહિ (એ પ્રમાણે પુરુષોત્તમચરણશ્રીએ અનાદર કરેલ લીટીઓ પોતાના હસ્તાક્ષરથી શુદ્ધ થયેલ ગ્રંથમાં છે.) સમર્પણ કરવાથી જે ભાવ ઉત્પન્ન થયો તે તો ઉત્પન્ન થયો જ છે, એમાં ફેર નથી. (ફરીને જયારે પરીક્ષા આદિથી તૃપ્તિ) (અથવા) સંયોગ રસદાન કરવાની ભગવાનની ઇચ્છા થશે ત્યારે ફરીને તે પ્રમાણે જ માનની પ્રાપ્તિ પણ થશે, એમ વિચારવું, (તથા બીજા વ્યાખ્યાનની રીતે રાજપત્નીની જેમ સમર્પણ કરી દીધા પછી પોતાની સેવા કરવાની યોગ્યતા જ વિચારવી પરંતુ ચાંડાલીપણાની જેમ પોતાનું તુચ્છપણું વિચારવું જ નહિ. ભગવાને પુષ્ટિમાર્ગ પોતાને માટે જ પ્રગટ કરેલ છે તેથી જીવોના દોષોના

અનાદર પૂર્વક તેનો અંગીકાર કરવામાં અને કોઇ કોઇ વાર જીવોના દોષોની આસક્તિમાં ભગવાન જ પોતાના મનમાં કરવા ઇચ્છયું હશે તેજ કરશે, એવા ન્યાયથી વિલંબ થવામાં પણ પહેલાના કરતાં પછીનાનું બળવાનપણું છે, એ ન્યાયે અંગીકાર કરાયેલાનો તિરસ્કાર નહિ કરે, દોષની પ્રબળતા પણ નહિ જુએ. એમ હોવાથી તુચ્છપણાને અવકાશ જ નહિ મળે, એવા આશયથી) 'સમર્પણાદહમ્' વગેરે શબ્દોથી કહે છે. ॥૨॥

સમર્પણ કર્યા પહેલાં શું હું સદાય ઉત્તમ રહ્યો હતો? સંભવ છે કે ના તેમ જ સમર્પણ કર્યા પહેલાં જેનાથી ભગવાને આપેલી માનની અપેક્ષા રખાય તેવા ભાવથી ભરેલ તો નથી જ રહેલ. તે પછી કેવળ તે પ્રમાણે તેનાથી થયેલ અપમાનમાં પણ (મારી) શી અધમતા કલ્પવા જેવી છે (અથવા વધારે પડતી ચિંતનીય છે) કે જેનાથી સમર્પણ કરી દીધા પછી પશ્ચાત્તાપ થાય?

કોઇ વાર કરાયેલુ, એવા શબ્દોથી આશ્વસન માટે પોતાનો સહજ ધર્મ અને આગંતુક ધર્મ (સહવતી આકસ્મિક ધર્મ) યાદ કરાવ્યો છે. આ પછીના અર્ધ શ્લોકથી સ્થાયી રીતે સ્વીકાર કરાયેલા ભગવદ્ધર્મનું તેનાથી સ્મરણ કરાવે છે. તેનાથી ઊલટાનું માન થાય તેવા સ્વરૂપની પ્રાપ્ત થશે, તે સિવાય બીજી રીતે તેવી પ્રાપ્તિ નહિ જ થાય ભગવાનનો અંગીકાર નિત્ય (સ્થાયી) છે. એમ હોવાથી 'સત્યસંકલ્પતઃ' વગેરે શબ્દોથી આગળ કહે છે. ॥૩॥

સત્ય સંકલ્પવાળા હોવાથી વિષ્ણુ સર્વત્ર વ્યાપક છે. ભગવાન અન્યથા નહિ જ કરે. જેવી રીતે (ગીતાજી ૪–૧૧ માં કહ્યા પ્રમાણે જેઓ મને જે રીતે ભજે છે (તેઓને તે રીતે જ હું વશ થાઉં છું,) આશ્રિતોને બીજી વાર આશ્રય લેવો પડે નહિ (વગેરે સંકલ્પ સત્ય છે અને સાશ્રય આપ્યા પછી તેવો જ એકસરખો ભાવ રાખનારા છે. તેમ જ), મારે શરણે આવેલ કોઇ પણ માણસને (ફરીને શોક કરવા જેવું રહેતું નથી), વગેરે પણ ભગવાનનો સંકલ્પ સત્ય જ છે. તેથી ફરીને તેને બીજાનું શરણ લેવાનું રહેશે નહિ. (શોકચ્યુત નહિ થાય, એમ અર્થ છે. વળી) વિષ્ણુ સર્વત્ર વ્યાપક છે, તેથી વિપ્રયોગના સમયમાં પણ રસદાન કરશે, મારાથી પરોક્ષ રહીને મને ભજે છે. એ પ્રમાણેના ન્યાયથી એમ જણાવાયું છે. એ પ્રમાણે (પોતાના સ્વરૂપધર્મનું અને ભગવદ્ધર્મનું સ્મરણ કરાવીને પોતાના સેવકના રક્ષણને માટે છે તેથી) પ્રભુ અન્યથા નહિ કરે. તેથી ભાવાત્મક સમર્પણને લક્ષમાં રાખીને અપમાનથી ઉત્પન્ન થયેલ ક્લેશનો ત્યાગ કરીને, ભગવાનની જેવી ઇચ્છા હોય તે પ્રમાણે આજ્ઞા આપે છે અને તે પ્રમાણે જ કરવું, એમ 'આજ્ઞા એવ' વગેરે શબ્દોથી કહે છે. સતત એટલે નિરંતર આજ્ઞાનું પાલન જ કરવું, નહિ તો તે પ્રમાણે નહિ કરવામાં સ્વામીનો દ્રોહ થાય, એટલે કે પ્રભુનો દ્રોહ થાય. ભગવાને પોતાનું કાર્ય કરવા માટે (પોતાના દાસનો) દેહ રચ્યો હોવાથી તેમની આજ્ઞા ન માનવામાં બાધ જ આવે, એવો ભાવ છે. ('જીવ ભગવાને આપેલ દેહને ધારણ કરીને ભગવાનના કાર્ય માટે જીવે છે,' એમ ભાગવતજીના ચોથા સ્કંધમાં આપેલા પુરંજન ઉપાખ્યાનથી જાણવું.) ॥૪॥

ચોરાસી વૈષ્ણવો પૈકીના એક ભગવદીય પુરુષોત્તમદાસ

લે. શાહ ઠાકોરભાઈ પી. ઉધના

"નૈનનકી કરી કોઠરી પૂતરી પલંગ બિછાય,
પલકોંકી ચીક ડારિકે પ્રીતમ લીયો રિઝાય."

આંખોના શયનખંડમાં, કીકીઓનો પલંગ બિછાવી પલકોની ચીક (પડદો) નાખી, પ્રીતમ પ્રભુને રિઝવવાની મઝા તો જેણે માણી હોય તે જ સમજી શકે. આવી વ્યસનદશા પણ શ્રીવલ્લભ કૃપા કરે ત્યારે જ મળે.

ચોર્યાસી વૈષ્ણવો પૈકીના એક અને આચાર્યજીના પરમ સેવક શેઠ શ્રી પુરુષોત્તમદાસ કાશીમાં નિવાસ કરતા હતા. તે અગાઉ શેઠ પુરુષોત્તમદાસ ને દામોદરદાસ સંભલવારાનો સંગ પ્રાપ્ત થયો. તે સમયે આચાર્યશ્રી પૃથ્વી પરિક્રમા પૂર્ણ કરી કાશીમાં પધાર્યા ત્યારે શ્રી પુરુષોત્તમદાસને તેઓના દર્શનની ઉત્કંઠા થઇ હતી તે પ્રમાણે દર્શનનો શુભ અવસર પ્રાપ્ત થયો. આચાર્યશ્રી સન્મુખ થઇ દંડવત્ કરી શરણે લેવાની વિનંતી કરી. શ્રી આચાર્યચરણ ભક્તવત્સલ છે. ભકતનું દૈન્ય જોઇ તેઓના ઘરે પધાર્યા, બ્રહ્મસંબંધ કરાવ્યું. શેઠે આચાર્યશ્રી પાસે પોતાના આગળના કર્તવ્ય અંગેની આજ્ઞા માગી ત્યારે શ્રી આચાર્યજીએ ભગવત્સેવા પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે અનુસરવા જણાવ્યું. તત્પશ્ચાદ કાશીના શેઠ શ્રી પુરુષોત્તમદાસના ગૃહે શ્રી મદનમોહનજીની સેવા સ્થાપિત થઇ.

તેઓના પિતાની થોડી સંપત્તિમાંથી ઘર બનાવતાં જમીનમાંથી શ્રી મદનમોહનજી તથા પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થયું અને શ્રી પુરુષોત્તમદાસ કરોડપતિ બન્યા.

કાશીના શેઠ પુરુષોત્તમદાસ પાસે કાશીના રાજા જરૂર પડે દ્રવ્ય સહાય લેતા. આવા છપ્પન કરોડ રૂપિયાના આસામી સવારમાં ટૂંકી પોતડી પહેરી ગાયોની સેવામાં મગ્ન છે. ગોબરથી હાથ તથા શરીર ખરડાયેલું છે. એટલામાં નોકર આવીને સમાચાર આપે છે કે કાશીના રાજાનું આગમન થયું છે. નોકર શેઠને કપડાં બદલી દિવાનખંડમાં ઉપસ્થિત થવા વિનંતી કરે છે.

ત્યારે શેઠે કહ્યું, "રાજાને અહીં મોકલ.' નોકર કહે છે અરે, આપના વસ્ત્રો તથા શરીરની પરિસ્થિતિ તો જુઓ. રાજા આપને આવા રૂપમાં જુએ એ મને બરાબર નથી લાગતું. શેઠ પ્રત્યુત્તર પાઠવી કહે છે, "રાજા મને ઓળખે છે" મારે રાજાનું કામ નથી. રાજાને મારું કામ હોય તો અહીં આવે. આવા હતા શ્રી પુરુષોત્તમદાસ કે જેઓએ લોકલાજને ત્યજીને, લૌકિક ત્યજીને અલૌકિક જોડે નાતો બાંધ્યો હતો.

સુધાબિન્દુ

* પ્રભુ સાધન-સંપત્તિથી નહિ, પણ ભકતોની દીનતાથી જ પ્રસન્ન થાય છે.

* ગોસેવા પણ સેવાનું એક અંગ છે.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિંધુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણુપતરામભાઇ, (ધરૂઓલા)

લેખાંક ૨૫ મો

ગતાંકથી ચાલુ

(વિજયનગરમાં શાસ્ત્રાર્થ ચાલુ)

દોહા :–

અંશ જીવ નિજ રુપસે, વિવિધ દેહકેં પાય
બ્રહ્મ ભાવસે બ્રહ્મસમ, બ્રહ્માનન્દ મિલાય
નિર્ણય કર અણુરુપ વહ, લેવત બ્રહ્મ વિચાર
નિરાકાર આકાર મય, દિવ્ય રુપ નિર્ધાર
ત્રય ગુણ રહિત વદત અગુણ, રસ ઘન બ્રહ્મ સ્વરુપ
નિજાનન્દ નિજ અંશસે, ક્રીડા કરત અનુપ

ચૌપાઇ

ચહત ઇશ ક્રીડન અભિલાષા, રુપ નામ ધર વિવિધ વિલાસા
પ્રકટત બિલંગ બિલગ આકારી, આપુહિ ઇચ્છા આપ વિચારી
નહિં કછુ સંગી ન કોઉ સ્વામી, એકહિ રાજત અન્તરયામી
આગે અરુ પાછે નહિં કોઇ, માનહું ઇક સબ કછુ હરિ સોઇ
નિજ સામર્થ્ય અનંત નિહારા, અક્ષર રુપ વદત શ્રુતિ સારા
પુરુષ સુભગ બલ મનહું અનંતા, શ્રુતિ શારદ પુનિ પાય ન અન્તા
અક્ષર રુપ દ્વિતીય પરમાનેં, ધારક હરિ પુરુષોત્ત જાને
અક્ષર સદ્ ચિદ્ આનંદ રુપા, ધરત સ્વરુપ વિભકત અનુપા
તત્વ પ્રકટ કર પાવત એહી, બાજત ક્ષર મય સબ જગ જેહી
મનહું નેક બ્રહ્માંડ બસાયે, ક્રીડત હરિ પુરુષોત્તમરાયે
ક્રીડન રુપ કરત પુનિચારી, વદત વ્યુહ રક્ષક ભયહારી
ઇચ્છિત રુપ ધરત અવતારી, શ્રી હરિ ઇચ્છિત કાર્ય વિચારી
પ્રાકૃત અ પ્રાકૃત કર હૂતી, માન હું શિવ વિધિ વિષ્ણુ વિભૂતી
ત્રય ગુણ વશ માયા કરિ માનેં, ત્રય ગુણ સહિત અલૌકિક જાનેં
શ્રી હરિ શરણ લેત જબ જ્ઞાની, માયા બન્ધ છુડાવત દાની
ષટ સ્વરૂપ નારાયણ એહી, વિવિધ કાર્ય કર પાવત તેહી

શ્રુતિ રક્ષક હરિ સહુ વ્યુહ જાનેં, મર્યાદા પુરુષોત્તમ માનેં
અવતારન કે ભેદ વિચારેં, કૃષ્ણ રુપ સર્વોપરિ ધારેં
સબસે પર ગોલોક નિવાસી, ગાવત વેદ રુચા અભિલાષી
મન વાણી કછુ ભેદ ન પાઇ, વહુ લીલા વ્રજ પ્રકટ દિખાઇ
પર સે પર પુરુષોત્તમ એહી, શ્રી હરિ નામ વદત કવિ તેહી
સાધન બલ કછુ કામ ન આવે, પરમ પ્રેમ ધર યહુ પદ પાવે
અગુણ સગુણ પર વાદ વિચારા, વિરુદ્ધ ધરમ મિલત દ્વય ન્યારા
વલ્લભ હરત સ્વજનકી પીડા, 'ગનપત' પ્રાપ્ત બિજય દવજ બીડા

ઇઠ્ઠાવીસ દિવસના શાસ્રાર્થમાં સર્વ શાસ્ત્રોનો નિર્ણય એકવાકયતા શ્રી વલ્લભે સિદ્ધ કરી દરેક મતવાદીથી અલગ અલગ શાસ્રાર્થ અને પછી સર્વવાદી એકત્ર થઇ પુનઃ તેમની સાથે વાદ (શાસ્રાર્થ) ફરીથી શ્રીકૃષ્ણદેવ પોતે પોતાના નિજિ પંડિતો સાથે શાસ્રાર્થ આ ત્રણ વ્યુહમાં શ્રી વલ્લભનો વિજય થતાં જય જયકાર થયો. 'વિજયધ્વનિ થવા લાગી'

અન્યાયી ઇર્ષાલુ પંડિતો જોઇ શકયા નહિ. આચાર્યોની સંમતિ વગર પોતાની મેળે જ એક સામટા એક હજાર પંડિતોએ એકી સાથે પ્રશ્નો શરુ કર્યા. શ્રી વલ્લભ આ શઠતા જોતાં પોતાના ભૂમા સ્વરુપનું ધ્યાન કરી વકતાઓ સામે તેટલા મુખથી પ્રશ્નોત્તર કરવા લાગ્યા. આ ભેદ ભગવદ્ કૃપા પાત્ર આચાર્યોએ જોઇ લીધો. ઉભા થઇ તે શઠોને આચાર્યો ધિક્કારવા લાગ્યા. રાજા કૃષ્ણ દેવ ભારે ક્રોધમાં આવતાં શ્રી વલ્લભે સર્વને શાન્તિ આપી બેસાડી દીધા.

ત્યારબાદ શ્રીકૃષ્ણદેવ રાજા સભામાં ઉભા થઇ સર્વ આચાર્યોને પ્રણામ કરી કહેવા લાગ્યા કે કદી અસત્ય સત્ય થતું નથી. જો અસત્ય અને સત્ય બે એક જ છે તો પછી શાસ્ત્રાર્થની જરુર શું ? કુવાદી કુટિલનું કુટિલ પણું સત્ય આગળ ટકી શકતું નથી.

દોહા :– જય હો લક્ષ્મણ ભટ તિલક, કહત સભાસદ લોગ
ધનુ તોડત રઘુબર જહાં, નૃપત જનક સમયોગ
પ્રકાશ સૂરજ સમ કરત, શ્રી વલ્લભ મહારાજ
માયિક આંધી નષ્ટ કર, રાખત સજ્જન લાજ
બરષાવત પ્રભુ પર કુસુમ, નૃપત શજલ ભર નૈન
સફલ ભઇ દ્વિજ ચરણ રજ, બોલત પુનિ પુનિ બૈન

ચૌપાઈ - રાધેશ્યામ તર્જ

દ્વય કર જોરત દ્વિજ મંડલ કો, બોલા નૃપ મેં બડ ભાગી હૂં
કુલ પુરુષ ઇષ્ટ દ્વિજ દેવ કૃપા, ઇન ધરમ વરણુ અનુરાગી હૂં
શુભ સપ્ત માસ શાસ્ત્રાર્થ સુનત, રાજસ ગુણુ મદ મમ નિકટ નહીં
નૈમિષારણ્ય બનત યહાં પર, સબ સરલ લખત કછુ નિકટ નહીં
શુભ સાખ દેત સજ્જન સારે, સિદ્ધાન્ત સુભગ સમઝાયા હૈ
સબ શાસ્ત્ર મથનકર એક વાકય, મય બ્રહ્મવાદ દિખલાયા હૈ
ધર દ્વેષ ભાવ અનુચિત બોલેં, કોવિદ જન શોભા પાય નહીં
અબ વિજય પત્રકી સંમતિ દેં, યહ નિર્ણય અબ પલટાય નહીં

સર્વ આચાર્યોની સહી સાથે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ શ્રી વિષ્ણુસ્વામીનો સિદ્ધાન્ત સર્વદેશી માન્ય કરી શ્રીવલ્લભને વિજયપત્ર આપવામાં આવ્યો.

બોલત નૃપ રાજસ ધર્મયુકત, સંકેત કરત નૃપ બુલવાયા
પ્રભુ બોલે સબ કુછ કર લેં હસ, કહ બચન નૃપત કો બૈઠાયા
લક્ષ્મણુ ભટકે પટશિષ્ય મહત, થે શંભૂ ભટ વિદ્વાન બડે
બૂઆકે સુત માનહું પ્રભુકે, પાયે થે યહું દિશ માન બડે
સંકેત કરત દ્વિજવર ઉનકો, વહ મધ્ય સભામેં આતે હૈ
શ્રી બાલ સરસ્વતી પ્રેરિત વહ, સિર નાંવન બચન સુનાતે હૈં
કોવિદ જન અરુ આચાર્ય મહત, કર પ્રણુામ વલ્લભ કહતે હૈં
જબ વાદ ચલત કટુ બચન કહે, વહ ક્ષમા આપસે ચહતે હૈં
રહ પાવત કછુ સંશય મનમેં, ઇન પર ઉત્તર હમ દેવેંગે
હૈં મહત આપ મેં બાલક હૂં, અપને મન દુખ નહિં લેવેંગે
યહ વિધ શંભૂ ભટ બચન, કોવિદ આચાર્ય સુનત સારે
સબ કહત શ્રી વલ્લભ મૃદુભાષી, કછુ કહત બચન હિતકર ધારે
નહિં સંશય અબ રહને પાયા, સિદ્ધાન્તિક વાકય વિચારે હૈં
યહ વ્યર્થ વ્યથા નહિં હૃદય ધરેં, પ્રફુલ્લિત હમ પરમ સુખારે હૈં
સન્માન કરન સબ સંમત હૈં, સહકાર રુચિરસે દેવેંગે
રાજા કે મન અભિલાષ મહત, સબ મિલકર આનંદ લેવેંગે

દોહા :– મધ્ય સિંહાસન ધરત ઇક, ચહું પટ દેત બિછાય
રંગનાથ લીય પત્રીકા હસ્તાક્ષર કરવાય
શ્રી વલ્લભ વાગીશ હૈં, બ્રહ્મવાદ રુચિ ઠાન
સર્વ દેશી સિદ્ધાન્તસુ, લિખત સભી પરમાન

ચોપાઈ

લેકર સબ સજ્જનકી સંમત, દ્વિજરાજ સિંહાસન પાતે હૈં
દિય પાતી પ્રભુ કરકમલોમેં, ચહું બચન કુસુમ બરષાતે હૈં
થે પ્રમુખ સભાસદ પુરુષ મહત, પ્રભુકે સદ્‌ગુણ મુખ ગાતે હૈં
ભાષણ સુન કોવિદ મુદિત ભયે, જયનાદ કરત ઉઠ જાતે હૈં
ચતુરંગી સૈના સજત નૃપત, ચહું વિવિધ વાદ્યભી બજવાયે
સુખપાલ સુસજ્જિત ધરત તહાં, નરનાર સજિત દર્શન ધાયે
પુનિ કહત વિનયધર કૃષ્ણદેવ, ઇક અલગ સ્થાન કરવાયા હૈ
રાજેં સુખપાલ દયાલ આપ, સબ સમાજ દર્શન ધાયા હૈ
નૃપ વિનતિ કરત પ્રભુ કહત બચન, હમ બ્રહ્મચર્યવ્રત અંગ ધરેં
નહિં બૈઠ સકેં સુખપાલાદિ, સબ સમાજકે સહ સંગ સરેં

દોહા :– ધરત પાદુકા પાલખી, ચલત ચરન દ્વિજરાય
વાદ્ય વિવિધ બાજત મધુર, નગરલોગ હરષાય
સહ સમાજ આચાર્ય નૃપ, આયે મુદિત નિવાસ
વદત નૃપત અતિ વિનય ધર, હૃદયે ધર અભિલાષ

(–ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ **તેમજ** ગો. વા. સોની જયંતીલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

(ભાવાર્થ વિવેચન સહિત)

લેખક : પં ભ.શ્રી રવજીભાઇ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૪ મું, રાગ–બિભાસ

મેરે કુલ કલુમષ સબહીં નાસે,
દેખ પ્રભાત પ્રભાકર કન્યા;
વે દેખો પાપજાત જિત તિતતેં,
જ્યોં મૃગરાજ દેખ મૃગ સંન્યા. ૧

પોષત દે પયપાન પુત્ર લોં,
હે જગજનનિ ધન્ય સુધન્યા;
દિયો ચાહે **'ગદાધર'** હું કો,
ચરણકમલ નિજ ભક્તિ અનન્યા. ૨

ભાવાર્થ–પ્રભાકર કન્યા એવાં શ્રી યમુનાજીનાં પ્રાતઃકાળમાં દર્શન કરતાં જ મારા કૂળના સર્વ પાપો, મહા પાપો સર્વનો નાશ થયો છે. જેમ મૃગરાજ સિંહને દેખતાં જ મૃગનું ટોળું નાશે તેમ જુઓ જયાં ત્યાંથી મારા સર્વ પાપો નાશી રહ્યા રહ્યા છે. આમ દર્શન માત્રથી પાપ મુક્ત કરીને પરમકૃપાળુ શ્રી મહારાણીજી, જેમ સ્નેહાળ માતા પુત્રને પોષે તેમ જગજજનનિ શ્રી ભાનુનંદિની, પોતાના જીવોને પય પાન એટલે કે શ્રી યુગલ સ્વરૂપની અનેક પ્રકારની લીલાઓના મધુર રસથી તેને પોષે છે, એવા હે શ્રી યમુનાજી ! આપને કોટિશઃ ધન્યવાદ છે. એવા શ્રી યમુનાજી ગદાધર દાસજીને પણ ચરણ કમળની અનન્ય ભક્તિ આપીને કૃપા કરશે.

વિવેચન – ઉપર શ્રી ગદાધરદાસજીએ કુળના કલ્મષ જવાનું કહ્યું છે. જે કુળમાં ભગવદ્ ભક્ત થાય તેની ૧૦૧ પેઢીનો ઉદ્ધાર થઇ જાય છે. તેવું શાસ્ત્રોનું વચન છે. પિતા પક્ષની ૨૪ પેઢી, માતા પક્ષની ૨૦ પેઢી, સ્ત્રીના માતા પિતાની ૧૬ પેઢી, દીકરીના સસરાની ૧૨ પેઢી, બહેનના સસરાની ૧૧ પેઢી, ફૈઇના સસરાની ૧૦ પેઢી અને માતાની આંતર સંગીની સખિઓની ૮ પેઢી આ સર્વની પેઢીઓના પાપોનો નાશ થઇને ઉત્તમ ગતિને પામે છે. આ તો સાધારણ અન્ય માર્ગીય ભક્તની વાત થઇ. પરંતુ વૈષ્ણવ તો અદ્ભૂત કાર્ય કરે છે. શ્રી દયારામભાઇ ભક્તિ પોષણમાં કહે છે કે–

> યોગીતરે એકલો, હરિજનતારે સહુ સંગી,
> સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત
> સુંદર રસ રંગી;
> રંગે સેવે સદા ગુણ ગાય, પોતે
> રસપીયે ને સામાને પાય,
> સ્નેહી ભક્તથી સરે સહુના કામ, દયાની
> સંગે નહીં કોઇનો કામ.
> –સેવો શ્રી કૃષ્ણ કૃપાળુ

આમ હરિજન ભગવદ્ ભક્ત સર્વ સંગીને પણ તારે છે.

ક્રમશઃ

॥ શ્રી વલ્લભ: ॥

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રી વલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ)

લેખક- પ્રો. જીવનલાલ જોશી

શ્રીમદ્ વૃંદાવનનાં પશુ-પક્ષી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૪)
શ્રીમદ્ વૃંદાવનનાં પશુઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૫)
અજા, ગાવો, મહિષ્ઠી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૬)
શ્રીમદ્ વૃંદાવનનાં પક્ષીઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૭)
શુક, મયુર, હંસાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૮)
કુંજ-નિકુંજના ભમરા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૯)
કુંજ-નિકુંજના કયારા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૦)
કુંજ-નિકુંજના પશુઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૧)
અજા, ગાવો, મહિષી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૨)
કુંજ-નિકુંજનાં પક્ષીઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૩)
શુક, મયુર, હંસાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૪)
કુંજ-નિકુંજનાં તમચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૫)
કુંજ-નિકુંજનાં જલચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૬)
શ્રીમદ્ વૃંદાવનનાં સચરાચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૭)
શ્રીમદ્ વૃંદાવનનાં ગોવનર્ધન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૮)
શ્રીમદ્ વૃંદાવનનાં યમુનાજી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૯)
શ્રીમદ્ વૃંદાવનનાં વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૦)
શ્રીમદ્ વૃંદાવનનાં વલ્લવ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૧)
શ્રીમદ્ વૃંદાવનની પલ્લવ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૨)
શ્રીમદ્ વૃંદાવનનાં કલિકા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૩)
શ્રીમદ્ વૃંદાવનનાં રજકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૪)
શ્રીમદ્ વૃંદાવનનાં જલકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૫)
શ્રીમદ્ વૃંદાવનનાં સખીજન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૬)
શ્રીમદ્ વૃંદાવનનાં કંદમુલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૭)
શ્રીમદ્ વૃંદાવનનાં ફલફૂલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૮)
શ્રીમદ્ વૃંદાવનનાં વૃક્ષાદિ બોલે; શ્રીવલ્લવ તવાસ્મિ (૪૯)

-ક્રમશઃ

સાંપ્રદાયિક સામાયિકોની આવશ્યકતા

પૂ. પા. ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ

આજનો સમાજ કયી દિશાએ દોરવાઈ રહ્યો છે તેનો આપણે ભાગ્યે જ વિચાર કરીયે છીએ. જ્યારે સમય સમયનું કાર્ય કરી રહ્યો છે. આપણે નાસ્તિકતા કે અશ્રદ્ધા માટે કેળવણીને, વર્તમાન પત્રોને અને વાતાવરણને દોષ આપી સંતોષ કે પરિતાપ અનુભવિયે છીયે કે આજની ઉગતી પ્રજા તેથી ધર્મ વિમુખ થઇ રહી છે. પણ આપણે તેના પ્રતિકાર માટે કશું જ કરતા નથી.

આપણે જ્યારે શિક્ષણ પદ્ધતિને ખામી ભરેલી ગણીયે છીયે, ત્યારે શા માટે સાંપ્રદાયિક યુનિવર્સીટી ઉભી નથી કરતા ? જ્યારે આપણે વર્તમાન પત્રોને ઉણપ ભરેલાં માનિયે છીયે ત્યારે તેને ટક્કર મારે તેવાં સાંપ્રદાયિક વર્તમાન પત્રો કાં નથી પ્રકટ કરતા ? જ્યારે આપણે વાતાવરણની દુષિતતા વર્ણવીયે છીએ ત્યારે શા માટે સુયોગ્ય અને નિર્દુષ્ટ વાતાવરણ ઉત્પન્ન કરવા પ્રયાસ નથી આદરતા ?

આ એક ગુંચવાયેલી સમસ્યા થઈ પડી છે. ગાળો ભાંડવાથી કે ગુંડાઓનું અનુકરણ કરવાથી અથવા શેહ નાખવાથી એ સ્પષ્ટ નથી થવાની, પ્રત્યુત ઓર ગુંચવાઇ જવાનો પૂર્ણ સંભવ છે. આ જમાનો ગાળો આપવાનો નથી, બદમાશી કરવાનો નથી, તેમ પ્રભાવમાં આંજી નાખવાનો યે નથી, પણ રચનાત્મક કાર્ય કરી દેખાડવાનો છે, જો આપણે એ તત્ત્વ વિસરી જઇશું, તો જરૂર ભીંત જ ભૂલી જવાના આપણે જ્યારે આપણી પ્રજાને કાબૂમાં નથી રાખી શકતા, ત્યારે અન્ય દિશાઓમાં કયાંથી મોટો વાઘ મારવાના હતા ?

હું પૂછું છું કે અદ્યાવધિ આપણે ભાવિ પ્રજાને સન્માર્ગે લઇ જવા શા રચનાત્મક ઉપાયો યોજ્યા ? સૂરતની શુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા તરફથી લેવાતી પરીક્ષાઓ અને કિંચિત વ્યાખ્યાન પ્રવૃત્તિ તે માટે પૂરતી ગણાય કે ?

હું કહીશ કે આપણો સમાજ હજૂ ઘણો પાછળ છે. સમાજના મોવડીઓ તે પ્રતિ અવશ્ય ઉપેક્ષાભાવ સેવી રહ્યા હોય એમ જણાય છે. આ એક વૈષ્ણવ સમાજ માટે શરમ ભરેલી બીના લેખાય.

હું આચાર્ય હોવાનો ગુરુ હોવાનો કે નેતા હોવાનો લેશ પણ દાવો નથી કરતો, કેમકે તેમાંનું એકે લક્ષણ મારામાં નથી. છતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણના સિદ્ધાંતોને અનુસરતો અને તેને પ્રાણથીયે વિશેષ પ્રિય ગણતો તુચ્છ વૈષ્ણવ ગણવામાં ગૌરવ સમજુ છું. જે વૈષ્ણવતા પશુઓમાં પણ હોઇ શકે અને તેથીજ આધુનિક સમાજના રંગઢંગ જોઇ હૃદયમાં અપાર વ્યથા થાય છે. શું શ્રીહરિની અને શ્રીવલ્લભાધીશની તેમ થવા દેવાની ઇચ્છા હશે ? ના, ના જો એમજ હોય તો અધુનાદ્યધિકારસ્તુ સર્વ એવ ગતાઃ કલૌ અને બ્રહ્મસમ્બન્ધ કરણાત્ સર્વેષાં દેહજીવયો સર્વદોષનિવૃત્તિઃ આદ આજ્ઞાઓ ન હોય.

આ આદેશ અર્થ-સૂચક અને પ્રેરક છે. આપણે તેમાંથી જેટલી પ્રેરણા લઇએ તેટલી લઇ શકીએ અને તે પ્રેરણાનાં પીયુષપાન પણ જેને ધારીયે તેને કરાવી શકીયે. જ્યારે એ સર્વ-સુલભ છે, ત્યારે આપણા જ બાળકોને તેમ કરાવી ન શકીયે !

આ યુગ બૌદ્ધિક છે, તેમાં આપણે જેટલી સંભાળથી કામ કરશું, તેટલી સફળતા મળશે અને જો તેમાં જરીયે શરતચૂક થઇ કે આપણું બધુંએ કર્યું કારવ્યું ધૂળમાં મળી જતાં વિલંબ નહીં થાય.

આપણે ઇચ્છીએ છીએ કે આપણાં બાળકો શરણ-મંત્રલે, પણ તેનું રહસ્ય સમજાવવા આપણે મથન કરીયે છીયે ? તે જ દશા બ્રહ્મસંબંધ ગ્રહણ અને મંદિર-દર્શન પ્રભૃતિની છે, આ અપૂર્ણતા પૂર્ણ કરવા શહેરોમાં અને ગામડાંઓમાં વાચનાલય, પુસ્તકાલય અને અભ્યાસ-વર્ગ નામના નહીં પણ કાર્યને ક્રિયાત્મક કરી દેખાડનારા ખોલવા પડશે.

વૈષ્ણવ ભાટિયાઓ, લોહાણાઓ અને વણિકો જ્યારે પોતપોતાની જ્ઞાતિઓના અભ્યુદય માટે જ નહીં, પણ અન્ય સાર્વજનિક સંસ્થાઓની પ્રગતિ માટે લાખો રૂપીઆની સખાવતો કરી ભારતનું મુખ ઉજજવલ કરી રહ્યા છે, ત્યારે તેઓ પોતાના વૈષ્ણવ સમાજની ઉન્નતિ માટે કેમ કશું સંગીન કાર્ય નથી કરતા ? આપણા સમાજને નાણાંની અછત નથી, પણ ઉત્સાહપૂર્ણ કર્તવ્યનિષ્ઠ કાર્યકરોની અછત છે. હું વિશ્વાસપૂર્વક કહું છું કે શહેર દીઠ કે ગામ દીઠ તેવી એકાદ વ્યક્તિ શોધે અવશ્ય મળી આવે. તેવી વ્યક્તિઓને સંપૂર્ણ ઉત્સાહ અને પીઠબળ આપી ઉપર્યુક્ત કાર્યો ઉપાડી લેવા જોઇએ.

ઘેર બેચાર પુસ્તકોનો સંગ્રહ કરવાથી કે વર્તમાન પત્રો મંગાવવાથી કશો અર્થ નહીં સરે. તેથી ઉગતી પ્રજાને ધર્મિષ્ઠ કે કર્તવ્યનિષ્ઠ નહીં બનાવી શકાય. અને તેવી પ્રજાને તિરસ્કારવાથી કે તેની ઉપેક્ષા કરવાથી પણ પાલવે તેમ નથી. એ મને ભારતના પ્રવાસ પરથી જણાયું છે કેમ કે ઘરડાઓ ક્યાં સુધી ટકી રહેવાના ? તેમના પછી એજ ઉપેક્ષિત અને તિરસ્કૃત પ્રજા શેષ રહેવાની. જો તેમના ઉરમાં સમાજ પરત્વે પ્રેમ અથવા શ્રદ્ધા હશે તો જ તેને વળગી રહેશે. નહીં તો ? એ પ્રશ્નનો ઉત્તર ઘણો ભયંકર થઈ પડે છે.

હું માનું છું કે મારૂં આ અરણ્યરુદન છે, તો યે હૈયાની વરાળ કાઢી રહ્યો છું. તે માટે ઓછામાં ઓછું આટલું તો રચનાત્મક કાર્ય પહેલી તકે આપણે ઉપાડી લેવું જોઇએ, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

૧. યુનિવર્સીટી, હાઇસ્કુલો અને કોલેજો ખોલવી.

૨. શહેરે શહેર અને ગામે ગામ પ્રાથમિક શાળાઓ પુસ્તકાલયો અને વાચનાલયો ઉભાં કરવા.

૩. શહેરે શહેર અને ગામે ગામ સાંપ્રદાયિક આદર્શોને મુર્ત કરવા પ્રતિવર્ષ પ્રદર્શનો ભરવાં.

૪. સામાજિક સંગઠન માટે પ્રતિવર્ષ ભિન્ન ભિન્ન પ્રાંતોમાં અ. ભા. પુ. વૈષ્ણવ મહા સંમેલન ભેગું કરવું.

૫. એક દૈનિક સાપ્તાહિક અને માસિક પત્ર જે ઓછામાં ઓછા લવાજમથી અને હિંદી, અંગ્રેજી, ગુજરાતી અને મહારાષ્ટ્રીય ભાષામાં પ્રકટ થવાં જોઇએ અને તેમાં સાંપ્રદાયિક સિદ્ધાંતો અને વર્તમાનો સિવાય એક શબ્દ પણ બીજો ફાલતુ ન આવે તેનું ખાસ ધ્યાન રાખવું.

૬. ભારતના ગામડે ગામડે અને શહેરે શહેરે દેશકાલને જાણવાવાળા એવા ચારિત્ર સંપન્ન ગ્રેજયુએટ વિદ્વાન વૈષ્ણવોને ઉપદેશક તરીકે મોકલી સિદ્ધાંતોનો પ્રચાર કરાવવો. એટલું જ નહીં પણ આવો પ્રચાર યુરોપમાંયે થવો ઘટે.

જો આપણે આવું કૈંક કરીશું તોજ આપણો આજનો તરૂણ-સમાજ આપણા હાથમાં રહેશે. અન્યથા વૈષ્ણવ સમાજનો હ્રાસ અવશ્યમ્ભાવિ થઇ જવાનો પ્રભો ! સર્વને સદ્‌બુદ્ધિ પ્રદાન કર.

[“શુદ્ધાદ્વૈત” પાક્ષિક પત્રિકા સં. ૧૯૯૫ પૌષ સુદ વર્ષ ૧૩ અંક ૧૩ માંથી સાભાર]

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૧૦ તા. ૧૨-૪-૮૮ મંગળવાર

શ્રીમહા પ્રભુજીના પ્રાકટ્ય મહોત્સવ (સં. ૧૫૩૫)

ચૈત્ર વદ ૧૧ તા. ૧૩-૪-૮૮ બુધવાર વરૂથીની એકાદશી વ્રત

વૈશાખ સુદ ૨ તા. ૧૮-૪-૮૮ સોમવાર વસંત ઋતુ પુરી થઇ.

વૈશાખ સુદ ૩ તા. ૧૯-૪-૮૮ મંગળવાર અક્ષય તૃતીયા, ચંદન યાત્રા, જલકુંભદાન, ત્રેતાયુગાદિ મન્વાદિ કલ્પાદિ તિથિ, શ્રી પરશુરામ જયંતિ, ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી શ્રીકૃષ્ણદાસનો જન્મ દિન.

વૈશાખ સુદ ૫ તા. ૨૧-૪-૮૮ ગુરુવાર શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧) શ્રી સૂરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૩૫)

વૈશાખ સુદ ૧૧ તા. ૨૭-૪-૮૮ બુધવાર મોહિની એકાદશી વ્રત શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯) શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫)

વૈશાખ સુદ ૧૪ તા. ૩૦-૪-૮૮ શનિવાર શ્રી નૃસિંહ જયંતિ વ્રત.

વૈશાખ સુદ ૧૫ તા. ૧-૫-૮૮ રવિવાર કુર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રી રાધારમણનું પ્રાકટ્ય, વૈશાખ સ્નાન સમાપ્તિ શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૧ તા ૨-૫-૮૮ સોમવાર શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૩-૫-૮૮ મંગળવાર શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૬૭)

।। શ્રીવલ્લભ।।

ભક્ત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

લેખક : પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ,-વ્રજ-ધોરાજી

મારા, ગુરૂદેવશ્રી ગીરધરલાલજીના ચરણ કમલમાં પ્રણામ કરી અને શ્રી કૃષ્ણ નામનો કંઇક મહિમા કહું છું. (શ્રીદયારામભાઇ) શ્રીકૃષ્ણ નામ ચિંતામણી ચિંતિતિ ફલદાયક જાપક જનની જનક આધકહિત કરવા લાયક ।૧।

ભાવાર્થ ભાવ સહિત પ્રેમ પુર્વક લેનારને શ્રી કૃષ્ણ નામ ચિંતામણિ રૂપ છે. ચિંતામણી (રત્ન) જેના પાસે હોય, તે જે ચિંતન કરે તેના સર્વ મનોરથો પુર્ણ કરે છે. પરંતુ લૌકીક ચિંતામણિ અને કલ્પવૃક્ષ, કયારેક રક્ષતઃમાંથી ભક્ષતિઃ પણ બની જાય છે, પરંતુ અલૌકીક ચિંતામણી અને કલ્પવૃક્ષ સદા હિત જ કરે છે. પ્રભુ શ્રીકૃષ્ણ અલૌકીક ચિંતામણી છે. અને શ્રીવલ્લભ કુલ અને સમર્થ મહાનુભાવ ભગવદ્ ભકતો, અલૌકીક કલ્પવૃક્ષ છે. તે પોતાના આશ્રિતને, અખંડ અચ્યુત ફલ આપે છે.

એક સુતાર વૈભવની આશામાં પરદેશ જવા નીકળ્યો. ત્યાં વનમાં તે એક વૃક્ષ નીચે વિશ્રાંત લેવા સુતો હતો. તે કલ્પ વૃક્ષ હતું તેની છાયા પુરતી ચિંતામણી રત્નોની ભૂમિ હતી. સુતાર સુતો હતો, ત્યાં ઉપર એક કલ્પવૃક્ષની સુંદર “ડાળી” જોઇ અને તેમાં તેને પોતાનુ શિલ્પ બતાવવાની ઇચ્છા થઇ અને તેના સાધનોનું ચિતન કર્યું, એટલે તેના સાધનોની પેટી આવી પડી તેણે ડાળી કાપી, તેમાંથી પગમાં બંધન કરનાર ‘બેડી’ ઘડી. તેને તપાસવા માટે, તેણે પોતાના પગમાં બેડીનું બંધન કર્યું તાળા ચાવીનું સ્મણ કર્યું અને તે પણ આવ્યા. અને તાળું દઇ ચાવી બાજુમાં મુકી, અને વિચાર કરે છે કે આ, ચાવી, જો સમળી ઉપાડી જાય તો શું થાય? અને ચિંતન કરતાં જ સમળી ચાવી ઉંપાડી ગઇ. સુતારને ચિંતા થઇ કે અરેરે હવે કદાચ સિંહ મારૂં ભક્ષણ કરે તો શું થાય? અને તુરત જ સિંહ તેનું ભક્ષણ કરી ગયો લૌકીક ચિંતામણી કલ્પવૃક્ષ-આવાં હોય છે.

ત્યારે અલૌકીક ચિંતામણી રૂપ શ્રીકૃષ્ણનું નામ ગમે તેવી આપત્તિમાંથી પણ બચાવે છે. પાંડવોના માતા શ્રીકુંતાજીને, અને ઘણા ભકતોને તે અલૌકીક ચિંતામણી રૂપે ફલિત થયું છે. માતા કુંતાજી અને પાંડવોનું જીવનભર સર્વ રીતે આપત્તિઓમાંથી રક્ષણ કર્યું છે. પાંડવોમાં કંઇક અન્યાશ્રયનો અંશ હતો, પરંતુ માતા કુંતાનું શ્રીકૃષ્ણ નામ સુદ્રઢ, અને અનન્ય આશ્રય રૂપે હતું. અને તે સદા કૃષ્ણ નામની જલ્પના કરતાં હતાં. તેથી જ શ્રીકૃષ્ણના સદા દર્શન માટે સદા દુઃખ, જ માગ્યું હતું આમ ઘણા ભકતોને શ્રીકૃષ્ણ નામનું સતત સ્મણ પરમ ફલદાયિ અને લીલા દર્શનની પ્રાપ્તિ સુધી ફલિત ગયું છે.

ભકત માળના ૧૦૮, ભકતોને પણ પ્રભુ નામ ચિંતન અને સંકિર્તનથી પ્રભુએ તેઓનાં પ્રેમ સહિત કાર્યો કર્યાં છે, જે જગતમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. અને ભકતો માટે કષ્ટ પણ વેઠયાં ભકત માધવદાસની અસહાય દશામાં શ્રી જગદીશે તેનાં મળ મુત્ર પણ ધોયાં છે. સંત સખુબાઇ માટે ભુવાઓની મરચાંની ધુવાડીઓ પણ ખાધી છે. આમ અલૌકીક ચિંતામણી રૂપ શ્રીકૃષ્ણ નામ. ભકત વત્સલ બન્યું છે. માટે સદાશ્રીકૃષ્ણ નામ રટવું. (ક્રમશઃ)

(૬) જામનગર :- ગો. શ્રી વ્રજભુષણલાલજી મહારાજના વરદ્ હસ્તે શ્રી મદન મોહન ગોપાલન ટ્રષ્ટ જામનગરને વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા રૂા. ૨૫,૦૦૦નો ચેક શ્રી જેઠુભાઈને અર્પણ કરવામાં આવ્યો. તેમજ ઉપરોકત સમારંભમાં શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, ચીમનભાઈ શેઠ, ડાયાભાઈ ડેલાવાળા, સ્થાનિક કાર્યકરોની અપીલના જવાબમાં સ્થળ ઉપર જ એક ગાયના રૂા. ૩૦૦ લેખે ૧૦૫ ગાયો દતક લેવાનાં નામ લખાવતા રૂા ૩૧,૫૦૦ પણ શ્રી મદન મોહન ટ્રસ્ટમાં જમા કરાવવાનું જણાવવામાં આવ્યું.

(૭) પોરબંદર :- ગો. શ્રી રસીકરાયજી મહારાજ દ્વારા, પોરબંદરમાં ચાલતા કેટલ કેમ્પમાં રૂા. ૧૦,૦૦૦ અર્પણ કરેલ તેમજ જુનાગઢમાં શ્રી મદન મોહનજી ટ્રસ્ટ સંચાલિત કેટલ કેમ્પમાં રૂા. ૫,૦૦૦ અર્પણ કરવામાં આવ્યા.

રાજકોટ :- રાજકોટ તાલુકાનાં મવડી મુકામે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન–રાજકોટ)ના હસ્તે વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા દ્વારા ૧૭મો કેટલ કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો. રાજકોટ શાખા દ્વારા ૧૯ ગામોને પુરક સહાય પહોંચાડવામાં આવે છે. અત્યાર સુધીમાં ૬૦ ટ્રક ઘાસ વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યમાં રાજકોટ શાખાના કાર્યકરો શ્રી કાંતીભાઈ રાધનપુરા, જયંતીભાઈ પડિયા, હસુભાઈ ખખ્ખર, વજુભાઈ રાણપરા, મનસુખભાઈ રાણપરા, જે. પી. પારેખ, પ્રભુદાસ પડિયા વિગેરે કાર્યકરો કાર્યરત બની સેવા આપી રહ્યા છે.

રાજકોટ :- શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં રાખેલ વચનામૃતમાં પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીએ રાજકોટ શાખા દ્વારા ચાલતા ગૌસંવર્ધન તેમજ દુષ્કાળ સેવા કાર્યને બીરદાવેલ.

રાજકોટ :- શ્રી બાલકૃષ્ણલાલજી હવેલીમાં ગો. શ્રી કલ્યાણરાયજી (સુરત–પુના) નાં વચનામૃતનો કાર્યક્રમ યોજવામા આવેલ. આજે રાજકોટ શાખા દ્વારા ચાલતા મવડી તેમજ ખરેડીનાં કેટલ કેમ્પમાં પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી તથા ગો. શ્રી વ્રજેશકુમારજી મુલાકાતે પધારેલ અને સ્થાનિક ગ્રામજનોને માર્ગદર્શન સાથે આશીર્વચન આપેલ. તેમજ રાજકોટ શાખા દ્વારા ચાલતા ગૌસંવર્ધન તેમજ દુષ્કાળ રાહત કાર્યની પ્રસંશા કરેલ.

તેમજ પૂ. પા. કલ્યાણરાયજી મહોદય (સુરત–પુના) રાજકોટના કાર્યકરોની મીટીંગમાં ઉપસ્થીત રહિ સહકાર આપવાનું જણાવેલ તેમજ આશીર્વચન આપેલ.

અમદાવાદ :- શ્રીમદ્ વલ્લભ વિશ્વધર્મ સંસ્થા સંચાલીત 'શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડાણ' કોઠારી પોળ, ગાંધી રોડ, અમદાવાદ ખાતે ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)ના હસ્તે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

આ મંડાણમાં મરજાદી વૈષ્ણવો તેમજ બહારનું ખાનપાન નહિ કરનાર વૈષ્ણવોને રહેવા ઉતરવા તેમજ પ્રસાદ લેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તો વૈષ્ણવોને લાભ લેવા માટે શ્રીમદ્ વલ્લભ વિશ્વધર્મ સંસ્થાએ અનુરોધ કરેલ છે.

ચંપારણ્યમાં સોમયજ્ઞ મહોત્સવ

પ્રારંભ :- ચૈત્ર વદી ૮ રવિવાર તા. ૧૦-૪-૮૮
સમારોહ પુર્ણાહુતિ :- વૈશાખ શુદી ૧ રવિવાર તા. ૧૭-૪-૮૮
યજ્ઞ સ્થળ :- શ્રી સર્વોત્તમ વન ચંપારણ્ય (મધ્યપ્રદેશ) પીન. ૪૯૨૧૦૭
પ્રધાન યજમાન :- પૂજ્યપાદ ગો. દીક્ષિત સોમયાજી, શ્રી વલ્લભરાયજી મહોદય ષષ્ઠપીઠ, સુરત
પ્રધાનાચાર્ય :- શ્રી અગ્નિહોત્રી, વેદ વાચસ્પતિ, મહામહોપાધ્યાય રામાનુજ શ્રી તાતાચાર્યજી (મદ્રાસ)
સંપર્ક સ્થળ :- રાયપુર, ચંપારણ્ય કાર્યાલય
C/o કાંતિભાઈ બાબરિયા
૭/૧૨ વૈજનાથપારા, રાયપુર (મ.પ્ર) ૪૯૨૦૦૧ ફોન નં. ૨૩૬૫૭

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

|| શ્રીહરિઃ ||

ભક્તિનગરની પ્રેમ ગલી

ભક્તિનગરની પ્રેમગલીમાં, વલ્લભ વહાલો રહે છે રે;
ડહાપણ ડાયાનું રજ ન ચાલે, ઘેલાને દર્શન દે છે રે. ૧

વલ્લભનું ઘર વાકું ને ચુંકું, ઝટપટ હાથ ન આવે રે;
વલ્લભ વિના મારગ ન સૂઝે, ભોમિયો પંથ બતાવે રે. ૨

શ્રદ્ધા અને વિશ્વાસ બે સંગી, સાથે લઈને જાજે રે;
સંકટ પડે તો સામનો કરજે, મનમાં નવ મુંઝાજે રે. ૩

લોભ મોહની ખાઈ ભયંકર, ધીરજથી કુદી જાજે રે;
કામ ક્રોધના કિલ્લા મજબૂત, જીતી આગળ ધાજે રે. ૪

તૃષ્ણા રૂપી એક કૃત્યા ત્યાં, ભલ ભલાને ખાતી રે;
નામ સ્મરણનું હથિયાર રાખી, મજબૂત રાખજે છાતી રે. ૫

માથા સાટે મિલન વલ્લભનું, જેવા તેવાનું નહિ કામ રે;
મારા તારાની મૂકે માથાકુટ, પોંચે તે નિજધામ રે. ૬

પ્રેમ શુરા પડે ન પાછા, સામા પગલા માંડે રે;
વલ્લભ ગુણના 'ઘેલા' ભગતડા, જગત ડંકો વગાડે રે. ૭

卐

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

શૃંગારનું પદ

[રાગ - બિલાવલ]

ભોગ સિંગાર મૈયા સુનિ,
મોકોં શ્રી વિઠ્ઠલનાથ કે હાથકો ભાવૈ;
નીકે ન્હવાઈ સિંગાર કરત હૈ,
આછી રુચિસોં મોહિં પાગ બંધાવૈ. ૧
તાતેં સદા હોં ઉહાંઇ રહત હોં;
તૂ ડરિ માખન દૂધ છિપાવૈ;
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
નિરખી નૈન ત્રય તાપ નસાવૈ. ૨

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૭ : અંક ૨ — મે, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

સમાચાર

રાજપીપળા : શાખાના ઉપક્રમે તા, ૨૦-૧-૮૮થી તા. ૨૬-૧-૮૩ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયું હતું તે દરમ્યાન વૈષ્ણવોએ ૫૧ ગાયો દત્તક લીધી હતી. જેની રકમ રૂ ૧૫૪૨૧નો ડ્રાફ્ટ પુ, યોગેશશાસ્ત્રીજીના અધ્યક્ષસ્થાને તા, ૧૨-૩-૮૮ના રોજ ભરાયેલ સભામાં સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠને અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાખા મંત્રી પ્રો. જીતેન્દ્ર શાહે કર્યું હતું. સંગઠન મંત્રી શ્રી ચન્દ્રવદન પરીખે સંસ્થાની પ્રગતિનો હેવાલ આપ્યો તેમાં ૨ ટ્રક ઘાંસચારો રાજકોટ વિસ્તારમાં, ૧ ટ્રક સોલા કેટલ કેમ્પમાં. ૧ ટ્રક જુનાગઢ જીલ્લાના ટિકર ગામે તથા ૧ ટ્રક ગળવાવ કેટલ કેમ્પમાં મોકલેલ તેની માહિતી આપેલ,

જુનાગઢ - હવેલીમાં તા. ૩૧-૩-૮૮ના રોજ પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને સભામાં પ્રાસંગીક પ્રવચનો થયા બાદ જુનાગઢ જીલ્લામાં ૧૨૮ કેટલ કેમ્પ ચાલે છે તે પાવન કાર્યમાં સહાયભુત બનવા માટે રૂા. ૩૧000નો ચેક અર્પણ કર્યો હતો. આ પહેલાં પરિષદે તેઓશ્રીને અમદાવાદ ખાતે રૂા. ૨૧000 અને સુરત ખાતે રૂા. ૧૧000નો ચેક અર્પણ કરેલ હતા.

જુનાગઢ શ્રી મહાપ્રભુજી બેઠક મંદિરમાં પાણી મળતુ ન હોવાથી બોરીંગ માટે પરિષદે રૂા, ૧૧000 અર્પણ કરેલ હતા.

માણાદર ખાતે મહિલાઓ દ્વારા ચાલતા ગાયોના કેટલ કેમ્પમાં સાત હજાર કીલો ઘાસ આપવાની પણ જાહેરાત કરી હતી.

પરિષદના ઉપપ્રમુખ પુ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજી અને સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈની આગેવાની હેઠળની ટુકડીએ જુનાગઢ ઉપરાંત બીલખા, વંથલી, બાંટવા, માણાવદર ટીકર, ગળવાવ. કટકપરા વગેરે સ્થાનો પરની સભાઓને સંબોધી ગૌસેવા અને માનવ સેવાના કાર્યો દ્વારા લોકોના દુઃખમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

બાંટવા - શ્રીમદ્‌વલ્લભાચાર્ય કેટલ કેમ્પ માટે પુ. ગો. શ્રી ઇંદીરાબેટીજી મહોદયાને રૂા. ૮૫000 પરિષદના માધ્યમ દ્વારા અર્પણ થયા હતા.

ભરૂચ - પૂ, શ્રી યોગેશભાઇ શાસ્ત્રીજીની શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞની સપ્તાહમાં પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કાંકરોલી નરેશ) પધારીને પરિષદ દ્વારા થતા સેવા કાર્યમાં તન, મન, ધન પુર્વક સહાયભુત થવા વૈષ્ણવોને અપીલ કરી હતી. આ અપીલના જવાબમાં વૈષ્ણવોએ ૮૨ ગાયો દત્તક લીધેલ.

પ્રવાસ - પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિ વિશે પુ, પા. ગો. શ્રી વાગેશબાવા શ્રી (કાંકરોલી-વડોદરા) એડભાઈ રાજપીપળા, નસવાડી, તીલકવાડા ખાતે પરિષદ દ્વારા આયોજીત વિશાળ સભાઓને સંબોધન કરેલ.

પરિષદની શાખાઓ ડભોઈ રૂા. બાવીસ હજાર. રાજપીપળા રૂા. પચીસ હજાર, તીલકવાડા રૂા. દશ હજાર, નસવાડીએ રૂા. પાંચ હજાર ચેક અને રોકડ રકમ પુ. પા. ગો. શ્રી વાગેશગાવાશ્રીના વરદ હસ્તે પરિષદના સંગઠનમંત્રી પ્રો. શ્રી ચીમનભાઈ શેઠને અર્પણ કર્યા હતા.

રાજકોટ - શ્રી મહાપ્રભુજીના પ્રાકટય મહોત્સવના ઉપલક્ષ્યમાં પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને અને પુ. ગો. બાળકોની ઉપસ્થિતિમાં બે દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચૈત્ર વદ ૯ ના રોજ ચોવીસ કલાકના અખંડ શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ થયા હતા. ચૈત્ર વદ ૧૦ પ્રાગટય દિને સાંજના સભાનું આયોજન થયું હતું તેમાં અગ્રગણ્ય વિદ્વાન વૈષ્ણવોના પ્રસંગોચિત પ્રવચનો તથા પુ. ગોસ્વામી બાલકોના વચનામૃતો થયા હતા. રાતના વધાઈ-કીર્તન-હીંચહમચી-દાંડીયારાસનો કાર્યક્રમ થયો હતો.

[જુઓ ટાઇટલ ત્રીજા ઉપર]

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૨ * મે, ૯૮૮

પ્રભુકૃપા એ જ જીવની માગણી

લેખકઃ પ. ભ. શ્રી જીવણલાલ છગનલાલ જોષી

હે વિભો ! હવે તો કંઇ કૃપા કરો ! ઘણો જ પીડાઉ છું. અજારૂપી મોહક નટણી ઘણો જ મોહ પમાડી અતિશય વિહ્વળ બનાવી રહી છે. પોતાનું બધું એ સામ્રાજ્ય છાઇ રહી છે. કશુંએ સૂઝતું નથી. કયાંથી સમજાય શ્યામ ! અબળ નિઃસાધન જીવને ? કામરૂદેશની કામણગારી નટણીએ તો અજીતોને પણ જીતીને બાંધી લીધા છે. મહામર્મજ્ઞ જ્ઞાનીઓને પણ મોહાવેશમાં ચકચૂર કરી દીધા છે. તો પછી હે દીનદયાળ ! અમ પામર જીવનો શો હિસાબ ?

પ્રભો ! નટણીના ફંદમાં કયાં સુધી રહેવા દેશો ? કયાં સુધી ઝબકોળાં ખાવા દેશો ? શું કરૂં ? આકુળ-વ્યાકુળ થઇ ગયો છું, ચિત્તને કશુંએ ચેન પડતું નથી. આવું થાય ત્યારે શું કૃપાસાગર તમ આનંદમય આંગણલે આવી યત્કિંચિત કૃપાકટાક્ષની ભિક્ષા ન માગી શકુ ? આપ તો શરણાગત વત્સલ છો એની તો ખબર છે ને ? ખબર હોય ત્યારે વ્હાલમ રાખોને લાજ પાપપુંજ જીવની બાંહ્ય ઝાલ્યાની કહો કા'ના કયારે રાખશો ? એવો અમૂલ અવસર કયારે લાવશો ? અરે, કંઇક તો પીડાતો બચાવો ?

* 'શ્રીવલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ. પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહે[illegible]ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

જીવ અબળ, અનેક રિપુઓથી પીડિત, તો કહો શ્યામસુંદર, શુદ્ધ સાધન કઇ પેરે બની આવે ? અરે, બંસીધર, કદાચ કલિકાલરૂપી આશૌચમાં માનો કે બની આવે, પણ તે આપને કઇ પેરે સોહાય? ગમે જ નહિ. એતો જદવા તજવા જ. કહો ત્યારે ત્રિકમ, આપના મેળાપનું શું સાધન હશે? મને તો કશું એ દીઠે દીસતું નથી. શરણાગત વત્સલ! શું આપના બિરદને પણ વિસરી ગયા ? એક વખત શરણે આવનારને શું પોતાનો કરી નથી રાખતા ? લો ત્યારે પ્રાણજીવન! અનાથ જીવ અનંત કોટિ વખત શરણે આવી આર્તનાદનો પોકાર પોકારી રહ્યો છે. હવે કંઇ મણા છે? હવે કયારે કૃપા કરી સનાથ બનાવશો ?

એ શ્રી ગોપીજનોના ચિત્તના ચોરનારા, ચિત્ત તો સદાએ ભ્રમિત રહે છે, ચંચળતા તો સ્હેજ સ્વભાવ પડી ગયો છે. ઢણુકતા ઢોરની માફક ગમે ત્યાં ચર્યા કરે છે. નથી જોતું સીમ કે નથી જોતું ખળું. રાધેશ, કશોએ રાહ દીસતો નથી. દીન બની દીનતા રાખવાનું કહેશો, હથીઆરરૂપ બનવાનું સૂચવશો, કહેશો કે દીનતા એ જ કૃપા મેળવવાનું અનોખું સાધન છે. તો કહો પ્રાણેશ દીનતા કઇ પેરે બની આવે ? જીવ તો દુઃસ્વભાવથી ભરપૂર, ખરાબ આચરણોનો તો આરો જ નહિ. પાપપુંજ થયો જ કહેવાય. વધારાના માયાના ષડરિપુઓના આવેશમાં ચકચૂર બનેલો. એમાં જ નિમગ્ન રહેનારો.

કૃપાનાથ ! કૃપામાર્ગના શરણમંત્રના બળથી આવ્યો. નિજાંકિત દાસાનુદાસ બન્યો, તોએ હજુંએ સાધન કરવાનાં રહ્યાં. વાહ, એ અમારૂં ખરેખરૂં સદ્દભાગ્ય કહેવાય કે હજુએ કર્મે જકડવાનું રહ્યું. કહો કયારે ભાવભીની ભકિતમાં ભીંજવશો. ભજનાનંદનો લ્હાવો લેવડાવશો ? પણ પ્રાણવલ્લભ, આપનું મળવાનું ઠેકાણું કયાં ? આપનો વાસ કયાં ? કોઇ કહે છે કે “આપ યોગીઓના હૃદયે સ્થિતિ કરો છો, તો કોઇ બતાવે છે કે વૈકુંઠને વિષે ને વળી કોઇ અંગુલી નિર્દેશથી બતાવે છે કે “તત્ત્વમસિ”ને જાણનારા મુનીન્દ્રો જેમાં (જે સ્વરૂપમાં) લીન થાય છે તેથી પર આપનું “સ્વરૂપ” વિલસી રહ્યું છે, તો શ્યામ, આપની સોહામણી, રસીલી, સ્વરૂપાકૃતિ કયાં સોડી રહી હશે ? ઘણો જ અકળાઇ ગયો છું. કયાંથી શોધી કાઢવા, શોધવા કયે રસ્તે પરવરવું એ બધું વિમાસણમાં નાખી દે છે. કહો, ત્યારે “કૃપા” સિવાય જીવને શી રીતે માલુમ પડે ? આપના સ્વરૂપને ઓળખવામાં આટલી બધી આંટીઘુંટીઓ તો પછી મેળાપની ભજનાનંદના અનુપમ લ્હાવાની તો વાત જ કેમ થાય ? ખૂબ અકળાઇ જઉં ત્યારે આનંદમય આંગણે આવી શું આટલો ઉભરોએ ન ઠાલવી શકું ?

હવે તો બાંહ્ય ઝાલ્યાની લાજ રાખી કૃપા કરો. નિજાંકિત દાસાનુદાસને દર્શનની આછી આછી સોહામણી ઝાંખી આપો. એટલું જ મારે મન બહુ છે. જાણે જીત્યું જગત.

પ્રભુકૃપાથી હવે કંઇ સમજાયું. આપ તો સદાએ બિરાજો છો “નિશ્ચય”રૂપી અડગ મહેલમાં, પણ મહેલ કેવી રીતે શોધી કાઢવો તેની કશીએ ગમ પડતી નથી. પ્રભુ, ખરેખર મૂંઝવણમાં પડી ગયો છું. આપની કૃપા સિવાય કશુંએ થતું નથી. જ્યારે અબળ જીવ ઉપર

કૃપાના અપરિમિત રશ્મિઓ પ્રસરે છે ત્યારે વિના પ્રયાસે અવિચ્છિન્ન સત્સંગથી ઉમટતા દેશમાં વિચર્યા કરે છે. વિચરતાં વિચરતાં "ભકિત" નગરની મઘમઘતી સોડમને પિછાને છે. પારખી સારાએ નગરમાં સુખદુઃખ વેઠી "પ્રેમ" પોળને પૂછ્યા જ કરે છે. અંતે પ્રેમપોળના પંથે પરવરે છે. શોધી કાઢે છે. પણ રાસરાસેશ્વર સ્વરૂપનાં જરાએ દર્શન નથી થતાં. કોણ જાણે હજુએ કેટકેટલો અપરાધ અજ્ઞાને પડી ગયો હશે ? એવા અપરાધની મીમાંસા કોણ જાણે કયાં સુધી પહોંચશે ? હજુએ કયાં સુધી અલૌકિક વિરહતાપ કલેશની વેદી પર તપવાનું હશે ?

ઘણી શોધખોળ કરી દીનવદને આર્દ્ર બની "હા નાથ રમણ પ્રેષ્ઠ કવાસિ મહાભુજ" અનેક વિધ ઉચ્ચરતાં વિહ્‌વળ બની, તાપ કલેશ ઘણો જ હૃદયે કરી અલૌકિક વેદનાની વેદી પર તપી આપની અમીરસ ઝરતી કૃપાના આવેશથી "નિશ્ચય" મહેલે આવે છે, પણ હજુએ આપ તાવી જોવાને કશીએ મણા રાખતા નથી. તો પછી પાછી પાની કેમ કરો ?

"સેવા" સીડીએ ચઢતાં ચઢતાં ઘણીએ વખત અબલ જીવને કામાદિગ્રાહથી તાવી જુઓ છો. બરોબર ન તપતા ઝડપી લેવડાવી કેટકેટલાંએ પગથીઆં ચૂકાવી દો છો. ધબ દઇને પછાડો છો. અતિશય દીન બનાવી દેવાની કોશીષ જારી રાખો છો.

પ્રભુ ! અંતે જીવ કૃપાથી "દીનતા" "પાત્રમાં" "મનમણિ" મૂકીને આપના યુગ્મ ચરણસરોજમાં ભેટ કરે તો હજુએ શું બાકી રહેતું હશે, હજુએ શું રસરાસેશ્વર સ્વરૂપનાં દર્શન કરવાને ભજનાનંદનો લ્હાવો લેવાને વાંધો હશે ? હે સ્વામિન ! આપના ધામમાં આવ્યો, તો એ શું હજુએ પડવાનું બાકી રહ્યું ? કહો તો અહંભાવને પુંભાવને ન્યોછાવર કરી ઓવારણાં લઉં. વિશ્વંભર ! આ બધું શું થઇ શકે ? ધારો કે થયું, પણ આપની કૃપા ન થાય તો તો સિદ્ધિ કેવી રીતે મેળવી શકાય ?

જગજીવન ! જીવ ઉપર કૃપા થઇ કયારે સમજાય ? સત્સંગમાં આસકિત થાય તો તે પણ કળિકાળમાં કયાંયે દીઠે દીસતો નથી. એ તો અદીઠ જેવો ભાસે છે. ધારો કે શ્યામ, સત્સંગમાં આસકિત થઇ, પ્રેમલક્ષણા ભકિતને, એક પછી એક આંટીઘુંટીઓ કૃપાથી અચૂક છોડીને પામ્યો, પ્રેમાર્દ્ર બન્યો. મેળાપ વાસ્તે અલૌકિક વિરહથી પીડાવા લાગ્યો, ફલરૂપ સેવાનો સાથી બન્યો, "માનસી" સેવાનો અધિકારી બન્યો, અતિશય દીન થઇને રહ્યો. પણ કંઇ ગર્વ થયો તો –તો માયાની મધલાળમાં જકડાએલા "જીવ"ની શી વલે ? પાછો નાખ્યો છે ધામમાંથી ભૂતળે. આપનું ધામ કેવું ? યાદ છે ને !

રાધેશ ? આપની પાસે જીવ બીજું શું માગે ? કૃપા કરી દીનતા આપો. જાણો છો ને "શ્રીવલ્લભ"નું શરણ છે, તે મોટાની કાનીથી રીઝીને તો બાંહ્ય ઝાલો ? શું ભૂલી ગયા આપેલા વચનને ? વિસ્મરણ થઇ ગયું હોય તો યાદ કરજો, શ્રાવણ સુદ એકાદશીની મહારાત્રિને, કહો કયારે કૃપા કરશો ?

પ્રાણેશ ! કૃપા કરો તો કરજો હંમેશ રહેવા સત્સંગમાં, જયાં ભકિતરસરૂપી મીઠા મેવાની લ્હાણી પીરસાઇ રહી હોય, પ્રેમરસની

હેલી થઇ રહી હોય, આનંદરસ લૂંટાઇ રહ્યો સોહામણા રસરાસેશ્વર સ્વરૂપના મનોહર દર્શન હોય, દીનતાનું વાતાવરણ છવાઇ રહ્યું હોય, થઈ રહ્યાં હોય !

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ ના વર્ષ ૧૦ માઘ સં. ૧૯૯૨ અંક ૧૧માંથી ભક્ત કવિવર શ્રી દયારામભાઇ કૃત "હરિ હું શું કરું રે, મારો માયા ન મૂકે કેડો" તથા "નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો" એ પદનું વિવરણ સાભાર પ્રસ્તુત.]

(૧) કૃષ્ણ કૃપાજળ રેડો

હરિ હું શું કરું રે, મારો માયા ન મૂકે કેડો.
કોટિ કલ્પ સુધી એણે ભમાવ્યો, ભમું હજી નહિ છેડો;
મુજથી ન છૂટે, ન આપ છોડાવો, મારો કિયે કાળે નિવેડો. ૧
સેવા સમરણ કેમ કરું, મારો ક્ષણ એ ન છાંડે કેડો;
શું ગજું મારું એ અવિદ્યા જીતી, કરું ચરણ કમળે નેડો. ૨
આપવિના એના સહુ ચેલા, કોને કહું દુઃખ ફેડો;
દાસી તમારી જાય પ્રેરો ત્યાં, પાછી ફરે જ્યારે તેડો. ૩
કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ! ચરણ પડયો ન ખસેડો;
માયા-કાળ-અગ્નિથી બચે 'દયો' કૃષ્ણ કૃપાજળ રેડો. ૪

(૨) નિશ્ચયના મહેલમાં

નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો રે,
વસે વ્રજ લાડિલો હોજી રે નિશ્ચયના – ટેક
જે રે જાયે તે ઝાંખી પામે હોજી રે, નિશ્ચયના
ભૂલ્યા ભમે જે બીજા સદનમાં શોધે રે,
હરિ ના મળે એકો ઠામે હોજીરે, નિશ્ચયના – ૧
સત્સંગ દેશમાં ભક્તિનગર છે રે,
પ્રેમની પોળ પૂછી જાજો હોજી રે; નિશ્ચયના – ૨
વિરહતાપ પોળીયાને મળી મ્હેલે પેસજો રે,
સેવા સીડી ચડી ભેળા થાજો હોજી રે, નિશ્ચયના – ૩
દીનતાના પાત્રમાં મન મણિ મૂકીને રે,
ભેટ ભગવંતજીને ધરજો હોજી રે, નિશ્ચયના – ૪
હું ભાવ પુંભાવ ન્યોછાવર કરીને રે,
શ્રી ગિરિધર વરને વરજો હોજી રે, નિશ્ચયના – ૫
એરે મંડાણનું મૂળ હરિઇચ્છા રે,
કૃપા વિના સિદ્ધિ ન થાયે હોજી રે, નિશ્ચયના – ૬
શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું રે,
દૈવીજન પ્રત્યે 'દયો' ગાય હોજી રે, નિશ્ચયના – ૭

મનનીય પદ

લેખક : **રા. રા. ઉગરચંદ જેઠાલાલ શાહ,** (બી.એ. એલ.એલ.બી.)

પુષ્ટિમાર્ગ અર્થાત્ ભકિતનું રહસ્ય સ્પષ્ટ શબ્દોમાં સમજાવનાર અમર ગુર્જર કવિ શ્રી દયારામભાઇએ ઘણા કાવ્યો-પદો રચ્યાં છે. દરેક કાવ્ય, દરેક પદ મનન કરવા યોગ્ય છે. જો એક જ પદ લઇએ અને તેને કંઠાગ્ર કરીએ અને તેજ પદનું જો નિરંતર રટણ કર્યે જઇએ તો તેમાંથી અમુક સમયે આપણી બુદ્ધિની ખીલવટ થાય છે અને તે આપણે એવું સરસ સમજી શકીએ છીએ કે તે પદ સમજાવવાની આપણામાં શકિત ઉત્પન્ન થાય છે. હું કવિ શ્રી દયારામભાઇનું એક જ પદ (નિશ્ચયના મહેલમાં) રજુ કરૂં છું અને મારી બુદ્ધિ અનુસાર તે સમજાવવાનો પ્રયત્ન કરૂં છું.

ભગવાનની ઝાંખી કરવામાં કવિશ્રીનું નિશ્ચય બળ કેટલું હતું તેનો તાદશ ચિતાર પોતાના અનુભવનો લાભ દૈવી જીવોને આપવાને માટે આ પદ કવિશ્રીએ રચ્યું છે. તે પદમાં નિશ્ચય બળનો મહેલ જ્યાં વાલમો એટલે વ્રજ વાસીઓનો લાડીલો વસે છે અને જે મહેલમાં જે કોઈ જાય છે તેને ઝાંખી થાય છે. તે મહેલ ક્યાં આવ્યો છે, તેનું વર્ણન બીજી કડીમાં કવિશ્રીએ આપેલું છે.

સત્સંગ નામનો દેશ છે, તેમાં એક ભકિતરૂપી નગર છે, તેમાં એક પ્રેમરૂપી પોળ છે. નવધા ભકિત ઉપરાંતની દશમી પ્રેમ-લક્ષણા ભકિત. તેમાં એક વિરહ તાપ રૂપી પોળીઆ છે, તે પ્રેમરૂપી પોળમાં એક મહેલ છે. તે મહેનમાં સેવા રૂપી એક સીડી છે, જે સીડી ઉપર ચઢીને વાલમાને વ્રજ લાડીલાને ભેગા થવાય છે.

ભેગા થતી વખતે શી તૈયારી કરવાની છે તે ત્રીજી કડીમાં સમજાવ્યું છે. દીનતારૂપી પાત્ર રાખવું, તેમાં મનરૂપી મણિ મુકવું, અને તેની ભેટ ભગવાનને કરવી. તે વખતે અહંભાવ અને પોતાનો પુરુષભાવ મુકી દઇને શ્રીગિરિધરવર શ્રીકૃષ્ણચંદ્રને વરવું.

ઉપર પ્રમાણે કવિશ્રીએ રૂપકમાં સમજાવ્યું, તેની સાદી સમજ નીચે પ્રમાણે છે.

જેવી રીતે મોટા દેશની અંદર નગરો હોય છે, દરેક નગરની અંદર પોળો હોય છે, દરેક પોળની અંદર મહેલો અગર હવેલીઓ હોય છે. દરેક મહેલ અગર હવેલીની અંદર રાજા અગર શેઠ હોય છે અને તેને મળવાને સીડી પર ચઢીને જવાય છે અને તેમને મળવા જવાને ખાલી હાથે નહિ જતાં ભેટ લઇને જઇએ છીએ અને ભેટ ધરાવીએ છીએ.

તેજ રીતે મનુષ્ય સત્સંગ કરે છે એટલે તેનામાં ભકિતના સંસ્કાર ઉત્પન્ન થાય છે. ભકિતના સંસ્કાર ઉત્પન્ન થવાથી તેનામાં પ્રભુ તરફ પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રેમ ઉત્પન્ન થવાથી શ્રીકૃષ્ણચંદ્રનો વિરહ થયેલો હોવાથી તેનામાં વિરહરૂપી દુઃખ એટલે વિરહતાપ ઉત્પન્ન થાય છે અને વિરહતાપ થવાથી તેનામાં સેવાભાવ ઉત્પન્ન થાય છે અને સેવાભાવ ઉત્પન્ન થવાથી દીનતા અથવા દાસત્વભાવ આવે છે અને દાસત્વ,

દીનતા આવવાથી તેનું મન મણિ જેવું નિર્મળ પારદર્શક થાય છે અને મન તે પ્રમાણે પારદર્શક થવાથી મનુષ્ય પોતાનું મન જ્યારે પ્રભુને અર્પણ કરી દે છે, તે વખતે તેનામાં અહંપણાની કે પુરુષણાની ભાવના રહેતી નથી અને તે કૃષ્ણચંદ્રમાં એકતાર થઈ જાય છે. અર્થાત્ તન્મય થઈ જાય છે. પછી તેને બીજું કાંઈ જ મેળવવાનું રહેતું નથી.

ઉપર પ્રમાણે ચાર લીટીમાં પ્રભુમાં તન્મય થવાની ચાવી કવિશ્રીએ બતાવી છે અને પહેલી કડીની બીજી લીટીમાં બતાવ્યું છે કે જેઓ બીજે ઠેકાણે પ્રભુને શોધવા જાય છે, એટલે જેઓ ભક્તિમાર્ગ મુકીને જ્ઞાનમાર્ગ અગર કર્મમાર્ગમાં જાય છે તેઓ ભૂલમાં ભમે છે અને તેમાંથી એકે ઠેકાણે તેમને ભગવાન મળતા નથી.

ઉપરની કડીઓમાં કવિશ્રીએ શ્રીકૃષ્ણચંદ્રમાં એકતાર થઈ જવાનો રસ્તો બતાવ્યો. પરંતુ તે બધું બની શકે કેવી રીતે? પુરુષ પ્રયત્નથી તે બની શકે છે? તેના જવાબમાં કહે છે કે ના, માત્ર જો ઈશ્વિર ઈચ્છા હોય અને ભગવાનની કૃપા હોય તો જ તે સિદ્ધ થઈ શકે છે, પરંતુ ભગવાની કૃપા કયારે થાય? જ્યારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના શરણે જઇએ તો ઘણી જ સહેલાઇથી ભગવાનની કૃપા ઉતરે છે અને ઉપર પ્રમાણે બની શકે છે.

કવિશ્રી છેવટે કહે છે કે જે દૈવીજીવ હોય છે અગર જે શ્રદ્ધાળુ જીવ હોય છે તે જ આ રહસ્ય સમજી શકે છે.

ઉપરનો સંદેશો કવિશ્રીએ દૈવીજીવોને સમજાવ્યો છે અને તે દૈવીજીવોને માટે જ છે.

[શુદ્ધાદ્વૈત ભક્તિમાર્તંડ વર્ષ ૪ શ્રાવણ સં. ૧૯૮૫ અંક ૫ માંથી સાભાર પ્રસ્તુત]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૦૦૦

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ

॥ શ્રી હરિઃ ॥

॥ જયશ્રી વલ્લભ ॥

સત્સંગની વાતો

એક વૈષ્ણવ

આત્મબલ કેવી રીતે પ્રાપ્ત થાય તો શ્રીઆચાર્યજી શ્રીમહા પ્રભુજીએ બતાવ્યું કે ગમે તેવી કઠીન પરિસ્થિતિમાં અગર ગમે તેવી મોટી વિપત્તિ આવી જાય છતાં શ્રીકૃષ્ણ નામથી વિચલિત થવું નહિ. જો આપણી પાસે ભગવદ્ આશ્રય હશે તો આ જગતની કોઈ પણ શકિત ડગાવી શકશે નહિ. શ્રીમદ્ ભાગવતજીમાં શ્રી ભકત પ્રહલાદજીનો પ્રસંગ છે તેના પિતાને આ લોકનુ રાજ્ય હતું, સ્વર્ગનું હતું, પાતાલનું હતું બધા દેવો ઉપર વિજય મેળવ્યો હતો. પરંતુ પ્રહલાદજી પાસે તેમનું કોઈ બલ કે બુદ્ધિ ચાલી નહિ, તો હિરણ્ય કશિપુએ પૂછયું કે તું કોની શકિતના લીધે ડરતો નથી. (આટલું બધું દુઃખ દેવા છતાં) સર્વે મારી આજ્ઞા પાળે છે. પરંતુ તું સારી આજ્ઞા પાળતો નથી. તું એક નાનો બાળક છે. હું તને આટલો બધો ડરાવું છું છતાં તું ડરતો નથી. એવી કઈ શક્તિ તારી પાસે છે? કે તું નિર્ભય રહ્યો છો તો શ્રી પ્રહલાદજીએ કહ્યું કે પિતાજી તમારી પાસે જે શક્તિ છે તે વાસ્તવમાં તમારી નથી. એ મારા સ્વામીની છે. અને એ મારા સ્વામી સર્વદા મારી રક્ષા કરે છે. અને એ મારા સ્વામિ એક પણ ક્ષણ માટે અલગ થતા નથી. તો એ મારા સ્વામિ મારું અહિત કઈ રીતે કરે? તમારી પાસે જે શક્તિ છે તેનું મુળ કેન્દ્ર મારા સ્વામિ છે અને તેનો આશ્રય મને છે. તો મારે ડરવાનું કયાં રહ્યું? મારા પ્રભુ મારી રક્ષા કરે છે, કરી રહ્યા છે અને કરશે જ આવી ભગવદ્ આશ્રયની ભાવના પ્રહલાદજી બાળક હતાં છતાં પણ દ્રઢ હતી. તો આપણે પણ પ્રભુનો આશ્રય રાખીએ. તો પ્રભુ પણ આપણી રક્ષા કરે એવી શ્રીમહા પ્રભુજીની આજ્ઞા છે. આપણે ભગવાનને ભૂલી ગયા છીએ. આપણને ભગવાન ઉપર અવિશ્વાસ છે. માટે આપણે દુઃખી છીએ, બાકી આપણે નિરાશ થવાની કોઈ પણ જરૂર નથી. હા! આજકાલ ધર્મભ્રષ્ટ, કાલબલથી ઘેરાઈ ગયા છીએ. પરંતુ ભગવાનનો આશ્રય હશે તો ઠાકોરજી જરૂર રક્ષા કરશે. માટે પોતાના ધર્મ અનુસાર આચરણ કરવું જોઈએ. તો આપણને પણ શાંતિ મળશે જેમકે કૃષ્ણાશ્રયમાં કહ્યું છે કે સર્વ માર્ગો નષ્ટ થઈ ગયા છે પરંતુ જેની પાસે આશ્રય ધર્મ છે તેને જરૂર આધિ દૈવિક સ્વરૂપનાં દર્શન થશે જ. અને થાય છે. જે જીવને આધિ દૈવિક સ્વરૂપનાં દર્શન થતાં નથી તે જીવો શ્રી ઠાકોરજીથી વિમુખ છે તથા ભગવદ્ ભાવથી વિમુખ છે. એને દર્શન કયાંથી થાય? ભગવાનનો જે ભક્તોના હૃદયમાં નિવાસ છે તેને તીર્થો પણ ચાહે છે કે આવા ભકતો મારામાં સ્નાન કરે. અને તે તિર્થોના દેવો આનંદમય બની જાય છે. માટે આપણે આજકાલ આચાર ભ્રષ્ટ થઇ ગયા છીએ. સ્વેચ્છાચારી બની ગયા છીએ. પરવશ બની ગયા છીએ અને પતિત બની ગયા છીએ. પછી ભગવાનનો સંબંધ કયાંથી થાય? માટે સેવા, સ્મરણ અને સત્સંગ કરીએ

તો પાપ ટકી શકતું નથી દુષ્ટ બુદ્ધિ ટકી શકતી નથી અને પ્રભુ પાવન કરે છે. આપણે ત્યાં તાજ, રસખાન, અલીખાન ઇત્યાદિ વિગેરે જીવ ભગવદ્ દર્શન પામ્યા છે. આપણે નિરાશ થઈ ને નહિ વિચારવું કે હું પતિત થયો છું, ભ્રષ્ટ થયો છું, મારું કોઈ સ્થાન નથી. પરંતુ હૃદયમાં ભગવદ્ ભાવ આવશે તો જરૂર શુદ્ધ બની જઇશું ભલે સમાજ તમને તમારાં કૃત્યથી છોડી દે પરંતુ ભગવાન છોડશે નહિં. પરંતુ ભગવાન સાથે પ્રેમ કરનારને ભગવાન અપનાવી લે છે. ભગવાને પોતે આજ્ઞા કરી છે. કે જે જીવ મારે શરણે આવશે તેને હું પોતાનો કરી લઇશ. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રેમ માર્ગના પથિક બનો તથા યથા શક્તિ ધર્મનું આચરણ કરો અને વિધર્મથી દૂર રહો. અને ઇંદ્રિયોને સંયમમાં રાખો અને સફળતા મેળવવાની ચાવી છે. સંયમ વગરનું જીવન કોઈ દિવસ ઉન્નત થતું નથી. તેજ અસંયમી જીવન એ અનર્થોનું કારણ છે. માટે શ્રીમહાપ્રભુજીનો સંદેશ જીવનમાં ઉતારવો જોઈએ. આ માનવ દેહ એ એક ભુમિ છે. ગીતાજીમાં ભગવાનને કહ્યું છે કે માનવદેહ એ પણ ભૂમિ છે. કોઈ ભુમિમાં ઘઉં થાય, ડાંગર થાય, બાજરો થાય, મકાઈ થાય તેમ તે જમીનમાં તેને લગતું વાવેતર કરવામાં આવે છે. તેવી રીતે આ શરીરરૂપી ભુમિમાં આ કર્મ ભુમિ કહેવાય છે અને એ ભુમિમાં અસત્ કર્મ જેવાં રોપીએ તેવા થાય. તો આપણે સમજવું જોઈએ કે મારે આ જમીનમાં શું વાવવું છે? સત્ કર્મ કે અસત્ કર્મ? તો આપણે પાપ કરીએ અને પછી મનમાં અભિલાષા રાખીએ કે ક્યારે મારું કલ્યાણ થશે? તે વાત સંભવ નથી જ પરંતુ સત્ કર્મ કર્યા પછી સારા ફળ મળવાના છે એમાં શંકા નથી.

આંબો રોપીએ તો આંબો જ મળશે. અંતે લીમડો વાવવાથી કડવાશ જ મળવાની છે માટે જ્યાં સુધી આપણી ભાવના પવિત્ર નહિં થાય ત્યાં સુધી સારા કાર્ય કરવાની રૂચિ થાય જ નહિ. આજકાલ તેનું પરિણામ આપણે જોઇએ છીએ. કે આ દેશમાં ઘણી ઉન્નતિ દેખાય છે પરંતુ સાથે સાથે ભાવના દિન નાશ થતી જાય છે એટલે આપણે દુઃખીના દુઃખી જ છીએ. કારણ કે જે આધાર ભાવના ઉપર હતો. ભાવનાની ઉન્નતિ જ જોઇએ. મુખ્ય જીવનનો આધાર તો ભાવના જ છે. કારણ કે તે સ્થિતિ ચિંતામય તથા શોકમય અને ચરિત્રહીન જીવન બની ગયું છે. ચરિત્રહીન જીવન મનુષ્યને સુખ અને શાંતિ આપી શકતું નથી તો આજકાલ આપણી ભાવના સારી નહિ હોવાને લીધે, ખૂનો તથા આપઘાત ઇત્યાદિ આપણે પેપરમાં વાંચીએ છીએ. તો જીવનમાં આપણે નકકી કરવું જોઇએ કે સારી ભાવના હશે તો દેશનું તથા મારૂં ભલું કરી શકીશ. કેવલ સ્વાર્થમાં જ આપણાંમાં છે, પરમાર્થ કરવું આવશ્યક છે પણ પરમાર્થ કરે કોણ? એનો અધિકાર કોનો છે? તો જે મનુષ્ય પોતાના સુખને જાણે છે તે જ પરમાર્થ કરી શકે (અહીં પરમાર્થ એટલે એમ સમજવું કે પ્રભુની પ્રાપ્તિ) દેહનાં સુખની આ વાત નથી. ધન, સંગ્રહ, સારા બંગલાં, સારાં સારાં સાધનોએ અમારું લક્ષ્ય રહેશે ત્યાં સુધી ભગવદ્ પ્રાપ્તિ થશે નહિ. એના માટે આધ્યાત્મિક શિક્ષણની જરૂર છે બધી જ વસ્તુ આપણી પાસે હોય પરંતુ આપણું હૃદય દોષથી ભરેલું

હોય તો આપણું હિત કેવી રીતે થાય ? ભગવાને આપણને ૨૪ કલાક આપ્યા છે. તો તેમાંથી થોડો સમય કાઢીને પણ ભગવાનમાં જ લક્ષ્ય રાખી સેવા, સત્સંગ, અને સ્મરણ કરીએ તો જ આપણી પ્રગતિ થઈ શકે છે. આત્મ નિરિક્ષણ જરૂર કરવું જોઇએ આપણાં રોજના દૈનિક વ્યવહારમાં આપણી સારી પ્રગતિ થાય છે કે ખોટી તે વિચારવું જોઇએ. જેમ વેપારી લોકો નફા–નુકશાનનું સરવૈયું કાઢે છે તેમ આપણે પણ વિચારવું જોઇએ. અને પછી આવશ્યક્તા એ વાતની છે કે લાભ કે હાની પોતે જ વિચારવાનું છે જો જીવન સુધારવું હોય તો ભગવદ્ સેવા, સ્મરણ, સત્સંગ સિવાય કોઈ જ ઉપાય નથી એમ શ્રીમહાપ્રભુજી કહે છે.

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૧૧ તા. ૨-૫-૮૮ ગુરુવાર, અપરા એકાદશી વ્રત.

અધિક જેઠ સુદ ૧ તા. ૧૬– –૮૮ સોમવાર, શ્રી પુરૂષોત્ત માસનો પ્રારંભ, આજથી શ્રીને નિત્ય નવીન મનોરથો–ઉત્સવો થાય અને વિવિધ પ્રકારની અધકીની સામગ્રી આરોગાવાય.

અધિક જેઠ સુદ ૧૧ તા. ૨૭–૫–૮૮ શુક્રવાર, કમલા એકાદશી વ્રત.

અધિક જેઠ સુદ ૧૫ તા. ૩૧–૫–૮૮ મંગળવાર, પૂર્ણિમા સ્નાન.

જુના ગ્રાહકોને લવાજમ મોકલવા વિનંતિ

શ્રી વલ્લભ સુધાના ગઇસાલના ગ્રાહકો કે જેમણે પોતાના નામ કમી કરવા નહિ જણાવેલ તેઓ બધાને આ સને ૧૯૮૮–૮૯ નવા વર્ષમાં ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે તેમ માનીને પ્રથમ અંક મોકલાયો છે અને આ બીજો અંક પણ નહિ લવાજમ ભરેલ તેવા જુના ગ્રાહકોને મોકલાયો છે તો આપનું લવાજમ વહેલી તકે મોકલાવી સહકાર આપશો તેવી અપેક્ષા સહ વિનંતી છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની
જયંતીલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ

॥ શ્રી વલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સહિત]

લે. ૫. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૫મું, રાગ–રામકલી

અતિ મંજુલ જલપ્રવાહ મનોહર સુખાવગાહન,
વિદિત રાજત અતિ તરણી નંદનિ;
શ્યામ વરણ જલકરૂપ લોલ લહર પર,
અનૂપ સેવિત સંતતિ મનોજ વાયુ મંદિની.૧
કુમુદ કંજ વન વિકાસ મંડિત દિશ દિશ,
સુવાસ કૂજત અલિ હંસ કોક મધુર છંદિની;
પ્રફુલ્લિત અરવિંદ પુંજ કોકિલ કલસાર ગુંજ,
ગાવત અલી મંજુ પુંજ વિવિધ વંદની.૨
નારદ શિવ સનક વ્યાસ ધ્યાવત મુનિધરત,
આસ ચાહત પૂલિનવાસ સકલ દુઃખ નિકંદની;
નામ લેત કટત પાપ મુનિ કિન્નર ઋષિ,
કલાપ કરત જાપ 'પરમાનંદ' મહા આનંદિની.૩

ભાવાર્થ :– અતિ સુંદર અને મનનું હરણ કરે તેવો નયનરમ્ય જલપ્રવાહ, જેનાં દર્શનમાત્રથી સુખનું અવગાહન થાય એવાં તરણિનંદની શ્રીયમુનાજી અનંત બ્રહ્માંડોમાં પ્રસિદ્ધ છે. શ્યામ વર્ણથી પ્રકાશિત સ્વરૂપ અને રસમત્ત લહેરો છે. જેની ઉપમા ન આપી શકાય તેવીશ્રેષ્ઠ છે. અને કામની સંતતિરૂપ ત્રિવિધ (શીતલ, મંદ, સુગંધી) પવન વાઇ રહ્યો છે.

કુમુદ એટલે ચંદ્ર વિકાસી અને કંજ એટલે સૂર્યવિકાસી કમલ વનમાં ખીલી રહ્યા છે તેની સુવાસ દશે દિશામાં ફેલાઇ રહી છે. ભ્રમરો, હંસો, કોક એટલે એક જાતનું હરણ, પોતાની શબ્દ માધુરીથી કૂજન કરી રહ્યા છે. કોકિલા અને તમરાઓની શબ્દ માધુરી ગુંજારવથી ગાન કરતા હોય છે ને જાણે વિવિધ પ્રકારથી વંદન કરતા હોય તેવું લાગે છે.

નારદજી, શિવજી, સનકાદિક, વ્યાસજી અને મુનિજન આદિ આપનું ધ્યાન કરવા માટે આપના પૂલિનમાં વાસ ઇચ્છે છે. કારણ કે આપ સર્વ આશ્રિતોના દુઃખનું નિકંદન કરનારાં છો. આપનું નામ લેતાં જ પાપોનો નાશ થાય છે એવું જાણી કિન્નરો અને ઋષિ-મુનિઓ પણ વિવિધ છંદોથી આપના મધુર ગુણગાન કરે છે, તેવી જ રીતે પરમાનંદદાસજી પણ આપના નામનો સદા જપ કરે છે કારણ કે આપ મહા આનંદિની મહા આનંદને દેવાવાળા છો.

વિવેચન :– શ્રીયમુનાજીના અલૌકિક રસ સ્વરૂપનું તો પરમાનંદદાસ જ વર્ણન કરી શકે. અષ્ટ સખાઓ અંતરંગ છે અને પરમાનંદદાસજીનું લીલાત્મક સખી સ્વરૂપ શ્રી ચંદ્રભગાજી છે. જેથી એ લીલાનાં પ્રભુપ્રિયાજી શ્રીયમુનાજી આદિ સ્વરૂપનું વર્ણન કરી શકે. તેઓ તો સદા શ્રીયુગલ રસમાં તન્મય જ રહે છે અને અષ્ટસખીઓ રૂપે સદા સાનિધ્ય સેવામાં રહે છે. છતાં વિનતિ કરે છે કે હે શ્રીયમુનાજી ! અમને દીન જાણીને અમારૂં ઇચ્છિત આપો –ગોપીજનોનું દાસત્વ આપો.

[–ક્રમશઃ]

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૩મો)

અધ્યાય ચૌદમો

રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણાસંગસમુદ્‌ભવમ્ ।
તન્નિબધ્નાતિ કૌન્તેય કર્મસંગેન દેહિનમ્ ।૭।

તૃષ્ણાના સંગથી ઉત્પન્ન થયેલ રજોગુણને તું અનુરાગસ્વરૂપ જાણ. હે કુંતીપુત્ર અર્જુન, કર્મમાં આસક્તિથી તે જીવાત્માને બાંધે છે. ॥૭॥

સત્ત્વગુણનું લક્ષણ કહીને 'રજો રાગાત્મકમ્' વગેરે શબ્દોથી રજોગુણનું લક્ષણ કહે છે. રજોગુણ રાગની સાથે, એટલે કે વિનોદની સાથે સંબંધિત છે. વિવિધ પ્રકારના પદાર્થોની ઉત્પત્તિથી રજોગુણ ભગવાનને પ્રસન્ન કરનાર છે, એમ તું જાણ. તે તૃષ્ણાના સંગથી ઉત્પન્ન થાય છે. બધી વસ્તુઓ ભગવાનને માટે ઉત્પન્ન કરેલી છે, પરંતુ તેવું જ્ઞાન ન હોવાથી તે તે વસ્તુઓને પોતે પ્રાપ્ત કરવાની અભિલાષાને તૃષ્ણા કહેવાય છે. તૃષ્ણાના સંગથી જેની ઉત્પત્તિ છે તેવો રજોગુણ દેહધારીઓને બાંધે છે, નહિ કે ભગવાન સંબંધી જ્ઞાનવાળાને. કર્મના સંગથી, એટલે કે પોતે ઇચ્છેલ હોય તેની પ્રાપ્તિ માટે કરાતા કર્મના સંગથી તે બાંધે છે, લૌકિક આસકિતને ઉત્પન્ન કરે છે, એમ અર્થ છે. ॥૭॥

તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।
પ્રમાદાલસ્યનિદ્રાભિસ્તન્નિબધ્નાતિ ભારત ॥૮॥

હે ભરતકુળમાં જન્મેલા અર્જુન, સર્વે-પ્રાણીઓના મોહને ઉત્પન્ન કરનાર તમોગુણને તો તું અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલ જાણ. તે પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બાંધે છે. ॥૮॥

તમોગુણના સંબંધવાળું લક્ષણ 'તમઃ તુ' વગેરે શબ્દોથી કહે છે. પહેલાં કહેવાયું છે તેમ ભગવાનની લીલા વગેરેના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ તમોગુણ પ્રલયાત્મક છે, તેમ હોવાથી ભગવાનને ભુલાવી દેનારા પ્રાણીમાત્રના મોહને ભ્રમથી થયેલો તું જાણ. ભગવાનની સેવામાં પ્રતિબંધ કરનારાં પ્રમાદ, આળસ અને નિંદ્રાયુકત ત્રિવિધ સ્વભાવથી થતા અન્યથા જ્ઞાન વડે તે પ્રાણીઓને બાંધે છે. પ્રમાદ એટલે ભગવાનમાં ચિત્ત ન રહેવું તે. આલસ્ય એટલે ભગવાનની સેવામાં ઉત્સાહ ન હોવો તે. નિંદ્રા એટલે ચિત્તનું ભાન ભૂલી જવું તે. ॥૮॥

સત્ત્વં સુખે સંજયતિ રજઃ કર્મણિ ભારત ।
જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સંજયત્યુત ॥૯॥

હે ભરતકુળમાં જન્મેલા અર્જુન, સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કર્મમાં અને તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઇને પ્રમાદમાં જોડે છે. ॥૯॥

એ પ્રમાણે સત્ત્વ વગેરે ગુણોનું સ્વરૂપ કહીને તેઓનાં કાર્ય અને કારણની અતિશયતા 'સત્ત્વમ્' વગેરે શબ્દોથી કહે છે. સત્ત્વગુણ સુખમાં એટલે કે ભગવાન સંબંધી જ્ઞાનમાં જોડે છે, તેમ જ રજોગુણ પહેલાં કહ્યું તેમ કર્મમાં જોડે છે. અને તમોગુણ ભગવદીય જનોના સંગ વગેરેથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને નિદ્રા, આળસ વગેરેથી ઢાંકી દઇને પ્રમાદમાં જોડે છે, એટલે કે મનને અસાવધ બનાવે છે. અથવા સુખ ઉત્પન્ન થતાં સત્ત્વગુણ ઉત્કૃષ્ટતાથી સ્થિર થાય છે. તે જ પ્રમાણે કર્મમાં રજોગુણ

સ્થિર રહે છે અને પ્રમાદમાં તમોગુણ સ્થિરતાથી રહે છે. અહીં આ ભાવ છે : ભગવાને ત્રણેય ગુણો એવી વિચિત્રતા માટે જ ઉત્પન્ન કર્યા છે. તેઓનાં કાર્ય જોઇને પ્રભુ પ્રસન્ન થાય છે અને પ્રભુની પ્રસન્નતાથી ઉન્નતિ સિદ્ધ થાય છે, એમ છે. ।।૯।।

રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત ।
રજઃ સત્ત્વં તમશ્ચૈવ તમઃ સત્ત્વં રજસ્તથા ।૧૦।

હે ભરતકુળમાં જન્મેલા અર્જુન, રજોગુણ અને તમોગુણને દબાવીને સત્વગુણ પ્રબળ થાય છે, સત્વ ગુણ અને તમો ગુચને દબાવી ને રજોગુણ પ્રબળ થાય છે,તેવી જ રીતે સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ પ્રબળ થાય છે. ।૧૦।

સુખ દુઃખ વગેરે ભાગ્યને અધીન છે ત્યારે પોતાનું કાર્ય કરવામાં અન્યથાભાવ કરવાપણું શી રીતે કહેવાય ? એવી શંકા થાય તો કહે છે કે, તેઓનું તે પ્રમાણેનું સામર્થ્ય મેં આપેલું છે, એમ જણાવવા માટે એમના એ નીશ્ચિત કાર્યનું 'રજઃ તમઃ' વગેરે શબ્દોથી સમર્થન કરતાં કહે છે. દુઃખ અને અજ્ઞાનાત્મક એવા રજોગુણ અને તમોગુણ બંનેને દબાવીને સત્વગુણ પ્રબળ થાય છે, એમ અર્થ છે. હે ભારત, એવા સંબોધનથી જેવી રીતે મારી ઇચ્છાથી બધાનો પરાભવ કરીને તું વિજયી થાય છે તેમ, એવો અર્થ દર્શાવ્યો છે. તેમ જ સત્ત્વ અને તમ એવા બંને ગુણોને દબાવીને રજોગુણ પ્રબળ થાય છે. 'એવ' એવા શબ્દથી, તમોગુણ મોહ પમાડવાના સામર્થ્યની અધિકતામાં પણ તેમ જ કરે છે, એમ વ્યકત થાય છે, તે પ્રમાણે સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ પ્રબળ થાય છે, એમ અર્થ છે. ।૧૦।

સર્વદ્વારેષુ દેહેઽસ્મિન્પ્રકાશ ઉપજાયતે ।
જ્ઞાનં યદા તદા વિદ્યાદ્વિવૃદ્ધં સત્ત્વમિત્યુત ।૧૧।

જ્યારે આ દેહમાં બધાં ઇંદ્રિયોના દ્વારોમાં જ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થાય છે ત્યારે સત્વગુણ વૃદ્ધિ પામેલો છે, એમ જાણવું ।૧૧।

બે ગુણને દબાવીને ત્રીજા ગુણની પ્રબળતા ઉત્પન્ન થાય છે તે શા માટે ન જાણવી ? એવી શંકા થાય તો 'સર્વદ્વારેષુ' વગેરે શબ્દોથી કહે છે. આ સાધનાત્મક દેહમાં કાન વગેરે બધાંય દ્વારોમાં જ્યારે ભગવાનના સંબંધવાળા થવાથી પ્રકાશ ઉત્પન્ન થાય છે, ત્યારે એટલે કે ભગવાન જ દેખાય છે ત્યારે અથવા તો જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે સત્ત્વગુણ વધેલો છે એમ જાણવુ, વિશેષ કરીને ભગવાનના સંબંધમાં રહેવાથી સત્ત્વગુણ વધેલો છે, એમ જાણવું. અહીં આ અર્થ છેઃ કાનરૂપી દ્વારથી ભગવાનની કથા સાંભળવાનો ભાવ, વાણીરૂપી દ્વારથી કીર્તન કરવાનો ભાવ, (મુખરૂપી દ્વારથી) પ્રસાદ ગ્રહણ કરવાનો ભાવ, નાકરૂપી દ્વારથી ગંધ વગેરે ગ્રહણ કરવાનો ભાવ, એ પ્રમાણે પ્રત્યેક દ્વારમાં ભગવાન સંબંધી ભાવ પ્રગટે છે. ।૧૧।

લોભઃ પ્રવૃત્તિરારંભઃ કર્મણામશમઃ સ્પૃહા ।
રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ।૧૨।

હે ભરત શ્રેષ્ઠ અર્જુન, રજોગુણ વૃદ્ધિ પામે છે ત્યારે લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ અશાંતિ, ઇચ્છા એ બધાં ઉત્પન્ન થાય છે. ।૧૨।

એ પ્રમાણે સત્ત્વગુણ સંબંધી જ્ઞાન આપીને રજોગુણના સ્વરૂપનું જ્ઞાન 'લોભઃ' વગેરે

શબ્દોથી આપે છે. ભગવાનની સેવા અર્થે પોતાની ઇચ્છાથી અપાયેલું, અને એવું યથાર્થ કર્મ કરવાને યોગ્ય દ્રવ્ય હોવા છતાં લૌકિક આસક્તિથી વિશેષ દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી જ્યાં ત્યાં મનને દોડવીને તેવા પ્રકારનો યત્ન કરવો તે લોભ છે. પ્રવૃત્તિ એટલે ક્રિયા કરવી તે. 'કર્મોનો આરંભ' એટલે પોતાના લૌકિક ભોગને યોગ્ય વસ્તુ કરવી તે. 'અશમઃ' એટલે અશાંતિ, અત્યારે આ કર્યું, સવારે આ કરવાનું, એવા એવા વિચારથી થતો ચિત્તનો ઉદ્વેગ. સ્પૃહા એટલે પોતાને યોગ્ય ન હોય એવી વસ્તુમાં પણ મેળવવાની ઇચ્છા. રજોગુણની વૃધ્ધિ થાય છે ત્યારે (લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશાંતિ સ્પૃહા) એવું એવું થાય છે. એવું એવું થાય ત્યારે રજોગુણ વિશેષ વૃધ્ધિ પામ્યો છે એમ જાણવું, એમ અર્થ છે. હે ભરતર્ષભ, એવું સંબોધન રાજ્ય આદી અર્થ મેળવવાની સ્પૃહાના અભાવથી એવા પ્રકારના દોષ વગરનો તું છો, એમ જણાવવા માટે છે. ॥૧૨॥

અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।
તમસ્યેતાનિ જાયન્તે વિવૃધ્ધે કુરુનંદન ॥૧૩॥

હે કુરુકુળને આનંદ આપનાર અર્જુન, તમોગુણ વૃદ્ધિ પામે છે ત્યારે ચિત્તની પ્રસન્નતાનો અભાવ અને પ્રવૃત્તિનો અભાવ, પ્રમાદ તેમ જ મોહ એ બધાં ઉત્પન્ન થાય છે. ।૧૩।

હવે તમોગુણની જાણકારી 'અપ્રકાશઃ' વગેરે શબ્દોથી આપે છે. 'અપ્રકાશઃ' એટલે ચિત્તની પ્રસન્નતાનો અભાવ. 'અપ્રવૃત્તિઃ' એટલે ભગવાનની સેવા, ભગવદીય જનોનો સંગ, એવાં કાર્યમાં પ્રવૃત્ત ન થવું તે. પ્રમાદઃ' એટલે ભગવાનના ભજનમાં ઉદાસીનતા રાખવી તે. 'મોહઃ' એટલે સંસારમાં આસક્તિ. હે કુરુનંદન અર્જુન, તમોગુણ વૃદ્ધિ પામે છે ત્યારે એવું એવું થાય છે. ।૧૩।

સને ૧૯૮૭ના અંક ૪ ના અનુસંધાને શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૨૩૧	શ્રી એસ. વી. શાહ,	વિલેપાર્લે
૨૩૨	શ્રીમતી તરલાબેન રસિકભાઈ મહેતા,	રાજકોટ
૨૩૩	શ્રી અમૃતલાલ લીલાધર એન્ડ સન્સ,	રાજકોટ
૨૩૪	શ્રી કંસારા અમૃતલાલ વિરજીભાઈ,	ઉપલેટા
૨૩૫	શ્રી મનસુખલાલ વિઠ્ઠલદાસ કેસરીયા,	રાજકોટ
૨૩૬	શ્રી વૈષ્ણવ નાગજીભાઈ જેસાભાઈ,	ધોરાજી
૨૩૭	શ્રી વૈષ્ણવ હરેશકુમાર અરજણભાઈ,	ધોરાજી
૨૩૮	શ્રી દિલિપકુમાર છગનલાલ માવાણી,	ધોરાજી
૨૩૯	શ્રી જી. બી. રાણપરિયા,	ધોરાજી
૨૪૦	શ્રી ખેડુત ઓઈલ કેક ઇન્ડસ્ટ્રીઝ,	ધોરાજી
૨૪૧	શ્રી વેલાબાપા ભગવદ્ મંડલી,	ધોરાજી
૨૪૨	શ્રી હરિદાસ વસનજી મજીઠીયા,	ખપોલી
૨૪૩	શ્રી ધર્મિલ જીતેન્દ્ર પ્રભુલાલ શાહ,	અમદાવાદ
૨૪૪	શ્રી રશ્મિકાન્ત જેઠાલાલ શારડા,	જામનગર
૨૪૫	શ્રી શેઠ હર્ષદકુમાર વિઠ્ઠલદાસ,	કોસીન્દ્રા

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી વિરચિત

અંતઃકરણપ્રબોધ

(શ્રીશ્યામળાત્મજ શ્રીવ્રજરાજકૃત વિવરણનું)

(લેખાંક દસમો)

અનુવાદ : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

હવે જે સિદ્ધ છે તે 'સેવકસ્ય' વગેરે શબ્દોથી કહે છે.

સેવકનો આજ ધર્મ છે કે, આજ્ઞાનું પાલન કરવું. (મૂળ શ્લોકમાં આપેલા) 'તુ" શબ્દથી અન્ય ધર્મમાંથી છુટકારો પામવાનું સૂચવ્યું છે. (એ પ્રમાણે ત્રણ ચરણથી વર્ણવેલ આજ્ઞાનું પૂર્ણપણે પાલન કરવું, એવો દાસધર્મ ભગવાનને સંતોષવાના કારણરૂપ છે, એમ છે. (મૂળ શ્લોકમાં આપેલા) 'તુ" શબ્દથી અન્ય પક્ષથી દૂર રહેવું તે મુખ્યત્વે કરીને ઉપસંહારરૂપે છે.) એ પ્રમાણે સેવકનો ધર્મ કહીને પ્રભુના ધર્મનું સ્વરૂપ કહે છે. સ્વામી એટલે પ્રભુ પોતાની ઇચ્છાથી કરશે, એ પ્રમાણે પોતાના મનમાં ઇચ્છેલું કરવું તે નિશ્ચિત રીતે પ્રભુનો ધર્મ છે. સેવકનો ધર્મ તો આજ્ઞાનું પાલન કરવું તે જ છે, એમ (મૂળ શ્લોકમાં આપેલ) 'તુ" શબ્દથી જણાય છે. (જોડાવું ને છૂટું પડવું તે પણ અહીં 'તુ' શબ્દનું અપરિહાર્ય પરિણામ છે અથવા તો સ્વામી એટલે કે ભગવાન પોતાના આત્મીય એવા દાસનું કામ પાર પાડશે. ભગવાન પોતાની આજ્ઞાનું પાલન થતું જોઇને દયાથી તેના ધર્મને સફળ કરશે, એમ અર્થ છે. એ પ્રમાણે સાડા ત્રણ શ્લોકથી આજ્ઞાનું પાલન જ કરવું, એ પ્રમાણે સ્પષ્ટ રીતે ઉપદેશ આપીને) એ પ્રમાણે ભગવાને આજ્ઞા કરેલ હોય તેનું પાલન કરવાથી સંતુષ્ટ થયેલ પ્રભુથી સિદ્ધ થયેલ હોવાથી પોતાની ઉત્તમતા છે. તેથી કયારેક આજ્ઞા થયેલ હોય તે પ્રમાણે ન કરવામાં પણ પોતાનું તેવું જ સેવકપણું વિચારવું, પરંતુ બીજી કોઈ રીતે વિચારવું, નહિ. પશ્ચાત્તાપ કરવો નહિ. તેથી પ્રભુ જ પોતાની ઇચ્છાથી તે પ્રમાણે કરાવશે. એવા આશયથી 'આજ્ઞા' વગેરે શબ્દોથી પોતાનું જ દૃષ્ટાંત આપે છે. ॥૪૬॥

જે આજ્ઞા પહેલાં ગંગા અને સાગરના સંગમ પર થઇ એટલે ગંગા અને સાગરની નિકટમાં થઈ અને પછી જે મધુવનમાં પણ થઇ તે બંને આજ્ઞા મેં પાળી નથી. (અહીં મૂળ શ્લોકમાં) 'તુ" શબ્દ છે તે બંને આજ્ઞા ન પાળવામાં ભગવાનની ઇચ્છાનો વિષય હોવાનું દર્શાવવા માટે છે. અહીં પ્રશ્ન થાય કે, તે બંને આજ્ઞા શી હતી ? એવી અપેક્ષા થાય તો 'દેહદેશપરિત્યાગઃ' વગેરે શબ્દોથી કહે છે. ગંગા અને સાગરના સંગમ પાસે જે આજ્ઞા થઈ તે અન્યત્ર ગતિ કરવાથી પોતાની પાસે રહેવાના અભાવજન્ય કોપથી દેહના પરિત્યાગ સંબંધી હતી. અને તે પણ પહેલાં કહેવાયેલા પ્રકારની ઇચ્છાથી થયેલ ક્ષણભરનો પણ વિયોગ સહી ન શકવાથી થઈ. (એજ પ્રમાણે મધુવનમાં મથુરામાં થયેલ આજ્ઞા દેશના ત્યાગ સંબંધી હતી.) આપણા આચાર્યશ્રીએ તો પોતાનાંને બોધ આપવાને માટે વિપ્રયોગના

તાપનો અનુભવ કરવા માટે દૂર જ રહેવાનું હતું ભગવાને પોતને માટે તે પ્રમાણે આજ્ઞા કરેલી. શ્રીમદ્ આચાર્યશ્રીએ પોતાનું સૌભાગ્ય દર્શાવવાને માટે તે બેય આજ્ઞા માની નથી. ત્રીજી આજ્ઞા લોકગોચરા હતી. એટલે કે લોકોના પરિત્યાગ સંબંધી હતી; તે માની જ છે, એવો ભાવ છે. (.......પાઠમાં, ત્રીજી આજ્ઞાનો વિષય, તે બંનેના સમૂહરૂપ સંન્યાસ છે, એમ કહેવાયું છે. એમ છે તેથી બે આજ્ઞાઓ માની નથી છતાં માની છે, અને તે પણ મેં એવો પ્રાદુર્ભાવ પામીને કરેલ છે. આથી મારું દૃષ્ટાંત આગળ ધરીને અન્યજનોએ તેમ કરવું નહિ, પરંતુ જેવી પ્રભુની આજ્ઞા હોય તેમ જ કરવું, એવો ભાવ છે. અથવા નથી માની એમ કાકુ એટલે વ્યંગમાં કહેવાયું છે. (કાકુ એટલે નિષેધ સૂચક શબ્દ એવી રીતે વપરાયો હોય તો તેનો અર્થ સ્વીકારાત્મક થાય છે.) ('દેહદેશપરિત્યાગઃ' શબ્દમાં) 'દિહ' શબ્દ ઉપચયના અર્થમાં અને 'દિશ' શબ્દ અતિ સર્જનના અર્થમાં છે. દેહ એટલે ઉપચય અને દેશ એટલે દાન, તેના આ પ્રમાણે અર્થ છેઃ ભગવાને શ્રી ભાગવતજીનો અર્થ પ્રગટ કરવા માટે પહેલાં આજ્ઞા આપેલી તે કાર્ય સૂક્ષ્મ ટીકા રચીને કર્યું. પછી સુબોધિનીજીમાં ઉપચય એટલે ગ્રંથની વિસ્તૃત ટીકા આરંભી ત્યારે દેહના પરિત્યાગની આજ્ઞા થઈ. તેથી તે છોડી દઇને નિરોધ (દશમ સ્કંધની) વ્યાખ્યા કરી. તેમાંથી મુક્ત થતાં વિવરણ કરી રહેલા તેઓશ્રીને દેશપરિત્યાગની આજ્ઞા થઈ. ત્યારે વિમોચન સંબંધી અને ભગવાનના આશ્રયની પ્રાપ્તિ સંબંધી વિવરણ કર્યું તેમાં ફળની પ્રાપ્તિ થઇ જ હોય. આજ્ઞા ભંગ ન થવા માટે કહે છે કે, તેવા બે પ્રકારની બે આજ્ઞા પોતાનો આગ્રહ છોડી દઇને જો મેં પણ પાળી છે તો પછી અન્યજનોએ તો તેનું પાલન સર્વથા કરવું જ જોઇએ, એવો ભાવ છે. ॥૬॥

(એ પ્રમાણે આજ્ઞા ન માનવામાં પણ માની છે. એમ કહીને) પોતે બે આજ્ઞા ન પાળવામાં પશ્ચાત્તાપ થતો નથી, એમ 'પશ્ચાત્તાપઃ' વગેરે શબ્દોથી કહે છે.

તેમાં બે આજ્ઞાનું પાલન ન કરવામાં મારે પશ્ચાત્તાપ શા માટે કરવો ? કારણ કે હું સેવક છું. તે પણ પોતાના સેવકપણાના ગૌરવથી જ કર્યું છે, બીજી રીતે નહિ. એટલે કે માત્ર પોતાના ગૌરવથી જ નહિ. અને વળી મને આ (શોભે છે, પરંતુ બીજાઓને તેમ કરવું શોભે નહિ. અથવા બે આજ્ઞાઓનું પાલન નહિ કરવાથી જો મને પણ પશ્ચાત્તાપ થાય તો બીજાઓને તો અત્યંત જ થાય, તેથી બીજાઓએ તેમ કરવું જોઇએ નહિ. એવો ભાવ છે.) અહીં શંકા થાય કે સેવક હોવા છતાં પોતાના ગૌરવથી આજ્ઞાનું પાલન ન કરવામાં ભગવાન અપ્રસન્ન થાય. (એમ છે તેથી આપને શી રીતે શોભાપ્રદ ગણાય ? જો શોભાપ્રદ હોય તો બીજાએ શા માટે તેમ ન કરવું ? એવી શંકાના પ્રત્યુત્તરમાં કહે છે કે, ભગવાનની અલૌકિકતા હોવાથી તેમ થવાપણું નથી, એમ 'લૌકિકપ્રભુવત્' વગેરે શબ્દોથી કહે છે. લૌકિક સ્વામીની જેમ સદાનંદ, ફલરૂપ શ્રીકૃષ્ણને કોઇપણ રીતે જોવા જોઇએ નહિ. અને તેથી, જેવી રીતે લૌકિક સ્વામીનું પોતે કહેલું ન કરવામાં તેને ક્રોધ થાય છે, તેવી રીતે ભગવાનને ક્રોધ થતો નથી; કારણ કે તેનો રસ અનુભવવાને માટે પ્રભુ જ તે પ્રમાણે પ્રેરે છે.

આથી જ ભગવાને પાર્થ (અર્જુન) પ્રત્યે 'કર્તુ નેચ્છસિ'થી આરંભીને 'માયયા' સુધીમાં કહ્યું છે. (હે કુંતીપુત્ર અર્જુન, મોહથી જે કરવાને તું ઇચ્છતો નથી તે પરવશ થયેલો પણ તું કરીશ. યંત્ર ઉપર ચડાવેલાં સર્વ પ્રાણીઓને માયા વડે ભમાવતો ઇશ્વર બધાં પ્રાણીઓના હૃદયપ્રદેશમાં રહેલો છે. ગીતાજી, ૧૮-૬૦, ૬૧) લૌકિક જનોનો તેવો ભાવ ન હોવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. (એ કારણે, ભગવાનની અપ્રસન્નતાનો અભાવ હોવાથી અમોને તે શોભાપ્રદ છે. બીજાને માટે તેવા પ્રકારની યોગ્યતાનો અભાવ હોવથી, ભગવાનની ઇચ્છાનું જ્ઞાન ન હોવાથી અનુચિત જ છે, એમ અર્થ છે. ॥૭॥

॥ શ્રીમન્મથુરેશોજયતિ ॥

વ્રતોત્સવાદિનિર્ણય

લેખક - **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક - **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

[આ ગ્રન્થના કર્તા શ્રી નિર્ભયરામ ભટ્ટ, ગુજરાતના રહીશ ઔદિચ જ્ઞાતિ સ્માર્ત હતા પણ આ માર્ગનો સમાગમ થતાં, તે આ માર્ગના સારા અનુભવિ થયા. જેણે ઘણા ગ્રન્થો લખ્યા છે તેમાનો આ 'વ્રતોત્સવાદિ નિર્ણય' ગ્રન્થ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે જાણવા યોગ્ય છે. આ અનુવાદ તૈયાર થતાં પૂ. પા. ગો. આચાર્ય વર્ય શ્રી દેવકીનંદનાચાર્યજીને દ્રષ્ટિ પથ કરાવેલ છે.]

શ્રીકૃષ્ણસ્ય વચશ્ચેદં દુર્બોધં વિદુષામપિ ।
તદ્વ્યાખ્યાનં વચો વંદે તત્સુબોધત્વ સાધનમ ॥

પંડિતોને પણ દુર્બોધ એટલે ન સમજાય, એવું જે શ્રીકૃષ્ણ પ્રભુનું વચન, જે વેદ તેને અને તે દુર્બોધ વેદ વાકયને સુખેથી સમજવાને સહાયભુત એવું જે તેનું વ્યાખ્યાન કરનાર શ્રી મહાચાર્યજી મહાપ્રભુનાં, વેદ ભાષ્યરૂપ વચનોને, હું નિર્ભયરામ ભટજી વંદન કરૂં છું

વ્રતાનામુત્સવાનાં ચ, પર્વણા ચાપિ નિર્ણયઃ ।
પ્રાચીનનિર્ણયાન્દ્રષ્ટવા, વક્ષ્યતેત્ર સમાસતઃ ॥

વ્રત તથા ઉત્સવ અને પર્વ એઓના નિર્ણય પ્રાચીન નિર્ણય જોઈ કરીને અહીંયાં સંક્ષેપ્તથી કહું છું.

પ્રથમ એકાદશી નિર્ણય, પછી જન્માષ્ટમી વ્રત ભાદરવા સુદ અષ્ટમીને દહાડે રાધાષ્ટમી ઉત્સવ. ભાદરવા સુદ એકાદશી દાન એકાદશી નિર્ણય, વામન દ્વાદશી. આસો સુદ એકમથી નવમી સુધી નવરાત્રપર્વ, વિજ્યા દશમી (દસરા) આસો સુદ પૂર્ણિમા શારદી પૂર્ણિમાં આસો વદમાં ધનત્રયોદશી (ધન તેરસ) આસો વદ ચતુર્દશી (રુપચતુર્દશી) નિર્ણય. આસો વદી અમાવાસ્યાને દહાડે દીપોત્સવ.

કાર્તિક શુકલ પક્ષમાં અન્નકુટોત્સવ, કાર્તિક શુકલ દ્વિતીયા ભાતૃ દ્વિતીયા (ભાઇ બીજ) નિર્ણય. કાર્તિક શુકલ અષ્ટમી (ગોપાષ્ટમી) નિર્ણય. કાર્તિક શુકલ એકાદશી (પ્રબો-

ધિની એકાદશી) નિર્ણય. (એ રાતે જાગરણ કરવું એમ લખ્યું છે.)

માગશર વદ નવમીને દાહાડે જગતમાં વિખ્યાત છે કીર્તિ જેઓની એવા જે શ્રી મદ્‌વિઠ્ઠલનાથ (શ્રીગુસાંઈજી મહારાજજી) નો મહોત્સવ. સંક્રાન્તીના પહેલે દાહાડે ભોગી પર્વ (એ લોક સિદ્ધ છે.) મકર સંક્રાન્તિનો નિર્ણય. મહાસુદ પંચમી (વસંત પંચમી) ઉત્સવ. મહાસુદ પૂર્ણિમાને દહાડે હોલિકા દંડા રોપણ (રોપણી પૂર્ણિમા) ઉત્સવ (આદેશાચારસિદ્ધ છે.) મહા વદ સપ્તમીને દહાડે શ્રીમદ્ ગોવર્ધનધરાગમનોત્સવ. ફાલ્ગુન શુકલ પૂર્ણિમા (હોલિકા પૂર્ણિમા) ઉત્સવ. ફાલ્ગુન શુકલ પૂર્ણિમાને દાહાડે ઉતરાનક્ષત્ર હોય તો અથવા જ્યારે ઉત્તરાનક્ષત્ર હોય ત્યારે દોલોત્સવ.

ચૈત્ર શુકલ પ્રતિપદાથી અમાવાસ્યા સુધી અથવા મેષસંક્રાંતિ જ્યાં સુધી હોય ત્યાં સુધી સંવત્સરારંભ ઉત્સવ કરવામાં આવે છે, ચૈત્ર મહિનામાં મેષ સંક્રાન્તિનો નિર્ણય, ચૈત્ર વદ એકાદશીને દાહાડે શ્રીમદ્ આચાર્યજીનો જન્મોત્સવ.

વૈશાખ શુકલ તૃતીયા (અક્ષય તૃતીયા) નિર્ણય. વૈશાખ શુકલ ચતુર્દશીને દાહાડે શ્રી નૃસિંહજીનો જન્મોત્સવ. જયેષ્ટ શુકલ દશમી (ગંગાદશાહરા) ઉત્સવ. જયેષ્ટ શુકલ પૂર્ણિમાને દાહાડે અથવા જયેષ્ટાનક્ષત્ર હોય ત્યારે જયેષ્ટાભિષેકોત્સવ (સ્નાન યાત્રા ઉત્સવ) કરવામાં આવે છે.

આષાઢ શુકલ પક્ષમાં પુષ્યનક્ષત્ર જ્યારે હોય ત્યારે રથોત્સવ. આષાઢ શુકલ ષષ્ઠીને દાહાડે ષંડગુ પર્વ નિર્ણય, આષાઢ શુકલ પૂર્ણિમા નિર્ણય. આષાઢ કૃષ્ણ પક્ષથી હિંદોલાંદોલનારંભ નિર્ણય.

શ્રાવણ શુકલ તૃતીયા નિર્ણય, શ્રાવણ શુકલ પંચમી (નાગપંચમી) નિર્ણય શ્રાવણ શુકલ એકાદશી (પવિત્રા એકાદશી) નિર્ણય, શ્રાવણ શુકલ પૂર્ણિમાને દાહાડે રક્ષા બંધન નિર્ણય, એવા ઉદ્દેશથી વર્ષમાં થનારા ઉત્સવો એ પુરાણ તથા સ્મૃતિ વાકયોથી આ ગ્રન્થમાં નિર્ણય કર્યો છે.

શ્રીમદ્ ભાગવત તત્ત્વદીપ નિબંધ ગ્રન્થમાં એવું લખ્યું છે કે એકાદશીનું ઉપોષણ વગેરે કરવું હોય તો વેધ (દશમીયુકત) વર્જિત લેવી તેમ જ જન્માષ્ટમી સપ્તમી વેધ વર્જિત લેવી.

ઉપર લખેલ એકાદશી ક્રમ વડે કરીને આ ગ્રન્થમાં નિર્ણય કર્યો છે.

વ્રત તથા ઉત્સવોનો નિર્ણય. નિબંધ ગ્રંન્થમાં એવું લખ્યું છે કે પેહેલે દાહાડે દશમી જયારે છપન ઘડિ હોય તો એકાદશીનું વ્રત કરવું નહિ અને જયારે કરવું હોય તો ભગવન્માર્ગ પ્રવેશને પછી પંચાવન ઘડિ દશમી હોય તો કરવુ, અન્યથા ન કરવું.

હવે પહેલે છપન ઘડી હોય તો ન કરવું અને પછી પંચાવન ઘડિ હોય તો કરવુ એમ કેમ કહ્યું ?

એનો આશય શ્રી પુરૂષોત્તમરાયે પોતાના ઉત્સવ પ્રતાન ગ્રંન્થમાં પાંચ પ્રકારથી સ્પષ્ટ કર્યો છે કે પંચાવન ઘટિ દશમીથી શલ્ય વેધ માનવો એક પક્ષ, કોઈના મતથી ઘડિમાત્ર રાત્રિ શેષ છતાં સૂર્યોદય હોય છે તેના આગળની ચાર ઘડિ મૂકવી એ દ્વિતીય પ્રકાર, કેમકે

જ્યોતિઃ શાસ્ત્રમાંના ગણિત ગ્રન્થમાં ઘણા પક્ષ છે તેથી, પરંતુ સર્વ વિષ્ણુધર્મને વિષે આર્યોભદ્ વ તિથી લેવી એવું વચન છે. આર્યમતાનુસારેણ છપન ઘડિ મૂકવી એ ત્રીજો પ્રકાર.

એકાદશીને વાદ વિવાદ છતાં દ્વાદશીને દાહાડે ઉપોષણ કરવું એ ચોથો પ્રકાર. અરુણોદયતો (સૂર્યોદય પહેલા ચાર ઘડિ) પ્રસિદ્ધ છે એ પાંચમો પ્રકાર ભવિષ્ય પુરાણમાં લખ્યું છે કે અરુણોદય કાલમાં દશમી છતાં પછી જે એકાદશી તે વિધ્ધ (દોષી) એકાદશી સમજવી એટલે તે દાહાડે ઉપોષણ ન કરવું, કર્યું છતાં તે ઉપોષણ પાપ મૂલક થાય છે. ગરૂડપુરાણમાં પણ એમ લખ્યું છે કે દશમી શેષ છતાં અરૂણોદય હોય તો તે એકાદશીના દાહાડે વૈષ્ણવો એ ઉપોષણ કરવું નહિ.

સૂર્યોદયની પહેલાં ચાર ઘડિ અરૂણોદય થાય છે. ઉપર કહેલો સૂર્યોદય પારિભાષિક (ગૌણ) છે. ઉપર કહેલા બધા પક્ષમાં પણ પૂર્ણ પંચાવન ઘડિ વેધ મૂકવો એમ શ્રી કલ્યાણરાયજીએ સ્વકૃત એકાદશી નિર્ણય ગ્રંથમાં લખ્યું છે. પંચાવન ઘડિમાં પલમાત્ર પણ દશમી ઓછી હોય તો તે એકાદશી કરવી. કદાચિત વેદનો (સંદેહ) અભાવ છતાં પણ ન કરવી. ન કરવાનાં કારણો ઉપર કહ્યાં છે.

મહામુનિ નારદજી કહે છે કે એકાદશી બે હોય તો (એકાદશીની બે દાહાડે વ્યાપ્તિ હોય તો) બીજી કરીને ત્રયોદશીમાં પારણા (ભોજન) કરવું. તેમજ બે દ્વાદશી હોય તો નારદમુનિ ગરૂડ પુરાણમાં કરે છે કે જ્યારે નંદા (એકાદશી) પૂર્ણ હોય અને ભદ્રા (દ્વાદશી) વૃધી હોય તો ઉપોષણ દ્વાદશીમાં કરવું, કારણ કે તિથિની વૃદ્ધિ પ્રશસ્ત માનવામાં આવે છે. બે (એકાદશી અને દ્વાદશી) અધિક (બે બે) હોય તો પણ બીજી એકાદશી કરી બિજયા દ્વાદશીમાં ભોજન કરવું એમ ભૃગુઋષિ કહે છે.

૩ ।। અથ જન્માટમી નિર્ણયઃ ।।

જન્માષ્ટમીના નિર્ણય વિષે નિબંધ ગ્રન્થમાં લખ્યું છે કે જન્માષ્ટમીના દાહાડે સૂર્યોદય વ્યાપ્ત સપ્તમી હોય (સપ્તમીનો વેધ સૂર્યોદય સુધી છે) તો તે અષ્ટમી ન લેવી કેમકે એકાદશી રહિત જેટલી તિથિઓ છે તેઓને વેધ સૂર્યોદય સુધી હોય છે. એકાદશીને તો પંચાવન ઘડિ દશમીનો વેધ હોય છે.

પદ્મપુરાણમાં લખ્યું છે કે નવમીને દાહાડે એક કલા, એક કાષ્ટા, એક મુહુર્ત પણ અષ્ટમી મળે તો તે લેવી. પરંતુ સપ્તમી વિધ્ધ ન લેવી કારણ કે સપ્તમી સૂર્યોદય વ્યાપ્ત માત્ર છતાં પછી આખા દાહાડા સુધી અષ્ટમી હોય તો પણ તે દિવસ સપ્તમીમાં ગણવામાં આવે છે, તેમજ નવમીને દાહાડે અષ્ટમી મુહુર્ત માત્ર હોય તો પણ તે દિવસ અષ્ટમીમાં ગણાય છે.

ઘણા પ્રયત્નથી પણ સપ્તમી યુકત અષ્ટમી ન કરવી. સપ્તમી વિધ્ધ અષ્ટમી રોહિણી નક્ષત્ર યુકત છતાં પણ ન કરવી. અષ્ટમીનો ક્ષય છતાં શુધ્ધ નવમીના દાહાડે ઉપોષણ કરવું એમ બ્રહ્મવૈવર્ત ગ્રન્થમાં લખ્યું છે. તેમજ સ્કંદ પુરાણમાં પણ શ્રી વ્યાસજીનું વચન છે કે શુધ્ધ નવમીને દાહાડે ઉપોષણ કરી વ્રત કરવું, પરંતુ સપ્તમીયુકત જન્માષ્ટમી રોહિણી નક્ષત્ર સહિત હોય તો પણ ન કરવું.

શ્રી આચાર્યજીએ પણ સુબોધિનીમાં દશમ સ્કંધ ત્રીજા અધ્યાયમાંના સુડતાલીસ શ્લોક

વ્યાખ્યાનમાં શુધ્ધ અષ્ટમી ન મળે તો નવમીને દહાડે ઉપોષણ કરવું એમ લખ્યું છે.

જન્માષ્ટમી જયંતિ નામે કરીને રાત્રિ વ્યાપ્તિ અષ્ટમી લેવી એવાં ઘણાં વચનો છે. શ્રી વિઠ્ઠલનાથ પ્રભુજી પણ બે દાહાડે શુધ્ધાષ્ટમી સૂર્યોદય વ્યાપ્ત હોય તો ત્યાગ કરવાનું કારણ જે વેધ (દોષ) તેનો અભાવ છે અને બહુકાલ સુધી વ્યાપ્ત એવી જે પહેલી અષ્ટમી તે કરવી એમ કહે છે, કારણ કે એકાદશી સિવાય સાઠ ઘડિ (બેદાહાડે વ્યાપ્ત) જે તિથી હોય છે તેમાંથી બીજી કાર્યને વિષે યુકત નથી માટે તે ન લેવી.

૪ અથભાદ્રપદ શુકલાષ્ટમી

શ્રી સ્વામિનીજીનો ઉત્સવ

ભાદરવા સુદ અષ્ટમીને દાહાડે શ્રી સ્વામિનીજીનો (રાધાષ્ટમીનો) ઉત્સવ. એ વિષે અષ્ટમી સૂર્યોદય વ્યાપ્ત લેવી યુગાદિક તિથિ વર્ષ વૃધ્ધિ તીથિ, પાર્વતિ પ્રિયા સપ્તમીતિથિ આ તિથિઓ સૂર્યોદય વ્યાપ્ત લેવી. એઓને તિથિયુગ્મતા વાકયનો નિષેધ નથી. બે દાહાડે સૂર્યોદય વ્યાપ્ત અષ્ટમી હોય તો પેહેલી લેવી અષ્ટમીનો ક્ષય છતાં ઉત્સવ તો કરવો જોઇએ માટે વિધ્ધ અષ્ટમી (સપ્તમીયુકત અષ્ટમી) પણ લેવી.

જન્માષ્ટમીનું વ્રત કર્તવ્ય છતાં અષ્ટમીનો ક્ષય હોય તો વિધ્ધ અષ્ટમીમાં કરવું એવો એક વચનાંત પ્રયોગ લખ્યો છે તેથી વિધ્ધ રાધાષ્ટમીને વિષે વચનોના અભાવ દેખાય છે. પરંતુ એકાદશી, જન્માષ્ટમી, વ્યતિરિકત રામનવમી, નૃસિંહજયંતિ, શ્રી મહાચાર્ય પ્રાદુર્ભાવાદિતિથિઓને વિષે વિધ્ધ પણ લેવી, એવો, જે પ્રકાર ભેદથી વચનોનાં આધાર મળે છે તેમજ વિધ્ધ રાધાષ્ટમીને વિષે પણ મળે છે, પરંતુ તે નિર્ણય જુદા જુદા ગ્રંથમાં તે તે પ્રકરણમાં કહ્યો છે. (ક્રમશઃ)

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૧૦૧
શ્રીમતી ચુનીબેન હરગોવનદાસ ઉગરચંદ ભગત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
હ. પ. ભ. શ્રી નટવરલાલ હરગોવનદાસના જય શ્રીકૃષ્ણ

।। શ્રી વલ્લભઃ ।।

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

લેખક : પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ, – વ્રજ–ધોરાજી

કૃષ્ણનામ મહા પાપ ચતુર્વિધ તણાં પ્રજાળે
કૃષ્ણનામથી તાપ સમુળા તુર્તજ ટાળે ।।૨।।

ભાવાર્થ : બ્રહ્મહત્યા સ્ત્રી હત્યા ગૌહત્યા બાલ હત્યા; જેવા જન્મો જન્મનાં મહા ભયંકર પાપોને શ્રીકૃષ્ણ નામ બાળી અને ભસ્મ કરી દે છે. જે **દયા ભટોયા**ની વાર્તામાં છે કે વૈષ્ણવ વેશ તુલસી, માલા, તિલક ધારણ કર્યા પછી, એ હત્યાઓ પોતાનામાંથી બહાર નિકળી ગઇ, તે દયાભટૈયાએ પ્રત્યક્ષ જોઇ હતી. અથવા ચાર અવસ્થાઓ **જરાયુજ, અંડજ, ઉદ્‌ભિજ સ્વેદજ**–આ ચારે અવસ્થાના અવતારોમાં પણ પાપો થતાં હોય છે. જરાયુજ–અંડજમાં અવતારોમાં પણ હિંસા થતી જોઇએ છીએ, આ ચતુર્વિધ પાપોને પણ શ્રીકૃષ્ણનામ પ્રજાળે છે, **જરાયુજ**માં મનુષ્યો હિંસક પશુઓ અને **અંડજ**માં કૃર પક્ષીઓ અને સર્પ જેવા પ્રાણીઓમાં હિંસા રહેલી જ છે. આવાં પાપોને પણ શ્રીકૃષ્ણનામ પ્રજાળે છે. શ્રીકૃષ્ણ નામથી મન, વચન, કર્મ અને કુતર્કથી ઉત્પન્ન થતા તાપ–પરિતાપ તેમાંથી ઉત્પન્ન થતાં દુઃખો, વીગેરેને પણ શ્રીકૃષ્ણનામ તુરત જ ટાળે છે. **મનના તાપો**–લૌકિક વાંછનાઓ અને તેની અપુર્તિથી થાય છે. તે શમી જઇ આત્મશ્રધ્ધા અને આત્મશાંતિ મળે છે. **વચન** કોઇના કડવા વચનોથી મિથ્યા વિવાદોથી, મદ, અભિમાનથી, થતાં ઘર્ષણોના, તાપોને પણ ભગવદ્ નામ ટાળે છે. **કર્મ**–કોઇ અઘટિત કાર્ય બની ગયાં હોય, કે બની જતાં હોય તેનો પણ પસ્તાવો થતો હોય, તેવા તાપોનું શ્રીકૃષ્ણનામ રટણથી શમન થઇ જાય છે. અને કેવળ **મિથ્યા** કુતર્કોથી મિથ્થા સંતાપો થતા હોય; આવા માનિ લીધેલા મિથ્યા તાપો અને દુઃખો શ્રીકૃષ્ણનામ રટણથી શમી જઈ આત્મશાંતિ અને આત્માનંદ ભોગવાય છે.

શ્રીકૃષ્ણનામથી ટળે અંત સમય–વપુ વ્યાધિ.
શ્રીકૃષ્ણ નામથી કલેશ મટે સૌ મનના આધિ. ।૩।

ભાવાર્થ :– અંત સમયની દેહની વ્યાધિ અકથ્થ અને અસહ્ય હોય છે. તે સર્વ વ્યાધિઓ પણ ટળી જાય છે. વળી કૃષ્ણ નામથી મન વચન કર્મ, સર્વના કલેશો અને મનની અસહ્ય વેદનાઓ પણ ટળી જાય છે.

વિવેચન : દેહના વ્યધિઓ અનેક પ્રકારના હોય છે. જેમાં મન વચન કર્મના વ્યાધિઓ પણ આવી જાય છે. અને તેમાં પણ વેદનાઓના ફણગા ફુટતા હોય છે. પરંતુ શ્રી કૃષ્ણ નામ રટણથી તન મનની આધિ–વ્યાધિ–ઉંપાધી કે જે સંસારવૃક્ષના ફણગા રૂપ છે, તેના નિત્ય નવા ફણગા ફુટતા હોય છે. તે સર્વ ટળી જાય છે. આધિ વ્યાધિ અને ઉંપાધીથી થતા વિવિધ પ્રકારના કલેશો મટી જઇ મન વૈરાગ્યવાન અને નિસ્પૃહ બને છે. કલેશોના પણ બે પ્રકાર હોય છે. લૌકીક અને અલૌકીક. લૌકીક કલેશો તો શ્રી કૃષ્ણ નામના સતત સ્મરણથી બીલકુલ શાંત થઈ જાય છે. અને અલૌકિક કલેશોમાં પ્રભુનો અનુભવ, સાક્ષાત લીલા સહ સ્વરૂપ દર્શન, લીલાના નુતન પ્રકારના નિત્ય નુતન અનુભવો, માનસીની સિધ્ધિ અને તેના પ્રત્યક્ષ દર્શન અનુભવ આ નામ સ્મરણથી પ્રભુની કૃપા અને કૃપાથી ગોપીજનો જેવાં સુખોનો અનુભવ થાય છે. જેમકે

–"કૃષ્ણનામ જબ તેં શ્રવણ સુન્યોરી આલી– ભુલીરી ભવન હું તો બાવરી ભઇરી"– (શ્રી નંદદાસજી) બીજું, ભુલી ઉરાહને કો દેવો ॥ પર ગયે દ્રષ્ટિ શ્યામઘન સુંદર ચક્ત ભઇ. ચિતેવો ॥ ચિત્રલીખી સી ઠાડી ગ્વાલન – કો સમજે સમુજેવો ॥ ચતુર્ભૂજ પ્રભુ ગિરિધર મુખ નિરખત–કઠિન ભયો ઘર જૈવો ॥૨॥ અલૌકીક કલેશો આવા હોય છે. અને એ સર્વે શ્રીકૃષ્ણ નામ રટણથી સિધ્ધ થાય છે. સુલભ બને છે.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૬ મો

ગતાંકથી ચાલુ

કનકાભિષકની તૈયારી સર્વ આચાર્યોની સંમતિ

ચોપાઈ

વિનય સહિત નૃપ બોલત બાની, ચાહત ઇક અભિલાષા સ્વામી
સહ કુટુંબ જીવન ફલ પાઓં, પ્રભુ પદ કનકભિષેક કરાઓં
તન મન જન સબ હોય હુલાસી, પેખહિં ઉત્સવનગર નિવાસી
જો કછુ ચહત લગત ચિત થોરા, ઉર ઉત્સુક આયસુ મન મોરા
અતિ આતુર નૃપ બોલત બચના, પ્રફુલિત હૃદય સજલભર નયના
નૃપત પ્રેમ લખિયત ચહું વાસી, ભયે સ્વજન આચાર્ય હુલાસી
ધન ધન વદત નૃપત રતિ જાની, હમ સબ ચાહત નૃપમતિ ઠાની
યહ ઉત્સવ પેખન અભિલાષા, પ્રભુ આયસુ પુરિ હૈં નૃપ આશા
દોહા–નૃપત સહિત આચાર્ય મિલ, આયસુ માંગત આય
અભિલાષા પૂરન કરેં, બોલે વલ્લભરાય
કોવિદ નૃપ આચાર્યજન, મુદિત બઢે નિજવાસ
માતુલ નાની માતુ સહ, આવત મિલન નિવાસ

પોતાના માતા, નાની, મામા વગેરે સર્વ કુટુંબી મળવા આવતાં શ્રીવલ્લભે યથા યોગ્ય રીતિથી સત્કારી મૃદુ વાકયોથી પ્રસન્ન કરી બેસાડયાં, માતા ઇલ્લમાગારુજીના હર્ષને પાર ન રહ્યો. મામા રંગનાથને પશ્ચાતાપ થયો. શ્રીવલ્લભે કિંચિત મનમાં ન લાવતાં મામાને સંતોષ્યા તેમજ રાજાનું કાર્ય પૂર્ણ થયા પછી ત્યાં આવવાનું પોતે મામાને કહ્યું. મામા અતિ દીન બની સજલ નેત્રોથી શ્રીવલ્લભને ભેટી, સર્વ સંબંધી માતા સાથે વિદાય થયા.

ત્યાર બાદ શ્રી મધ્વે એક યુક્તિ લગાવી. શ્રી વ્યાસતીર્થ શ્રી વલ્લભને મળવા આવતાં

શ્રી વલ્લભે બહુ માનથી સત્કાર્યા. શ્રી મધ્વાચાર્ય કહેવા લાગ્યા કે આપ મારી ગાદીનો સ્વીકાર કરો. શ્રી વલ્લભે હરિપર આધાર રાખી આવતી કાલે જવાબ આપીશ કહી વિદાઈ આપતાં તેજ રાત્રે શ્રી હરિની આજ્ઞા શ્રી વિષ્ણુસ્વામીની ગાદીપર આપ બિરાજમાન થાઓ તેવી થતાં શ્રી વલ્લભે શ્રી મધ્વને સૂચિત કર્યું શ્રી વલ્લભે વિષ્ણુ સ્વામીની ગાદી પર બિરાજવાની તૈયારી કરી.

શ્રી વિષ્ણુ સ્વામી પોતે વ્યાસજીનો અવતાર વિક્રમ સંવત પૂર્વે ૬૦૦ વર્ષે આગળ થયો હતો.

કનકાભિષેકનું વર્ણન

દોહા – પ્રભુ આજ્ઞાસે મુદિત નૃપ, નગર સભા બુલવાય
કહત બચન અભિષેક હિત, સુનત લોગ હરખાય

ચૌપાઈ

સચિવ ધનિક ઉમરાવ નિવાસી, બાત સુનત સબ ભયઉ હુલાસી
યહઉત્સવ પેખન અભિલાષી, વદત બચન હમ ધન ધન બાસી
હમ તત્પર નૃપ આપસું પાવેં, મંડપ નગર સમાજ સજાવે
પેખત નૃપત લોગ અભિલાષી, બદત નૃપત ધન ધન મમ બાસી
ક્ષિપ્રહિ કાર્યકરન મમભાવા, બિલગ બિલગ ચહું ચુથ બનાવા
નિજ મંદિર શૃંગારત વાસી, મંગલ દ્રવ્ય ધરત દીપરાશી
કદલી ખંભ કુસુમ ચહું દ્વારી, કનક કલશ મંદિર ધ્વજ ધારી
ધરત વિવિધ પટ તોરણ માલા, બાજત બાજે વિવિધ રસાલા
પટ ભૂષણ ધારત સોહાગી, ગાવત ગીત પ્રેમ રસ પાગી
નગર સજાવત પરમ સુહાના, માનહું સુરપુર ભૂતલ ઠાના
દોહા – માર્ગ શુશોભિત દ્વાર કઈ, સુભગ દ્રવ્ય ધરવાય
કનક ખંભ તોરણ ધ્વજા, દીપાવલિ દરશાય
ધનિક બનિક જન નગર કે, શૃંગારે ચહું હાટ
વાટ ઘાટ મેલા લગત, પ્રફુલિત બૈઠે ઠાટ

ચોપાઈ

મનરંજન મારગ પટ બેલી, માનહું લગત વસંત સહેલી
રંગ બિરંગે દ્વાર સુહાયે, કનક કલશ ધ્વજ દીપ જલાયે
રંગ કુસુમ પથ લખ રતિ લાજી, માનહું ચહું પથ પેખત સાંઝી
અક્ષત હરદ દૂબ દધિ રોરી, નગર ચોક પૂરત પુનિ ગોરી
દીપ માલ પથ છુટત ફુહારે, ધુપ ધુઆં બાદલકન ડારે
વદત લિખિત કબિ ઉપમાહારી, ચહું દિશ ફૂલ રહી ફુલવારી (ક્રમશઃ)

અલૌકીક ઝાંખી

સોની કાંતીલાલ છગનલાલ, ચીતલ.

સારંગ સુત પતિ તનયા તટ, ઠાડે નંદકુમાર ॥
તપત તપન બહુ જા રાશીમેં, તાકી સુતા સંગ કરત વિહાર ॥૧॥
ગુડા કેશ જનની પતિ વાહન, તા સુતકો મિલ કરત શૃંગાર ॥
ચંદ ચહોતર, કમલ બત્તીસ, આઠ હંસ, દ્વય, દયાલ વિચાર ॥૨॥
એક અચંભો ઔર, બતાવું, પાંચ ચંદ દૂરે કમલ મઝાર ॥
"સુરદાસ" યહ યુગલ રૂપકો, રે મન રાખે સદા ઉરધાર ॥૩॥

ભાવાર્થ

(૧) શ્રીયમુનાજીના કાંઠે શ્રીઠાકુરજી ઠાડા છે.

(૨) વળી તેમની સાથે વ્રષભાન સુતા શ્રીરાધાજી પણ વિહાર કરી રહ્યા છે.

(૩) યુગલ સ્વરૂપે મોતીના સુંદર શૃંગાર ધારણ કર્યા છે.

(૪) તે યુગલ સ્વરૂપની પાસે ચુમોતેર અલૌકિક ચંદ્રમાં છે. કમળ બત્રીસ છે. આઠ હંસ છે તથા બે સર્પ છે.

(૫) વળી એક નવી નવાઇની વાત બતાવું ત્યાં કમળની અંદર પાંચ ચંદ્રનું પ્રતિબિંબ તો એવું અલૌકીક લાગે છે કે કદી પણ આવુ દ્રશ્ય જોયું નથી.

(૬) "સુરદાસજી" કહે છે આવા યુગલ સ્વરૂપને હે મન સદા હૃદયમાં ધારણ કરજે.

ઉત્તમ વસ્તુકો જહાં જહાં, હોય કછુક સબંધ ।
તીનમે ઇચ્છીત વસ્તુકો લહિયે અર્થ નિબંધ ॥

(૧) (શબ્દાર્થ) સારંગ=જલ તેનુ સુત કમળ તેના પોષણ કર્તા સુર્ય છે. તેથી કમળના પતિ સુર્ય અને સુર્યની દીકરી શ્રીયમુનાજી, તે શ્રીયમુનાજીના કાંઠા ઉપર શ્રીઠાકુરજી ઠાડા છે.

(૨) તપન=સુર્ય જે વ્રષભ રાશીમાં ખુબ તપે છે. અને વ્રષભાનજીની વ્રષભ રાશી. તેની દીકરી શ્રીરાધાજી. તે પણ શ્રીઠાકુરજીના સાથે વિહાર કરી રહ્યા છે.

(૩) ગુડાકેશ=અર્જુન, તેના જનની (માતા) કુંતાજી, તેના પતિ ઇંદ્ર, તેનુ વાહન અરૈવત હાથી, તે અરૈવત હાથીના મસ્તકમાં ગજમોતી થાય છે. તે મોતીનો યુગલ સ્વરૂપે મળીને શૃંગાર ધારણ કરેલ છે.

(૪) આ સમયે શ્રીઠાકુરજી એક ચરણ ટેકો રાખીને લલીત ત્રિભંગી સ્વરૂપે ઠાડા છે સાથે જ શ્રીસ્વામીનીજી પણ છે. તથા શ્રીયમુનાજીના કાંઠે ઠાડા છે. તેથી યુગલ સ્વરૂનું પ્રતિબિંબ શ્રીયમુનાજીમાં પડે છે. હવે ત્યાં ચંદ્ર ૭૪ કહ્યા તે જોઇએ.

શ્રીઠાકુરજી લલીત ત્રિભંગી સ્વરૂપે જમણો ચરણ ઉંચો (ટેડો) રાખીને ઠાડા છે. તે પાંચ ચરણાવીંદના નખ ચંદ્ર. તથા બન્ને યુગલ સ્વરૂપના શ્રીહસ્તના મળીને વીસ નખ ચંદ્ર. તથા શ્રીસ્વામિનીજીના બન્ને ચરણવીંદના દસ નખ ચંદ્ર. આમ શ્રીહસ્તના તથા ચરણવીંદના મળી ૩૫ ચંદ્ર થયા. તથા બન્ને યુગલ સ્વરૂપના બે મુખ ચંદ્ર થયા. તે સાડત્રીસનું પ્રતિબિંબ શ્રીયમુનાજીમા પડે છે તેથી બધા મળી ૩૭+૩૭=૭૪ ચંદ્ર થયા.

હવે બત્રીસ કમળની ગણત્રી બન્ને યુગલ સ્વરૂપના નયન કમળ (૪) હસ્ત કમળ (૪) ચરણ કમળ (૪) હૃદય કમળ (૨) નાભિ કમળ (૨) બધા મળીને ૧૬ થયા. તે બધાનું પ્રતિબિંબ શ્રીયમુનાજીમાં પણ પડે છે. તેથી ૧૬+૧૬=૩૨ કમળ થયા.

આઠ હંસ-હંસ અર્થાત્ સુર્ય રૂપ શ્રીઠાકુરજીના બન્ને કર્ણમાં કુંડળ (૨) તથા શ્રીસ્વામીનીજીએ તાટક ધારણ કર્યા છે. તે (૨) બન્ને મળી (૪) થયા. તે ચારેનુ પ્રતિબિંબ શ્રીયમુનાજીમાં પડે છે. તેથી આઠ હંસ.

દ્વય વ્યાલ શ્રીસ્વામીજીના શ્રીમસ્તકના વાળનો સુંદર ચોટલો, જે સર્પની જેમ વાંકા ચુકે છે. તેનું પ્રતિબિંબ શ્રીયમુનાજીમાં પડે છે

(૫) શ્રીઠાકુજી લલીત ત્રિભંગી સ્વરૂપે ઠાડા છે. તેથી એક ચરણ ભુતલ સ્થિત છે. બીજો ચરણ જે ટેડો રાખ્યો છે તેના નખ ચંદ્ર-૫ તે નખ ચંદ્રનુ પ્રતિબિંબ જે પેલા ૩૨ કમળ છે તેની અંદર પડે છે. તેથી એવું અલૌકીક દ્રશ્ય લાગે છે કે આવા દર્શન તો કોઈ દિવસ કર્યા જ નથી. તેથો અચંબો થાય છે.

(૬) આવા યુગલ સ્વરૂપને "સુરદાસજી" કહે છે. હે....મન સદા હૃદયમાં ધારણ કરજે.

પૃષ્ટ પ્રકાશન સહાય રૂા. ૫૧

ગો. વા. ઉજમબેન વલ્લભદાસ સીંગાળા, હ. પ. ભ. શ્રી ભગવાનજી
વલ્લભદાસ સીંગાળા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

રાજકોટ :– આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા અને રાજકોટ વૈષ્ણવસમાજના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રીવ્રજેશ બાવાશ્રી (સપ્તમ પીઠ કામવન રાજકોટ) ની અધ્યક્ષત્તામાં શ્રી મહાપ્રભુજીનો ૫૧૧મો પ્રાકટ્યોત્સવ ખૂબજ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો.

શ્રી મહાપ્રભુજીના પ્રાકટયમહોત્સવના દિવસે સાંજે વિશાળ શોભાયાત્રા શહેરના વિસ્તૃત માર્ગો પર નિકળેલ. પરિષદ ધ્વજ લઈ ઘોડેશ્વાર થયેલ વલ્લભભાઈ નથવાણી (કોષાધ્યક્ષ રાજકોટ શાખા) સહુથી મોખરે હતાં. બાદમાં ૫૦ ધ્વજ ધારી સ્વયંસેવકો, વિધિધ કિર્તનમંડલીઓ અને શહેરના ગણ્યમાન્ય નાગરિકો વૈષ્ણવ અગ્રણીઓનાં સમુહ વચ્ચે પધારતાં શ્રી વ્રજેશ બાવાશ્રીનું માર્ગમાં સ્થળે સ્થળે પુષ્પમાળાઓ દ્વારા સ્વાગત થયેલ. ચાંદીના સુખપાલમાં બિરાજેલ શ્રી મહાપ્રભુજીના ચિત્રજીના મનોહર દર્શન કરી વૈષ્ણવ સમુદાય હર્ષઘેલો થઇ માર્ગમાં પુષ્પ વર્ષા કરી રહેલ.

રાત્રે શ્રીજશુબાઇ મંડાણમાં સભાનું આયોજન થયેલ જેમાં પૂ. પા. શ્રી વ્રજેશ બાવાશ્રી તથા પૂ. પા. શ્રી લલિત બાવાશ્રી બિરાજેલ. વધાઈ, કિર્તન, કેશરસ્નાન, અને વચનામૃતનો સુંદર કાર્યક્રમ થયેલ.

બીજે દિવસે સવારે વહેલાં ભગવન્નામ જપ કરતાં પ્રભાતફેરીનું આયોજન થયેલ જે સવારે ૯ વાગે શાસ્ત્રીમેદાન ખાતે સભાના રૂપમાં ફેરવાઇ ગયેલ, જ્યાં આં. પુ. વૈ. પરિષદ પ્રેરિત ગૌ–સંવર્ધન અને દુષ્કાળ રાહત સમિતિ રાજકોટ દ્વારા વિવિધ કેટલ કેમ્પો ખાતે ૨૨ ટ્રક ઘાસચારો રવાના કરવાનો કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં પૂ. પા. શ્રી વૃજેશબાવાશ્રી પુ. પા. શ્રી લલિતબાવાશ્રી, તથા પરિષદના ગુ. પ્રદેશ અદયક્ષ માનનિય શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ પ્રદેશ ઉપપ્રમુખ શ્રીયુત યોગેશભાઇ શાસ્ત્રી. રાજકોટ શાખાના અદયક્ષ શ્રી કાન્તીભાઈ રાધનપુરા. મંત્રીશ્રી હસુભાઈ ખખ્ખર તેમજ અન્ય અગ્રણીઓએ માનવધર્મના કાર્યમાં તન, મન, ધનથી સહયોગ દેવા અપીલ કરેલ. જામનગરની આણંદાબાવા સેવા સંસ્થાના મહંતશ્રી દેવીપ્રસાદજી પ્રમુખસ્થાને રહેલ. સંસદ સદસ્ય શ્રીમતિ રમાબેન માવાણી રાજકોટના મેયરશ્રી વિનોદભાઈ શેઠ જી. પંચાયત પ્રમુખ શ્રી રામજીભાઈ માવાણી શ્રી લાલજીભાઈ રાજદેવ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહેલ બપોરે રાજકોટ રાહત રસોડામાં તથા જીલ્લાના ગામોમાં રાહત કાર્યો પર પચીસ હજાર કીલો શુદ્ધ ઘીની સુખડીના પ્રસાદનું વિતરણ આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલ.

શ્રદ્ધાંજલિ

જુનાગઢ : હવેલીમાં પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને વૈષ્ણવ સમાજની સભા તા. ૧૭–૩–૮૮નાં રોજ મળેલી જેમાં ૫. ભ. શ્રી જમનાદાસભાઈ પાબારી જામનગર. ૫. ભ, શ્રી મગનલાલ લાલજીભાઈ તન્ના રાજકોટ. ૫. ભ, શ્રી બચુભાઈ દાવડા–મોવાણ. ૫.ભ. શ્રી પ્રેમલાલ ગો. મેવચા પોરબંદર તથા ૫. ભ, શ્રી નવીનચંદ્ર ચંદુલાલ દિવાન આ ગોલોકવાસી પાંચે વૈષ્ણવોને આ સભામાં પૂજ્ય મહારાજશ્રીએ તથા અગ્રગણ્ય વૈષ્ણવોએ તેઓની સેવાઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ગોંડલ – ૫. ભ. શ્રી સોની રતિલાલભાઇનો ગોલોકવાસ થતાં તેમની સેવાને બિરદાવી નીચે મુજબની વ્યકિતઓ તથા સંસ્થાઓ તરફથી શ્રદ્ધાંજલી તા. ૨૨–૩–૮૮ના રોજ આપવામાં આવી હતી.

(૧) ગોંડલ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ચાર હવેલીના મુખિયાજીઓ (૨) વલ્લભીય વૈષ્ણવ સમાજ વતી પ્રમુખ ભગતબાપા શરાફ દ્વારકાદાસ ગોરધનદાસ (૩) શ્રી શુદ્ધાદ્વૈત વૈષ્ણવ પાઠશાળા હ, જમનાદાસ રામજીભાઈ (૪) શ્રી કેસરીયા કિર્તનીયા મંડલી હ. ભાષ્કરરાય ચત્રભુજ (૫) શ્રીમાળી સોની જ્ઞાતિ સમાજ હ. સોની ભાઈચંદ કલ્યાણજી (૬) શ્રી ત્રિકમરાયજી હવેલી સત્સંગ મંડળ હ. સોની રામજીભાઇ ડાયાભાઈ (૭) રૂપાવટી શ્રી મહાપ્રભુજી બેઠક ટ્રસ્ટની કારોબારી સમિતિ હ. સોની ભાષ્કરરાય ચત્રભુજભાઇ.

શ્રી પુરૂષોત્તમ પધારીયા

આવ્યો અધિક માસ સોહામણો,
 મારા અંગે આનંદ ન માય — પુરૂષોત્તમ પધારીયા. ૧ ટેક
મેં તો શેરી વળાવીને સજ કરી.
 મેં તો ફૂલડા વેરાવ્યા સારી વાટ — પુ૦ ૫૦ ૨
હું તો ચીરના ચંદરવા બંધાવતી,
 મેં તો પથરાવ્યા લીલા પીળા પાલ — પુ૦ ૫૦ ૩
મેં તો દ્વારે દ્વારે તોરણ બાંધીયા,
 મેં તો મોતીના પૂર્યા છે ચોક — પુ૦ ૫૦ ૪
મેં તો કદલીના સ્તંભ રોપાવીયા,
 મેં તો દીવડા પ્રગટાવ્યા છે આજ — પુ૦ ૫૦ ૫
મેં તો કંચન થાળ કરે ગ્રહ્યા,
 મેં તો પ્રેમે વધાવ્યા જદૂરાય — પુ૦ ૫૦ ૬
મેં તો પ્રેમથી પ્રભુને પધરાવ્યા,
 મારા આંગણીયા ઝળહળ થાય — પુ૦ ૫૦ ૭
મેં તો શણગાર ધરાવ્યા હરિને ભાવતા,
 સેવા વિધિ કરી છે અપાર — પુ૦ ૫૦ ૮
મેં તો ભોગ ધરાવ્યા હરિને ભાવથી,
 મધુ મેવા વિવિધ પકવાન — પુ૦ ૫૦ ૯
મેં તો ઝારી ભરાવી યમુના જળની,
 આચમન કરોને ગોકુલનાથ — પુ૦ ૫૦ ૧૦
હું તો પાનના બીડલા બંધાવતી,
 મુખવાસ કરો વ્રજના રે નાથ — પુ૦ ૫૦ ૧૧
હું તો વ્હાલાજીને વેણુ ધરાવતી,
 હું તો આરતી ઉતારૂ દીનાનાથ, — પુ૦ ૫૦ ૧૨
સેવા સ્મરણ, કથા ને દર્શન પ્રભુ તણા,
 એ છે અધિક માસના વ્રતદાન — પુ૦ ૫૦ ૧૩
જે કોઇ અધિક માસના વ્રત પાળશે,
 તેને આંગણે પધારે હરિરાય — પુ૦ ૫૦ ૧૪
જે કોઈ પુરૂષોત્તમજીનું ધ્યાન ધરશે રે,
 તેના ભવના ફેરા મટી જાય — પુ૦ ૫૦ ૧૫
'ગોપીજન' કહે છે કર જોડીને,
 નિત્ય લેજો પ્રભુજીના નામ — પુ૦ ૫૦ ૧૬

રચનાર -**શ્રી ચીમનલાલ એન. બેંકર** (ગોપીજન)
M. A. શુદ્ધાદ્વૈત વિશારદ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક -રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

જ્યેષ્ઠાભિષેક

[રાગ – બિલાવલ]

જ્યેષ્ઠ માસ સુદિ પુન્યો શુભદિન, કરત સ્નાન શ્રીગોવર્ધનધારી;
શીતલ જલ હાટક ઘટ ભરિભરિ, રજની અધિવાસન સુખકારી. ૧

વિવિધ સુગંધ પોહોપકી માલા, તુલસીદલ દે સરસ સંવારી;
કર લે શંખ ન્હાવાવત હરિકો, શ્રીવિઠ્ઠલ પ્રભુકી બલિહારી. ૨

તેસે ઇ નિગમ પઢત દ્વિજ આગે, તેસોઇ ગાન કરત વ્રજનારી;
જે જે શબ્દ ચાર્યો દિશ બ્હે રહ્યો, યહ વિધિ સુખ બરખત અતિ ભારી. ૨

કરિ સિંગાર પરમ રુચિકારી, શીતલ ભોગ ધરત ભર થારી;
દે બીરા આરતિ ઉતારત, **'ગોવિંદ'** તન, મન, ધન દે વારી. ૪

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો.

વર્ષ ૭ : અંક ૩ ✠ જુન, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

સમાચાર

જંત્રાલ–મહિલા મંડળ તથા વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોના આયોજનથી શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ ધામધૂમથી ઉજવેલ.

મુલુન્ડ–પૂ. પા. ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રી દ્વારા આયોજીત શ્રી મહાપ્રભુજીનો ૫૧૧મો પ્રાકટય મહોત્સવ બે દિવસના ભવ્ય કાર્યક્રમના આયોજનથી ઉજવવામાં આવેલ. આ કાર્યક્રમમાં પૂ. પા. ગો. શ્રી રઘુનાથજી મહારાજશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક તેમજ મુંબઇ પરા વિસ્તારના વૈષ્ણવોએ હાજરી આપી હતી.

થાનગઢ–અહીંના "શ્રીવલ્લભાશ્રિય વેદમંદિર"ના ચતુર્થ પાટોત્સવ નિમિત્તો મથુરા–પોરબંદરવાળા પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના પ્રમુખસ્થાને ભવ્ય આયોજન થયું હતું. સવારે પ્રભાતફેરી તથા શ્રીના પલના, નંદ મહોત્સવ ઉપરાંત સાંજે શોભાયાત્રા નીકળી હતી. રાતના ૮ થી ૯ પ્રમુખશ્રીનું "પુષ્ટિ ભકિત માર્ગ" ઉપર મનનીય પ્રવચન થયું હતું. કાર્યક્રમના અંતમાં વધાઈ કીર્તનના કાર્યક્રમમાં આપશ્રીના સ્વમુખે બે વધાઇ શ્રીમહાપ્રભુજીની અને બે વધાઇ શ્રીગુસાંઇજીની ગાઈ હતી, આ કાર્યક્રમમાં સ્થાનિક વૈષ્ણવોએ સુંદર વ્યવસ્થા કરી હતી.

ગુજરાત પ્રદેશ પરિષદ સમાચાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય મહોત્સવ સેવા–સમર્પણ ભાવથી ઉજવવાની આ, રા. પુ. વૈ. પરિષદની અપીલને માન આપીને રાજકોટ, જામનગર, ધોરાજી, જુનાગઢ, બાંટવા, વંથલી, બીલખા, ડભોઇ, છોટા ઉદેપુર, બોડેલી, રાજપીપળા, ભરૂચ, દાહોદ, દેવગઢ બારીયા, આણંદ, કપડવંજ, સોજીત્રા, મોડાસા, મેઘરજ, પાટણ, વગેરે ૯૫ શાખાઓએ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ નિમિત્તે પચીસ હજાર રૂપિયાની સુખડી પ્રસાદનું વિતરણ તથા બે લાખ ઉપરાંત કિલો ઘાસ અને પંદર હજાર કિલો અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંપ્રદાયના આચાર્યો અને પરિષદ સાથે વિભિન્ન સંસ્થાઓ દ્વારા લગભગ ૧૬૦ કેટલ કેમ્પો ગુજરાત, સૌરાષ્ટ્રમાં ચાલે છે તે સંપ્રદાય અને પરિષદ માટે ગૌરવરૂપ છે. સને ૧૯૮૭–૮૮ ના વર્ષમાં સેવા–સમર્પણ અને પ્રચારના કાર્યમાં રાજકોટ શાખા મોખરે રહેલ છે અને ૯૫ શાખામાંથી પ્રથમ નંબર મેળવે છે.

હાજીપુર : શ્રી હરિહરક્ષેત્ર શ્રી મહાપ્રભુજીની બેઠકજીએ પૂ. પા. ગો. શ્રી કૃષ્ણચંદ્રજી બાવાશ્રી (કામવનસ્થ) તથા પૂ. કુમારી યમુના સ્વરૂપ શ્રી રત્નપ્રભાબેટીજીએ પધારી છાક કુંનવારો, આરોગાવેલ શ્રી મહાપ્રભુજીના પ્રાકટય મહોત્સવ નિમિતે હાજીપુર તેમજ મુંબઈના અનેક વૈષ્ણવોએ સંયુકત રીતે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરેલ. વ્યાસપીઠ ઉપર રાજકોટ હવેલીના શાસ્ત્રીજી આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપપ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ભટ્ટ બિરાજયા હતા. અને વિરાણી હાઈસ્કુલના પ્રો. જયંતિભાઈ ભટે પધારીને સુબોધિનીજીને અનુલક્ષીને પ્રવચનો કર્યા હતા.

ધોરાજી :– શ્રી મહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવના દિને પ્રાતઃકાલે પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં "શ્રી વલ્લભાશ્રય" (મંડાણે)થી પ્રભાત ફેરીનો પ્રારંભ થયેલ તે ખળાવાડ પ્લોટ, સોની બજાર, મોટી હવેલી, શ્રી સાતસ્વરૂપ હવેલી થઈ પાટણવાવ રોડ નવી હવેલીએ સમાપ્ત થઈ હતી. જેમાં આશરે ૪૦૦ વૈષ્ણવોએ ભાગ લીધેલ. તે દિવસે પરિષદના આદેશાનુસાર ૨૧૦૦ કીલો લીલો ઘાસચારો ગાયોને નીરવામાં આવ્યો હતો. તેમજ દરેક લત્તામાં લતાવાસી વૈષ્ણવોએ ગાયોને ઘુઘરી તથા રોટલા ખવરાવેલા હતા.

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૩ * જુન, ૧૯૮૮

યજ્ઞ સ્વરૂપ શ્રી નાથજીની સેવા એટલે મહાન યજ્ઞ

જાદવજી ખેરાજભાઈ ચરણરજ (સૂરત)

શ્રી ગોકુલનાયજીને યજ્ઞ કરવાની ઇચ્છા થઇ ત્યારે શ્રી ચાચાજીએ દિનતાપુર્વક કહ્યું. યજ્ઞ સ્વરૂપ શ્રીનાથજી આપના માથે બિરાજે છે. પછી બીજા યજ્ઞની શું આવશ્યકતા છે? પુષ્ટિ પુરૂષોત્તમની સેવા એ મહાન યજ્ઞ છે.

જીવ ભગવાનનો અંશ છે જે જેનો અંશ હોય તેની સેવા કરવી એ એનું કર્તવ્ય છે. શ્રી મહાપ્રભુજીએ સેવા માર્ગ પ્રકટ કર્યો છે. અને ભગવદ્દસ્વરૂપ પધરાવી-આપી મહાત્મ્ય જ્ઞાન અને સ્નેહપુર્વક સેવા કરવાની આજ્ઞા કરી છેઃ "કૃષ્ણ સેવા સદા કાર્યા"

યજ્ઞસ્વરૂપ શ્રીનાથજી આપણા ઉપર બિરાજે છે શ્રી મહાપ્રભુજી શ્રીનાથજીના મુખારવિંદ સ્વરૂપ છે વળી આપ શ્રી સ્વામિનીજીના ભાવાત્મક સ્વરૂપ પણ છે એટલે ઉત્તમોત્તમ સામગ્રી સિદ્ધ કરી આપને આરોગાવવી જોઇએ જે શ્રી સ્વામિનીજી દ્વારા શ્રીનાથજી આરોગે છે. શ્રી

- * શ્રી, વલ્લભ સુધા' દર માસની ૬ઠ્ઠી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

વલ્લભાખ્યાનમાં પણ કહ્યું છે કે, "શ્રી રાધા અધર સુધા વિના પિયુને બીજુ કાંઇ નવ ભાવેજી" શ્રી ઠાકુરજીનું શ્રીમુખ અગ્નિસ્વરૂપ છે. અગ્નિમાં આહુતિ આપવાથી યજ્ઞ સંપન્ન થાય છે તેમ શ્રી ઠાકુરજીને સામગ્રિ આરોગાવી એ પ્રસાદ ભગવદિઓને લેવરાવવામાં ત્યારે તે મહાપ્રસાદ બને છે. એ પુષ્ટિમાર્ગનો યજ્ઞ છે. શ્રી ભગવાન અને ભગવદિ આ આરોગે એટલે સમસ્ત યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે. "યજ્ઞો વિષ્ણુ" શ્રી ઠાકુરજી સાક્ષાત યજ્ઞસ્વરૂપ છે. (મહાનુભાવોનું કથન છે કે, "સોમયજ્ઞ" તો ભગવદ્ પ્રાકટયનું મુળસ્વરૂપ છે એટલે અન્ય યજ્ઞોસમાન નથી)

અન્ય યજ્ઞો અમુક નિમિતથી અને વિવિધ પ્રકારના હોય છે, ત્યારે એવા યજ્ઞમાં એવો કોઇ નિયમ નથી. ગીતાજીમાં પણ ભગવાને આજ્ઞા કરી છે કે "મારો ભકત મને સ્નેહપૂર્વક પત્ર, પુષ્પ ફળ વિગેરે અર્પણ કરે છે તે હું અંગિકાર કરૂં છું. શ્રીવલ્લભાષ્ટકમાં પણ એવીજ આજ્ઞા છે. સેવાયજ્ઞમાં સ્નેહનું મહત્વ છે અને ભગવદ કૃપા એક મહાન ફળ છે. સાક્ષાત ફળ સ્વરૂપ છે સેવાનું ફળ પણ સેવાજ છે.

સમસ્ત દેવો શ્રી ઠાકુરજીના શ્રીઅંગમાં વસે છે સર્વનુ મુળ શ્રીનાથજી છે એટલે શ્રી ઠાકુરજીની સેવાથી સમસ્ત દેવો તો શું પણ સમસ્ત વિશ્વ સંતુષ્ટ થાય છે એથીજ પુષ્ટિમાર્ગમાં સેવાયજ્ઞ મુખ્ય છે અહીં જ્ઞાનાદિક ગૌણ છે મોક્ષનું પણ કોઇ મહત્વ નથી.

ભગવદ સેવાથી જીવની અંદર રહેલા અવિદ્યા વિગેરે દોષો પ્રભુના અનુગ્રહથી દુર થાય છે. તેનો પ્રકાર આ મુજબ છે.

અવિદ્યાથી ક્રોધ; લોભ, વિગેરે અનેક દોષો ઉત્પન્ન થાય છે. આવા દોષો જેનામાં હોય તેને "દૈત્યાવેશી" માનવામાં આવ્યા છે. કારણ કે. લોભ ક્રોધાદિકને–શ્રીકૃષ્ણો પનિષત'માં દૈત્યરૂપ માનવામાં આવ્યા છે. જેની ઉત્પતી અવિદ્યાથી થાય છે.

શ્રી ઠાકુરજીએ જેવી રીતે અવિદ્યારૂપી પૂતનાને મારી પોતાના ભકતોને મુકત કર્યા હતા, એવી જ રીતે અત્યારે પણ શ્રી ઠાકુરજી પોતાથી સેવા દ્વારા જીવોને બહિર્મૂખ કરવાવાળી અવિદ્યાથી મુકત કરે છે.

શ્રી નંદરાયજી મથુરા પધાર્યા હતા ત્યારે 'ગોકુળમાં ઉત્પાતો થતા હશે' એમ શ્રી વસુદેવજીના કહેવાથી શ્રી નંદરાયજીએ જેમ દૌર્યતાપૂર્વક શ્રી ઠાકુરજી પ્રત્યે શરણ ભાવના દ્રઢ કરી હતી, એવીજ રીતે આધુનિક જીવોએ પણ કોઇપણ પ્રકારનાં ઉપદ્રવથી ગભરાઈ નહીં જતાં ભગવાનનો દ્રઢ આશ્રય એ મુખ્ય કર્તવ્ય છે.

શ્રી ઠાકુરજીની સેવામાં વિઘ્નરૂપ એવા 'શકટ'ને પોતાના ભકિતરૂપી ચરણથી નષ્ટ કરી ભકતોના મનનો નિરોધ કર્યો હતો; એવી જ રીતે અત્યારે પણ જીવોને વિઘ્નરૂપ આવરણોને શ્રીઠાકુરજી દુર કરે છે.

રજોગુણરૂપી 'તૃણાવર્ત' જે શ્રી ઠાકુરજીના સાક્ષાત્કારમાં વિઘ્નરૂપ હતો. તેનો શ્રી ઠાકુરજીએ નાશ કર્યો હતો. એવી જ રીતે અત્યારે પણ શ્રીઠાકુરજી ભકતોના–રજોગુણનો નાશ કરી તેને સાક્ષાત્કારને યોગ્ય બનાવે છે.

શ્રીયશોદાજીને પોતાના શ્રીમુખમાં 'અખિલ વિશ્વ'ના દર્શન કરાવી પોતાનું મહાત્મ્ય

સમજાવ્યું હતું, એવી જ રીતે અત્યારે પણ સ્વપ્નાદિક દ્વારા પોતાના ભકતોને પોતાનુ મહાત્મ્ય સમજાવી એના મનનો નિરોધ કરે છે.

વ્રજભકતો શ્રીયશોદાજી પાસે આવી શ્રીઠાકોરજીના ચૌર્યાદિક દોષોનું આરોપણ કરતા હતા, છતાં શ્રીયશોદાજી એ પ્રત્યે લક્ષ્ય આપતા ન હતા, એવી જ રીતે વૈષ્ણવોએ પણ પ્રભુ પ્રત્યે કોઇ પણ પ્રકારથી કુભાવ લાવવો જોઇયે નહીં.

શ્રીયશોદાજી જેવી રીતે દધીમન્થન વિગેરે ગૃહકાર્યા કરતાં પણ શ્રીઠાકુરજીના ગુણગાન કરતા રહેતા હતા એવી રીતે વૈષ્ણવોએ પણ ગુણગાન કરતા રહેવુ જોઇએ.

જીવ પોતાના પુરૂષાર્થથી ભગવદ્ પ્રાપ્તિ કરી શકતો નથી. પણ પ્રભુ કૃપા પુર્વક વિચારે ત્યારેજ પ્રાપ્ત થાય છે. જેવી રીતે શ્રીયશોદાજી સ્વપુરૂષાર્થથી પ્રભુને બાંધવા તૈયાર થયા ત્યારે દરેક વખતે દોરડું ટુંકુ પડયુ છે, પરંતુ જ્યારે પ્રભુ કૃપા પુર્વક બંધાવા તૈયાર થયા ત્યારે માતૃચરણ બાંધી શકયા છે.

યમલાર્જુનના આ જન્મનાકે-પુર્વજન્મના એવા કોઈ સુકૃત હતા નહીં કે, એના ઉપર પ્રભુની કૃપા થાય, છતાં પ્રભુના પ્યારા ભકત શ્રીનારદજી દ્વારા શાપના નિમિતથી પણ પ્રભુની કૃપા થઈ છે એવી જ રીતે અત્યારે પણ ભગવદ ભકતોના અનુગ્રહથી પ્રભુ કૃપા કરે છે. આ બધો સત્સંગનો પ્રતાપ છે, એટલે વૈષ્ણવોએ હંમેશાં ભગવદ સત્સંગમાં રહેવું.

શ્રીઠાકુરજીએ જેવી રીતે કાળી નાગની ફણાઓનું મર્દન કરી એના વિષને નાબુદ કર્યું છે, એવી જ રીતે શ્રીઠાકુરજી અત્યારે પણ જીવોના દોષોને પોતાના પ્રમેય બળથી દોષ રહિત બનાવી સેવાને યોગ્ય બનાવે છે. એટલે જીવે પોતાનું અભિમાન છોડી દિનતા પુર્વક પ્રભુનો આશ્રય રાખવો.

એક વૈષ્ણવે શ્રીગુરુદેવને વિનંતી કરી, 'કૃપાનાથ અન્યાશ્રય મહાન બાધક છે, એ તો આપની કૃપાથી અમે જાણ્યું પરંતુ શ્રીઠાકુરજીના અન્ય અવતારો પ્રત્યે આસકિત રાખવી કે નહીં? આ પ્રશ્નનું સમાધાન થાય એવી કૃપા કરશો.

શ્રીગુરુદેવે આજ્ઞા કરી :- 'શ્રીઠાકુરજીના અન્ય અવતારો પ્રત્યે શ્રધા જરૂર રાખીએ ચાર-અવતારની જયંતિ પણ આપણા માર્ગમાં માનવામાં આવે છે, પરંતુ મનનો એવો સ્વભાવ છે કે. એ એક સ્થાન સ્થિર રહેતું જ નથી અનેક સ્થાન પર ભટકતું જ રહે છે. એથી પ્રભુ પ્રત્યે સ્થિર થતું નથી માટે આપણે કોઇપણ પ્રકારની દ્વિધામાં પડવું જ નહીં એક માત્ર શ્રીગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણના અનન્ય શરણ સિવાય અન્ય વિચાર પણ શા માટે કરવો જોઇએ? ગોપીજનોમાં પણ આવી જ દ્રઢતા હતી. એની દ્રષ્ટિમાં તો માત્ર શ્રીયશોદાજીના આંગણમાં ખેલતા શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ પ્રત્યે આસકિત હતી જ નહીં. સમગ્ર વ્રજની આવી અનન્યતા હતી.

શ્રીઠાકુરજી વ્રજમાંથી મથુરા પધાર્યા ત્યાર પછી કોઇપણ વ્રજ ભકતોએ મથુરા જઈ શ્રીઠાકુરજીને મળવાનો વિચાર પણ કર્યો નથી. શ્રીઠાકુરજી વ્રજમાં બિરાજતા હતા ત્યારે શ્રીયશોદાનંદન હતા. નંદબાવાના લાડિલા લાલન હતા. વ્રજવાસીઓના પ્રાણ જીવન

હતા. પરંતુ મથુરાજી પધાર્યા પછી એ દેવકીનંદન છે શ્રીઠાકુરજી તો એના એજ છે, પરંતુ વ્રજવાસીઓને માટે તો વ્રજમાં ખેલતા અને યશોદામૈયા પાસેથી હઠ કરી માખણ માગતા કૃષ્ણ એ મથુરાનગરી માંનથી એટલે અહીં પ્રભુ પ્રત્યે જે આસકિત હતી તે મથુરાના કૃષ્ણ પ્રત્યે નથી, એટલે જ પ્રભુ વ્રજમાં પધારવાની અભિલાષા રાખે છે.

મથુરાથી પ્રભુ દ્વારકા પધાર્યા દ્વારકાનાથ બન્યા અને રાજલીલામાં પ્રવર્ત થયા. એ લીલામાં પણ વ્રજ ભકતોની આસકિત નથી. કારણ કે, એ વ્રજના ભાવ સ્વરૂપ નથી વ્રજવાસીયોએ વિરહમા ઝુરી ઝુરીને જીવન વિતાવ્યું છે, પણ વ્રજના શ્રીકૃષ્ણ સિવાય કયાંય આસકિત નથી અને મનથી નિશ્ચય કર્યો છે કે, 'શ્રીઠાકુરજીએ અમને વિપ્રયોગનું દાન કર્યું છે. તો અન્યને સંયોગનું સુખ આપ્યું છે. તો જેવી એની ઇચ્છા- અમારે માટે તો કોઈ પણ પ્રકારથી અમારા પ્રભુ પ્રસન્ન રહે એજ અભિલાષા છે.

વ્રજભકતોનો આવો અલૌકિક ભાવ હતો. આપણા માટે પણ એજ સરળ રાજમાર્ગ છે, કારણે વ્રજભકતો આપણા માર્ગના ગુરૂ છે. શ્રીવલ્લભ પ્રભુ અને સમસ્ત શ્રીવલ્લભકુળ પણ એવા જ ભાવસ્વરૂપે બિરાજે છે.

આપણા પુષ્ટિપુરૂષોત્તમના સ્વરૂપમાં જ અન્ય અવતારોનો ભાવ વિચારીયે અન્ય વિચાર નહીં.

શ્રીમહાપ્રભુજી આપ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, શ્રીઠાકુરજી જે આભૂષણ ધારણ કરે છે તે કોઇ પ્રાકૃત આભૂષણો નથી. એનું સ્વરૂપ સમજાવતાં આપ આજ્ઞા કરે છે કે,

(૧) શ્રીઠાકુરજીની નિશ્ચલ સ્થિતિ તે કપિલદેવનું સ્વરૂપ છે. (૨) શ્રીઠાકુરજીના શ્રીહસ્તમાં ક્રિયાશક્તિ રહેલી છે. એટલે કે આપની ચાર ભૂજાઓ પુરૂષાર્થ આપવા વાળી છે. 'ઉત્પતિ, સ્થિતિ, પ્રલય અને તપ. આ ક્રિયાસ્વરૂપ છે અને એ કાર્ય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સંભાળે છે. એના અંશાવતાર તથા તપ કરવાવાળા અત્રિ ઋષિએ પ્રભુની ચાર ભૂજાઓ છે. જેમાં યોગ, તપ અને ભકિત રહેલા છે. એટલે એનું ધ્યાન કરનારને એ સર્વ પ્રાપ્ત થાય છે. આ સર્વનો સમાવેશ શ્રી પુષ્ટિપુરૂષોત્તમમાં છે.

(૩)શ્રીઠાકુરજીના ચાર આયુધો શંખ, ચક્ર, ગદા, પદ્મ. એ સનક, સનંદન, સનત્કુમાર વિગેરે સ્વરૂપ છે. શંખ જળ તત્ત્વ સ્વરૂપ છે. શ્રી સુદર્શનજી તેજ સ્વરૂપ છે. પદ્મ, ગદા કાર્યતત્વ સ્વરૂપ છે ? પરંતુ પ્રભુના શ્રીહસ્તના સંબંધથી જ એમાં ક્રિયાશકિત પ્રકટ થાય છે એટલે એ શ્રીઠાકુરના આયુધ વિગેરે સ્વરૂપે છે, અને સનકાદિ સ્વરૂપ પણ છે. એટલે જ સનકાદિ ઋષિઓ આત્મજ્ઞરૂપી ઉપદેશથી દેહનો સંબંધ છોડાવી મુક્તિનો માર્ગ બતાવે છે.

(૪) શ્રીઠાકુરજીનું મુખારવિંદ નર-નારાયણ સ્વરૂપ છે નારાયણ જલાધાર છે અને 'નર' જનક છે. જળ મુખમાં રહે છે. એટલે મુખમાં ગયેલી પ્રત્યેક વસ્તુ રસમય બની જાય છે. એનું પ્રમાણ એ છે કે, ...વાત કરવાની ક્રિયામુખથી જ થાય છે. મુખમાં જળ હોય

નહીં અને તદ્દન શુષ્ક હોય તો બોલવાની ક્રિયા થઇ શકે નહીં.

(૫) કદમ-કેશર સમાન શ્રીઠાકુરજીનું 'માયા, વેદ પ્રથુ' સ્વરૂપ છે. પૃથ્વી સંતપ્ત થાય ત્યારે, જળવૃષ્ટિ થાય છે અને વૃષ્ટિથી સમગ્ર સંતાપ દુર થાય છે; એવી જ રીતે પૃથુ દ્વારા પૃથ્વીનું દોહન કરવામાં આવ્યું હતું જેથી સમસ્ત સંસારનો સંતાપ દુર થયો હતો. વળી શ્રી ઠાકુરજીના પિતાંબરનો બીજો ભાવ બતાવતાં આજ્ઞા કરી છે કે, શ્રીઠાકુરજી જે પિતાંબર ધારણ કરે છે એ શ્રીઅંગ ઉપર યોગમાયાનું આવરણરૂપ છે અવતાર સમય સહુને પ્રભુના દર્શન થાય છે પરંતુ શ્રીઠાકુરજીના અનન્ય ભકતો સિવાય કોઇ ઓળખી શકતું નથી. શ્રીઠાકુરજી કૃપા કરીને યોગમાયાનું આવરણ દુર કરે ત્યારે જ આપના સ્વરૂપનું જ્ઞાન થાય છે માત્ર વૈદિક ક્રિયાઓમાં જ આસકિત રાખનારા બ્રાહ્મણો પણ ઓળખી શકતા નથી. શ્રીઠાકુરજી વનમાં પધાર્યા હતા ત્યારે શ્રીઠાકુરજીએ સામે ચાલીને બ્રાહ્મણો પાસે અન્ન માગ્યું હતું છતાં આપ્યું નથી પરંતુ બ્રાહ્મણપત્નિઓ પ્રત્યે કૃપા કરી શ્રીઠાકુરજીએ માયારૂપી આવરણ દુર કર્યું જેથી એ પ્રભુને ઓળખી શકયા છે. અને બ્રાહ્મણોના રોકવા છતાં પણ એ રોકાયા નથી અને વનમાં જઈ શ્રીઠાકુરજીને સામગ્રી આરોગાવી છે માત્ર વૈદિક ક્રિયાથી શ્રીઠાકુરજીનું જ્ઞાન થતું નથી. એ અહીં બતાવ્યું છે. (૬) સુશોભિત સુવર્ણમય રત્નજડિત શ્રીહસ્તનું આભૂષણ (અંગદ) શ્રીહસ્તના ઉપરનાં ભાગમાં ધારણ કરે છે, તે ઇંદ્રસ્વરૂપ છે. શ્રીઠાકુરજીની ભુજાના ઉપરના ભાગમાં જ્ઞાન છે અને ભૂજાના નીચેના ભાગમાં ક્રિયાશકિત છે એટલે શ્રીઠાકુરજીની ભુજામાં જ્ઞાન અને ક્રિયાશકિત રહેલા છે.

(૭) શ્રીઠાકુરજીનો દિવ્ય મુકુટ અને કુંડલ એ 'હયગ્રિવ' અવતાર સ્વરૂપ છે. બ્રહ્મવિદ્યાના પ્રવર્તક અને પ્રવર્તિ-નિવૃતિ માર્ગના પ્રતિક છે. જ્ઞાન મસ્તકમાં રહે છે એટલે એ શરીરનુ મુખ્ય અંગ છે અને એની સાથે સબંધિત હોવાથી આભુષણોમાં મુકુટ' મુખ્ય છે. અને કુંડલ સાંખ્ય યોગ સ્વરૂપ છે.

(૮) શ્રીઠાકુરજીના ચર્ણારવિંદ 'મત્સ્યાવતાર' રૂપ છે. મત્સ્યાવતારમાં શ્રીઠાકુરજીએ સત્યવ્રત રાજાને જ્ઞાન આપ્યું હતું જેથી રાજા શ્રીઠાકુરજીના ચર્ણારવિંદનું ધ્યાન કરતો પુરૂષોત્તમને પ્રાપ્ત થયો હતો.

(૯) શ્રીઠાકુરજીનું 'શ્રીવત્સ' એ કુર્માવતારનું સ્વરૂપ છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની
જયંતીલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ

(૧૦) શ્રીઠાકુરજીનો 'કૌસ્તુભમણિ' એ નૃસિંહ અવતારનું સ્વરૂપ છે અને ભકત સ્વરૂપ પણ છે એથી જ શ્રીઠાકુરજી ભકતોને પરમપ્રિય છે અને હૃદય પર રાખે છે.

(૧૧) શ્રીઠાકુરજીની કિર્તીમયી વનમાળા 'હરિ' અવતાર સ્વરૂપ છે. જેવી રીતે 'શ્રીહરિ' સ્વરૂપથી ગજેન્દ્રની રક્ષા કરી હતી; એવી જ રીતે શ્રીહરિને શરણે જવાથી શ્રીહરિ ભકતોના સર્વ સંકટનું હરણ કરે છે દુર કરે છે.

(૧૨) શ્રીઠાકુરજીની કટિ મેખલા 'શ્રી વામન અવતાર' સ્વરૂપ છે કટિમેખલા બંધન કરવા વાળી છે, એવી જ રીતે શ્રીઠાકુરજીએ વામન સ્વરૂપે બલિરાજાને બાંધ્યા હતા.

(૧૩) શ્રીઠાકુરજીનું મધુર હાસ્ય એ 'શ્રીરામ' સ્વરૂપ છે. શ્રીરામને પણ પુર્ણાવતાર માનવામાં આવ્યા છે પરંતુ પરમ મોહક અને અતી સુંદર હોવાથી હાસ્ય સ્વરૂપ માનવામાં આવ્યા છે. શ્રીઠાકુરજીના હાસ્યથી જીવમાત્ર મોહિત થાય છે. એવી જ રીતે શ્રીરામના દર્શનથી ઋષી-મુનિઓ વિગેરે સહુ મોહિત થયા હતા.

એવી જ રીતે શ્રીઠાકુરજીના ભિન્ન-ભિન્ન અવતારનો ભાવ વિચારવાનો છે. પુર્ણપુરૂષોત્તમની અંતર્ગત સર્વ અવતારોનો સમાવેશ છે.

પ્રાકૃત આભુષણોની સાથે પ્રભુના આભુષણોની તુલના કરી શકાય નહી શ્રીઠાકુરજીને સબંધિત સમસ્ત વસ્ત્ર આભુષણો દિવ્ય અને સ્વરૂપાત્મક છે.

"મધુરાધિપતેરખિલં મધુરમ"

શ્રીકૃષ્ણથી ભિન્ન કોઇપણ અવતારાદિક નથી એટલે આપણે તો આપણા પરમ પ્રિય, ગોપીજનવલ્લભ નિકુંજનાયક શ્રીનાથજીના ચરણોનો જ આશ્રય રાખીયે.

આ પ્રમાણે આજ્ઞા કરી શ્રીગુરૂદેવ સેવામાં પધાર્યા.

જુના ગ્રાહકોને લવાજમ મોકલવા વિનંતિ

શ્રી વલ્લભ સુધાના ગઈ સાલના ગ્રાહકો કે જેમણે પોતાના નામ કમી કરવા નહિ જણાવેલ તેઓ બધાને ચાલુ વર્ષના ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે તેમ માનીને ત્રણ અંકો મોકલાયા છે. તો જે જુના ગ્રાહકોએ લવાજમ મોકલાવેલ નથી તેઓ તતપરતા દાખવી તુરત જ લવાજમ મોકલાવી સાહિત્ય પ્રચાર કાર્યમાં સહકાર આપે તેવી અપેક્ષા સહ વિનંતિ.

પરમ ભગવદી વૈષ્ણવ શ્રી પરસોત્તમદાસ 'ભાઇજી'

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

પુષ્ટિમાર્ગના આદ્યસ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ પૃથ્વીની પરિક્રમા કરતાં કરતાં નિજ ચરણકમલથી સૌરાષ્ટ્રના મોરબી શહેરને પુનિત પાવન કરેલ છે એ મોરબીનું મહદ્ ભાગ્ય ગણાય. આના પ્રતીક રૂપે મચ્છુ નદીના પૂર્વ ભાગમાં શ્રીમહાપ્રભુજીના શ્રીબેઠકજી બિરાજમાન છે.

મોરબી શહેરનું સર્વોપરી સદ્‌ભાગ્ય તો એ છે કે પુષ્ટિમાર્ગમાં અંગીકૃત થયેલા જીવોને વૈષ્ણવતાના અનુપમેય અધિકાર અને ઉત્તમ પ્રમેયત્વ પ્રાપ્ત થયેલાં છે, જેનો સંપૂર્ણ યશયોગ શ્રીવલ્લભકુલની કૃપાથી ફલિત થયેલ છે.

મોરબી શહેરની આ ધન્ય ધરા પર શ્રી રતનશીભાઈ નામના એક પરમ વૈષ્ણવ ભાટિયા જ્ઞાતિમાં થઈ ગયા. શહેરમાં તેમની કાપડની દૂકાન હતી.

શ્રી રતનશીભાઇને બે પુત્રો હતા. મોટા પુત્રનું નામ પરસોતમદાસ અને નાના પુત્રનું નામ લક્ષ્મીદાસ કુટુંબને શ્રીવલ્લભકુલના બાલકોનું બ્રહ્મસંબંધ તેમાં શ્રી પરસોતમદાસ ભાઇએ અને શ્રી લક્ષ્મીદાસભાઇએ પાકી મરજાદ લીધી હતી.

શ્રી પરસોતમદાસ 'ભાઇજી' ના હુલામણા નામથી પુષ્ટિ સૃષ્ટિમાં જાણીતા હતા. શ્રીમહાપ્રભુજીના શ્રીબેઠકજીએ દર્શને જવું અને ત્યાં સેવા સુશ્રુષા કરવી એ તેમની નિત્યનિયમયુકત દિનચર્યા હતી.

ભાઇજીને અમદાવાદ–રાજનગરવાળા પ. પૂ. ગો. શ્રી મધુસૂદનલાલજી મહારાજશ્રીનો બ્રહ્મસંબંધ હતો. તેમણે શ્રી નવનિતપ્રિયાજી અને શ્રી ગિરિરાજજી એમ બે સ્વરૂપો સેવામાં પધરાવ્યા હતા. પાકી મરજાદ લઈ શુધ્ધાદ્વૈત પુષ્ટિ પ્રણાલી મુજબ જ તેઓ સ્વયં સેવા કરતા હતા.

લૌકિક વ્યવહાર પ્રમાણે પરસોતમદાસ તથા લક્ષ્મીદાસ બંને જુદા થયા. અલૌકિક વિભૂષિત વિનિમય પ્રમાણે ભાઇજીએ બંને સ્વરૂપની સેવા સત્યવૃત્ત પૂર્વક સ્વીકારી અને તે સેવા જીવનના છેલ્લા શ્વાસ સુધી સંપૂર્ણ પણે કરતા રહ્યા એ વૈષ્ણવતાનો વિભોર વિમલ વૃતાંત છે.

પોતાના પિતાજીની જેમ ભાઇજી પણ પણ કાપડની દુકાન રૂપે વ્યવસાય કરતા પરંતુ તેઓ દુકાનની લૌકિકતા અને માયાથી પર હતા શ્રીવલ્લભકુલના ગોસ્વામી બાલક પધાર્યા છે એવું સાંભળતાં વાર તરત જ દુકાન બંધ કરી લૌકિક વ્યવસાય વિસારી મૂકી ભાઇજી અલૌકિક વસ્તુને પ્રાધાન્ય આપતા શ્રી વલ્લભકૂલના બાલકો પાસે પ્રસન્ન ચિત્તે અને દીન ભાવે હાજર થતા. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના વંશના બાલકોને તેઓ શ્રીવલ્લભસ્વરૂપ સમજતા અને તેમની અનેક રીતે ટહેલ કરતા તેઓશ્રી બાલકોના અનન્ય ઉપાસક હતા.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનાં શ્રીબેઠકજીએ ભાઇજી સદાસદૈવ ચરણસ્પર્શ કરવા જતા અને ચોર્યાસી બસો બાવન વૈષ્ણવની વાર્તા શ્રીયમુનાષ્ટક, શ્રીસર્વોતમજી, શિક્ષાપત્રો વિગેરેના પાઠ કરતા, તેઓ અનેક ઘોળ–કીર્તન ગાતા અને ગવડાવતા, આજે પણ મોરબીના સદ્‌ભાગ્યે જ્યારે શ્રીવલ્લભવંશના બાલકોની પધરામણી અને વૈષ્ણવો દંડવત કરવા જાય ત્યારે ત્યારે શ્રી ગોસ્વામી મહારાજશ્રી પ્રથમ શ્રી પરસોતદાસ ભાઇજીને અચૂક યાદ કરે.

શ્રીમહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ હોય કે અન્નકુટનો ઉત્સવ હોય કે પુષ્ટિ સંપ્રદાયનો કોઇપણ ઉત્સવ હોય તે વખતે ભાઇજી સેવામાં મોખરે હોય જ. પોતાના શ્રી ઠાકોરજીને પણ ઘણાજ ભાવથી અને લાડથી તેઓ અન્નકુટ આરોગાવાવતા આ પ્રણાલી આજે પણ એમના કુટુંબમાં સચવાઈ રહી છે.

અન્નકુટની સામગ્રી ભાઇજી પોતે જ સિધ્ધ કરતા. તે કાર્યમાં તેમના ધર્મપત્ની દૂધીબેન અને તેમના નાનાભાઇ શ્રી લક્ષ્મીદાસના ધર્મપત્ની લક્ષ્મીબેન સહાયક થતા. બંને ખૂબ જ ભકિતભાવથી સેવાકાર્યમાં તત્પર રહેતા અને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવામાં ઘણો જ આનંદ અનુભવતા દરેક ઉત્સવ પ્રસંગે ભાઇજી સ્વયં સામગ્રી સિધ્ધ કરતા અને આ સેવાકાર્યમાં તેમને તેમના શ્રી ઠાકોરજી સહાયતા જનાવતા તેનો એક અલૌકિક પ્રસંગ આપણને તેમની ભગવદીયતાનું દર્શન કરાવી જાય છે. એક વાર ભાઇજી શ્રીમહાપ્રભુજીના શ્રી બેઠકજીમાં ઢારાની સામગ્રી સિધ્ધ કરતા હતા. લગભગ બાર મણ જેટલો ભાર તૈયાર કરવાનો હતો, આ માટે ઘી ગરમ કરવા ચૂલા પર ચઢાવેલ હતું. આ વખતે મુખિયાજી સેવામાં રોકાયલા હતા. ચૂલા ઉપરનું ઘી ગરમ થતાં તેમાં એકદમ ઊભરો આવ્યો એટલે ભાઈજીએ શ્રી મહાપ્રભુજીનું નામ લેતાં લેતાં કોઈ પણ સાધનની સહાય લીધા સિવાય ખુલ્લા હાથે અગ્નિથી તપ્ત લાલચોળ તવો નીચે ઊતારી દીધો ! આમ છતાં તેમના હાથે કોઇ ઈજા અસર થઈ નહીં. આમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યશ્રીની ભાઇજી પર અનુપમેય અનુકંપા જોવા મળે છે, આ કોઇ જાદુ કે ચમત્કારની ક્ષુલ્લક વાત નથી. જે સર્વદા અગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભની પ્રીતિ અને ભાવપૂર્વક સેવા કરે છે તેને અગ્નિ દઝાડી શકતો નથી તેનું જ્વલંત ઉદાહરણ આ પ્રસંગ પૂરું પાડે છે. જે હૃદય ભાવપૂર્વક સદૈવ ઊભે પગે સેવામાં હાજર રહે છે તેને શ્રીમહાપ્રભુજી સહાયતા કરે તેમાં શો આશ્ચર્ય ? આનું નામ જ અલૌકિક અનુકંપા !

આવા ભગવદ્ કૃપા પાત્ર ભાઈજી નિજના શ્રીઠાકોરજીને સાથે પધરાવી શ્રી વ્રજમાં યાત્રા કરવા જતા અને ઘણા સમય પર્યંત ત્યાં રહેતા. આ ઉપરાંત શ્રીનાથજી, શ્રીકાશી,

શ્રી વલ્લભ સુધાના સેવા ભાવી કાર્યકર પ્રતિનિધિ

પ. ભ. શ્રી મનોજકુમાર ગોરધનદાસ કડકીયા બજાર શેરી, કાપડના વેપારી–**દેવગઢ બારીયા**

શ્રીચરણાટ, શ્રીઅડેલ, શ્રીચંપારણ્ય વિગેરે અનેક પુષ્ટિમાર્ગીય યાત્રા સ્થળોએ પોતાના લાલનને પ્રેમથી સાથે પધરાવી જતા અને પરમ મનોરથ મનાવતા.

પરમ તાદ્દશી વૈષ્ણવ પાસેથી સાંભળવા મળેલ છે કે શ્રી ઠાકોરજી ભાઈજીને અનેક સાનુભવ જતાવતા અને તેમની સાથે સાક્ષાત વાર્તા કરતા, યુગાન્તર અનુસાર શ્રદ્ધા વિશ્વાસ વૈષ્ણવના માનસ પર આધારભૂત છે, મોરબીના જ એક ભગવદી વૈષ્ણવ લાભુબેન જે ભાઇજીને ત્યાં કાયમ જલની સેવા કરતા તેમણે આ વાત કહી હતી કે શ્રીઠાકોરજી ભાઇજી સાથે વાતો કરતા હતા.

વિક્રમ સંવત ૨૦૩૪ ના જેઠ સુદ નોમ ને ગુરુવાર તા. ૧૫–૬–૭૮ ના દિને ભાઇજીએ પોતાના એક સત્સંગી અંતરંગ ભગવદી વૈષ્ણવ શ્રી ભગવાનદાસ ખત્રીને કહ્યું, 'ભગા, આજે આ મારા છેલ્લા જયશ્રીકૃષ્ણ !' અને ખરેખર એ જ દિવસે આ દુનિયામાંથી વિલય પામી ભાઇજી ગોલોક ધામમાં સિધાર્યા.

પરમ ભગવદી ભાઇજીની વૈષ્ણવી દેહાકૃતિ આજે પણ નજર સમક્ષ ખડી થાય છે માથે પાગ, બદન પર બંડી અને કપાળે ભવ્ય મોટું તિલક ભાઇજી એક ઉચ્ચ કોટિના તાદ્દશી વૈષ્ણવ હતા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી યમુનામહારાણીજી, શ્રી સાતસ્વરૂપ શ્રીનાથજી બાવાશ્રીના અનન્ય, અનુપમેય, આકાર સાકાર સ્વરૂપના સાક્ષાત સેવક અને તત્ત્વ સ્વરૂપના દ્રષ્ટા એટલે ભાઇજી.

આજે પણ ભાઇજીના કુટુંબમાં તેમના ભાઈ શ્રી લક્ષ્મીદાસના સુપુત્ર પરમ ભગવદી શ્રી રસિકદાસભાઇને ઘેર ભાઇજીના શ્રીઠાકોરજીનું સ્વરૂપ બિરાજે છે અને સંપૂર્ણતયા પુષ્ટિની પ્રણાલી મુજબ સેવા થાય છે તેમનું કુટુંબ પરમ કૃપાનિધાન શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીમાં અનન્યતાના ભાવવાળું છે. આ ગુરુગૌરવ આજ સુધી કુટુંબમાં સચવાયું છે.

ભગવદી શ્રીભાઇજીને આપણા સૌ વૈષ્ણવોના કોટિ કોટિ જયશ્રીકૃષ્ણ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભ: ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

લેખક : પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ, – વ્રજ–ધોરાજી

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણ નામથી કાલાદિક ભય પામી નાસે
કૃષ્ણ નામથી અખિલ અવિદ્યા સેના ત્રાસે ॥૪॥

ભાવાર્થ :– કૃષ્ણ નામ રટણથી મહા કરાલ કાલ પણ ભય પામે છે. શ્રી નંદદાસજી કહે છે કે– **'કાલ કો કાલ–ઈશ ઈશનકો'** એવા કૃષ્ણથી મહાકાલ પણ ત્રાસે છે. શ્રી કૃષ્ણનામ રટણથી, અવિદ્યાની અનેક પ્રકારની સેના પણ ત્રાસી અને અદ્રષ્ય થઈ જાય છે. જેના દ્રષ્ટાંત ચોરાસી બસો બાવન વૈષ્ણવોમાંથી મળે છે.

વિવેચન :– પુરાણોમાં પણ દ્રષ્ટાંતો છે કે સાવિત્રીએ સત્યવાનને યમરાજ પાસેથી પોતાના અને પ્રભુનામના પ્રભાવથી છોડાવ્યો હતો. એક ડોકરીનો પુત્ર મરી ગયો હતો તેને વિરકત વૈષ્ણવે ભગવદ નામના પ્રભાવથી જીવાડયો હતો. નારાયણદાસ દિવાને પોતાની સ્ત્રી વીરાંને સજીવન કરી હતી. ગુજરાતી વૈષ્ણવ રણછોડદાસે, ઠગે મારી નાખેલ પોતાના પુત્રને સજીવન કર્યો હતો. આમ ભગવદ નામનો પ્રતાપ બળ બહુજ મોટો છે. માટે જ નંદદાસજીએ કહ્યું છે કે–**કાલકો, કાલ–ઇશ ઇશન કો.**

શ્રીકૃષ્ણ નામસ્મરણથી અવિદ્યાઓની સેના ત્રાસે છે. અવિદ્યાની સેના બહુજ મોટી છે. લક્ષ્મી લાલસા, નાસ્તિકવાદ, કુસંગ, ઉત્તમ કાર્યોથી વિમુખતા, વેદશાસ્ત્રોમાં કહેલાં વચનોથી વિરૂદ્ધ આચરણ, અવિદ્યાના આવાનાના મોટાં મૂળીયાં ઘણાં છે. તે સર્વ શ્રીકૃષ્ણ નામ રટણરૂપ સૂર્યથી જેમ અંધારૂં ત્રાસી અને નાસે છે તેમ એ સર્વ પણ અદશ્ય થઈ છે. અવિદ્યા જીવને પ્રભુ સન્મુખ થવા દેતી નથી. સત્સંગ એ સૂર્ય ઉદય પહેલાંની પૂર્વ દિશાની લાલી છે. તે જોઈ અવિદ્યારૂપ તિમિર ખૂણેખાંચેથી નાસવા માંડે છે. આમ શ્રીકૃષ્ણ નામ રટણથી જીવનાં સર્વ કાર્યો સિદ્ધ અને જીવન સફળ થાય છે.

સંચિત અને ક્રિયમાણ મટે શ્રીહરિના નામે
દેવ પિતૃ ઋણ મનુષ્ય છુટે, શુભ સ્મૃતિ શ્યામે
॥૫॥

ભાવાર્થ :– શ્રીહરિના નામથી **સંચિત** એટલે પૂર્વજન્મોના, અને **ક્રિયમાણ** એટલે ચાલુ જન્મના. સર્વ અશુભો, પાપ-મહાપાપથી નિવૃત્ત થઇ અને ભકત નિર્મળ અને પરમ પાવન બને છે. ઉપરાંત દરેક મનુષ્ય ઉપર દેવઋણ અને પિતૃઋણ હોય છે, પરંતુ શ્રીકૃષ્ણ નામ રટણ અને ભજનથી સેવનથી દેવો પણ પ્રસન્ન થાય છે. અને શ્યામ સ્મૃતિ–ભકિતથી દેવો પોતાના ઋણમાંથી ભકતને મુકત કરે છે. કારણ કે દેવો પણ પ્રભુના દાસ છે. અંશરૂપ છે અને પ્રભુભકિતથી ભકતની એકોતેર પેઢીનો ઉદ્ધાર થઈ જાય છે. જેથી સંચિત અને ક્રિયમાણથી ભયમુકત થઇ જાય છે. અને શ્રીશ્યામની શુભ અને મંગલદાયક સ્મૃતિથી સર્વ અમંગલોથી અને ઋણોથી ભકત છુટે છે.

વૈદિક દષ્ટિએ જોતાં મનુષ્ય ઉપર દેવઋણ અને પિતૃઋણના બોજા બહુજ મોટા હોય છે. જપ–તપ–નિયમ–વૃતો–તીર્થોથી બહુ કષ્ટે અને બહુ વર્ષોએ અગર જન્મોએ, માંડ છુટી શકાય છે. ત્યારે મંગલમય પ્રભુનું ભજન કરવાથી સહજમાં છુટી જવાય છે, કારણ કે પ્રભુ કર્તુ–અકર્તુ–અન્યથા કર્તુ છે. માટે જગતમાં ત્યાગ વૈરાગ્ય સહિત, શ્રીકૃષ્ણ નામનું સદા રટણ કરવું.

॥ શ્રીમન્મથુરેશોજયતિ ॥

વ્રતોત્સવાદિનિર્ણય

લેખક – **શ્રી નિર્ભયરામ ભટ**
અનુવાદક – **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

(ગતાંકથી ચાલુ)

૫ ॥ અથ ભાદ્રપદ શુક્લૈકાદશ્યાં દાનોત્સવઃ ॥

ભાદરવા શુકલ એકાદશીને દહાડે દાનોત્સવ નામનો ઉત્સવ કરવામાં આવે છે, પરંતુ આ એક સદાચાર છે. કેટલાક આ ઉત્સવને વિષે શ્રીમત્ આચાર્યજીના ઉત્સવ માફક સૂર્યોદય વ્યાપિની એકાદશી ગ્રહણ કરે છે. એકાદશીનો ક્ષય છતાં વિદ્ધ (એકાદશી)માં કરે છે, બે દહાડે શુદ્ધમાં એકાદશી (બે એકાદશી) છતાં પેહેલે એકાદશીના દાહાડે ઉત્સવ કરે છે. કેટલાક આ ઉત્સવને દાહાડે ઉપોષણાદિ કરે છે. આ ઉત્સવ કેવલ સદાચાર છે, માટે એના નિર્ણય વિષે મતવાદીઓનો પણ વિશેષ આગ્રહ નથી. કેમકે વેદવાકયની સિદ્ધતા સારૂં પણ બીજા પ્રમાણોની જરૂર નથી, એવું જે મત્સ્ય પુરાણમાં વાકય છે તે બધા મતવાદીઓને પણ માન્ય છે. પણ ઉપોષણને દાહાડે ઉત્સવ કરવો આ મુખ્ય પક્ષ.

તેમજ તત્વબોધિનીમાં તૃતીય સ્કંધમાંના એકાદશમાં અધ્યામાંથી સંવત્સરઃ પરિવત્સરઃ આ શ્લોકના વ્યાખ્યાનમાં વ્રતાદિકોને માટે એકાદશીથી જે માસ ગણાય છે તે વૈષ્ણવ માસ સમજવો, તેમજ ભાદ્રપદ શુકલ એકાદશીને દાહાડે આસો માસનો પ્રારંભ થાય છે ત્યારે જ શરદઋતુનો આરંભ થાય છે, એ વિષે શુદ્ધ એકાદશી લેવી. શરદઋતુમાં દહી, દુધની વિપુલતા હોય છે. તેથી આ ઉત્સવ શરદઋતુમાં ગ્રહણ કર્યો છે. દાનલીલાગ્રંથમાંથી 'અહન્યતિમનોહરે' ઇત્યાદિ શ્લોકમાં આ ઉત્સવને વિષે સ્પષ્ટતા ધારી છે, પરંતુ અહીં આ ઉત્સવનો આરંભ જણાવવાને માટે આ પ્રકાર લખ્યો છે.

૬ ॥ અથ વામનાવિર્ભાવ નિર્ણયઃ ॥

ભાદ્રપદ શુકલ દ્વાદશી (વામનદ્વાદશી) ઉત્સવ. આ વિષે વિષ્ણુશૃંખલ યોગ એકાદશીને દાહાડે હોય તો તે દાહાડે ઉત્સવ કરવો. વિષ્ણુધર્મોત્તર ગ્રંથમાં લખ્યું છે કે એકાદશીને દાહાડે અથવા દ્વાદશીને દાહાડે શ્રવણ નક્ષત્ર યોગ છતાં વિષ્ણુશૃંખલ નામે કરીને યોગ થાય છે. આ યોગ વિષ્ણુ સાયુજ્ય (મોક્ષપ્રાપ્તિ) આપનારો છે.

મત્સ્ય પુરાણમાં પણ એવું વચન છે કે શ્રવણ નક્ષત્ર એકાદશીને સ્પર્શ કરી દ્વાદશીને દાહાડે હોય તો પણ વૈષ્ણવ (વિષ્ણુશૃંખલ) યોગ થાય છે. એ દાહાડે શુચિર્ભૂતથયી વિધીથકી ઉપોષણ કર્યા છતાં પુનર્જન્મ નહિ થવા દેવાવાળી એવી સિદ્ધિ (મોક્ષપ્રાપ્તિ) થાય છે.

દિવોદાસનો મત એમ છે કે એકાદશીની રાતે પેહેલે પ્રહરમાં શ્રવણ નક્ષત્ર યોગ છતાં પણ એકાદશીના દાહાડે ઉપોષણ કરી દ્વાદશીને દાહાડે શ્રવણ નક્ષત્ર જેટલે સુધી હોય તેટલામાં ધારણા (ભોજન) કરવું.

કેટલાક એકાદશીના દાહાડે અહોરાત્રમાં બે કલા (બે ઘટિકા) વિષ્ણુશૃંખલ યોગ થાય તો પણ અહોરાત્ર સુધી છે એમ સમજવો. આ વચનથી કલા માત્ર યોગ મળશે તો પણ અહોરાત્ર સુધી માને છે.

સંપ્રદાયવાળાઓ દિવસનો યોગ પ્રશસ્ત માને છે. અદ્ધોર્દયાદિ પર્વને વિષે ઘણા દિવસનો યોગ પ્રશસ્ત માને છે, રાતનો નથી. જ્યારે એકાદશીને દાહાડે શ્રવણ નક્ષત્ર હોય અને દ્વાદશીને દાહાડે નથી, ત્યારે એકાદશીને દાહાડે ઉત્સવ કરવો. એવું મહામુનિ નારદજીનું પણ વચન છે કે જ્યારે દ્વાદશીને દાહાડે શ્રવણ નક્ષત્ર યોગ નથી, ત્યારે શ્રવણ નક્ષત્રયુકત એકાદશીને દાહાડે ઉપોષણ કરવું. તે એકાદશી પણ પાપનાશક છે, કારણ કે એકાદશીનો તથા દ્વાદશીનો પણ દેવતા પુરાણ પુરૂષોત્તમ ભગવાન શ્રી વિષ્ણુ છે માટે (વામન દ્વાદશીનો ઉત્સવ એકાદશીને દાહાડે કેમ કરવો ઇત્યાદિ) ભેદ ન કરવો. ભેદ કરવાથી નરક પ્રાપ્તિ થાય છે.

જ્યારે એકાદશીને દાહાડે વિષ્ણુ શૃંખલા યોગ નથી ત્યારે એવો નિર્ણય છે કે વામના વિર્ભાવ (વામનોત્પત્તી) મધ્યાન્હ સમયમાં અભિજિત્ મુહૂર્તાત્મક છે, શ્રવણ નક્ષત્ર યોગ મધ્યાન્હ સમયમાં નહિ હોય તો દિનમાનનો પાંચ ભાગ કરી તેમાંથી ત્રીજો ભાગ મધ્યાન્હ કાળ સમજવો, પરંતુ એ વિષે વિશેષ વિચાર છે.

વામન દ્વાદશી બે પ્રકારની છે. મધ્યાન્હ કાળમાં શ્રવણ રહિત અને મધ્યાન્હ કાળમાં શ્રવણ નક્ષત્રયુકત દ્વાદશી તેમાંથી શ્રવણ નક્ષત્ર રહિત દ્વાદશી ચાર પ્રકારની. એકાદશીને દાહાડે મધ્યાન્હ વ્યાપિની, દ્વાદશીને દાહાડે મધ્યાન્હ વ્યાપિની એકાદશી, અને દ્વાદશીને દાહાડે પણ મધ્યાન્હ વ્યાપિનિ અને બન્ને દાહાડે અવ્યાપિની એમાંથી એકેક દાડાની વ્યાપ્તિ હોય તો તે લેવી. પરંતુ બે દાહાડે મધ્યાન્હ કાળમાં દ્વાદશીની વ્યાપ્તિ છતાં એકાદશીને દાહાડે ઉત્સવ કરવો. યુગ્મ વાકયથી એકાદશી અને દ્વાદશી યુકત છે. યુગ્મ વાકયમાં એમ છે કે દ્વિતીયા અને તૃતીયા, ચતુર્થી અને પંચમી, ષષ્ઠી અને સપ્તમી, અષ્ટમી, અને નવમી, એકાદશી અને દ્વાદશી, ચતુર્દશી અને પૂર્ણિમા અમાવાસ્યા અને પ્રતિપદા, એઓની યુગ્મતા થાય છે. એનાથી વ્યસ્ત યુગ્મતાલિધાથી પુરાતન પુણ્ય નાશ થાય છે એવું કાળમાધવીયાદ ગ્રન્થમાં નિગમમોકત છે.

જ્યારે શ્રવણ નક્ષત્ર બે દહાડે ન હોય અને દ્વાદશીની વ્યાપ્તિ બે દાહાડે છતાં બીજે દાહાડે માત્ર મધ્યાહન વ્યાપીની હોય, તો પણ યુગ્મ વાકયથી એકાદશી યુકત દ્વાદશીને દાહાડે ઉત્સવ કરવો. દ્વાદશીને દાહાડે મધ્યાહન કાળમાં શ્રવણ નક્ષત્ર યોગ મળતો હોય તો તે લેવો, આ મુખ્ય પક્ષ. અન્યથા મધ્યાહન કાળથી વ્યતિરિકત (જુદા) સમયમાં મળે તો તે પણ લેવો.

ઉત્સવ પ્રતાન ગ્રન્થમાં લખ્યું છે કે 'શ્રવણસ્યાવશ્યકત્વાત્પ્રાપ્યતેતિથિસ્તુભે' આ વચનમાં 'ઉભે' એવું જે પદ છે તેથી કરી એકાદશી અને દ્વાદશીનું ગ્રહણ થાય છે. ત્રયોદશીનું ગ્રહણ થાતું નથી.

એવું જ ભવિષ્ય પુરાણમાં નારદજીનું પણ વચન છે કે, હે યુધિષ્ઠિર રાજા, વામનોત્પત્તી

એકાદશીમાંથીય છે, પરંતુ બે દહાડે દ્વાદશીની વ્યપ્તિ લેતાં બીજી દ્વાદશી શ્રવણ નક્ષત્રયુકત સૂર્યોદય વ્યાપિની થોડી મળે તો તે લેવી, કેમકે શ્રવણ યુકત 'દ્વાદશી વ્રતને વિષે યોગ્ય છે, એવું નારદજીનું વચન છે.

જ્યારે બીજી દ્વાદશી શ્રવણ યોગ રહિત સૂર્યોદય યુકત હોય અને પછીત્રયોદશી શ્રવણ નક્ષત્ર યુકત મળે તો પણ સૂર્યોદય વ્યાપિની શ્રવણ નક્ષત્ર યુકત દ્વાદશી વ્રતને વિષે લેવી, ઈત્યાદિ નારદ વાકયથી એકાદશીને દાહાડે ઉત્સવ કરવો. વચનમાં શ્રવણ દ્વાદશી એવું સમાસાંત પદ છે. તેનો વિગ્રહ શ્રવણ યુકતા દ્વાદશી શ્રવણ દ્વાદશી એવો થાય છે, માટે ત્રયોદશીનું ગ્રહણ યોગ્ય નથી.

બે દાહાડે સૂર્યોદય વ્યાપિની શુદ્ધ દ્વાદશી છતાં પણ શ્રવણ નક્ષત્ર બીજી દ્વાદશીને દાહાડે મળતું હોય તો નક્ષત્ર યોગ બલથી બીજી દ્વાદશી ઉપોષણને વિષે માનવી, કેમકે તિથિ 'નક્ષત્રયોર્યોગઃ' આ વચનથી બે કલા માત્ર તિથિ અને નક્ષત્ર એઓનો યોગ મળે તો તે યોગ આખા રાત દાહાડા સુધી માનવામાં છે.

પેહેલે દાહાડે વિષ્ણુ શૃંખલ યોગ મળે તો પેહેલે દાહાડે ઉત્સવાદિ કરવો. જ્યારે એકાદશીને દાહાડે શ્રવણ નક્ષત્ર હોય અને દ્વાદશીને દાહાડે નથી ત્યારે પણ એકાદશીમાં ઉત્સવ કરવો.

જ્યારે વિષ્ણુ શૃંખલયોગ રહિત સમ અને વિષમ રીતથી મધ્યાહન કાળમાં બે દહાડે દ્વાદશીની વ્યાપ્તિ હોય છે, ત્યારે પણ રુદ્રેણ દ્વાદશીયુકતા' ઈત્યાદિ યુગ્મ વાકય આધારથી પેહેલે દ્વાદશીને દાહાડે ઉત્સવ કરવો.

દ્વાદશને દહાડે મધ્યાહ્ન કાળમાં શ્રવણ યોગ મળે તો તે મુખ્ય કાળ સમજવો. મધ્યાહ્ન રહિત મળે તો મધ્યમ્, બે દહાડે શ્રવણ યોગ મળે તો મધ્યાહ્ન વ્યાપિની દ્વાદશીમાં ઉત્સવ કરવો. બે દહાડે મધ્યાહ્ન વ્યાપ્તિ પણ ન મળે તો પહેલે દહાડે ઉત્સવ કરવો. ઈત્યાદિ બધું ઉપર કહ્યું છે. (ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની જયંતીલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૪મો)

અધ્યાય ચૌદમો

યદાસત્વે પ્રવૃધ્ધે તુ પ્રલયં યાતિ દે શભૃત્ ।
તદોત્તમવિદાં લોકાનમલાન્પ્રતિ પદ્યતે ॥૧૪॥
રજસિ પ્રલયં ગત્વા કર્મસંગિષુ જાયતે ।
તથા પ્રલીનસ્તમસિ મૂઢયોનિષુ જાયતે ॥૧૫॥

પરંતુ સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે ત્યારે દેહધારી મૃત્યુ પામે તો ઉત્તમ જ્ઞાનીઓના પવિત્ર લોકોને પ્રાપ્ત કરે છે. ॥૧૪॥

રજોગુણમાં મૃત્યુ પામીને કર્મમાં આસકિતવાળાઓમાં તે જન્મે છે, તેમ જ તમો ગુણના મૃત્યુ પામેલો મૂઢ જાતિઓમાં જન્મે ॥૧૫॥

તે પ્રમાણે જે ગુણની વૃદ્ધિ થઈ હોય ત્યારે મરણને પામેલા તે ગુણના સંબંધવાળા દેહની પ્રાપ્તિ તેને થાય છે, એમ 'યદા' શબ્દથી પ્રારંભાતા પદ્ય વડે કહે છે. સત્ત્વગુણ વૃદ્ધિ પામ્મો હોય ત્યારે દેહધારી જીવ મૃત્યુને પામે તો તે ઉત્તમ જ્ઞાનીજનોથી જે જાણવાને યોગ્ય છે તેવા પવિત્ર લોકોને એટલે કે વૈષ્ણવ, બ્રાહ્મણ જેવા કુળને તે મેળવે છે, એમ અર્થ છે. અહીં (મૂળ શ્લોકમાં) 'તુ' શબ્દ છે તે એકબીજાથી ભિન્નતા દર્શાવવા માટે છે. અને વળી, તે જ પ્રમાણે રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે મૃત્યુને પામીને કર્મમાં આસકત હોય તેવા જનોમાં પુનઃ તેવા આચરણથી તેવું ફળ ભોગવવાને માટે જન્મે છે. તેમ જ તમોગુણ વૃદ્ધિ પામે છે ત્યારે મૃત્યુ પામેલો આસુર વગેરે મૂઢ જનોના કુળમાં તે જન્મે છે. ॥૧૪, ૧૫॥

કર્મણઃ સુકૃતસ્યાહુઃ સાત્ત્વિકં નિર્મલં ફલમ્ ।
રજસસ્તુ ફલં દુઃખમજ્ઞાનં તમસઃ ફલમ્ ॥૧૬॥

સારી રીતે કરાયેલ કર્મનું ફળ દોષ રહિત સાત્ત્વિક કહેલું છે. રજોગુણનું ફળ દુઃખ, પરંતુ તમો ગુણનું ફળ અજ્ઞાન કહેલું છે. ॥૧૬॥

તેવી રીતે જન્મેલાનું ફળ શું હોય ? તેવો પ્રશ્ન થાય તો 'કર્મણઃ' વગેરે શબ્દોથી કહે છે. સારી રીતે કરાયેલાં કર્મોનું ફળ, એટલે કે ભગવાનની આજ્ઞાથી, ભગવાનની પ્રસન્નતાના હેતુથી કરાયેલા સાત્ત્વિક કર્મનું ફળ, સાત્ત્વિક એવા વિષ્ણુની પ્રસન્નતાવાળું, એટલે કે દોષ વગરનું હોય છે, એમ વ્યાસ કપિલ વગેરેએ કહ્યું છે, એમ અર્થ છે. (મૂળ શ્લોકમાં આપેલ) 'તુ' શબ્દનો પુનઃ, વળી, એવો અર્થ છે. રજોગુણનું એટલે કે રાજસ કર્મનું ફળ દુઃખ છે, એટલે કે વારંવાર જન્મ પામવો, એનું ફળ કહ્યું છે. તેમ જ તમો ગુણનું એટલે તામસ કર્મનું ફળ અજ્ઞાન છે, એટલે ભગવાનથી વિમુખ રહેવું તે ફળ છે. કર્મનું સ્વરૂપ આગળ અઢારમા અધ્યાયમાં કહેવાશે. ॥૧૬॥

સત્ત્વાત્સંજાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।
પ્રમાદમોહૌ તમસો ભવતોऽજ્ઞાનમેવ ચ ॥૧૭॥

સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી નિશ્ચિતરૂપે લોભ અને તમો ગુણથી પ્રમાદ તથા મોહ થાય છે, તેમ જ અજ્ઞાન છે. ॥૧૭॥

સ્વરૂપના જ્ઞાનના અભાવમાં તેવા પ્રકારનું કર્મ કરવાનું શી રીતે સંભવે ? એવો પ્રશ્ન

થાય તો 'સત્ત્વવાત્' વગેરે શબ્દોથી કહે છે. તેવા પ્રકારના વિશિષ્ટ સ્વભાવનું પ્રાકટ્ય થતું હોવાથી તેવાં કર્મ કરવાનું સંભવે છે. તે જ પ્રમાણે રજોગુણથી પાપમૂલક લોભ સંભવે છે. તે દુઃખાત્મક હોવાથી તેવો તે થાય છે. તમો ગુણથી પ્રમાદ અને મોહ ઉત્પન્ન થાય છે, તેથી તે એના કારણે અજ્ઞાન જ સંભવે છે, એમ અર્થ છે. ।।૧૭।।

ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વાસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ
જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસઃઃ ।।૧૮।

સત્ત્વ ગુણવાળાઓ ઊંચી ગતિને પામે છે, રજોગુણવાળાઓ મધ્યમાં (મનુષ્ય લોકમાં) રહે છે અને નિંદ્ય ગુણવૃત્તિવાળા તમો ગુણીઓ અધોગતિને પામે છે. ।।૧૮।।

હવે ગુણોનું ફળ અને ફળનું સ્વરૂપ 'ઊર્ધ્વમ્' વગેરે શબ્દોથી કહે છે. સાત્વિક કર્મ કરવામાં રત રહેનારાઓ ઊર્ધ્વગતિને પામે એટલે કે સત્ય વગેરે લોકમાં જાય છે. રાજસ કર્મ કરવામાં રત રહેનારાઓ મધ્યમાં એટલે કે દુઃખથી ભરેલા અને રાજ્યસુખના ફળવાળા મનુષ્યલોકમાં રહે છે. નિંદ્ય ગુણ તામસી વૃત્તિવાળા અને તેવાં કર્મોમાં રત રહેનારા તમો ગુણીઓ અધો ગતિને પામે છે, એટલે કે નરક વગેરેને પામે છે અથવા નીચ યોનિઓમાં જન્મે છે. ।।૧૮।।

નાન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રુષ્ટાનુપશ્યતિ ।
ગુણેભ્યશ્વ પરં મદ્ભાવં સોઽધિગચ્છતિ ।।૧૯।।

ગુણો સિવાય અન્ય કોઈ (દેખાતા ભેદનો) કર્તા નથી. એમ જ્યારે દ્રષ્ટા જુએ છે અને (આત્માને) ગુણોથી પર જાણે છે તે મારા ભાવને પામે છે. ।।૧૯।।

એ પ્રમાણે પોતાની ઇચ્છાથી પોતાની ક્રીડા માટે ઉત્પન્ન કરેલ ગુણો વગેરેનું સ્વરૂપ કહીને હવે કહે છે કે, ઉચ્ચ, મધ્યમ કે નીચ એવા ગુણધર્મવાળાં કરેલાં કર્તવ્યમાં ઉચ્ચપણાની ભાવના વગરનો, મારી ક્રીડાના જ્ઞાનવાળો, ગુણોના સંગ વગરનો જે છે તે મારી ભકિતને મેળવે છે. એ પ્રમાણ ભકિતની પ્રાપ્તિ માટે ગુણોનું નિરૂપણ કર્યું છે, એમ 'નાન્યમ્' વગેરે શબ્દોથી કહે છે.

મારી કૃપા થવાના વિશિષ્ટ સમય, દ્રષ્ટા એટલે જોનારો, સારા નઠારાની સમજવાળો એવો જે ભકત છે તે મારા સ્વરૂપને પામે છે અને પોતાની ક્રીડા અર્થે પ્રગટ કરેલ (સત્ત્વ વગેરે) ગુણો વડે કરીને સર્વના મૂળરૂપ કર્તાને અંતર્દષ્ટિથી જુએ છે અને બીજા કોઇને જોતો નથી તે ભકત મારા ભાવને પામે છે. અને ગુણોનાં વિચિત્ર એવાં રૂપો વડે પરમ પુરુષોત્તમને જે જાણે છે તે ભકત મારા ભાવને પામે છે એટલે કે મારી ભકિતને મેળવે છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છેઃ ગુણો વડે થયેલી વિવિધ વિચિત્રતા દેખાય છે. પુરુષોત્તમના માહાત્મ્યજ્ઞાન વડે સર્વત્ર તેવા પ્રકારની વિચિત્રતા દ્દષ્ટિ ગોચર થાય છે. તે તે રૂપે પ્રગટ થયેલા તેના કર્તાને તેમ જ જેવી રીતે ભગવાનનાં પોતાનાંને જ જુએ છે તેવી રીતે તે જુએ છે અને બીજું કાંઇ જોતો નથી, તેવો મારો ભકત મારા ભાવને પામે છે. ।।૧૯।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી વિરચિત

અંતઃકરણપ્રબોધ

(શ્રીશ્યામલાત્મજ શ્રીવ્રજરાજકૃત વિવરણનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ૧૧મો)

અનુવાદ : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

(એ પ્રમાણે આજ્ઞા કરવા અંગે અને તેનું પાલન ન કરવા અંગે સંબંધિત સ્થિતિ દર્શાવીને તેનાથી જે સિદ્ધ છે તેને હવે પછી કહેતાં,) ભગવાનને સર્વસ્વનું અર્પણ એ જીવનો ધર્મ છે. પરંતુ પછી પ્રભુ પોતાની ઇચ્છાથી જે કરે તે ભલે કરે. તે પણ તેવો જ સ્વધર્મ પાળ્યો છે, એમ હોવાથી ચિંતા રહિત થઇને રહો, એમ 'સર્વમ્' વગેરે શબ્દોથી કહે છે,

ભક્તિથી એટલે કે સ્નેહપૂર્વક બધું સમર્પિત કર્યું તેથી તું કૃતાર્થ છો, સુખી થા ,સુખપૂર્વક રહે, પરિણામે સુખ જ, એ રીતે તું સુખી થા, એમ કહ્યું. (મૂળ શ્લોકમાં) 'સર્વમ્' એવું પદ છે તેનાથી લૌકિક, રસના સ્થાનરૂપ દેહના સંબંધવાળા ભાવથી ભરેલ અને અલૌકિક એમ બધું જ જણાવ્યું છે.

જ્યારે દેહનું પણ સમર્પણ કર્યું છે ત્યારે સંબંધ થવાથી દેહથી રક્ષા કરવી, એ પ્રમાણે લૌકિક રસરૂપ દૃષ્ટાંત આપીને (તે પ્રમાણે કરવાની આવશ્યકતા) 'પ્રૌઢા અપિ' વગેરે શબ્દોથી કહે છે. પ્રૌઢા એટલે રસયોગ્યા, પાકટ વયની છતાં પોતાના સ્નેહને કારણે પુત્રીને તેના પતિને ત્યાં જેમ મોકલાય નહિ તેમ દેહના સંબંધમાં કરવું નહિ. પોતાનો દેહ સાથે સંબંધ હોવાથી ભગવાનની સેવામાં પોતાના દેહને જોડવાનું કર્તવ્ય વિસારે પાડવું નહિ; પરંતુ લૌકિક છતાં ભાવભરપૂર દેહથી ભગવદંસને યોગ્ય એવી સેવા અવશ્ય કરવી. તેવી રીતે સેવા ન કરવામાં વર એટલે કે પ્રભુ બીજી રીતે પ્રસન્ન થશે નહિ. જેવી રીતે પતિ પોતાની પત્ની વિના પ્રસન્ન રહેતો નથી તેમ જ પ્રભુ પણ પ્રસન્ન થશે નહિ. અહીં પણ સમર્પણ કર્યા પછી મુખ્ય ભાવ એવો જ કહેવાયો છે. એમ જણાવવા માટે જ પહેલા અપાયેલાં દૃષ્ટાંતમાં 'રાજપત્ની' પણ કહ્યું છે. બીજા અપાયેલા દૃષ્ટાંતમાં પણ તેમ જ કહ્યું છે. ॥૮$\frac{૧}{૨}$ ॥

(એ પ્રમાણે દેહ ઉપરના સ્નેહના ત્યાગપૂર્વક દેહથી સેવા જ કરાવવી જોઇએ, એમ નિર્ધાર કરીને પહેલાં ભગવાને પરીક્ષા વગેરે અર્થે વિલંબ કર્યો, મારી શી ગતિ થવાની છે એવી જે ચિંતા કરી તે ગુણને માટે જ થઇ, દોષને માટે નહિ. એવી ચિંતા જેનો અંગીકાર થયો નથી તેને થતી જ નથી, પરંતુ જેનો અંગીકાર થયો છે તેઓને જ તેવી ચિંતા થાય છે. એ પ્રમાણેના આશ્વાસન માટે મુખ્ય દૃષ્ટાંતથી પરિચય કરાવ્યા પછી કહેતાં) આ સેવા વગેરેના અભાવમાં બધું જ વ્યર્થ છે, એમ 'લોકવત્' વગેરે શબ્દોથી કહે છે.

જો સમર્પણના અભાવે મારી સ્થિતિ લોકોના જેવી એટલે કે સામાન્ય મનુષ્યોના જેવી થાય તો શું થાય ? અહીં ફલ શબ્દ અદ્ધ્યાહાર છે. એનો તું વિચાર કર. શું થાય ?

કાંઈ ન થાય, એમ અર્થ છે. (તેમ જ તેવા પ્રકારની સ્થિતિના અભાવમાં જ તે ગુણનો પરિચય કરાવનાર થાય છે, એવો ભાવ છે.) ખરેખર એવા ભાવની બધી ફળરૂપતા છે, એ સત્ય છે. તેનો પરમ ભાવ અશક્ય હોવાથી તેની પ્રાપ્તિ શી રીતે થાય ? (એમ ચિંતા તો થાય, એમ હોય તો તું ભયભીત છે, ત્યારે તેવા પ્રકારની ભીતિમાં ભગવાન પણ દયાળુ જ છે,) એમ 'અશક્યે' વગેરે શબ્દોથી કહે છે. જ્યારે અશક્ય હોય છે ત્યારે શ્રીહરિ એટલે કે અકારણ સર્વ દુઃખોને હરી લેનાર જ છે. અહીં 'શરણ' શબ્દ અધ્યાહાર છે, (એટલે કે અશક્ય પરિસ્થિતિમાં શ્રીહરિનું શરણ છે,) તેથી શ્રીહરિના અભાવમાં બધું જ વ્યર્થ છે. એ પ્રમાણે લૌકિક વિચારથી કોઈ પણ રીતે અશક્યની પ્રાપ્તિ માટે મોહને વશ થવુ નહિ, મોહ પામવો નહિ. ॥૧૦॥

એ પ્રમાણે સાવધાનતાનું નિરૂપણ કરીને (આથી પર શંકારૂપી પિશાચિની મનમાં પ્રગટ જ ન થાય તેથી) 'ઇતિ' શબ્દથી ઉપસંહાર કરે છે.

'ઇતિ' એટલે એ પ્રકારે, અથવા સમાપ્તિમાં શ્રીકૃષ્ણ પ્રત્યે દાસભાવ પામેલા શ્રીવલ્લભનું રસરૂપતાથી પ્રિયના ચિત્ત (સ્મૃતિ પ્રગટાવનારા અંતઃકરણ) પ્રત્યે હિતકર વચન છે, એમ અર્થ છે. જે વચન ધ્યનાપૂર્વક સાંભળીને એટલે કે ચોતરફથી તત્પર થઇને સાંભળીને, ભક્ત થઇને ચિંતા રહિત ભાવને એટલે કે અલૌકિકતાને તે પામે. ॥૧૧॥

પોતાના આચાર્યશ્રીએ કહેલાં ચિત્તને સાવધ કરનારાં વાક્યો નિરંતર હૃદયમાં વસી રહો કે જેથી સ્વયં શ્રીહરિ પ્રસન્ન થાય. ॥૧॥

એ પ્રમાણે શ્રીમત્પ્રભુરણની રેણુ જેમનું ધન છે એવા (શ્રીશ્યામલ્લના આત્મજ શ્રીવ્રજરાજજી) શ્રીએ રચેલું 'અંતઃકરણપ્રબોધઃ' ઉપરનું વિવરણ પૂરું થયું.

પૃષ્ઠ પ્રકાશન સહાયક દ્વિમાસિક

શ્રીમતી ચુનીબેન હરગોવનદાસ ઉગરચંદ ભગત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ હ. પ. ભ. શ્રી નટવરલાલ હરગોવનદાસના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સહિત]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૬ મુ, રાગ-રામકલી

પ્રફુલ્લિત વન વિવિધ રંગ જલકત યમુના,
તરંગ સૌરભ ઘન આમોદિત અતિ સોહાવનો;
ચિંતામણી કનક ભૂમિ છબિ અદ્‌ભૂત લતા,
ભૂમિ શીતલ મંદ અતિ સુગંધ મરુત આવનો. (૧)
સારસ હંસ શુક ચકોર ચિત્રિત નૃત્ય સુમોર,
કલકપોત કોકિલા કલ મધુર ગાવનો;
યુગલ રસિક વર વિહાર "પરમાનંદ" છબિ,
અપાર જયતિ ચારૂં વૃંદાવન પરમ ભાવનો. (૨)

ભાવાર્થ-પરમ રમણિય શ્રીયમુનાજીનાં તીરે વૃંદાવન વિવિધ પ્રકારના પુષ્પોથી વિવિધ રંગે ઝલકી રહ્યું છે. શ્રીયમુનાજીનાં તરંગો, વન પુષ્પોના સૌરભથી અમોદિત એટલે અતિ હર્ષોલ્લાસ સહ ગાઢી મકરંદથી શોભી રહ્યાં છે. આવી સુંદર શોભાથી મનોરમ્ય શ્રીવૃંદાવન શોભી રહ્યું છે. જ્યાં ભૂમિ સર્વ ચિંતામણી અને સુવર્ણમયી છે. અદ્‌ભૂત શોભા સહ લત્તાઓ સર્વ ઝુમિ રહી છે. શિતલ, મંદ, સુગંધ વાયુની લહેરોથી વૃંદાવન વિશેષ રીતે શોભી રહ્યું છે. શ્રીયમુના તીરે સારસ, હંસ, શુક, ચકોર અને સુંદર રીતે નૃત્ય કરી રહેલા મયૂરો વૃંદાવનની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા છે. કપોત (હોલાં), કોકિલા વગેરે મધુર સ્વરથી સુંદર ગાન કરી રહ્યાં છે. શ્રીયુગલ રસિકનો પરમ રસમય વિહારનો પરમ આનંદ અને અપાર શોભાના સાગરરૂપ આવા પરમપ્રિય અને રહસ્યમય શ્રીવૃંદાવન શોભી રહ્યું છે. આવા શ્રીવૃંદાવનનો જય થાઓ.

વિવેચન-પરમાનંદદાસજીએ લીલાધામ શ્રીવૃંદાવનના મૂળ સ્વરૂપ અને લીલાઓનું વર્ણન કરી જીવોને વૃંદાવનના સ્મરણ અને માનસીની સુંદર રાહ બતાવી છે. શ્રીવ્રજ ભૂમિના પ્રાણરૂપ અને શોભારૂપ-આભૂષણરૂપ અને સર્વ વનોમાં મુખ્ય સારરૂપ શ્રી વૃંદાવનનું આવું વર્ણન લીલા મધ્યપાતિ હોય તેજ વર્ણન કરી શકે. પરમાનંદદાસજી પ્રભુની લીલામાં પ્રભુના 'તોક' સખા છે અને અષ્ટ સખીઓમાં 'ચંદ્રભગાજી' રૂપે છે એઓ એજ સાક્ષાત્ દર્શન કરીને વર્ણન કર્યું છે. લીલાભૂમિ શ્રી વૃંદાવનમાં અષ્ટ પ્રહર-નિરંતર અને નિત્ય નૂતન ક્ષણે ક્ષણે નૂતન રીતે વિહાર છે. આવા વૃંદાવનનો જય થાઓ.

-ક્રમશઃ

॥ શ્રીવલ્લભો જયતિ ॥
॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૭ મો
ગતાંકથી ચાલુ

રઘુવર બ્યાહુ જનકપુર ભાવા, અવધપુરી સમનગર સુહાવા
જિમિ હરિ બલ મથુરા મહારાની, સુભગા સુહત દ્વારિકા માની
વિષ્ણુરાત કુલમણિ નૃપ ન્યારા, ઇન્દ્રપ્રસ્થ સમ યહ શૃંગાર
માનવ ભીર ભઇ ચહું ભારી, નિરખ નિરખ બોલત બલિહારી

દોહા–રાજ્ય નિવાસી નગરજન, પ્રફુલિત ભયઉ અપાર
બાજત બાજે મધુર સ્વર, નૌબત ઔર નગારા
પરમાનન્દ મગન પ્રજા, ગાવત દ્વિજવર ગાન
મંડપ મંદિર નૃપ ભવન, સોહત સુખદ મહાન

ચોપાઈ–રાધેશ્યામ

મંડપ કરવાયા થા વિશાલ, શોભિત પટ ભૂષણ હારોંસે
પુષ્પો કે વિવિધ વિતાન બને, સોહત મંડપ ઇન દ્વારોંસે
ચહું કનકબેલિ પટ કુસુમ માલ, સુસજ્જિત યુપ બનાયે થે
દ્વારોં પર દર્પણ હાંડીહ, ઝૂમર મેં દીપ જલાયે થે
સત પુરુષોંકે વચનામૃતકી, પટ્ટિયાં ચહું લગવાઇથી
સોને કે શુક પિક મયુર ચહું, ઇન ચચું ધ્વજિ લહરાઇથી
પુનિ લાલ કેશરી હરે પીત, પટ મંડપ પર બંધવાયે થે
પંચરંગી બિછાને રેશમકે, મંડપ બૈઠક બિછવાયે થે
પુનિ નગર નિવાસી રાવ ધનિક, ઇન સભા બિલગ રચવાઇથી
કોવિદ આચાર્ય ત્રિયાઓંકી, બૈઠક ભી સુભગ બનાઇથી
ચંદન ફુલેલ અતિ અગરુ કુસુમ, સોંધી સુગંધ પ્રસરાયરહી
ધાવત ભ્રમરે ચહું દ્વારોંસે, ગુંજત ધ્વનિ મધુર સુહાય રહી
મંડપ કિય શિલ્પ કલાકારી, ચહું શિલ્પ કલા દિખલાઇથી
ઇશ અવતારોંકી મહત કૃતિ, દર્શન સે રતિ બઢવાઇથી
મંડપ કે મધ્ય સુવર્ણ મંચ, ઇનિ પર મંડપ બનવાયાથા

શતમન સોનેકા સિંહાસન, વહુ મંડપ મેં ધરવાયા થા
નૃપ મંદિર માન હું ઇન્દ્ર ભવન, શોભાલખશોભા લજ્જિતથી
ધ્વનિગીત વિવિધ વાજીન્ત્ર નૃત્ય, ઉપમા પર ઉપમા સજ્જિતથી
શૃંગાર સહિત સોહત વાહક, બીરોંને નૌબત બજવાઈ
કોવિદ વિરાગી ઉમરાવ ધનિક, સબ સ્વાર સવારી આતે હેં
ચારણ નટ ગુણિ ગાયક નૃતિકા, આબાલ વૃધ્ધ હરખાતે હેં

દોહા – બુલવાયે થે નૃપત ને, દેશ વિદેશી લોગ
કવિ નાયક નટિકા ગુણી, ઉત્સવ કે સહયોગ
શ્રાવણ મેં ઉમડત નદી, સાગર સુખદ સમાય

શ્રીના કનકાભિષેક માટે તન મન ધન સર્વ ન્યોછાવર કરતો વિષ્ણુ રાતના ઉત્તમકુલને શોભાવતો શ્રીકૃષ્ણદેવ રાજા પોતાનું નિત્યકર્મ આટોપી રાણી મિનાક્ષીદેવીના મનોરથને સિદ્ધ કરતો આનન્દમાં ઉન્મત શ્રીકૃષ્ણ ભકતોમાં શિરોમણી ધનુર્ધારી અર્જુન જેના પૂર્વજ છે, ઇન્દ્ર ઇન્દ્રના અંશરૂપ દાદાઓને પ્રસન્ન કરતો, રાજ મંદિરથી નીચે આવી સર્વ મુખ્ય પુરૂષો કે જે આ કાર્યમાં અગ્રણી છે, તેમને સ્નેહપૂર્વક કહેવા લાગ્યો–

મારા પરમ પૂજ્ય પુરોહિતો અને સૈન્યના નાયક તથા રાજકુટુંબી, કલાકારો, ચતુરંગી સૈન્ય સાથે શ્રીમાન શ્રીવલ્લભ પ્રભુને પ્રાર્થના પૂર્વક તેમના મુકામે જઇ ઇન્દ્ર દાદા પોતાના પુરોહિત શ્રીગુરુ બૃહસ્પતીને પધરાવે તેમ તમો સર્વ અતિ માન સાથે પધરાવી મંડપમાં કનકાભિષક નિરખવા ઉત્સુક બનો.

રત્નજટીત પાલખી સાથે લઇ જતાં શ્રીમાનની ઇચ્છા અનુકૂલ વરતી આજ્ઞા મુજબ સ્વારી સ્વારીના નિયમથી પધરાવતાં મને સર્વ પ્રકારે આનંદદાઇ બનો.

મારાથી સ્વારીમાં ન અવાય કારણ કે સામે સમૈયાની રીત સન્મુખ પૂજન યજમાનનું હોવાથી મારી પરમ ભાગ્યવાન મિનાક્ષી સાથે શ્રીવલ્લભ વામન પ્રભુનું પૂજન કરી બલિરાજા સમાન આજે ભાગ્યશાલી બની દાદા ઇન્દ્રદેવે આજ ગોવિંદ પ્રભુનો અભિષેક વ્રજમાં કરેલ અને સંશયવશ એકાન્તમાં અપરાધના ભયે વ્રજજનો વંચિત રાખ્યા.

મારી સર્વ પ્રજા વ્રજજનો બની વાજતે ગાજતે જગ પ્રસિદ્ધ મારા ઇશ્વરને શતમણ સુવર્ણના સિંહાસન પર આરૂઢ કરી અભિષેકનો લાભ લઈ ઇન્દ્રિયોનું સાફલ્ય કરો.

શ્રીકૃષ્ણદેવની આજ્ઞા થતાં સર્વ સમાજ સાધન સામગ્રી, સૈન્ય, ગાયકો, નટી, કલાકારો સાથે વિદાય લેતા શ્રીવલ્લભના મુકામે આવ્યા. રાજપુરોહિત, કુટુંબી તથા વૃદ્ધ સચિવો શ્રીવલ્લભ પ્રભુને સ્વારી સાથે મંડપમાં પધારવા વિનંતિ કરતાં, શ્રીવલ્લભ પ્રભુ તે વખતે આર્દ્ર

હૃદયે રાણી મિનાક્ષી દેવીની ભકિત તથા રાજાના પ્રેમનું સેવકો આગળ વર્ણન કરતાં કહેવા લાગ્યા—

પાલખીમાં મારી પાદુકા પધરાવો, તેનું સ્થાન પાલખીમાં નીચે રાખવું; અને બાજઠ ઉપર શ્રીમદ્ ભાગવતજી પધરાવવા, તેનું સ્થાન ઉંચુ રાખો. મારૂં તથા ઠાકોરજીનું બિરાજવું થયું તેમ માની, સર્વ મારી સાથે ભારતના સર્વ આચાર્યો પધાર્યા છે, તેનો ક્રમ સંપ્રદાયના ક્રમ પ્રમાણે વૈષ્ણવો સનાતની, પછી અન્ય આચાર્યો, પછી પંડિતોનો ક્રમ સ્વારીમાં રાખી જલ્દીથી મંડપ તરફ રવાના થાઓ.

આ પ્રમાણે આજ્ઞા કરી શ્રીવલ્લભ રાજ મંદિરથી નીચે પધારતાં સર્વ આચાર્યો અતિ માન સાથે વેદ ધ્વનિ કરતા સર્વ પંડિતો મંત્ર વાદ્ય ગીત વિવિધ પ્રકારોથી મહામાન દેતાં ક્રમવાર સ્વારી સુસજ્જિત કરતા શૂરવીરો વાહનો સાથે શોભવા લાગ્યા. આ સ્વારી દેવસ્વારી માફક શોભવા લાગી.

શ્રીવલ્લભ પ્રભુ પાસે વૈષ્ણવ આચાર્યો તથા સનાતની સર્વ મતાનુયાઓ તેમ વૈષ્ણવ સંપ્રદાયના સારા કીર્તનકારો, તેમ પોતાના સર્વ સેવકો, પિતૃચરણના સર્વ શિષ્યો અધિકાર મુજબ ક્રમથી છત્ર, ચંતર, મોરપંખાના મુઠા, શંખ, છડી, જાલર, ઘંટા, મૃદંગ, ઝાંઝ વગેરે ગ્રહણ કરી કીર્તન કરતાં ક્રમ બદ્ધ ચાલવા લાગ્યા.

દોહા – ચલત વિપ્ર આચાર્યજન, સ્વારી દિવ્ય સુહાય
જિમિ સુરપતિ નિજ સૈન્ય સહ, અમર પુરી પથવાય
નૃપન સૈન્ય નૌબત સહિત, ચનિક બનિક સબ કોય
ચલત વિવિધ રચના રચત, નિરખત વિસ્મય સોય

સ્વારીમાં આગળ ઉંટ, હાથી, ઘોડા રથ કારો ધ્વનિ સાથે ચાલતા, પાછળ અગ્યાર લાખ સૈન્યના સરદારો કવચ ધારણ કરેલા ચાલતા હતા, તે પાછળ ચારણો, નટો, કવિઓ અને હાસ્યવિનોદી પુરૂષો ચાલતા, દરેકના મનને આનંદ દેતા હતા. એમની પાછળ વાહનો પર સાજીંદાઓ સાથે ગવૈયા ગાન મધુર વાદ્યો સાથે કરતા દેખાતા હતા, તેમની પાછળ વિજય નગરના સર્વ ક્ષત્રિયો તથા મહીસુર, મદુરા, ત્રાવણકોર, તીજારના ક્ષત્રીઓ ઉત્સવમાં દિવ્ય આભુષણોથી ક્ષત્રિયપણાને શોભાવતા પગપાળા તરવારો કમર પર લટકતી શોભાયાત્રા શોભતી હતી.

પૃષ્ઠ પ્રકાશન સહાય ત્રિમાસિક રૂા. ૧૫૦

પ. ભ. શ્રીમતી કાન્તાબેન કીલાચંદલાઇ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભ : ॥

॥ ગોપીજન વલ્લભાય નમ : ॥

"શ્રી વલ્લભ તવાસ્મિ"

લેખક-- પ્રો. **જીવનલાલ જોશી**

(ગતાંકથી ચાલુ)

શ્રીમદ્ વૃંદાવનનાં લતાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૦)
શ્રીમદ્ વૃંદાવનનાં નાયિકા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૧)
મુગ્ધા, મધ્યા, પ્રૌઢા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૨)
પ્રગલ્ભા, ખંડિતા, યૌવના બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૩)
ધીરા, અધીરા, ધીરા ધીરા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૪)
શતદલ શ્યામા સુંદરી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૫)
શ્રીમદ્ વૃંદાવનનાં વિલાસી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૫૬)
શ્રીમદ્ વૃંદાવનનાં વિહારી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૭)
શ્રીમદ્ વૃંદાવનનાં વિહાર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૮)
શ્રીમદ્ વૃંદાવનનાં વિલાસ બોલે; શ્રીવલ્લભ તમાસ્મિ (૫૯)
શ્રીમદ્ વૃંદાવનનાં વાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૦)
શ્રીમદ્ વૃંદાવનનાં રાસ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૧)
શ્રીમદ્ વૃંદાવનનાં ઘાસ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૨)
શ્રીમદ્ વૃંદાવનનાં કણ કણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૩)
શ્રીમદ્ વૃંદાવનનાં સુખાસન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૪)
શ્રીમદ્ વૃંદાવનનાં ગોવર્ધન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૫)
શ્રીમદ્ વૃંદાવનનાં યમુના બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૬)
શ્રીમદ્ વૃંદાવનનાં રમણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૭)
શ્રીમદ્ વૃંદાવનાં રમણ સ્થાન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૮)
શ્રીમદ્ વૃંદાવનનાં સખીજન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૯)
શ્રીમદ્ વૃંદાવનનાં ગોપીજન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૦)
શ્રીમદ્ વૃંદાવનનાં વલ્લભા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૧)

શ્રીમદ્ વૃંદાવનનાં શ્યામા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૨)
શ્રીમદ્ વૃંદાવનનાં યુગલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૩)
શ્રીમદ્ વૃંદાવનનાં વાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૪)
રાસ વિલાસી બોલે-વારેવારે બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૫)
રાસ વિહારી બોલે-હોશે-હોશે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૬)
સ્વયં શ્યામા-શ્યામ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૭)
સ્વયં યુગલની મધ્યા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૮)
સ્વયં શ્રીવલ્લભ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૯)
શ્રીવલ્લભનાં વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૮૦)

આ માસના ઉત્સવ

અધિક જેઠ વદ ૧૧ તા. ૧૦-૬-૮૮ શુક્રવાર પદ્મિની એકાદશી વ્રત

અધિક જેઠ અમાવાસ્યા તા. ૧૪-૬-૮૮ મંગળવાર પુરૂષોત્તમ માસની સમાપ્તિ

બીજા જેઠ સુદ ૧ તા. ૧૫-૬-૮૮ બુધવાર ગંગાદશહરા પ્રારંભ પનઘટ, જલ ક્રિડા.

આજથી શ્રીયમુનાજીના પદ પુનમ સુધી બોલાય. બીજા જેઠ સુદ ૫ તા. ૧૯-૬-૮૮ રવિવાર

રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટયદિન (સં ૧૮૩૬)

બીજા જેઠ સુદ ૧૦ તા. ૨૫-૬-૮૮ શનિવાર શ્રીગંગા જયંતિ શ્રીયમુનાજીનો ઉત્સવ

બીજા જેઠ સુદ ૧૧ તા. ૨૬-૬-૮૮ રવિવાર નિર્જલા એકાદશી વ્રત

બીજા જેઠ સુદ ૧૪ તા. ૨૮-૬-૮૮ મંગળવાર

જયેષ્ઠાભિષેક, સ્નાન યાત્રા (જયેષ્ઠાનક્ષત્ર આજે હોવાથી) શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૯૪૯)

બીજા જેઠ સુદ ૧૫ તા. ૨૯-૬-૮૮ બુધવાર પૂર્ણિમા વટ સાવિત્રી વ્રત

(ટાઈટલ ત્રીજા પાનેથી ચાલુ)

પ્રથમ નંબર–પ. ભ. દેશાઈ દિનેશકુમાર જયંતિલાલ વડોદરા જપ સંખ્યા ૩,૭૪,૦૦૦ દ્વિતીય નંબર પ. ભ. પટેલ અલકાબેન કનુભાઈ વડોદરા જપ સંખ્યા ૨,૫૩,૦૦૦ તૃતીય નંબર પ. ભ. રાઠોડ કિશોરચંદ્ર નાતુભાઈ વડોદરા જપ સંખ્યા ૨,૨૦,૦૦૦

પ્રથમ નંબરનું ઈનામ પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજીની શ્રી કલ્યાણરાયજીના મંદિર બહાર ચોગાનમાં તા. ૨૯–૨–૮૮ના રોજ સભા થઈ હતી ત્યારે અને દ્વિતીય અને તૃતીય નંબરને શ્રી મહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવ સમયે તા. ૧૪–૪–૮૮ના રોજ આપવામાં આવેલા.

જુનાગઢ–શ્રીમહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ ધ્વજવંદન, પ્રભાત ફેરી, શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ, શોભાયાત્રા, સભા–વધાઈ–કિર્તન વગેરે વિવિધ કાર્યક્રમથી ઉજવવામાં આવ્યો હતો.

આં. રા. પુ. વૈ. પરિષદના ઉપક્રમે અને વૈષ્ણવ સમાજ તથા જુનાગઢના ડીડીઓ, ટીડીઓના સાથ સહકારથી ૧૦૦૦ કીલો શુદ્ધ ઘીની સુખડી બનાવી તેના પેકેટો નાના મોટા ગામોએ ગરીબ લોકોને તથા હોસ્પીટલમાં પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના વરદ હસ્તે બાટવામાં આવેલ.

કેટલ કેમ્પના લાભાર્થે રામાયણ સપ્તાહનું આયોજન થયેલ. વકતા પાલીતાણાના શ્રી રમેશભાઈ શુકલ હતા.

વિરમગામ–પુ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પુ. પા. ગો. શ્રી વ્રજેશબાવાશ્રીના અદયક્ષ સ્થાને અને પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રીના માર્ગદર્શન તળે શ્રી વ્રજચંદ્રજીના મંદિરમાં "સિદ્ધાંત રહસ્ય" ગ્રન્થ ઉપર જ્ઞાન ગોષ્ઠીનું તા. ૨–૫–૮૮ થી તા. ૯–૫–૮૮ સુધી આયોજન થયુ હતું. મુખ્ય પ્રવકતા પ્રા. શ્રી શાંતિલાલ નાગરદાસજી બાંભણિયા હતા.

સિહોર–શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ શોભાયાત્રા–વધાઈ ગાનથી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારમાં ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. આ સમગ્ર ઉત્સવના મનોરથી પ. ભ. શ્રીમતી રમાબેન વોરા હતા.

પુષ્ટિપરાગ તથા સત્સંગના સંયુકત આયોજનથી યોજવામાં આવેલ નિબંધ હરિફાઈમાં ૧૭૦ જેટલા વૈષ્ણવોએ ભાગ લીધેલ. તે બધા નિબંધ પુ. પા. ગો. શ્રી રાજેશ બાવાશ્રી (કડીવાળા)ને નિર્ણય માટે મોકલાયા છે. વિજેતાઓને નિર્ણય થયે જાણ કરાશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેકને "સદામન ગોકુલમેં રહીએ" પુસ્તક મોકલાયેલ છે. જેમને મળ્યુ ન હોય તેમણે પત્રથી જાણ કરવી.

રાજકોટ :– આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ અને પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સમાજ આયોજીત પૂ. પા. ગો. શ્રી વ્રુજેશકુમાર બાવાશ્રીની અધ્યક્ષતામાં ગોસંવર્ધન અને દુષ્કાળ રાહત સમિતિ દ્વારા સહાયના આયોજનને પહોંચી વળવા અને પાણી વિતરણ માટે "સરગમ કલબ"ના સહયોગથી શાસ્ત્રી મેદાનમાં "શ્રી સર્વોત્તમ સ્તોત્ર"ની સપ્તાહનું આયોજન તા. ૭–૫–૮૮થી તા. ૧૪–૫–૮૮ સુધી કરવામાં આવ્યું હતું. આ સપ્તાહના મુખ્ય પ્રવકતા પૂ. પા. ગો. શ્રી દ્રુમિલકુમારજી બાવાશ્રી (સુરત–વડોદરા) હતા, તા. ૧૨–૫–૮૮ ના રોજ સાંપ્રદાયિક પ્રશ્નોતરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જવાબો પૂ. પા. ગો. શ્રી વ્રજેશ કુમાર બાવા શ્રી તથા પૂ. પા. ગો. શ્રી દ્રુમિલકૂમાર બાવાશ્રીએ આપેલા હતા. આ સપ્હાત રાત્રિના ૯થી૧૨ સુધીના સમયની યોજવામાં આવેલ હતો. સીટી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સપ્તાહમાં વૈષ્ણવ સમૂહે તન–મન–ધનથી સહયોગ આપી આયોજનને પ્રોત્સાહન આપેલ.

(ટાઈટલ બીજા પાનેથી ચાલુ)

સાંજના શ્રી ગોવર્ધનનાથજીના મંદિરેથી શોભાયાત્રાનો પ્રારંભ થયેલ અને શ્રી મોટી હવેલીએ સભાના રૂપમાં ફેરવાય ગયેલ. તેમાં પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી બાવાશ્રીના વચનામૃત ઉપરાંત અગ્રગણ્ય વૈષ્ણવોના પ્રવચનો થયા હતા. આ સભામાં શ્રી વલ્લભ ગુણગાન કિર્તનીયા મંડલી"નાં ઉપક્રમે વયોવૃદ્ધ કીર્તનીયા અને લેખક શ્રી રવજીભાઈ વેલજીભાઈ મીસ્ત્રી "વ્રજ"નું પૂ. બાવાશ્રીના વરદ કરકમલથી સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું,

મૂળ અલરેલી નિવાસી અને હાલ ધોરાજી નિવાસ કરતા પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રીને ચૌદ વર્ષની વયે મુંબઈ મુકામે પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના પિતાશ્રી પૂ પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીએ બ્રહ્મસંબંધ કરાવેલ. તે સમયમાં બીલખાથી શ્રીકૃષ્ણદાસભાઈ (સત્સંગના આદ્ય તંત્રી) અમરેલી આવ્યા. તેઓની દષ્ટિમાં આ શ્રી રવજીભાઈ મીસ્ત્રી આવ્યા અને તેમણે કૃપા કરી પુષ્ટિ સિદ્ધાંતો–કીર્તન શૈલી અને પુષ્ટિ માર્ગના ધર્મો અને મર્મોનું સિંચન કરી જુનાગઢ, બાંટવા પરગણાના ગામોમાં વૈષ્ણવ સૃષ્ટિમાં જાણીતા કર્યા અને ભકિત બીજને વિકસાવ્યું. ત્યારબાદ શ્રીકૃષ્ણદાસભાઈએ "સત્સંગ" માસિક પ્રગટ કરવાની શરૂઆત કરી અને તેમાં ગદ્ય–પદ્યના લેખક તરીકે શ્રી રવજીભાઈ મીસ્ત્રીને આગવું સ્થાન આપ્યું અને વર્ષો સુધી તેમણે સાહિત્ય સેવા આપી. ત્યાર પછી વડાળી, ભાયાવદર હવેલી સંગીતના સુપ્રસિદ્ધ કીર્તનકાર ગો. વા. પ. ભ. શ્રી વલ્લભદાસભાઈ બાપોદરાના પરીચયમાં આવી તેમની સાથે કીર્તનો ગાવાનો ખૂબ આનંદ લીધેલ પછી ઉપલેટા, સુપેડી, મોટી મારડ ભાવનગર, અમદાવાદ ફરી ધોરાજીમાં સ્થીર થયા, ઉપરના ગામોના વૈષ્ણવ સમાજના સંગ–સમાગમથી ભકિત બીજ ખૂબ વિકસ્યું અને જ્યાં સત્સંગ–કીર્તન મંડળો હતા તેમને ખૂબ પ્રોત્સાહિત કર્યા અને જ્યાં ન હતા ત્યાં નવા સ્થાપન કરાવ્યા અને વૈષ્ણવ સૃષ્ટિના કૃપા પાત્ર બન્યા, પૂ. પ્રથમેશજી બીલખા પધાર્યા અને પ. ભ. શ્રી શામજીભાઈ મીસ્ત્રી (હાલ મુંબઈ) દ્વારા શ્રી પ્રથમેશજીની દષ્ટિમાં આવ્યા અને તેઓશ્રીની કૃપા દષ્ટિથી સર્વાંગી વિકાસ સરલ બન્યો. આપશ્રીએ પોતાનો જાણી કૃપા કરી, ચરણ છાયામાં રાખી ગદ્ય–પદ્ય ઉપરાંત અન્ય સેવાઓ અંગીકાર કરી શ્રી રવજીભાઈ મીસ્ત્રીના જીવનને સફલ અને ફલ ફલિત કર્યું. ધોરાજીમાં કીર્તન મંડલી તૈયાર કરી અને મુંબઈ નિવાસ દરમ્યાન ત્યાંની કેસરીયા મંડલીને નામશેષ થતી જોઈ તેને વ્યવસ્થિત કરી વિકસાવવામાં અગત્યનો ફાળો આપેલ અને અત્યારે ૮૦ વર્ષની વયે પણ "શ્રીવલ્લભ–સંદેશ" અને "શ્રીવલ્લભ સુધા" સામાયિકોમાં પોતાની ગદ્ય–પદ્ય સાહિત્ય રચનાની સેવાઓ આપી રહ્યા છે. તેમના જીવનમાં બે સૂત્રો મોટામાં મોટું કાર્ય કરી રહ્યા છે. (૧) "શ્રીવલ્લભ શરણ થકી સહુ :પડે સહેલું" અને (૨) "ભકતજન પદરજ પ્રતાપે સકલ સરીયાં કાજ."

શ્રી રવજીભાઈ મીસ્ત્રીની કીર્તન–ધોળ ગાવાની કલા લુપ્ત પ્રાય: ન થાય અને ભવિષ્યમાં કીર્તનકારોને માર્ગદર્શન સાથે આનંદપ્રદાન થતું રહે તે માટે તેમના ચિ. શ્રી ગોવિંદભાઈ મકવાણાએ શ્રી રવજીભાઈ મીસ્ત્રીના જીવનભરના હવેલી સંગીતના અનુભવને ૪ કેસેટોમાં ટેપ કરી વારસાને સાચવી રાખ્યો છે.

શ્રી રવજીભાઈ મીસ્ત્રીએ "વ્રજ" ઉપનામથી પુષ્ટિ ગદ્ય પદ્ય સાહિત્ય લખેલું તેમાં ઘણું પ્રસિદ્ધ થયું છે અને હજુ પણ અપ્રગટ ઘણું છે. તેઓ તંદુરસ્તી સાથે પુષ્ટિ સાહિત્ય સેવા દિર્ઘાયુ ભોગવી આપતા રહે તેવી શુભકામના.

વડોદરા :– પ. ભ. શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા, વડોદરાવાળાએ "સત્સંગ"માં અષ્ટાક્ષર મંત્ર લખવાની જાહેરાત આપી નોટો મફત લખવા આપી હતી. જેમાં નીચે પ્રમાણેના ભગવદ્ ભકતોને શ્રીમદ્ ભાગવતનું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત શ્રી સુબોધિનીજી તત્વાર્થ દીપ નિબંધ આદિ ગ્રંથોના આશય સાથે) ગુજરાતી ભાષાંતર ભાગ ૧ લો સ્કંધ ૧થી૯ પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના વરદ હસ્તે તેમજ પૂ. પા. ગો. શ્રી દ્રુમિલ બાવાશ્રીના વરદ હસ્તે આપવામાં આવેલ.

(વધુ માટે જુઓ પાનું ૨૪મું)

બેની પ્રીત કદિ ના કરીએ ! !

(ઢાળ : હરિ હાથ ઝાલો મારો, પ્રભુ હાથ ઝાલો મારો....)

બેની પ્રીત કદિના કરીએ, પ્રીતડીમાં લાજી મરીએ,
પ્રીતડીમાં થાતી હાનિ રે, બેની પ્રીત કદિના કરીએ....૧
પ્રીતે પતંગ દીપક જરિયો અંગ દહીને પ્રાણ ગુમાવ્યો,
એવી હાનિ પ્રીતે થાતી રે, બેની પ્રીત કદિના કરીએ....૨
એક ભ્રમર ઉડતો આવ્યો, જલ સૂત કમળે લોભાયો,
પ્રીતે કમળમાં જ બિડાયો રે, બેની પ્રીત કદિના કરીએ ...૩
એક સારંગ ભમતો આવ્યો, વેણું નાદમાં જીવ લોભાયો,
પ્રીતે ઉરમાં બાણ ભોંકાયો રે, બેની પ્રીત કદિના કરીએ....૪
મારી માધવ સંગે પ્રીતિ, તોયે રહેતી મુજમાં ભીતિ,
ક્યારે **'રમણ'** કરે એમ જોતી રે, બેની પ્રીત કદિના કરીએ....૫

બેની પ્રીત વલ્લભની કરીએ ! !

(રાગ : ઉપરનો)

બેની પ્રીત વલ્લભની કરીએ, તેમાં ઝુરી ઝુરી મરીએ,
નયનોમાં નીર ઉભરાયે રે, બેની પ્રીત વલ્લભની કરીએ....૧
નયનોમાં નીંદ ના આવે, જાણે અરૂણ છુપાયો નયણે,
વિરહાનલ અગ્નિ સળગેરે, બેની પ્રીત વલ્લભની કરીએ....૨
એવા તાપમાં પાપો જરતાં, દેહ કંચન વરણો બનતાં,
મારો વા'લો બિરાજે તન માં રે, બેની પ્રીત વલ્લભની કરીએ....૩
વા'લો પતિત પાવન કહાવે, દયા કરી દયા ઉર લાવે,
વહાલો દૈવી જીવને તારે રે, બેની પ્રીત વલ્લભની કરીએ....૪
વહાલે ગોવર્ધન કર ધારી, વાસવ વૃષ્ટિ નિવારી,
ધર્યું નામ ગોવર્ધન ધારી રે, બેની પ્રીત વલ્લભની કરીએ....૫
એવા શ્રી ગોપીજન વલ્લભ, જે દૈવી જીવને સુલભ,
વા'લો **'રમણ'** કરે વ્રજ મોંહેરે, બેની પ્રીત વલ્લભની કરીએ....૬

લેખક : રમણલાલ મહાસુખલાલ શેઠના સદૈન્ય ભગવદ્ સ્મરણ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ: ॥

આં. રા. પુ. વૈ. પરિષદના ગુજરાતભરના કાર્યકરોનું રાજકોટ ખાતે યોજાઇ રહેલ સંમેલન.

આં. રા. પુ. વૈ. પરિષદના પ્રેરણાદાતા અને ધર્માધ્યક્ષ, પ્રથમ પીઠાધિશ્વર પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી ખાસ પધારી વૈષ્ણવોને સ્વકર્તવ્યનો બોધ કરાવશે.

સંમેલન સ્થળ : અરવિંદભાઇ મણીઆર હોલ, જ્યુબીલી બાગ, રાજકોટ.
તા. ૧૦-૭-૮૮ રવિવાર સવારે ૧૦ થી ૧ સાંજે ૪ થી ૭

પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી તા. ૭-૭-૮૮ બપોરે રાજકોટ પધારશે.

પત્રવ્યવહાર સંપર્ક :- ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાળા
C/o ભાવેશ મેટલ્સ, કંસારા મહાજન વાડી, લોહાણાપરા, રાજકોટ.
ફોન : દુકાન ૨૮૮૬૯ ઘર : ૨૫૭૭૦

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૪ ॐ જુલાઇ, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧.

સમાચાર

"દેશમાં વૃક્ષોનું છેદન થઇ ગયું અને પરિણામે વરસાદ ન પડયો અને દુષ્કાળની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આમાંથી કાયમી ઉકેલ લાવવા વૃક્ષો માટે વિધેયાત્મક તથા નિષેધાત્મક કાર્યો કરવા આં. પુ. વૈષ્ણવ પરિષદે જે કાર્ય ઉપાડયું છે તેને વૈષ્ણવો સહયોગ આપે તેવી અપીલ જુનાગઢ શ્રી પુરુષોત્તમલાલજીની હવેલીમાં પુ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજના અધ્યક્ષપદે યોજાયેલી વૈષ્ણવોની સભાને સંબોધતા જણાવ્યું.

આ સભામાં આં. પુ. વૈ. પ. આયોજીત ગૌસંરક્ષણ અને દુષ્કાળ સેવા કાર્ય તરફથી જુનાગઢ વિસ્તારમાં ચાલતા ૧૨૮ કેટલ કેમ્પોમાં સહાયભૂત બનવા રૂપિયા એક લાખનો ચેક પુ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીને પરિષદના સંગઠન મંત્રી શ્રી પ્રોફે. ચીમનભાઈ શેઠના હસ્તે અર્પણ કરવામાં આવ્યો. પરિષદ તરફથી જુતાગઢ વિસ્તારમાં આ પહેલા ૨૫ હજાર ૧૧, હજાર, ૩૧ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા શ્રી શેઠ પ્રવચન આપતાં જણાવ્યું કે કોઈ પણ સપ્રદા ના આચાર્યશ્રીના વિરૂદ્ધ થતા લખાણોનો વિરોધ કરીએ અને હમણાં શ્રી સ્વામી નારાયણ સંપ્રદાયના આચાર્યશ્રી સહજાનંદ સ્વામીની વિરૂદ્ધમાં થયેલા લખાણ અંગે વિરોધ દર્શાવી પરિષદ તેની સામેની કાર્યવાહીમાં સહકાર આપશે તેવી જાહેરાત કરી છે. પરિષદ દ્વારા ગૌસેવા અને માનવ સેવાની વિસ્તૃત જાણકારી શ્રી શેઠે આપી હતી.

સનાતન ધર્મના સંરક્ષણ–સંવર્ધન, પુષ્ટિમાર્ગના પ્રચાર–પ્રસાર તથા વર્તમાન પરિસ્થિતિમાં ગૌસેવા માનવ સેવાના કાર્યો કરવા તથા વૈષ્ણવ સમાજને પરિષદના નેજા હેઠળ કટિબદ્ધ બની સંગઠિત બને તેવી પુ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજે વૈષ્ણવ સમાજને અનુરોધ કર્યો હતો.

ગુજરાત પ્રદેશના સહ મંત્રીશ્રી ડાયાલાલ કંસારા રાજકોટ જીલ્લા તથા શાખાના મંત્રીશ્રી હરસુખભાઇ ખખ્ખરે પ્રાસંગિક પ્રવચન કરી ગૌસેવા અને માનવ સેવાના કાર્યોનો અહેવાલ આપ્યો.

સ્વાગત પ્રવચન શ્રી હરકિશનભાઈ શેઠ, ફુલહાર શ્રી નાનજીભાઈ મેખડીવાળા તથા આનંદ–આભારની લાગણી શ્રી જયેન્દ્રભાઇ રાજપરાએ કર્યો. શ્રી વલ્લભભાઈ દલાલે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું.

આ પ્રસંગે પ્રદેશના પદાધિકારી, રાજકોટ, ધોરાજી, બીલખાના વૈષ્ણવ કાર્યકરોએ હાજર રહી પ્રોત્સાહન પુરૂ પાડયું.

માલધારીઓ માટે વૈષ્ણવાચાર્યની અપીલ……

વલ્લભ વંશજ ગો. શ્રી વૃજેશકુમારજી (કામવનવાળા) એ સમગ્ર સૌરાષ્ટ્રના વૈષ્ણવોને અનુલક્ષીને એક જાહેર અપીલ કરી છે. અપીલ નીચે મુજબ છે.

ગીરના માલધારીઓની પરિસ્થિતિ અતિ વિકટ છે. હાલ વિવિધ સ્થળે જે ઢોરવાડા શરૂ થયા છે તેમાં મોટાભાગે ખેડુતોના ઢોર નભે છે. માલધારીઓ ગીર છોડી શકે તેમ નથી. કેમકે તેમના ઢોર દુઝણાં ન હોઈ શહેરમાં આ ઢોરનો નિભાવ શકય નથી. વળી, ગીરમાં હવે ખડનું તણખલું પણ રહ્યું નથી. ઝાડનાં પાંદડા તથા ડાળખાં કાપી, ખાંડીને માલધારીઓ ઢોરને જેમ તેમ નિભાવે છે. પશુરક્ષા અને જીવરક્ષા એ વૈષ્ણવ સંપ્રદાયનો મૂળભુત સિદ્ધાંત છે કેમ કે એમનું સત્ય સ્વરૂપ જ ગોપાલ અર્થાત ગાયોના પાલક એવા કૃષ્ણ પ્રભુનું છે. તો આપણાં માલધારી બંધુઓ તથા પશુધનની રક્ષા માટે, સમસ્ત સૌરાષ્ટ્રનો વૈષ્ણવ સમાજ યથાશકિત સેવાનો સહયોગ આપે તેવી મારી હાર્દિક અપીલ છે. સમાજના સહયોગ સિવાય પશુઓ તથા પશુપાલકો ઉગરી શકે તેમ નથી. તો યથાશકિત સહુ કોઈ વૈષ્ણવ પોતાની ભેટ ડ્રાફટ યા ચેક દ્વારા નીચેના સરનામે તાત્કાલીક મોકલી આપે તેવી મારી અપીલ છે.

મે. **પોપટલાલ હીરાચંદ**, કાપડના વેપારી, ખત્રીવાડ, **રાજકોટ.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વર્ષ ૭ : અંક ૪ * જુલાઈ, ૧૯૮૮

લાલન તેરી ચીતવની ચીતહીં ચુરાવે

ભાવાર્થ : **ગો. વા. પ. ભ. રવજીભાઇ મિસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

પદ : લાલન તેરી ચીતવની, ચીતહીં ચુરાવે;
નંદગામ વૃષભાન પુરા બીચ, કોઉ ચલન ન પાવે. ૧
હોં તો ભરોં ડરોં નહી કાહુ, લલિતા દ્રગન ચલાવે;
'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધન ધર્યો સો કયોં ન બતાવે. ૨

ભાવાર્થ :– નંદગામ અને બરસાના વચ્ચે જ સંકેતવનમાં શ્રી લલિતાજીનું કુંજસ્થળ અને નિવાસ છે. ત્યાં શ્યામસુંદર આવીને મનમાની કરવા લાગ્યા. ત્યારે લલિતાજીએ આંખ બતાવીને સ્નેહભર્યા નયને.થી કહ્યું કે, મહારાજ ! આપ ભલે બીજાની સાથે લંગરાઈ–ઢીઠાઇ કરો, પરંતુ મારા પાસે નહિ ચાલે હો ! હું તો તમારા સાથે ઝગડીશ પણ ડરીશ નહિ. માટે મારી સાથે સખણા રહેજો. તમારાથી ડરે એ બીજી ગોપી ! હું તો આપને કરી બતાવીશ. મહારાજ ! તમારી દૃષ્ટિ એવી છે કે ગમે તેવી ગોપીને પણ વશ કરી લઇ મન માન્યું કરી લ્યો છો પરંતુ આ તો લલિતા છે. કોઇ ભોળી–ભાળી ગોપી નથી હો !

ત્યારે કુંભનદાસના પ્રભુ ગોવર્ધનધર કહે છે કે લલિતા ! ગોવર્ધનધારણ કરી તમને સહુને મારી નિકટ નિકટ રાખી સર્વ સુખ આપ્યું હતું તે શું તું ભૂલી ગઇ, તે અત્યારે ઝઘડવા તૈયાર થઇ છે. નંદગામ બરસાના વચ્ચે મનમાની કરૂં છું તેમજ ગોવર્ધન ધારણ સમયે તમારા સાથે પણ મે તો મનમાની જ કરી હતી, ત્યારે ઝઘડો ન કરતાં ચૂપચાપ સુખ ભોગવી લીધું હતું.

આ સાંભળી લલિતાજી પ્રભુને પોતાની કુંજમાં પધરાવી ગયા અને સર્વ સુખ માણ્યું.

[પ.ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી એમનું આ અંતિમ લખાણ "શ્રી વલ્લભ સુધા"ને મોકલાવી નિકુંજલીલાનું સુખ માણવા સિધાવી ગયા.]

- * શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

ઈન્દ્ર પર પ્રભુ પ્રસન્ન અને બ્રહ્માજી પર અપ્રસન્ન શા માટે ?

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

શ્રીભાગવતજીમાં શ્રીગોવર્ધન પૂજાનો પ્રસંગ બહુ પ્રસિદ્ધ છે. પ્રતિ વર્ષ વ્રજવાસીઓ સુવૃષ્ટિ અર્થે સ્વર્ગના રાજા ઇન્દ્રની પુજા કરતા પણ શ્રીબાલકૃષ્ણ પ્રભુના સુચનથી ઇન્દ્ર પુજા બંધ રાખી વ્રજવાસીઓએ શ્રીગોવર્ધન પુજા કરી.

આથી ઇન્દ્રનો અહં ઘવાયો તેણે કોપાયમાન થઈ અતિવૃષ્ટિથી વ્રજવાસીઓને **ત્રસ્ત** કરવા પ્રયત્ન કર્યો, ઇન્દ્રે મુસળધાર વરસાદ વરસાવ્યો. આખું વ્રજ જળબંબાકાર થઇ ગયું.

ઈન્દ્રની સાન ઠેકાણે લાવવા શ્રીબાલકૃષ્ણ પ્રભુએ પોતાના એક શ્રીહસ્તની ટચલી આંગળીથી શ્રીગિરિરાજ પર્વતને ઊઠાવી લીધો અને વ્રજની ગાયો અને ગોપ–ગોપીઓને ગિરિરાજની છત્રછાયામાં સાત દિવસ રાત્રી પર્યંત આશ્રય આપ્યો અને વ્રજભકતોનું રક્ષણ કર્યું.

ઇન્દ્રનું અભિમાન ઓગળી ગયું ! આખરે તે પ્રભુને શરણે આવ્યો દીન બની ઇન્દ્રે પ્રભુની પ્રાર્થના કરી અને દંડવત્ કર્યા પરમકૃપાળુ શ્રીબાલકૃષ્ણ પ્રભુ ઇન્દ્રે આપેલો પરિશ્રમ ભુલી જઇ તેના ઉપર પ્રસન્ન થયા.

શ્રીમદ્‌ભાગવતજીનો બીજો એક પ્રસંગ છે ગોવત્સહરણ અને ગ્વાલ બાલહરણનો. બ્રહ્માજીને શ્રીકૃષ્ણ પરબ્રહ્મ હોવાની શંકા આવી આથી પરીક્ષા કરવાના હેતુથી બ્રહ્માજી દૂર ચરતા વાછરડાંઓ અને કૃષ્ણના મિત્રો એવા ગ્વાલબાલોનું હરણ કરી તેમને માયાલયમાં અંતર્ધાન કરી દે છે.

બ્રહ્માજીને પાઠ ભણાવવા શ્રીકૃષ્ણે અનેક રૂપો ધારણ કરી વાછરડાં અને ગ્વાલબાલોનું સર્જન કર્યું બ્રહ્માજી વ્રજમાં એના એજ ગોવત્સ અને ગ્વાલબાલોને જોઇ પ્રભુની અકળ લીલા અને પ્રભુના સ્વરૂપને સમજી ગયા આથી તેમણે કરેલા ગોવત્સ અને ગોપબાલોને હાજર કર્યા અને પ્રભુની પ્રણત ભાવે સ્તુતિ કરી કૃપાળુ પ્રભુએ બ્રહ્માજીને ક્ષમા તો કરી પણ તેમની સ્તુતિથી પ્રસન્ન થયા નહીં.

પ્રભુના અપરાધી તો ઈન્દ્ર અને બ્રહ્માજી બંને ઠર્યા આમ છતાં ઈન્દ્ર શરણે આવ્યો ત્યારે પ્રભુ પ્રસન્ન થયા અને બ્રહ્માજી શરણે આવ્યા તેમ છતાં તેમના પર અપ્રસન્ન થયા આનું કારણ શું ?

શ્રી મહાપ્રભુજીએ આપણા પર કૃપા કરી આ ભેદ શ્રીસુબોધિનીજીમાં સરળ રીતે સમજાવ્યો છે.

આપશ્રી કહે છે કે ઇન્દ્રે સાત સાત દિવસ સુધી અતિવૃષ્ટિ વરસાવી શ્રીબાલકૃષ્ણ પ્રભુને ખુબ પરિશ્રમ આપ્યો પરંતુ આવું કરવા છતાં ઇન્દ્રે વ્રજભકતોને અને પ્યારી ગાયોને પ્રભુથી વિમુખ કરી નહીં પણ પ્રભુની સન્મુખ કરવાની સેવા બજાવી તેણે અપરાધ કર્યો હોવા છતાં પ્રભુની આ પ્રકારની સેવા કરી તેથી પરમ કૃપાળુ પ્રભુ તેનો દોષ ભુલી જઈ તેના પર પ્રસન્ન થયા,

જ્યારે બ્રહ્માજીએ આથી વિપરીત આચરણ કર્યું હોવાથી પ્રભુ તેમના પર પ્રસન્ન થયા નહીં. પ્રભુને નિજ ભકતોનો વિયોગ કરાવ્યો તેથી પ્રભુ તેમના પર પ્રસન્ન કેમ થાય ?

આપણા શ્રીબાલકૃષ્ણ પ્રભુ કેટલા બધા ભકતપ્રિય છે !

ભગવદાશ્રય

પ્રેષક : પ. ભ. શ્રી નટવરલાલ એમ શેઠ (અરાદ)

વલ્લભીય સૃષ્ટિ અનોખી અને અલૌકિક સૃષ્ટિ છે. વલ્લભીય સૃષ્ટિના જીવો બ્રહ્માની સૃષ્ટિના જીવ નથી. શ્રી વલ્લભના અંગીકૃત જીવો છે. શ્રીવલ્લભનો સંબંધ છે. બ્રહ્માની સૃષ્ટિના જીવો લૌકિક છે એ પોતાના સુખને માટે જીવન જીવે છે. પોતાના સુખ માટે જીવે એ ગૃહસ્થ ભાવના કહેવાય. ભગવાનના સુખ માટે જે કાંઇ કરવામાં આવે તે ભગવદીય.

વ્રજભકતો ગૃહસ્થી હતાં, પરંતુ તેમની તમામ ક્રિયાઓ ભગવાનને લક્ષ્યમાં રાખીને થતી હતી ભગવાનના કાર્યમાં પોતાનું કાર્ય થતું હોય છે જ ! ચિત્તમાં ભગવાનની સતત સ્મૃતિ રહે અને સર્વકાર્ય ભગવાનને અર્થે કરવાં. એ કહેવાય ભગવદીય ભાવના.

આજે સત્સંગ નથી મળતો સ્વ માર્ગીય સંગને જ સત્સંગ કહી શકાય. આપણા માર્ગનું જ્ઞાન ઉચ્ચ સત્સંગ વિના મળતું નથી. આપણા સ્નેહમાર્ગમાં અન્યતા એક માત્ર મહત્વની અને પાયાની વાત છે.

પ્રભુ શ્રીહરિ બીજ તત્ત્વ છે. આ જ એ સર્વનું મૂળ છે. બીજ વિના વૃક્ષ તો ઠીક, અંકુર પણ ફૂટી શકે નહિ. બીજ તત્ત્વ સર્વનો આધાર છે. બીજમાંથી સર્વ કાંઈ ઉત્પત્તિ થઈ શકે છે. શ્રીગુસાંઇજી આ વાત શ્રીસર્વોત્તમજીમાં બતાવે છે. "શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ" સ્વ માર્ગીયજનોના સંગ વગર શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો સમજી શકાતા નથી.

ભકિત માર્ગ તો પરાપૂર્વથી અખંડિત ચાલ્યો આવે છે. એ સર્વોપરી માર્ગ છે. શાસ્ત્રોમાં અનેક સાધનો બતાવવામાં આવ્યાં છે. અત્યારે એ સાધનો બની શકે તેમ નથી જ શ્રીવલ્લભ પ્રભુએ પોતાના અંગીકૃત જીવો ઉપર ખુબ કરુણા–દૃષ્ટિ કરી, બિચારા દીન હીન દશામાં જીવતા પોતાના જીવોની આપને ખુબ દયા ઉપજી અને વિના સાધને ભગવદ્ પ્રાપ્તિ કરાવનારો વિલક્ષણ માર્ગ, પૃથક શરણ માર્ગ જીવોને બતાવ્યો મહા ઉદાર મહાપ્રભુજીએ શરણે લઇને "સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ સર્વ શકિતધૃક "પોતાનાદાસને એક વાત બતાવી કે સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ" સ્વસ્યાય મેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન" નિજજનોને સર્વ સિદ્ધાન્ત સમજાવ્યો કૃપાનાથે અસીમકૃપા કરી. "નિવદન તું સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ" ભગવદીયોનો, જે અનન્ય છે તેવાઓનો સંગ કરવાની આજ્ઞા કરી. તાદૃશી–જેને શ્રીવિઠ્ઠલેશ પ્રભુમાં અપાર સ્નેહ છે. જેની ચિત્તની સ્થિતિ શ્રીહરિમાં છે. તેવા જનનો સગ કરવા સુચન કર્યું અને "સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજધિપઃ" આજ્ઞા કરી.

"પ્રભુઃ સર્વ સમર્થોહિ તતો નિશ્ચિંતતાં વ્રજેત" પ્રભુ સર્વ સમર્થ છે. જે કંઇ શુભ અશુભ થાય છે. તેમાં હરિ ઈચ્છા માનવી. પોતાના દાસનું પ્રભુ કદાપિ અહિત કરતા નથી. એ નિશ્ચિત વાત છે. માટે હર સંજોગોમાં ભગવદ્ ઈચ્છા જ જાણવી અને ઉદાસીનતા દુર કરી, ધીરજ ધરી, વિવેકપૂર્વક આશ્રય આધાર દૃઢ કરતાં રહેવું ખુબ જ અનિવાર્ય છે. શ્રીહરિની ઇચ્છા મુજબ જ સર્વ કાંઇ થતું હોય છે. કશુંયે શુભ યા અશુભ જે કાંઇ

થતું હોય છે તેમાં શ્રીહરિનો કોઇને કોઈ ગૂઢ સંકેત હોય જ છે અને આખરે પોતાના દાસનું તો હિત જ કરે છે. જીવ દૃષ્ટિથી આપણે એ સમજી શકતા નથી. જેથી વૃથા ચિંતા કરતા હોઇયે છીએ. સેવા સર્વોપરિ છે.

શ્રીહરિરાયજી મહા પ્રભુજી તો સત્સંગ ઉપર ખુબજ ભાર મૂકે છે. સત્સંગ સમાન કશું નથી. આપણા માર્ગના તમામ આચાર્યો એ જ આજ્ઞા કરે છે કે વૈષ્ણવો ભેગા મળીને સત્સંગ કરો. સત્સંગ દ્વારા જ આપણે શ્રી આચાર્ય ચરણના સિદ્ધાન્તો સમજી હૃદયંગમ કરી શકશું.

સત્સંગ અનન્ય ભગવદીયનો ફલિત થાય છે, અનન્ય ભકતોને સાધારણ ન સમજવા એકાશ્રયનું દઢાશ્રયનું અતુલિત બળ એમની પાસે હોય છે. ભગવદ્ ભકતો ગુલાબના છોડ સમજો તો કાંટા (દોષો) સામે નજર ન કરતાં ફકત ફુલની જ ચાહના કરો. અતિ સુગંધિત ચંદન અને બટ મોગરાનો ફણિધર (કાળ) પણ આશ્રય કરી રહ્યા છે એ ન ભૂલશો. પોતાનું ઝેર એને કલુષિત કરવામાં અસફળ રહે છે. ઉલટાનું એ ભયંકર કાળરૂપ ફણિધર પણ એમના આશ્રયે અપાર સુખ શાંતિનો અનુભવ કરી રહે છે.

અનન્ય ભગવદીયોની ભાષા હૃદયની હોય છે. જે હૃદય સોંસરવી ઉત્તરી ભવોભવના દર્દ દુર કરી શકે છે. ભગવદીય એને કહી શકાય જે અનન્ય હોય, એકાશ્રયી હોય દઢાશ્રયી હોય શ્રી મહાપ્રભુજી એ હૃદયમાં બિરાજે છે જેમાં શંકા નથી શ્રી મહાપ્રભુજી પુર્ણ બ્રહ્મ છે, પોતે આનંદના નિધિ છે. જેમના રોમ રોમમાં અનંત કોટિ પરબ્રહ્મનાં સ્વરૂપો બિરાજી રહ્યાં છે. એ પ્રભુ અચન્ય વલ્લભીયને વશ છે.

શ્રીવિઠ્ઠલેશપ્રભુ આજ્ઞા કરે છે “સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાં ભોજવિષ્ટર” શ્રીહરિના સેવા સ્મરણ કિર્તન ગુણાનુવાદમાં જ ક્ષણે ક્ષણ રાચતા એવા અનન્ય ભગવદીયના હૃદયમાં એ સર્વેશ્વર પ્રભુ સદા સર્વદા બિરાજે છે. પ્રભુ પતિવૃતાના પતિ છે. આપણે આપણા ઉધ્ધારક એ પ્રભુનો જ દઢ આશ્રય કરીયે આપણા પ્રભુ વિરૂધ્ધધર્માશ્રયી છે કર્તું, અકર્તું, અન્યથા કર્તું, સર્વ સામાર્થ્યવાન છે. પોતે અલૌકિક અગ્નિ સ્વરૂપ છે વલ્લભકુલ નિષ્કલંક છે.

“અલૌકિક અગ્નિકુલ સબ
અલૌકિક અષ્ટ છાપ હે,
અલૌકિક સબ ભકતજન,
જો શરન લીને આપ હે.”

મુળ પુરૂષમાં ઉપરનું પ્રમાણ છે. વળી આપ વિદ્ધધર્માશ્રયી છે.

શ્રીવલ્લભ ચાહે સોઇ કરે,
જો ઇનિકે પદ દઢ કર પકરે
મહાભવ સિંધુતરે,
વેદપુરાન સુધડતા સુંદર,
ઇન બાતે ન તરે,
શ્રીવલ્લભ શ્રી વિઠ્ઠલ તજ કે,
ભવ સાગર મેં પડે.
નાથ કે નાથ અનાથ કે બંધુ,
અવગુન ચિત્ત ન ધરે,
‘**પદ્મનાભ** કો અપનો જાન કે
બુડત કર પકરે.

સ્વ માર્ગીય સંગ દુર્લભ થયો છે અનન્ય ભગવદીયો મળતા નથી. મળે તો આપણે ઓળખી શકતા નથી ભગવદાશ્રય કોણ કરાવે ! ઉત્તમ સંત્સંગ મળતો નથી જીવનનો ભરોસો નથી દુઃસંગનો પટ વિના વિલંબે ચડી જાય છે. સારી અને સાચી સમજ મળે તો ક્ષણમાં બેડોપાર થઇ જાય પરંતુ ! સત્સંગ વગર સારી અને સાચી સમજ ક્યાંથી મળે ? આપણે સત્સંગ માટે સદા આર્તિ કરીએ, શ્રીવલ્લભાધીશ શ્રીવિઠ્ઠલેશ પ્રભુનો દૃઢ આશ્રય કરીએ, અંતમાં ભગવદ્ પ્રાપ્તિ માનવ જીવનની ચરમ સીમા છે. અને ભગવાનની પ્રાપ્તિ જ જીવનમાં ઇષ્ટ છે આપણે હરહંમેશ ભગવદાશ્રયની ઇચ્છા રાખીએ તો ભગવાન અવશ્ય આપણા હૃદયમાં ભગવદાશ્રય કરાવશે. પ્રભુ સર્વ કાંઇ કરવાને સમર્થ છે. ભગવાન માટે કશું અશક્ય નથી. માત્ર આપણી તીવ્ર ઇચ્છા, ભગવદાશ્રયની સદા સર્વદા અતિ પ્રબળ હોવી જોઇએ.

આ માસના ઉત્સવ

જેઠ વદ ૧૧ તા. ૯–૭–૮૮ શનિવાર, યોગિની એકાદશી.

અષાડ સુદ ૨ તા. ૧૫–૭–૮૮ શુક્રવાર, ચંદ્રદર્શન, રથયાત્રા.

અષાડ સુદ ૫ તા. ૧૯–૭–૮૮ મંગળવાર, શ્રી દ્વારકધીશ (કાંકરોલી)નો પાટોત્સવ, ગ્રીષ્મઋતુ પૂરી થઈ.

અષાડ સુદ ૬ તા. ૨૦–૭–૮૮ બુધવાર, કસુંબા છઠ્ઠ, રંગીન વસ્ત્રનો પ્રારંભ, દક્ષિણના શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ, વર્ષાઋતુની શરૂઆત થઈ ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૧૦ તા. ૨૪–૭–૮૮ રવિવાર, બેંગણ દશમ.

અષાડ સુદ ૧૧ તા. ૨૫–૭–૮૮ સોમવાર, દેવશયની એકાદશી, ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ.

અષાડ સુદ ૧૫ તા. ૨૯–૭–૮૮ શુક્રવાર, વ્યાસ (ગુરુ) પૂર્ણિમા, મન્વાદિ તિથિ, કચોરી પૂનમ, ચાતુર્માસના નિયમનો પ્રારંભ, જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો.

અષાડ વદ ૨ તા. ૩૦–૭–૮૮ શનિવાર, હિંડોળાનો પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૧–૮–૮૮ સોમવાર, શ્રી ગોકુલનાથજી (ગોકુલ)નો તથા શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ, અહીં આજથી હિંડોળાનો પ્રારંભ.

અષાડ વદ ૮ તા. ૫–૮–૮૮ શુક્રવાર, શ્રી જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૧૧ તા. ૮–૮–૮૮ સોમવાર, કામિકા એકાદશી વ્રત.

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૫મો)

અધ્યાય ચૌદમો

ગુણાનેતાનતીત્ય ત્રીન્દેહી દેહસમુદ્ભવાન્ ।
જન્મમૃત્યુજરાદુઃખૈર્વિમુક્તોઽમૃતમશ્નુતે ॥૨૦।

દેહની ઉત્પત્તિના કારણરૂપ આ ત્રણ ગુણોને ઓળંગી જઇને જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થાનાં દુઃખોથી છુટેલો જીવાત્મા મોક્ષને પામે છે. ॥૨૦॥

ફલતઃ મારા ભાવને પામેલો ગુણકે દોષથી લેપાતો નથી, એમ 'ગુણાન્ એતાન' વગેરે શબ્દોથી કહે છે. દેહી એટલે જીવ. અલૌકિક ગુણોને નહિ, પરંતુ જેનાથી દેહની ઉત્પત્તિ થાય છે તેવા લૌકિક (સત્ત્વાદિ) ત્રણેય ગુણોને ઓળંગી જઇને જન્મ એટલે કર્મને ભોગવવા માટે જન્મ મૃત્યુ એટલે કર્મના ભોગની સમાપ્તિરૂપ મૃત્યુ, અથવા ભગવાનના વિસ્મરણરૂપ મૃત્યુ, જરા એટલે વૃદ્ધાવસ્થા, સેવાના પ્રતિબંધરૂપ અવસ્થા, દુઃખ એટલે સંસાર સંબંધી દુઃખ, એ બધાંથી (એટલે કે જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને દુઃખ એ બધાંથી) એવો ભક્ત છુટી જાય છે, અને અમૃતને પામે છે, એટલે મરણ વગેરેના દોષ રહિત એવા અલૌકિક દેહને પામે છે, એમ અર્થ છે. અથવા અમૃત એટલે અલૌકિક દેહને મેળવીને મારી સાથે તે સર્વ ભોગોને ભોગવે છે, 'સોઽશ્નુતે સર્વાન્ કામાન્' તે સર્વે ભોગોને ભોગવે છે,) એમ શ્રુતિમાં કહ્યા પ્રમાણે 'દેહી' એવા પદથી એ સ્પષ્ટ થાય છે. નહિ તો 'દેહવાળો' (દેહી) એવું પદ વ્યર્થ થાય એવો ભાવ છે. ॥૨૦॥

અર્જુન ઉવાચ–

કૈર્લિંગૈસ્ત્રીન્ગુણાનેતાનતીતો ભવતિ પ્રભો ।
કિમાચારઃ કથં ચૈતાંસ્ત્રીન્ગુણાનતિવર્તતે ॥૨૧॥

અર્જુને કહ્યું, હે પ્રભુ, કયાં લક્ષણો વડે તે આ ત્રણ ગુણોને ઓળંગી ગયો છે તે જાણી શકાય? તે કેવા આચારવાળો હોય અને કેવી રીતે આ ગુણોને ઓળંગી જાય છે? ॥૨૧॥

એ પ્રમાણે આ ત્રણ ગુણો ભગવાને કહ્યા, તે ઉપરાંત બીજા પણ ગુણો છે, જેનાથી એને એટલે કે જન્મ મૃત્યુ અને દુઃખોને ઓળંગી જાય છે. (આ સંબંધી વિસ્તૃત જાણકારી શ્રીયમુનાષ્ટક ઉપરની ટીકામાંથી અષ્ટસિદ્ધિઓના વર્ણનમાંથી મળશે. અહીં ગુણ એટલે જેનાથી ઉત્કર્ષ થાય તે, અલૌકિક ગુણ.) એમ વિચારીને તેવા પ્રકારની 'કૈઃ લિંગૈઃ' વગેરે શબ્દોથી વિનતિ કરે છે. હે પ્રભુ, હે સર્વ કાંઇ કરવાને સમર્થ, કેવાં લક્ષણોથી આ બંધન કરનારા ત્રણ ગુણોને તે ઓળંગી જાય છે, અને એ ત્રણેય ગુણોથી પર થઇને અલૌકિક દેહવાળો થાય છે, તે કહો એમ અર્થ છે. અને પછી, એટલે કે અલૌકિક દેહની પ્રાપ્તિ પછી કેવા પ્રકારના આચારવાળો તે હોય છે? વળી આ ત્રણેય ગુણોને ઓળંગીને કેવા ઉપાયથી (શી રીતે) વર્તે છે, તે કહો, એમ અર્થ છે. ॥૨૧॥

શ્રીભગવાનુવાચ–

પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાંડવ ।
ન દ્વેષ્ટિ સંપ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાંક્ષતિ ॥૨૨॥

શ્રીભગવાને કહ્યું, હે પાંડુપુત્ર અર્જુન, પ્રકાશ અને પ્રવૃત્તિ અને વળી મોહ પ્રાપ્ત થયાં હોય તો તેને ધિક્કારતો નથી અને ચાલ્યાં ગયાં હોય તો તેને તે ઇચ્છતો નથી. ॥૨૨॥

અહીં અર્જુનના પ્રશ્નોનો ઉત્તર આપતાં શ્રીભગવાન કહે છે કે, મારા (સત્ત્વ આદિ) ગુણો વડે જ એ પ્રમાણે બધું થાય છે, એમ દર્શાવવાને માટે 'પ્રકાશમ્' વગેરે શબ્દોથી છ શ્લોક વડે ભગવાન કહે છે. (આગળ ૧૧મા શ્લોકમાં કહ્યા પ્રમાણે ઇંદ્રિયોનાં) બધાં દ્વારોમાં અલૌકિક અનુભવની સિદ્ધિ થવા માટે મારા અલૌકિક અને મારા સ્વરૂપાત્મક સત્ત્વગુણ સાથે અલૌકિક અનુકરણ કરવા યોગ્ય લૌકિક રૂપ પ્રકાશને સંબંધ છે. એ જ (મૂળ શ્લોકમાંના) 'ચ' અક્ષરથી દર્શાવ્યું છે, તેજ પ્રમાણે (મૂળશ્લોકમાં ના બીજા) 'ચ' અક્ષરનો અર્થ અને, વળી. એવો થાય છે. (મૂળશ્લોકમાંના ત્રીજા) 'ચ' અક્ષરનો અર્થ 'પરંતુ' એવો થાય છે. પ્રવૃત્તિ રજોગુણ સાથે સંબંધિત છે. અને વળી મહત્તત્ત્વના અનુભવની રસસિદ્ધિ માટે વિપ્રયોગ એટલે લયરૂપ મોહ જ, અથવા કેવળ મોહ તમોગુણની સાથે સંબંધિત છે. આ પ્રકારના શ્રવણમાં પણ ભયના અભાવ માટે હે પાંડુપુત્ર અર્જુન, એમ સંબોધન કર્યું છે. તે દ્વેષ કરતો નથી, એટલે કે મારી ઇચ્છામાં રહેલા અલૌકિક કે લૌકિક સમાનતાને જ તે જુએ છે. વિશેષ શું, એ પ્રમાણે સાત્ત્વિક વગેરે ત્રણેય પ્રકારનાં પ્રવૃત્ત થયેલાં કાર્યો મારી ઇચ્છાથી તે મેળવે છે. આથી જ પ્રવૃત્તિ આપોઆપ થાય છે, એમ કહ્યું છે. સ્વેચ્છાપણું દર્શાવવા માટે લૌકિકતાથી પ્રતિબંધક થતું હોય તેનાથી દ્વેષ કરતો નથી. તે જ પ્રમાણે મારી ઇચ્છાના અભાવમાં તે નિવૃત્ત થાય તેમ ઇચ્છતો નથી, તે ગુણાતીત કહેવાય છે, એમ ચોથા શ્લોકની સાથે (એટલે કે ૨૫માં શ્લોકની સાથે) તેનો સંબંધ છે. ॥૨૨॥

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

ગ્રંથ પરિચય : **પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ** (મુંબઇ પારલા)
અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

શ્રી ષોડશ ગ્રંથની ટીકાઓના ભાષાંતરની આ ચાલુ લેખમાળા જેનું પ્રારંભથી જ ભાષાંતર પ. ભ. શ્રી મગનભાઇ તન્ના સાહેબ કરતા, તેઓ શ્રી ભગવદ્‌ચરણારંવિંદ પામ્યા બાદ 'શ્રી વલ્લભ સુધા' સંપાદક મંડલ દ્વારા વિદ્વાનોનો વિનતી કરાઇ હતી. અને આ લેખમાળા તથા શ્રી ગીતાજીના અમૃત તરંગીણી ટીકાના ભાષાંતરનું કાર્ય આગળ ચાલુ રાખવા ભાષાંતર કાર્યની સેવા આપવા અપીલ કરેલ. તેજ અરસામાં શ્રી વલ્લભસુધાના એક કાર્યકરને શ્રી કલકત્તા સોમયજ્ઞ પ્રસંગે જવાનું થયેલ ત્યાં પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી સન્મુખ વિનતી કરેલ કે આ અપુર્ણ રહેલ ભાષાન્તરનું કાર્ય કોને સોંપવું. તે અંગે પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ કેટલાંક માર્ગદર્શક નિર્દેશો આપી આશિર્વાદ આપેલ. ત્યાંથી ત્રીજે દિવસે એ કાર્યકર અડેલ બેઠકજી શ્રીમહાપ્રભુજીના દર્શન કરવા ગયેલ ત્યાં મુંબઇના વિદ્વાન પ્રો. શ્રી પ્રતાપરાય કાં. શાહ પણ શ્રી બેઠકજી દર્શન કરવા આવેલ. તેમની સાથે સહજમાંજ પ્રસંગ પડતા પરિચય થયો અને રાજકોટ આવી સંપાદક મંડલને વાત કરતાં સંપાદક તરફથી પ્રો. શ્રી પ્રતાપભાઇને આ અનુવાદ કાર્યની સેવા કરવા માટે વિનતિ કરાઈ જેનો ખૂબજ હર્ષ પૂર્વક તેમણે સ્વિકાર કરી તુરતજ એ કાર્ય હાથ પર લેવાની તત્પરતા દર્શાવી. આથી સંપાદકે મુંબઇ રૂબરૂ જઇ તેમની સાથે જરૂરી ચર્ચા કરી કાર્ય તેમને સોંપ્યુ. શ્રી તન્ના સાહેબનું કરેલ ભાષાન્તર 'શ્રી અન્તઃકરણ પ્રબોધ' ગ્રંથનું તૈયાર હતું તે ગયા અંક સુધીમાં પુરૂં થયું હવે આ અંકથી 'શ્રી વિવેક ધૈર્યાશ્રય' ગ્રંથનુ પ્રો. શ્રી પ્રતાપરાય શાહનું કરેલ ભાષાંતર પ્રારંભ કરતાં આનંદ અનુભવીએ છીએ. વિશેષ આનંદ એ વાતનો છે કે શ્રી તન્ના સાહેબથી પણ વિશેષ વિદ્વ-તા અને વય ધરાવતાં પ્રો. શ્રી શાહ મુંબઈની વિલ્સન કોલેજના નિવૃત પ્રોફેસર છે તેમણે સંસ્કૃત અને ગુજરાતીમાં એમ. એ. કરેલ છે.

સામાન્ય સ્થિતિમાંથી ટયુશનો કરીને આગળ અભ્યાસ કરી ભગવત કૃપાથી ઉચ્ચ પદવીએ પહોંચેલ શ્રી શાહ સાહેબને બાલપણથી જ શ્રીમદ્ ભગવદગીતા ષોડશ ગ્રંથ આદિના મુખપાઠનો અને અધ્યયનનો ક્રમ જળવાઇ રહેલ છે. તેઓને બ્રહ્મસબંધ દાન શ્રીનાથદ્વારાના નિ. લી. તીલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજ દ્વારા પ્રાપ્ત થયેલ છે. અને તેઓ પર અનેક પૂ. ગો. આચાર્યોની કૃપા છે. જેમાં મુખ્ય પૂ. પા. ગો. શ્રીચિમનલાલજી મહારાજ શ્રીમદ ગોકુલવાળાની કૃપા આશિર્વાદથી જ શ્રીવલ્લભ સુધાનું આ કાર્ય કરવાની તેમને વિશેષ ભાવના થઇ છે. તેમના ધર્મપત્નિ પ. ભ. જશુબેન પણ ભગવદ સેવા પરાયણ અને પૂ. આચાર્યશ્રીઓના પરમ કૃપાપાત્ર છે. ગંભીર પ્રકૃતિના, મીતભાષી શ્રીપ્રતાપભાઈના ચાર પુત્રો અમેરીકામાં ડોકટર, એન્જીનીઅર ઈત્યાદિ ઉચ્ચ પદો પર કાર્ય કરી રહેલા છે. તેમજ તેમના એક પુત્રી પણ સંસ્કૃત સાથે એમ. એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી આયુર્વેદાચાર્ય બનેલ છે, અને મુંબઈની વિવિધ સંસ્થાઓ દ્વારા ચાલતા દવાખાનાઓમાં સેવાભાવે કાર્ય કરવા ઉપરાંત વૈદ્યકની મહાશાળામાં વ્યાખ્યાતાનું પદ શોભાવે છે.

હાલમાં પ્રો. શ્રી શાહ અમેરીકાની મુલાકાતે ગયેલ છે અને ત્યાં તેમના ભરચક્ક કાર્યક્રમોમાંથી પણ સમય કાઢી એકધારૂ ભાષાંતર કાર્ય આગળ વધારી રહ્યા છે.

પ્રો. શાહ પ્રકૃતિ પ્રેમી છે અને ફોટોગ્રાફીનો ખાસ શોખ ધરાવે છે. તેમના ફોટોગ્રાફસનું એક પ્રદર્શન પણ આગામી નવેમ્બરમાં મુંબઇ ખાતે યોજાઇ રહેલ છે.

ભગવદકૃપા અને શ્રીવલ્લભકુલના આશિર્વાદથી, 'શ્રીવલ્લભ સુધા'માં આ બન્ને ગ્રંથ માળાના અનુવાદનુ કાર્ય કરનાર આવા અનુભવી વિદ્વાન પ્રાપ્ત થતા તેમનો સંક્ષીપ્ત પરિચય કરાવતાં સંપાદક મંડલ હર્ષ અનુભવે છે.

–સંપાદક

ગ્રંથ પરિચય

કયારે, કયાં અને કેવા પ્રસંગમાં "વિવેકધૈર્યાશ્રય"ની રચના થઈ તેનો કંઇ ઉલ્લેખ નથી મળતો.

આમ તો વિવેક, ધૈર્ય તથા આશ્રયનો સંબધ પ્રપત્તિમાર્ગની સાથે અધિક ગાઢ રહેલો છે, પરંતુ ભકિતમાર્ગમાં પ્રવૃત્ત થવાવાળા પુષ્ટિજીવોને માટે વિવેક, ધૈર્ય તથા આશ્રય ભગવત સેવામાં પણ ઉપયોગી થાય જ છે. સાચી વસ્તુસ્થિતિ તો એ છે કે વિવેક, ધૈર્ય તથા આશ્રય–એ ત્રણેયની અપેક્ષા કર્મ, જ્ઞાન તથા ભકિતરૂપ ત્રણેય માર્ગમાં રહે છે. વિવેક, ધૈર્ય યા તો આશ્રય શબ્દોને તેમના સામાન્ય અર્થોમા કહેવાની શ્રી મહાપ્રભુજીની ઇચ્છા નથી, પરંતુ એક ચોકકસ પારિભાષિક અર્થમાં જ કહેવા માગે છે. જેમકે :–

(૧) વિવેક = હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ
શ્રી હરિ બધું પોતાની ઇચ્છાથી કરશે.

(૨) ધૈર્ય = ત્રિદુઃખસહનમામૃતે સર્વતઃ સદા.
મરણ પર્યન્ત ત્રણેય પ્રકારનાં દુઃખોને સર્વત્ર સદાય સહન કરવાં તે.

(૩) આશ્રય = ઐહિકે પરલોકે ચ સર્વથા
શરણં હરિઃ

આ લોકમાં તેમજ પરલોકમાં બધી રીતે શ્રી હરિ જ આશ્રય સ્થાન છે.

આ જ પારિભાષિક અર્થોમાં વિવેક, ધૈર્ય તથા આશ્રય પુષ્ટિમાર્ગીય શ્રીકૃષ્ણ સેવામાં ઉપયોગી થાય છે.

શ્રીકૃષ્ણની સેવામાં પ્રવૃત્ત થયેલ પુષ્ટિભકત કઇ કઇ પરિસ્થિતિઓમાં શ્રીકૃષ્ણની સેવા કરનાર માટે આવશ્યક વિવેક, ધૈર્ય યા તો આશ્રયને ગુમાવી શકે છે તથા કયા ઉપાયોથી તેમની રક્ષાનો સંભવ છે વગેરે વિષયોનું નિરૂપણ આ ગ્રંથમાં થયું છે.

સિદ્ધાંતમુકતાવલીમાં ઉપદેશ કરવામાં આવેલ સેવાના બાહ્ય અંગોનું નિરૂપણ આપણને "સિદ્ધાંતરહસ્ય"માં તથા આભ્યંતર અંગોનું નિરૂપણ "નવરત્ન" ગ્રંથમાં મળે છે. આ જ બાહ્ય તથા આભ્યંતર સાધનોની સાંગોપાંગતા (એટલે કે મુખ્ય અંગ તથા ગૌણ અંગો સહિત સંપૂર્ણ છણાવટ) "વિવેક–ધૈર્ય–આશ્રય"ના સિદ્ધ થવા સાથે શકય બને છે. અંતઃકરણપ્રબોધ" ગ્રંથ દ્વારા અંતરાત્માનું જે પ્રબોધન (એટલે કે સાવધાનતાનો ઉપદેશ આપવામાં આવ્યો છે તે પ્રબોધનને માટે પણ વિવેક–ધૈર્ય–આશ્રયની સંપૂર્ણ અપેક્ષા રહે છે.

આ વિવેક, ધૈર્ય તથા આશ્રયનો પરસ્પર સંબંધ વિલક્ષણ છે. જેને ભગવત કૃપાથી આશ્રયની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે તેને વિવેક તથા ધૈર્ય સ્વતઃ (આપ મેળે) જ સિદ્ધ થઇ જતા હોય છે, એમ ન હોય તો વિવેક

અને ધૈર્યના વિના આશ્રય દ્રઢ થઈ શકતો નથી. આપણો અવિવેક તથા અધૈર્ય આપણને ભગવદાશ્રયથી વિચલીત કરી શકે છે. આજ કારણથી આપણા જાગૃત (યાને સચેત) વિવેક તથા ધૈર્ય દ્વારા અદ્દઢ આશ્રયની રક્ષા આવશ્યક બને છે. આ પ્રમાણે વિવેક–ધૈર્ય એક કક્ષા (એટલે સપાટી ઉચ્ચ ધોરણ) છે તથા આશ્રય બીજી કક્ષા છે.

આ આશ્રય પુષ્ટિભક્તિનું એક આવશ્યક અંગ હોવા છતાં પણ કેવળ પુષ્ટિભક્તિ જ નહીં પણ કર્મ, જ્ઞાન, ભક્તિ–એ બધાં માર્ગોનો અનુકલ્પ છે (એટલે કે છેવટે તો આશ્રયનો સ્વીકાર કરવો જ પડે છે.) કર્મ–જ્ઞાન–ભક્તિના અનેક પ્રકારના ઉપાયો દર્શાવ્યા ઉપરાંત ભગવાને ગીતાના અન્તમાં "સર્વધર્માન પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" (એટલે કે "બધા ધર્મોનો સર્વતઃ ત્યાગ કરીને એકલા મારા શરણે આવ") ના મહાન ઉપદેશ દ્વારા એક પૃથક (એટલે વિશિષ્ટ પ્રકારના) શરણ માર્ગના રૂપમાં આ જ આશ્રયને સ્પષ્ટ કરીને સમજાવ્યો છે.

શ્રીમદ્ ભાગવતના અગ્યારમાં સ્કંધમાં પણ આનું સ્પષ્ટીકરણ મળે છે.

તસ્માત્વમુદ્ધવોત્સૃજ્ય, ચોદનાં પ્રતિચોદનાં ।
પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ, શ્રોતવ્યં શ્રુતમેવ ચ ॥
મામેકમેવ શરણં, આત્મામં સર્વદેહીનામ ।
યાહિ સર્વાત્મભાવેન, મયાસ્યાહ્યકુતોભયમ ॥

અર્થ : શ્રુતિ સ્મૃતિમાં ઉત્સર્ગ-અપવાદના રૂપમાં કહેવામાં આવેલા વિધિ નિષેધ તથા તેનાથી પ્રેરાયેલ વિવિધ કર્મોમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિ તથા વિવિધ જ્ઞાનમાર્ગીય શ્રોતવ્ય (સાંભળવા યોગ્ય) તથા શ્રુત (સાંભળેલ) વિષયોના શ્રવણ-મનન-નિદિધ્યાસન વગેરે કોઈ પણ પ્રણાલીની અપેક્ષા રાખ્યા વગર કેવલ એક માત્ર ભગવાનના શરણમાં સર્વાત્મભાવ સહિત જવું જોઇએ.

અહીં પણ એ જ આશ્રય યાને પૃથક શરણ માર્ગનું વિવેચન અભીષ્ટ છે (એટલે કે કહેવાને ઇચ્છેલું છે–જેનો ઉપદેશ કરવાની ઇચ્છા છે.)

એવમાશ્રયણં પ્રોક્તં, સર્વેષાં સર્વદા હિતમ ।
કલૌભક્ત્યાદિ માર્ગા હિ, દુઃસાધ્યા ઇતિમે મતિઃ ॥

અર્થ : આ પ્રમાણે આશ્રય બધાંને માટે હંમેશાં હિતકારી સિદ્ધ થાય છે, કારણ કે કલિયુગમાં ભક્તિ આદિ માર્ગ દુઃસાધ્ય (મુશ્કેલીથી સિદ્ધ થાય એવા) બની ગયા છે.

કર્મ, જ્ઞાન યા તો ભક્તિના માર્ગ પર ચાલી શકવાવાળા જીવોને માટે વિવેક–ધૈર્ય–આશ્રય સારી રીતે ચાલવામાં બળરૂપ (મદદરૂપ) બની જાય છે. જેઓ આ માર્ગ પર ચાલી શકતા નથી તેમને માટે આશ્રય જ માર્ગ પણ બની જાય છે, તથા ચાલી શકવા માટે બળ પણ !

આશ્રયનું સુલભતમ (સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય તેવું) સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ આ રીતે સમજાવેલું છે.

યકથંચિથા ત કાર્યાણિ, કુર્યાદુચ્ચાવચાન્યપિ ।
કિં વા પ્રોક્તેન બહુના, શરણં ભાવયેદ હરિમ્ ॥

અર્થ : જેવા પણ અને જે પણ, નાના મોટા યા સારા–નરસા કાર્ય વ્યક્તિ કરતી હોય, પરંતુ કોઈ પણ સમયે શ્રીકૃષ્ણ જ મારા એકમાત્ર આશ્રય યાને શરણ છે. આ ભાવના આપણા મનમાંથી દૂર ન થવી જોઇએ.

મૂલત : શ્રીમદ્દ ભગવદ્દગીતામાં જે પ્રમાણે “અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ” (અર્થ : હું તને સર્વ પાપોથી છુટકારો અપાવીશ, તું શોક કરીશ મા) યા તો શ્રીમદ્દ ભાગવતમાં જેમ –“મયા સ્યાદ્યકુતોભયમ” (અર્થ : મારા વડે તું કોઈ પણ સ્થળેથી ભય રહિત થઈશ)–એ વાકયોમાં ભગવાને પોતાના શ્રીમુખથી શરણાગતોને અભયદાન આપ્યું છે. એ જ આ આશ્રય કે પ્રપત્તિ (શરણાગતિ)ની ક્રિયા તેમજ ભાવને પૃથક શરણમાર્ગની પદવી પ્રદાન કરે છે. આ જ કારણને લીધે શ્રીમહાપ્રભુજી અહીં ષોડશ ગ્રંથના અંતર્ગત એવા વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં ભગવત સેવાના અંગરૂપે તથા અનુકલ્પરૂપે આશ્રયનું નિરૂપણ કરે છે. જે સ્વયં અનુકલ્પ બની શકતો હોય તે જો અંગ બની જાય તો ભગવત સેવાના સ્વરૂપમાં એક ખાસ પ્રકારની આભા (ચમક અથવા પ્રકાશ) આવે એ સ્વાભાવિક જ છે. આ જ કારણોને લીધે શ્રીમહાપ્રભુજી ઉપદેશ આપે છે કે વિવેકની તથા ધૈર્યની રક્ષા સતત કરવી જોઇએ. એ જ પ્રમાણે આશ્રયની પણ રક્ષા સતત કરવી જોઇએ.

–ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની
જયંતીલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીમન્મથુરેશોજયતિ ॥

વ્રતોત્સવાદિનિર્ણય

લેખક – **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક – **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

(ગતાંકથી ચાલુ)

૭ ॥ અથાશ્વિન શુકલ પ્રતિ પદમારભ્ય નવરાત્રારંભઃ ॥

આશ્વિન શુકલ પ્રતિપદાથી નવરાત્રનો આરંભ થાય છે તે નવમી સુધી. એ વિષે પ્રતિપ્રદા સૂર્યોદય વ્યાપિની લેવી. જો કે નવરાત્રની અધિદેવતા દુર્ગા (ભગવતી) છે, તો પણ વૃક્ષના મૂળ પાસે પાણી નાખવાથી તેનો (વૃક્ષ) શાખાદિ જેમ તૃપ્ત થાય છે અથવા પ્રાણને માટે આહારાદિ (ભોજનાદિ) કર્યાથી ઇન્દ્રિયાદિક (હાથ, પગ ઈત્યાદિક) જેમ તૃપ્ત થાય છે તેમજ ભગ્વત્પૂજામાં બધાઓનો સમાવેશ થાય છે, એવું જે ચતુર્થસ્કંધમાં વાકય છે તે ભકિતમાર્ગવાળાઓએ પણ સ્વીકારેલું છે.

૮ ॥ અથાશ્વિન શુકલ દશમી વિજ્યા દશમી ॥

આશ્વિન શુકલ દશમી વિજ્યા દશમી (દસરા) દાહાડે ભગવાનને જવારા ધરાવવા, તે વિષે નક્ષત્ર ઉદય કાળ (સંધ્યા કાળ) મુખ્ય એ વિષે એવું વચન છે કે કિંચિત્ સંધ્યા કાળ પછી નક્ષત્રનો ઉદય દેખવામાં આવે છે, ન આવે છે એટલા સમયમાં જેટલો કાળ વચમાં હોય છે તે કાળ સર્વ કાર્યની સિદ્ધિ કરનારો અને વિજય સંજ્ઞક છે.

કેટલાક 'એકાદશોમુહૂર્ત્તોપિવિજયઃ' આ વચનથી સૂર્યોદયથી એકાદશમો જે મુહૂર્ત આવે છે તે કાળ લે છે. પરંતુ વચનમાં જે 'અપિ' શબ્દ છે તેથી આ મુહૂર્ત તે વિષે ગૌણપક્ષ આવે છે.

દશમીના બે પ્રકાર છે. શ્રવણ નક્ષત્ર રહિત અને શ્રવણ નક્ષત્ર યુકત, તેમાંથી શ્રવણ રહિત દશમી ચાર પ્રકારની પેહેલે દાહાડે નક્ષત્ર ઉદયકાળ વ્યાપિની, અને બીજે દાહાડે નક્ષત્ર ઉદયકાળ વ્યાપિની બે દાંહાડે નક્ષત્ર, ઉદયકાળ, વ્યાપિની અને બે દાહાડે અવ્યાપિની, દશમીની બે દાહાડે વ્યાપ્તિ છતાં, પેહેલે દાહાડે નક્ષત્ર ઉદય વ્યાપિની હોય તો પેહેલી લેવી. બીજે દાહાડે નક્ષત્ર ઉદય વ્યાપિની હોય તો બીજી લેવી.

બે દાહાડે નક્ષત્ર, ઉદય વ્યાપિની છતાં 'નવમ્યાસહિતકાર્યા' આ વચનથી પેહેલી લેવી. બે દાહાડે નક્ષત્ર, ઉદયકાળ વ્યાપિની ન હોય તો, 'એકાદશો મુહૂર્તોપિ વિજયઃ' આ વચનને ગૌણતા છે તો પણ આ વચનથી બીજી લેવી. આ શ્રવણ નક્ષત્ર રહિત દશમીનો નિર્ણય થયો.

હવે શ્રવણ નક્ષત્રયુકત દશમીનો નિર્ણય કહું છું. પેહેલે દાહાડે નક્ષત્ર ઉદયકાળમાં શ્રવણ નક્ષત્ર હોય તો પેહેલી દશમી લેવી. બીજે દાહાડે નક્ષત્ર ઉદયકાળમાં શ્રવણ નક્ષત્ર જો હોય તો બીજી લેવી. પેહેલે દાહાડે દશમી નક્ષત્ર ઉદયકાલ વ્યાપિની હોય અને બીજે દાહાડે ન હોય તથાપિ બીજે દાહાડે સૂર્યો-

દય કાળમાં, જ્યારે શ્રવણ નક્ષત્ર મળતું હોય તો તે લેવી.

આશ્વિન મહિનામાં શ્રવણ નક્ષત્ર યુક્ત જે શુક્લ દશમી આવે છે તેનું જ નામ વિજ્યા દશમી છે. આવી તિથિ મળવી ઘણી દુર્લભ છે ઇત્યાદિ વચનથી વિજ્યાદશમીને વિષે નક્ષત્ર યોગની પ્રબલતા છે.

ઉત્સવપ્રતાન ગ્રંથમાં લખ્યું છે કે બે દાહાડે શ્રવણ નક્ષત્ર યુક્ત દશમી નક્ષત્રોદય મળે તો 'પૂર્વપ્રાશસ્ત્યાત્' આ વચનથી પેહેલી લેવી. જ્યારે સૂર્યોદય કાળમાં અલ્પ દશમી હોય અને પછી નક્ષત્ર ઉદયકાળમાં શ્રવણ નક્ષત્ર યુક્ત એકાદશી હોય તો તે એકાદશીમાં ઉત્સવ કરવો. 'ઉદયે દશમીકિંચિત્' આ વચનથી શ્રવણયુક્ત એકાદશીને વિજ્યા સંજ્ઞા થાય છે. એવું ઉત્સવપ્રતાન ગ્રંથમાં નક્ષત્રનું પ્રામાણ્ય ધારેલું છે. પરંતુ કેટલાક વિદ્વાનો આ નિર્ણયને માનતા નથી, કારણ કે 'ઉદયે દશમીકિંચિત્' આ નિર્ણય પટ્ટાભિષેકને વિષે લગાડીને કેવળ શુદ્ધ નવમીમાં ઉત્સવ કરે છે. એવો વિજ્યાદશમીનો નિર્ણય થયો.

– ક્રમશઃ

સને ૧૯૮૮ના અંક ૨ ના અનુસંધાને શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૨૪૬	શ્રી બાલકૃષ્ણ સત્સંગ મંડળ	રાજકોટ
૨૪૭	શ્રી વલ્લભદાસ હરિભાઈ	ગોમટા
૨૪૮	શ્રી દેવજીભાઈ ઠાકરશીભાઈ પડીયા	રાજકોટ
૨૪૯	શ્રી દયાનંદ ટેકસટાઇલ્સ	મદ્રાસ
૨૫૦	શ્રી જગદીશ બ્રધર્સ	મદ્રાસ
૨૫૧	શ્રી કે. જી. ચંદારાણા	મદ્રાસ
૨૫૨	શ્રી એન. બી. શાહ	મદ્રાસ
૨૫૩	શ્રી હરસુખભાઇ દોશી	મદ્રાસ
૨૫૪	શ્રી એમ. ડી. જોગી	મદ્રાસ
૨૫૫	શ્રી વી. જી. જોગી	મદ્રાસ
૨૫૬	શ્રી જે. વી. ભટ્ટ	મદ્રાસ
૨૫૭	શ્રી જે. એન. મણીયાર	મદ્રાસ
૨૫૮	શ્રી આર. વી. શાહ એન્ડ કું.	મદ્રાસ
૨૫૯	શ્રી વી. એલ. લાલ	મદ્રાસ
૨૬૦	શ્રી બચુભાઇ પી. મહેતા	મલાડ

।। શ્રી વલ્લભ : ।।

।। ગોપીજન વલ્લભાય નમઃ ।।

“શ્રી વલ્લભ તવાસ્મિ”

લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

(ગતાંકથી ચાલુ)

સ્વયં શ્રીવલ્લભનાં વલ્લભા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૧)
શ્રીવલ્લભનો પરિવાર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૨)
શ્રીવલ્લભનો પરિકર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૩)
શ્રીવલ્લભનો ઉપસ્કર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૪)
માટે, તમે સૌ બોલો, ભક્તજન બોલો શ્રીવલ્લભ તવાસ્મિ (૮૫)
વૈષ્ણવજન બોલો, તાદશીજન બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૬)
શ્રીવલ્લભી સૃષ્ટિ બોલો, હોંશે હોંશે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૭)
લેખકની લેખિની બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૮)
લેખકના શ્વાસોશ્છવાસ બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૯)
લેખકના રોમેરોમ બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૦)
શ્રીવલ્લભી વૈષ્ણવજન બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૧)
શ્વાસોશ્છવાસે બોલો, તમે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૨)
હાલતાં બોલો, ચાલતાં બોલો, શ્રીલ્લભ તવાસ્મિ (૯૩)
ડગલે-ડગલે, પગલે-પગલે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૪)
ખાંતા બોલો, પીતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૫)
જાગતાં બોલો, ઊંઘતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૬)
હરતાં બોલો, ફરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૭)
સ્વપ્નમાં બોલો, નીંદરમા બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૮)
પ્રત્યક્ષ બોલો, પરોક્ષે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૯)
અભિવાદન કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૦)
સાષ્ટાંગ પ્રણામ કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૧)
દર્શન કરતાં કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૨)
મહાપ્રસાદ લેતાં લેતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૩)
જલપાન કરતાં કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૪)
રસપાન કરતાં કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૫)
રસદાન આપતાં આપતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૬)
જપો, તમે ભાઈ, જપો અખંડ જપો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૭)
આંતર-રમણના શ્રીવલ્લભને, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૮)
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૯) —ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : **પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ, – વ્રજ–ધોરાજી**

શ્રીકૃષ્ણ નામથી સંકટ કલેશ આપદા વામે
શ્રીકૃષ્ણ નામથી અશુભ ઉદાસી પ્રલ્લય પામે ॥૬॥

ભાવાર્થ :– શ્રીકૃષ્ણ નામથી જીવનાં સર્વ સંકટો–કલેશો અને આપદા, વિપત્તિઓ નાશ પામે છે. આ બાબતનું એક સત્ય ઘટનાનું દૃષ્ટાંત છે. એક સંસારી ભગવદભકત પોતાના ગામથી ૫–૬ ગાઉ દુર ગામે પોતાના સગાને ત્યાં લગ્નમાં જઈ રહ્યા હતા. ત્યારે બીજાં સાધનો હતા નહીં, જેથી એક ગાડું ભાડે કર્યું. ગાડાવાળાનું મન તેઓએ પહેરેલા દાગીના અને લગ્ન માટે લઇ જવાતી કિંમતી વસ્તુઓમાં લલચાયું. એક નદીને કાંઠે શીતલ છાંયામાં જમણ કરવા બેઠા. ત્યારે ગાડાવાળો પોતાની અંગત વસ્તુ લેવાને બહાને બાજુમાં અરધો કિલોમીટર ગામ હતું ત્યાં ગયો. ચોર ગુંડાને મળ્યો અને પાકું કરી તે આવી ગયો. પાછળથી બે લુંટારૂં ગુંડા હથીયાર લઇને આવ્યા અને દર–દાગીના ચીજવસ્તુ સર્વ સોંપી દેવા કહ્યું. અને મારી નાખવાની ધમકી આપી. આ માણસે તુરત જ પ્રભુનું સ્મરણ કરી અને આંસુભરી આંખે વિનંતી કરી અને ચમત્કાર થયો. બન્ને બળદોને ચરવા છોડયા હતા તેમાં પ્રભુએ સંચાર કર્યો અને બળદો શીંગડાં ઉગામી દોડયા. અને ગુંડાઓને પછાડી માથાં મારીને હાડકાં ખોખરાં કરી નાખ્યાં. અને તેઓ ભાગી ગયા અને ગામ ભેળા થઇ ગયા. ગાડાખેડુની સામે પણ શીંગડા ઉગામ્યાં એટલે ગાડાખેડું ગાડું જોડી અને તુરત જ ચાલ્યો અને તેના સગાઓને ત્યાં પહોંચાડી દીધાં અને પાપનો પસ્તાવો કરતો પાછો ફર્યો તો પણ બળદોની આંખો તેની સામે કતરાતી હતી; અને ફુંફાડા મારતા હતા. કોણ કહે છે કે જગતમાં પ્રભુ નથી ? પ્રભુ સર્વ સમયે સર્વસ્થળે સર્વ જડ–ચૈતન્યમાં બીરાજે છે જ. કદાચ નાસ્તિકવાદ ન માનતો હોય તો તેની ઇચ્છા પ્રભુનામથી અશુભ, અમંગલ મટે છે.

શ્રીકૃષ્ણ નામથી મહાદુષ્ટ સ્વભાવ દુઃખમટે
કૃષ્ણનામથી સકલ માંગલિક વસ્તુ ભેટે ॥૭॥

ભાવાર્થ :– પ્રભુનામ રટણથી દુષ્ટ સ્વભાવ અને સર્વ દુઃખોં પણ મટે છે. તેમાં વાલીયા ભીલનું દૃષ્ટાંત છે. તે મહાદુષ્ટ સ્વભાવનો હતો. જંગલનાં પશુપક્ષીઓને ક્રુર રીતે મારીને રાજી થતો. અને કુટુંબનું પોષણ કરતો હતો, અને પશુ–પક્ષી ન મળે તો સર્વને ભૂખ્યા રહેવાનું દુઃખ પણ થતું. પરંતુ જ્યારે મહર્ષિ નારદજીનો સંગ થયો, ત્યારે સંસારી ઝંઝાળ અને પાપોનું તેને જ્ઞાન થયું અને શ્રીનારદજીએ પ્રભુનામ રટણની દીક્ષા આપી. અને નારદજીની કૃપાથી વાલીયો ક્રુરને બદલે સુહૃદયી બની ગયો ત્યારે સતત નામ રટણથી તેનો સ્વભાવ દુષ્ટમાંથી દીન બની ગયો. કુટુંબને ભૂખ્યા રહેવાનું દુઃખ પણ મટી ગયું. અને પ્રભુ કોઇને ભૂખ્યા રાખતા નથી, કીડીથી કુંજર (હાથી) સુધી સર્વને આપે જ છે એવી ભાવના દૃઢ થઈ. અને મહાદુષ્ટ ભીલમાંથી વાલ્મિક ઋષિ અને તેમાંથી પ્રભુનામના પ્રતાપથી મહર્ષિ પણ થયા. અને રામાયણ રચી. રામચરિત્ર પણ ગાયું. પ્રભુનામથી માંગલિક વસ્તુ ભેટે તેમ, સીતાવનવાસ વખતે સીતામાતાની પરમપાવન અને મહાદુર્લભ

સેવા મળી. લવ અને કુશને વિદ્યા ભણાવવાને બહાને મંગલમય રામચરિત્ર, સીતાજીની કૃપા અને વિદ્યાનો મંગલમય અનુભવ ફરી થયો, અને ફરી શ્રીરામનાં દર્શન થયાં. તેના આશ્રમમાં શ્રીરામ પધાર્યા અને રામાયણમાં પૂર્ણવિરામ થયો. આ સર્વ શ્રીપ્રભુ નામના સદા અને સતત રટણથી જ થયું છે. માટે શ્રીકૃષ્ણ નામનું અષ્ટપ્રહર રટણ કરવાથી પ્રભુને પ્રિય બનીએ છીએ.

–(ક્રમશઃ)

।। શ્રી વલ્લભ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સહિત] લે. પ. ભ. **શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી**

પદ ૪૭ મુ, રાગ-રામકલી

શ્રીયમુનાજી અધમ ઉદ્ધારની મેં જાની ।।
ગોધન સંગ શ્યામઘન સુંદર તીર ત્રિભંગીદાની ।।૧।।
ગંગાચરન પરસતેં પાવન હર શિર ચિકુર સમાની ।
સાત સમુદ્ર ભેદ યમ ભગિનિ–હરિ નખ શિખ લપટાની ।।૨।।
રાસ રસિક મણિ નિત્ય પરાયણ–પ્રેમ પુંજ ઠકુરાની ।।
આલિંગન ચુંબન રસ વિલસત–કૃષ્ણ પૂલિન રજધાની ।।૩।।
ગ્રીષ્મ ઋતુ સુખદેતનાથકોં–સંગ રાધિકા રાની ।।
'ગોવિંદ' પ્રભુ રવિ તનયા પ્યારી ભકિત મુકિત કી ખાની ।।૪।।

ભાવાર્થ હે. પરમપાવની શ્રીયમુનાજી આપ અધમ ઉદ્ધારની છે એ હું જાણું છું. જેના નયનમનોહરતટ ઉપર ગોધન સહિત શ્રીશ્યામ ઘન સુંદર ત્રિભંગી સ્વરૂપે દાની બની અને સદા વિહાર કરે છે શ્રીગંગાજી તો શ્રીવામનજીના ચરણ સ્પર્શથી પાવન થઇ અને શ્રીમહાદેવજીની જટામાં સમાઈ ગયાં પરંતુ આપતો સાતે સમુદ્રને ભેદી અને શ્રીગોલોક ધામમાં શ્રીહરિને નખથી શિખા પર્યંત લપટાઈને રહયા છો વચ્ચે અનેક બ્રહ્માંડોને પાવન કરતાં ગોલોક ધામના સુંદર વૃંદાવનમાં તુર્યપ્રિયાના રૂપેં રસક્રિડામાં શ્રી રાસનાયકને સર્વાંગથી લપટાયાં છો પ્રેમના પુંજ રૂપ શ્રીઠકુરાનીજી શ્રીયમુનાથી રાસ રસિકના પુર્ણ શિરોમણી રૂપેં નિત્ય રાસ પરાયણ છો જેમાં આલિંગન ચુંબનાદિ રસોથી સદા વિલસો છો જેથી શ્રીયમુનાજીનો પુલિન શ્રીકૃષ્ણની મનોહારિ રાજધાની રૂપે શોભી રહયો છે શ્રીયમુનાજી પ્રવહરૂપૈ અને સાક્ષાત સ્વરૂપેં ગ્રીષ્મઋતુમાં શ્રીરાધિકારાની સહિત પોતાના પ્રાણેશને સદા પરમ સુખ આપો છો. **ગોવિંદદાસ** કહે છે કે રવિતનયા શ્રીયમુનાજી મારા પ્રભુના પ્રાણપ્રિય છે અને ભકિત અધિકારી જીવોને ભકિત અને મુકિતના અધિકારી જીવોને મુકિત સુખની ખાણ રૂપ છે શ્રીસુરદાસજી પણ–૨૧, મા પદમાં કહે છે "મર્યાદાદિક કહે લૌકીક સુખ લહે–પુષ્ટિકોં પુષ્ટિ પથ નિશ્ચેમાનો" તેમ મર્યાદા પ્રવાહી જીવોને લૌકીક ભોગ વિલાસ અને પુષ્ટિ જીવોને પરમ ફલરૂપ વ્રજવાસ વૃંદાવનવાસ અને લીલાનાં સર્વ સુખો અને પ્રભુ અધરામૃતની સિદ્ધિનું પણ અદ્ભુત દાન કરો છો હે શ્રીયમુનાજી આ પ્રસાદ મને મળે એવી કૃપા કરો.

(ક્રમશઃ)

મહાપ્રસાદની અલૌકિકતા

માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

સૌરાષ્ટ્રના ગોંડલ શહેરના બે સોની કુટુંબોની આ વાત છે. બંને કુટુંબો એક શેરીમાં સામે સામે રહે અને પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ ધર્મ પાળે છે.

કાનજીભાઈની શહેરમાં સોના ચાંદીની દુકાન હતી. તેમનું આખું કુટુંબ-તેમના પત્ની કાન્તાબેન અને બંને પુત્રો પ્રશાંત તથા ધીરજ બધાં પુષ્ટિના રંગે રંગાયેલા માધવજીભાઈ પ્રાથમિક શાળામાં શિક્ષકની નોકરી કરે, તેમના કુટુંબમાં ખુદ માધવજીભાઈ પુષ્ટિમાર્ગી હોવા છતાં તેમને માર્ગ પ્રત્યે કે પ્રભુ પ્રત્યે કોઈ ભાવ નહીં પરંતુ તેમના પત્ની મધુકાન્તાબેન અને પુત્રી સુરેખાને પુષ્ટિમાર્ગ પ્રત્યે ચાહના હતી, માધવજીભાઈ વર્ષમાં એકાદબેવાર માંડ મંદિરે જાય પરંતુ તેમના પત્ની અને પુત્રી દરરોજ નિયમિત દર્શને જાય, કાનજીભાઇના કુટુંબ સાથે આ કુટુંબ હળીમળી ગયું હોતાં તેમને ત્યાં થતા સત્સંગમાં અને ઉત્સવોમાં બંને જતા, સુરેખા સુંદર રાગથી કીર્તન-ધોળ ગાઇ ઠાકોરજીને રીઝાવતી. અવારનવાર મા દીકરી તેમને ત્યાં જઇ સેવાકાર્યમાં પણ પોતાનો હાથ બટાવતા.

કાનજીભાઇ પોતાના મોટા પુત્ર પ્રશાંત માટે પુષ્ટિમાર્ગના સંસ્કારવાળી સુશીલ કન્યાની તપાસમાં રહે માગાં તો સાત-આઠ ઠેકાણેથી આવ્યા હતા પરંતુ તેમાંથી એકે ય ઠેકાણું એમને જચે તેવું નહીં હતું. તેમને સુરેખા ખ્યાલમાં હતી પરંતુ માધવજીભાઇની બહિર્મુખતા જોઇ મન પાછું પડતું હતું આમ છતાં હરિના સાચા પ્રેમી જેવા આ વૈષ્ણવ એટલુ જોઇ શકયા હતા કે માધવજીભાઇમાં પુષ્ટિ ભાવનું બીજ તો હતું જ.

કાનજીભાઇએ પોતાની ધર્મપત્ની કાન્તાબેન અને પુત્ર પ્રશાંત સાથે આ બાબતમાં ચર્ચા કરી જે કોઇ ઠેકાણાં ખ્યાલમાં હતા એ બધામાં સુરેખા બધાની દષ્ટિમાં બધી રીતે સુયોગ્ય પાત્ર કરી. કાન્તાબેનને તો દઢપણે લાગતું હતું કે પોતાના એન્જીનીઅર પુત્ર પ્રશાંત માટે તે સર્વ પ્રકારે અનુકુળ હતી. તેણે આ સાલે જ બી. એ. ની પરીક્ષા સંસ્કૃત વિષય સાથે પસાર કરી હતી. ગૃહકાર્યમાં કુશળ, ધર્મમાં અભિરૂચિ વાળી, પ્રભુસેવામાં પ્રીતિવાળી તથા સારું ભણેલી સુરેખા કાન્તાબેનને અતિ પ્રિય હતી. તેથી આ નિર્ણયથી તેમને ઘણો આનંદ થયો.

સાંજે કાનજીભાઈ તથા કાન્તાબેન બંને માધવજીભાઇને ઘેર ગયા અને પ્રશાંત માટે સુરેખાના હાથની માગણી મૂકી મધુકાન્તાબેન આ પ્રસ્તાવથી ખુબ ખુશ થયા.

માધવજીભાઇ કહે, "જુઓ કાનજીભાઈ, કાન્તાબેન, આ પ્રસ્તાવથી અમને ઘણો હર્ષ થાય છે પરંતુ તમે તો જાણો છો કે અમારી આર્થિક સ્થિતિ…….

કાનજીભાઇ કહે ! અરે માધવજીભાઇ, અમે સામેથી પ્રસ્તાવ મૂકીએ છીએ ત્યારે

અમે બધી બાબતનો ખ્યાલ નહીં કર્યો હોય ? અમે માત્ર ઝરઝવેરાતવાળા સંબંધી કરતાં પુષ્ટિ સંસ્કારની અમીરતાવાળા સંબંધીનું વધારે જોખીએ. વળી તમારી સુરેખા અમારા ઘરમાં આવવાથી ખુદ લક્ષ્મી અમારા ઘરમાં પધારશે એવું અમે માનીએ છીએ. તેથી તમારે એવી તેવી કોઈ ચિંતા કરવાની નથી. પ્રભુકૃપાથી બધું બની આવશે. હા, તમે લગ્ન નિમિત્તે શ્રીઠાકોરજીના અન્નકુટનો ઓચ્છવ કરાવજો.'

માધવજીભાઇએ અને મધુકાન્તાબેને પ્રસ્તાવ સહર્ષ વધાવી લીધો અને વિવાહ નક્કી થયા.

જ્યારે લગ્નની નિર્ધારિત તિથિ નજીક આવી ત્યારે માધવજીભાઇએ પુછ્યું, 'કાનજીભાઈ, હવે વિધિમાં શું નક્કી કરવાનું છે ?'

કાનજીભાઇ કહે, 'સર્વ પ્રથમ તો શ્રી ઠાકોરજીનો ઉત્સવ થશે અને તેમાં તમારે અન્નકુટની સામગ્રી કરવાની છે.'

આ વખતે માધવજીભાઈના મનમાં વિચાર આવ્યો કે શ્રીઠાકોરજીના ઉત્સવના બહાને કાનજીભાઇ મને કયાંક પાંચ–દશ હજારના ખાડામાં રખે ઉતારે છતાં તેમણે ફરી પુછ્યું, 'કાનજીભાઇ, એ તો ઠીક, પરંતુ તેનો અંદાજે ખર્ચ કેટલો થશે એ તો કહો !'

કાનજીભાઈ કહે, 'આમ તો આપણે જેટલું કરીએ તેટલું ઓછું છે છતાં તમે મનમાં કોઇ ચિંતા કરશો નહીં. તમારી શકિત પ્રમાણે કરીશું. આ શુભ પ્રસંગે પ્રશાંત–સુરેખાને આશીર્વાદ આપવા અમારા પૂજ્ય ગુરુદેવની પધરામણી થશે અને આપશ્રીના અલૌકિક વચનામૃતનો પણ લાભ મળશે આ બાબત હું મધુકાન્તાબેનને સમજાવી દઇશ તો તમે નચિંત રહેજો વળી સામગ્રી સિધ્ધ કરવામાં પણ અમે તેમનો સાથ લઇશું.'

લગ્ન પ્રસંગે કાનજીભાઇએ પોતાને ત્યાં શ્રીગુરુદેવની પધરામણી કરાવી વૈષ્ણવોના આનંદનો પાર ન રહ્યો શ્રીઠાકોરજીના ઉત્સવમાં કીર્તન–ધોળ અને ભજનો ગવાયાં, હીંચહમચી અને ઢાઢી લીલાના સુંદર કાર્યક્રમો શ્રી ઠાકોરજી સન્મુખ કરવામાં આવ્યા.

લગ્નવિધિ પુર્ણ થયા પછી બાવાશ્રીએ વર–વધુને આશીર્વચન આપ્યા અને વિશાળ વૈષ્ણવ સૃષ્ટિને વચનામૃતોનું પાન કરાવ્યું

અન્નકૂટમાં ધરાવેલ વિવિધ સામગ્રી જોઇ માધવજીભાઈ છક્ક થઇ ગયા. તેમનું મન અપાર આનંદથી ભરાઈ ગયું પુત્રી માટે યોગ્ય મુરતિયો મેળવવામાં માબાપને નવનેજા પાણી આવે છે જ્યારે પોતાની વહાલી પુત્રી સુરેખા માટે સુયોગ્ય વર અને ઘરની પ્રાપ્તિ કોઇ પણ જાતની મુશ્કેલી વગર થઈ હતી. તેમને ખ્યાલ આવ્યો કે પ્રભુકૃપા વિના આવું બની શકે નહીં. પુત્રીની સાચા હૃદયની ભક્તિ અને પ્રભુપ્રીતિ થકી તેમના પર પણ પ્રભુકૃપા થઇ હોય એવું તેમને લાગ્યું આથી સહેજે તેમનું મન લગ્નમંડપમાં બિરાજતા શ્રીઠાકોરજીના સુંદર સ્વરૂપ તરફ ઝુકયું અને તેઓ ભાવભરી દૃષ્ટિએ પ્રભુના શ્રીમુખ પ્રતિ નિહાળી રહ્યા.

કાનજીભાઇએ શ્રીઠાકોરજીનો ઉત્સવ ખુબ ભાવથી મનાવ્યો, ખુબ આનંદ લીધો અને વૈષ્ણવોને લેવડાવ્યો, તેમણે વૈષ્ણવોને તથા

સત્સંગીઓને ભાવથી આગ્રહ કરી કરીને પ્રસાદ લેવડાવ્યો.

મહેમાનો તથા આમંત્રિત વૈષ્ણવોના પ્રસાદ લઈ લીધા પછી શ્રી કાનજીભાઈ તથા શ્રી માધવજીભાઈના ઘરના સભ્યો તથા સગાં સંબંધી પ્રસાદ લેવા બેઠા.

માધવજીભાઈને મહાપ્રસાદનો અલૌકિક પ્રતાપ વર્તાયો મહાપ્રસાદ મુખમાં મૂકતા વાર તેમને લાગ્યું કે આવો અમૃતભર્યો સ્વાદ તેમણે જીંદગીમાં પ્રથમવાર જ માણ્યો છે.

તેમણે પાસે બેઠેલા કાનજીભાઈને કહ્યું, ‘કાનજીભાઈ, આ મહાપ્રસાદમાં તો કંઈ અદ્ભુત મિઠાશ છે !’

કાનજીભાઇ કહે, ‘માધવજીભાઈ, અનેક વૈષ્ણવોએ પ્રેમથી પ્રસાદ આરોગ્યો છે તેથી તેમાં શ્રી ઠાકોરજીના ભક્તોના પ્રેમની મિઠાશ આવે જ પ્રભુકૃપાના બળે બધું જ શકય બને છે.

માધવજીભાઈ મુગ્ધભાવે આ શબ્દો સાંભળી રહ્યા.

પૂ. મહારાજશ્રીએ પધારતી વખતે કહ્યું, ‘કાનજીભાઇ, તમે પૈસાવાળા ઘરનો મોહ જતો કરી પુષ્ટિ સંસ્કારવાળી કન્યા લાવ્યા એજ તમારા પુષ્ટિ ભાવનું નિર્દેશ, કરે છે. હવે શ્રીઠાકોરજી તમારા ઘરમાં અંદકાં લાડકોડ પામશે તમે અન્નકૂટ મહોત્સવમાં શ્રી માધવજીભાઇને સામેલ કરી તેમને અલભ્ય લાભ અપાવેલ છે. શ્રી ઠાકોરજી તેમના પર પ્રસન્ન થયા છે.’

મહાપ્રસાદના અલૌકિક પ્રતાપે શ્રી માધવજીભાઇના જીવનની વાટ જ બદલાઈ ગઈ. તેઓ પ્રભુ-પ્રેમી અને સત્સંગી બની ગયા જેમને કદી પ્રભુનું સ્મરણ થતું નહીં એવા માધવજીભાઇના હોઠે હવે મધુરાધિપતિ શ્રીકૃષ્ણનું નામ રમતું થઈ ગયું. આવી છે મહાપ્રસાદની અલૌકિકતા !

ત્રિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રીમતી કાન્તાબેન કીલાચંદભાઇ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૮ મો ગતાંકથી ચાલુ

કનકાભિષેકનું વર્ણન (ચાલુ)

શોભાયાત્રીઓ

ચૌપાઈ–રાધેશ્યામ

રણધીર બીર અતિ ધર્મ નિષ્ઠ, ગોબ્રાહ્મણ કે પ્રતિપાલક થે
બનરાજ ચાલ બલ શૌર્ય તેજ, બીર ક્ષત્રાણી કે બાલક થે
કેશરી સિંહ સમ દૃઢ ગરદન, તનુ સામ્ય ભુજાયે લંબીથી
પાલક ઉપકાર ઉચિત ગુણી, નહિં હૃદય કામના દંભીથી
પૈદલ ચલતે ઉમરાવ નૃપત, ઉન પીછે જન મહમાન ખડે
ફિર સોહિત કોવિદ ઉપરોહિત, ગાવત પ્રભુયશ વિદ્વાન ખડે
આચાર્ય મધ્ય દ્વિજરાજ રહે, પ્રભુ રવિ શશિ સમ દિખલાતે થે
માનહું ચહું શોભા મંડલ સમ, આતુરજન જલજ સુહાતે થે
દર્શન કરનેકો પુરબાસી, છન એક ધૈર્ય નહિં ધરતે હૈં
અક્ષત ફૂલ રોરી માલા લે, સરિસમ સાગર કો સરતે હૈં
ચહું હાટ બાટ પથ દ્વાર ભવન, જન બાદલ જિમિ ચહું બઢતાથા
અખિયાં અધિરીભઇ દર્શન કો, લખ પાવત મૂરત વામન કી
પુષ્પોંકી બરખા કરત લોગ, જયોં ધારા લાગત શ્રાવણ કી
કંચન કલશોં સે સોહત સમ, પચરંગી સાડી થી સારી
ગતિ મંદ ધરત મૃદુ હાસ્ય રુચિર, ગીતોં કો ગાતીથી નારી

ગીત–રાગ–પલાસી

શુભ સોહત વલ્લભ વર સ્વારી રે, જય બોલો ગોવિંદ ગિરિધારી રે

અન્તરે

જુગ જુગ રાખી લાજ આયે ભકત હેત કાજ,
પુનિ પ્રકટે લાગીશ અવતારી રે–જય બોલો.

હિરણ્ય કશ્યપ ક્રુર રહો પ્રહલાદ જુર,
ઉર ફાર્યો નરસિંહ રૂપ ધારી રે–જય બોલો.
દેવ મુનિ ગયે હાર લિયે રામાવતાર,
સિય સુર નર કી આપદા ટારી રે–જય બોલો.
દ્વાપરે શ્રીકૃષ્ણ રામ ધાયે ગોકુલ ગાંવ,
દુખદાઈથી પૂતના સંહારી રે–જય બોલો.
ગ્વાલ ગોપ લિયે દૌર માખન કહાયે ચોર,
નંદરાયાકી ગૈયા ચારી રે–જય બોલો.
ઈન્દ્ર કોપ સે બચાય ધાર્યો ગિરિકર ઉઠાય,
નામ ધર્યો ગોવિંદ ગિરિધારી રે–જય બોલો.
વ્રજનાર પુરી આશ વૃન્દાવન કિયો રાસ,
બનવારી હો બાંકે બિહારી રે–જય બોલો.
દુષ્ટ પાપરૂપ કંસ અસુર કુલ કિયો વિધ્વંસ,
વસુદેવ દેવકી કો ઉબારી રે–જય બોલો.
કલિ બઢયો માયાવાદ દૈવી હિત કિયો નાદ
ધર અગ્નિરૂપ દેહ રોષ દૃષ્ટિ ડારી રે–જય બોલો.
પ્રબલ પ્રચંડ ખંડ શુદ્ધ બ્રહ્મવાદ મંડ,
દૌર દૌર દુર દેશ સેવા સિખારી રે–જય બોલો.
કહે કવિ બાર બાર ગયે વાદી હાર હાર,
દાસ '**ગણપત**' કી સુધ કયોં બિસારી રે–જય બોલો.

મંડપમાં પૂજન અર્ચન સહ શ્રી વલ્લભની પધરામણી

દોહા–નૃપત ભવન મંડપ નિકટ, સ્વારી પહુંચ આય
પૂજન કરને કે લિયે, રાવ રાનિ સહ ધાય
ઉપરોહિત આચાર્યજન દેત મંત્ર ધ્વનિ ગાન
પૂજત પ્રભુ પદ મુદિત નૃપ, દેખત ભૂસુર દાન

ચૌપાઈ-તુ૰

ચરણુ પૂજન અર્ચન વિધિ કીની, વિવિધ બસ્તુન્યોછાવરદીની
છત્ર ચંવર નૃપ નિજ કર ધારે, પ્રભુપદ ધરન પાંખડ ડારે
વામન બલિસમ પેખત જ્ઞાની, પરમાનન્દ મગનભયિ રાની
પ્રભુ પદ નૃપત પરમ વિધિ ઠાની, જિમિ રઘુબર પૂજત ગુરુ જ્ઞાની
સબવિધિ સત્કારત અતિ રાજા, વેદ મંત્ર સહુ બાજહુ બાજા
મંડપ વલ્લભરાય પધારે, દર્શનકર જન તાપ નિવારે
કનક મંચ સિંહાસન સોહે, લખ શોભા સુરપતિ મન મોહે
મંત્ર પઢત ગુંજત ચહું દીશા, સિંહાસન રાજત વાગીશા
મુખ્ય પુરૂષ વૈદિક આચારી, બિલગ સિંહાસન બૈઠત ચારી
ઉચિત પુરૂષ સિંહાસન પાયે, બિલગ સ્થાન સબ લોગ બિઠાયે
બાજત ઢોલ ઢમામા ભેરી, પ્રભુ દર્શન જન અખિયાં હેરી
પરમેષ્ઠી સમ વલ્લભ રાજે, દૈવી કાર્ય કરન જગ ગાજે
અતિ આતુર ઉત્સવ અભિલાષી, નૃપત રાનિ મન પરમ હુલાસી
મંચ નિકટ કર માન્ત્રી આયે, કનક સ્નાન શુભ બચન સુનાયે
સુભગ યોગ ઘટિકા શુભ ઠાની, સનમુખ બૈઠાવત નૃપરાની
અધિકારી આચાર્ય બુલાયે, વેદોચ્ચાર કરન દ્વિજ ધાયે
કિય નૃપરાનિ મનોરથી નેકા, જહાં સંકલ્પ કનક અભિષેકા
ભૂસુર દ્રવ્ય કલશ ધર બાઢે, પ્રભુ સનમુખ કોવિદ જન ઠાડે

(ક્રમશઃ)

પુસ્તક પરિચય

(૧)કૃપા સાગર શ્રીયમુને મહારાણીજી-

સંપાદન અને પ્રાપ્તિસ્થાન—
જિતેન્દ્રભાઈ રમણિકલાલ પરીખ
ઉંચી શેરી—ચગોઠ—લીમડાવાસ—**મહેસાણા.**
આઠ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૮૮ કાચું પુઠુ
ન્યોછાવર—દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં નિત્ય નિયમના સ્તોત્ર પાઠ, શ્રી યમુનાજીના ૧૦૮ પદો તથા અન્ય મહાનુભાવોના શ્રીયમુનાજી ઉપરના રચેલા સ્ત્રોતો, ગુજરાતી ધોળોનો સંગ્રહ છે. આ સાહિત્યના ક્રમબધ્ધ સંકલનની અને અનુક્રમણિકાની ઉણપ જણાય છે.

આ પુસ્તકમાં પુષ્ટિમાર્ગીય સામાયિકો તથા સંસ્થાઓનો પરિચય પ્રસિધ્ધ કરેલ છે તે વૈષ્ણવ સમાજને માર્ગદર્શક છે. એકંદર આ સાહિત્ય સંકલન અને પ્રકાશન પાછળ લીધેલ પરિશ્રમ સરાહનીય છે.

(૨) મન-પ્રબોધ

લે. મહાનુભાવ ગોપાલદાસજી વ્યારાવાળા
ટીકા—પંડિત કેશવદાસજી
સંકલન—શ્રી વલ્લભપાદ પદ્મમિલિંદ
ભાવાનુવાદ—પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક અમે પ્રાપ્તિસ્થાન—
પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર, **સિહોર.** ૩૬૪૨૪૦

પ્રસ્તુત ગ્રંથમાં શ્રીનાથજી, શ્રીમહા પ્રભુજી અને શ્રીગોકુલનાથજી (ચતુર્થકુમાર)ને અભેદ સ્વરૂપ નિરૂપણ કરી શ્રી ગોકુલનાથજીને કેન્દ્ર સ્થાને રાખી અનન્ય આશ્રય કરવા "મન પ્રબોધ" ગ્રંથની રચના વ્રજ ભાષામાં વિરહાવસ્થામાં કરી છે. જેમાં દુહા ૧૩ અને કવિત ૫૬ છે. શિખરનો દિવ્ય પ્રેમ મેળવવો હોય તેણે શ્રીવલ્લભનો જ અનન્ય આશ્રય રાખવો. વિરહનો અનુભવ જ દિવ્ય પ્રેમના શિખરે પહોંચાડનાર છે. "મન પ્રબોધ" ગ્રંથની આ ફલ શ્રુતિ છે. થોડી નકલ છપાયેલ હોવાથી વહેલાસર ગ્રંથ વસાવી લેવા.

પોરબંદર—પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના તત્ત્વાવધાનમાં તા. ૧૭ થી ૨૩-૫-૮૮ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પરાયણનું આયોજન શ્રીગોવિંદ નિકેતનમાં થયું હતું. વ્યાસપદે સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા પૂ. શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા બિરાજી કથામૃતનું પાન કરાવેલ. સપ્તાહ દરમ્યાન પૂ. મહારાજશ્રીના વચનામૃતનો અલૌકિક લાભ શ્રોતાજનોને મળેલ.

પુસ્તક પરિચય

પૂર્વ પ્રથમા પરીક્ષાનું પાઠય પુસ્તક

મૂળ લેખક : પૂ. શાસ્ત્રીજી ચિમનલાલ હરિશંકર
પ્રશ્નોત્તર રૂપે માળખું તૈયાર કરનાર : શાસ્ત્રીજી મધુસુદન ચીમનલાલ
પ્રકાશક : અ. ભા. શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, સુરત
સાઇઝ : ક્રાઉન ૧૬ પેઈજી પૃષ્ઠ : ૮૨ + ૮ = ૯૦
ન્યોછાવર : પાંચ રૂપિયા.

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, સુરત

૬૪મા વર્ષની મહાસભાની આગામી છ પરીક્ષાઓ તા. ૧૩–૮–૮૮ શનિ અને તા. ૧૪–૮–૮૮ રવિવારે થશે. આમાં છ પરીક્ષાઓ થશે. ૧. પ્રથમા ૨. દ્વિતીયા ૩. તૃતિયા ૪. ચતુર્થી ૫. પંચમી તેની તૈયારી પાઠશાળામાં કે ખાનગીમાં, સત્સંગ મંડળીમાં કે ઘરમાં કરીને ફોર્મ ભરી, ફોર્મ ફી સાથે નીચેના સરનામે તા. ૭–૭–૮૮ પહેલાં ફોર્મ મળી જાય તે રીતે મોકલાવવા.

પંચમીમાં હવે પ્રદીપને સ્થાને શ્રીમહાપ્રભુજી વિરચિત તત્ત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણ છે.

ખાસ અગત્યના ક્રાંતિકારી સમાચાર

પૂર્વ પ્રથમા પરીક્ષા તા. ૩–૧–૮૮ થી શરૂ થઈ ગઇ છે. એક હજાર જેટલા હેતુલક્ષી (ઓબ્જેકટીવ પ્રશ્નો) પ્રશ્નોતરવાળી સંસ્કાર અને સંસ્કૃતિ વધારનારી શ્રી વલ્લભાચાર્યજીનો, દરેક જીવોને માટે ઉપયોગી, સરળ સેવા માર્ગ બતાવનારી આ પૂર્વ પ્રથમા પરીક્ષા, મહાસભાના અધ્યાપકો, શુદ્ધાદ્વૈત વિશારદો કે જે ૧૭૦૦ થી વધુ છે. પૂજ્ય શાસ્ત્રીજી વર્ગ તેમજ ભૂતલ ઉપર બિરાજમાન પૂજ્યપાદ પરમપાવન પ્રાતઃસ્મરણીય શ્રી ૧૦૮ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ સમસ્ત ગોસ્વામી બાળકો લઈ શકે છે. આ પુસ્તક રૂા. ૫–૦૦ ની ન્યોછાવરથી મળે છે.

આ પૂર્વ પ્રથમા પરીક્ષા ગામેગામ વર્ષમાં ગમે તેટલીવાર ગમે તેટલા વ્યકિતઓની વારંવાર મહાસભા દ્વારા પ્રકાશીત પૂર્વ પ્રથમાના પુસ્તકમાં વિસ્તારથી છાપેલા નિયમો મુજબ, વારંવાર ગમે તેટલીવાર ગમે તે મનુષ્યની (મનુષ્ય માત્રની) લઈ શકાય છે. આ પૂર્વપ્રથમા પરીક્ષા મૌખીક–લેખિત બંને રીતે લઈ શકાશે.

પરીક્ષાને લગતો સમસ્ત પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

અવૈતનિક માનદ પરીક્ષા સંચાલક શાસ્ત્રી નિ:શુલ્ક ભાગવત કથાકાર
શ્રી મધુસુદન શાસ્ત્રીજી, બં. નં. ૩, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા,
બસ સ્ટેન્ડ પાસે, રાંદેર રોડ, **સુરત** ૩૯૫૦૦૯

શ્રદ્ધાંજલી

મોરબી–પૂ પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા—પોરબંદર)ની અધ્યક્ષતાએ તા. ૨૨–૫–૮૮ ની ભરાયેલ સભામાં પ. ભ. શ્રી પરસોત્તમદાસ (બચુભાઈ) હરિભાઇ કંદોઈ મોરબીવાળા હાલ ઘાટકોપર નિવાસીનું વડોદરા નજીક પાલેજ ગામ પાસે બસ અકસ્માતથી શ્રીઠાકોરજીના ચરણ પામતાં વૈષ્ણવોમાં ખૂબ જ દુઃખ થયેલ છે. તેમજ તેમના ધર્મપત્નિ અ.સૌ. વિજયાબહેન પણ ત્રણ દિવસ અગાઉ શ્રીનાથદ્વારામાં શ્રીજીચરણ થયાં હતા. શ્રી ઠાકોરજીના ઘર આગળ આપણું કાંઇ ચાલતું નથી પ્રભુ ઇચ્છા બળવાન.

શ્રી પુરસોતમદાસ (બચુભાઇ) અને તેમના ધર્મ પત્નિ અ.સૌ. વિજયાબેન હરિ ગુરુ વૈષ્ણવની માન પુર્વક નમ્રતાથી સન્માન કરતા તેવા ભગવદીયોની ઉણપ અપુરણીય રહેશે. તેમના કુટુંબ પરિવારને આવી આ ભૌતિક દુઃખ સહન કરવાની શકિત પ્રભુ પ્રદાન કરે અને બન્ને સદ્‌ગત આત્માને પ્રભુ ચીર શાંતિ આપે તેવી અભ્યર્થ સહ શ્રદ્ધાંજલિ અમે છીએ.

પ. ભ. શ્રી રવજીભાઈ વેલજીભાઈ મિસ્ત્રી "વ્રજ" ધોરાજી નિવાસીનો તા. ૩–૬–૮૮ શુક્રવારે ગોલોક વતાં પુષ્ટિ સંપ્રદાયે એક ગદ્ય–પદ્ય સાહિત્યના મર્મજ્ઞ ૮૧ વર્ષના વયોવૃદ્ધ લેખકને ગુમાવ્યા છે. તેની ખોટ અપુરણીય રહેશે. તેમનું સાહિત્ય "સત્સંગ" "શ્રી વલ્લભ સંદેશ" અને "શ્રી વલ્લભ સુધા"માં પ્રસિદ્ધ થયું છે, થાય છે અને હજુ ઘણું અપ્રસિદ્ધ સાહિત્ય છે તે પ્રસિદ્ધ થતું રહેશે શ્રીગુસાઈજીની વધાઈના અર્થ સાથે સદામન શ્રીગોકુલમેં રહિએ' વગેરે સાહિત્ય પુસ્તકાકારે પ્રસિદ્ધિ પામેલ છે. તેઓ પુષ્ટિમાર્ગીય સંગીનના અચ્છા જાણકાર કીર્તનીયા હતા. તેઓ કોટાવાળા પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના સેવક અને પુ. પ્રથમેશજીના પુર્ણ કૃપાપાત્ર વૈષ્ણવ હતા.

સદ્‌ગતના કુટુંબ પરિવાર ઉપર આવી પડેલ આ ભૌતિક દુઃખમાં અમો સમવેદના વ્યકત કરીએ છીએ.

તેમના બન્ને સુપુત્રો શ્રી વિઠલભાઇ અને શ્રી ગોવિંદભાઇ મકવાણા પુષ્ટિધર્મ પ્રેમી સારા વૈષ્ણવ છે અને તેમના પિતાશ્રીના સંસ્કારને વારસામાં ઉતાર્યા છે એટલું જ નહિ પરંતુ અપ્રસિદ્ધ સાહિત્યનો સંગ્રહ અને કીર્તન સંગીતને ૪ કેસેટોમાં એ અલૌકિક વારસા ધનને જાળવી રાખ્યું છે.

સદ્‌ગતના જીવનમાં બે સુત્રો મોટામાં મોટું કાર્ય કરી રહ્યાં હતા. (૧) "શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેુ અને (૨) "ભકતજન પદરજ પ્રતાપે સકલ સરીયા કાજ"

ગયા અંકમાં તેમના અલૌકિક જીવનનો પરિચય વૈષ્ણવ સૃષ્ટિની જાણ માટે પ્રસિદ્ધ કરેલ. પરંતુ તે અંક તેમને પહોંચે તે પહેલાં તો તેઓ નિકુંજ નિજ લીલા ધામમાં સિધાવ્યા અને "શ્રીવલ્લભ સુધા" એક સારા લેખકને ગુમાવ્યાની વેદના સહ. શ્રદ્ધાંજલિ અર્પી વિરમીએ છીએ.

—શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ તથા શ્રીવલ્લભ સુધા સંપાદક મંડળ.

શ્રદ્ધાંજલિ નિવેદન :-

હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિના પ્રસાર–પ્રચાર કરનાર અને ધાર્મિક સામાજીક ક્ષેત્રે ભવ્ય સેવાઓ અર્પણ કરનાર તથા અનેરી જાગૃતિ લાવનાર શ્રી શંભુ મહારાજના અકસ્માતમાં હરિશરણ થયાના સમાચારથી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભારે આંચકો અનુભવે છે એવું શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં પરિષદના પ્રમુખશ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ અને સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે જણાવ્યું છે. વૈષ્ણવ સમાજ માટે તેઓની સેવાઓ સવિશેષ છે અને સામાજીક—ધાર્મિક ક્ષેત્રે એક પ્રખર પ્રચારક અને બાહોશ આગેવાન મહાન ગૌભકત ગુમાવ્યાની સમાજને ભારે ખોટ પડી છે એવું તેઓએ જણાવ્યું છે.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

પ્રાર્થના

[શિખરણી]

ઊઠી નિદ્રામાંથી પ્રથમ ધરું શ્રીનાથજી હૃદે,
પછી લાગું પાયે જનક – જનની શ્રીગુરુ પદે.
કૃપાસિંધુ ! દેજો નિરમલ મતિ નાથ મુજને.
પ્રવેશે ના બૂરાં મલિન કદી સંકલ્પ મનમાં,
નહીં આધિ–વ્યાધી નડતર ઉપાધિ ન તનમાં.
કરું કાર્યો એવા દિવસ મુજ વીતે આ ઊજળો,
અને રાતે આવે નિંદર સુખની શાંત નરવી.
પ્રતિમૂર્તિ તારી જગ સકલમાં નાથ નીરખું,
ચહું–ચાહુ સૌને કુટુમ્બવત માની જગતને.
કરું કાર્યો એવાં જીવન મુજ આ જાય ઊજળું,
અને મૃત્યુ મારું ઝગમગ ઝગે તારક સમું.
રહું ઊજાળી હું પથ તમસ – ઘેર્યા જગતનો !

દેવેન્દ્ર ર. પાલેજા 'નિર્મલ'

પુષ્ટિ–ચરણ વંદના

[મંદાક્રાંતા]

વંદુ છું હું ચરણ કમલે વલ્લભાધીશજી ના.
પુષ્ટિમાર્ગે અનુગ્રહ કરે જીવ દૈવી પરે આ. [૧]
ભાવે વંદુ ગિરિધર પ્રભુ દિવ્ય શ્રીનાથજી ને,
પ્રીતે વંદુ નવનીત પ્રિયજી મૃદુ બાળ રૂપે. [૨]
ભક્તિ ભાવે નમન કરીએ શ્રી મથુરેશજી ને,
સેવા ભાવે ચરણ નમીએ વિઠ્ઠલનાથજી ને. [૩]
વંદુ ભાવે ચતુરભુજ શ્રી દ્વારકાધીશ ને,
સ્વામિનીજી સહનમન શ્રી ગોકુલનાથજી ને. [૪]
વેણુધારી મનહર નમું ગોકુલચંદ્રમાજી,
પ્રેમે વંદુ સુરત મધુરા લાલ શ્રી બાલકૃષ્ણ. [૫]
વંદુ છું હું કુસુમાયુધના મોહનારા પ્રભુને.
ને વંદુ છુ ચરણ કમલે મા યમુના તમોને. [૬]
ભક્તિ સેવા હરિ ગુરુ અને વૈષ્ણવોની અનેરી,
શ્રદ્ધા સાથે નવનિધિ તણી વંદના આ અમારી. [૭]

જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિ: ॥

હરિયાળી અંમાસ

રાગ–મલ્હાર

સખીરી હરીયારો સાવન આયો
હરે હરે મોર ફિરત મોહન સંગ
હરે વસન મન ભાયો. ૧

હરી હરી મુરલી હરિસંગ રાધે, હરિભૂમિ સુખદાઇ,
હરે હરે વનરાજત દ્રુમવેલિ, હરી હરી પાગ સુહાઇ. ૨

હરી હરી સારી સખી સબ પહેરે, ચોલી હરી રંગભીની,
'રસિક' પ્રીતમ મન હરીત ભયો હે, તન મન ધન સબદીની. ૩

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૫ ❀ ઓગસ્ટ, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

॥ શ્રી હરિ: ॥

॥ વૈષ્ણવા વૈ વનસ્પત્ય: ॥

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં પ્રેરણાદાતા—ધર્માધ્યક્ષ વૈષ્ણવાચાર્ય પ્રથમ પીઠાધીશ્વર ગો. શ્રી રણછોડાચાર્ય [શ્રી પ્રથમેશજી] મહારાજ ગો. શ્રીવલ્લભરાયજી મહોદય [સુરત]—ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન—રાજકોટ)—ગો. શ્રી રસીકરાયજી મહારાજ (પોરબંદર) **દ્વારા**

ધર્મ પ્રેમી જનો, સેવાભાવી સંસ્થાઓ સામાજીક કાર્યકરો તેમજ સમગ્ર વૈષ્ણવજનોને શુભ સંદેશ

શાંતીમય સુખસુવિધાપુર્ણ જીવન વ્યતીત થાય તેમ દરેક જીવ અપેક્ષા રાખતો હોય છે. તે અપેક્ષા સંતોષી શકાય તે માટે આર્યાવર્તનાં અનેક સંતો—મહંતો—આચાર્યો—ઋષિ મુનિઓએ મનોમંથન કરી વ્યકિતએ પાલન કરવાની ફરજો જેને આપણે ધર્માચરણ કહીએ છીએ એ તેનો અમૂલ્ય ઉપદેશ આપેલ છે.

આર્યાવર્ત ભારતમાં અનેકવિધ સંપ્રદાયો નિર્માણ થવાં છતાં સર્વ ધર્મ સમભાવ તેમજ એક બીજા પ્રત્યે દ્વેષ બુદ્ધિ ન હોવાને કારણે વ્યકિતના જીવનમાં ધર્મનું સદાચરણ હોવાને કારણે એક વિરાટ રાષ્ટ્ર તરીકે શકિતશાળી, સમૃદ્ધિશાળી અને આદર્શ આર્યાવર્ત ભારત નિર્માણ થયેલ.

જેની હજારો વર્ષ પુરાણી સંસ્કૃતિ તેમજ અતિ પ્રાચીન ગ્રંથો વેદ—ઉપનિષદ—શ્રીમદ્ ભાગવત્ તેમજ ગીતામાંથી પ્રેરણા લઇ પોતાની જાતને ધન્ય બનાવવા અને પોતાના રાષ્ટ્રને જગતૂના સર્વોચ્ચ રાષ્ટ્ર બનાવવા જગતના અન્ય દેશોનાં વિદ્વાનો આજે પણ પ્રયત્નશીલ છે.

પરંતુ વ્યકિત જ્યારે સ્વધર્મ આચરણથી વિમુખ બને છે ત્યારે તેનામાંથી આત્મીયતાનાં ભાવ નષ્ટ થાય છે તેનામાં દ્વેષ બુદ્ધિ વધે છે અને સ્વાર્થ લોલુપ બને છે જેને કારણે સમગ્ર સમાજને કષ્ટ ભોગવવું પડે છે.

સમાજ જીવનથી પર વ્યકિત એકલી અટુલી રહેતી હોય તો તેના જીવનની દરેક જરૂરીયાતને સંતોષી ન શકવાની સાથે શાશ્વતસુખ અને આનંદ પ્રાપ્ત કરી શકતી નથી. જેથી તેમ વિચારી શકાય કે વ્યકિતનાં વિકાસમાં સમગ્ર સમાજનો એક યા બીજા સ્વરૂપમાં ફાળો છે જેથી વ્યકિત સમગ્ર સમાજની ઋણી છે.

શું આપણે આપણા જીવનનો સાચા અર્થમાં વિકાસ કરવા માગીએ છીએ ? સાચું શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માગીએ છીએ ? સમગ્ર સમાજનું કલ્યાણ આપણા હૈયામાં છે ? પુષ્ટિ સંપ્રદાયના આપણે સૌ સેવકો જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રસ્થાપિત કરેલ પુષ્ટિમાર્ગને જગતમાં સર્વશ્રેષ્ઠ ધર્મ તરીકે સ્વીકારીએ છીએ ?

જો આ દરેક વસ્તુનો જવાબ આપણે હા માં આપતા હોઈએ તો આવો ! આપણે સૌ સાથે મળી આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં નેજા હેઠળ એકત્રીત થઇ સ્વધર્મનાં આચરણ દ્વારા આપણું જીવન સમગ્ર સમાજને પ્રેરણા મલે તેવું બનાવીએ.

આપણે જોઈ શકયા કે સૌરાષ્ટ્ર વિસ્તારમાં સતત દુષ્કાળ પડવાને કારણે તે વિસ્તારના માનવોએ હામ ગુમાવી દીધેલ. ગ્રામ્ય વિસ્તારનાં ખેડુત અને માલધારી પોષણ કરવાની ચિંતામાં પોતાનું પશુધન છુટુ મુકવા માંડેલ તે સંજોગોમાં વૈષ્ણવ પરિષદે આચાર્યોની પ્રેરણાથી ગામડે ગામડે ફરી ઢોરવાડા ખોલાવી સરકારી મદદ પ્રાપ્ત કરવામાં માર્ગદર્શન આપી. સમૃદ્ધ વર્ગ પાસેથી દ્રવ્ય પ્રામ કરી ઘાસચારો અનાજ અને પાણી વિતરણ કાર્યમાં કાર્યરત થતાં સમગ્ર સમાજમાં જાગૃતિ આવતાં પ્રેરણા લઇ અનેક સંસ્થાઓ કાર્યરત થતા પ્રભુ કૃપાથી દુષ્કાળનું વર્ષ હેમખેમ પસાર કર્યું..

જો દુષ્કાળનો સામનો કરવો હોય તો આટલા પ્રયત્નો પુરતા નથી તેના માટે આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિને અનુલક્ષી વેદની આરણ્યક પદ્ધતિને અનુકુળ વનનો વિકાસ કરવો પડશે.

(ટાઇટલ ત્રીજા પાના ઉપર)

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત
શ્રી વલ્લભ સુધા
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૫ * ઓગષ્ટ, ૧૯૮૮

॥ શ્રીહરિ ॥

હજુ પણ વિચારવા પ્રયાસ કરીશું ?

–પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી

આપણે ધર્માચાર્યો છઈએ અને એ પદની પ્રાપ્તિ સાથે જેમ આપણને વિશેષ અધિકાર મલે છે તેમ તેની જ સાથે આપણાપર મહત્ત્વપૂર્ણ જવાબદારી પણ આવે છે. એ પદના ગૌરવને અનુસાર રહીને તેની ગરિમાને સંભાળવાની વાત પણ એ અધિકારની સાથે આવી જાય છે. કિન્તુ આપણે એવી રહેણીકરણી અને વ્યવહાર નથી કરતા અને કેટલાંક કારણોવશ નિરર્થક અધિકારોને માટે વિવાદ કરીએ છીએ જેનાથી આપણી પ્રતિષ્ઠા પર આંચ આવે છે એ આપણે નથી વિચારતા.

સંપ્રદાયમાં ઉત્પન્ન અનેક સમસ્યાના મૂલમાં આપણા પરસ્પર કલહ અને તેનાથી પ્રેરિત અનેક અલગ અલગ વિચારોને કારણ માનીયે તો એ અતિશયોકિત નહીં હોય. સ્થિતિ દરેક સ્થળોની અલગ હોઇ શકે છે તો પણ તેને કલેશનું કારણ બનાવવું ઉચિત નથી. સંપ્રદાયની સમસ્યાઓનું સમાધાન એ પ્રકારે સંભવ નથી. તેનાથી સમસ્યાઓ વધી છે અને વધતી જઈ રહી છે. વૈષ્ણવોની ગુટબંધી અને ભાગલાવાદી વૃત્તિનું એ જ કારણ છે.

સંપ્રદાયના સિધ્ધાંતોનો આનાથી કંઇ સંબંધ નથી. ઉચિત તો એજ હતું કે બધા આત્મનિરીક્ષણ કરતાં અને શાંત ચિત્તથી સંપ્રદાયની જે સમસ્યાઓ છે તેનું સમાધાન કરતા, પરંતુ

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૭જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

એમ ન કરતા આપણે કેવલ મનભેદ યા મનમુટાવ જ ઉત્પન્ન કર્યો અને આસપાસ રહેવાવાળા લોકોએ જાણ્યે અજાણ્યે ટેકો દીધો. પરંતુ એ ન સમજ્યા કે તેનાથી હાની કોની થશે અને આવું કરવું સેવા છે કે કુસેવા, તેનો પણ વિવેક ન રાખ્યો

એ બહુ જ આવશ્ય છે કે આચાર્ય પરંપરાની રક્ષા કરવી આપણા બધા વૈષ્ણવ અને આચાર્યોનું કર્તવ્ય હતું પરંતુ તેનું સમાધન કલહ અને આક્ષેપ ન હોઇ શકે. આવી સ્થિતિ દુરાગ્રહને કારણેજ ઉત્પન્ન થાય છે.

જ્યારે એકવાર મનમાં શંકા અને દ્વેષ ઉત્પન્ન થઇ જાય છે ત્યારે તેને કાઢવા બહુજ કઠણ થઇ જાય છે. એ બધાં અનુભવ કરી શકીએ છીએ. આ માટે એવી સ્થિતિથી બચવાનો ઉપાય કરવો જ ઉચિત હોય છે. એ ઉપાય ન થઇ શકયો અને વાતાવરણ બગડતું ચાલ્યું. સંપદાની રક્ષાને જ ધર્મરક્ષા સમજી લીધી અને તેને જ મધ્યમ બનાવીને વિવાદ આરંભ થયો. એવા વિવાદોથી સંપ્રદાયના મૂલભુતસ્વરૂપને મહાન ખામી થઇ છે જેને પૂરી કરી લેવી મોટી તપસ્યા અને ત્યાગની સાથે ધીરજથી જ સંભવ છે પણ તેની પ્રતીક્ષા કોણ કરશે એ બહુ જ ગંભીર પ્રશ્ન છે. એવું ધૈર્ય આજ રહી શકે એ સાધારણ વાત નથી. આથી પહેલાં એ ન રહ્યું ન રાખવાનો ઉપાય થયો. કેમકે વિવાદની સ્થિતિમાં આપસમાં મલીને કોઈ પણ સમાધાન થોડા સમયમાં નથી થઈ શકતું પણ તેને શોધવામાં સમય લાગે છે. તેમાં શ્રમ અને સાધના વિવેકની સાથે કરવાની હોય છે. કોણ કરશે એ સાધના અને તપ એ જ્વલંત પ્રશ્ન છે !

ભૂતકાળમાં ઉભા થયેલ સંપ્રદાયના વિવાદમાં પણ આ જ કમી રહી છે અને તેના ભીષણ દુષ્પરિણામ સામે આવ્યા છે. આનું કારણ આપસી સંદેહ અવ્યવસ્થા તથા સમયના પરિવર્તનની સાથે યોગ્ય સ્થિતિનું નિર્માણ ન થયું છે. દ્રવ્ય સંકોચની સાથે યોગ્ય વ્યકિતનો અભાવ તથા સેવાભાવનાની કમી તેમજ ધર્મ પ્રચારમાં મહાન શિથિલતા હતા.

આચાર્યોના અભાવમાં કયાંક કયાંક વહૂજી મહારાજોએ સારો વહીવટ કર્યો, કિન્તુ બાદમાં ભાવનાશીલ વ્યકિતઓ ન મલવાના કારણે વ્યવસ્થા બગડવા માંડી અને આ તરફ વૈષ્ણવોમાં આંતરિક અસંતોષ વધતો રહ્યો જેનો લાભ કેટલીક વ્યકિતઓએ લીધો. પરંતુ આટલા ન્યાયાલય આદિના વિવાદની બાદ પણ સંપદાની રક્ષાર્થ પ્રયત્ન થયાં છતાં પણ ધર્મની રક્ષા અને પરંપરાના સ્વરૂપને ટકાવી ન શકાયું. કેમકે ધન દ્વારા ધર્મરક્ષાનો વિચાર કરવાવાળા ધર્મની ઊંડાઇ સુધી વિચાર જ નથી કરી શકતાં. પ્રબંધના નામ પર પોતાની સુવિધાઓનો વિચાર જ મુખ્ય રહ્યો કિન્તુ ધર્માચરણની વાત વિચારવાનો કોઇને અવકાશ નહોતો.

પરસ્પર ગુરૂ શિષ્યોમાં ભ્રમ તથા વિચારોમાં અંતર એટલું વધી ગયું કે તેને ભેગું કરવું કઠણ જેવું છે. આ સ્થિતિને અસંભવ તો ન કહી શકાય અને ઉપાય પણ સંભવ છે પણ લાંબો સમય અને સહિષ્ણુતા બન્ને હોવાં અનિવાર્ય છે. આટલું ધૈર્ય આજની સ્થિતિમાં રાખવાને માટે કોણ તૈયાર થશે ? બધાંને તાત્કાલિક પરિણામ જોઇએ. આચાર્યપક્ષનું વિવેચન કરવું ઉચિત નથી, સાથે જ તેમને માટે કોઇ વ્યવસ્થા સંપ્રદાય પાસે નથી ને કરાય તો કોણ તેનો સ્વીકાર કરશે એ ગંભીર વાત છે. સમાજની સ્થિતિ આવી આ સમયે નથી. આપણી પાસે એક સંસ્થા છે. જેના દ્વારા સમન્વય થઇ શકતો તો પણ તેનું સંગઠન પણ સશકત નથી અને તેવું થવા નથી દેખાતું. આ વિષયમાં પણ પૂર્વાગ્રહનું કારણ જ નિહિત છે. ભૂતકાળ અને વર્તમાન પર વિચાર કરીને આપણાં સમાજના વ્યકિતઓ કંઇ નિર્ણય લઇને કાર્ય કરીશકે એ દિશામાં કંઇ સંભવ હોય તો સારૂં છે.

આપણો સમાજ વિશાળ હોવા છતાં વિખરાયેલો છે, અને ધર્મપર વિચાર કરીને કંઇક સક્ષમ પરિસ્થિતિનું સર્જન કરી શકે તેમાં એક પ્રબલ બાધા એ છે કે આ સમાજને આપણાં જ લોકો સંગઠિત નથી થવા દેતા. અને થોડો વર્ગ જેમની પાસે મંદિરોની વ્યવસ્થા છે યા જે મંદિરો ખોલીને જ ધર્મ સેવા સમજે છે એવા મહાનુભાવ આ માર્ગમાં સાધક નહીં થાય. ધીરે ધીરે પરિસ્થિતિ નિયંત્રણથી બાહર થતી જઈ રહી છે. માટે એના પર સમજદાર ધર્માનુરાગી વિચારો તો ઉત્તમ છે.

॥ શ્રીવલ્લભઃ ॥

'ઝઘડો લોચન મનનો'

ભકત કવીશ્રી દયારામભાઈ વિરચિત ગરબી

રસ દર્શન : શ્રી વલ્લભ પદરેણુ

પુષ્ટિમાર્ગના અનન્ય ભકતકવિ અને ગુજરાતી કાવ્યસાહિત્યના જયોતિર્ધર શ્રી દયારામભાઇના નામથી પુષ્ટિજનોમાંથી અને સાહિત્યરસિકોમાંથી ભાગ્યેજ કોઈ અજાણ હશે. પુષ્ટિભકિતના માધુર્યયુકત ગીતોના અને લાલિત્યપૂર્ણ ગરબાં–ગરબી અને રાસના રસથી ગુજરાતની ભૂમિને પરિપ્લાવિત–તરબત્તર કરનાર કૃષ્ણભકિતના આ રસ સુધાકર અને રસિક કવિના ચરણોમાં આપણું મસ્તક ભાવથી ઝુકી જાય છે. પ્રેમલક્ષણા ભકિતના ગાયક શ્રી દયારામભાઇમાં શુદ્ધાદ્વૈતના તત્વચિંતનના અને પદો તથા ગરબીઓમાં અસાધારણ કાવ્ય પ્રતિભાના અને રસસભર ભકિતભાવનાના દર્શન થાય છે. કવિની કાવ્યસરિતા બુદ્ધિની તેજોમયતાથી ઝળહળતી ઊર્મિની લહેરીઓથી છલકતી, ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ દ્રવિભુત ભાવનાના અમીરસનું પાન કરાવતી અને પુષ્ટિ ભકિતના ભાવથી પનપતી અને ગુંજતી અસ્ખલિતપણે વહેતી રહી છે. પુષ્ટિસૃષ્ટિની આ પુનિત કાવ્યસરિતાના દર્શન કરવાની, તેમાં અવગાહન કરવાની અને તેમાં છલછલ વહી રહેલા ભકિતરસનું પાન કરવાની કયા પુષ્ટિ જનને ઇચ્છા ન થાય? આવા આ મહાન ભકત કવિના એક ન્હાનકડી ગરબીમાં–ભકિત ગીતમાં પ્રકટ થતા ભાવને આપણે માણીશું.

પ્રસ્તુત કાવ્ય આપણને સંઘર્ષના દર્શન કરાવે છે. આ જગત જેમાં આપણે જીવી રહ્યા છીએ એ સંઘર્ષમય છે. જીવનમાં ડગલે ને પગલે કંઈ કેટલાયે સંઘર્ષમય દ્વંદ્વો રચાતાં હોય છે.

મોટા ભાગના દ્વંદ્વો જગતમાં વૈમનસ્ય, કટુતા, યાતના અને પારાવાર માનસિક પીડા ફેલાવતાં હોય છે. અને તેથી દુઃખદ હોય છે. પરંતુ કયારેક થોડાંક સુખદ દ્વંદ્વ પણ સર્જાતા હોય છે. આવા સમયે આપણને એક પ્રકારનો આનંદ મળતો હોય છે. આ કાવ્ય જગતના આવા સુખદ દ્વંદ્વોનું દ્યોતક છે. પરંતુ આ કાવ્યની ખુબી એ છે કે તેમાં પ્રકટ થયેલ દ્વંદ્વ એ દ્વંદ્વ રહેતું નથી. આખરે કવિ લોચન અને મન વચ્ચે ઊભા થયેલા દ્વૈતભાવમાંથી અદ્વૈત સાધે છે, કહો કે શુદ્ધાદ્વૈત સાધે છે. લોચન અને મન, ઇન્દ્રિયો અને આત્મા, એકાકાર થાય ત્યારે જ જીવ પૂર્ણપણે શ્રી કૃષ્ણને પામી શકે. જાણે કે બે ભકતજનો વચ્ચે ઊભા થયેલા મીઠા ઝઘડાનું કોઇ તાદશી વૈષ્ણવની દરમ્યાનગીરીથી, તેના સત્સંગથી શાન્ત્વનકારી સમાધાન સધાય છે. લોચન અને મન વચ્ચેનો આ મીઠો કલહ જયારે દ્વંદ્વ મટી અદ્વૈતમાં પરિણમે છે અને પરમ તત્ત્વને પામે છે ત્યારે ઝઘડાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. પરમાત્માની પ્રાપ્તિ મન પર આવુ ગુણકારી–શાન્ત્વનકારી અસર ઉત્પન્ન કરે છે. જાણે કે ભકિતરૂપી નીસરણીના પગથિયાં એક પછી એક ચડતાં બે બાજુના છેડા ઉપર જતાં

એક બિંદુમાં બે દ્વૈત અદ્વૈતમાં મળી જઈ ભક્તિના શાન્ત્વનકારી પરમધામમાં આપણને લઇ જતાં હોય !

લોચનમનનો રે ! કે ઝઘડો લોચનમનનો !
રસિયા જનનો રે ! કે ઝઘડો લોચન મનનો !

ઝઘડો લોચનમનનો એ દયારામભાઇના બુદ્ધિચાતુર્ય અને રસિકતાની પ્રતીતિ કરાવતું એક ભક્તિકાવ્ય છે. કાવ્ય લોચન અને મન વચ્ચે થયેલ ઝઘડો પ્રસ્તુત કરે છે. આ ઝઘડો બે કટ્ટર દુશ્મનો વચ્ચેનો વેરઝેરથી ભરેલો ઝઘડો નથી. પરંતુ બે નિકટના મિત્રો વચ્ચેના મીઠા કલહ જેવો ઝઘડો છે. એટલે આ ઝઘડો જગતના સુખદ દ્વંદ્વોના પ્રતિકરૂપ છે. બીજી પંક્તિમાં કવિ સ્પષ્ટ કરે છે તેમ રસિયા ભક્ત જનની મનોભૂમિમાં ઉદ્દભવેલો લોચન અને મન વચ્ચેનો આ ઝઘડો છે. રસિકજનોમાં જ્યારે કોઇ વસ્તુ કે આદર્શ વિષે મીઠી ખેંચ તાણ ઊભી થાય છે ત્યારે એ માણનારના મનમાં રસભાવ ઉત્પન્ન કરે છે, આવો રસભાવ વાચકના મનમાં આ કાવ્ય ઉત્પન્ન કરે છે.

પ્રીત પ્રથમ કોણે કરી નંદકુંવરની સાથ ?
મન કહે, 'લોચન ! તેં કરી,'
લોચન કહે, 'તારે હાથ' ઝઘડો.

નયન જે કંઈ નિરખે છે અને મન જે કંઇ સંવેદે, અનુભવે, માણે છે, એ બંને વચ્ચે એક રસિક ઝઘડો ઊભો યાય છે, નંદકુંવર શ્રીકૃષ્ણને સૌ પ્રથમ પ્રેમ કોણે કર્યો એ બાબતની લોચન અને મન વચ્ચે મીઠી ખેંચતાણ શરૂ થાય છે મન કહે છે, 'લોચન, તેં નંદ કુંવરને પ્રેમ કરવાની પહેલ કરેલ છે.' 'લોચન કહેઃ 'નહીં રે મન, પ્રેમની શરૂઆત તો તારા થકી જ થઈ છે.' આમ મન લોચનને આ માટે યશ આપે છે અને લોચન ઉપકાર વશ થઇ મન ઉપર યશકલશ ઢોળે છે.

લોચન અને મન વચ્ચેના આ મીઠા ઝઘડામાંથી અન્યોન્ય પ્રતિ નિષ્પન્ન થતા સ્નેહભાવ, પ્રેમ, ઉપકારવશતા, નિઃસ્વાર્થતા અને પરસ્પર યશપ્રદાનની ભાવના આપણા હૃદયને સ્પર્શી જાય છે. બંને વચ્ચેનો આ મધુર કલહ આપણા મનમાં રમૂજ અને આનંદના ભાવો પેદા કરે છે. ભાવિકજનો જાણે પોતાના લોચન અને મન વચ્ચે આ મીઠી ખેંચતાણ થતી હોય એને ભાવાનુભવ કહે છે.

'નટવર નિરખ્યા નેન ! તેં, સુખ આવ્યું
તુજ ભાગ;

પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ !
ઝઘડો૦

સૂણ ચક્ષુ ! હું પાંગળું, તું મારું વાહન
નિગમ અગમ કહ્યું સાંભળ્યું, દીઠા વિના
ગયું મન, ઝઘડો૦

અહીંથી એકબીજા પર દોષારોપણ શરૂ થાય છે. સૌ પ્રથમ પ્રેમ કરવા બદ્દલ અન્યોન્ય પર લોચન અને મન દોષનો ટોપલો ઢોળી રહ્યા છે. પણ મઝાની વાત તો એ છે કે બંને આ પ્રેમ કરવા બદ્દલ એકબીજાને યશ આપી રહ્યા છે, બડભાગી માની રહ્યા છે, આ તો રહયો રસિયાજનનો ઝગડો, એટલે પ્રકટ રીતે જે દોષારોપણ લાગે છે તે પ્રચ્છન્ન રીતે યશનું આરોપણ છે. દોષના બહાના હેઠળ બંને એકબીજાનો ઉપકાર માની રહયા છે. પરંતુ કોનો ઉંપકાર મોટો એ વિષે બંને એકમત થઇ શકતા નથી. કૃષ્ણને પ્રથમ પ્રેમ

કરવાનો પુનિત યશ બીજાને આપવાની નિઃસ્વાર્થ ભાવના અહીં પ્રકટ થાય છે. બંને વચ્ચે આ અહંતા–મમતા રહિત મીઠો કલહ આપણા મનને સ્પર્શી જાય છે. આ દોષમાં કોઈ આક્રોશ નથી, કોઈ રોષ નથી પણ અન્યોન્ય પ્રતિ ઉપકાર વશ લોચન અને મન એકબીજાને યશ અર્પણ કરી રહ્યા છે.

પ્રેમમાં પહેલ કરવા બદલ બંને એકમેકને યશ આપતાં જે દલીલો કરે છે તે ભાવભરેલી હોવાથી જાણવા જેવી છે. મન પોતાનો ભાવ પ્રકટ કરતાં કહે છેઃ 'લોચન, તું બડભાગી છો. નંદકુંવર નટવરને પ્રથમ તેં નિરખ્યા. શ્યામસુંદરના દર્શન કર્યા પછી તેં મને તેનો સંદેશો પહોંચાડયો, તેં મને લગન લગાડી મારામાં કૃષ્ણ પ્રેમની અગન જગાડી તું અતિ નસીબદાર છો લોચન કે તેં પ્રથમ નંદકુંવરના દર્શન કરીને અપાર સુખ ભોગવી લીધું અને પારાવાર વિરહ વેદના અને દર્શનની તાલાવેલી અને અધિરાઇ મારા માટે રહેવા દીધાં. હું પંડે તો તદ્દન નિરાધાર છું ભાઈ, મારું વાહન તો તું છે તેં પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ પરમાત્મા વિષે મને વાત કહી અંતે તેમના કમનીય સ્વરૂપમાં મને લગની લગાડી. તેં કૃષ્ણ સાથ મારો નાતો જોડી આપ્યો. પરંતુ હવે વિરહની પીડા મારે ભોગવવી પડે છે. શા માટે તેં મને આવી લગન લગાડી? તારે લીધેજ મારે દુઃખી થવાનો વારો આવ્યો.

'ભલું કરાવ્યું મેં તને–સુંદર વરસંજોગ,
મને તજી તું નિત મળે, હું રહું દુઃખ વિજોગ!'
અઘડો.

આ ઠપકાનો સચોટ પ્રત્યુત્તર આપતાં લોચન કહે છે "રે મન! મારા કરેલા ઉપકારનો તું ખરો બદલો આપે છે? શ્રીકૃષ્ણ જેવા સુંદર વર સાથે તારો મેળાપ કરાવી આપ્યો, તારો સંયોગ કરાવી આપ્યો તારો નાતો જોડાવી આપ્યો. તેનો આભાર માનવાને બદલે તું મને ઠપકો આપી રહ્યો છે! મેં તો ભલે પ્રભુના દર્શન કર્યા પણ તેં તો નંદકુંવરને 'તારા પોતાનામાં ઉતારી દીધા. મને નેડો લગાવીશ્યામ જાણે મનમંદિરમાં છૂપાઇ ગયા । તારામાં કેટલું નગુણાપન છે જે મન, કે તું રોજ રોજ મને છોડીને એકલો એકલો શ્રીકૃષ્ણ કને પહોંચી જાય છે. કૃષ્ણ સાથે તદાકાર થઇ જાય છે, કૃષ્ણમય બની જાય છે. અને હું કૃષ્ણ વિયોગથી ઝુરી ઝુરી દુઃખમાં ડુબેલું રહું છું. તું તો હરહમેશ કૃષ્ણને મળે છે અને મિલનનો અત્યાનંદ માણી શકે છે. પણ પ્યારા પ્રભુના દર્શન મને અલભ્ય થતાં મારી દશા કેટલી બધી દયનીય છે!

'વનમાં વ્હાલાજી કને હું ય વસું છું નેન!
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન!' અઘડો.

એ ખરું નેન, કે હું વ્હાલાજી પાસે રહું છું પણ તારા સંગાથ વિના મને ચેન પડતું નથી. લોચન, તારા વિના હું બેચેન બની જાઉં છું. તારો સાથ હોય તો પરમાત્મા સાથેની પ્રીતિ પૂર્ણ બને છે, તે વિના એ અધુરી લાગે છે, તારા સંગાથ વિના હું કૃષ્ણના પ્રેમનો પુર્ણ આનંદ મેળવી શકતો નથી.

'ચેન નથી મન! કયમ તને ભેટયે શ્યામશરીર?
દુઃખ મારું જાણે જગત, રાતદિવસ વહે નીર!'
અઘડો.

મનને જવાબ આપતાં લોચન કહે છેઃ 'કેવી વિચિત્ર વાત કરે છે મન! તું તારું

દુઃખ રડે છે પણ ભાઈ મુશ્કેલી તો મારા માટે જ છે, તું તો શ્યામસુંદરને આલિંગન આપે છે. રોજે રોજ પ્રભુને ભેટવાનો આનંદ તું માણી શકે છે, આ લ્હાવો શું ઓછો છે ? પરંતુ મારે ભાગે તો દરરોજ પ્રભુના દર્શનની તાલાવલીમાં અશ્રુ જ વહાવવાના છે. મારા નસીબમાં તો શ્રી–હરિના વિરહમાં રાતદિવસ આંસુ જ સારવાના ને ? મારું દુઃખ કેટલું મોટું છે એ તો આખી દુનિયા જાણે છે.

મન કહે, 'ધીખું હૃદે, ધુમ પ્રગટ ત્યાં હોય,
તે તુજને લાગે રે નેન! તેહ થકી તું રોય.' ઝઘડો

લોચનને આંસુ શા માટે આવે છે તેનું રહસ્ય ખોલતાં મન કહે છેઃ 'લોચનિયા, તું કેમ ભૂલી જાય છે કે મારામાં જે પ્રેમની અગન જલે છે, જે ધુણી ધીખી રહી છે તેના ધુમાડાની અસરને લઈને તું આંસુ વહાવે છે. પ્યારા લોચન, તું તો અશ્રુજલથી અભિષિકત થાય છે જ્યારે હું સતત પ્રેમની અગનમાં જલ્યા કરું છું, ધીખ્યા કરું છું.

એ બેઉ આવ્યાં બુદ્ધિ કને, તેણે ચૂકવ્યો ન્યાયઃ
'મન ! લોચનનો પ્રાણ તું, લોચન ! તું મન–કાય.
ઝઘડો.
સુખથી સુખ, દુઃખ દુઃખથી, મનલોચન ! એ રીત.
દયાપ્રીતમ શ્રીકૃષ્ણ શું બેઉ વડેથી 'પ્રીત.' ઝઘડો.

લોચન અને મન વચ્ચે ઊભા થયેલા વિવાદનો અંત નહીં આવતાં બંને ન્યાય કરાવવા બુદ્ધિ પાસે આવ્યા. બુદ્ધિએ ન્યાય ચૂકવ્યો અને બંને વચ્ચે સમાધાન સાધી આપ્યું. બુદ્ધિએ કહ્યું: 'મન ! તું લોચનનો પ્રાણ છો અને લોચન ! તું મનની કાયા છો. દેહ અને આત્મા વચ્ચે ઝઘડો હોઇ શકે નહીં તમે બંને એકબીજાના પુરક છો. એક બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થાઓ છો તમે બંને કૃષ્ણ પ્રેમી છો અને કૃષ્ણના વિયોગે દુઃખી થયેલા છો તેથી તમે બંને સમદુઃખિયા છો, મન સુખી હોય તો નયન પણ સુખી રહે છે. મન દુઃખી હોષ તો આંખ પણ દુઃખી રહે છે. આ મન તથા આંખની રીત છે, બંનેના અનુસંધાનથી શ્રીહરિમાં પ્રીતિ પુર્ણ બને છે. આખરે લોચન અને મનનો ઝઘડો સુખદ સમાધાનમાં પરિણમે છે. બંને પોતપોતાનું સાચું સ્થાન, સાચું મૂલ્ય શું છે તે જાણવા પામે છે. દ્વંદ્વથી નહીં પણ ઐકયથી દ્વૈત રહીને નહીં અદ્વૈત સાધી શ્રીકૃષ્ણ પરમાત્મા સાથેની પ્રીતિ પુર્ણપણે પામી શકાય એની સભાનતા તેમનામાં જાગે છે એટલે પછી ઝઘડાનો કોઇ પ્રશ્ન બંને વચ્ચે રહેતો નથી.

બુદ્ધિ અને ઊર્મિના સુંદર સુમેળથી આ કાવ્ય રચાયું છે લોચન અને મન વચ્ચે ઝઘડો દર્શાવી બૌદ્ધિક ન્યાય ચૂકવવામાં કવિએ કૃષ્ણવિરહથી આંખની ઇન્દ્રિયમાં અને મનમાં ઉત્પન્ન થતી વેદનાનું સુંદર, સચોટ, તર્કસંગત અને ઊર્મિલ આલેખન કર્યું છે અને છેવટે એ બંને વચ્ચેના તાદાત્મ્યથી, મિલનથી પ્રભુભકિત થાય છે અને શ્રીહરિનો પ્રેમ સંપાદન કરી શકાય છે. એવો નિષ્કર્ષ તારવ્યો છે.

શ્રી દયારામભાઈની આ ગરબીમાં લોચન અને મન વચ્ચે થયેલો પ્રેમભર્યો ઝઘડો સંવાદરૂપે નાટયાત્મક અને કલાત્મક રીતે વ્યકત થયો છે એથી કવિશ્રીએ તેને યથાર્થ રીતે 'રસિયાજનનો ઝઘડો' કહ્યો છે, સમગ્રપણે જોતાં આ કાવ્યમાં કૃષ્ણપ્રેમ નીતરી રહે છે અને એ જ તો એની વિશિષ્ટતા છે.

આ માસના ઉત્સવ

અષાડ વદ અમાસ તા. ૧૨-૮-૮૮ શુક્રવાર હરિયાળી અમાસ દિવાસો ગો. શ્રીહીરણ્યગર્ભજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ શુદ ૧ તા. ૧૩-૮-૮૮ શનિવાર ગો. શ્રી રાજીવલોચનબાવા (મુંબઇ) તથા શ્રીમનમોહનબાવા (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ શુદ ૨ તા. ૧૪-૮-૮૮ રવિવાર ગો. શ્રી રસિકરાયબાવા (ચાંપાસેની)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧૫-૮-૮૮ સોમવાર ઠાકુરાણી ત્રીજ-મધુશ્રવા ગો. શ્રીલાડીલેશજી મહારાજ (વેરાવળ) અને શ્રીદાનીરાયજી મહારાજ (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૧૭-૮-૮- બુધવાર નાગપાંચમ શ્રીનાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫) ગો. શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજ (કાંદીવલી)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૭ તા. ૨૦-૮-૮૮ શનિવાર ગો. શ્રીત્રિલોકીભૂષણબાવા (કોટા) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૨૨-૮-૮૮ સોમવાર બગિચા નોમ શ્રીગોવિંદરાયજી કૃત સાત સ્વરૂપોત્સવ. ગો. શ્રીપ્રભુજીબાવા (કોટા) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૨૪-૮-૮૮ બુધવાર પુત્રદા-પવિત્રા એકાદશી વ્રત. પવિત્રા શૃંગારમાં ધરાવવા સંયોગાત્મક રાત્રિ. ગો. શ્રીમથુરેશજી મહારાજ (મથુરા) શ્રીગિરધરબાવા (મુંબઇ) અને શ્રીગોકુલેશબાવા (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૩ તા. ૨૫-૮-૮૮ ગુરૂવાર. પવિત્રા બારસ ગુરુને પવિત્રા ધરાવવા.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨૭-૮-૮૮ શનિવાર નારીયેળી પૂનમ. હયગ્રીવ જયંતિ રક્ષા બંધન, રક્ષા શૃંગારમાં ધરવી.

શ્રાવણ વદ ૧ તા. ૨૮-૮-૮૮ રવિવાર હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૨ તા. ૨૯-૮-૮૮ સોમવાર કજલીત્રીજ (ત્રીજનો ક્ષય છે તેથી આજે) ગો. શ્રીગોપાલબાવા (કામવન)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨-૯-૮૮ શુક્રવાર શ્રીવિષ્ણુસ્વામી પ્રાકટ્યોત્સવ. શયનમાં છઠ્ઠીનો ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૩-૯-૮૮ શનિવાર શ્રીકૃષ્ણ જયંતિ ભાવાત્મક મહારાત્રિ.

શ્રાવણ વદ ૯ તા. ૪-૯-૮૮ રવિવાર નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૫-૯-૮૮ સોમવાર આજથી અમાસ સુધી બાલલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૬-૯-૮૮ મંગળવાર અજા એકાદશી વ્રત. ગો. શ્રીકનૈયાલાલબાવા (વિરમગામ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૭-૯-૮૮ બુધવાર ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ (કોટા) તથા ગો. શ્રી હરિરાયબાવા (કોટા) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૮-૯-૮૮ ગુરૂવાર ગો. શ્રીરાકેશકુમાર મહારાજ (બોરીવલી)નો જન્મદિન.

રાગ-બિહાગ

ભજન બિન જીવત જેસેં પ્રેત;
મન મલીન ઘર ઘર ડોલત હેં, ઉદર ભરન કે હેત. ૧
કબહુંક પાવત પાપકો પૈસો, ગાડ ધુરમેં દેત;
સેવા નહીં ગોવિંદચંદ કી, ભવન નીલ કો ખેત. ૨
મુખ કટૂ બચન કરત પર નિંદા, સંતનકું દુઃખ દેત;
'**સૂરદાસ**' બહુત કહા કહુ, ડુબે કુટુંબ સમેત. ૩

ભાવાર્થ-ભગવદ્ ભજન વિનાનું જીવન ગાળવું તે પ્રેતના જેવું સમજવું. સંસારી જનોને ઉદર પોષણની ચિંતા રહે છે, તેને ખાતર ઘરો ઘર ભટકયા કરે છે. મન પણ પ્રભુજીમાં લાગ્યા વિના શુદ્ધ ન થાય. તે ન લગાવતાં કેવળ સંસારમાં લાગેલું રહે છે, તેથી જ તેને મલીન કહેલ છે.

ઉદર પોષણની કમાઇ કરતાં કોઈ વખત પાપનો પૈસો પ્રાપ્ત થાય છે તેવી રીતે પ્રાપ્ત થયેલ પૈસો ભગવદ્ વિનિયોગ નથી થાતો અને તે ધનને જતનને માટે જમીનમાં દાટી મુકે છે. પણ દાટી રાખનાર પોહોંચી જાય તો એ પૈસો કોઇના ઉપયોગમાં ન આવતાં એ દાટેલું ધન એમને એમ રહી જાય છે. નીલ (ગળી)નું ખેતર શાસ્ત્રમાં અતિ અપવિત્ર ગણાય છે, તેમાં જનારને પ્રાયશ્ચિત કરવું પડે છે. માટે નીલનું ખેતર અપવિત્ર છે. તેવી જ રીતે જેના ઘરમાં પ્રભુની સેવા નથી તેનું ઘર નીલના ખેતર જેવું અપવિત્ર છે. ૨

વળી તેવા સંસારી જનો કેવા હોય છે કે તેમના મોઢેથી નીકળતી વાણી કડવી અને જેની તેની નિંદા કરે છે એટલું જ નહીં, પણ ભગવદ્ ભકતોને દુઃખ આપે છે. સુરદાસજી કહે છે કે હું ઝાઝું શું કહું ? પણ ઉપર જણાવ્યા પ્રમાણે વિપરીત કૃતિ કરનાર પોતે એકલો નહિ પણ કુટુંબ સમેત ડુબે છે. (અને ભગવદ ભકત એકવીશ પેઢીનો ઉદ્ધાર કરે છે.)

-**પ. ભ. જગજીવનદાસ મણીલાલના** જય શ્રીકૃષ્ણ

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૯મો) **અધ્યાય ચૌદમો**

ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।
ગુણા વર્તન્ત ઇત્યેવ યોઽવતિષ્ઠતિ નેંગતે ॥૨૩॥

ઉદાસીનની જેમ રહેલો જે ગુણો વડે ચલાયમાન કરાતો નથી, ગુણો જ કાર્ય કરે છે, એમ માનીને જે સ્થિર રહે છે તે ચલિત થતો નથી. ॥૨૩॥

એ પ્રમાણે (સત્ત્વાદિ ગુણવાળાનાં) લક્ષણ સંબંધે કહીને હવે 'ઉદાસીનવત્' વગેરે શબ્દોથી (સત્ત્વાદિ ગુણવાળાઓના) આચાર સંબંધે કહે છે. ઉદાસીનવત્ થઇને, એટલે કે સુખની પ્રાપ્તિ અને દુઃખનો અભાવ રહે તેવી મનોવૃત્તિ વગરનો થઇને, મારા કાર્યને સાક્ષીરૂપે જોનારો, એટલે કે ગુણો વડે થતા મારા કાર્યને જોનારો તે આત્મસ્વરૂપથી વિચલિત થતો નથી. વિશેષમાં, ભગવદાત્મક ગુણો ગુણોમાં એટલે કે પોતપોતાના કાર્યમાં એની એ જ ભગવાનની ઇચ્છાથી પ્રવર્તમાન રહે છે, એમ માનીને તે સ્થિર રહે છે અને મૂળરૂપથી ચલિત થતો નથી. ॥૨૩॥

સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ઠાશ્મકાંચનઃ ।
તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિંદાત્મસંસ્તુતિઃ ॥૨૪॥

દુઃખ અને સુખને સમાન ગણનાર, આત્મભાવમાં સ્થિર રહેલો, ઢેકું, પથ્થર અને સોનાને સમાન માનનાર, પ્રિય અને અપ્રિય જેને સમાન છે તેવો, ધૈર્યવાળો, નિંદા અને સ્તુતિમાં સમતાવાળો .... ॥૨૪॥

વળી, સુખ અને દુઃખ જેમને સમાન છે તે, એટલે કે વિપ્રયોગ અને સંયોગાત્મક કે લૌકિક દેહરૂપે સુખ અને દુઃખ જેને સમાન છે તે, સ્વસ્થ એટલે મારા સ્વરૂપમાં સ્થિર છે તે, અને તેથી જ સોનું તેમજ માટીનું ઢેકું જેને સમાન છે તે, બધું જ ભગવદાત્મક છે, એમ માનતો હોવાથી તેવો જે છે તે, પ્રિય અને અપ્રિય જેને સમાન છે તે, એટલે કે સયોગ અને વિયોગની સ્થિતિમાં જેને સમતા છે તે, ભગવાનની ઇચ્છા જ મુખ્ય હોવાથી તેવાં જોડકાનું તુલ્યપણું જે માને છે તે, ધીર એટલે વિપ્રયોગ વગેરે તીવ્ર દુઃખ પણ સહન કરવાના સ્વભાવવાળો છે તે, નિંદ્રા અને આત્મસ્તુતિ જેને સમાન છે તે, અહીં કહેવાનો ભાવ એવો છે કે, દુષ્ટ જને કરેલી નિંદા પણ ભક્ત હોવાથી સ્તુતિ જેવી જ છે, એમ માનનારો છે તે ગુણાતીત કહેવાય છે. ॥૨૪॥

માનાપમાનયોરુતુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।
સર્વારંભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥૨૫॥

માન અને અપમાનમાં સમાનતા રાખનારો, મિત્રપક્ષે અને શત્રુપક્ષે સમાન, બધા આરંભોનો આત્યંતિક ત્યાગ કરનારો ગુણાતીત કહેવાય છે. ॥૨૫॥

અને વળી માન અપમાનમાં સમાનતાવાળો, એટલે કે, મારો છે એમ ગણીને ભગવાને કરેલાં માન અને અપમાનમાં જેને સમતા છે તેવો, ભગવદીયતાથી મિત્ર પ્રત્યે અને તારો

છે તેવા ભાવથી શત્રુ પ્રત્યે ભગવદીય ભાવથી સમાનતાવાળો, શત્રુપક્ષે અસુરો સાથે ભગવદીયતા છે એમ વિચારાયું છે ત્યારે ભગવદીયપણાથી તે પ્રમાણે વિચારે છે, એમ હોવાથી તેઓને તેમ કરવું ઉચિત છે. એમ તેનો દોષ વિચારવા જેવો ન હોવાથી સમાન માનનારો, બધા આરંભોને પૂર્ણપણે ત્યજી દેનાર, એટલે કે બધી વસ્તુઓના આરંભનાં જોવાયેલ કાર્યોના હેતુનો પૂર્ણપણે ત્યાગ કરવાના સ્વભાવવાળો જે હોય તે, એવું બધુ વિચારનારો જે છે તે ગુણાતીત કહેવાય છે, એમ અર્થ છે. ।।૨૫।।

માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સ ગુણાન્સમતીત્યૈતાન્બ્રહ્મભૂયાય કલ્પતે ।।૨૬।।

જે પુરુષ અવ્યભિચારી (અન્યાશ્રય રહિત) ભક્તિયોગ વડે મને ભજે છે, તે પણ આ ગુણોને સારી રીતે ઓળંગી જઇને બ્રહ્મરૂપ થવાને માટે યોગ્ય બને છે. ।।૨૬।।

ગુણોને તે શી રીતે ઓળંગી જાય છે? એવા પ્રશ્નનો ઉત્તર અહીં 'માં ચ' વગેરે શબ્દોથી કહે છે. (મૂળ શ્લોકમાંના) 'ચ' અક્ષરનો અર્થ 'પરંતુ' એવો છે. મારે માટે અનન્ય ગુણધર્મવાળા ભક્તિયોગથી જે સેવામાં રત રહે છે તે એ (સત્ત્વાદિ) ગુણોને સારી રીતે ઓળંગી જઇને બ્રહ્મભાવને પામવા માટે (એટલે કે બ્રહ્મ સાથે અભેદતાને પામવા માટે) તે શકિતમાન થાય છે. ।।૨૬।।

બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુજસ્યૈકાન્તિકસ્ય ચ ।।૨૭।।

(અક્ષર) બ્રહ્મનું, અમૃતસ્વરૂપ (મોક્ષ)નું અને અવ્યય સ્વરૂપ (વૈકુંઠ)નું તથા શાશ્વત ધર્મનું અને અનન્ય સુખરૂપ (ભકિત)નું મૂળ હું જ છું. ।।૨૭।।

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગશાસ્ત્રરૂપ, શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'ગુણત્રયવિભાગયોગ' નામનો ચૌદમો અધ્યાય પૂરો થયો. ।।૧૪।।

બ્રહ્મ શબ્દ અક્ષરવાચક હોવાથી તેના ભાવમાં એટલે કે ધર્માત્મક ભાવમાં જ તે સ્થિર થશે, મુખ્ય ભાવમાં નહિ, એમ હોવાથી 'બ્રહ્મણઃ' વગેરે શબ્દોથી કહે છે. (મૂળ શ્લોકમાં) 'હિ' છે તે નિશ્ચિતતાના અર્થમાં છે. જે કારણે તેમ છે તે કારણે બ્રહ્મની એટલે કે અક્ષરબ્રહ્મની પણ સ્થિતિરૂપ હું જ છું. અમૃતનું એટલે કે મોક્ષનું, અવ્યયનું એટલે કે નિત્યસ્વરૂપે વૈકુંઠનું પણ, શાશ્વત એટલે નિત્યરૂપ અને શાસ્ત્રીય ભકિત વગેરે રૂપ ધર્મનું મૂળ હું છું, એમ અર્થ છે. (મૂળ શ્લોકમાં) 'ચ' અક્ષર છે તેનો અર્થ અને, વળી, એવો થાય છે. તે પ્રમાણે ઐકાંતિક, રક્ષણાત્મક અને ભાવાદિરૂપ સુખની પ્રતિષ્ઠા, એટલે કે સુખનું મૂળ હું છું, એમ અર્થ છે. એમ હોવાથી એનાથી ઉત્પન્ન થયેલ ભાવ મારા રૂપ જ છે, એવો ભાવ છે. ।।૨૭।।

એ પ્રમાણે ચૌદમા અધ્યાયમાં ગુણોનું સ્વરૂપ અને પોતાનું સ્વરૂપ એમ દ્વિરૂપતા કીડા અર્થે શ્રીહરિએ અર્જુનને કહેલ છે. ।। ૧ ।।

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતાની અમૃતતરંગિણી ટીકામાં ચૌદમો અધ્યાય પૂરો થયો. ।।૧૪।।

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

ગ્રંથ પરિચય : **પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ** (મુંબઈ પારલા)

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

વિવેક :– આમ તો વિવેકના અનેક અર્થ જુદા જુદા શાસ્ત્રોમાં મળી આવે છે, પણ અહીં તો વિવેકનો કહેવા ધારેલો અર્થ આટલો જ છે કે જે કંઇ જ્યાં જ્યારે અને જે રીતે બની રહ્યું છે તે બધું સર્વ દુઃખહારી ભગવાન શ્રીહરિની પોતાની ઇચ્છાથી જ બની છે. બ્રહ્માંડનાં બધા ક્રિયા–કલાપો સમૂહો ભગવાનની કીડાના અંગ છે. ભગવાન જે કંઇ કરે છે તેમાં કોઇ અને કોઇ પ્રકારે આપણું હિત (કલ્યાણ) જ રહેલું હોય છે. આપણા હૃદયમાં તેમજ બુદ્ધિમાં આ ભાવના તથા ધારણા હંમેશાં સ્થિર (દૃઢ) થઇ રહેવી જોઇએ. આજ વિવેક કહેવાય છે.

ભગવાન સર્વ સમર્થ છે, સર્વના આત્મામાં રહેલો છે અને સર્વાત્મા છે" એવા ભાવ ભગવદ્ ધર્મના વિચાર અનુસાર "વિવેક" કહેવાય છે. હું ભગવાનનો અંશ છું, દાસ છું, ભગવત્ કીડાનું અંગ છું, તથા મારી અહંતા મમતાનો કંઇ અર્થ નથી (એટલે નકામી છે) વગેરે--વગેરે મનોભાવ જીવધર્મના વિચારથી "વિવેક" કહેવાય છે. આ પ્રકારના વિવેકથી સમ્પન્ન થવાથી આપણામાંથી ચતુર્વિધ (ચાર પ્રકારનો) અવિવેક દૂર થઈ જશે. આપણી અંદર ચાર પ્રકારની વૃત્તિઓ અવિવેકને કારણે ઘર કરી બેસતી (જામીજતી) હોય છે. એ અવિવેકથી જન્મેલી વૃત્તિઓ આ પ્રમાણે છે:

(૧) પ્રાર્થનાની વૃત્તિ (૨) અભિમાનની વૃત્તિ (૩) હઠની વૃત્તિ (૪) આગ્રહની વૃત્તિ.

(૧) આપણને થોડુંક કષ્ટ (દુઃખ) લાગવા માંડે અથવા તો કોઈ કામના ઉત્પન્ન થઇ જાય તો આપણા કષ્ટોને દુર કરવા માટે અથવા તો આપણી ક્ષુદ્ર (નજીવી) કામનાઓની પૂર્તિને માટે ભગવાનની પ્રાર્થના કરવા માંડીએ છીએ, કેમ જાણે ભગવાન સર્વજ્ઞ, સર્વાન્તરયામી કે સર્વાત્મા હોય જ નહીં ! ભગવાન તો આપણી પ્રાર્થના વગર પણ બધુ જ જાણે છે કે આપણી શી અપેક્ષાઓ (ઇચ્છાઓ) છે અને કઈ કામનાઓની પૂર્તિમાં આપણું હિત સમાયેલું (રહેલું) છે અને કઈમાં આપણું અહિત રહેલું છે. એ આપણે જાણી (ઓળખી) શકતા નથી. પરંતુ પરમાત્મા તો આપણા આત્મામાં નિવાસ કરે જ છે. તેથી આપણા સ્વામી આપણને શું તથા કેટલું આપવા ઇચ્છે છે તે જાણ્યા વિના આપણે માગવાની ભૂલ કરી બેસીએ છીએ. આપણા હિતમાં જ પરમાત્મા આપણને કંઇક આપે છે યા તો નથી આપતા, પરંતુ આપણે તો આપણા હિતાહિતના જ્ઞાન વિના જ માગવાની અધીરાઈ કરી બેસીએ છીએ. તેથી ભગવાન સર્વજ્ઞ છે, બધું આપવા સમર્થ છે, પરંતુ આપશે એજ જેમાં આપણું હિત રહેલું છે, એવા દૃઢ વિશ્વાસને મનમાં રાખીને પ્રાર્થના કષ્ટ નિવૃત્તિ

યા તો કામના પુર્તિ માટેની યાચના ન કરવી એ વિવેકનું પ્રથમ લક્ષણ છે.

(૨) આ પ્રાર્થના ત્યાગ અગાઉ કહેવાયેલ ભાવભૂમિ પર કરવામાં આવે ત્યારે “વિવેક” કહેવાય છે. અન્યથા પુરુષાર્થવાદી અહંકાર યુકત મનોવૃત્તિથી યાતો કિંકર્તવ્ય-વિમૂઢ (શું કરવા જેવું છે તે વિષે મોહ પામેલી) બુદ્ધિથી પ્રાર્થના ત્યાગની જેમ અભિમાનનો ત્યાગ પણ આવશ્યક છે. અભિમાન આપણને કેવળ આપણાં સ્વામીનું હોવું જોઇએ. આપણા પુરુષાર્થ પર યાતો પરમાત્માથી ભિન્ન (જુદી) કોઈ જડ શકિત જેવી કે પ્રકૃત્તિ, કાલ, કર્મ, સ્વભાવ, માયા, શયતાન વગેરેનું અભિમાન ન હોવું જોઈએ. કારણ કે એ બધાને કારણે જો કંઈ સુખ દુઃખ આપણને થતું હોય તો એ પણ પરમાત્માની એવી ઇચ્છા હોવાના કારણે જ થતું હોય છે અન્યથા એ બધી જડ શકિતઓ પ્રભાવહીન જ હોય છે. આ વિવેકનું બીજું લક્ષણ છે.

(૩) મિથ્યાભિમાન તથા પ્રાર્થના વિહોણા જીવન વ્યવહારમાં આમ બનવાનો સહજ સંભવ છે કે આપણી અંદર એક એવું હઠીલાપણું ઊગી નીકળે (વિકાસ પામે) કે અમુક પરિસ્થિતિ સામાન્ય છે કે ખાસ (વિશેષ) છે તેનો ભેદ બરાબર સમજ્યા વિના માત્ર હાથ જોડી બેસી રહેવાનું જ આપણને આદર્શ કર્તવ્ય લાગવા માંડે. એજ કારણસર અભિમાન ત્યાગ તથા પ્રાર્થના ત્યાગની સાથો સાથ જ વિવેક રહિત અપ્રવૃત્તિ માટેની હઠનો ત્યાગ પણ આવશ્યક બને છે. ભકતની પ્રવૃત્તિ તો પણ પોતાના દૈહિક સ્વાર્થોની પૂર્તિના હેતુથી પ્રેરિત નથી બનતી. પરંતુ જ્યારે તેના અંતઃકરણમાં ખાસ ભગવદાજ્ઞાનો અનુભવ થવા લાગે ત્યારે જ ભકતની પ્રવૃત્તિ શરૂ થાય છે. એવી વિશેષ ભગવદાજ્ઞાઓ તો ખાસ અવસર પ્રસંગે અને કોઈ વિશેષ (ખાસ) ભકત દ્વારા ભગવત્ કાર્યને પૂર્ણ કરાવવાને માટે જ થતી હોય છે. ભગવદાજ્ઞા અનુસાર આ કાર્ય મારે જ પૂર્ણ કરવાનું છે એવા ભગવદીય અભિમાન સહિત તથા અકર્મણ્યતા માટેની હઠને છોડીને જ એ વિશેષ કાર્યને પૂર્ણ કરવું જોઇએ.

જે કંઈ થાય છે તે બધું ભગવદિચ્છા પ્રમાણે જ થાય છે. એ સિદ્ધાંતના સહજ સ્વીકારમાં તથા અસહજ હઠીલાપણાથી તેની સાથે ચીટકી જવામાં ઘણું અંતર (તફાવત) પડી જાય છે. કોઈ ખાસ પ્રકારના અવસર પર સ્વધર્મને-ભગવત્ સેવા યા તો તેની સાથે સંબંધ ધરાવતા કોઇ કર્તવ્યને-વિશેષ પ્રયત્નો દ્વારા પૂર્ણ કરવાની ભગવદાજ્ઞા દ્વારા કરાયેલી પ્રેરણા જ્યારે આપણા અંતઃકરણમાં જાગતી હોય, ત્યારે, જે થશે તે ભગવદિચ્છા અનુસાર જ થશે એ પ્રકારની અકર્મણ્યત્વની હઠ રાખતી વખતે આપણે એ વાત ભૂલી જઇએ છીએ કે ઉપર કહેવામાં આવેલી પ્રેરણા પણ એ પ્રકારની વિશેષ ભગવદાજ્ઞાથી જ થઈ છે. આ કારણને લીધે, હઠવાદિતા પૂર્ણ સિદ્ધાંતના દુરૂપયોગનો ત્યાગ કરવો જોઇએ. વિવેકનું આ ત્રીજું લક્ષણ છે.

(૪) એક વખત કોઈ ખાસ અવસર પર “જે કંઈ થાય છે તે બધું ભગવદિચ્છા પ્રમાણે જ થાય છે” એ સિદ્ધાંત તરફ હઠવાદિતા પૂર્વક ન જોવું જોઇએ. એમ કહેવાનું તાત્પર્ય

આ મુજબનું તો નથી બની જતું કે સિદ્ધાંત પ્રેરિત આગ્રહોથી હંમેશાં મુકત જ થઈ થવું જોઈએ. વ્યવહારમાં સિદ્ધાંતપૂર્વક શું ધર્મ છે તથા શું અધર્મ છે તેનો વિચાર પ્રથમથી જ થવો જોઇએ. એ મુજબ જ કોઈ પ્રકારના કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ, યા તો એથી દુર રહેવું જોઇએ. આ કારણને લીધે આપદ્ ધર્મ યા તો કોઈ ખાસ અવસર આવી પડતાં કોઈ ખાસ પ્રકારની કાર્ય પદ્ધતિને સર્વ રીતે ગ્રાહ્ય માનવાનો આગ્રહ પણ ન રાખવો જોઇએ. આ કારણને લીધે હઠત્યાગ પણ આગ્રહ રહિત હોવો જોઇએ. આગ્રહ સહિત (કોઈ વિશેષ આગ્રહવાળો) નહીં.

વિવેકનું આજ સાચું તથા પરિપૂર્ણ સ્વરૂપ છે. આ ગ્રન્થના એક વ્યાખ્યાકાર (સ્પષ્ટીકરણ લખનાર) શ્રી ગોપીનાથજીના મત અનુસાર શ્રી મહાપ્રભુજી અહીં નવ પ્રકારના વિવેકનો ઉપદેશ કરે છે, જેને વિષે તેઓશ્રીની વ્યાખ્યામાં તેઓશ્રીએ બહુ સારી રીતે સ્પષ્ટીકરણ કરેલું છે. અહીં વધુ પડતો વિસ્તાર થઈ જાય એવા ભયથી અમે તેનો અનુવાદ આપતા નથી.

—ક્રમશઃ

આં. પુ. વૈ. પરિષદના ગુજ. પ્ર. સંમેલન પ્રસંગે રાજકોટ પધારેલ

પૂ. પા. શ્રી પ્રથમેશજીમહારાજના વચનામૃતોની કેસેટ

શ્રીવલ્લભ સુધા કાર્યાલય કંસારા મહાજનવાડી લોહાણાપરા રાજકોટ એ શરનામે મલી શકશે.

૨, કેસેટના સેટ નીન્યોછાવર રૂ. ૩૦ બહારગામથી મંગાવનારે પોષ્ટેજ પેકીંગના રૂ. ૧૦ મલી રૂ. ૪૦ નો પોતાના પૂરા નામ શરનામા સાથે મ. ઓ. કરવાથી મોકલી શકાશે.

।। શ્રી વલ્લભ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સહિત] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૮ મું રાગ-રામકલી

શ્રીયમુનાજી યહ પ્રસાદ હોં પાઉં ।।

તુમ્હારે નિકટ રહોં નિશવાસર–રામશ્યામ-ગુન બાઉં ।।૧।।

મજ્જન કરોં વિમલ જલ પાવન–ચિંતા કલેશ બહાઉં ।।

તુમ્હારી કૃપા તેં ભાનુકી તનયા હરિપદ પ્રિત બઢાઉં ।।૨।।

વિનંતિ કરોં યહેવર માગોં–અધમ સંગ વિસરાઉં ।।

'પરમાનંદ' પ્રભુ **સબ સુખ દાતા** મદન ગોપાલ લડાઉં ।।૩।।

ભાવાર્થ હે ભકત સુખદાયિની શ્રીયમુનાજી ! આપ મને એવા પ્રસાદનું દાન કરો. આપની નિકટ રહી અને સદા રામ અને શ્યામના ગુણગાઉં આપના પરમ પાવન પ્રેમ રસમય જલ પ્રવાહમાં સ્નાન કરી અને સર્વ પ્રકારની ચિંતા અને કલેશોને મારા જીવનમાંથી વિદાય કરૂં. હે ભાનુતનયા ! આપની કૃપાથી શ્રી રાસેશ્વર રાસ નાયકના ચરન કમલમાં અષ્ટ પ્રહર પ્રિતિને દ્રઢ કરૂં હે શ્રીયમુનાજી ! આપને વિનંતિ કરી અને એવું માગું છું કે અધમ સંગ એટલે આપ યુગલ સ્વરૂપના ચરન કમલથી વિમુખ કરનાર દુષ્ટ સંગથી સદા દુર રહું અને પરમ આનંદમય શ્રી વ્રજેશ પ્રભુ કે જે સર્વ સુખનાં દાન કરનાર છે. તેની તત્સુખમય સેવા અને પરમ રસરૂપ અને રહસ્યમય ગુણ ગાનથી લાડ લડાઉ અને જીવન જન્મના પરમ સુખનો હું અનુભવ કરૂં કે શ્રીયમુનાજી આ પ્રસાદ મને કૃપા કરી અને આપો.

વિવેચન જીવોને શ્રીયમુનાજીના પરમ દયાલ સ્વરૂપનું ભાન કરાવવા માટે અને જીવને ખાસ કર્તવ્યની યાદ આપવા માટે પરમાનંદદાસે સર્વ ઉપર મહાન કૃપા કરી છે શ્રીયમુનાજી પરમ કૃપાળુ છે જીવના ગમે તેવા દોષોને દુર કરી અને પોતાના પદનું દાન કરે છે એવાં જગત્ માતા શ્રીયમુનાજીનું અષ્ટપ્રહર ભજન કરવાથી વચન સિદ્ધિનું પણ આપ દાન કરે છે એ અનુભવની વાત છે. મુંબઇના કેસરીયા મંડલીના પ્રમુખ પ. ભ. ભાઇશ્રી ત્રિભોવનદાસે અમરેલી પાસે ધારીમાં લગભગ સાઇઠ વરસ પહેલા બહુ મોટો મનોરથ કર્યો હતો જેમાં ૪૧, વૈષ્ણવો નિત્ય ૪૧, પદ ના પાઠ ૪૧ વખત પાઠ કરે અને તે પણ ૪૧, દીવસ સુધી આ મનોરથ બહુ જ મોટો અને ન, ભૂતો ન ભવિષ્યની જેવો હતો તેમાં પાઠ કરનાર ઘણા વૈષ્ણવોને વચન સિધ્ધિનું દાન થયું હતું તે, મે મારી નજરેં અનુભવ્યું હતું.

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીહરિઃ ॥

શ્રદ્ધાંજલી



જામનગર ચાંપાસેની-નડીઆદવાળા પૂ. પા. ગો. **શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી** તા. ૪-૭-૮૮ ના આલોકમાં લીલા સંવરણ કરી નિત્ય લીલામાં પધારતા વૈષ્ણવ સમાજે મહાન વિરહ દુઃખ અનુભવ્યું છે.

આપશ્રી સેવા રસિક, પ્રાચિન પરિપાટીના અત્યંત આગ્રહી, સંસ્કૃત વાંગમય તેમજ પુષ્ટિમાર્ગીય સાહિત્યના અનુપમ વિદ્વાન તથા કિર્તન પ્રણાલીના અનન્ય જ્ઞાતા હતાં.

આપશ્રીએ અખિલભારતિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના અધ્યક્ષપદે દશ વર્ષ સુધી બિરાજી શ્રીનાથદ્વારા પ્રકરણ વખતે વૈષ્ણવોને સંગઠીત બનાવી સંપ્રદાયની મર્યાદા સાચવવા અપૂર્વ યોગદાન આપેલ.

પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી પ્રણિત મહાન આકર ગ્રંથ 'શ્રીસુબોધિનીજી'નું સંસ્કૃતમાંથી રાષ્ટ્ર ભાષા હિન્દીમાં ભાષાંતર કરાવી તેના ૧૯ ખંડો દ્વારા સંપૂર્ણ શ્રીસુબોધિનીજીના સામાન્ય ભણેલ વૈષ્ણવોને દર્શન કરાવવાનું આપશ્રીના જ પ્રતાપ બળવડે આપશ્રી દ્વારા સ્થાપિત અને આપશ્રી જેના અધ્યક્ષ સ્થાને બિરાજેલ તે 'શ્રીસુબોધિની પ્રકાશન મંડલ' જોધપુર, દ્વારા શક્ય બન્યું છે.

આપશ્રી ગૌરક્ષાના પરમ હિમાયતી, અને સનાતન ધર્મના ધુરંધર રક્ષણ કર્તા હતાં, આવા મહાન પ્રતાપી ગોસ્વામી આચાર્યશ્રી યદ્યપી ગુણ સ્વરૂપે સદા વિદ્યમાન છે તથાપી આપના ભૂતલ પરથી તીરોધાન થવાથી વૈષ્ણવ સમાજ રંક બન્યો છે. આપશ્રીના અલૌકિક ગુણોનું સ્મરણ કરતાં અમે વિનમ્ર ભાવે શ્રદ્ધા કુસુમ અર્પણ કરીએ છીએ.

-શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ.
-શ્રીવલ્લભ સુધા સંપાદક, વ્યવસ્થાપક મંડલ.
-આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા.
-તથા રાજકોટની વિવિધ વૈષ્ણવ સંસ્થાઓ.

પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઢેબરભાઇ રોડ, બસ સ્ટેશન સામે, **રાજકોટ.**

શ્રી વલ્લભ વિજ્ઞાન-રાજકોટ

તા. ૩૧-૩-૮૬ના રોજ પુરાં થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

આવક		ખર્ચ	
વાર્ષિક લવાજમ	૭૫૫૨-૦૦	શ્રી પ્રકાશન ખર્ચ	૧૫૮૯૮-૦૦
શ્રી વ્યાજ	૨૬૦૯-૮૭	,, પોસ્ટેજ ખર્ચ	૮૩૦-૫૦
,, પ્રકાશન સહાય	૩૩૯૨-૦૦	,, પરચુરણ ખર્ચ	૨૦૫-૭૦
,, સામાયિક વેચાણ	૪૪૧-૦૦	,, પ્રીન્ટીંગ ખર્ચ	૧૫૦-૦૦
,, પુસ્તક પ્રકાશન ડોનેશન	૪૦૦૨-૦૦	,, મુસાફરી ખર્ચ	૬૪-૦૦
		,, કન્ટીજન્સી ખર્ચ	૬-૦૦
		,, વધારો સરવૈયામાં લઇ ગયા	૮૦૨-૬૭
	૧૭૯૯૬-૮૭		**૧૭૯૯૬-૮૭**

તા. ૩૧-૩-૧૯૮૬ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી			મિલ્કત તથા લ્હેણા		
શ્રી આજીવન સભ્ય ફી			શ્રી ભાષ્કરભાઇ ચત્રભુજ		૨૦-૦૦
ગ, વ.	૨૫૧૬૭-૦૦		,, પુસ્તક પ્રકાશન ખાતે		૭૪-૦૦
વધારો ચા. સા.	૪૩૭૯-૦૦		,, હબીબ હસન		૧૦૦૦-૦૦
		૨૯૫૪૬-૦૦	,, અમૃતલાલ સુંદરજી		૭૦-૦૦
શ્રી એડવાન્સ લવાજમ			,, એમ. આર. પાલેજા		૨૦-૦૦
૧૯૮૬-૮૭	૨૩૭૦-૦૦		,, આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય		૨૮૧-૦૦
૮૭-૮૮	૫૦-૦૦		**શ્રી રોકડ બેંક બેલેન્સ**		
		૨૪૨૦-૦૦	રા. ના. સ. બેંક ફી. ડી.		૨૬૦૦૦-૦૦
શ્રી ડાયાભાઇ કસ્તુરચંદ એન્ડ કું.		૧૨૦૦-૦૦	રા. ના. સ બેંક સેવીંગ		૬૭૮-૯૨
,, સુભાષચંદ્ર ભીખાલાલ		૧૦-૦૦	સીટીજન્સ કો. ઓ. બેંક સેવીંગ		૨૮૨-૬૫
,, સરવૈયા તફાવત		૧૦-૦૦	સીકયોરીટી સેવીંગ ડીપો પો. ઓ.		૧૦૦-૦૦
			શ્રી પુરાંત સિલક		૨૦૩-૨૦
			શ્રી આવક ખર્ચ ખાતે		
			ગ. વ.	૫૨૫૮-૯૦	
			વધારો બાદ	૮૦૨-૬૭	૪૪૫૬-૨૩
		૩૩૧૮૬-૦૦			**૩૩૧૮૬-૦૦**

રાજકોટ
તા. ૫-૫-૮૮

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.
પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

॥ શ્રીમન્મથુરેશોજયતિ ॥

વ્રતોત્સવાદિનિર્ણય

લેખક – **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક – **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

(ગતાંકથી ચાલુ)

૯ ॥ અથાશ્વિન શુકલ પૌર્ણમાસ્યાં રાસોત્સવઃ ॥

અશ્વિન શુકલ પૂર્ણિમાને દાહાડે રાસોત્સવ કરવામાં આવે છે. આ ઉત્સવ રાકા પૂર્ણિમામાં (શુદ્ધ પૂર્ણિમામાં) કરવો. અનુમતિ પુર્ણિમામાં ન કરવો.

અમરકોશ ઉપર વ્યાખ્યા સુધા નામની જે ટીકા છે, તેમાં તેઓનું (રાકા અને અનુમતિનું) લક્ષણ લખ્યું છે કે ચંદ્રોદય કાળમાં પ્રતિપદાયોગથી કલાહીન ચન્દ્ર છતાં અનુમતી કહે છે અને પુર્ણ ચન્દ્રોદય છતાં રાકા કહે છે. 'અખંડમંડલસ્યેંદોઃ' આ વચનથી ચન્દ્રોદય વ્યાપિની પુર્ણિમા (રાકા) માં રાસોત્સવ કરવો. એમ જ શ્રીમદ્ ભાગવત્‌માં પણ 'દૃષ્ટવાકુમુદ્વંતમખંડમંડલ' ઇત્યાદિ શ્લોકથી શુદ્ધ પુર્ણિમાં (રાકા)માં રાસોત્સવ કરવો એમ લખ્યું છે.

બે દાહાડે પુર્ણિમા ચન્દ્રોદય વ્યાપ્ત છતાં સંપુર્ણ રાત્રિ વ્યાપી અને "ચતુર્દશ્યાચ પુર્ણિમા' ઈત્યાદિ યુગ્મ વાકય યુકત જે પેહેલી પુર્ણિમાં તેમાં ઉત્સવ કરવો, બે દાહાડે પુર્ણિમામાં ચન્દ્રોદય વ્યાપ્ત ન મળે તો યુગ્મ વાકયથી ચતુર્દશી પછી જે પુર્ણિમાં તેમાં ઉત્સવ કરવો.

૧૦ ॥ અથાશ્વિનકૃષ્ણત્રયોદશ્યાં (ધનત્રયોદશિ) પર્વાત્મકે ઉત્સવઃ ॥

આશ્વિન વદ ત્રયોદશીને દાહાડે (ધનતેરસ) પર્વાત્મક ઉત્સવ કરવામાં આવે છે. આ ઉત્સવ સદાચાર સિદ્ધ છે. એ વિષે ત્રયોદશી સૂર્યોદય વ્યાપિની લેવી.

૧૧ ॥અથાશ્વિનકૃષ્ણ ચતુર્દશ્યાં ॥

અશ્વિન વદ સૂર્યોદય વ્યાપિની ચતુદર્શી (રૂપચૌદશ) તે દાહાડે અભ્યંગ સ્નાન કરવામાં આવે છે. ભવિષ્ય પુરાણમાં લખ્યું છે કે નરક ભીરુ જેટલા લોકો છે તેટલા એ આશ્વન વદ ચતુર્દશી સૂર્યોદય વ્યાપિની છતાં અભ્યંગ સ્નાન કરવું, કેટલાક ચન્દ્રોદય વ્યાપિની ચતુર્દશી છતાં કરવું એમ માને છે.

પરંતુ દેવકાર્યને વિષે પર્વાહન વ્યાપિની તિથિઓ યુકત છે એવું જે યાજ્ઞવલ્કય ઋષિનું વચન છે તેથી ચતુર્દશી સૂર્યોદય વ્યાપિની જરૂર લેવી. બે દાહાડે સૂર્યોદય વ્યાપિની ચતુર્દશી છતાં બહુકાળ સુધી વ્યાપ્ત એવી પેહેલી લેવી, કારણ કે એકાદશી વિના બધી તિથિઓ બીજે દાહાડે સુર્યોદય વ્યાપ્ત છતાં દેવકાર્ય વિષે યુકત નથી એવો નિષેધ છે.

બે દાહાડે ચતુર્દશી સુર્યોદય વ્યાપિની ન મળે તો અભ્યંગ સ્નાન ત્રયોદશીમાં કરવું

સમયમયુખ ગ્રન્થમાં પણ લખ્યું છે કે પ્રભાત કાળમાં ત્રયોદશી અને રાત્રિશેષમાં અમાવાસ્યા (ચતુર્દશીનો ક્ષય) છતાં ત્રયોદશીમાં અભ્યંગ સ્નાન કરવું.

૧૨ ।। અથાશ્વિન કૃષ્ણામાવાસ્યાયાં દીપોત્સવ નિર્ણયઃ ।।

અશ્વિન વદ અમાસને દાહાડે દીપોત્સવ કરવામાં આવે છે. એ વિષે અમાવાસ પ્રદોષ વ્યાપિની લેવી. આદિત્ય પુરાણમાં લખ્યું છે કે પ્રદોપ કાળમાં લક્ષ્મીનું પુજન કરી દેવળમાં તથા ઘરમાં યથાશકિત દીપ લગાડવા. એ વિષે ઘણાં વચનો છે. સુર્યાસ્ત પછી ત્રણ મુહૂર્ત્ત સુધી જે કાળ તેને પ્રદોષ કાળ કહેવામાં આવે છે. ત્રણ મુહૂર્ત સુધી વ્યાપિની અમાવસ ન મળે તો એક મુહૂર્ત્ત સુધી વ્યાપિની હોય તો તે લેવી. બે દાહાડે અમાવાસ્યા પ્રદોષ કાળમાં છતાં 'પ્રતિપદ્યપ્યમાવાસ્યા' આ યુગ્મ વાકયથી બીજી લેવી.

જ્યોતિ નિંબંધ ગ્રન્થમાં લખ્યું છે કે પહેલે દાહાડે ત્રણ મુહૂર્ત્ત વ્યાપિની અમાવાસ્યા હોય અને બીજે દાહાડે એક મુહૂર્ત્ત પ્રદોષ વ્યાપિની એવી અમાવાસ્યા હોય અને બીજે દાહાડે એક મુહૂર્ત્ત પ્રદોષ વ્યાપિની એવી અમાવાસ્યાની બે દાહાડા વ્યાપ્તિ હોય તો પણ બીજી લેવી, અને દર્શ, પણ બીજે દાહાડે કરવો.

બે દાહાડે અમાવાસ્યાની પ્રદોષ વ્યાપ્તિ ન હોય તો 'ત્રૈયાસ્મિકાદર્શતિથિઃ' આ વચનથી પહેલે દાહાડે ગૌણ પ્રદોષ વ્યાપ્ત માનીને પેહેલી લેવી. પરંતુ આ વચન કેટલા વિદ્વાનો આ ઠેકાણે, ઘણું કરીને બરાબર માનતા નથી. બીજે દાહાડે અમાવાસ્યા પ્રદોષ વ્યાપિની છતાં બીજી લેવી. પહેલે દહાડે પ્રદોષ વ્યાપિની હોય તો પહેલી લેવી.

(ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની જયંતિલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ.

ત્રિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રીમતી કાન્તાબેન કીલાચંદભાઇ, મુંબઇના
જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૮ મો

ગતાંકથી ચાલુ

કનકાભિષેકનું વર્ણન (ચાલુ)

કનકાભિષેક વસ્તુ સામગ્રી

દોહા– તીર્થ વિધિ કર તીર્થોંકા, જલ પહેલે મંગવાય
કર એકત્રિત પાત્ર મેં, વિવિધ કુસુમ પધરાય
સુગંધ જલ શુભ દ્રવ્યસે, અધિવાસન વિધિરાસ
જનુતીરથ જલ દેવતા, કિન્હાં પ્રકટ નિવાસ

ભારતના મુખ્ય તીર્થ જલને પ્રથમથી બ્રાહ્મણો દ્વારા વિધિ સહ મંગાવેલ, તે એક મોટા સોનાના પાત્રમાં એકત્રિત કરી, તેમાં સુગંધી પુષ્પો પધરાવી અધિવાસન કરેલ સુગંધીમય જલ, સર્વ તીર્થોના પ્રકટ દર્શન દેતું સભામાં સુવર્ણ કલશો ભરી તૈયાર રાખી, સોનાના ફુલ કરાવેલા સુવર્ણ પાત્રમાં લગભગ ૫ (પાંચ) મણ તૈયાર રાખેલા હતા. હવે વિધિની શરૂઆત કરે છે.

કનકાભિષેક પ્રારંભ

ચૌપાઈ–તું

પ્રથમ નૃપત પ્રભુ ચરણ પુજાઈ, કનક પુષ્પ જલ લિય મંગાઇ
કનક કુસુમ સહ સોહત માલા, સહસ છેદ યુત થાલ વિશાલા
દ્વિજ કર લેત પાત્ર અભિષેકી, સજલ કલશલિય નૃપત વિવેકી
કનક પુષ્પ દ્વિજ ડારત તેહી, ધારા કરત પાત્ર નૃપ એડી
સહસ્ત્ર છેદ નિકસત જલધારા, પીત મંચ તનુ શ્યામ નિરાલા
કનક પુષ્પ કનકાલય શ્રેણી, લાગત હરિ જિમિ ક્રીડત વેણી
મંચ કુસુમ સહ બરખત ધારા, પ્રભુપદ પરસતીર્થ અઘટારા
કનક પુષ્પ બરખાવત ભારી, થાલ ભરત દ્વિજ લેત નિવારી
બેગિ કલશ જલ દેવત સંગી, કેરતધાર નૃપરાનિ ઉમંગી
જય જય ધ્વનિ મંડપ ચહુ છાઈ, બાજે બજત ગગન ગતિ પાઇ

દોહા– મધુર ગીત ગાવતત્રિયા, કવિ ભટ કથન મહાન
નટ નટિ નાંચત વાદ્ય સહ, દેખત ગુણિજન માન
બાજે સુભટ બજાવહીં, પ્રકટ દિખાવત હેત
અપર પરાઇ ધ્વનિ વિવિધ, કછુ ન સુનાઇ દેત

ચોપાઈ–રાધેશ્યામ

શ્રીકૃષ્ણ દેવકી મહારાજની, પુનિ પુનિ નિજ મસ્તક નાંય રહી
બડભાગી હમ નિજ પરિકર સહ, દર્શન કર આંસુ બહાય રહી
દર્શન કર બોલત પુરવાસી અખિયોં કા ફલ હમ લાયે હૈ
પેખત નૃપ સુરપતિ હરિ વલ્લભ, હમ બ્રજવાસી બન પાયે હૈ
અખિયાં ભર દર્શન કરત લોગ, સજ્જન બોલત બલિહારી હો
મહભાગ ભયે શ્રીલછમન ભટ, અરુ ધન્ય આપ મહતારી જો
કનકાભિષેક સહ મહાભિષેક, પુરનકર પાવત અભિલાષા
કિય દ્વિય અભિષેક મુદિત મહિપતિ, મનુકાન્તિકુંવર પુરત આશા
જનમુદિત કુસુમ કી વૃષ્ટિ કરત, અભિષેક નૃપત કર પાતા હૈ
રખવાય સિંહાસન નિકટ એક, પટ બિછવાયે જલ લાતા હૈ
રાજત પ્રભુ વહ સિંહાસન પર, પ્રભુ સેવક સ્નાન કરાતે હૈં
ધર શ્વેત વસ્ત્ર માલા મુદ્રા, કેશર યુત તિલક લગાતે હૈં

કનકાભિષેકમાં મંચ, સિંહાસન, કલશ તથા સુવર્ણના કરાવેલા ફુલ સર્વ સોનાના સાધનો હતા. શ્રીવલ્લભ સિંહાસને બિરાજ્યા પછી, તેમના ઉપલા ભાગમાં એક સોનાનો થાળ એક હજાર છેદ યુકત, ભ્રાહ્મણો ધારણ કરી રહ્યા હતા. રાજા અને રાણી તે થાળમાં તીર્થ વિધિયુકત જલ કલશોમાં ભરી ધારા કરતાં બ્રાહ્મણો થાળમા સુવર્ણ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. વેદ મંત્રો અને વાજીંત્ર ગીત કલાકારોની કલા મંડપમાં બેઠેલા લાખો માણસે જય જય ધ્વનિ સાથે બિરદાવલી બોલવા લાગ્યા. થાળમાં પડતાં પુષ્પો થાળ ભરાતાં બીજા પાત્રમાં નાખવા લાગ્યા. રાજા અને રાણી કનકાભિષક થયા પછી મહાભિષેક (આચાર્ય પણાનો) આચાર્યો સાથે મળી પુન- અભિષેક થયો. ત્યારબાદ શ્રીવલ્લભને સુગંધી જલથી સ્નાન નિવૃત કરી, જલથી સ્નાન સેવકો એ કરાવી, શ્વેત ધોતી–ઉપરણા, તિલક મુદ્રા ધારણ કરાવી, સર્વ આચાર્યોની સંમતિથી સોનાના મંચ પર રત્નજટિત સિંહાસન પધરાવી આચાર્ય પદવીની તૈયારી કરી, તે સિંહાસન પર શ્રીવલ્લભને અતિમાનથી પધરાવી ચારે તરફ અધિકાર મુજબ સહુ ઉભા રહ્યા.

–ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : **પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ, – વ્રજ–ધોરાજી**

શ્રીકૃષ્ણનામથી અહંમ્ પ્રપંચ પ્રિતિ ભાગે
શ્રીકૃષ્ણા નામથી નટવર નન્દકુમાર લેહ લાગે ॥૮॥

ભાવાર્થ :– શ્રીકૃષ્ણ નામ રટણથી, પ્રપંચ એટલે સંસારની મમતા છૂટી જઈ પ્રભુમાં પ્રીત લાગે છે. મદ–અભિમાનનો નાશ થાય છે–૧૨૦) વચનામૃતમાં એક વાર્તા છે. પાંચ પાંડવો અને કુંતાજી ભકત હતાં. તેમાં મહાભારતના યુદ્ધ પછી ભીમને સદા પોતાના પોતાના બળનું અભિમાન રહ્યા કરતું, કે મારી ગદા અને મારા બળથી જ મહાભારતનું યુદ્ધ જીતાયું છે. અર્જુન તો હજુ બાલક કહેવાય તેનાં બાણ કેટલુંક કામ કરે ? મારી ગદા જ્યાં ચાલે ત્યાં કચ્ચરઘાણવાળી નાખે. આ ભીમના અભિમાનને શ્રીકૃષ્ણે જાણ્યું ભકતને જરા પણ અભીમાન આવે એ પ્રભુથી સહન થાય નહી, તુરંત દ્વારકાથી આપ ઈંદ્રપ્રસ્થ પધાર્યા, એક દીવસ ભીમની સાથે વન વિહાર કરવા માટે રથ લઈ અને પધાર્યા, ત્યાં પ્રભુને તૃષા લાગી ભીમને પાણી ભરી લાવવા કહ્યું. ભીમ લોટો લઈ અને ગયો પાણી ભરી લાવ્યો. પ્રભુએ કહ્યું કે આ પાણી સારૂં નથી આ નદીનું મૂળ કયાં છે. તેની તપાસ કરો, ભીમ તપાસ કરવા ગયો. ત્યાં એક રાક્ષસ બેઠો બેઠો રડતો હતો. ભીમે તેનું કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે, સામેના પર્વત ઉપર એક રાક્ષસ રહે છે, તે બહુ બળવાન છે. તે મારી સ્ત્રી ઉપાડી ગયો છે, ત્યારે ભીમે કહ્યું કે તું રડીશ નહીં હું પોતે ક્ષત્રિય અને બળવાન છું. તારી સ્ત્રીને પાછી લાવી આપીશ. એમ કહી અને ભીમ ગદા લઇ અને તે રાક્ષસ પાસે ગયો. રાક્ષસને જોયો તો મોટા પહાડ જેવડો અને ભયંકર હતો. તેણે ભીમને પકડવા એક હાથ લાંબો કર્યો. ભીમભાઈ તો તેની મુઠ્ઠીમાં સમાઈ જાય અને ભીમભાઇ ડરી અને ભાગ્યા. ત્યારે રાક્ષસ તેની પાછળ દોડયો. ત્યાં વચમાં એક લુલો અને હુંઠો રાક્ષસ એક વનમાં રહેતો હતો. તેણે ભીમને રોકયો કે તું બળવાન ક્ષત્રીય થઇ અને કેમ ભાગે છે. ઉભા રહે પછી ભીમના દેખતાં તેણે લાંબો હાથ કરી અને ધમકી આપી એટલે તેણે તે સ્ત્રીને આપી દીધી. એટલે ભીમે પુછ્યું કે તમે આવા બળવાન હોવા છતાં તમને આવા લુલા અને હુંઠા કોણે કરી મુકયા ? ત્યારે તેણે કહ્યું કે ઇંદ્ર સાથે અમારે બહું મોટું યુદ્ધ થયું હતું તેમાં ઇંદ્રની સાથે એક પાડું રાજાનો પુત્ર અર્જુન હતો. તે મારા કરતાં પણ બહુ બળવાન હતો. તેણે મારા સાથે યુદ્ધ કર્યું, અને મારા હાથ–પગ કાપી નાખ્યા ત્યારથી હું લુલો, હુંઠો થઇ ગયો છું. ત્યારે ભીમને થયું કે, હું જે રાક્ષસના ડરથી ભાગ્યો હતો તેને તો આ લુલા લંગડા રાક્ષસે કાન પકડી અને પેલા રાક્ષસથી સ્ત્રી અપાવી એવા આ મહા બળવાન રાક્ષસના હાથ પગ અર્જુને કાપી નાખ્યા. અને હું મહાભારતના યુદ્ધનો યશ અને અભીમાન માથે લઇ અને ફરૂં છું. અર્જુન તો પ્રભુના સખા અને મારા કરતાં પણ મહા બલવાન છે. અને કૃષ્ણ અર્જુન તો નર, નારાયણનાં સ્વરૂપો છે. એ બળવાન રાક્ષસ પણ અર્જુનથી સંતાઇ અને પર્વતોમાં રહે છે. એમ વિચારી અને શ્રીકૃષ્ણ પાસે આવી અને

ભીમે સાષ્ટાંગ દંડવત્ કર્યા. અને સ્તુતિ કરી ક્ષમા માગી. પ્રભુ શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા. અને ભીમે સ્નેહપૂર્વક અનન્ય ભાવે શ્રી નટવર નંદ કુમારમાં પ્રીતિવાળો થયો. અને માતા કુંતાજીને સર્વ વાત કહી પગે લાગ્યા. માતા કુંતા પ્રસન્ન થયાં. અને ભકિતનો આશિર્વાદ આપ્યા આમ પ્રભુ પોતાના ભકતના મનનું મર્દન કરી દીનતાનું દાન કરે છે.

શ્રીકૃષ્ણ નામથી કૃષ્ણ નામ પર પ્રિતિ પ્રતિતિ
શ્રીકૃષ્ણ નામથી **સફેલ અવસ્થા** ગઈ જે
વિતિ ॥૯॥

ભાવાર્થ :– શ્રીકૃષ્ણ નામના રટણથી શ્રીકૃષ્ણ નામ ઉપર પરમ પ્રીતિ ઉપજે છે. અને દિવસે દિવસે પ્રભુમાં પ્રેમ લક્ષણા ભક્તિના પગથીયાં ચડાય છે, પ્રભુ નામ રટણથી ગયેલી અવસ્થામાં જાણતાં અજાણતાં પાપ અપરાધ બની ગયા હોય છે. તેનો પણ નાશ થાય છે. જીવન નિર્મળ બને છે. તેમા યજ્ઞ પતિઓનું શ્રીમદ્ ભાગવતમાં દ્રષ્ટાંત છે. વ્રજ વૃંદાવનમાં શ્રીકૃષ્ણે કરેલી લીલાઓને સાંભળી શ્રીકૃષ્ણ નામ રટણમાં તેને લગની લાગી. સાક્ષાત્ દર્શનની આશા અભિલાષા જાગી ત્યારે પ્રભુએ પોતાની સાથેના ગ્વાલબાલોને. તે યજ્ઞ પત્નિઓના પતિ બ્રાહ્મણો, પોતાના ભતરોંડ ગામમાં યજ્ઞ કરતા હતા ત્યાં મોકલ્યા. પરંતુ બ્રાહ્મણો કેવળ કર્મઠ હતા તેણે કંઇ ન આપ્યું શ્રીકૃષ્ણે ફરી તેઓને તેની પત્નિઓ પાસે મોકલ્યા. શ્રીકૃષ્ણનું નામ સાંભળતાં જ સુંદર મધુર મિષ્ટ ભોજનના થાળ ભરી અને પોતે ગ્વાલબાલોની સાથે ચાલી નિકળ્યાં. પતિઓના રોકવા છતાં પણ રોકાયાં નહીં, શ્રીકૃષ્ણના સાક્ષાત્ દર્શન કરી, પોતાના જીવનની સર્વ સાધના પુર્ણ થઇ માની. ચરણમાં પડયાં અને કહ્યુ, કે અમે પતિની ઉપરવટ થઇ અને આવ્યાં છીએ એટલે અમારા પતિઓ અમને હવે નહીં રાખે અમને હવે સધ આપના ચરણમાં રાખો ત્યારે પ્રભુએ કહ્યું કે હે, યજ્ઞ પત્નિઓ ! તમે મારા દર્શન અને સેવાથી પરમ્ ધન્ય અને પુનિત બન્યાં છો, તમારા પતિઓ પણ પોતાના કેવળ કર્મપણાનો વિચાર અને પસ્તાવો કરી તમારૂં સ્નેહપુર્વક સન્માન કરશે. અને મારી પરાભકિતનું તમને દાન થશે અને યજ્ઞ પત્નિઓ ગયાં બ્રાહ્મણોએ તેનાં સ્નેહપૂર્વક સન્માન કરી અને ઘેરે લઈ જઈ તેઓને અનંત ધન્યવાદ આપ્યા બ્રાહ્મણોની ગત, અવસ્થા સફળ બની.

"રાજકોટમાં મળેલું રાજય કક્ષાનું ગુજરાત પ્રદેશ વૈષ્ણવ પ્રતિનિધિ સંમેલન"

–o– ૭૬ ગામના પ્રતિનિધિઓની હાજરી –o– વૃક્ષારોપણ–ગુરૂકુલના નિર્માણ કાર્યને પ્રાધાન્ય –o– બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરનાર કોઇપણ નાતજાતનો વ્યાકત ભેદભાવ વિના વૈષ્ણવ કહેવાય શ્રી વૃજેશકુમારજી –o– વૈષ્ણવાચાર્ય કદાપિ મૃત્યુ પામતા જ નથી. શ્રી પ્રથમેશજી

આંતરરાષ્ટિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે તાજેતરમાં રાજય કક્ષાનું વૈષ્ણવ પ્રતિનિધિ સંમેલન શ્રી અરવિંદભાઇ મણીયાર હોલ, જયુબીલી બાગ, રાજકોટમાં મલ્યુ હતું. ગુજરાત રાજયના ૭૬ ગામોમાંથી આશરે ૬૫૦ થી વધુ સભ્યોની હાજરીમાં વૈષ્ણવ પરિષદના પ્રેરણાદાતા–ધર્માધ્યક્ષ પ્રથમ પીઠાધીશ્વર પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી (કલકત્તા) ગો. શ્રી વૃજરાયજી મહારાજ (અમદાવાદ) કામવન–રાજ-

કોટના ગો. શ્રી વૃજેશકૃમારજી, સુરતના ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ વૈષ્ણવ પ્રતિનિધિ સંમેલન સર્વ પ્રથમ યોજાયું હતું.

સંપ્રદાયની પ્રણાલિકા મુજબ મંગલા ચરણ કરી સવારે દશ•વાગ્યે સંમેલનની શરૂઆતમાં શ્રી વલ્લભાધીશ કી જય......... જયઘોષ બોલાવી હતી.

રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાંતીભાઈ રાધનપુરા તેમજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ રાજકોટના પ્રમુખશ્રી વૃજલાલ રાણપરા તેમજ વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખશ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠે સ્વાગત પ્રવચન તેમજ ઉપસ્થિત વૈષ્ણવાચાર્યોને હારતોરા કર્યા હતા. રાજકોટ શાખાના મંત્રીશ્રી હસમુખભાઈ ખખ્ખરે ગુજરાત પ્રદેશ પ્રમુખશ્રીનું હારતોરા કરી સ્વાગત કર્યું હતું. ગૌસંવર્ધન દુષ્કાળ રાહત સમિતિ દ્વારા થયેલ કાર્યોની રૂપરેખા આપી સમગ્ર સંમેલનનું સંચાલન ગુજરાત પ્રદેશ સમિતિના સંગઠન મંત્રીશ્રી ચીમનભાઈ શેઠે કર્યું હતું.

ગૌસંવર્ધન અને દુષ્કાળ રાહત સમિતિમાં મદદ કરનાર સૌનો આભાર વ્યકત કરતાં રાજકોટ શાખાના મંત્રી અને પ્રદેશ સમિતિના પ્રચાર મંત્રી શ્રી હસમુખ ખખ્ખરે જણાવ્યું હતું કે વૈષ્ણવો અને આચાર્યોની વચ્ચે સાંકળના અંકોડાની માફક એક સાંકળમાં બાંધી સંપ્રદાયનો પ્રચાર – પ્રસાર – વૃદ્ધિ અને સંગઠનાત્મક પ્રવૃત્તિનું કાર્ય કરતી ભારતની એકમાત્ર વૈષ્ણવ સંસ્થા તે આંતરરાષ્ટિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ છે. ગુજરાત રાજ્યમાં ૯૫ શાખાઓ દ્વારા ગૌસેવા – માનવસેવા – પારેવાને ચણ – પાણી વિતરણ – ગરીબોમાં અનાજ અને ઘરવખરીનું સુંદર વિતરણ વૈષ્ણવ પરિષદ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સાથ સહકાર આપનાર સૌનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ વિશાળ વૃક્ષારોપણ – વૃક્ષો દત્તક લેવાનો – ઉપવન નિર્માણ કરવાનો ઠરાવ ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાલાએ મુકયો હતો જેને ધોરાજીના શ્રી મોહનભાઈ ગજેરાએ ટેકો આપ્યો હતો.

આ ઠરાવ ઉપર બોલતા **પ્રથમ** પીઠાધીશ્વર શ્રી પ્રથમેશજી મહારાજે જણાવ્યું કે આપણે જીવનનો સાચો અર્થમાં વિકાસ કરવા માંગીએ છીએ? સાચુ સાશ્વત સુખ પ્રાપ્ત કરવા માગીએ છીએ? સમાજનું કલ્યાણ આપણા હયામાં છે? પુષ્ટિ સંપ્રદાયને જગતમાં સર્વશ્રેષ્ઠ ધર્મ તરીકે આપણે વિકસાવવા તૈયાર છીએ? તો આંતરરાષ્ટિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ એકત્ર થઈ સ્વધર્મના આચરણ દ્વારા આપણું સમગ્ર જીવન સમાજને પ્રેરણા મળે તેવું બનાવવા સંગઠીત થવું જોઈએ.

ચાલુ વર્ષે ગૌસંવર્ધન અને દુષ્કાળ રાહત સમિતિ દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરી શ્રી મહાપ્રભુજીની કૃપાની દુષ્કાળ વર્ષ સરકારનું બળ – પશુપાલક માલધારીઓની હિંમત – અને સંપ્રદાયની પ્રેરણા જેવા ત્રિવેણી સંગમથી આપણે હેમખેમ પસાર કર્યું પરંતુ દરેક આચાર્યોની ઉપાસનાસ્થલી આ વન વગડાઓ અને જળાશયો હતા. માટે જીવનની રક્ષા કરવી હોય તો આ બન્નેની રક્ષા કરવી અનિવાર્ય છે. આ બે તત્વોથી પ્રેરણા લઈ આંતરરાષ્ટિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના આ સંમેલનમાં ઉપસ્થિત દરેક શાખાના પ્રતિનિધિઓ સંકલ્પ કરી પોતપોતાના ગામમાં વૃક્ષારોપણ કરવાની ઝુંબેશ ચલાવવાની સાથે બળતણ માટે છાણ – ગેસ કે સુકા લાકડાના ઉપયોગ સાથે લીલા છોડવા નહી કાપવાનો પણ સંકલ્પ કરીશું તો સમગ્ર સમાજ આપણામાંથી પ્રેરણા લઈ અનેક ઉપવનો નિર્માણ કરશે જેથી સમાજના કલ્યાણની સાથે આપણું પણ કલ્યાણ થશે તેની સાથે રાષ્ટને ફરી ઉન્નતિના શિખરે પહોંચાડનાર તરીકે પુષ્ટિ સંપ્રદાયની યશગાથા લખાશે.

પ્રવચનના અંતમાં શ્રી પ્રથમેશજી મહારાજે જણાવેલ કે કોઈપણ વૈષ્ણવાચાર્ય મૃત્યુ પામતા જ નથી. પરંતુ નિત્ય લીલામાં પ્રવેશ થાય છે માટે તેની પાછળ કદાપિ શોક હોય જ નહિ.

રાજકોટ–મોરબી રોડ ઉપર રતનપરના દરબાર બંધુ શ્રી કિરીટસિંહ ઝાલા – શ્રી પ્રવિણસિંહ ઝાલા દ્વારા દાનમાં મળેલ સાડાત્રણ એકર જમીન ઉપર ભાવિ પેઢીના ઉત્કર્ષ માટે – સારા સંસ્કારના સિંચન માટે – સંપ્રદાયિક જ્ઞાનની વૃદ્ધિ તેમજ વિદ્યાદાન પ્રવૃતિને વેગ આપવા રાજકોટ શાખા દ્વારા નિર્માણ

થનાર આ "શ્રીમદ્ વલ્લભાચાર્ય રૂષી કુલ" માટે સમગ્રભારતના વૈષ્ણવાચાર્યો અને વૈષ્ણવો જહેમત ઉઠાવી ગુજરાતના સર્વ પ્રથમ સંકુલ સમાન રૂષિકુલ જલ્દીથી તૈયાર થાય તેવા પ્રયત્નો કરશે.

ગુજરાત પ્રદેશ સમિતિના ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ પરીખ અને શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીએ સ્વાધ્યાય અને સત્સંગ પ્રવૃતિઓ ઉપર પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આંતર રાષ્ટિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા દર માસે રાજકોટથી પ્રકાશિત થતાં સાંપ્રદાયિક માસિક "વલ્લભસુધા" ની માહિતી તથા પરિષદના અન્ય પ્રકાશનોની માહિતી આપી તેના સભ્ય થવા દરેક શાખાના હોદેદારો ત્થા સભ્યોને શ્રીવલ્લભસુધાના સંપાદક શ્રી રવજીભાઈ પટેલે અનુરોધ કર્યો હતો.

સુરતના ગોસ્વામી શ્રી વલ્લભરાયજી બાવાશ્રીએ જણાવ્યું હતું કે વૈષ્ણવ સંપ્રદાય એ પુષ્ટિમાર્ગ કહેવાય, પુષ્ટિ એટલે પ્રેમ આ સંપ્રદાય પ્રેમ અને કૃપાનો માર્ગ છે. આ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો જો દરેક વૈષ્ણવ ગ્રહણ કરી અમલમાં મુકે તો સમાજને પ્રેરણા આપી શકશે. ધર્મ દ્વારા જ રાષ્ટની રક્ષા થાય છે ઉન્નતિ થાય છે. ભારતનો તમામ વર્ગ જો આ પ્રેરણા ગ્રહણ કરશે તો ગાંધીજીના સ્વપ્ન સમાન સ્વરાજ જેવું રાષ્ટને બનાવવા પુષ્ટિમાર્ગ અગ્રસ્થાન લેશે તેમાં શંકા નથી.

કામવન–રાજકોટના ગો. શ્રી વૃજેશકુમાર બાવાશ્રીએ જણાવેલ કે વૈષ્ણવ સંપ્રદાયમાં કોઈપણ નાત જાતના વાડા નથી. સંપ્રદાયના સિદ્ધાંત તથા પ્રણાલિકા મુજબ બ્રહ્મસંબંધ લેનાર કોઈપણ નાતનો વ્યકિત ફકત વૈષ્ણવ તરીકે જ ઓળખાય છે અને કોઈપણ સંપ્રદાયિક સ્થાનમાં કે હવેલીમાં તે પ્રવેશને પાત્ર છે.

અમદાવાદના ગો. શ્રી વૃજરાયજી મહારાજશ્રીએ વૃજપરીક્રમા તેમજ સંપ્રદાયિક પ્રણાલિકાઓ ઉપર વૈષ્ણવોને બોધ મળે તેવું પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

બપોર પછી કાર્યકર્તા શિબિર–ધર્મશિબિર–સંપ્રદાયના વર્તમાન પ્રશ્નો શ્રદ્ધાંજલી અભ્યાસ ક્રમમાં શ્રીમદ વલ્લભાચાર્યજીનો પાઠ જેવા ઠરાવો ઉપર ચર્ચા થઈ હતી.

શાખાના સભ્યોને સંગઠીત કરી મોટા આયોજનો સંમેલનો અને સંપ્રદાયિક કાર્યક્રમો કરવા બદલ ગુજરાતની ૯૫ શાખાઓમાં રાજકોટ શાખા સર્વ પ્રથમ આવતા શાખાના પ્રમુખશ્રી કાંતીભાઈ રાધનપુરા તેમજ મંત્રીશ્રી હસમુખ ખખ્ખરને કેશરી ઉંપવસ્ત્ર ઓઢાડી ગો. શ્રી પ્રથમેશજી મહારાજે આશીર્વાદ આપ્યા હતા. સાડાત્રણ એકર જમીનનું રાજકોટ શાખાને ગુરૂકુલ માટે દાન આપનાર રતનપરના દરબારશ્રી કિરીટસિંહ ત્થા પ્રવિણસિંહ ઉપરાંત શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, પ્રમુખશ્રી ઈંદ્રકાંત શેઠ, તેમજ શ્રી ચીમનભાઈ શેઠનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

અંતમાં ગુજરાત પ્રદેશ સમિમિના પંત્રીશ્રી વી. પી. પરીખે આવેલ સંદેશાઓનું વાંચન આભાર સહિત કર્યું હતું અને પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે આનંદ વ્યકત કર્યો હતો. પરિષદના પ્રારંભથીજ સેવક શ્રી ગોકુળદાસ ગગુભાઈ સોનીએ પરિષદનું નિરાંજન ગીત ગાઈ સાંજના સાત વાગ્યે સંમેલનની પુર્ણાહુતિ કરી હતી.

સંમેલનના આયોજન વ્યવસ્થા રહેવા તથા પ્રસાદ લેવડાવવાની વ્યવસ્થા માટે શ્રી ડેલાવાલા બંધુ, હરિભાઈ દેશાઈ, પ્રાણભાઈ મારફતીયા, વલ્લભભાઈ નથવાણી, રશ્મિભાઈ ચોકસી, જયસુખભાઈ વોરા ત્થા વિનુભાઈ ગણાત્રાએ કરી હતી.

કાર્યક્રમનું સરૂળદાયી સંકલન કરવા શ્રી જયંતિભાઈ પડીઆ, શ્રી મનસુખલાલ માવજીભાઈ રાણપુરા, શ્રી રતિભાઈ પટેલ, જે. પી. પારેખે યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી.

આ સંમેલનમાં વિશેષ વૈષ્ણવ પ્રતિનિધિ તરીકે રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી રામજીભાઈ માવાણી, સંસદસભ્યશ્રી રમાબેન માવાણી, રાજકોટ નાગરીક બેન્કના ચેરમેનશ્રી લાલજીભાઈ રાજદેવ, પુષ્ટિમાર્ગના જ્ઞાતા ત્થા સંપ્રદાયિક પુસ્તકોનું લેખન કર્તા શ્રી જીવણભાઈ જોષી, "વલ્લભસુધા" ના તંત્રીશ્રી રવજીભાઈ પટેલ, મોરબીના સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી બાલુભા જાડેજા, રાજકોટથી પ્રકાશિત થતાં દૈનિકોના પ્રતિનિધિ ટી. વી. સ્ટેશન રાજકોટના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત હતા.

(ટાઇટલ બીજા પાનાથી ચાલુ)

જો આપણે સાચી વૈષ્ણવતા શીખવી હોય તો વનસ્પતિથી જ શીખી શકાય કે જે વળતરના ભાવ વિના સતત સેવા પરાયણ રહી પશુ—પક્ષી અને માનવનો વિકાસ સાધે છે.

ઋષિ મુનિઓથી લઈ આપણા દરેક આચાર્યોની ઉપાસનાસ્થલી આ વન વગડાઓ અને જળાશય હતા માટે જીવનની રક્ષા કરવી હોય તો આ બંન્નેની રક્ષા કરવી અનિવાર્ય છે.

આપણો સમાજ આ બે તત્ત્વોથી પ્રેરણા લઈ સમગ્ર જીવનનો વિકાસ કરવા માટે સેવા ભાવના જાગ્રત કરી માનવ ચરિત્ર નિર્માણ કરી આ દુઃખ અને દરિદ્રતાનો વિનાશ કરે તે ઈચ્છવા યોગ્ય છે.

વનસ્પતિ અને વૃક્ષો ભેદભાવ વિના બધાની સેવામાં સદા તત્પર રહે છે તેવી રીતે આપણે આપણા સેવા ધર્મનું દ્રઢતાથી પાલન કરી સર્વનો વિકાસ સાધવા સતત પ્રયત્નશીલ બનીએ અને તેના માટે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં નેજા હેઠળ એકત્રીત થઈ વિકાસ સાધીએ.

ભગવાન અને ભગવદ્ અવતાર......વિગેરેની વિહાર સ્થલી પણ આ વન ઉપવનો જ રહ્યા છે આ વાત આપણે વૈજ્ઞાનિક યુગમાં કદી ભુલવાની નથી.

અને આ બધા તત્ત્વોથી આપણે વૈષ્ણવો પ્રેરણા પ્રાપ્ત કરી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં ગુજરાત પ્રદેશનાં પ્રતિનિધિ સંમેલનમાં ઉપસ્થિત દરેક ગામના પ્રતિનિધિ સંકલ્પ કરી હોત પોતાના ગામમાં વૃક્ષારોપણ કરવાની ઝુંબેશ ચલાવવાની સાથે બળતણ માટે છાણ—ગેસ કે સુકા લાકડાના ઉપયોગની સાથે લીલા છોડવા નહિ કાપવાનો પણ સંકલ્પ કરીશું તો સમગ્ર સમાજ તેમાંથી પ્રેરણા લઈ અનેક ઉપવનો નિર્માણ કરશે જેથી સમગ્ર સમાજના કલ્યાણની સાથે આપણું પોતાનું પણ કલ્યાણ થશે અને તેની સાથે રાષ્ટ્રને ફરી ઉન્નતિનાં શિખરે પહોંચાડનાર તરીકે પુષ્ટિ સંપ્રદાયની ભવ્ય યશગાથા લખાશે.

આપણે સૌ જાણીએ છીએ કે વન નિર્માણ કરવા માટે સરકારી યોજના હેઠળ કોઈપણ રજીસ્ટર સંસ્થા અગર ગ્રામ પંચાયત કાર્ય કરવા માગતી હોય તો ૨૦ વર્ષના પટે સરકાર તે સંસ્થા અગર ગ્રામ પંચાયતને જમીન ફાળવે છે. જરૂર પડયે સરકારશ્રી સમગ્ર સમાજના કલ્યાણમય વૃક્ષારોપણ અને ઉછેરની પ્રવૃત્તિ કરનાર સંસ્થાઓને પ્રોત્સાહિત કરી વધુ મદદરૂપ બનવું જોઈએ. અને લોકોએ પણ પ્રામાણિકપણે વિશેષ કાર્યરત બની પશુ—પક્ષી તેમજ માનવને અતિ ઉપયોગી એવા વૃક્ષનું રોપણ કરી તેને ઉછેરવા દરેક વ્યકિતગત પરિશ્રમ લેશે તોજ આવા સંમેલનનો ઉદ્દેશ ફળીભુત થશે.-

રાજકોટ. તા. ૧૦–૭–૮૮

સને ૧૯૮૮ ના અંક ૪ ના અનુસંધાને
શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૨૬૧ સોની અમૃતલાલ નાનજીભાઇ, ધોરાજી
૨૬૨ પટેલ ગોકળભાઇ જેરામભાઇ ધોરાજી
૨૬૩ ડો. ગણપતરાય પી. ઠાકર, જુનાગઢ
૨૬૪ શ્રીમતી કમળાબેન ચન્દ્રકાંત, રાજકોટ
૨૬૫ શ્રીમતી ઇન્દીરાબેન નરેન્દ્રકુમાર કોટેચા, રાજકોટ
૨૬૬ શ્રીમતી રમાબેન ચત્રભુજ કોટક, રાજકોટ
૨૬૭ શ્રીમતી રમાબેન મગનલાલ ગોંધીયા, જુનાગઢ
૨૬૮ શ્રીમતી શારદાબેન નંદલાલભાઈ, માંડવી
૨૬૯ સુર્યકાન્ત સૌભાગ્યચંદ માંડલીયા, ધોરાજી
૨૭૦ જીતેન્દ્રકુમાર દામજીભાઈ માવાણી. ધોરાજી

બાલકૃષ્ણલાલની લીલા અંતર ધરીએ રે બેન

બાલકૃષ્ણલાલની બાલકૃષ્ણલાલની
લીલા અંતર ધરીએ રે બેન (૨)
વલ્લભકૃપાએ સૌને વાલો સાંપડે રે–બાલકૃષ્ણલાલની.

લાડકડો લાલ છે, લાડકડો લાલ છે,
ગોપગ્વાલ સંગે રમતો રે બેન (૨)
ગોપીઓના જુથમાં નૃત્યે છે થૈ થૈ ઘેલડો રે–બાલકૃષ્ણલાલની.

ગોકુલ ગામમાં, ગોકુળ ગામમાં,
વનરાવનની વાટે રે બેન (૨)
હસતો રમતો સામો દીસે છે શામળો રે–બાલકૃષ્ણલાલની.

ગિરિવર ધાર્યો, ગિરિવર ધાર્યો,
ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો રે બેન (૨)
ગૌ–ગોપ કાજે વાલો બન્યા ગિરિરાજજી રે–બાલકૃષ્ણલાલની.

રાસ રચાવે, રાસ રચાવે,
વાલો વ્રજજુવતી સંગાથે રે બેન (૨)
રંગે સંગે ખેલે રાધા રાખી જોડમાં રે–બાલકૃષ્ણલાલની.

મામા તે કંસને, મામા તે કંસને,
મથુરા જઈને માર્યો રે બેન (૨)
વ્રજમાં ધુમ મચાવે બાંધવ બેલડી રે–બાલકૃષ્ણલાલની.

માલતીબેન એમ. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.
શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિઃ ॥

શ્રી સ્વામિનીજીની વધાઈ

(રાગ–સારંગ)

ભઇ વૃષભાન કે સુતા,
રૂપરાસ અંગ અંગ માધુરી, માનહુ કનક લતા. ૧
સબ અંગ નિપુન બની,
અતિ મૃદુ છબી કંચન હું તેં ગોરી;
'આસકરન' વ્રજરાજ નંદસુતં,
બની અનુપમ જોરી. ૨

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૬ સપ્ટેમ્બર, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે, ઢેબરભાઈ રોડ, રાજકોટ

શ્રીવલ્લભ વિજ્ઞાન રાજકોટ

તા. ૩૧-૩-૮૭ના રોજ પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

આવક		ખર્ચ	
શ્રી વાર્ષિક લવાજમ	૮૦૦૦-૦૦	શ્રી પ્રકાશન ખર્ચ	૧૨.૧૨૪-૦૦
,, વ્યાજ આવક	૩૬૨૯-૨૫	,, પોસ્ટેજ ખર્ચ	૧૨૪૦-૦૦
,, પુસ્તક પ્રકાશન ડોનેશન	૧૩૨૮-૦૦	,, સ્ટેશનરી ખર્ચ	૧૩૫-૬૦
,, સામાયિક વેચાણ	૭૧-૦૦	,, પરચુરણ ખર્ચ	૫૯-૭૦
,, ઘટાડો સરવૈયામાં લઈ ગયા	૮૧૬-૦૫	,, પ્રિન્ટીંગ ખર્ચ	૨૮૫-૦૦
	૧૩૮૪૪-૩૦		૧૩૮૪૪-૩૦

તા. ૩૧-૩-૮૯ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી			મિલકત તથા લહેણા		
શ્રી આજીવન સભ્ય ફી			શ્રી પુરતક પ્રકાશન ખાતે		૬૦૮-૦૦
ગ. વ.	૨૯૫૪૬-૦૦		, સુભાષચંદ્ર ભીખાલાલ		૧૦૦-૦૦
વધારો	૪૬૮૧ ૦૦		,, ભાષ્કરભાઈ ચત્રભુજ		૨૦-૦૦
		૩૪૨૨૭-૦૦	,, અમૃતલાલ સુંદરજી		૧૦-૦૦
શ્રી એડવાન્સ લવાજમ			,, એમ. આર. પાલેજા		૧૫૦-૦૦
૧૯૮૭-૮૮	૨૬૭૦-૦૦		,, રમણિકલાલ મેઘજી		૧૦-૦૦
૮૮-૮૯	૪૦-૦૦		,, અરવિંદભાઇ ચંદુલાલ		૩૦-૦૦
			શ્રી રોકડ બેંક બેલેન્સ		
		૨૭૧૦-૦૦	રા. ના. સ. બેંક ફી. ડી.		૩૦,૦૦૦-૦૦
શ્રી આં. રા. પુ. ગૈ. પરિષદ		૧૦-૦૦	રા. ના. સ. બેંક સેવીંગ		૧૦૬૫-૮૨
કેન્દ્રીય કાર્યાલય			સીટીઝન કો. ઓ. બેંક સેવીંગ		૧૨૩-૨૦
શ્રી ડાયાભાઈ કસ્તુરચંદ એન્ડ કું.		૧૨૦૦-૦૦	સીકયોરીટી ડીપોઝીટ પો. ઓ.		૧૦૦-૦૦
			શ્રી પુરાત સિલિક		૨૬૭-૭૦
			શ્રી આવક ખર્ચ ખાતે		
			ગ. વ. ઘટાડો	૪૪૫૬-૨૩	
			વધારો	૮૧૬-૦૫	
					૫૨૭૨-૨૮
		૩૮૧૪૬-૦૦			૩૮૧૪૭-૦૦

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.
પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

રાજકોટ
તારીખ ૫-૫-૮૮

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૬ * સપ્ટેમ્બર, ૧૯૮૮

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તા ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રીહરિ: ॥

ધર્માચરણ છતાં શાંતિ પ્રાપ્ત કેમ થતી નથી ?

–પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

એક રીતે જોતાં હાલના આ કલિકાલમાં ધર્મનું વિસ્તરણ થયું છે. ધર્મના અનુયાયીઓની સંખ્યા વધતી જાય છે. લોકો મોટી સંખ્યામાં મંદિરે દર્શન કરવા જાય છે, ઉચ્ચસ્વરે પ્રભુના ગુણગાન ગાતા સંભળાય છે અને ધર્માચરણ કરે છે. ઠેકઠેકાણે ધાર્મિક પ્રવચનો અને કથાઓ યોજાય છે. છતાં મનને એક પ્રશ્ન મૂંઝવે છે. આપણે આટલું બધું મબલખ ધર્માચરણ કરીએ છીએ છતાં આપણને શાંતિ કેમ મળતી નથી ? ધર્માચરણનું ફલ કેમ પ્રાપ્ત થતું નથી ?

આનો પ્રત્યુત્તર મને દ્વારકાની નવી હવેલીવાળા નિ. લી. ગો. શ્રી નટવરગોપાલજી બાવાશ્રીએ યોજેલ અખિલ ભારત શ્રી પુષ્ટિમાર્ગીય બેઠકયાત્રામાં આપશ્રીએ વૈષ્ણવોને આપેલ શ્રીવચનામૃતમાંથી મળી રહે છે.

વચનામૃતના પ્રારંભનું વાક્ય આપણા હૃદયના મર્મને સ્પર્શે છે.

“આપણે ધર્માચરણ કરીએ છીએ, પણ આપણને શાંતિ કેમ મળતી નથી ?”

આકાશમાં પક્ષી જેમ ગોળ ગોળ ઘુમરડી ખાઈ ઊડવા માંડે તેમ આ પ્રશ્ન પણ મનના આકાશમાં જાણે ઘુમરડી લેવા માંડયો.

આપશ્રીએ આનું કારણ આપતાં કહ્યું કે આપણે આપણા ધર્મના સ્વરૂપને જાણ્યા સમજ્યા વિના તેને આત્મસાત્ કર્યા વગર માત્ર બાહ્ય ક્રિયાવત્ ધર્મનું આચરણ કરીએ છીએ પરંતુ તેનું યથાવત પાલન કરતા નથી. આથી ધર્મના અને પ્રભુસેવાના વાસ્તવિક આનંદને આપણે પ્રાપ્ત કરી શકતા નથી. પ્રભુપ્રીત્યર્થે સેવા અને ધર્માચરણ ન કરીએ અને જગતને દેખાડવા અને હુંપણાની મમતથી સેવા કરીએ તો હૃદયને કોરુંધાકોર રાખનારી એવી સેવાથી શાંતિ કેમ મળી શકે ? એવા ધર્માચરણનું પરમ ફલ આપણને કયાંથી પ્રાપ્ત થાય ?

આ વસ્તુને વધારે સ્પષ્ટ કરવા આપશ્રીએ એક સરળ દૃષ્ટાંત આપ્યું.

‘ઠંડીના દિવસોમાં ઠંડી નિવારવા મોહનભાઇ બહુમૂલ્ય ગરમ કપડાં ખરીદ કરે પણ જો એ તેમને પહેરે નહીં અથવા અપૂરતાં પહેરે તો તેમની ઠંડી દૂર થાય ખરી ?’

‘સમજો કે વિક્રમભાઇએ એક મૂલ્યવાન જર્સી ખરીદ કરી. હવે જો તેની એક બાંયમાં હાથ નાખીને વિક્રમભાઈ ફર્યા કરે અને તેને સંપૂર્ણપણે પહેરે નહીં તો મૂલ્યવાન જર્સી પાસે હોવા છતાં પણ તેમની ઠંડી દૂર થઈ શકતી નથી.’

મહારાજશ્રી આગળ કહે છે : ‘બરાબર તેવી જ રીતે આપણે આપણા ધર્મના સિદ્ધાંતોને હૃદયમાં લાવીએ કે હોઠ પર ધરી રાખીએ પણ જો તેમને આચરણમાં ન મૂકીએ, સિદ્ધાંતના અર્થને આત્મસાત્ કરીને જો પ્રીતી ભાવપૂર્વક તેમનું યોગ્ય પાલન ન કરીએ તો આપણને શાંતિ પ્રાપ્ત કેવી રીતે થાય ? પરમ ફલને આપણે કયાંથી પામી શકીએ ? પ્રભુકૃપાથી આપણને મનુષ્યજન્મ મળ્યો છે અને વિશેષમાં વૈષ્ણવધર્મ પ્રાપ્ત થયો છે તો પ્રભુ પ્રાપ્તિ માટે આપણે તેનો યથાર્થ વિનિમય કરવો જોઇએ.’

આજનો મનુષ્ય નિશ્ચયબળ વિનાનો થઈ ગયો છે. તેથી અધર્મને સમજવા છતાં તેને છોડી શકતો નથી અને ધર્મને સમજવા છતાં તેને જીવનમાં યથાર્થ રીતે ઉતારી શકતો નથી. આ પ્રકારનું શૈથિલ્ય દૂર કરી, ભગવત્પરાયણ વૈષ્ણવી જીવન જીવવાથી જીવનમાં વાસ્તવિક આનંદ અને શાંતિનો આવિર્ભાવ થાય છે.’

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની જયંતિલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ.

વ્રજયાત્રાનો ઉદ્દય અને વિકાસ

લેખક : **શ્રી શેઠ ગોવિંદદાસ (સંસદ સભ્ય) જબલપુર**
અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી. એ. (ઓનર્સ) કોવિદ

વ્રજ યાત્રાનો મહિમા :

ભારત વર્ષમાં તીર્થાટન કરવાની પરંપરા ઘણી જ જૂની છે. વળી તીર્થ યાત્રાની આ ભાવનાએ જ પ્રાચીન યુગમાં જ્યારે આવવા જવા માટેનાં સાધનોનો અત્યંત અભાવ હતો, ત્યારે આ દેશને સાંસ્કૃતિક એકતાના સૂત્રમાં બાંધી રાખવામાં મોટી સહાય કરી હતી. ચાર ધામ અને સાત મહાપુરીઓની ભાવના દેશની આ સાંસ્કૃતિક એકતાની ધરી હતી. એવી જ રીતે દેશના દૂરના ભાગમાંથી વ્રજ કે વન-ઉપવનોની અને શ્રીકૃષ્ણની લીલાઓનાં સ્થળોની યાત્રા પણ આ જ સાંસ્કૃતિક એકતાનું એક પ્રતીક છે. જેણે સમસ્ત શ્રીકૃષ્ણ ભકતોને એટલે કે સમસ્ત વૈષ્ણવ સમાજને ભિન્ન ભિન્ન ભાષા બોલનારાઓ હોવા છતાં તેઓમાં રહેણીકરણી રીતરિવાજ, આચાર વિચાર તેમજ ખાનપાનના વિશેષ ભેદો હોવા છતાં તેઓને "વ્રજ-ભક્તિ" રૂપી સાંસ્કૃતિક એક સુત્રમાં બાંધી દીધા. એ દૃષ્ટિએ વ્રજ યાત્રાનો મહિમા ઘણો જ વધારે છે.

જો કે આ દેશમાં દર વરસે હજારો ધાર્મિક યાત્રાઓ થાય છે; પરંતુ વ્રજ યાત્રા એ બધી યાત્રાઓમાં અભૂતપૂર્વ છે, કારણ કે સંભવ છે કે આજ એક માત્ર એવી યાત્રા છે કે જેમાં પ્રતિ વર્ષ હજારો યાત્રીઓ દેશના અનેક ભાગોમાંથી નિશ્ચિત તિથિએ આવીને એકી સાથે વ્રજ યાત્રાનો આરંભ કરે છે, અને ૪૦ થી ૫૦ દિવસો સુધી એકબીજાનાં નિકટનાં સંપર્કમાં રહીને તેને એક જ તિથિએ સમાપ્ત કરે છે. સહ અસ્તિત્વ, ભ્રાતૃભાવ અને સાંસ્કૃતિક સહયોગની આ પરંપરા ખરેખર અનોખી છે, સાથોસાથ વ્રજ યાત્રાની આ પરંપરા ઘણી જ પ્રાચીન પણ છે.

પ્રકૃતિ પૂજાનું પ્રતીક વ્રજયાત્રા :

જો આપણે આપણા પ્રાચીન સાહિત્યના આધારે વ્રજ યાત્રાની પરંપરા ઉપર અને યાત્રાના સ્વરૂપની પૃથક્તા ઉપર વિચાર કરીશું તો સહજ રીતે એમ કહી શકાય કે, વ્રજ યાત્રાની મૂળ ભાવનામાં વૈદિક પ્રકૃતિ પૂજાનું જ તત્ત્વ રહેલું જણાય છે. આર્યો દ્વારા મુર્તિ પૂજાને પૂર્ણ રીતે સ્વીકાર કરાયા પહેલાં જ વ્રજ યાત્રાની ભાવનાનો વિકાસ થઇ ચૂકયો હતો.

વાસ્તવિક રીતે વ્રજ યાત્રામાં તો વન-ઉપવન, નદી, પર્વત, સરોવર, તળાવ અને એટલે સુધી કે વ્રજની રજ પણ વંદનીય છે. આ સંબંધમાં ગવાયું છે કે-

"મુક્તિ કહૈ ગોવિંદ તે મેરી મુકિત બતાય !
વ્રજ રજ ઉડ મસ્તક પરે, મુકિત મુકત હૈ જાય ।।'

જે વૈદિક પ્રકૃતિ પૂજાનું જ ભકિત પરત્વે પ્રતિરૂપ છે. જ્યાં જ્યાં ભગવાન શ્યામ સુંદરના ચરણારવિંદ પડયાં અને જે વસ્તુઓની સાથે ભગવાનનો સંસ્પર્શ થયો તે વસ્તુ વ્રજ યાત્રીને માટે પરમ પાવનરૂપ બની ગઈ. એટલા માટે જ સંભવતઃ વલ્લભ સંપ્રદાયમાં આજે પણ વ્રજ યાત્રાને "વન યાત્રા" કહેવામાં આવે છે.

સ્વયં આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી એ પણ વ્રજનાં ૧૨ વનોની જ યાત્રા કરી હતી.

(“મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજીએ પોતાની પરિક્રમામાં વ્રજનાં બાર વનોને જ પ્રધાનતા આપી હતી. આપશ્રીની પરિક્રમા સાત દિવસની હતી. આપશ્રી પ્રતિદિન ૧૨ કોસની યાત્રા કરતા હતા” “વલ્લભીય સુધા” “શ્રી વ્રજ-પરિક્રમા અંક”નો આમુખ લે. શ્રી દ્વારકાદાસ પરીખ)

વળી ગૌરાંગ મહાપ્રભુ તો વૃંદાવનનાં વેલોનાં ઝુંડોને વળગી વળગીને, આલિંગન કરતાં કરતાં પોતાની બધી સૂધબૂધ વીસરી ગયા હતા. (આ અંગે ગવાયું છે કે, “થાવર જંગમ વિપિન કે પ્રભુજૂકોં લખિ જોઇં ! દેખિ બંધુ-ગણ બંધુ કૌં જ્યૌં આનંદિત હોય ।। આલિંગન પ્રભુ જૂ કરેં પ્રતિ તરુ-લતા સુજાન । કરૈં સમર્પણ કૃષ્ણ કોં સુમનાદિક કર ધ્યાન ।। અને આગળ-“વૃંદાવન મધિ ભૌ જિતૌ પ્રભુ કેં પ્રેમ વિકાર । કોટિ ગ્રંથ કરિ શેષજી લિખેં જુ તિહિ વિસ્તાર”-શ્રી ચૈતન્ય ચરિતામૃતના કવિ સુબલ શ્યામ કૃત વ્રજ ભાષાનુવાદ પૃષ્ઠ ૧૫૩-૧૫૪)

પોતાના “વ્રજ-ભક્તિ વિલાસ” ગ્રંથમાં શ્રી નારાયણ ભટ્ટજી એ પણ વ્રજની પ્રકૃતિનું જ વર્ણન અધિક વિસ્તારથી કર્યું છે, અને વ્રજનાં સરોવરોમાં પણ સ્નાન કે આચમન કર્યા પહેલાં તેને નમસ્કાર કરવા સુધીના મંત્ર લખ્યા છે. ઉદાહરણ માટે વૃષભાન કુંડ (ભાનોખર)નો પ્રણામ મંત્ર આ પ્રમાણે છે-

“નિર્ધૂતકિલ્બિષાયૈવ ગોપરાજ કૃતાય તે ।
વૃષભાનુ મહારાજ કૃતાય સરસે નમઃ ।।
(વ્રજ ભક્તિ વિલાસ)

(અર્થ : હે પાપનને ધોઈ નાખનાર હે, ગોપરાજ વૃષભાનુ દ્વારા નિર્મિત હે ભાનુ સરોવર આપને નમસ્કાર)

આ બધા વિવરણોથી સ્પષ્ટ થાય છે કે, ભગવાન શ્રીકૃષ્ણની લીલા ભૂમિ, વ્રજની પ્રાકૃતિક સુષમાએ (અતિ સુંદરતાએ) મૂર્તિ પૂજાનો વિકાસ થયો તે પહેલાં એ બધાંને વંદનીય બનાવી દીધાં હતાં. પછીથી આ સ્થળો ઉપર મંદિરોના નિર્માણ થયાં અને મૂર્તિઓની પ્રતિષ્ઠાથી તેઓની તેથી એ વિશેષ સૌંદર્ય વૃદ્ધિ થઈ હશે. પરંતુ તે રીતની વ્રજ યાત્રામાં પ્રકૃતિ પૂજાની ભાવના જ સર્વોપરી છે.

-ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

।। શ્રીમન્મથુરેશોજયતિ ।।

વ્રતોત્સવાદિનિર્ણય

લેખક – **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક – **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

(ગતાંકથી ચાલુ)

૧૩ ।। અથાન્નકૂટોત્સવ નિર્ણયઃ ।।

અન્નકૂટોત્સવનો નિર્ણય સિદ્ધ કરવાની અહીંયાં વિશેષ જરૂરી નથી, કારણ કે આ ઉત્સવ દિપોત્સવીના બીજા દાહાડે કરવામાં આવે છે. ઉત્સવ પ્રતાન ગ્રન્થમાં લખ્યું છે કે સંપ્રદાયવાળાઓએ ગોવર્ધન પૂજન કલાંતર કરીને કરવું યુકત છે. એ વિષે શ્રીમદ્ ભાગવતમાં, પદ્મપુરાણમાં, વારાહ પુરાણમાં ઘણાંક વચનો છે ત્યાં વિશેષ જોઇને ખાત્રી કરી લેવી.

૧૪ ।। અથકાર્તિક શુકલ દ્વિતીયા ।।

કાર્તિક શુકલ દ્વિતીયા (ભાઇ બીજ) આ દ્વિતીયા બહુવાદિસંમતથી અપરાહન લેવી એમ છે, તો પણ ઉત્સવપ્રતાન ગ્રન્થમાં ભકિતમાર્ગ સંપ્રદાય પ્રમાણે નિર્ણય એમ છે કે ધર્મ શાસ્ત્રમાં દાહાડાના બે ભાગ, ત્રણ ભાગ, ચાર ભાગ, પાંચ ભાગ અને પંદર ભાગ, એવી રીતે પાંચ ભાગ કરવા એમ લખ્યું છે. અને બે ભાગ કરવા, આ પક્ષમાં સૂર્યની ઉર્ધ્વ ગતીને પૂર્વાહન અને અધોગતિને અપરાહન એવા બે ભાગ કરવા. આ વચનથી દિવસના પૂર્વભાગને પૂર્વાહન અને પરાભાગને અપરાહન કહેવામાં આવે છે. તેમાંથી પૂર્વાહન ભાગ દેવકાર્યને વિષે લેવો, મધ્યાહન ભાગ મનુષ્યને વિષે અને અપરાહન ભાગ પિતૃકાર્યને વિષે લેવો એવું વાકય છે.

યમને પિતૃત્વ છે માટે તેની પૂજા કરવા સારું અપરાહન કાળ યોગ્ય છે ખરો, પરંતુ યમને દેવત્વ અને પિતૃત્વ પણ છે તેથી એકલો અપરાહન કાલ યુકત નથી. માટે પૂર્વાહન અને અપરાહન વ્યાપિની દ્વિતીયા લેવી.

બે દાહાડે પૂર્વાહન અને અપરાહન વ્યાપિની દ્વિતીયા હોય તો સૂર્યોદય વ્યાપિની બીજી હોય છે માટે બીજી લેવી બે દાહાડે પૂર્વાહન અને અપરાહન વ્યાપિની દ્વિતીયા ન મળે તો યમને દેવત્વ છે તેથી પૂર્વાહન વ્યાપિની જે બીજા દાહાડાની દ્વિતીયા તે લેવી.

ભકિત માર્ગ વાળાઓ યમની જુદી પૂજા કરતા નથી તો પણ 'યથા તરોર્મૂલનિષેચનેન ઇતિ' આ વાકયથી ભગવત્પૂજામાં બધી પૂજાઓ અંતર્ભાવ થાથ છે માટે ભગવાન શ્રી કૃષ્ણની પૂજા કરે છે.

૧૫ ।। અથ કાર્તિક શુકલાષ્ટમી ગોપાષ્ટમી નિર્ણયઃ ।।

કાર્તિક શુકલાષ્ટમી (ગોપાષ્ટમી) ઉદય વ્યાપિની લેવી. બે દહાડે સૂર્યોદય વ્યાપ્ત અષ્ટમી હોય તો પેહેલી લેવી કેમકે બહુકાળ સુધી વ્યાપ્ત જે પેહેલી તે લેવી અષ્ટમીનો ક્ષય છતાં વિદ્ધ (અષ્ટમી યુકત નવમી) પણ લેવી. ગત્યંતરનો અભાવ છે તેથી.

૧૬ ॥ અથકાર્તિકશુકલૈકાદશી પ્રબોધિની નિર્ણયઃ ॥

કાર્તિક શુકલ એકાદશી પ્રબોધિની નિર્ણય પ્રથમ ગ્રન્થારંભમાં એકાદશી નિર્ણયમાં લખ્યો છે પરંતુ વ્રત જ્યારે કરવું હોય ત્યારે ભદ્રારહિત દેવોત્થાપન કરવું, કેમકે ભદ્રા રહિત કાળ પણ દેવોત્થાપનને વિષે મળે છે તેથી.

૧૭ ॥ અથમાર્ગશિર્ષકૃષ્ણનવમ્યાં શ્રી મદ્વિઠલનાથ-પ્રભૂણામુત્સવઃ ॥

માર્ગશિર્ષ નવમીને દાહાડે શ્રીમદ્ ગુસાંઇજીના જન્મોત્સવ વિષે નવમી સૂર્યોદય વ્યાપિની લેવી. એ દાહાડે નવમી સૂર્યોદય વ્યાપિની છતાં પેહેલી લેવી. નવમીનો ક્ષય છતાં વિદ્ધ (અષ્ટમી યુકત નવમી) પણ લેવી, એવું પ્રથમ શ્રી સ્વામિનીજીના ઉત્સવ નિર્ણયમાં કહ્યું છે.

(-ક્રમશઃ)

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૧૪ તા. ૯-૯-૮૮ શુક્રવાર શ્રી કાકા વલ્લજી (સં. ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રી ગોપાલ લાલજી (સં. ૧૯૧૦) નો પ્રાકટ્ય દિન.

શ્રાવણ વદ અમાસ તા. ૧૧-૯-૮૮ રવિવાર કંકણા કૃતિ સૂર્ય ગ્રહણ સ્પર્શ સવારે ૭-૨૨ અને મોક્ષ ૯-૩૮ ગ્રહણનો વેધ શનિવારે સૂર્યાસ્ત પહેલાં પ્રસાદ લઇ લેવા.

ભાદરવા સુદ ૧ તા. ૧૨-૯-૮૮ સોમવાર ચંદ્રદર્શન શ્રી રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ ગો. શ્રી નવનીતલાલ બાવાશ્રી (કામવન) નો જન્મદિન

ભાદરવા સુદ ૪ તા. ૧૫-૯-૮૮ ગુરૂવાર શ્રી ગણેશ ચતુર્થી ગો. શ્રી રસિક વલ્લભ બાવા શ્રી (મથુરા) નો જન્મદિન

ભાદરવા સુદ ૫ તા. ૧૬-૯-૮૮ શુક્રવાર ઋષિપંચમી દ્વિતીય સ્વરૂપોત્સવ-શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્યદિન

ભાદરવા સુદ ૬ તા. ૧૭-૯-૮૮ શનિવાર શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન ગો. શ્રી યોગેશકુમાર બાવાશ્રી (સુરત) નો જન્મદિન

ભાદરવા સુદ ૭ તા. ૧૮-૯-૮૮ રવિવાર પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ શ્રી (સુરત) નો જન્મદિન

ભાદરવા સુદ ૮ તા. ૧૯-૯-૮૮ સોમવાર શ્રી રાધાષ્ટમી ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ શ્રી (કાંદીવલી) નો જન્મદિન

ભાદરવા સુદ ૧૦ તા. ૨૧–૯–૮૮ બુધવાર નવ નાગરીના પદ બોલાય વર્ષા ઋતુ પૂરી થઈ.

ભાદરવા સુદ ૧૧ તા. ૨૨–૯–૮૮ ગુરૂવાર પરિવર્તીની એકાદશી વ્રત દાન એકાદશી (દાનના પદ ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે.) લેખવાળા શ્રી પુરૂષોત્તમજી (સં. ૧૭૨૪) નો ઉત્સવ ભકત કવિ શ્રી દયારામભાઈ જયંતિ (સં. ૧૮૩૩) શરદઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી શ્રી વામન જયંતિ વ્રત

ભાદરવા સુદ ૧૩ તા. ૨૪–૯–૮૮ શનિવાર અનંત ચતુર્દશી (ચૌદશનો ક્ષય છે તેથી આજે)

ભાદરવા સુદ ૧૫ તા. ૨૫–૯–૮૮ રવિવાર સાંઝીનો પ્રારંભ સાંઝીના પદ આજથી અમાસ સુધી ગવાય છે.

ભાદરવા વદ ૧ તા. ૨૬–૯–૮૮ સોમવાર મુંબઇ શ્રી લાડુ બેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદજીનો અને કાશી શ્રી મુકુન્દરાયજીનો પટોત્સવ આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજ્યાદશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૨ તા. ૨૭–૯–૮૮ મંગળવાર ગો. શ્રી દ્રુમિલકુમાર બાવા શ્રી (સુરત) નો જન્મદિન

ભાદરવા વદ ૪ તા. ૨૯–૯–૮૮ ગુરૂવાર ગો. શ્રી ચંદ્રગોપાલ બાવાશ્રી (સુરત) નો જન્મદિન

ભાદરવા વદ ૫ તા. ૩૦–૯–૮૮ શુક્રવાર શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૩–૧૦–૮૮ સોમવાર શ્રી મહા પ્રભુજીના મોટા પુત્ર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરૂષોત્તજીનો ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૪–૧૦–૮૮ મંગળવાર ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કોટા) નો જન્મદિન

ભાદરવા વદ ૧૧ તા. ૬–૧૦–૮૮ ગુરૂવાર ઇન્દિરા એકાદશી વ્રત

ભાદરવા વદ ૧૨ તા. ૭–૧૦–૮૮ શુક્રવાર શ્રી મહા પ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાજીનો ઉત્સવ (સં. ૧૫૬૭)

દ્વિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. શ્રી મગનલાલ લાલજીભાઇ તન્ના
હ. શાંતાબેન તન્ના, રાજકોટ તરફથી સુપુત્રી ચિ. જયાગૌરીબેનના
શુભ લગ્ન પ્રસંગે

॥ શ્રી વલ્લભ : ॥
॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

“શ્રી વલ્લભ તવાસ્મિ”

(ગતાંકથી ચાલુ)

લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં ‘શ્રીવલ્લભ’ શબ્દ શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે. બન્ને એક જ સ્વરૂપ છે.]

સમગ્ર વ્રજમંડલ બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧)
સમગ્ર વ્રજજન બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨)
સમગ્ર વ્રજરજ બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩)
સમગ્ર વ્રજાંગના બોલે રે બોલે; શ્રીવઢલભ તવાસ્મિ (૪)
સમગ્ર વ્રજવાસી બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫)
સમગ્ર વ્રજધામ બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬)
પ્રેમે પચેલાં વ્રજવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭)
ભાવભીનાં વ્રજવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૮)
સંયોગે રાચતા વ્રજવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૯)
વિરહે ઝુરતા વ્રજવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦)
વ્રજવાસણીનાં વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧)
વ્રજવાસણીનાં વલ્લભા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨)
વ્રજવાસણીનાં વલ્લભવ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩)
વ્રજની કન્યા બોલે, ધન્યા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪)
વ્રજની ચંદ્રા બોલે, (મંદ્રા) બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫)
હાલતાં બોલે, ચાલતાં બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬)
હરતાં બોલે, ફરતાં બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭)
ડગલે બોલે, પગલે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮)
શ્વાસે બોલે, ઉચ્છવાસે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯)
ખાતાં બોલે, પીતાં બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦)
જાગતાં બોલે, ઊંઘતાં બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૧)
સ્વપ્નમાં બોલે, નીંદરમાં બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૨)
પ્રત્યક્ષ બોલે, પરોક્ષ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૩)

–ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૬મો)

અધ્યાય પંદરમો

શ્રી ભગવાનુવાચ—શ્રી ભગવાન બોલ્યા :

ઉર્ધ્વમૂલમધઃ શાખા, મશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છન્દાંસિ યસ્યપર્ણાનિ, યસ્તં વેદ સ વેદવિત્ ॥૧॥

શ્લોકાર્થ—આ જગતરૂપી અશ્વત્થ એટલે પીપળો ઊંચા મૂળવાળો છે, અર્થાત્ જેનું મૂળ શ્રીપુરૂષોત્તમ છે તે સર્વથી ઉંચું છે, શ્રીપુરૂષોત્તમે આ જગત્ પોતાની ક્રીડા માટે નિર્માણ કરેલું હોવાથી શ્રીપુરૂષોત્તમ જગત્‌નું મૂળ છે. નીચી શાખાવાળો અશ્વત્થ છે. જીવ વગેરે આ અશ્વત્થની શાખાઓ નીચી છે. આ અશ્વત્થ અવ્યય છે, કારણ કે ભગવાને પોતાની લીલા માટે ઉત્પન્ન કરેલો હોવાથી નિત્ય છે. આ વૃક્ષનો અંત નથી. આ આદિ તથા અંત રહિત અશ્વત્થનું મૂળ ભગવાન છે. આ વૃક્ષ પુનઃ પુનઃ થતું હોવાથી જ ભગવાન કોઇવાર પોતાના અંશથી તો કોઈવાર તત્ત્વોમાંથી બ્રહ્માંડનું નિર્માણ કરે છે. પરમકાષ્ઠાપન્ન ભગવાને તે રચેલો હોવાથી તે ભગવાનના અંશરૂપ તથા ભગવદ્‌રૂપ છે અને તેથી સનાતન અથવા નિત્ય છે. વેદના મંત્રો આ અશ્વત્થના પાંદડાં છે. જેમ વૃક્ષના પાંદડાં પોતાની છાયાથી જીવનો તાપ હરી સુખ ઉત્પન્ન કરે છે, તેમ વેદના મંત્રો ભગવત્પ્રાપ્તિના ઉપાય દર્શાવી જીવોનો તાપ નિવારણ કરી જીવોને સુખ ઉત્પન્ન કરે છે. જે આવા પ્રપંચરૂપ આ અશ્વત્થને જાણે છે તે વેદ જાણનાર છે. ૧

કારિકા :

સ્વરૂપજ્ઞાન રહિતા, ભક્તિર્નૈવાપ યુજ્યતે ।
પુરૂષોત્તમરૂપં તુ, તતઃ પંચદશોડવદત્ ॥૧॥
પરીતઃ પાર્થ કૃપયા, શ્રીકૃષ્ણઃ કરુણાનિધિઃ ।
ઉદ્દિધીર્ષુશ્ચ તદ્ દ્વારા, લોકં ભક્તિ પ્રવર્તિતમ્ ॥૨॥

કારિકાનો અર્થ :

સ્વરૂપ જ્ઞાન રહિત ભક્તિની ઉપયોગીતા નથી, તેથી પંદરમાં અધ્યાયમાં શ્રીપુરૂષોત્તમનું રૂપ કહેવામાં આવે છે.

શ્રીકૃષ્ણ કરુણાના ભંડાર છે તેથી ભક્તિ પ્રવર્તિત લોકોનો ઉદ્ધાર કરવા ઇચ્છે છે. ૨

ટીકા—પહેલાંના અધ્યાયમાં લખ્યું છે કે "વિશુદ્ધ ભક્તિયોગથી જેઓ મારી સેવા કરે છે" તેને અનન્ય ભજન કહ્યું છે, તેની સિદ્ધિને માટે પોતાના પુરૂષોત્તમ સ્વરૂપને પરિકર (અંગોપાંગ) સહિત અઢી શ્લોક દ્વારા તેમના ત્યાગ જ્ઞાપનના પોતાના લીલાત્મક સંસાર વૃક્ષથી ભિન્ન સંસારના વૃક્ષરૂપે કહ્યું છે–

- ઉર્ધ્વ=અર્થાત્ સંસાર વૃક્ષનું મૂળ પુરૂષોત્તમ છે. કારણ કે શ્રીપુરૂષોત્તમે પોતાની ક્રીડા (લીલા, રમત)ને માટે આ સંસાર વૃક્ષને ઉત્પન્ન કર્યું છે. 'જીવ' શાખા (ડાળી) છે, એને સેવાને માટે ઉત્પન્ન કર્યા છે, લીલાને માટે તે નિત્ય ઉપસ્થિત (હાજર) છે. દુર્લભ હોવાને કારણે સર્વ સાધારણ તેમનાં દર્શન નથી કરી

શકતો તેથી વ્યાસાદિક મહર્ષિઓએ તેને અશ્વત્થ કહ્યો છે. (પત્ર વેદ) જેનાં પાંદડાં છાયાને યોગ્ય પાપનાશક છે. છંદ ભગવાનનું સ્વરૂપ છે અને ભગવાનના ભજનના પ્રતિપાદક છે. આ દુર્લભ અધિકારવાળા વેદને જે જાણે છે તે વેદને જાણવાવાળો છે અર્થાત્ તે વેદના અર્થને જાણવાવાળો છે. ૧

અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા,
ગુણ પ્રવૃદ્ધા વિષય પ્રવાલાઃ ।
અધશ્ચ મૂલાન્યનું સંતતાનિ,
કર્માનુબન્ધીનિમનુષ્ય લોકે ॥૨॥

શ્લોકાર્થ :– (ભગવદ્રૂપ ક્રીડારૂપ વૃક્ષનું નિરૂપણ કરી તેમાં આસક્તિરૂપ સંસારની ઉત્પત્તિ કહે છે.)

તે અલૌકિક વૃક્ષની શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે, વિવિધ જીવરૂપી શાખાઓ સત્ત્વ, રજ, તમ ગુણોથી સિંચન થઇ વૃદ્ધિ પામેલી છે અને તેમાં રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ, વિષયો પલ્લવરૂપે રહેલા છે. વળી નીચે મનુષ્યલોકમાં તેનાં વાસનારૂપ જટામૂળો ફેલાઈ રહેલાં છે. જેમ વૃક્ષની જટામાંથી નવાં મૂળો થાય, તેવાં વાસનારૂપી મૂળો નીચે આ મનુષ્ય લોકમાં ફેલાઇ રહેલાં છે, તે વાસના કર્મમાં પરિણામ પામે છે. ૨

ટીકા આ પ્રકારે ક્રીડાત્મક વૃક્ષનું નિરૂપણ કરીને તેનાથી સંસારાત્મક વૃક્ષની ઉત્ત્પત્તિનું વર્ણન કરે છે (કહે છે) આ અલૌકિક વૃક્ષની નીચે અર્થાત્ વિવિધ જીવાદિકોમાં તથા ઉપર લીલાવતારાદિમાં એ વૃક્ષ અનેકરૂપથી વિસ્તાર પામી ચૂકયું છે. શ્લોકના બીજા ચરણમાં જે ‘ચ’ શબ્દ વાપરવામાં આવ્યો છે તે ચકાર દ્વારા જે નીચે ફેલાઇ રહ્યાં છે. તેમને પણ દર્શનોના આનંદ દ્વારા લીલાની ઉપયોગીતા કહેવામાં આવેલી છે. સાત્વિક વગેરે ત્રણ ગુણોના સિંચનથી એ પ્રકર્ષ (ઉત્કર્ષ) બુદ્ધિને પ્રાપ્ત થયો છે. વિષયો રૂપ રસ ગન્ધ વગેરે પાંદડાને સ્થાને છે. એ શાખાઓના લૌકિક અનુબન્ધો (તેને અનુસરીને જોડાયેલા ગૌણ વિષયોને માટે જીવાદિઓમાં મૂળ દુર સુધી ફેલાયેલા છે. તેનું પ્રયોજન કહે છે. મનુષ્ય લોકમાં ઉત્પન્ન થયેલા જીવોના કર્મ પ્રવૃત્તિથી સૃષ્ટિ વગેરેના અર્થ મૂળ વિસ્તૃત થાય છે. ૨

ન રૂપમસ્યેહ તથોપલભ્યતે,
નાન્તો ન ચાદિનં ચ સંપ્રતિષ્ઠા ।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલ-
મસંગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા ॥૩॥

શ્લોકાર્થ–આનું ખરૂં રૂપ આ લોકમાં પ્રાપ્ત થતું નથી. આ અશ્વત્થનાં બહુ દૃઢ મમતા રૂપી મૂળને દૃઢ અસંગ શસ્ત્રથી છેદીને પછી આ ધામને શાસ્ત્રથી શોધી કાઢવું. ૩

ટીકા–એમનાથી સૃષ્ટિ કયા પ્રકારે થાય છે, તેથી કહ્યું છે કે આ લૌકિક સંસારમાં જે કર્મમાં આસકત છે. તેમનું શાખા રૂપમાં અલૌકિક ક્રીડાત્મક રૂપ પ્રાપ્ત નથી થતું જો એમ કહીએ કે અન્ત થાય છે એ પણ ઠીક નથી. ક્રીડાત્મક હોવાથી એ નિત્ય છે. આદિ નથી કારણ કે સંસાર વૃક્ષનું મૂળ પુરૂષોત્તમ છે. તેથી અનાદિ છે, તેની પુનઃ (ફરીથી) સ્થિતિ નથી. તેનાથી લૌકિક સંસારાત્મક વૃક્ષને કાપીને અલૌકિક અન્વેષણ કરવું જોઇએ. આ દૃશ્યમાન, લૌકિક, નાશવંત (નશ્વર) સારી રીતે ફેલાયેલા મૂળવાળા, દૃઢ વૃક્ષને અસંગ શસ્ત્રથી

મધ્યમાં (વચમાં) આવવાવાળા દુષ્ટ વિષયાદિ દોષનું ચારે બાજુથી (સમગ્ર રીતે) અવલોકન કરીને સંગના અભાવરૂપી શસ્ત્રથી જે તેને કાપવાને સમર્થ છે તેણે વિષયાદિ દોષોને કાપીને–

તતઃ પદ તત્પરિમાર્ગિતવ્યં,
યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।
ત્વમેવ ચાદ્યં પુરૂષં પ્રપદ્યે,
યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ॥૪॥
નિર્માન મોહા જિતસંગા દોષા,
અધ્યાત્મ નિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વન્દ્વૈર્વિમુકતાઃ સુખ દુઃખ સંજ્ઞૈ–
ર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥૮॥

શ્લોકાર્થ :– જે ધામમાં ગયેલ પુનઃ પાછા ફરતા નથી, 'જે આદ્ય પુરૂષમાંથી જગત્ રૂપ પુરાણી પ્રવૃત્તિ પ્રસરેલી છે તે પ્રભુને જ હું શરણ જાઊં છું.' ૪

જ્ઞાનીજન માન તથા મોહ અને સંગ દોષ વગરના નિત્ય અધ્યાત્મ જ્ઞાનવાળા, નિવૃત્ત કામ, સુખ દુઃખ વગેરે દ્વન્દ્વને સહન કરનાર, તે પદને પ્રાપ્ત થાય છે. (શરણાગત જ્ઞાનીને આ ગુણો ભગવાનને શરણ જવાથી પ્રાપ્ત થાય છે, બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થતા નથી. તેથી ભગવાનને શરણ જનારને ભકિતથી આ અક્ષરપદ પ્રાપ્ત થાય) ૫.

ટીકા : અલૌકિક એવા તેના મૂળને શોધવું જોઇએ. એ પદને પ્રાપ્ત કર્યા પછી ફરીથી આ સંસારમાં તેઓ આવતા નથી. જે પુરુષોત્તમ દ્વારા સનાતન એવી ભકત્યાત્મક (ભકિત છે આત્મા જેનો એવી) ભગવદ્ અનુપ્રવૃત્તિ પ્રકટિત તથા વિસ્તૃત થયેલી (ફેલાયેલી છે) એવા એ જ આદ્ય પુરૂષ જેઓ ભાવાત્મક રૂપે મૂળ પુરૂષ છે તેમને શરણે હું જાઉં છું એ ભાવ છે. શરણાગતિ વગર દોષ નિવૃત્તિ નહીં થાય અને જ્યાં સુધી દોષ નિવૃત્તિ નહીં થાય ત્યાં સુધી એ આદ્ય–પુરૂષની પ્રાપ્તિ નહીં થાય. તેથી દોષ નિરૂપણ પૂર્વક જેઓ દોષ રહિત થાય છે તેમને જ એ પદ પ્રાપ્ત થાય છે.

ભગવાન સાથે સંબંધના કારણે ઉત્પન્ન થતા માન, સ્વરૂપને ન જાણવારૂપી મોહ, અવૈષ્ણવ વગેરેના સંગથી થતા દોષ વગેરેને જીતી લઇને, ભગવત્સ્વરૂપના તત્ત્વ વિચારમાં સંપૂર્ણ નિષ્ઠાવાળા અધ્યાત્મ નિત્ય તથા વિચાર રહિત થઇને કામને દૂર કરીને સુખ દુઃખ સંજ્ઞાવાળા સાંસારિક દ્વન્દ્વોથી મુકત થઇને, ભગવાનના પરિચિંતનથી મોહ રહિત થયેલા જનોએ નિત્યપદને પ્રાપ્ત કરે છે. ઉકત દોષોથી રહિત અને ઉકત ગુણોથી યુકત જ બની જાય છે. આ બન્ને તથ્ય (સત્ય–સાર), દોષ રહિત થવું અને ગુણોથી યુકત થવું એ તો શરણાગતિ દ્વારા જ સાધ્ય છે અને તેથી જ લખ્યું છે કે "શરણં પ્રપદ્યે," આ છે શરણાગમન અર્થાત્ અન્વેષણ (શોધ)નો પ્રકાર. ૪–૫.

–ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

ગ્રંથ પરિચય : **પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ** (મુંબઈ પારલા)
અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

ધૈર્ય :

જન્મથી મૃત્યુ સુધીના બધા પ્રકારના દુઃખોને સહન કરી લેવા તેનું નામ ધૈર્ય છે. દુઃખોને સહન કરી લેવા તેનો અર્થ એ કે તેનો સ્વીકાર કરી લેવો -તેનો સામનો (પ્રતિકાર) ન કરવો. કોઇક વખત એકાદ દુઃખ સહન કરી લેવું અને કોઇકિ વખત તેનાની વિચલિત (વ્યગ્ર) થઇ જવું એ કંઇ ધૈર્યનો સ્વભાવ નથી. એક સરખી રીતે સર્વ પ્રકારના દુઃખોને હમેશાં સહન કરવાં એ જ પૂર્ણ ધૈર્યનો સ્વભાવ (અથવા લક્ષણ) છે.

દુઃખો અનેક પ્રકારના હોઈ શકે છે. જેમકે રોગો વગેરેથી થતાં કાયિક યા ભૌતિક દુઃખો હોય છે. કામ–ક્રોધ વગેરેથી થતાં ઇન્દ્રિય મન સાથે સંબંધ ધરાવતાં આધ્યાત્મ દુઃખો હોય છે. સેવા માટે ઉપયોગી વસ્તુઓનો અભાવ અથવા એવાં અન્ય ભગવત્ સંબંધી દુઃખો આધિદૈવિક દુઃખો કહેવાય છે. આ રીતે ધર્મ–અર્થ–કામના પુરૂષાર્થોના સમ્પાદનને માટે લૌકિક પ્રયત્ન (આયાસ) કરવો તે આધિભૌતિક, વૈદિક પ્રયત્ન (આયાસ) તે આધ્યાત્મિક તથા ભગવદ્ અર્થ પ્રયત્ન (આયાસ) તે આધિદૈવિક દુઃખ માનવામાં આવે છે. કોઈ કોઇ વખત કાલજન્ય, કર્મજન્ય અથવા સ્વભાવ જન્ય દુઃખો પણ આપણને પીડા આપતા હોય છે. આ બધા પ્રકારનાં દુઃખોને સહન કરવાં તેને ધૈર્ય કહેવામાં આવે છે.

ધૈર્ય ધારણ કરવાના ચાર ઉપાય હોય છે.

(૧) અનાગ્રહ (કોઇ પ્રકારના આગ્રહનો અભાવ) (૨) સહન કરવું તે. (૩) ત્યાગ (૪) અસામર્થ્યની ભાવના.

(૧) દુઃખોને સહન કરવાં જોઇએ, પરંતુ જાતે ચાલી–ચલાવીને દુઃખી થવાય તેવાં કામ નહિ કરવાં જોઇએ. આપણા પ્રયત્ન વિના પોતાની મેળે જ ભગવદિચ્છાથી જ જો દુઃખો દુર થઇ જતાં હોય તો જાણી જોઇને દુઃખી બન્યા રહેવાનો અસ્વસ્થ દુરાગ્રહ રાખવામાં પણ કોઈ મહત્તા નથી. આ જ કારણને લીધે જો દુઃખોનો પ્રતિકાર (નિવારણ) સહજ અને સરળતાપૂર્વક થઈ જતો હોય તો દુઃખોને સહન કર્યે રાખવાની કોઇ જરૂર નથી, અને એવો પ્રતિકાર ન થતો હોય તો વિચલિત (ચલાયમાન અથવા અસ્વસ્થ) થવાની પણ કોઈ જરૂર નથી. આ જ ધૈર્યનું વાસ્તવિક (સાચું) સ્વરૂપ છે.

દુઃખ સહન કરવા માટે તૈયાર રહેવા

છતાં પણ દુઃખ સહન કર્યે રાખવાના અસ્વસ્થ દુરાગ્રહથી બચવાનું ઉદાહરણ નીચે લખેલા કથા શ્લોક દ્વારા સારી રીતે સમજી શકાય છે.

તક્રવત્ ધૈર્ય ધારણ

હત્વા નૃપં પતિમવેક્ષ્ય ભુજંગ દષ્ટં
દેશાન્તરે વિધિવશાદ્ ગણિકાસ્મિ જાતા ।
પુત્રં પતિં સમધિગમ્ય ચિતાં પ્રવિષ્ટા
શોચામિ ગોપગૃહિણી કથમદ્ય તક્રમ્ ॥

અર્થ : મને હઠપૂર્વક પકડી રાખવાવાળા રાજાની હત્યા કરીને મારા પોતાના સાચા પતિની પાસે જ્યારે હું પહોંચી ત્યારે તેને પણ સર્પદંશને કારણે મરી ગયેલો જોયો. એક દેશમાંથી બીજા દેશમાં ભટકતી ભટકતી વેશ્યાવૃત્તિ સ્વીકારવાને દુઃખપૂર્વક તૈયાર થઇ ત્યારે એક દિવસ પોતાના પહેલા પતિથી જન્મેલા પુત્રને સંપન્ન ગ્રાહક માનીને આમંત્રણ આપી બેઠી. સાચી વસ્તુસ્થિતિનું જ્ઞાન (ભાન) થયું ત્યારે પોતાના પુત્ર સાથે પ્રાયશ્ચિત કરવાના હેતુથી બળી મરવાને તૈયાર થઈ, ત્યારે પુત્ર તો બળીને મરી ગયો. પરંતુ હું કોઇક કારણથી બચી ગઈ. મને બચાવવાવાળા ગોવાળીયાની પત્ની બનીને છાશ વેચું છું. તો હવે કહો કે કેટલાં દુઃખોને હું રડું ! આ છાશના ઢોળાઇ જવાના દુઃખને હું ક્યાં સુધી સંભારીને રડું ?

જીવનમાં એકથી વધીને બીજાં દુઃખો (કષ્ટો) આવતાં હોય છે. કયા કયા દુઃખને યાદ કરીને રડવું અને ક્યાં સુધી રડવું ? ગોવાળીયાની પત્ની પૂર્વે અનુભવેલાં પોતાનાં દુઃખોનો વિચાર કરી નિત્ય નવા આવતાં દુઃખોને સહન કરી લેતી હોય છે. જ્યારે જ્યારે જે પ્રકારના જીવન વીતાવવાના અવસરો પોતાની સામે ઉપસ્થિત થતા આવે છે, તેનો સ્વીકાર કરી લ્યે છે. ન તો દુઃખથી વિચલિત થાય છે અને ન તો દુઃખી બની રહેવાની નિરાશા યા તો આશા કે ઇચ્છાથી ઘેરાયેલી રહે છે. દુઃખોના આવવાનો કોઈ આગ્રહ સેવતી નથી, યા તો દુઃખોના જવાનો આગ્રહ !

"પ્રતીકારો યદૃચ્છાતો સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્"

(૨) ધૈર્ય ધારણ કરવાનો બીજો ઉપાય છે– દુઃખોને, કષ્ટોને યા તો તિરસ્કારોને સહન કરી લેવા તે. આપણે એવો વિચાર કરવો જોઇએ કે આપણને જે દુઃખ (કષ્ટ) છે તે કોઇ બીજાને પણ હોઇ શકે છે. આપણું દુઃખ (કે કષ્ટ) કોઈ બીજાને માટે સુખરૂપ પણ થઈ શકે છે. અમારા સુખદુઃખના અમે એકલા જ હકદાર નથી, પરંતુ અનેક લોકો હકદાર છે. તો પછી એકલા આપણે દુઃખી થવા માટે કયું યોગ્ય કારણ છે ?

દેહવત્ ધૈર્ય ધારણ

દેહઃ કિમન્નદાતુર્વા નિષેકતુર્માતુરેવ વા ।
માતુર્પિતુર્વા બલિનઃ ક્રેતુરગ્નેઃ શુનોપિ વા ॥

અર્થ : આ દેહની ઉપર સાચો અધિકાર કોનો છે ? શું એનો છે કે જે આપણને અન્ન આપે છે, યા તો આપણા જનક પિતાનો યા ગર્ભ ધારણ કરવાવાળી માતાનો, યા તો બળપૂર્વક આપણને જે પોતાને આધીન કરી લ્યે તેનો, યા તો ધન આપીને આપણને જ ખરીદી લ્યે તેનો, યા તો દેહને ભસ્મસાત કરવાવાળા અગ્નિનો, યા તો દેહને ખાઇ જવાને તત્પર એવા કરીમ–કીડા અથવા પશુપંખીઓનો આ દેહ ઉપર અધિકાર છે ?

જો આપણા દેહના હકદાર એકલા આપણે જ નથી, પરંતુ આટલા બધા તેના હકદાર છે. બધા મનુષ્યોના કોઈ અને કોઇ પ્રકારનાં કષ્ટ (દુઃખ) તથા આનંદ આપણા શરીરની સાથે જોડાયેલાં છે. એવી સાર્વજનિક સંપત્તિથી એકલા આપણે દુઃખી થવાની શી જરૂર છે ?

આ જ પ્રમાણે આપણા સુખદુઃખમાં પણ આપણા પરિવારનો, આપણા સમાજનો આપણા રાષ્ટ્રનો દરેક માનવનો તથા દરેક પ્રાણીનો કોઇક પ્રકારવા હિસ્સો તો હોય છે જ. તો પછી એકલા આપણે જ આપણા દુઃખોને અસહ્ય શા માટે માનવાં જોઇએ ? કોઈ એક જણનું દુઃખ જેમ આપણે પોતાને માટે સુખ બની જતું હોય છે, તેવી જ રીતે આપણું પોતાનું દુઃખ પણ કોઈ બીજાને માટે સુખ બનતું હશે. વનસ્પતિને થતું દુઃખ બકરીને માટે સુખ હોય છે. બકરીને થતું દુઃખ સિંહને માટે સુખ હોય છે. સિંહને થતું દુઃખ શિકારી માનવનું સુખ હોય છે....વગેરે....વગેરે. આ જ કારણને લીધે આપણા કુટુંબના સભ્ય જેવા કે આપણી પત્ની દ્વારા અથવા તો કોઈ પણ અસાધુ (દુષ્ટ) પુરૂષો દ્વારા કરવામાં આવતો તિરસ્કાર આપણે સહન કરી લેવો જોઇએ.

(ક્રમશઃ)

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૮ મો ગતાંકથી ચાલુ

શ્રીવલ્લભને આચાર્યપદાર્પણ વિધિ

ચૌપાઈ-રાધેશ્યામ

ઉપરોહિત અરુ આચાર્ય સભી, આદર સહ નિકટ બુલાયે હૈં
ચહુ઼ં ઓર સભી ઠાડે રહ કર, પ્રભુ સિંહાસન પધરાયે હૈં

દોહા : દ્રવ્ય વિવિધ લેકર નૃપત, પ્રભુ પુજન કો આય
મંત્ર બદત ચહું વિપ્રજન, પૂજન કરત સુહાય.

છંદ-ગીતિ

તિલક સહ ગંધ પુષ્પમાલા, ધરાવત દ્વિજ વર ભૂપાલા
ધૂપ નૈવેદ્ય અરુ આચમન, તામ્બુલ કરત રાવ અરપન
કરત અર્ચન મન રતિ લિન્હી, ન્યોછાવર સબ વિધિ સુકિન્હી
દેવ સમ પુજન કર પાયા, બસન ભૂષણ સુન્દર ભાયા
વિભૂતિ મહત નૃપત દીન્હી, મહોરેં સહસ ભેટ કીન્હી
દૈન્ય ધર ચરણ ગિરત રાજા, ભયે સબ કાર્ય બજે બાજા

ચોપાઈ-તુ.

અનુપમ છત્ર નૃપત એક દિન્હાં, પ્રભુ શિશ ધરન શંભુ ભટ લિન્હાં
શંકર શ્યામાનન્દ બુલાયે, ચંવર દેત પ્રભુ અંગ ઢલાયે
સ્વયંભૂ અરુ સ્વંભૂભટ ધાયે, મયૂરપિચ્છ મુદ્રા ધર પાયે
દ્વિજ મુકુન્દ ગોવિંદ બુલાયે, રજત દંડ કર ધર સુખ પાયે
કેતુ કમંડલુ લકુટા લૌકી, કનક છડી ધ્વનિ કિય ચહું ચૌકી
પુનિ કેશવભટ અરુ ભટ રામા, શંખ ચક્ર દોઉ લિય સત કામા
બ્રહ્માસન દ્વિજ રાજ બિરાજે, દરશ કરત રતિ પતિ મન લાજે
ઝાલર ઘંટા શંખ મૃદંગા, બજત વાદ્ય ઉર ઉઠત તરંગા
શ્રી રામાનુજ મધ્વાચારી, પુનિ નિમ્બાર્ક રહે સુખકારી
વિષ્ણુ સ્વામીય કોવિદ આયે, પદ ધારણ શુભ બચન સુનાયે

શ્રીકૃષ્ણદેવે પ્રથમ પુજન કર્યા બાદ રત્નજડિત સિંહાસને વિરાજેલા શ્રીવલ્લભને આચાર્ય પદવી દેવા માટે અધિકાર મુજબ શ્રીલક્ષ્મણ ભટના સર્વ શિષ્યો શ્રીવલ્લભના આદેશ મુજબ ઉપરોકત વસ્તુઓ ગ્રહણ કરી સિંહાસન પાસે ઊભા હતા. ત્યાં વૈષ્ણવ આચાર્યો તથા અન્ય સર્વ આચાર્યો મળી શ્રીવલ્લભને આચાર્યપણાનું તિલક કરવા નીચેના છંદ મુજબ આવ્યા. શ્રી વિષ્ણુસ્વામીની ગાદીપતિ તરીકે તિલક કરવામાં આવે છે.

છંદ-હરિગીતિ

મધ્વ કે શ્રી વ્યાસ તીર્થ, નિમ્બાર્ક શ્રી હરિ સ્વામી જો
રામાનુજી સુશેષ સ્વામિન્, તિલક કિય જગ નામી જો

ગુરુ અખંડ ભૂમંડલ જગત, આચાર્ય ચક્ર ચુડામણિ
આચાર્ય વલ્લભ વિષ્ણુપથ, અવતારી વૈશ્વાનર મુનિ
સિદ્ધાન્ત શુદ્ધાદ્વૈત મત, પ્રકટાય વિષ્ણુ સ્વામીકો
કિય સિદ્ધ પુર્ણ પ્રમાણ સે, ગતિ પરમ જુ અનુગામી કો
સંશય નહીં સિદ્ધાન્ત મેં, ખંડન કિયો માયિક મહા
મહા ભાગ હમ ભાગવત પથિ, અધિકાર દિય સબ સંપ્રદા
શિવ ઔર નારદ વ્યાસ શુક અરુ વિષ્ણુ સ્વામી ઇશિ હૈં
બિલ્વમંગલાચાર્ય અરપિત પાયે પદ જગદીશ હૈં

બિરદાવલિ

"શ્રી વેદવ્યાસ વિષ્ણુસ્વામી સંપ્રદાય સમુદ્ધાર સંભૂત શ્રી પુરૂષોત્તમવદનાવતાર સર્વામ્નાય સંચાર વૈષ્ણવાનામ પ્રાચુર્ય પ્રચાર શ્રી બિલ્વમંગલાચાર્ય સાંપ્રદાયિકાર્પિત સામ્રાજસનાખંડભુમંડલાચાર્યવર્ય ચક્રચુડામણિ શ્રીમદ્ વલ્લભાચાર્ય જગતગુરો" ઇતિ બિરદાવલી.

દોહા : સંપ્રદાય કલિમેં પ્રથમ, વૈષ્ણવ ધર્મ પ્રચાર
ભયે વ્યાસ મુનિ વિષ્ણુપથ, યહ પદ પતિ અધિકાર

વિક્રમ સંવત કે આગે ૯૦૦ વર્ષ પુર્વ શ્રી વિષ્ણુ સ્વામી વ્યાસ મુનિ કે અવતારરૂપ પ્રકટ થઇ વૈષ્ણવ ધર્મ પ્રચાર કર્યો. તેમના પાછળ કુલ ૭૦૦ (સાતસો) આચાર્ય થયા. છેલ્લા બિલ્વમંગલાચાર્યે શ્રીવલ્લભને ગાદીપતિ તરીકે અધિકાર આપી વૈકુંઠ પધાર્યા. આ સંપ્રદાયને વર્ષો ગણતાં આજે બે હજાર છસો પચાસ વર્ષ લગભગ જુનો સંપ્રદાય છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સ્વરૂપમાં પુરૂષોત્તમની ભાવપ્રતિષ્ઠા વગેરે વિષ્ણુ સ્વામીનું છે. સેવામાં નંદાલયનો ક્રમ વાત્સલ્યપૂર્વક સેવા, ગોપીજનોની નિષ્કામભક્તિ, બ્રહ્મસંબંધની આજ્ઞા, આ ક્રમ ભાવનામય ગુરૂ ગોપીજનો શ્રીવલ્લભની વિષ્ણુસ્વામીના સંપ્રદાયમાં વિશેષતા છે. નિત્ય નૈમિતિક ભક્તિના ક્રમમાં નંદમહોત્સવ વગેરે જાણવા આ વિષય "શ્રીમદ્ વલ્લભાચાર્ય નગર નિર્દેશક સ્મૃતિ ગ્રંથ"માં સારો એક લેખ 'વૈષ્ણવ આચાર્યોની પરંપરા' વિશે વાંચવાથી જણાશે.

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભ: ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ, "વ્રજ" ધોરાજી

શ્રી કૃષ્ણ નામથી અખંડ શ્રીજી સેવા ભાવે
શ્રી કૃષ્ણ નામથી પરાભકિત પુરૂષોત્તમ આવે ॥૧૦॥

ભાવાર્થ–શ્રીકૃષ્ણનામથી અખંડ શ્રીજી સેવા ભાવે ગુજરાતના એક પટેલ હતા. તે શ્રીગુંસાઇજી તે ગામમા પધાર્યા ત્યારે તે સેવક થયા, અને પોતે નિષ્કિંચન હોવાથી પ્રભૂ શ્રીગુંસાઇજીએ તેને નામ રટણ શ્રીકૃષ્ણ શરણંમમઃ ની આજ્ઞા કરી, પટેલે એ નિત્ય મજુરી કરતાં કરતાં પણ સતત નામ રટણ કરતા–ગુજરાતનો એક સંઘ યાત્રા માટે જતો હતો, પટેલને પણ જવાનું મન થયું. પરંતુ તે નિષ્કિંચન હતા એક બે શેઠને તેણે સાથે લઇ જવા વિનતિ કરી પરંતુ તેણે લક્ષ્મીના મદમાં મજુર પટેલની વાત પર ધ્યાન આપ્યું નહીં, અને તેને સમવયસ્ક બે યુવાન વૈષ્ણવનો સંગ મળી ગયો, તે પટેલ સંઘનું પાલ નાખવા, જલભરવા–ચીજ વસ્તુ લાવી આપવી વીગેરે કામ કરતા અને ચુન માગીને ચલાવતા તેના બન્ને યુવાન મિત્ર તેનું ધ્યાન રખતા, એમ કરતાં સંઘ શ્રીજીદ્વાર નજીક આવ્યો. બધા ભેટની તૈયારી કરવા લાગ્યા. ત્યારે પટેલ પાસે તો ભાવના સિવાય બીજું કંઈ ન હતું. તે સંઘ શ્રીજીદ્વારથી ગોકુલ ચાલ્યો, સહુએ ગુંસાઇજીને ધરવાની ભેટ કાઢી રાખી, પટેલને ચિંતા થઇ કે હું શું કરીશ, અને મનમાં અતીશય તાપ થયો–માર્ગમાં એક બગીચો આવ્યો તેમાંથી પટેલે ફુલ લઇને માલા બનાવી પણ સખત તાપમાં કરમાઈ જવાની ચીંતા થઈ કે પ્રભૂ જલદી અંગીકાર કરે તો સારૂં. શ્રી ગુંસાઇજી તો અંતર્યામી અને ભકત વત્સલ છે, તે તુરત ઘોડા ઉપર બીરાજી સંઘની સામે ચાલ્યા, સંઘના સર્વ વૈષ્ણવો જોતા રહ્યા અને પટેલની ફુલ માલાનો પ્રથમ અંગીકાર કર્યો. અને તેને શ્રીજીના ફુલ ઘરની સેવામાં રાખ્યા સંઘના સર્વ દ્રવ્ય પાત્ર વૈષ્ણવો જોતા રહ્યા, આમ શ્રીજીની સેવા અખંડ મળી અને પ્રેમ લક્ષણા રૂપ પરા ભકિતનું પણ ધન થયું માટે નિત્ય શ્રી કૃષ્ણ નામ રટણ કરીએ.

કૃષ્ણ નામથી નિત્ય કૃષ્ણ સંગીનો સંગ મેળવે
કૃષ્ણ નામથી કૃષ્ણ કેલીની મધ્યે ભેળવે ॥૧૧॥

ભાવાર્થ–ગુજરાતમાં એક ગામમાં **રણછોડદાસ** નામે શ્રી ગુંસાઇજીના અનન્ય સેવક વૈષ્ણવ રહેતા હતા. તેજ ગામમાં એક **સમો** નામનો ઠગ રહેતો હતો. તે હતો લીલા નોજીવ, પરંતુ, પ્રભૂ નામ સહિત પેટેબળતાં ઠગાઇ કરીને પોતાનું ગુજરાન ચલાવતો. પણ મનમાં તાપ હતો. કે પ્રભૂ મારી પાપ પ્રવૃતિથી મને કયારે છોડાવશે. એક દીવસ રણછોડને ઠગવાનો વિચાર કરી ને વૈષ્ણવ થઈ અને તેને ઘેર ગયો, રણછોડદાસ તે સમયના લખપતિ વૈષ્ણવ હતા, જન્માષ્ટમી નજીક હતી ત્યારે સહુ લોકો પોતાના ઘેરેણાં દાગીના પહેરતા હોય છે. જેથી હાથ મારવામાં ઠીક પડશે તેમ માન્યું. જન્માષ્ટમી આવી રણછોડદાસે પોતાના ૮–૧૦, વરસના **વૃંદાવન** ને સારા દાગીના પહેરાવી શણગાર્યો અને પોતાને સેવામાંથી અવકાશ ન હોવાથી તે આવેલ વૈષ્ણવ (ઠગ)ને સોંપ્યો. અને ઠગ **સામા** એ સાંજના સમયે

તેને મારી નાખી દાગીના લઈ લીધા. અને તેને પાછળ બગીચામાં દાટી દીધો. રણછોડદાસ જ્યારે પુછતા ત્યારે **સામો** કહેતો કે તે આખોદીવસ રમવાથી થાકી ગયો છે. અને સુતો છે. સવારે નંદ મહોત્સવ થયો ત્યારે આનંદ કર્યો. પછી પોતાનાં સ્રીને પાતળ ધરવાનું કહી–વૃંદાવનને શોધવા નિકળ્યા, કયાંઇ મળ્યો નહીં પછી પાછળના બગીચામાં ગયા ત્યાં માટીનો ઢગલો જોયો, અને તેમાં જોયું તો વૃંદાવનને મરેલો જોયો તુરતજ તેના મુખમા ચરણામૃત આપી, ભગવાનનું નામ લીધું અને તુરતજ વૃંદાવન સજીવન થયો. અને રણછોડદાસ તેને લઇ આવ્યા. વૃંદાવનને જોઇ **ઠગ સામા**ના મોતીયા મરી ગયા. કે મેં સોએ સો ટકા મારી નાખીને દાગીના લઈ લીધા હતા અને વૃંદાવનને રણછોડદાસે ભગવદ નામ અને પોતાના ભકિત બળના પ્રભાવથી સજીવન કર્યો. જરૂર રણછોડદાસ પરમ ભગવદ ભકત જ છે, અને મેં તેનો મોટો અપરાધ કર્યો છે. તેમ કહી અને રણછોડદાસના ચરણમાં પડી ગયો અને પોતાના પાપની કબુલાત પણ કરી, પરંતુ રણછોડદાસ તો મહાન હતા તેના મનમાં વૈષ્ણવ (સામા) પ્રત્યે બીલ કુલ દોષ આવ્યો નહીં. કારણ કે તે તેની લીલાસ્થ સખી હતી, અને તેને પાછી લીલામાં પ્રભૂને સોંપવાની હતી, આમ સામાએ. પોતાના મનના **તાપના** પ્રભાવથી કૃષ્ણ સંગીનો સંગ મેળવ્યો. પછી રણછોડદાસે તેના સર્વ અપરાધોને ક્ષમા કરી અને તેના સર્વ ઘરને શ્રી ગોકુલ મોકલી શ્રી ગુંસાઇજીના સેવક કરાવ્યા, અને જેમ પારસમણી પોતાના સ્પર્શથી લોઢાને પણ સોનું અને પારસમણી બનાવે તેમ પોતાના સંગમાં રાખી શ્રી ઠાકુરજી પધરાવી અપાવ્યા. પોતના દ્રવ્યમાંથી તેને સારી એવી દુકાન કરાવી આપી. અને આખા ઘરને ભગવદ્ ભકત વૈષ્ણવ બનાવ્યું અને બંન્ને રણછોડદાસજી અને (સામો) શ્યામદાસ બન્ને સદા ભગવદ વાર્તા અને ભગવદ રસ–સેવા રસમાં છકયા રહેતા અને અંતે લીલામાં પ્રાપ્ત થયા. આમ સામો પણ દૈવી જીવ હતો સાધારણ હતો, છતાં કોઇ પણ બ્હાને રણછોડદાસ જેવા કૃષ્ણ સંગીનો તેને સંગ થયો મળ્યો અને રણછોડદાસ જેવા સમર્થ મહાનુભાવ ભગવદ્ ભકતે તેને કૃષ્ણ કેલી માં ભેળવ્યા. માટે શ્રી કૃષ્ણ નામનું સદા રટણ કરી મહાનુભાવ ભકતોનો આશ્રય અને તેની કૃપાનું અવલંબન સાખીસ દૈન્ય રહી રહેલ કરી જીવન સફળ કરવું.

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સહિત] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૯ મું રાગ–રામકલી

યહ યમુના ગોપાલહીં ભાવે ॥
યમુના યમુના નામ ઉચ્ચારત,
ધર્મરાજ તાકી ન ચલાવે ॥૧॥

જે યમુના કો જાન મહાતમ,
વારંવાર પ્રણામ કરે ॥
તે, યમુના અવગાહન મજ્જન,
ચિંતત તાપ તનકે જુ હરે ॥૨॥

પદ્મ પુરાણ કથા યહ પાવન,
ધરણી પ્રતિ વારાહ કહી ॥
તીર્થ માહાતમ જાન જગતગુરૂ,
સો **'પરમાનંદ'** દાસ લહી ॥૩॥

ભાવાર્થ : આ યમુનાજી શ્રી ગોપાલલાલને પરમ પ્રિય છે. કોઇ પણ પાપી જીવ શ્રીયમુજીના નામનો વારંવાર ઉચ્ચાર કરે, તો ધર્મરાજ પોતાના ખાતાનો ચોપડો તેના માટે બંધ કરે છે. તે જીવનો યમલોકનો વ્યવહાર સદંતર બંધ થઈ જાય છે. એટલે કે તે યમલોકના ત્રાસથી મુક્ત થઇ જાય છે. શ્રીયમુનાજીનું આવું મહાત્મ્ય જાણી અને કોઇપણ જીવ શ્રીયમુનાજીને વારંવાર પ્રણામ કરે તો કરૂણા સાગર શ્રીયમુનાજી પોતાના સ્મરણ–સ્નાન–ચિંતનથી તેના ત્રણે તાપ (મન, વચન, કર્મ)નું હરણ કરે છે. પદ્મપુરાણમાં આ પાવન અને કલ્યાણકારી કથાનું વર્ણન છે અને શ્રીવારાહજીએ પોતાની દાઢ ઉપર રહેલી પૃથ્વીને પણ કહી છે. સર્વ તીર્થોના પણ તીર્થ અને જગતના તીર્થોના ગુરૂ એવાં શ્રીયમુનાજીનું મહાત્મ્ય જાણી અને પરમાનંદદાસે તેને સ્નેહપૂર્વક અપનાવી અને કીર્તન દ્વારા સર્વને કહી છે.

વિવેચન : શ્રીયમુનાજીને તીર્થોનું પણ તીર્થ અને જગતગુરૂ કહ્યાં તેનો હેતુ એ છે કે ગંગાજીના સ્નાનપાન અને ભક્તિથી ગંગાજી તે જીવ ને નાશવંત લોકનું દાન કરે છે. જ્યાં જઇ અને પુણ્ય પુરૂં થાય ત્યારે તેને ફરજીયાત ભૂતલ ઉપર ફરી જન્મ લેવો પડે છે, અને જન્મમરણ ટળી શકતાં નથી. ત્યારે શ્રીયમુનાજીના સેવન–ભજન, સ્નાનથી તેને અચ્યુત–અભય–પદ–કે જે અવિનાશી છે તેવા લોકધામની પ્રાપ્તિ થાય છે અને જીવની જન્મમરણથી ભટકન ટળી જાય છે. પછી તે ગોલોકધામમાં મનમાન્યાં સુખ ભોગવે છે. એવાં શ્રીયમુનાજી ગોપલને અતિશય પ્રિય છે.

કેસેટ પુસ્તિકા પરિચય

પરીખ પરિવાર–વિલે પાર્લે તરફથી તેઓના સદગત માતાપિતાના સ્મરણાર્થે "સ્મરણાંજલિકા પ્રવૃતિ" પ્રમાણિતતા અને ઉત્કૃષ્ટતાના ધ્યેયવાળી પુસ્તિકા સાથેની કેસેટ પ્રવૃત્તિ છેલ્લા છ વર્ષથી ચલાવાય છે. તેનાથી વૈષ્ણત જનતા ભાગ્યેજ અણજાણ હશે,

હાલમાં તેમના તરફથી કેસેટ પ્રવૃતિને અનુસંધાને ચાર પુસ્તિકાઓ સુપ્રસિદ્ધ સંગીત કલાકારોના કંઠે ગવાયેલી કેસેટ સાથેની પ્રકાશિત કરવામાં આવેલ છે તેની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણે છે.

(૧) કણ્ઠાભરણમ – કંઠસ્થ કરવા લાયક પુષ્ટિમાર્ગિય તથા મર્યાદામાર્ગીય દેવી દેવતાઓની સ્તુતિના પ્રાત:સ્મરણીય શ્લોકો–સ્તોત્રોનો અનુપમ સંગીતમય સંગ્રહ અર્થ સાથેનો ૨૪૪ પાનાની નાના કદની પુસ્તિકામાં આપણો સાંસ્કૃતિક વારસો ખાસ કરીને ધાર્મિક વારસો જળવાઇ રહે એ હેતુ લક્ષમાં રાખીને ચુંટી કાઢેલા સંસ્કૃત શ્લોકોસ્તોત્રોનો ચાર માલાઓના વિભાગમાં (૧) પ્રાર્થના માલા (૨) અનુ સ્મરણીય શ્લોક માલા (૩) નામ રત્ન માલા (૪) સ્તોત્રમાલાનો સમાવેશ બે કેસેટોના સંપુટમાં છે. કિંમત રૂા. ૧૨૧+૧૧ રવાનગી ખર્ચ

(૨) શ્રી યમુનાજીના ૪૧ પદ એક ઝાંખી

આ પદો વૈષ્ણવ સૃષ્ટિમાં પ્રિય અને પ્રચલિત છે. જેથી તેના ઉપર વિશેષ કહેવાનું એટલુંજ છે કે આ પદો મૂળ વૃજભાષામાં છે અને વખત જતાં તે ભાષાના શબ્દોમાં ઘણું ગુજરાતીકરણ થયેલું, પરંતુ શુદ્ધ પાઠ મળે એ હેતુથી સંપ્રદાયના વૃજભાષી વિદ્વાનો અને કીર્તનકારોની સહાયથી શુદ્ધ પાઠ તૈયાર કરાવી અર્થ–વિવેચન સાથેની પુસ્તિકા ૮૫ પાનાની નાના કદની પ્રસિદ્ધ કરેલ છે. તેનો સમાવેશ એક કેસેટમાં છે.

કિંમત રૂા. ૬૫+૧૧ રવાનગી ખર્ચ

(૩) નરસિંહ એક ઝાંખી : મીરાં એક ઝાંખી

(૧) "નરસિંહ એક ઝાંખી"– "શ્રી કૃષ્ણવતારમાં ભકત વિદુરજીએ ઉદ્ધવજી પાસેથી પ્રભુની વૃજલીલાઓ સાંભળેલી તેથી તે લીલાનાં પ્રત્યક્ષ દર્શન સારૂ તેમના અનેક જન્મો થયા, તેમાં આ એકજ ચિંતન રહેલું. તે ચિંતને નરસિંહ મહેતાના અવતારમાં મુકયા. આ જન્મમાં મહાદેવજીએ તેમને પ્રભુની રાસલીલાનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યા અને તેમણે જેવી લીલા જોઈ તેવી ગાઈ અને સંભળાવી. પણ તેથી તેમનો લીલા પ્રવેશમાં અધિકાર થયો ન હતો." (કાકા 'શ્રી વલ્લભજી વચનામૃત ૧૮)

તેમણે ભકિત વિષય પ્રભાતિયા, રાસલીલા, દાનલીલા વગેરે ગાયેલ છે, તેમાં શ્રીમદ ભાગવતની અસર સ્પષ્ટ જણાય છે. તેમના પદોમાં ભકિત અને તત્ત્વજ્ઞાતનો સમન્વય છે. તેમની દિવ્ય દષ્ટિ વડે આગાહી કરી હતી કે "પંદરમી સદીમાં" શ્રીવલ્લભ, શ્રી વિઠ્ઠલ ભૂતલ પર પ્રકટીને પુષ્ટિ માર્ગ વિશદ કરશે અને દેવી જીવો ૮૪ તેમના શરણ આવશે તેમનો ઉદ્ધાર કરશે." બન્યું પણ તે પ્રમાણે એટલે આપણા આ ભકત કવિ "પુષ્ટિ માર્ગના વધૈયા તરીકે ઓળખાય છે. તેમનું ભકિત, જ્ઞાન, વૈરાગ્યનું કાવ્ય સાહિત્ય, પ્રભાતીયાં, શિક્ષાપદો ઘણા મોટા પ્રમાણમાં છે અને સુંદર છે.

"ગોસ્વામી શ્રી ગોકુલનાથજી (માલાતિલકવારા) વિ.સં. ૧૬૪૬–૪૭માં ગુજરાતના તેર માસના પ્રવાસે પધારેલા તેમાં આપશ્રીને આ ભકત કવિનું પદ્ય સાહિત્ય ઘણું ગમતું હોવાથી વૈષ્ણવો પાસે ખુબ ગવરાવ્યું છે અને પોતે રસ લઈ સાંભળ્યું છે. (જુઓ ગોકુલેશાંક)" અને શ્રી ગોકુલેશના સૃષ્ટિના વૈષ્ણવોના હસ્તલિખિત કીર્તનોના ગ્રંથોમાં નરસિંહના પદોને તેમણે સ્થાન આપેલું છે.

"આવા ભકત કવિને શુદ્ધ પુષ્ટિ જીવમાં લેવાનું પ્રભુ વિચારે ત્યાં વાર શી ? તેમને ત્રીજા જન્મમાં શ્રી ગુસાંઇજીના સેવક ગોપાલદાસ (નવાખ્યાનવાળા)ના અવતારમાં મૂકયા ત્યાં તેમને અલૌકિક પદાર્થ નજરે નહીં આવવાથી નવ વર્ષ સુધી મુંગા રહેલા વિ. સ. ૧૬૧૩માં શ્રી ગુસાંઈજી ગુજરાતના પ્રવાસમાં અમદાવાદ ભાઈલા કોઠારીને ત્યાં પધારેલા ત્યારે આપશ્રીએ સ્વસ્વરૂપના દર્શન કરાવ્યાં. ચર્વિત પાનની કણિકા આપી કે તેમની વાચા ખુલી ગઈ તેથી જ્યારે વિદુરજીનો ત્રીજો જન્મ ગોપાલદાસનો થયો ત્યારે તે પુષ્ટિ લીલાના પ્રવેશના અધિકારી થયા અને પછી તરત નવાખ્યાન ગાયાં છે. આ ગોપાલદાસ પુષ્ટિ સૃષ્ટિના ત્રીજા શરણ્યતા સાગરે બિરાજે છે અને નરસિંહના જન્મમાં તેમનું મર્યાદા ભકિતનું સ્વરૂપ હોવાથી તેમને પ્રાચીન પ્રાચીન ભકતો સાથે પધરાવેલા છે.

(૨) "મીરાં એક ઝાંખી" મીરાંબાઈ રાઠોડ કુટુંબના રત્નસિંહના પુત્રી અને ચિતોડના રાણા

સંગના યુવારાજ ભોજરાજ સાથે લગ્ન વિ. સં. ૧૫૭૬ આઠ વર્ષનું સૌભાગ્યવંતુ સહ જીવન ગાળી વિ. સં. ૧૫૮૪ માં વિધવા થયા હતાં. મીરાંના દાદા રાવદાદુજી પરમ વૈષ્ણવ હતા એટલે મીરાંનું જીવન ભક્તિમય વાતાવરણમાં ઘડાયાથી તે દૃઢ ભક્તિ સંસ્કારોએ તેમના જીવનને ભક્તિમય અને નિર્મળ બનાવ્યું હતું. મીરાંના દિયર રાણા વિક્રમાદિત્યે મીરાંની ઘણી પજવણીઓ કરી અને મેવાડનો ત્યાગ કરાવ્યો. અને વ્રજમાં, મથુરા, વૃન્દાવન, ગોકુલ રહ્યાં ઉત્તર જીવન દ્વારકામાં ગાળ્યું ગુજરાતે મીરાંને રાજસ્થાની નહિ પણ ગુજરાતી જ ગણી લીધી. એનાં ભક્તિ કાવ્યોને ધાર્મિક સાહિત્યમાં સ્થાન આપી એનું નામ અમર કર્યું. તેમના જ્ઞાન અને ભક્તિના ભજનો, પદો ગુજરાતી. હીંદી અને મારવાડી ભાષામાં ઘણાં છે.

“મીરાંબાઈ વ્રજમાં દર્શને ગયેલાં ત્યારે બધે દર્શન કરી શ્રી ગોકુલ આવી શ્રી ગુસાંઈજીના દર્શન કર્યા. આપશ્રીની આજ્ઞાથી ત્યાં મહા પ્રસાદ લીધો, પછી શ્રીનાથજીના દર્શનની અભિલાષા દર્શાવી એટલે શ્રીગુસાંઈજી તેમને શ્રીગિરિરાજ પર લઈ ગયાં. શ્રીગોવર્ધન ધરણના સંધ્યા આરતિનાં દર્શન કરી ખૂબ પ્રસન્નતા અનુભવી. મીરાંને જોઈ શ્રીનાથજી હસ્યા, અને મીરાંએ પોતાંને ત્યાં પધારવા વિનંતિ કરી. બીજી સવારે મંગલાના દર્શનમાં શ્રીપ્રભુજી સમક્ષ મીરાંએ નૃત્ય કર્યું અને “દેખે હરિ ગુરુ એક શરીર” નું પદ ગાયું પછી દ્વારકા જવાની આજ્ઞા માગી. શ્રીગુસાંઈજીએ તેમને પ્રસાદી વસ્ત્ર અને પાનનું બીડું આપ્યું, અને શ્રીમુખથી સરાહના કરી કે મર્યાદા ભક્તોમાં તમારા જેવા ભક્તો થવા ઘણું કઠણ છે.

મીરાંબાઈ ત્યાંથી વિદાઈ લઈ શ્રી દ્વારિકા ગયા. શ્રી ગોમતી સ્નાન કરી શ્રીદ્વારકાનાથજીનાં દર્શન કરી નૃત્ય સાથે ગાન કરતાં કરતાં સદેહ પ્રભુ સ્વરૂપમાં લીન થઈ ગયાં. મીરાંબાઈને વૈષ્ણવતામાં ઓછાં નહીં જાણવાં. તેને જોઈને શ્રીનાથજી હસ્યા. આમ મર્યાદા ભક્ત પર આવી કૃપા એ પ્રભુની વિશેષતા.” (શ્રીગિરધરજીના વચનામૃત ૯૭)

ઉપરોક્ત શ્રીકૃષ્ણના અનન્ય ઉપાસકો બન્ને પ્રાચીત ભક્ત કવિઓના ભગવત્પ્રેમના પદો, કીર્તનો, પ્રભાતિયા, રાસ–ગરબીઓનો ચુંટી કાઢેલો અનુપમ સંગીતમય સંગ્રહ બન્નેના જીવન–કાવ્યની સંક્ષિપ્ત માહિતી સાથે કેસેટ પુસ્તિકા ૮૮ પાનાની નાના કદની પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેનો સમાવેશ બે કેસેટોના સંપુટમાં છે. કીંમત રૂા. ૧૨૧+૧૧ રવાનગી ખર્ચ.

(૪) સૂરદાસ–એક ઝાંખી : દાયારામ એક ઝાંખી

(૧) ‘સૂરદાસ એક ઝાંખી’નું સંકલન દરેક દૃષ્ટિએ શ્રદ્ધેય અને પાથેય છે. સૂરદાસજી તો શ્રી મહા પ્રભુજીની કાયમની આજ્ઞા પ્રમાણે શ્રીનાથજીની સન્મુખ બેસીને તાન પૂરો છેડીને. સમાં-સમાંનાં પદ કીર્તન કરતા હતા સૂરદાસનો બંને કાંઠે છલકાતો પ્રેમ, પ્રિયા–પ્રીતમનો છે. તેથી જ તેમનું વિવિધ નાયકા ભેદ વર્ણન છે, વિરહનું વર્ણન સંયોગ કરતાં વિયોગનું સવિશેષ છે. સાહિત્ય જગતનો કોઈ પણ કવિ સૂરદાસજીના કૃષ્ણના બાલ વર્ણનને આંબી શકે તેમ નથી. ઝાંખીમાં કંડારાએલાં કેટલાંક પદ તો એવાં છે કે જેને વિગતે સમઝાવવાની ખાસ જરૂર છે. શિક્ષાદિનાં પદ પણ ચોટદાર છે. જે એમનાં સામાજિક સૂક્ષ્મ નિરીક્ષણની સાક્ષી પૂરે છે. “માધો જૂ મન માયા બસ કીનો” “અબ હોં નાચ્યો બહુત ગુપાલ” (સમગ્ર પદ રૂપક અલંકારમાં) એ અને એવાં બીજાં પદ એનાં સાચાં દૃષ્ટાંત છે. એકંદરે સંકલન જનસમાજને પ્રેરણા આપે એવું છે.

(૨) “દયારામ એક ઝાંખી”–

“દયારામ એક ઝાંખી” માં દયારામની પ્રામાણિક હસ્ત પ્રતોને આધારે શ્રી કે. કા. શાસ્ત્રી અને શ્રી જીવનલાલ જોશી સંપાદિત તેમજ ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ પ્રકાશિત દયારામ રસધારા ૧ થી ૯ અને દયારામ ગદ્યધારા ૧ થી ૪ માંથી વિવિધસ્તરની રચનાઓ લેવામાં આવી છે. આ સંકલન ઊડીને આંખે વળગે એવું છે.

ઉપરોક્ત બન્ને ભક્ત કવિઓના જીવન-કવનનો સંગીતમય અનુપમ સંગ્રહ ટીપણ સાથે ૧૦૮ પાનાની નાના કદની કેસેટ પુસ્તિકા છે. તે પદોનો સમાવેશ બે કેસેટોના સંપુટમાં છે. કીંમત રૂા. ૧૨૧+૧૧ રવાનગી ખર્ચ.

(શ્રીનરસિંહ મહેતાનો પંચશતાબ્દી મહોત્સવ તા. ૫–૬–૫૭ ના દિને વડોદરામાં પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલલાજી મહારાજશ્રીના અધ્યક્ષપદે ઉજવાયો તે પ્રસંગે આપશ્રીના થયેલ પ્રવચનનો અંશ આ વિષયને સુસંગત હોઈને પ્રસ્તુત કરેલ છે.)

"શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યમય વેદાંત સિદ્ધાંતને અને પ્રેમલક્ષણા ભકિતને સરળમાં સરળ ભાષામાં સમજાવી, લોકભોગ્ય કરવાની શકિત નરસિંહ, મીરાં, દયારામ અને પ્રેમાનંદ વગેરે કવિઓમાં આપણે જોઈ શકીએ છીએ. એ શકિતના પ્રભાવે પ્રભુમાં અનુરકિત કરાવી, ભારતીય પ્રજા ઉપર પૂર્ણ પરોપકાર એ ભકતોએ કર્યો છે, કે જે ભુલાય નહીં તેવો છે.

સરિતાનો પ્રવાહ જેમ નહેરો દ્વારા પ્રવાહિત થઈ સર્વોપચુરંત અને સર્વોપકારક બને છે, તેમ જ્ઞાનસરિતાનો પ્રવાહ નગરોમાં નાગરિકો, ગામડામાં ગ્રામ્યજનો, પઠિત, અપઠિત સર્વ જન વેદાંતના ઉચ્ચ સિદ્ધાંતથી અને ભકિતરસની અનુભવજન્ય વાણીને ઘરે ઘર ઉચ્ચારે અને બાળકોને ઉપદેશે, એવા ઉપર્યુકત ભકતોની ઉપકારક સેવા આપણે કેમ ભૂલી શકીએ ? જે કામ હજારો ઉપદેશકોથી ન બને તે કામ આપણા પ્રેમલક્ષણા ભકિત રસમાં છકેલા ભકતોએ કરી બતાવ્યું છે"

"નરસિંહ મહેતાનાં પદોમાં 'માધુર્ય', 'સ્વદેશીય તત્ત્વ' અને પદલાલિત્ય'. એવાં તો ઓતપ્રોત છે કે ગુજરાતના શહેરો, ગામડાંઓ, મંદિરો અને મઠોમાં તેમનાં વચનોના પડઘા પડી જ રહ્યા છે. અનેક નરનારીઓ, ભકતસંતો, મજુરો, ગરીબો વગેરે પ્રાતઃકાળના ખુશનુમા વાતાવરણમાં પ્રભાતિયાંના સૂરની મિલાવટ કરી મનરંજન કરે છે. આવા સાત્ત્વિક સંસ્કૃતિ પોષક આનંદની લહાણ દેનારાં તેમનાં પદો સાંભળવાના મળે છે.".

જયારે જયારે નરસિંહને ભીડ પડી, ત્યારે ત્યારે તેમના ઈષ્ટદેવ શ્રી દામોદરજીએ સંપૂર્ણ સહાય કરી છે. આમાં બે વસ્તુ સિદ્ધ થાય છે, એક તો કવિની પ્રતિભા અલૌકિક હતી, તેમની વાણીમમાં ભગવદ્‌બળ હતું તે અને બીજું આવા ચમત્કારિક ચરિત્રોથી જનતામાં જનાર્દન તરફ શ્રદ્ધા–ભકિત આસ્તિકય વધે છે, કે જે આપણી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ છે. નિ:સાધન ભકતોના સાધનરૂપ પ્રભુ છે પરમ કારુણિક ભગવત્સલ પ્રભુ, ભકતનાં દુઃખોને હરી, ભકતનાં કાર્ય સિદ્ધ કરે છે. એ વસ્તુ પ્રાચીન, વૈદિક સંસ્કૃતિને ભાગવતાદિ પુરાણોથી પ્રતિપાદિત થયેલું નિ:સંદિગ્ધ રહસ્ય છે. આ રહસ્ય, શ્રદ્ધાના અને આસ્તિકયના પાયા ઉપર અવલંબિત છે.

"નરસિંહના પદોમાં વિવિધ સામગ્રી ભરી છે. જ્ઞાન, કર્મ, વૈરાગ્ય, ભકિતયોગ અને સમાજોપયોગી વ્યાવહારિક પદો પણ છે."

શ્રીમદ વલ્લભાચાર્યચરણની પ્રાકટયની આગાહી કરનાર નરસિંહ મહેતાને શ્રીમદ વલ્લભાચાર્યજીનો વધૈયો માનવામાં આવે છે. અત્યંત ઉપયુકત ઉપકરણો આ વાતનું સમર્થન કરે છે અને વધૈયો માનવાથી મહેતાના ગૌરવમાં વધારો થાય છે. તે પદ આ છે "શ્રીહરિ નરહરિ કૃષ્ણ કરુણા કરી, રાખ રાધાવર ચરણ શરણે."

'ઉકત પદમાં ચોથી કડીમાં શ્રી વલ્લભ અને શ્રી વિઠ્ઠલ પ્રકટ થઈને પુષ્ટિ માર્ગ પ્રકટ કરશે એમ ભવિષ્યવાણી છે. આ ભવિષ્ય વાણીનું સૂચન ભકત કવિ શ્રી દયારામભાઈએ પણ પોતાના પુષ્ટિ પથ રહસ્ય ગ્રંથમાં કડી ૨૮ અને ૮૩ માં કર્યું છે.

"પ્રકટ પહેલી નરસિંહ મહેતે ગાઈ વધાંઈ,
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રકટ થશે વ્રજરાઈ.
કરશે પ્રકટ પુષ્ટિ માર્ગ ત્યાં જે અનુસરશે,
કેવલ શરણ માત્રથી નિ:સાધન ભવ તરશે."

દયારામભાઈના સમયમાં આ પદની પ્રામાણિકતા હતી. પોંતે આ ભવિષ્ય વાણી માનતા. આ ભવિષ્ય વાણીને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સત્ય માને એ સ્વભાવિક છે."

"નરસિંહ અને દયારામ ઉભય કવિના સૈદ્ધાંતિક પદોનું ઘણું સામ્ય છે નરસિંહ અને દયારામ શ્રી શ્રી કૃષ્ણનેજ પરબ્રહ્મ ઉપાસ્ય દેવતા માને છે. શ્રી કૃષ્ણમાં તેમની તન્મયતા અને અનન્યતા છે. શુદ્ધ નિર્ગુણ પ્રેમ લક્ષણા ભકિતથી ભરેલી ભગવદ્ ભાવથી ઉચ્છલિત શ્રુંગાર રસમય સાહિત્યની લ્હાણી આપવામાં

બંનેની એકવાકયતા ઉપર સમન્વય સાધી શકાય એમ છે. ઉભયને નિરોધ એટલે પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિતનું દાન પ્રભુએ કર્યું હતું. ઉભયનો નિર્વાહ પણ પ્રભુએ નિભાવ્યો હતો. ''હું પ્રભુ પાસે યાચું તો પ્રભુને પરિશ્રમ પડે'' એમ દયારામનું હૃદય નિજ સુખ માટે નહીં, પરંતુ પ્રભુના સુખને માટે તલસે છે, તત્સુખ સુખિત્વની ભાવનાથી ભરેલું ભકત હૃદય પ્રભુના પરિશ્રમનો પૂર્ણ વિચાર કરે છે.''

''હવે નરસિંહે પ્રભુ પાસે માગણી કરી. ભકતની વહારે પ્રભુ પધારે એ ભકત અને ભગવાનની ઉત્કટ કોટીનું પ્રેમ બંધન છે. પરંતુ દાસ પ્રાર્થે અને પ્રભુ પધારે એ પ્રક્રિયામાં પરિશ્રમની ભાવના ભરેલી છે. નરસિંહે પોતાના શ્રી કૃષ્ણ પાસે જ માગણી કરી છે બીજા દેવ પાસે નથી કરી. તેમા ઉપદેશાત્મક રહસ્ય ભરેલું છે તે વિચારીએ.

'હોં પતિતન કો ઈશ', 'હોં પતિતનકો ટીકો' 'હોં પતિતન કો નાયક'' ઈત્યાદિ સૂરદાસના પદનું ઉપર ઉપરથી સ્વારસ્ય વિચારનાર, સૂરદાસને પતિત માની બેસવાની ભૂલ કરે છે. તેનું ખરું તાત્પર્ય એ છે કે સૂરદાસે પોતાની ઉત્તમ પ્રકારની યોગ્યતા છતાં દીનતા દર્શાવી છે. આ દીનતા દ્વારા અન્યને ઉપદેશ આપવા જ પોતાને આ પદમાં પતિત તરીકે ઓળખાવે છે. તેમ નરસિંહના પદોમાં પ્રભુ પાસેની યાચના સંબંધી તાત્પર્યનું મર્મ સમજવા જેવું છે.

નરસિંહના પદોમાં પ્રભુ પાસે જે યાચના દેખાય છે, તે પણ અન્યને ઉપદેશ આપવામાં તાત્પર્ય છે. એ ઉપદેશ પ્રભુમાં અનન્યતા અને શ્રદ્ધા હશે તો તેનાં સર્વ કાર્ય પોતાની માફક પ્રભુ સિદ્ધ કરી દેશે. બીજું પ્રભુ પાસે યાચવું નહીં, તથાપિ જીવ બુદ્ધિથી યાચના કરવી પડે. તો પોતાના પ્રભુ પાસે જ કરવી, અન્ય કોઈ દેવ પાસે ન જ કરવી.' એ પ્રભુનો અનન્યાશ્રય દર્શાવતો ભવ્ય સિદ્ધાંત ભકિત માર્ગીય અનુકલ્પ રૂપ પણ નરસિંહ રજુ કરે છે. માટે જ આચાર્યશ્રીએ આજ્ઞા કરીકે ''યાચના કરવી નહીં, કરવી તો પોતાના પ્રભુ સિવાય અન્યત્ર તો કરવી જ નહીં. (વિવેક ધૈર્યાશ્રય) આ સિદ્ધાંતાનુસાર પ્રભુ શ્રી કૃષ્ણને કામનાવાળાએ કે કાનના વગરનાએ ભજવા. તે સર્વ મનોરથ પૂર્ણ કરશે. આ પ્રમાણથી નરસિંહ મહેતાની પ્રભુ પાસેની યાચના પ્રામાણિક ઠરે છે.''

''કેવળ તિલક કે તુલસીમાળાનાં બાહ્ય ચિન્હોથી વૈષ્ણવતાની પૂર્તિ થતી નથી, પરંતુ વૈષ્ણવના લક્ષણ લક્ષિત જ વૈષ્ણવ તિલક માળાને શોભાવી શકે છે. આજે સમાજ આવો ઉદાર ભાવના વાળો અસંકુચિત વૈષ્ણવ માર્ગ માગે છે, જેમાં માર્ગની પણ મહત્તા છે.''

સમાચાર

અખિલ ભારતીય શ્રીબાલકૃષ્ણ શુદ્ધા દ્વૈત મહાસભા સુરતની પાંચે પરીક્ષાઓ અતિવૃષ્ટિ–અનાવૃષ્ટિને લીધે ૬૪મા વર્ષે પણ વધારાની પરીક્ષાઓ લેવાની તારીખો આ પ્રમાણે છે. તા. ૨૫–૯–૮૮ રવિ, તા. ૩૦–૧૦–૮૮ રવિ, તા. ૨૭–૧૧–૮૮ રવિ, તા. ૨૫–૧૨–૮૮ રવિ. તારીખ તમો જાતે નકકી કરી તમારા ગામના ફોર્મ ફી સાથે દોઢ મહિના પહેલા નીચેના સરનામે મળી જવા જોઈએ.

પૂર્વ પ્રથમાની પરીક્ષા અત્યંત સરળ આધુનિક ઓબ્જેકટીવ ટેસ્ટની (ઓપન યુનિવર્સિટી) પદ્ધતિથી આખું વર્ષ સતત લેવાય છે માટે તમારે ત્યાં આજે જ પૂર્વ પ્રથમા ચાલુ કરી, નાના–મોટા સર્વેને સંસ્કારનું વેદાન્ત જ્ઞાન પીરસો. પત્રવ્યવહાર: શ્રી મધુસુદન શાસ્ત્રીજી ''શાસ્ત્રીજી નિવાસ'' દ્વારકાધીશ સોસાયટી બં. નં. ૩
પાલનપુર પાટીયા બસ સ્ટેન્ડ પાસે, રાંદેર રોડ, **સુરત–૫૦૦૯**

શ્રીવલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

પ. ભ. શ્રી રણછોડદાસ કાનજીભાઈ આશર, C/o CIESCO–૩૭/૩૯ ઈઝરા સ્ટ્રીટ, કલકત્તા–૭૦૦ ૦૦૧

શ્રદ્ધાંજલિ

મોરબી-શ્રી મોરબી હવેલીના ટ્રસ્ટીઓના ઉપક્રમે મોરબી વૈષ્ણવ સમાજની સભા પ. ભ. શ્રી લાલજીભાઇ ગોકળદાસ કંસારાના પ્રમુખ સ્થાને તા. ૪-૭-૮૮ ના રોજ મળેલ, તેમાં જામનગરવાળા પૂ. પા. ગો. થી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી નિત્યલીલામાં પધારતાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ.

જામનગર : જામનગર આં. પુ. વૈ પરિષદ શાખાના પ્રમુખ અને અગ્રણી કાર્યકર તથા શ્રી મોટી હવેલીના ટ્રસ્ટી પ. ભ. જેઠાલાલ રૂગનાથ બદીયાણીનો ગોલોકવાસ થતા શ્રી જામનગર મોટી હવેલીના શ્રી વલ્લભ ચોકમાં પૂ પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીની અદયક્ષતામાં શોકસભા યોજવામાં આવેલ,

આ શોકસભામાં પૂ. પા. લાલબાવા શ્રી વિઠલનાથજી તથા પૂ. પા. લાલબાવા શ્રી હરિરાયજી તથા અનેક શાસ્ત્રીજીઓ તેમજ શહેર તથા બહારગામના વૈષ્ણવોએ મોટી સંખ્યામાં હાજરી આપેલ.

અનેક વકતાઓએ શ્રી જેઠુભાઈને શ્રદ્ધાંજલી અર્પતા તેમના શ્રી હરિ, ગુરૂ, વૈષ્ણવ સેવાપરાયણતાના તથા ઉત્તમ વ્યવસ્થાશકિત દ્વારા શ્રી હવેલાંના વહિવટમાં દુરદર્શીતા દાખવ્યાના તથા શ્રી વૃજયાત્રા આદિ પ્રબંધના સંસ્મરણો તાજા કરેલ.

શ્રી હરિરાયજી બાવાશ્રીએ પોતાની વિદ્વુતાભરી વાણીમાં જણાવેલ કે, પુષ્ટિમાર્ગીય લોકીક સબંધ જન્મથી મૃત્યુ પર્યન્ત પોતાના સમાજ અને સ્નેહીઓ સાથે બાંધે છે.

પૂ. મહાપ્રબુજીની કૃપાથી આલોકીક સબંધ અને ગુરુ સબંધ પ્રારંભ, મધ્યાન્હ અને અંત સમયે સબંધ બાંધેલ છે.

સબંધ બંધાય એટલે આત્માનું પરિભાજન થાય છે. દૈવિને ઉચ્ચ કોટીનો જીવ એમના સ્વભાવમાંથી અહંકારનો ધીરેધીરે નાશ કરે છે. એમના જીવનમાં પૂ. મદનમોહન પ્રભુના આશિર્વાદ મળેલાં છે.

કેટલ કેમ્પની રચના વખતે અધ્યક્ષસ્થાન મને લેવાનું કહ્યું. પ્રભુ પ્રેરણાથી તેઓની જહેમતથી પાર પડેલ છે.

શ્રી વિઠવનાથજી બાવાશ્રીએ જણાવેલ કે, તેઓએ તન, મન, ધનથી પ્રભુકૃપાથી સેવા કરી છે. છેલ્લે વૃજકમલ મનોરથમા શરુના અંદાજ કરતાં ખર્ચ વધવાનો અંદાજ આવતા બંધ રાખવા કહેતા ગમે તેટલો ખર્ચ થાય આ મનોરથ મારે પાર પાડવો જ છે, એવો દ્દઢ નિશ્ચય જણાવેલ. દૈવ કૃપાથી આ પાર પડેલ, તેઓની ઇચ્છા મુજબ વૃજ કમલની પ્રદક્ષીણા કરી જીવન પાર પાડેલ છે. શ્રી વૃજભુષણલાલ મહારાજશ્રીએ ગદગદીત સ્વરોમાં કહેલ કે 'આ વલ્લભ ચોકમાં જેઠુભાઈની શોકસભા થાય એ કલ્પી નહોતી.' પુષ્ટિમાર્ગીય નિયમાનુસાર શોકસભા હોતી નથી. જીવને જવાનો માર્ગ છે તે પ્રમાણે પ્રભુ ચરણોમાં જાય છે. તેઓ સદાયને માટે ભગવદ ચરણારવિંદમાં તેમજ લીલામાં પહોંચી ગયા છે.

શ્રી જેઠુભાઈ ટુંકી માંદગીમાં કોઈની પણ ચાકરી લીધા વીના શ્રી ભગવતચરણારવિંદમાં પ્રાપ્ત થયા તેમના પુત્ર શ્રી પ્રતાપભાઈ પણ પીતાને પગલે ચાલી સેવાકાર્યોમાં અગ્રેસર રહે તેવી પુ. મહારાજશ્રીએ આજ્ઞા કરેલ.

મોરબી : મોરબી વેષ્ણવ સમાજના અગ્રણી પ. ભ. શ્રી લાલજીભાઈ ગોકળદાસ કંસારાનો તા. ૧૫-૮-૮૮ના રોજ ગોલોકવાસ થયો છે.

શ્રી લાલજીભાઇએ વર્ષો સુધી શ્રી મહાપ્રભુજીના મોરબીના શ્રી બેઠકજીની તેમજ શ્રી હવેલીની સુવ્યવસ્થામાં તન, મન, ધનથી સેત્રા કરેલ તેમજ વિવિધ આયોજનો દ્વારા શ્રી હરિ, ગુરૂ, વેષ્ણવની સેવામાં તત્પર રહેલ.

પોતાની જ્ઞાતિના ઉત્કર્ષ માટે પણ વિદ્યોતેજક પ્રવૃતીઓ કરી જ્ઞાતીજનોમાં શિક્ષણ પ્રસાર માટે નોંધપાત્ર કાર્યો કરેલા.

ચંપારણ્યમાં શ્રીવલ્લભનિધિ ટ્રસ્ટ દ્વારા બંધાએલ ધર્મશાળાના પ્રારંભથી જ ખુબ રસ લઇ તેમજ આર્થીક સેવાઓ એકત્ર કરાવી દઈને વેષ્ણવોના આ પરમ યાત્રા ધામમાં વેષ્ણવોની સુવિધા વધારવા અગ્રીમ હિસ્સો આપેલ. આવા દિર્ઘદ્રષ્ટી વૈષ્ણવ આગેવાનની અપૂરણિએ ખોટ પડી છે,

ઝુલો ઝુલોને મોહનલાલ

રચયિતા : **રમણલાલ મહાસુખલાલ શેઠ–ગોધરા**

ઝુલો ઝુલોને મોહનલાલ ઝુલો હીંડોરે
છોગાળા નંદકુમાર ઝુલો હીંડોરે ૧

આ રતન ખચિત હીંડોરો શોભે, મણિમય ઝાકઝમાળ રે,
ફુલડાં કેરૂં ઝુમ્મર બાંધ્યું, ઉપર મૂકયા મોર, ઝુલો હીંડોરે...૨

આ પટુલી ચંદનકેરી સોહે, રેશમનાં આસન રે,
બહુવિધ ભાંતની સુગંધ છીરકી મધમધતો મધાટ ઝુલો હીંડોરે ૩

આ સુંદર શ્યામ સ્વરૂપ તમારું, ઘુઘરીઆળા કેશરે,
ભાલમાં તિલક કાનમાં કુંડલ, સુંદર નટવર ભેખ, ઝુલો હીંડોરે...૪

આ માખણ મીશ્રી ભોગ ધરાવું, જો મધુર ગીતડાં ગાઉંરે,
'રમણ'દાસના સ્વામી શ્રી વિઠ્ઠલ નીરખે ધરી ઉર પ્રેમ, ઝુલો...૫

કાન સંગે રાધાજી ઝુલે છે

કાન સંગે રાધાજી ઝુલે છે,
ઝુલે છે મન ફુલે છે, કાન સંગે રાધાજી ઝુલે છે...૧

ઝુલો કદમ તરૂ ડાળ શોભે છે, શ્યામ શ્યામાનાં મુખડાં ઓપે છે,
લલિતાજી સ્નેહે ઝુલાવે છે, કાન સંગે રાધાજી ઝુલે છે...૨

જાઈ જુઈ કુસુમે શણગાર્યો છે, ભાત ભાતનાં ચિત્રો શોભે છે,
એ તો સુગંધે મધમધ મહેંકે છે, કાન સંગે રાધાજી ઝુલે છે...૩

પીળાં પીત્તાંબર તનુ ધાર્યાં છે, નીલ અંબરે રાધાજી સોહે છે.
મકરાકૃત કુંડલ શોભે છે, કાન સંગે રાધાજી ઝુલે છે...૪

ઝુલો ઝગમગ ઝગમગ ઝુલે છે, શ્યામ શ્યામા તાલી દઈ ફુલે છે,
'રમણ' નીરખી નીરખી ડુલે છે, કાન સંગે રાધાજી ઝુલે છે...૫

ઝુલો ઝુલોને વ્રજરાજ

ઝુલો ઝુલોને વ્રજરાજ, ઝુલો ઝુલણીએ
ઝુલો ઝુલવે શ્રી વિઠ્ઠલનાથ ઝુલો ઝુલણીએ ૧

ઝુલે સુંદર કુસુમ શોભતાં મન મોહનજી,
શ્યામ જોઈ જોઈને હરખાય ઝુલો ઝુલણીએ ૨

ઝુલો બાંધ્યો કદમ તરૂ ડાળીએ ગિરિધારીજી,
'રમણ' શોભા વરણી ન જાય ઝુલો ઝુલણીએ...૪

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L P.W.P. 43

મનની સ્થિતિ

ઘણું ઘણું સમજાવું મનને.
શિખામણને ધારે ના;
નથી કશામાં આનંદ કે સુખ.
તો યે મારૂં માને ના.
શ્યામ સુંદીરના શ્યામ સ્વરૂપે,
સ્નેહ કદિયે ધારે ના;
મમતા મોહે માયામાં રહી,
ભકિતમાં ચિત્ત વાળે ના.
કુવિચાર તજી કામ ક્રોધ,
મદ મોહ લોભને બાળે ના;
મારૂં મારૂ કરતું નિત્યે
ના ઠરતું, એ ઠારે ના.
રસબસ એ માયામાં રહેતું,
શાંત જીવનને ધારે ના;
નમ્ર બની દીનતાને ભાવે,
ચિત્ત પ્રભુમાં વાળે ના.
ટળે ત્રિવિધ તાપો કઈ પેરે.
ચિંતા ઉરથી ટાળે ના;
વશ રાખે ના દશ ઇન્દ્રિયો.
ચિંતનમાં દિન ગાળે ના.
રહે અહનિંશ માયા વચ્ચે,
સત્ય કદિ વિચારે ના;
લાગે ના ભકિત રસનો પટ,
માયા ને વિસારે ના.
લપ લપ કરતું મોહ જાળમાં,
લપટાયે શરમાયે ના;
નેત્ર છતાં એ અંધ બનીને,
'નટવર' સાર વિચારે ના.

–પ. ભ. શ્રી નટવરલાલ મ. શેઠ, અરાદ

આંતરરાષ્ટ્રીયપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, **રાજકોટ.**
શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિ: ॥

વિજયા દશમી

(રાગ–સારંગ)

ગૃહ ગૃહ આંગન હોત વધાઇ,
શ્રી રામચંદ્ર સિંઘાસન બૈઠે, છત્ર ચમર ઢુરાઈ ૧.
મંગલ સાજ લિયે સબ સુંદરી, નવસત સજીકે આઇ;
તિલક કિયો જબ અંકુર સિરધર, આરતિ લોન કરાઇ ૨.
જય જયકાર ભયો ત્રિભુવનમેં દેવન દુંદુભી બજાઇ;
સુરનર મુનિજન કોટિ તેતીસો, કૌતુક અંબર છાઈ ૩.
ચિરજીયો અવચલ રાજધાની, ભકતન કે સુખદાઈ;
શ્રી રઘુનાથ ચરણ કમલરજ **'રામદાસ'** નિધિ પાઇ ૪.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ ; અંક ૭ ઓકટોબર, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય [illegible]

શ્રી આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

રાજકોટ શાખા દ્વારા ગીરના માલધારીઓને અનાજ મિઠાઈ તેમજ ફરસાણ વિતરણ કરતાં પરિષદનાં કાર્યકરો.

રાજકોટ : આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા તેમજ રાજકોટ વૈષ્ણવ સમાજ આયોજીત ગૌસંવર્ધન તેમજ દુષ્કાળ રાહત સમિતિ દ્વારા જુનાગઢ જીલ્લામાં આવેલ ૧૪૧૨ ચોરસ કિલોમીટરમાં પથરાયેલ જંગલ વિસ્તારમાં પ્રકૃતિની ગોદમાં કોઈપણ જાતના પાકા બાંધકામ વિના કુદરતી સાધનો લાકડા-ઘાસ-પાંદડામાંથી ઝુંપડા બનાવી વસતા માલધારીઓ અને તેના બાળકો જંગલી જનાવરની કોઈપણ પ્રકારની ભીતિ રાખ્યાવિના જીવન ગુજારે છે. તેવા માલધારી પરિવારોને "જન્માષ્ટમી"ના શુભ પ્રસંગે ૪00 પરિવારોને ૪0 કિલો જુવાર તેમજ ૧000 પરિવારોને ૨ કિલો બુંદી તથા ૧ કિલો ફરસાણનાં વિતરણ કાર્યનો સમારંભ પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (જુનાગઢ)–ગો. શ્રી વૃજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટ) ગો. શ્રી ગોપીકાલંકારજી મહોદય (રાજકોટ)ની ઉપસ્થિતિમાં સાસણ મુકામે યોજવામાં આવ્યો.

આ વિશાળ કાર્યમાં પરિષદનાં રાજકોટ શાખાના કાર્યકરો પ્રદેશ ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ રાંધનપુરા –પ્રદેશ સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળા–પ્રચારમંત્રી શ્રી હસુભાઈ ખખ્ખર રાજકોટ વૈષ્ણવ સમાજના પ્રમુખ શ્રી વૃજલાલ રાણપરા–ગૌસંવર્ધન તેમજ દુષ્કાળ રાહત સમિતિના કોષાધ્યક્ષ શ્રી જયંતિભાઈ પડિયા તેમજ અન્ય કાર્યકર બંધુઓ શ્રી મનસુખભાઈ રાણપરા–શ્રી નટુભાઈ ખખ્ખર–શ્રી રશ્મિભાઈ ચોકસી–શ્રી પ્રાણભાઈ મારફતીયા–શ્રી પ્રભુદાસ પડિયા–શ્રી ટી. પી. પટેલ.....વગેરે તેમજ જુનાગઢના કાર્યકરો શ્રી

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૭ * ઓકટોબર, ૧૯૮૮

॥ શ્રીહરિ : ॥

પુષ્ટિ પુરૂષોતમનું પ્રાકટય

સોની કાંતિલાલ છગનલાલ
(ચિત્તલ)

યદા યદાહી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।।
અભ્યુત્થાન ધર્મસ્ય તદાત્માન સૃજામ્યહમ્ ।।
પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ ।।
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।।

અર્થ : હે ભારત જયારે જયારે ધર્મની ગ્લાની થાય છે. અને અધર્મ પ્રગટે છે. ત્યારે હું પોતે પ્રગટ થાઉં છુ. સાધુઓનુ રક્ષણુ કરવા માટે અને દુષ્કર્મ કરનારાઓનો નાશ કરવા માટે ત્થા ધર્મનું સંસ્થાપન કરવા માટે હું પોતે યુગે યુગે પ્રગટ થાઉ છુ.

શ્રીગીતાજીના આ કથન પ્રમાણે મથુરામાં ચતુર્વ્યુહરૂપસહિત પુરૂષોત્તમનુ પ્રાગટય છે.

પ્રાગટય બે પ્રકારનું છે. કાર્યથી અને સ્વરૂપથી, પ્રાગટય ચતુર્વ્યુહનુ મથુરામાં છે જે ભૂ ભાર હરણાર્થ છે. પુર્ણ પુરૂષોતનુ પ્રાગટય વ્રજમાં છે. જે ધર્મી વિશિષ્ટ સ્વરૂપથી છે. જે નિઃસાધનજનોના ઉદ્ધારાર્થ છે. ત્થા શ્રુતિરૂપા ગોપીજનોને પુર્વે મળેલા વરદાનની પુર્તિ કરવા માટે છે,

પ્રભુના પ્રાગટયનુ મુખ્ય કારણુ નિઃસાધન ભકતોના હિતાર્થે છે. તેથી પ્રભુ પ્રાગટયનો વિલંબ સહન કરી શકતા નથી. તેથી સપ્તમ ગર્ભમા દાઉજીનું પ્રાગટય થાય તો ભગવાનના પ્રાગટયમાં વિલંબ થવા સંભવ છે. તેટલો પણ વિલંબ પ્રભુ સહન કરતા નથી, **मुमोभगवदागमनपुर्वेन स भ्रावित मघुना जंतम** (સુ. ૧૦-૧-૨૬) તેથી ગર્ભનુ સંકર્ષણુ કરી રોહીણીજીમાં સ્થાપ્યો. આવા પ્રકારનું મહાત્મ્ય અન્ય અવતારોમાં નથી.

પ્રાણી માત્રને મોક્ષનુદાન આપવા ભગવાન જગતમાં પ્રગટ થાય છે. પ્રાગટય તો લોક કલ્યાણર્થે છે. એમ સમજવું, લોક કલ્યાણ રૂપ અસાધારણ કાર્ય ન હોય તો સાક્ષાત પધારે નહી. ભૂ ભાર હરણાદી કાર્યો તો બીજી રીતે પણ કરી શકે, માટે નિઃસાધનના હીત માટે ગુણાત્મા પ્રભુ પ્રગટ થાય છે. ભગવાનના પ્રાગટયનુ આ મુખ્ય કારણ છે. હવે પુષ્ટિ કારણ જોઇએ.

ભગવાનને જયારે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઇ, ત્યારે બ્રહ્માને આજ્ઞા કરી બ્રહ્માએ ચાર શ્રુતિઓ ઉત્પન્ન કરી સામવેદ, રૂગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ તેમાં અનુક્રમે પહેલી બે શ્રુતિ એ પુષ્ટિ છે. જયારે પાછળની બે શ્રુતિ મર્યાદા છે.

એકવાર એ પુષ્ટિશ્રુતિ અને મર્યાદાશ્રુતિને વાદ થયો, મર્યાદાશ્રુતિ કહે અક્ષર બ્રહ્મથી આગળ કોઇ આનંદ નથી. જે કંઇ આનંદ છે તે અક્ષર બ્રહ્મ સુધી જ છે. ત્યારે પુષ્ટિશ્રુતિ કહે; અક્ષર બ્રહ્મથી આગળ કંઇક ભારે પદાર્થ છે, પરંતુ ત્યાં શું છે તે સમજ પડતી નથી, પરંતુ છે જરૂર.

તેઓ ચારે શ્રુતિ સ્ત્રી ભાવાત્મક અત્યંત ચંચળ અને અતિ સ્વરૂપવાન હતા.

આમ બન્નેને વાદ થતા તેઓએ ખોજ કરવાના હેતુથી ત્થા આપણે આટલા સ્વરૂપવાન છીએ તો આપણને ઉત્પન્ન કરનાર કેવા હશે ? તે કારણથી તેઓએ તેતરનુ સ્વરૂપ ધારણ કરી વર્ષોના વર્ષો સુધી ઉડયા કર્યુ. પરતુ કંઇ મળ્યુ નહી. ત્યારે મર્યાદા શ્રુતિ થાકી જવાથી તેઓ આગળ જઈ શકયા નહી. જયારે પુષ્ટિ શ્રુતિ કહે અમે કંઇક ચોકકસ નિર્ણય કરીને જ જંપશુ. તેથી તેઓએ પ્રયત્ન ચાલુ જ રાખ્યો. તેઓના વર્ષો સુધીના પ્રયત્નથી શ્રી ઠાકુરજીએ કૃપા કરી આકાશ વાણી દ્વારા કહ્યું હું તમારા ઉપર પ્રસન્ન છુ. તમારે શું જોઇએ ત્યારે પુષ્ટિ શ્રુતિ કહે અક્ષર બ્રહ્મથી આગળ શું છે તે અમારે જાણવું છે. ત્યારે આકાશવાણી દ્વારા ભગવાને કહ્યું તમે વિરજો નદીને કાંઠે બેસો, ત્યાં હું પ્રગટ થઇ તમારો મનોરથ પુર્ણ કરીશ.

બન્ને શ્રુતિ ત્યાંથી પાછી વળી મર્યાદા શ્રુતિને સાથે લઇ ચારે વિરજો નદી (શ્રીયમુનાજી)ને કાંઠે આવ્યા. ત્યાં થોડીવારમાં શ્રી ઠાકુરજી પ્રગટ થયા. અનેક ગોપીજનો પ્રગટ થયા, ત્થા સારસ્વત કલ્પની લીલા ત્યાં પ્રગટ કરી જેવીકે–કોઇ ગોપીની મટુકી ફોડવી, કોઇના મહી ઢોળીનાખવા, કોઇના ચીર પકડી મહી (દાન) ની માંગણી કરવી, કોઇને આલીંગન કરવું. વગેરે અનેક પ્રકારની લીલાના દર્શન તે શ્રુતિઓને કરાવ્યા, થોડીવારમાં બધા ગોપીજનો અંતર્ધાન થઇ ગયા. એક શ્રીઠાકુરજી

રહ્યા. તેઓએ પ્રસન્ન થઇ શ્રુતિઓને કહ્યું : હે શ્રુતિઓ તમે મારી આ લીલા જોઇ! આનાથી અધીક કાંઈ નથી, અક્ષરબ્રહ્મથી પર આ લીલા છે. તમોએ શાંતીથી જોઇ તેથી હું તમારા ઉપર પ્રસન્ન છુ. તમે કંઇક વરદાન માંગો ત્યારે શ્રુતિઓ કહે : હે પ્રભુ આપ અમારા ઉપર પ્રસન્ન થયા હોતો ગોપીજનો સાથે જે લીલા કરી, સ્વરૂપાનંદનુ દાન કર્યુ તેવું અમોને કરો.

આ સાંભળી શ્રીઠાકુરજી કહે : તમે આ ખુબ અધીક માંગ્યુ કહેવાય, ગોપીઓ સમાન તો હું પણ નથી. તમે તેમની ચરણરજની કૃપાથી માંગ્યુ હોત તો કંઇક પ્રાપ્ત થાત, પરંતુ હવે હું સારસ્વત કલ્પમાં કૃષ્ણ સ્વરૂપે પ્રગટ થઇશ ત્યારે એ સુખ તમોને પ્રાપ્ત થશે. એ શ્રુતિરૂપા ગોપીજનના વરદાન પુરા કરવા આપશ્રીનું પ્રાગટય વ્રજમાં છે. તેથીજ સુ. તામસ ફલ પ્રકરણ ૧–૪૧ માં ગોપીજનો કહે છે.

વ્યક્તં ભવાન્ વ્રજ ભયાર્તિ હરોભિજાતો
દેવો યથાદિ પુરૂષઃ સુરલોક ગોપ્તા ।
તન્નો નિધેહિ કર પંકજ માર્તબન્ધો
તપ્ત સ્તનેષુ ચ શિરઃ સુ ચ કિંકરીણામ ।૪૧।

અર્થ : હે આર્ત બન્ધુ! આદી પુરૂષ વિષ્ણુ જેમ દેવલોકની રક્ષા કરે છે, તેમ આપ વ્રજના દુઃખને દુર કરવા પધાર્યા છો. તેથી આપની દાસીઓ હોવાથી આપનો કર કમલ અમારા તપેલા સ્તન તથા મસ્તક ઉપર ધારણ કરો.

વિવરણ–આપના પધારવાનું કારણ સમજી આપે અમારા ઉપર કૃપા કરવી જોઇએ, કેમકે આપ વ્રજનાં દુઃખને દૂર કરવા પધાર્યા છો. વ્રજની આર્તિ અને ભય આપે દૂર કરવા રહ્યા નહિ તો સાક્ષત્ ભગવાનને ભૂતલ ઉપર પધારવાનું પ્રયોજન બીજુ કંઇ હોય એમ સમજતા નથી. મતલબકે એ જ પ્રયોજન છે. માટે અમારા તાપ દૂર કરો.

દ્વિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. પ. ભ. શ્રી મગનલાલ લાલજીભાઇ તન્ના
હ. શાંતાબેન તન્ના, રાજકોટ તરફથી સુપુત્રી ચિ. જયાગૌરીબેનના
શુભ લગ્ન પ્રસંગે

વ્રજયાત્રાનો ઉદય અને વિકાસ

લેખક : **શ્રી શેઠ ગોવિંદદાસ (સંસદ સભ્ય) જબલપુર**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી. એ. (ઓનર્સ) કોવિદ

(ગતાંકથી ચાલુ)

વ્રજ યાત્રાનો પ્રારંભ :

સોળેય કળાથી પરિપૂર્ણ સ્વયં પરબ્રહ્મ શ્રીકૃષ્ણની બાલલીલાઓ પણ વ્રજની આ જ પ્રકૃતિની ગોદમાં થઈ હતી અને તેમની કલાઓનો વિકાસ અહીં જ થયો હતો. એટલા માટે જ સ્વયં ભગવાન વ્રજરાજને પણ આ ભૂમિ અત્યંત પ્રિય હતી. આપણે તો ભગવાન ગોપાલ કૃષ્ણની ગોવર્ધન પૂજાને પણ પ્રકૃતિ પૂજા જ માનીએ છીએ. વ્રજ ભૂમિનાં વન, પર્વતોને દેવ સમાન મહત્ત્વ પ્રદાન કરવાનો ભગવાનનો સ્વયં પ્રયત્ન હતો. એવી પરિસ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણ જે દિવસે ગિરિરાજ ગોવર્ધનને સમસ્ત વ્રજવાસીઓ સમક્ષ દેવત્વ પ્રદાન કરીને તેની પૂજા કરી. સંભવતઃ તે દિવસથી જ વ્રજમાં ત્યાંનાં પ્રાકૃતિક સ્થળોની પૂજાની ભાવનાનું બીજ વવાય ગયું, જેનું વિકસિતરૂપ વ્રજ યાત્રા કહી શકાય. વ્રજ યાત્રાના પ્રેરકરૂપે આપણે ભગવાન શ્રીકૃષ્ણને જ આ યાત્રાના સૂત્રધાર કહી શકીએ છીએ.

શ્રીમદ્ ભાગવતમાં (દશમ સ્કંધ અ. ૧૩ માં) ‘બ્રહ્માવ્યામોહ’ના પ્રસંગમાં એક કથા છે, તે પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણને ગોપકુમારોની જૂઠી છાક ખાતાં જોઇને બ્રહ્માને પણ મોહ થયો અને તેથી ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના સખાઓ વાછરડાંઓ અને ગાયોનું હરણ કરીને લઈ ગયા, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે વાછરડાંની નવી સૃષ્ટિ રચી દીધી. તેથી બ્રહ્માને પોતાની ભૂલ સમજાઈ અને તેમણે પશ્ચાતાપ કર્યો. બ્રહ્માજી મોહમાંથી છૂટીને ભગવાનની સન્મુખ આવી ઊભાં તો ભગવાને બ્રહ્માજીને ક્ષમા કરી દીધી. પરંતુ આ કથામાં મહાકવિ સૂરદાસજી અને ‘પ્રેમ–સાગરના રચયિતા લલ્લુજી લાલનું કહેવું છે કે, બ્રહ્માને વ્રજયાત્રા કરવાનો આદેશ ભગવાને આપ્યો હતો. (સૂરદાસજીએ ગાયું છે કે “શ્રીમુખ વાણી કહત, બિલંબ અબ નેંક ન લાબહુ । વ્રજ–પરિક્રમા કરહુ, દેહ કૈ પાપ નસાવહુ”–સૂરદાસજી કૃત બાલ–વત્સ–હરણ લીલા) આ કથનનો મૂળ આધાર કયો છે તે કહી શકાતું નથી, પરંતુ જો આ સત્ય છે તો ભગવાન ગોપાલ કૃષ્ણના બાલ્ય સમથી જ વ્રજ યાત્રાની આ પરંપરા સ્વયં તેમના દ્વારા સ્થાપિત કરાયેલી માની લેવી જોઇએ અને એ રીતે સૃષ્ટિકર્તા બ્રહ્માજી ઉપર કહ્યા પ્રમાણે વ્રજના પ્રથમ યાત્રી થયા.

અહીં એમ પણ કહી શકાય કે બ્રહ્માજી વ્રજયાત્રા કરી જ હતી, તેવું કોઇ પ્રમાણ મળતું નથી, તેથી એમ ચોકકસ કહી ન શકાય કે તેમણે વૃજયાત્રા કરી જ હતી! પરંતુ બ્રહ્માજીએ વ્રજ યાત્રા ન કરી હોય. ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં જ વ્રજ યાત્રાનો પ્રારંભ તો થઇ જ ગયો હતો. પુરાણોમાં ભગવાન શ્રીકૃષ્ણના સખા ઉદ્ધવની વ્રજ યાત્રાનું પણ વર્ણન મળે છે. વળી ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું એક મહત્ત્વપૂર્ણ પાત્ર દેવર્ષિ નારદજી છે. તેમણે કરેલી વ્રજ યાત્રાનું વિવરણ પણ પુરાણોમાં જોવા મળે છે. જેનો ઉલ્લેખ આગામી અધ્યાયોમાં કરાયેલો છે. વ્રજમાં

અનેક સ્થળે નારદજીનાં મંદિર તથા ઉદ્ધવજીના કુંડ તેમજ મૂર્તિઓ છે, એ બધાથી પણ એજ પ્રમાણિત થાય છે કે દેવ કોટિના અને મનુષ્ય કોટિના પ્રાણીઓએ વ્રજ યાત્રા કરી હતી.

પછી યદુવંશ દ્વારકામાં નષ્ટપ્રાય થઇ જતાં શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે મથુરા પાછા આવીને યદુવંશી રાજ્યની સ્થાપના કરી અને પોતાના પ્રપિતામહ ભગવાન શ્રીકૃષ્ણની લીલા સ્થળોની યાત્રા પણ કરી, તેમ જ ત્યાં મૂર્તિઓની પણ સ્થાપના કરી. આ યાત્રાનું વિવરણ પણ આગામી અધ્યાયમાં દેવાઈ રહ્યું છે.

–ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

અધ્યાય ૧૫ મો

ન તદ્ભાસયતે સૂર્યો, ન શશાંકો ન પાવકઃ ।
યદ્ગત્વા ન નિવર્તન્તે, તદ્ધામ પરમં મમ ॥૬॥

શ્લોકાર્થ : અક્ષરધામ-પદને સૂર્ય પ્રકાશતો નથી, તેમજ ચંદ્ર અથવા અગ્નિ પણ પ્રકાશતા નથી, કારણ કે તે સ્વયંપ્રકાશ છે, વળી તે પદને પ્રાપ્ત કરી કોઇ સંસારમાં પાછો આવતો નથી, કારણ કે મારૂં ઉત્તમ ધામ છે. ॥૬॥

ટીકા : તત્પદના સ્વરૂપને વર્ણવે છે – એ પદ (ધામ)ને સૂર્ય પ્રકાશિત કરતો નથી. કારણ કે એ પોતે જ પ્રકાશયુકત છે. તાપહરણપૂર્વક ઠંડક વગેરેથી ચન્દ્રમા પણ એ પદને પ્રકાશિત નથી કરતો. શીતાદિના નિવારક અગ્નિ પણ ત્યાં એને ચમક (પ્રકાશ) આપતો નથી. તથા જે પદને પ્રાપ્ત કર્યા પછી પાછા અવાતું નથી એવું એ મારૂં ઉત્કૃષ્ટ ગૃહરૂપ ધામ છે. ॥૬॥

મમૈવાંશો જીવલોકે, જીવભૂતઃ સનાતનઃ ।
મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ, પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥૭॥

શ્લોકાર્થ : સચ્ચિદાનંદરૂપ મારા પુરૂષોત્તમનો જ અંશ જીવલોકમાં સનાતન જીવરૂપે થયેલો છે. સત્, ચિત્ અને આનંદ એ ત્રણમાંથી મારા આનંદનો તિરોભાવ થવાથી ચિદ્રુપ જીવ મારી ઇચ્છાથી મારાથી જુદો પડે છે. આ જીવ અંશ હોવાથી નિત્યસ્વરૂપ છે. સનાતન છે. આનો આનંદ તિરોહિત થતાં અનાદિ કર્મરૂપ અવિદ્યા પ્રકૃતિના પરિણામરૂપ દેવ, મનુષ્ય વગેરેના શરીરમાં રહેલી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મનને ખેંચે છે. ॥૭॥

ટીકા : જ્યારે પૂર્વ શ્લોકમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ પ્રકૃત્તિ-પુરુષ–જડ-જંગમાદિને ભગવાને પોતાનો

અંશ ગણાવ્યો (કહી દીધો) અને ક્રીડા (લીલા) ને માટે તેમની ઉપયોગિતા પણ કહી બતાવી ત્યારે "ત્યાં ગયા પછી પાછા ફરતા નથી" એ કથનની સુસંગતા (યોગ્યતા) નથી–પાંચ શ્લોકોમાં તેનું વર્ણન કરે છે–

મારી ક્રીડા (લીલા)ને માટે પ્રકટિત જીવલોકમાં આનંદનો અંશ તિરોધાન થઇ ગયેલો (ચાલ્યો ગયેલો) હોવાથી અનીશ્વરત્વના ઉદ્ભવનથી ક્રીડા રસના ભોગને માટે, સેવારસના અનુભવને માટે જીવત્વ લક્ષણવાળો મારો જ અંશ હંમેશાં મારામાં જ રહે છે, મન સહિત છ ઇન્દ્રિયોને ક્રીડાને માટે આવિર્ભૂત પ્રકૃતિમાં રહેવાવાળાઓને તેમના ભોગાદિ અનુભવોને માટે ખેંચે છે. ભાવ એ છે કે સાક્ષાત્ પોતાની ક્રીડાનો અનુભવ કરવાને માટે પ્રકટ કરાયેલો જીવભાવ "સનાતન પુરૂષોત્તમ"નો જ સાક્ષાત્ અંશ છે. તેના દ્વારા પ્રકૃતિ દ્વારા ઉત્પાદિત ભોગોના અનુભવને માટે અંશને જ્યાં ઈચ્છે ત્યાં લઈ જાય છે. "તમુન્ક્રામન્તમ્" આ શ્રુતિ પ્રમાણે છે. ॥૭॥

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગંધાનિવાશયાત્
॥૮॥

શ્લોકાર્થ : જીવાત્મા જે શરીરને પ્રાપ્ત કરે છે, તથા શરીરનો ત્યાગ કરે છે, ત્યારે મરણ વખતે જીવ શું શું સાથે લઇ જાય છે ? જેમ વાયુ કસ્તુરી વગેરે ગંધના સૂક્ષ્મ અવયવો સાથે લઇ જાય છે. તેમ પોતાની સાથે મન સહિત છ ઇન્દ્રિયો અને લિંગ શરીરને લઇ જીવાત્મા જાય છે. જીવ પોતાની સાથે સૂક્ષ્મભૂતો સાથે લઈ જાય છે. ॥૮॥

ટીકા : ઇશ્વર અર્થાત્ મૂલભૂત જીવ જ્યારે ભોગ ભોગવવા માટે શરીરને પ્રાપ્ત કરે છે અને જ્યારે ભોગની સમાપ્તિ થતાં ઉત્ક્રમણ કરે છે, ત્યારે આ પૂર્વોકત ઇન્દ્રિયો પોતાના ભોગને માટે જે સૂક્ષ્મ સંસ્કારોને ગ્રહણ કરીને પોતાના જ અંશ જીવ ભાવથી જાય છે (પ્રાપ્ત કરે છે). આ વિષયમાં વાયુનું દૃષ્ટાંત કહે છે. વાયુ પુષ્પોના ગંધના અંશોને જે પ્રકારે ગ્રહણ કરે છે, એ જ પ્રકારે ઇશ્વર જીવને લઇ જાય છે. ॥૮॥

શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ, રસનં ઘ્રાણમેવચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં, વિષયાનુપસેવતે ॥૯॥

શ્લોકાર્થ : શ્રોત્ર, ચક્ષુઃ, ત્વચા, રસના, ઘ્રાણ અને મનનું અધિષ્ઠાન કરી જીવ વિષયોનું સેવન કરે છે. જીવ પ્રાકૃત અહંકારના કાર્યરૂપ શ્રોત્ર વગેરે ઇન્દ્રિયોના વિષયોની વૃત્તિને અનુકૂલ કરી તે ઇન્દ્રિયોના વિષયોનો ભોગ કરે છે ॥૯॥

ટીકા : એ શા માટે લઈ જાય છે તે સમજાવે છે. કર્ણ–નાસિકા વગેરે ઇન્દ્રિયો લૌકિક સ્થૂલ શરીરમાં સ્થૂલ થઈ જાય છે, ત્યાં મન તથા અંતઃકરણને સાથે રાખીને મુખ્યરૂપથી ત્યાં સ્થિતિ કરીને અલૌકિક અનુભવને માટે વિષયોને પોતાના અંશજીવની સમીપ ભોગવે છે. ॥૯॥

ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ, ભુંજાનં વા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યન્તિ, પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ
॥૧૦॥

શ્લોકાર્થ : મનુષ્ય વગેરેના દેહ સાથે જોડાયેલા અણુ જીવને દેહમાંથી નીકળતાં

અથવા કોઈ દેહમાં સ્થિતિ કરતાં, તથા ગુણવાળા વિષયોનો ભોગ કરતાં, તથા ઈશ્વરના ગુણોવાળા અણુજીવને (દેહને જ આત્મા માનનાર) વિમૂઢ લોકો જીવને દેખી શકતા નથી, પરંતુ દેહ અને અણુઆત્માના વિવેકરૂપ જ્ઞાન જેને છે તેવા જ્ઞાનદષ્ટિવાળાઓ તો જીવને દેખી શકે છે. ।।૧૦।।

ટીકા : આ પ્રકારના તેને બધા કેમ જોઈ શકતા નથી ? તેથી કહે છે -ભજન રસથી અનુપયુક્ત દેહથી જતા એવા તેને જોવાની ઈચ્છાથી ત્યાં જ સ્થિત (રહેલાને) એ જ રસનો અનુભવ કરનારને, ગુણોથી યુક્ત તેનો ભોગ કરવામાં ચતુર, ઇન્દ્રિયોથી યુક્ત થઈને મુખ્ય જીવને મૂર્ખ લોકો જોઈ શકતા નથી, કારણ એ છે કે તેમને સત્સંગ પ્રાપ્ત થતો નથી. તેઓ પોતાના ઉપભોગમાં જ પરાયણ (રોકાયેલા) રહે છે. તેથી તેમની દૃષ્ટિ સ્વચ્છ નથી હોતી. તેથી જોતા હોવા છતાં જોતા નથી. સત્સંગના ફલસ્વરૂપ જ્ઞાનીજનો જ્ઞાનરૂપી ચક્ષુથી તેને જુએ છે. ।।૧૦।।

-ક્રમશઃ

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

ગ્રંથ પરિચય : **પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ** (મુંબઈ પારલા)
અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

(૩) ધૈર્ય ધારણ કરવાનો ત્રીજો ઉપાય છે ત્યાગ ત્યાગનો અર્થ છે આપણા તરફથી થતા બધી ઇન્દ્રિયોનાં કાર્યોને સ્થગિત કરી દેવા (અટકાવી દેવા) એ ઇન્દ્રિયોના એ વ્યાપારોને વાણીમાં અથવા મનમાં પ્રવેશ કરવામાંથી મુક્ત કરવાનો (અટકાવવાનો).

જડવત ધૈર્ય ધારણ :

જેવી રીતે જડભરત પોતાની મસ્ત દશામાં બેઠા રહેતા તેમ જ્યારે રાજાના સૈનિકો જડભરતને પાલખી ઉચકવા માટે લઈ ગયા ત્યારે જરાપણ આનાકાની કર્યા વગર પાલખી ઉપાડવા લાગી ગયા. પાલખીને બરાબર ન ઉપાડવા માટે રાજા જ્યારે ગાળો દેવા લાગ્યો ત્યારે એ ગાળોને પણ મસ્ત દશામાં સાંભળી લીધી તેનું કારણ પૂછવામાં આવ્યું, ત્યારે બુદ્ધિથી પૂર્ણ ઉત્તર આપ્યો અને રાજા તેમનાં ચરણોમાં પડી ગયો, ત્યારે એ જ ચાલુ મસ્તદશામાં રાજાને જ્ઞાનોપદેશ પણ કરી દીધો.

આ પ્રમાણે જડની જેવા વ્યવહાર કરીને પણ ધૈર્ય ધારણ કરી શકાય છે.

ગોપભાર્યવત ધૈર્ય ધારણ.

કૃષ્ણના વિરહમાં ગોપીઓએ તથા બીજા પણ વ્રજવાસીઓએ પોતાની અસમર્થતાને જાણીને ધૈર્ય ધારણ કર્યું હતું રાસના પ્રકરણમાં તથા મથુરાગમનના પ્રસંગે પણ. ભગવાન ઉપર જ્યારે આપણી કોઈ શકિત અસરકારક થતી ન હોય ત્યારે આપણી અસમર્થતા દ્વારા ધૈર્ય ધારણ કરવા સિવાય બીજો કોઇ ઉપાય પણ બાકી રહેતો નથી.

આ રીતે ભગવદિચ્છાનો તથા આપણી અસમર્થતાનો વિચાર કરીને આધિદૈવિક દુઃખોને સહના કરી લેવા જોઇએ.

આ બધા ઉપાય જો શકય અથવા સહેલા ન લાગતા હોય તો સર્વ દુઃખોને હરનાર શ્રીહરિનો આશ્રય ગ્રહણ કરવો (સ્વીકારવો) જોઇએ, કારણ કે ભગવાનનો આશ્રય કરવાથી અશકય વસ્તુ પણ સુશકય બની જાય છે. બધી દુર્લભ વાતો પણ સુલભ બની જાય છે. આ પ્રમાણે ધૈર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે આશ્રયનું સ્વરૂપ સમજવું જોઇએ.

ઐહિક-પારલૌકિક બધી બાબતોમાં સર્વ પ્રકારે એક માત્ર શ્રીહરિનો જ આશ્રય સ્વીકારવો તે આશ્રય કહેવાય છે. આશ્રયની દૃઢતાના પણ ચાર ઉપાય છે.

(૧) મન તથા વાણી દ્વારા નિરંતર શરણ ભાવના. (૨) કાયિક, વાચિક તથા માનસિક રૂપમાં અન્યાશ્રયનો ત્યાગ કરવો. (૩) મેઘ ઉપર ચાતકનો જેમ દૃઢ વિશ્વાસ હોય છે. એવી જ રીતે ભગવાન ઉપર દૃઢ વિશ્વાસ રાખવો. જાતે જ યોજેલા બ્રહ્માસ્ત્ર ઉપર જાતેજ મેઘનાદની જેમ ભગવાનની ઉપર કોઇ પણ દિવસ અવિશ્વાસ ન કરવો. (૪) સુખથી અથવા દુઃખથી જે કંઇ પ્રાપ્ત થાય તેનો મમતા રહિત થઇને ઉપભોગ કરવો.

(૧) આપણા જીવનમાં અનેક વિષમ પરિસ્થિતિઓ આપણી સામે આવતી રહે છે જે ઉદ્વેગજનક પરિસ્થિતિઓમાં આપણે વિચલિત થતા હોઇએ છીએ એ પરિસ્થિતિઓમાં જો આપણા મન તથા વાણીમાં આપણે શરણ ભાવનાનું સેવન કરતા રહીએ તો આશ્રય દૃઢ થઈ (બની) જાય છે. આપણા જીવનમાં અનેક પ્રકારનાં આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક કષ્ટો (દુઃખ) આવતાં હોય છે. એવે વખતે આપણે ઘણી વખત વિવેક તથા ધૈર્ય જાળવી શકતા નથી. પરંતુ જો મન અને વાણીમાં શરણભાવના સ્થાપિત કરવામાં સફળ થઇ શકીએ તો આશ્રય દૃઢ થઈ જાય છે. ગમે તે પ્રકારની પરિસ્થિતિ આપણી સામે આવી પડે; પાપની, ભયની, અપૂર્ણ કામનાઓની, ભકતદ્રોહની અભાવની યા તો ભકતોથી તિરસ્કૃત થવાની એ બધી પરિસ્થિતિમાં ભગવદ્ શરણભાવના એક કામ લાગે તેવો (ઉપયોગી નીવડે-સફળ થાય તેવો) ઉપાય છે. જ્યારે કોઈ અશકય કાર્યને સંપન્ન (અથવા સિદ્ધ) કરવાની જવાબદારી આપણી ઉપર આવી પડે ત્યારે ઉદ્વેગ, આશંકા તથા અપરાધને કારણે આપણે ભગવાનને ભૂલી જઇએ છીએ. જ્યારે કોઈ સુશકય કાર્યને સિદ્ધ કરવાની જવાબદારી આપણા ઉપર આવી પડે છે, ત્યારે સફળતાની આશા ઉત્સાહ તથા અહંકારને કારણે આપણે ઇશ્વરને ભૂલી જતા હોઇએ છીએ. કાર્ય ભલે અશકય હોય યા તો સુશકય હોય તો પણ ભગવાનને શરણે જવાની ભાવના હંમેશાં

આપણા મન તથા વાણી પર સ્થાપિત થઈ રહેલી હોવી જોઇએ.

આપણો અહંકાર જ્યારે પ્રબળ બની રહ્યો હોય આપણો આશ્રય કરનારાઓના રક્ષણ અથવા પોષણને સમયે, અથવા તો આપણા આશ્રિતજન યા તો સંબંધીજન જ્યારે આપણા અહંકારને ઘાયલ કરતા હોય, અથવા આપણો શિષ્યજન પણ જ્યારે આપણો તિરસ્કાર કરતો હોય ત્યારે (એવા સંજોગોમાં) શરણ ભાવનાને સ્થિર અથવા દઢ કરીને રાખવાની બહુ આવશ્યકતા છે.

માનસી સેવા, વ્યસનદશા, નિરોધ યા તો સર્વાત્મભાવના અનુભવને યોગ્ય અલૌકિક મનની સિદ્ધિને માટે પણ એક માત્ર શ્રીહરિ જ આપણું શરણ હોય છે. મનવાણીથી નિરંતર અષ્ટાક્ષર મન્ત્રનું અનુસંધાન ચાલુ રાખવું જોઇએ. આશ્રયને દઢ કરવાનો આ પ્રથમ ઉપાય છે.

(૨) કાયા, વાણી તથા મનથી અન્યાશ્રયનો ત્યાગ કરવો જોઇએ. શ્રુતિમાં નિત્યકર્મના રૂપમાં વિહિત (આજ્ઞા કરાયેલી) ન હોય તો પણ કોઈ દેવ વગેરેનું પોતાના પ્રયત્નો દ્વારા નિષ્કામ યા તો સકામ ભજન કરવું એ અન્યાશ્રય છે. ક્યાંક જતાં હોઈએ ત્યારે (રસ્તે જતાં) કોઈ અન્ય દેવનું મંદિર માર્ગમાં આવતું હોય તો જુદી વાત છે. બીજી રીતે પોતાની જાતે (ચાલી ચલાવીને) બીજા કોઈ દેવના દર્શનને માટે તેમના મંદિરમાં જવું એ અન્યાશ્રય ગણાય. માર્ગમાં જતા હોઇએ ત્યારે અન્ય દેવનું કોઇ મંદિર આવી જાય ત્યારે નમન દ્વારા એ દેવ તરફ આદર ભાવ પ્રગટ કરવો એ કાંઇ અન્યાશ્રય નથી. પરંતુ કોઇ લૌકિક યા અલૌકિક પ્રયોજનને વશ થઇને કોઈને અન્યદેવની પ્રાર્થના કરવી એ અન્યાશ્રય ગણાય. "અન્યદેવ"નો અર્થ છે –ભગવાનનું એવું દેવરૂપ કે જેને પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલીમાં માન્ય કરવામાં આવ્યું નથી. અન્યાશ્રયનો ત્યાગ કરવાથી પણ આશ્રય દઢ થઇ જાય છે.

(૩) ભગવાન ઉપર ક્યારેય અવિશ્વાસ ન કરવો જોઇએ હંમેશા ચાતકની જેવો દઢ વિશ્વાસ રાખવો જોઇએ. લંકામાં હનુમાનજીને જ્યારે બ્રહ્માસ્ત્ર વડે બાંધવામાં આવ્યા હતા. ત્યારે સ્વયં બાંધવાવાળા રાક્ષસોને પણ બ્રહ્માસ્ત્ર ઉપર અવિશ્વાસ થઇ ગયો હતો. આ કારણને લીધે જ્યારે તેમણે બ્રહ્માસ્ત્ર સિવાયની બીજી દોરીઓથી અથવા સાંકળોથી બાંધવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમના અવિશ્વાસને જાણીને બન્ને પ્રકારના બંધનોને તોડી નાખીને હનુમાનજી મુકત થઇ ગયા. આ જ કારણને લીધે (ભગવાનની શકિતમાં) અવિશ્વાસ ક્યારેય ન કરવો જોઇએ. જળ વરસે યા ન વરસે તો પણ ચાતકનો વિશ્વાસ સ્વાતિ બિન્દુની બાબતમાં ક્યારેક ખંડિત થતો નથી. એવો દઢ વિશ્વાસ પ્રભુ ઉપર રાખવો જોઇએ. દઢ વિશ્વાસથી ભગવદાશ્રય દઢ થાય છે.

(૪) આપણને જે કંઇ અને જેવું તથા જેટલું પ્રાપ્ત થાય તેનો મમતા રહિત ઉપભોગ કરવાનું વ્રત જો આપણે લઇએ તો ન તો પ્રિય વસ્તુની પ્રાપ્તિથી હર્ષ થશે અને ન તો અપ્રિય વસ્તુની પ્રાપ્તિથી ખેદ (અથવા દુઃખ યાને વિષાદ) થશે. આ પ્રમાણે પ્રાપ્ત વસ્તુના મમતા રહિત ઉપભોગથી પણ ભગવદાશ્રયની દઢતા પ્રાપ્ત થાય છે.

ઉપસંહાર

ગમે તે પ્રકારે પણ આશ્રયની દઢતાની અપેક્ષા રહે છે. નાનાં કે મોટાં, સારાં કે નરસાં, કોઈ પણ પ્રકારના કાર્યોને કરતી વખતે જો આપણે હૃદયમાં શરણ ભાવનાને જાગૃત રાખવામાં સફળ (અથવા શક્તિમાન) થઇ જઇએ છીએ ત્યારે બીજી બધી બાબતો ધીમે ધીમે પોતાની મેળે જ સિદ્ધ થવા લાગશે. આ પ્રમાણે આપણે જોયું કે કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગમાં ચાલવાનું દુઃસાધ્ય થઇ ગયું છે, તો પણ ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય બધા લોકોને માટે હંમેશાં હિતકારક બને છે.

એક દૃષ્ટિએ જોવા જઇએ તો આપણો પુષ્ટિમાર્ગ તો કર્મ, જ્ઞાન તથા ભક્તિ એમ ત્રણેય માર્ગ (નો સમન્વય) છે. પરંતુ જે જીવો આ ત્રણ માર્ગ પર ચાલી નથી શકતા અથવા તો ચાલતાં ચાલતાં થાકીને બેસી જવા માગે છે તેમની સાધના અધૂરી રહી જાય છે. પરંતુ થાકેલા હોય યા તો ન થાકેલા હોય એવા જે જીવો ભગવાનના ચરણોમાં બેસી જાય છે તેઓ ચાલ્યા વગર પણ ધ્યેય (અથવા ગન્તવ્ય –જે સ્થળ સુધી પહોંચવાનું છે ત્યાં) સુધી પહોંચી જાય છે. ભગવાનના ચરણ યા શરણ (આશ્રય) ખુદ પોતાનામાં માર્ગ પણ છે અને ગન્તવ્ય પણ છે. એટલે કે માર્ગ તેમજ ગન્તવ્ય સ્વયં ભગવાનના ચરણમાં યાને શરણમાં જ સમાયેલા છે.

"એવમાશ્રયણં પ્રોક્તં સર્વદા હિતમ્…"

આ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થ વિ.સં. ૧૯૮૩ માં પ્રકાશિત (સંસ્કૃત) સંસ્કરણની ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિતરૂપ છે. એ સંસ્કરણ શ્રીમદ્ ગોસ્વામી કુલભૂષણ-વિદ્યાનિધિ-શ્રીવ્રજરત્નલાલજી મહારાજની શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા (સુરત) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. તેનું સમ્પાદન શ્રી ચીમનલાલ હ. શાસ્ત્રીજીએ કર્યું હતું. આ બન્ને મહાનુભાવો પ્રત્યે અમે હાર્દિક કૃતકૃત્યતા પ્રકટ કરીએ છીએ.

(ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઇ તેમજ ગો. વા. સોની જયંતિલાલ લીલાધરના જય શ્રીકૃષ્ણ.

।। શ્રીમન્મથુરેશોજયતિ ।।

વ્રતોત્સવાદિનિર્ણય

લેખક – **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક – **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર** (ગતાંકથી ચાલુ)

૧૮ ।। અથ મકરસંક્રાન્તિ નિર્ણયઃ ।।

મકરસંક્રાન્તિનો નિર્ણય માધવના મતથી સંક્રાન્ત (સૂર્યનું રાશિગમન) દાહાડે થતી હોય તો પછીની વીસ ઘડી સુધી પુણ્યકાળ તેમાં સ્નાન દાનાદિક કરવું. રાતે સંક્રાન્ત થતી હોય તો પછીની ચાલીસ ઘડિ સુધી પુણ્યકાળ એવો હેમાદ્રીનો મત છે, માટે બીજે દાહાડે દાનાદિક કરવું, પરંતુ માધવ વિશેષ એમ કહે છે કે રાત્રિના પૂર્વ ભાગમાં સંક્રાન્ત થતી હોય તો પેહેલે દાહાડે મધ્યાન્હ પછી બે પ્રહર સુધી પુણ્ય કાલ અને અર્ધ રાત્ર પછી થતી હોય તો બીજે દાહાડે સવારથી બે પ્રહર સુધી પુણ્યકાલ, પરંતુ બરાબર અર્ધરાત્રે થતી હોય તો પેહેલે દાહાડે મધ્યાન્હ પછી બે પ્રહર સુધી પુણ્ય કાળ અને બીજે દાહાડે પણ બપોર પછી બે પ્રહર પુણ્યકાળ એવો બે દાહાડે પણ પુણ્યકાળ નિર્ણય સિદ્ધ છે. પરંતુ રાતે સંક્રાન્ત છતાં સદાચારે કરીને હેમાદ્રી મત પ્રમાણે બીજે દાહાડે પર્વાત્મ ઉત્સવ કરવો. ભોગીનો ઉત્સવ સંક્રાન્તિના પેહેલે દાહાડે કરવો. મેષ સંક્રાન્તિનો નિર્ણય ચૈત્રોત્સવમાં લખ્યો છે.

૧૯ ।। અથ માઘ શુકલ પંચમી વસંત પંચમી ।।

માઘ શુકલ પંચમી વસંત પંચમી તે પણ સૂર્યોદય વ્યાપ્ત લઇને ઉત્સવ કરવો, કારણકે દેવકાર્યને વિષે જે તિથિલેવાની તે સૂર્યોદય વ્યાપિની લેવી એવું વૃદ્ધ યાજ્ઞવલ્કયનું વચન છે બે દાહાડે પંચમી સૂર્યોદય વ્યાપ્ત હોય તો પેહેલી લેવી અને પંચમીનો ક્ષય છતાં વિદ્ધ (ચતુર્થી યુકત પંચમી) લેવી.

૨૦ ।। અથ માઘ શુકલ પૂર્ણિમા રોપણી ।।

માઘ શુકલ પૂર્ણિમા રોપણી પૂર્ણિમા તે દાહાડે હોલી દંડા રોપણ પર્વાત્મક ઉત્સવ એ વિષે શાસ્ત્રીય વચનોનો અભાવ છે પરંતુ સકલદેશ પ્રસિદ્ધિથી પૂર્વોકત કરવો તે હોલી દંડા રોપણ ભદ્રા રહિત પૂર્ણિમા છતાં કરવો.

જ્યારે દડારોપણ રાત્રિના પૂર્વભાગમાં હોય છે ત્યારે ભગવાનને અભ્યંગાદિક પેહેલે દાહાડે કરવું, પરંતુ જ્યારે રાત્રિના પરભાગમાં દંડા રોપણ હોય, ત્યારે બીજે દાહાડે અભ્યંગાદિક કરવું એવો સદાચાર છે. પરંતુ જ્યારે પેહેલે દાહાડે રાત્રિના પૂર્વ ભાગ સુધી ચતુર્દશી અને બીજે દાહાડે પૂર્ણિમા સૂર્યાસ્ત પહેલા નિવૃત્ત થાય છે ત્યારે અથવા ભદ્રા રહિત પૂર્ણિમા ન મળે તો બીજે દાહાડે પ્રતિપદામાં દંડા રોપણ કરવું, અથવા પૂર્ણિમાને દાહાડે ગ્રહણ હોય અથવા ગ્રસ્તોદય હોય તો ગ્રહણ છૂટયા પછી દંડા રોપણ કરવું અને ગ્રસ્તોદય ન હોય તો ગ્રહણ લાગ્યા પહેલા દંડા રોપણ કરવું.

૨૧ ।। અથ માઘકૃષ્ણ સપ્તમ્યાં ગોવર્ધનોધ્ધાર ગમનોત્સવઃ ।।

માઘકૃષ્ણ સપ્તમીને દાહાડે શ્રીનાથજીનો પાટોત્સવ તે વિષે સપ્તમી ઉદયવ્યાપ્ત લેવી. સપ્તમીનો ક્ષય છતાં વિદ્ધ (ષષ્ઠિ યુકત સપ્તમી) લેવી. બે દાહાડા સપ્તમી સૂર્યોદય વ્યાપ્ત હોય તો પેહેલી લેવી.

॥ શ્રી વલ્લભ: ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. મીસ્ત્રી રવજીભાઇ, "વ્રજ" ધોરાજી

શ્રીકૃષ્ણ નામે શ્રીકૃષ્ણ રૂચે તેવા ગુણ આપે
શ્રીકૃષ્ણ નામ **અવગુણ અનેક કુબુદ્ધિ** કાપે
॥૧૨॥

ભાવાર્થ–શ્રીકૃષ્ણ નામ રટણ આપણને શ્રીકૃષ્ણ વહાલા લાગે. તેમાં લગની થાય. એવા ગુણોનું આપણુ મન નિર્મળ કરી અને દાન કરે છે. શ્રીકૃષ્ણ નામ રટણ જીવકૃત અને પ્રકૃતિ જન્ય સર્વ અવગુણોને કાપી શ્રીકૃષ્ણ નામ રટણમાં અવરોધ કરનારી કુબુદ્ધિ ને ભસ્મિભૂત કરી, નામ રટણમાં પ્રિતી થાય, લગની લાગે તેવી સદબુદ્ધિનું **દાન કરે છે. અને અંતે શ્રીકૃષ્ણમાં** અનન્ય ભકિતનું દાન કરે છે.

શ્રીકૃષ્ણ નામ મદ કામ ક્રોધ બલ લોભ નસાડે
કૃષ્ણ નામ **માત્સર્ય મોહને નાશ પમાડે**
॥૧૩॥

ભાવાર્થ–શ્રીકૃષ્ણ નામ રટણ જીવનમાં કામ–ક્રોધ–મદ–લોભનું બળ તોડી અને જીવને દીનતાનું દાન કરે છે. **માત્સર્ય** અહંતાનો નશો છે. તેનો અને મિથ્યા મોહનો નાશ કરે છે. મદ અને મોહનું દ્રષ્ટાંત છે. શ્રીમહાપ્રભુજીના સેવક–વાસુદેવદાસ છકડાએ, હાકેમના પાંચસો માણસને પણ હરાવી કાઢી મુકયા. તેને અતિ મદ મત્સર્ય થયાં. તેને સરસ્વતીમાં સ્નાન કરતી વખતે કૃષ્ણદાસજીએ ફકત તેના હાથ પકડી અને મત્સર્ય–મદનો નાશ કર્યો. અને દીનતાનું દાન કર્યું.

મોહ–ગોકુળના એક વિરકતને એક દ્રવ્ય પાત્ર શેઠાણીમાં મોહ હતો. તે શ્રીગુસાંઇજીએ તે વિરકત દ્વારા રૂ. પાંચ હજાર ઉછીના મંગાવી મુદત લંબાવી, શેઠાણીનું મુળ સ્વરૂપ બતાવી તેનો મોહ ટાળી, પાછા વાળી, અનન્યતાનું દાન કર્યું. પ્રભુ એવા ભકત વત્સલ છે. માટે સદા શ્રીકૃષ્ણ નામનું રટણ કરી પ્રભુમાં અનન્ય લગની લાગે તેવું કરીએ.

શ્રીકૃષ્ણ નામ સહુ વિષય વાંછના વિષ કરી નાખે
કૃષ્ણ **નામથી બળ અખિલ ઇશ્વર સમ
ઝાંખે** ॥૧૪॥

ભાવાર્થ–આપણા રામચરિત માનસ રચનાર પરમ સંત શ્રી તુલસીદાસજી અને શ્રી વિષ્ણુસ્વામિના શિષ્ય, બિલ્વમંગળ સુરદાસજીની વાર્તા આપણે યાદ કરીએ. બન્નેની વાર્તા લગભગ એક જેવી જ છે. તુલસીદાસજી અને બીલ્વમંગળજીની પોતાની પત્નિઓ પીયર ગઇ છે. અને આ બન્ને મહારથીઓ પ્રાથમિક દશામાં વિષય પંકથી ખરડાયેલ હોઈ તેનાથી વિરહ સહન થતો નથી. જે તેઓ પોતાની પત્નિને મળવા જાય છે. નદી કીનારે તેમનો મહેલ છે. વર્ષા ઋતુ હોવાથી નદી ભરપુર ચાલી જાય છે. હિંમત અને સાહસથી તેઓ નદી તરી, અને કીનારે આવે છે. ત્યાં પુરમાં મૃત્યુ થવાના ડરથી એક મોટો સર્પ મહેલના ઝરૂખાની ઝાળીમાં ફેણથી મજબુત પક્કડ ઝમાવે છે. અને લટકે છે. આપણા મહા-

નુભાવો તેને દોરડું સમજી અને ઉપર ઝરૂખામાં ચડે છે. ત્યાં તેઓની સ્ત્રી ઝરૂખામાં આવે છે. તેને જુએ છે. અને કહે છે કે, તમે આવા મહાન જીવ હોવા છતાં આવા ક્ષુલ્ક કેમ થઇ ગયા વિષય પંકથી તમે ખણ ખરડાઈ ગયા ? અરે ! આ મળ મુત્ર ભરેલી ગંદી દેહ માટે આટલો શ્રમ લીધો ? તેના કરતાં શાશ્વત સુખો આપનાર પ્રભુમાં આવી લગની લગાડી હોત તો, પ્રભુ તમને સાક્ષાત દર્શન આપી અને પોતાના અચ્યુત ધામમાં પણ લઈ જાત, તમારા જેવા ક્ષુલ્ક જીવ સાથે સંબંધ બાંધીને અમને પણ પસ્તાવો થાય છે. આ શબ્દો સાંભળી બન્ને મહાનુભાવોએ રામ–અને કૃષ્ણમાં લગની લગાડી. તેણે અખિલ વિશ્વને પ્રભુરૂપ જોયું. અને બન્ને મહાનુભાવો પરમ પાવન બની જઇ. પોતાને અને જગતને પણ શ્રીરામ ચરિતમ માનસ અને કૃષ્ણ લીલા મતની અમુલ્ય ભેટો આપી જગતનો પણ ઉદ્ધાર કર્યો.

ક્રમશઃ

સને ૧૯૮૮ના અંક ૫ના અનુસંધાને શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

ક્રમ	નામ	ગામ
૨૭૧	પા. સવજીભાઇ ભુરાભાઇ	રાણાખીરસરા
૨૭૨	શાંતિલાલ હીરાલાલ	રાજકોટ
૨૭૩	સોની જેઠાલાલ ગોકળદાસ	ગોંડલ
૨૭૪	ગોવિન્દ પ્રિન્ટીંગ પ્રેસ	ગોંડલ
૨૭૫	મગનલાલ લાલજીભાઇ તન્ના	રાજકોટ
૨૭૬	શાંતિલાલ પી. પરીખ	મલાડ
૨૭૭	પ્રવીણ જે. નથવાણી	રાજકોટ
૨૭૮	અમરશી દામોદર રૂધાણી	રાજકોટ
૨૭૯	જમનાદાસ લાધાભાઇ	બાંદ્રા
૨૮૦	ગોપાલદાસ ગોરધનભાઈ પટેલ	સુરત

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભ : ॥
॥ ગોપીજન વલ્લભાય નમ : ॥

"શ્રી વલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ) લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં 'શ્રીવલ્લભ' શબ્દ શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે. બન્ને એક જ સ્વરૂપ છે.]

વ્રજની ગોપિકા બોલે, ગોપાંગના બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૪)
ગોપીની ગોરસી બોલે રે બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૫)
સમગ્ર વ્રજનાં સચરાચર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૬)
સમગ્ર વ્રજનાં તમચર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૭)
સમગ્ર વ્રજનાં રજકણ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૮)
સમગ્ર વ્રજનાં જલકણ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૯)
સમગ્ર વ્રજનાં જલચર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૦)
સમગ્ર વ્રજનાં વૃક્ષો બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૧)
સમગ્ર વ્રજની લત્તા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૨)
સમગ્ર વ્રજની શાખા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૩)
સમગ્ર વ્રજનાં પલ્લવ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૪)
સમગ્ર વ્રજની કલિકા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૫)
સમગ્ર વ્રજનાં ફલ-ફૂલ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૬)
સમગ્ર વ્રજનાં પશુ-પક્ષી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૭)
અજા ગાવો મહિષી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૮)
શુક મયૂર હંસાદિ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૩૯)
સમગ્ર વ્રજની કુંજ બોલે, નિકુંજ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૦)
રસ કુંજ બોલે, ભાવ નિકુંજ બોલે, શ્રીવલ્લભ તવાસ્વિ (૪૧)
રસ કુંજના ભાવકુંજના ભમરા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૨)
રસકુંજના-ભાવકુંજના **ગોવર્ધન** બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૩)
રસકુંજનાં-ભાવકુંજનાં **કંદરા** બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૪)
દ્રવીભૂત - ઘનીભૂત સ્વરૂપે બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૫)
નાદે બોલે, નિનાદે બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૬)
રાગે બોલે, તાલે બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૭)
તિગડતત્તા થેઈ બોલતાં બોલતાં બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૮)
તાતાથેઇ-તાતાથેઇ બોલતાં બોલતાં બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૪૯)
તત્તથેઈ તત્તથેઈ બોલતાં બોલતાં બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૫૦) (ક્રમશઃ)

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૩૧ મો

વૈષ્ણવાચાર્ય પરંપરા

ભગવાને જગતમાં અનેક પ્રકારના જીવ ઉત્પન્ન કર્યા છે અને તે જીવો સંસારમાં મોક્ષ તથા ભગવત્ પ્રાપ્તિ કરે એ માટે વેદ, શાસ્ત્ર પુરાણ વગેરેમાં અનેક સંપ્રદાય–માર્ગના ધર્મો કહ્યા, તેથી જેવો જે અધિકારી જીવ હોય અને જેવો જેને સંગ થયો હોય તે પ્રમાણે તે ધર્મનું આચરણ કરે છે પૂર્વના સાત્ત્વિક, રાજસ તામસ અધિકાર પ્રમાણે તે ધર્માચરણ કરે છે. વેદ શાસ્ત્ર વગેરેમાં વૈષ્ણવ સંપ્રદાયને અનાદિ અને અતિ ઉત્કૃષ્ટ કહયો છે, સમુદ્રમંથન સમયે બધા દેવતા શ્રીલક્ષ્મીજીને વરવા આવ્યા, પરંતુ શ્રીલક્ષ્મીજીએ બધા દેવતામાં દોષ દેખાતાં બધાનો ત્યાગ કર્યો અને એક સાક્ષત્ સર્વ સમર્થ વિષ્ણુ ભગવાનને નિર્દોષ જાણી લક્ષ્મીજી તેમને વર્યા.

ભૃગુ ઋષિએ પણ ત્રિદેવ–બ્રહ્મા, વિષ્ણુ મહેશની પરીક્ષા લઇ વિષ્ણુ ભગવાનને જ બધાથી મોટા કહ્યા. આ બધી કથા વેદ, શાસ્ત્ર વગેરેમા તથા લોકમાં પ્રસિદ્ધ છે, તેમાં વિશેષ પ્રમાણ શું જોઇએ? તેવી રીતે વિષ્ણુ ભગવાન સંબંધી વૈષ્ણવ સંપ્રદાય પણ બધાથી ઉત્તમ અને ઉત્કૃષ્ટ છે.

વૈષ્ણવ મતના ચાર સંપ્રદાય કહેવાય છે.

સંપ્રદાય વિહીનાયે,
મન્ત્રાસ્તે નિષ્ફલા મતાઃ ॥
અતઃ કલૌ ભવિષ્યન્તિ,
ચત્વારઃ સંપ્રદાયિનઃ ॥

[પાદ્મ ગૌતમી તંત્રાદિ]

સંપ્રદાય વગરનો જે મંત્ર લેવામાં આવે છે તે મંત્ર નિષ્ફલ છે, તેમ માટે કલિમાં ચાર સંપ્રદાયો પ્રવર્તે છે.

શ્રી બ્રહ્મ રૂદ્ર સનકા,
વૈષ્ણવાઃ ક્ષિતિ પાવનાઃ ॥
ચત્વારસ્તે કલો ભાવ્યાઃ,
સમ્પ્રદાય પ્રવર્તકાઃ ॥ [પદ્મ પુરાણ ઉત્તર ખંડ]

શ્રી; બ્રહ્મા, રૂદ્ર અને સનતકુમાર પૃથ્વીને પાવન કરવા વૈષ્ણવ ધર્મના આચાર્ય ચારે ચાર સંપ્રદાયના પ્રવર્તક કલિયુગમાં થયા.

૧. શ્રી – લક્ષ્મીજી આ સંપ્રદાયમાં **શ્રીરામાનુજાચાર્ય** થયા. તે હાલ રામાનુજ સંપ્રદાય કહેવાય છે. તે વિશિષ્ટાદ્વૈત વાદમાં માને છે. શ્રીની સેવાનો ક્રમ રામના અનુંજ શ્રી લક્ષ્મણમુનિએ પતિત પાવની ભકિતનો પ્રચાર કર્યો. જીવ અને જગત બ્રહ્મથી આવિર્ભાવ પામેલાં હોવા છતાં પણ જડત્વ અને જીવને બંધન હોવાથી પુરુષોત્તમ કોટીની સમાનતા આ બન્ને વિભકતમાં સમાનતા લેવા નથી. એથીજ બ્રહ્મને વિશિષ્ટ બન્ને અંશોથી માન્ય કરેલ છે.

૨. બ્રહ્મ – બ્રહ્માજી. આ સંપ્રદાયમાં **શ્રી મધ્વાચાર્ય** થયા. તે હાલ મધ્વસંપ્રદાય કહેવાય છે તેદ્વૈતવાદમાં માને છે. આત્મા અને પરમાત્મા અથવા જીવ અને ઇશ્વર જુદા છે એવો તેમનો દાર્શનિક સિદ્ધાંત છે. ઉત્તર મીમાંસા અથવા વેદાંતને છોડી બાકીનાં પાંચે દર્શન દ્વૈતવાદીઓ કહે છે કે બ્રહ્મ અને જીવનો ભેદ નિત્ય છે. બ્રહ્માજીએ સ્વામી સેવકના ભાવવાળો વૈકુંઠી ભકિત વિષ્ણુની દ્વૈત સિદ્ધાંત બતાવી સપ્રદાય અલગ કર્યો.

૩. રુદ્ર – શિવજી આ સંપ્રદાયમાં વિષ્ણુસ્વામી થયા. તે સંપ્રદાય અને શુદ્ધાદ્વૈત સિદ્ધાંતના પ્રચારક શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રી બિલ્વમંગલાચાર્ય અર્પિત ગાદીપતિ બન્યા. તે શુદ્ધાદ્વૈત વાદમાં માને છે.

પ્રભુ જુદો છે. બધું જગત જુદું છે અને હું પણ જુદો છું, એમ જાણે તેનું નામ દ્વૈત, પરંતુ આ બધું ભગવદ્ રૂપ છે. માત્ર ક્રીડા (લીલા) ને માટે પ્રભુએ પોતાના સ્વરૂપમાંથી આ જગત ઉત્પન્ન કર્યુ છે. બધાનાં જુદાં જુદાં નામ તથા જુદાં જુદાં સ્વરૂપ બનાવ્યાં છે, પરંતુ વાસ્તવિક રૂપે જોઇએ તો બધું ભગવદ્ રૂપ જ છે. જેમ સોનાનાં કડાં, **મુંદડી** એ બધાં જુદાં જુદાં દેખાય છે. પરંતુ વ્યવહારમાં નામ અને રૂપથી જુદાં જુદાં ગણાતાં તેમાં બધું સોનું જ છે, સોનાથી તે જુદાં નથી. તેવી જ રીતે બ્રહ્મ પોતાના સત્ અને ચિત્ રૂપથી બનાવેલું આ જગત્ ભગવદ્ રૂપ છે. કોઈપણ પદાર્થ પ્રભુથી જુદો, નથી, તેવી રીતનું જે જ્ઞાન હોય તેને શુદ્ધાદ્વૈત કહેવાય અને તે પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે.

અંશોને પૃથક કરી આનંદાકાર બ્રહ્મ, અંશ અને અંશીથી ક્રીડા કરતું બ્રહ્મ, જીવ અને અંતર્યામી હરિ પોતે જ બન્યા છે, [કઠ શાખા]

જીવમાં આનંદ અંશ તિરોહિત થવાથી અહંતા મમતાત્મક સંસારમાં પડવાથી બંધન પામે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો બ્રહ્મવાદ અવિકૃત પરિણામ વાદ કહેવાય છે. મૂલમાં મધ્યમાં અને અંતમાં, સર્વ અવસ્થામાં કારણના નાના પ્રકારનાં કાર્યરૂપે પરિણામ પામવા છતાં કાર્ય કારણરૂપેજ રહે છે, તે પરિણામને અવિકૃત પરિણામ કહેવાય છે.

કરોળિયો પોતે જાળ રચે છે પણ તે જાળરૂપી પરિણામ કાર્ય–કરોળિયા રૂપી કારણમાં કોઈપણ પ્રકારનો વિકાર–ફેરફાર ઉત્પન્ન કરતું નથી. અવિકૃત પરિણામ સિધ્ધાંત પ્રમાણે એકજ, અદ્વિતીય, નિર્ગુણ અવ્યય બ્રહ્મ જગતનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ છે. એ કારણ જે બ્રહ્મ તે જગતરૂપે પરિણામ પામે છે, તથાપિ બ્રહ્મમાં કાંઈપણ વિકૃતિ થતી નથી. બ્રહ્મ સર્વ ભવન સામર્થ્યવાન હોવાથી પોતેજ જગતના ઉપાદાન કારણ બની શકે છે ઘડો બનાવવા માટે કુંભારને દંડ, ચક્રાદિની અપેક્ષા રહે છે, કારણકે કુંભાર સર્વ શકિતમાન નથી.

કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ, મંત્ર, તૈજસ માત્ર પ્રભૂતિ દિવ્ય પ્રદાર્થોમાંથી અનેક અભીપ્સિત પદાર્થો પરિણામ પામે છે–ઉત્પન્ન થાય છે. તે છતાં તેમનામાં અણુમાત્ર પણ વિકાર ઉત્પન્ન થતો નથી, તેજ પ્રમાણે બ્રહ્મ સ્વેચ્છાથી અનેક રૂપે પરિણામ પામી રમણ કરે છે–લીલા કરે છે, તથાપિ બ્રહ્મમાં લેશ માત્ર વિકાર પણ ઉત્પન્ન થતો નથી. [ઈશાવાસ્ય]

જગત એ બ્રહ્મનું જ આધિભૌતિક કાર્યરૂપ છે અક્ષર એ આધ્યાત્મિક સ્વરૂપ છે. જગત બ્રહ્મનું જ કાર્ય હોવાથી કારણરૂપ બ્રહ્માથી અભિન્ન છે, તેથી જગત પણ સત્ય છે. જગત, કાર્ય–કારણ, નામ–રૂપ, જીવ ઈશ્વર, સર્વ કાંઈ બ્રહ્મ જ છે, કાર્ય–કારણ, નામ–રૂપ, જીવ–ઈશ્વરનો અભેદ સિદ્ધ કરવામાં અવિકૃત પરિણામવાદ સફળ થાય છે, કારણ કે સર્વ ધર્મ વિશિષ્ટ અવિકૃત, સર્વ ભવન સમર્થ **કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્** એવું પરબ્રહ્મ જ સર્વ કોઈનું સમવાથી. ઉપાદાન. તેમજ નિમિત્ત કારણ છે. એ સિદ્ધાંત શ્રીમદાચાર્ય શિરોમણિ શ્રી વલ્લભાર્યજીએ કર્યો માટે એમણે પ્રકાશિત કરેલો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત કહેવાય છે.

શુદ્ધાદ્વૈત એટલે કાર્ય–કારણ, નામ રૂપ, જીવેશ્વર સર્વનું શુદ્ધ માયા રહિત અદ્વૈત બ્રહ્મને જ ઉત્પાદન અને નિમિત્ત કારણ સ્વીકાર્યું એટલે એ સિદ્ધાંતને બ્રહ્મવાદ પણ કહેવાય છે. અવિકૃત બ્રહ્મ જ જગતરૂપે પરિણમે છે. અવિકૃત ધર્મી સ્વરૂપ અનેક ધર્મ સ્વરૂપે પરિણામ પામે છે, માટે એ સિદ્ધાંત અવિકૃત પરિણામ સિદ્ધાંત કહેવાય છે.

આનંદ અંશના આવિર્ભાવમાં જીવ અને ઈશ્વર બન્નેમાં ભેદ નથી. એ આ સંપ્રદાયને માન્ય છે અને તેથીજ એ સંપ્રદાયને **'શુદ્ધાદ્વૈતી'** સંપ્રદાય કહે છે. માયા પરતંત્ર થયેલા જીવને મોક્ષ પ્રાપ્તિને માટે જોઈતું જ્ઞાન ઇશ્વરાનુગ્રહ વિના થવું અશકય છે. પરમેશ્વરના આ અનુગ્રહને પુષ્ટિ એટલે પોષણ એવું નામ આપેલું છે. તેથી આ સંપ્રદાયને **'પુષ્ટિમાર્ગ'** એ નામથી ઓળખવામાં આવે છે.

૪. સનક–સનત, સનકાદિ. આ સંપ્રદાયમાં નિમ્બાર્કાચાર્ય થયા. તે હાલ નિમ્બાર્ક સંપ્રદાય કહેવાય છે. તે દ્વૈતાદ્વૈત વાદમાં માને છે.

વિષ્ણુ પુરુષોત્તમની સ્વામી સેવકના ભાવવાળી દ્વૈતાદ્વૈત સિદ્ધાંતવાળી ભકિતનો પ્રચાર કર્યો,

નિમ્બાર્કાચાર્યનો રાધાકૃષ્ણની ભકિતનો બોધક આ એક સંપ્રદાય છે. જીવ જગત અને ઈશ્વિર સંબંધી તેમનો એવો મત છે કે ત્રણે જો કે ભિન્ન નથી, તો પણ જીવ અને જગતનું અસ્તિત્વ અને તેમનો વ્યાપાર સ્વતંત્ર નથી, પણ ઇશ્વરેચ્છા ઉપર અવલંબીને રહેલ છે. મૂળ પરમેશ્વરમાં જ જીવ અને જગતનાં સુક્ષ્મ તત્વો સમાયેલા છે.

રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતથી આ સંપ્રદાયની ભિન્નતા બતાવવા માટે આને **દ્વૈતાદ્વૈત** સંપ્રદાય એવું નામ આપેલ છે.

વિષ્ણુ સંપ્રદાયના બીજા આચાર્ય શિવજી થયા. પ્રથમ પુરુષોત્તમ ભગવાને શિવજીને ઉપદેશ કર્યો. ભવત્ ધર્મનો અને શ્રીભાગવતી ભકિતનો પ્રચાર તથા ઊર્ધ્વ પુંડ્ર તિલક, તુલસીની માલા અને વૈષ્ણવોની મહાનતાનું દરેક ઠેકાણે શ્રીશિવજીએ પુરાણોમાં વર્ણન કર્યું.

શ્રીશિવજીએ નારદજીને ઉપદેશ કર્યો તેથી નારદજી ત્રીજા આચાર્ય થયા.

નારદજીએ વ્યાસજીને મંત્રોપદેશ (ભાગવતી ભકિત) કર્યો. તેથી વ્યાસજી ચોથા આચાર્ય થયા. વ્યાસજીએ પોતાના પુત્ર શુકદેવજીને મંત્રોપદેશ કર્યો, તેથી શુકદેવજી પાંચમા આચાર્ય થયા.

શુકદેવજી પછી વિષ્ણુસ્વામી છઠ્ઠા આચાર્ય થયા.

વિક્રમ સંવત પહેલાં ૬૦૦ વર્ષ પૂર્વે દ્રવિડ દેશના મદુરાનગરીના પાંડય વિજય નામના રાજાના મંત્રી ભકત બ્રાહ્મણ દેવસ્વામીને ઘેર શ્રાવણ વદિ ૭ ના રોજ યશોમતી દેવી માતાની કુખે તેમનો જન્મ થયો હતો. યજ્ઞોપવીત સંસ્કાર બાદ થોડાજ દિવસોમાં સંપુર્ણ વેદ–વેદાંગ, પુરાણો વગેરેનું જ્ઞાન સંપાદાન કરી લીધું. વિષ્ણુસ્વામીના મનમાં આવ્યું કે–આ તુચ્છ રાજાની સેવા ચાકરી કરતાં તો બધા રાજાના રાજાધિરાજ ઈશ્વિર ભગવાન છે. તેમની સેવા સારી છે. તેથી તે બધું છોડીને પોતાના આરાધ્ય દેવની શોધ કરવા માંડી, તેમણે મૃત્યુલોકથી બ્રહ્મલોક સુધી વિચાર કર્યો, પરંતુ આરાધ્ય દેવનાં દર્શન થયાં નહિ.

ત્યાર બાદ ઉપનિષદનું શરણ લીધું અને તેમાં જે પ્રમાણે ઈશ્વિરના સ્વરૂપનું વર્ણન કરેલ હતું, તે પ્રમાણે ઉપાસના કરવા લાગ્યા, પરંતુ તેમાં સફળતા મળી નહિ.

છેવટે ભગવદ્ વિયોગમાં અન્નજનો ત્યાગ કરી, ભગવાનની સેવા ચાલુ રાખી. આમ છ દિવસ વીતી ગયા, શરીર નબળું પડી ગયું, પરંતુ ભગવત્પ્રાપ્તિ માટેનો ઉત્સાહ જરાપણ ઓછો થયો નહિ. સાતમે દિવસે વ્યથા એટલી બધી તીવ્ર થઇ ગઇ કે તેમને એક એક ક્ષણ કલ્પ સમાન વીતતી લાગી, જીવવું ભાર રૂપ થઈ પડયું, ત્યારે તેમણે પોતાના શરીરને અગ્નિમાં બાળી દેવાનો નિશ્ચય કર્યો, તેજ વખતે કિશોરાકૃતિ વેણુવાદન તત્પર. શ્રૃંગારરસ મૂર્તિ, પીતાંબરધારી, બે સખીઓથી સેવાતા ત્રિભંગ લલિત ભગવાન શ્યામસુંદરનાં દર્શન થયાં. તરત જ વિષ્ણુ સ્વામી દંડવત્ કરીને તેમનાં ચરણોમાં આળોટવા લાગ્યા ભગવાને પોતાના કર

કમલથી તેમને ઉઠાવીને હૃદય સાથે લગાવ્યા અને માથા તથા પીઠ પર હસ્ત કમલ ફેરવી કૃતાર્થ કર્યા. પછી વિષ્ણુસ્વામીએ બે હાથ જોડીને સ્તુતિ કરી અને આગ્રહ કર્યો કે, હવે આપ અંતર્ધાન ન થશો. હંમેશાં મને દર્શન દીધા કરો, અથવા મને આપની સાથે લઇ જાઓ.

પરંતુ ભગવાનને તો તેમના દ્વારા ભક્તિનો પ્રચાર કરાવવો હતો, તેથી જેવાં દર્શન થયાં હતાં તેવા જ પ્રકારની પ્રતિમા બનાવડાવી, ભાવાત્મક પુરૂષોત્તમે ભાવથી પ્રવેશ કર્યો. તે સ્વરૂપને સાક્ષાત્ ભગવદ્ ભગવરૂપ માનીને રાજરીતથી અર્ચાપૂજા કરવા લાગ્યા અને આનંદથી જીવન વિતાવવા લાગ્યા.

ભગવત્પ્રેરણાથી ભકિતની સંવર્ધના કરતાં કરતાં વૃદ્ધાવસ્થા આવી ગઈ, તેથી વિષ્ણુસ્વામીને **વિરહ** થયો કે આ સંપ્રદાય ભગવાન પોતે ચલાવે તો સારું તેથી ભગવાને આજ્ઞા કરી કે અમે ભૂતલ ઉપર પ્રકટ થઇને તમારો મત ચલાવીશું. પછી વિષ્ણુસ્વામીએ શાસ્ત્ર મર્યાદાના રક્ષણ માટે, ત્રિદંડ સન્યાસ લઇને ભગવત્ ચિતન કરતાં કરતાં ભગવાનના નિત્ય ધામમાં પ્રવેશ કર્યો.

શ્રી વિષ્ણુસ્વામી સંપ્રદાયના છેલ્લા આચાર્ય શ્રી બિલ્વમંગલ થયા, તેમણે શ્રીમદ્ વલ્લભાચાર્યજીને આઠમા આચાર્ય તરીકે સંપ્રદાય સુપરત કર્યો, તેથી જ શ્રી બિલ્વમંગલાચાર્ય સાતમા આચાર્ય તરીકે ગણાયા.

માયાવાદી શંકરાચાર્ય વગેરે મતવાળાઓએ સ્વામી સેવક ભાવનું ખંડન કરી કેવલા દ્વૈત સિદ્ધાંતનો પ્રચાર કર્યો. તેથી વૈષ્ણવ મત બધી રીતે ઉચ્છિન્ન થઇ ગયો. તેથી વિષ્ણુસ્વામી સંપ્રદાયના ઉપર લખ્યા પ્રમાણે સાતમા અને છેલ્લા આચાર્ય શ્રી બિલ્વમંગલ હતા, તેમણે સંપ્રદાયને નષ્ટ થતો જોઇને સંપ્રદાયની રક્ષા કરવ માટે, ભગવાનને પ્રાર્થના કરી. ત્યારે એમ આજ્ઞા થઇ કે અમારો અવતાર શ્રીવલ્લભાચાર્યજી થશે. તે સંપ્રદાયનું મંડન કરશે અને માયાવાદી વગેરે પાખંડ મતનું ખંડન કરશે, બ્રહ્મવાદનું સ્થાપન કરશે શુદ્ધ ભકિત માર્ગ ચલાવશે.

—ક્રમશઃ

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૧૩ તા. ૮–૧૦–૮૮ શનિવાર શ્રીગુસાંઇજીના ત્રીજા લાલ શ્રીબાલકૃષ્ણલાલજીનો ઉત્સવ (સં. ૧૬૦૬)

ભાદરવા વદ ૧૪ તા. ૯–૧૦–૮૮ રવિવાર ગો. શ્રી શિશિરકુમાર બાવા (કામવન)નો જન્મદિન.

ભાદરવા વદ અમાસ તા. ૧૦–૧૦–૮૮ સોમવાર કોટની આરતિ. સાંઝીની સમાપ્તિ ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧ તા. ૧૧–૧૦–૮૮ મંગળવાર નવરાત્ર આરંભ, જવારા વાવવા. રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા નવવિલાસ. રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય.

ગો. શ્રી અનુરાગ બાવા (સુરત) અને ગો. શ્રી પ્રણયકુમાર બાવા (મથુરા)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૧૩-૧૦-૮૮ બુધવાર ગો. શ્રી રસિક વલ્લભજી મહારાજ (પાર્લા) નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૧૮-૧૦-૮૮ મંગળવાર ગો. શ્રીહરિરાયજી મહારાજ (મુંબઇ) અને ગો. શ્રી ગોકુલોત્સવ બાવા (ચાંપાસેની) નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૧૯-૧૦-૮૮ બુધવાર ગો. શ્રી વાગધીશબાવા (નાથદ્વારા) નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૨૦-૧૦-૮૮ ગુરુવાર વિજ્યા દશમી અંકુરાર્પણ. ગો. શ્રી દામોદર બાવા (કોટા)નો જન્મદિન.

આસો સુદ ૧૧ તા. ૨૧-૧૦-૮૮ શુક્રવાર પાશાંકુશા એકાદશી વ્રત ગો. શ્રી કૃષ્ણ કુમારજી (કામવન) અને શ્રી ગોપીકાલંકાર બાવા (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૨૩-૧૦-૮૮ રવિવાર શ્રી બાલકૃષ્ણજી (સુરત)નો પાટોત્સવ ગો. શ્રી શીશીરકુમાર બાવા (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૪ તા. ૨૪-૧૦-૮૮ સોમવાર શરદ પૂનમ રાસોત્સવ, ફ્લાત્મક મહારાત્રિ

આસો સુદ ૧૫ તા. ૨૫-૧૦-૮૮ મંગળવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ કાર્તિક સ્નાન આરંભ શ્રી રણછોડજી (ડાકોર) નો મેળો.

આસો વદ ૩ તા. ૨૭-૧૦-૮૮ ગુરૂવાર ગો. શ્રી વિનયકુમાર બાવા (કોટા) નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૨૮-૧૦-૮૮ શુક્રવાર ગો. શ્રી હરિરાયબાવા (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૩૧-૧૦-૮૮ સોમવાર શ્રી રણછોડજીનો ષોડશોપચાર (ડાકોર) ગો. શ્રી વ્રજ વલ્લભ બાવા (માંડવી) નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૩-૧૧-૮૮ ગુરૂવાર ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) અને ગો. શ્રી વ્રજેશકુમાર બાવા (વિરમગામ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૪-૧૧-૮૮ શુક્રવાર શ્રીટિકૈતના શૃંગારનો પ્રારંભ ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા) નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૫-૧૧-૮૮ શનિવાર રમા એકાદશી વ્રત. ગો. શ્રી મુરલીધર બાવા (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૬-૧૧-૮૮ રવિવાર વાઘ બારસ ગોવત્સ દ્વાદશી ગો. શ્રી કલ્યાણરાય બાવા (કામવન) નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૭-૧૧-૮૮ સોમવાર ધન તેરસ. કાન જગાવવાના પદ બોલાય.

આસો વદ ૧૪ તા. ૮-૧૧-૮૮ મંગળવાર ગો. શ્રી જયદેવલાલ મહારાજ (વિરમગામ) અને ગો. શ્રી રઘુનાથજી મહારાજ (કામવન) નો જન્મદિન રૂપચતુર્દશી.

।। શ્રી વલ્લભઃ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સહિત] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૫૦ મું રાગ-રામકલી

શ્રીયમુનાજી પતિત પાવન કર્યો ।।
પ્રથમહીં જબ દીયો દર્શન,
સકલ પાતક હર્યો ।।૧।।

જલ તરંગન પરસ કર,
પય પાન સોં મુખ ભર્યો ।।

નામ સ્મરત ગઇ દુર્મતિ,
કૃષ્ણ યશ વિસ્તર્યો ।।૨।।

ગોપ કન્યા કીયો **મજ્જન,**
લાલ ગિરિધર વર્યો ।।

'સૂર' શ્રી ગોપાલ સ્મરત,
સકલ કારજ સર્યો ।।૩।।

ભાવાર્થ-હે શ્રીયમુનાજી ! આપે પતિતને પાવન કર્યો આપે પ્રથમ દર્શન આપી અને સર્વ પાપોનું હરણ કર્યું. પાપોનું હરણ પછી જલ તરગોનો જ્યારે સ્પર્શ કર્યો અને નામસ્મરણથી સર્વ દુર્મતિ પણ ચાલી ગઇ અને શ્રીકૃષ્ણના સુયશનો હૃદયમાં વિસ્તાર થયો. ગોપકુમારીકાઓએ આપનામાં સ્નાન કરી અને કાત્યાયિની વ્રત કર્યું તો તેઓ સર્વ લાલગિરધરને વર્યા. શ્રી સૂરદાસજી કહે કે **શ્રીગોપાલનું** સ્મરણ કરતાં સર્વ કાર્ય સર્યા.

વિવેચન-ગૌઘાટ ઉપર શ્રીઆચાર્યજીએ સુરદાસજીને પ્રથમ શરણે લઇ અને આપ બ્રજમાં પધાર્યા ત્યારે સુરદાસજીએ શ્રીયમુનાજીનાં દર્શન પયપાન કરી અને શ્રી યમુનાજીની સ્તુતિરૂપે આ કીર્તન કર્યું હોય તેવો અનુભવ થાય છે.

–ક્રમશઃ

નિત્ય નિયમ સ્તોત્ર પાઠ સંગ્રહ

પ્રકાશક – **શ્રી સર્વોત્તમ સ્તોત્ર મંડળ, રાજકોટ**

પૂ. પા. ગો. શ્રી દ્રુમિલકુમાર બાવાશ્રી સ્થાપિત આ મંડળ દ્વારા આમંત્રણથી દર રવિવારે વૈષ્ણવને ત્યાં શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ કરવા જવાની પ્રવૃતિ નિષ્કામભાવે ચલાવાય છે.

શ્રી સર્વોત્તમ સ્તોત્ર વૈષ્ણવની ગાયત્રી છે અને દરેક વૈષ્ણવે શુદ્ધ ઉચ્ચારથી પાઠ કરવાનુ શીખવું જોઈએ. એ હેતુને લક્ષમાં રાખી આ પ્રવૃતિનો લાભ સૌ કોઇ વૈષ્ણવે લેવો જોઇએ.

આ મંડળના તમામ સભાસદો આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા યોજાતા પ્રત્યેક કાર્યક્રમમાં તન, મન અને ધનથી ઉત્સાહપૂર્વક સહયોગ આપી રહ્યાં છે, તે અનુકરણીય અને અભિનંદનને પાત્ર છે.
ન્યોછાવર – દર રવિવારે પાઠમાં જરૂર આવો, પાઠ કરો અને પાઠ કરાવો.

પુસ્તિકા મેળવવા નીચેના સરનામે સંપર્ક રૂબરૂ સાધવો–
શ્રી વિનોદરાય નટવરલાલ ગણાત્રા
C/o શ્રી ડાયાભાઈ લખમણભાઇ
શાક મારકીટ–**રાજકોટ**

એક પત્ર

પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ
અરાદ

પ્યારા વલ્લભીય,

પ્રેમ લક્ષણા ભકિતમાં અહં અને દંભ (દેખાવ) તેમજ અન્યાશ્રય અને અસમર્પિત, શ્રદ્ધા અને વિશ્વાસ વલ્લભીઓ જ દૃઢ કરાવે છે. જેથી સ્વચ્છતા રહે છે, કદાપિ ચિંતા સતાવતી નથી. શ્રી વલ્લભાધીશનો દૃઢ આશરો હશે તો સદા શાંતિ, આનંદ અને સુખ જ અનુભવાશે. જ્યારે જે કંઇ પાપ થવાનું હશે તે તો થયા જ કરવાનું છે. ચિત્ર ભલે વિચિત્ર જણાય. અંતે તો શ્રીજી આપણું હીત જ કરે છે અને કરશે. આપણો આધાર-આશ્રય શ્રીમહાપ્રભુજી જ છે. વ્હાલા વલ્લભ-વલ્લભાધીશ પ્રભુની કરૂણા કૃપાનો કયા શબ્દોમાં ગાન કરવાનાં. આપણા ઉપર અપાર કૃપા કરી છે. નિજજનો ઉપર અપાર સ્નેહ છે એ પ્રભુનો.

કૃપા એક લાલન કી ચહિએ
અપનો દોષ વિચાર સખીરી, ઉનસો કછુ ન કહીયે.
વે કરે સોઈ સબ આછી, અપને શિર પર સહિયે;
'સૂર' શ્યામ સો કછુ નાં કહિયે, જ્યોં રાખે ત્યોં રહિયે.

આપણે લૌકિકમાં દિવો ઉંબરામાં રાખીએ છીએ. જેથી ઘરમાં અજવાળું થાય અને બહાર પણ અજવાળું થાય. અંદરને બહાર પ્રકાશ ઇચ્છી દીવો મધ્યમાં રાખીએ છીએ. મુખમાં ભગવદ્ નામ સતત રાખવાવાળા અનન્ય ભગવદીઓમાંથી આપણે એ અનુભવીએ કે ભગવદ્ નામ એ આનંદ સ્વરૂપ છે. અત્યંત પ્રકાશમાન અલૌકિક તે જ છે. મુખમાં સતત ભગવદ્ નામ લેવાથી અંદર અને બહાર અવશ્ય આનંદ પ્રસન્નતા, પ્રફુલ્લિતતા, પ્રસરે જ, એમાં શું આશ્ચર્ય છે? હા! દીવો પ્રજવલિત હોય તો જ બને સ્થળ પ્રકાશિત બની રહે છે. તે જ પ્રમાણે ભગવદ્ નામ હૃદયના પૂર્ણ ભાવથી અતિ સ્નેહપૂર્વક, શુદ્ધ અંતઃકરણપૂર્વક, આર્દ્ર હૃદયથી, ગદ્ગદિત કંઠે કર્તવ્ય સમજીને પૂર્ણ પ્રેમ સહ સતત લેવામાં આવે તો અંદર-બહાર અજ્ઞાન અંધકાર રહે જ કયાંથી? વર્તમાનને મજબુત પકડી યાદ કરીએ 'કાલ કોણે દીઠી' તો ભૂતકાળ અને ભવિષ્યકાળ બંનેય સુધરી શકે છે. સેવા, સ્મરણ, સત્સંગ, ચિંત્વન સર્વેશ્વરનું સતત થાય તો સર્વ સુધરી જાય છે.

પ્રભુ પુર્ણ પ્રકાશમાન છે. પ્રભુ પૂર્ણાનંદ છે. એમના નામની સતત હાજરી-મુખમાં અને હૃદયમાં-રાખીયે તો શોક, દુઃખ અને અશાંતિ ટકી શકે જ નહિ. પ્રત્યેક ક્ષણે ચિવટ રાખીયે દીવો બુઝાયો તો નથીને! સતત કાળજી રાખીયે-ભગવદ્ નામ ભુલાતું તો નથી ને! ભગવદ્ સંગ પ્રકાશ છે. વ્હાલા વલ્લભીય બંધુ! આપણા તમામ ઉપર શ્રીમહાપ્રભુની અસીમ કૃપા છે અને ભગવદ્ નામ રૂપી દેવો સતત અખંડ પ્રજવલિત રાખી અન્યાશ્રય અને અસમર્પિતથી બચીયે-જય શ્રીકૃષ્ણ.

રાજકોટ મંડાણ હાલ બંધ રહેશે

રાજકોટમાં ખત્રિવાડ લાલજી પારેખની શેરીમાં આવેલ **શ્રી જશુભાઈ વૈષ્ણવ મંડાણનું** રીપેરીંગ કામ ચાલતુ હોઈ બહારગામથી આવતાં વૈષ્ણવોને ઉતરવા તથા પ્રસાદ લેવાની વ્યવસ્થા રીપેરીંગ પુરુ થતા સુધી મોકુફ રાખેલ છે.

સમાચાર

મદ્રાસમાં શોભાયાત્રા પ્રસંગ :

મદ્રાસ નગરમાં ૧૦૨ વર્ષ જૂના શ્રી વિઠ્ઠલનાથજી મંદિરના નવનિર્માણ તેમજ પાટોત્સવ પ્રસંગે એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

અત્રે બિરાજેલા શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુનું મંદિર અત્રેના પુષ્ટિમાર્ગીય દ્વિતીય પીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રીમતી ગીતા વહુજી અને ગો. ૧૦૮ શ્રી અજયકુમાર બાવા માથે બિરાજે છે. આ મંદિરનું સુંદર નિર્માણ કાર્ય માટે રૂ. ૨૫ લાખ ખર્ચી મદ્રાસના અગ્રગણ્ય વૈષ્ણવોએ સારી સેવા આપી છે.

મંદિરમાં પ્રભુનો શુભ પ્રવેશ સંવત ૨૦૪૪ વેશાખ સુદી પૂનમ તા. ૧–૫–૮૮ રવિવારના રોજ સવારના ૫–૪૫ વાગ્યે ખૂબ ધામધુમથી થયો. આ પ્રવેશ અનુલક્ષીને શ્રી વિઠ્ઠલનાથજી સાત સ્વરૂપની હવેલીમાં છેલ્લા ચાર વર્ષથી બિરાજેલ હતા. ત્યાંથી સવારે ઠીક ૫ વાગ્યે પ્રભુને સુખપાલમાં પધરાવી ભવ્ય પ્રમાણમાં શોભાયાત્રા નીકળી. શોભાયાત્રામાં ફટાકડા, તોપ, પ્રખ્યાત તંજાવુર ઘોડાનૃત્ય, અશ્વ સહિત તેમજ કેસરીયા મંડળી, નાદસ્વર. બેન્ડવાજા, વેદ મંત્રોચ્ચાર, સહિત તેમજ સ્ત્રીઓ કેસરી વસ્ત્રો પરિધાન કરી કલશો લઈ શોભાયાત્રા નીકળી હતી. મદ્રાસના ખૂબજ ભાવિક વૈષ્ણવોએ તેમાં ભાગ લીધો હતો.

મુંબઈથી પધારેલ કાંદીવલીની પ્રખ્યાત કેસરીયા મંડળીએ કીર્તન કર્યા હતા. શ્રી વિઠ્ઠલેશ પ્રભુને ચાંદીની મુખપાલમાં પધરાવ્યા હતા. ગોસ્વામી બાળકોએ શોભાયાત્રા શોભામાં વધારો કર્યો હતો.

આ નવનિર્માણ કાર્ય અત્રેના અગ્રગણ્ય વૈષ્ણવો શ્રી ચંદુભાઈ પરીખ, શ્રી ગોવિંદદાસ પુરુષોત્તમદાસ, શ્રી કૃષ્ણકુમાર હરિદાસ, શ્રી બાલકૃષ્ણ કોઠારી, શ્રી વલ્લભદાસ ગાંધી તેમજ અનેક વૈષ્ણવોના સહકારથી સુંદર અને ભવ્ય નિર્માણ થઈ શકયું.

શ્રી વિઠલનાથજી મંદિરના પાટોત્સવ નિમિતે. . .
મદ્રાસ નગરમાં વધાઇના તથા આશીર્વાદ પ્રસંગનો રીપોર્ટ

તા. ૪–૫–'૮૮ બુધવારના રોજ સાંજે ૫ કલાકે શ્રી વિઠ્ઠલનાથજી મંદિરના પાટોત્સવ પ્રસંગ પર વધાઈ તથા આશીર્વાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમ પ્રસંગે અત્રે બિરાજતા ગોસ્વામી ૧૦૮ શ્રી અજયકુમાર બાવા, ગો. શ્રી ભરતબાવા તેમજ મુંબઈથી પધારેલ ગો. ૧૦૮ શ્રી યોગેશબાવા ગો. ૧૦૮ શ્રી મનોજબાવા, ગો. ૧૦૮ શ્રી કમલેશબાવાના સાન્નિધ્યમાં ઉજવાયો હતો.

આ પ્રસંગે વધાઈ કીર્તન, ગો. બાલકોના આશીર્વચનો અને વચનામૃતના પ્રવચનો થયા હતા. આ શુભ પ્રસંગ પર સુંદર આયોજન તેમજ મંદિરના ભવ્ય નવનિર્માણ માટે તન, મન, ધનથી સેવા કરનાર મદ્રાસના અગ્રગણ્ય વૈષ્ણવ શ્રી ગોવિંદદાસ પુરૂષોતમદાસને તેમજ શ્રી દુર્ગાશંકર ચંપાલાલ દવેને આશીર્વાદ આપી **"વૈષ્ણવરત્ન"**ની ઉપાધિ આપી હતી.

આ ઉપરાંત અન્ય વૈષ્ણવ ભાઈ–બ્હેનોને પણ તેમની સેવા માટે ગો. બાલકોએ આશીર્વાદ આપ્યા હતા. આ આયોર્જન અનુલક્ષીને શ્રી વિઠ્ઠલેશ પ્રભુને અનેક મનોરથો ઉજવાયા હતા.

આ પ્રસંગે મદ્રાસના અગ્રગણ્ય વૈષ્ણવ શ્રી ચંદુભાઈ પરીખ, શ્રી બાલકૃષ્ણ કોઠારી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

અંતમાં શ્રી ગોવિંદદાસ પુરૂષોતમદાસે અત્રેના ગોસ્વામી બાલકોનો, મુંબઈથી પધારેલ ગો. બાળકોનો, મુંબઈથી પધારેલ કેસરીયા મંડળીનો, તેમજ મદ્રાસના વૈષ્ણવ ભાઈઓ તથા બહેનોનો આ ભવ્ય કાર્યક્રમમાં સાથ સહકાર આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

અમદાવાદ પ્રવર્તમાન પરિસ્થિતતિમાં વૈષ્ણવ સમાજની એકતા પ્રસ્થાપિત કરવા અને શ્રીમદ વલ્લભાચાર્યજીનો સંદેશો ગામે ગામ પહોંચાડવાના હવે સમગ્ર વૈષ્ણવ સમાજે આં. પુ. વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠિત

બનવું જોઈએ. 'સંઘે શકિત કલૌ યુગે" એવું એક સોમી શાખા અમદાવાદ શહેરના બાપુનગરની ઉપશાખાનું ગણેશચતુર્થીના દિવસે ઉદઘાટન કરતાં પૂ, ગો. શ્રી વ્રજરાયજી મહારાજે જણાવ્યુ હતું. પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ વડોદરા. અને પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય-મુંબઈ અમરેલી. પ્રાસંગીક પ્રવચનોમાં સંપ્રદાયના પ્રચાર-પ્રચાર અને સંરક્ષણ સંવર્ધન અંગે વિસ્તૃત સસજ આપી શતી.

પરિષદના સંપ્રદાય અને વૈષ્ણવોના કાયોંમાં ગૌસેવા અને માનવસેવાવાં કાર્યો પણ કરે છે એથી ગુજરાહના પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રિકમલાલ શેઠે અને સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે દુષ્કાળ સેવા કાર્ય અંગેની જાણકારી આપી હતી. શ્રી પુરૂષોત્તમદાસ મીસ્ત્રીને બાપુનગરની શાખાના સંયોજક તરીકેની જાહેરાત સંગઠન મંત્રીએ કરી હતી. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજના ઉત્સવ નિમિતે વૈષ્ણવોએ શોભાયાત્રા કાઢી હતી અને મોટી સંસ્થામાં વૈષ્ણવો તેમાં જોડાયા હતા. અમદાવાદ પરિષદના પ્રમુખ શ્રી જે. સી. વોરાએ આનંદ વ્યકત કરી આભાર માન્યો હતો,

ઉજેટ (હાલોલ) આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે પંચમહાલ જિલ્લાના હાલોલ પાસે ઉજેટ ગામે વૃક્ષારોપણ કરીને શ્રીમદ વલ્લભાચાર્યજી ઉપવનનો ઉદઘાટન સમારંભ પુ. ગો. શ્રી વાગીશબાવાશ્રીના વરદ હસ્તે તારીખ ૧૪-૮-૧૯૮૮ના રોજ યોજવામાં આવ્યો હતો. દેશનાં રૂષિમુનિઓ અને શ્રીમદ વલ્લભાચાર્યજીએ વૃક્ષો નીચે બેસીને તપશ્ચર્યા કરી છે યે વાતની યાદ કરાવી તેઓએ વૃક્ષારોપણથી પ્રકૃતિને ગતિમાન કરવા વૈષ્ણવ સમાજને અનુરોધ કર્યો છે.

આં. પુ, વૈ પરિષદ દ્વારા વૈષ્ણવોની યાદમાં ૮૪ શ્રીમદ વલ્લભાચાર્ય ઉપવનો ઉભા કરવાના પ્રયાસોમાં હાલોલ શાખાએ સૌ પ્રથમ ઉપવન કરવાનું કાર્ય કર્યુ છે તે અભિનંદનીય છે અને શાખાઓ માટે અનુકરણીય છે એવું સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠે પ્રારંભિક પ્રવચનમાં જણાવ્યું હતું.

હાલોલ શાખાના પ્રમુખ ડો. જીવણલાલ શાહે આ ઉપવનનાં પાંચ હજાર વૃક્ષો રોપવામાં આવશે એવી જાહેરાત કરી હતી અને પરિષદના મંત્રી શ્રી સી. પી. તલાટીએ સૌનો આભાર માન્યો હતો.

અમદાવાદ : વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશની બેઠક તા ૨૮/૮/૮૮ના રોજ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠનાં અદયક્ષપદે મળી જેમાં ધર્મ પ્રચાર વાહન "ભકિતવર્ધિની"નું ઉદઘાટન ગો, શ્રી વૃજેશકુમારજી મહારાજ (કાંકરોલી નરેશ)ના વરદ હસ્તે કરવામાં આવેલ તેમજ પરિષદના દુષ્કાળ રાહત કાર્યનો અહેવાલ સ્મરણીકાનું વિમોચન ગો. શ્રી રાજેશકુમાર (કંડી-કોટા)નાં વરદ હસ્તે કરવામાં આવેલ આ પ્રસંગે ગો. શ્રી વુજરાયજી મહારાજ (રાજનગર) પણ ઉપસ્થિત હતા.

વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા ૮૪ ઉપવન નિર્માણ કરવાનો જે મહત્વનો ઠરાવ કરેલ છે તેના ઉપલક્ષમાં હાલોલ મુકામે પ્રથમ ઉપવન ઉભુ કરવામાં આવેલ છે અને ૪000 વુક્ષો રોપવામાં આવેલ છે તે માહિતી આપવા સાથે અન્ય ઉપવનો નિર્માણ થાય તે માટે પ્રવૃતિશીલ બનવા અનુરોધ કરવામા આવ્યો.

વૈષ્ણવ પરિષદની અમદાવાદ શાખા તરફથી પરિષદના સંગઠ્ન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠની સેવાને બીરદાવવા ગો.શ્રી વુજરાયજી મહારાજના વરદહસ્તે સન્માન પત્ર તેમજ શાલ શ્રી ચીમનભાઈ શેઠને અર્પણ કરવામાં આવ્યા તેમજ કપડવંજ શાખાએ પણ સન્માન સમારંભ ગો. શ્રી વુજેશકુમારજી કાંકરોલી વાળાની ઉપસ્થિતીમાં યોજેલ.

ગોધરા : શ્રી બાબુભાઈ ગાંધીના પ્રમુખસ્થાને શ્રી ગોધરા-કલોલ-હાલોલ-બારીયા-સંતરામપુર... વગેરે સ્થાનના વૈષ્ણવ પરિષદના કાર્યકરોની મીટીંગ પ્રદેશ સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠની ઉપસ્થિતિમાં મળેલ જેમાં પંચમહાલ જીલ્લામાં ૫ પાંચ ઉપવન નિર્માણ કરવાનો નિર્ણય કરેલ છે.

(ટાઇટલ બે ઉપરથી ચાલુ)

નાનજીભાઈ મેખડીવાળા શ્રી વલ્લભભાઈ દલાલ–શ્રી ધીરૂભાઈ લાતીવાળા તથા શ્રી અરવિંદભાઈ રાંધનપુરા વગેરે તેમજ સાસણ–વિસાવદરના કાર્યકરો શ્રી ડી. એમ. શાહ–શ્રી જયંતિભાઇ મશરૂ–શ્રી છગનભાઇ પટેલ સાસણગીર આશ્રમશાળાના સંચાલક શ્રી દુબે–સાસણ રેન્જ તેમજ વિસાવદર રેન્જના જંગલ ખાતાના અધિકારી શ્રી બાબરીયા–શ્રી રબારી ડેપ્યુટી કલેકટર શ્રી જે. ડી. ભટ્ટ–પત્રકાર મિત્રો...... વગેરેએ સાથે રહી જંગલમાં નેસે નેસે ફરી વિતરણ કાર્ય કરેલ તે પ્રશંસનીય છે,

વડોદરા : આં. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા વડોદરામાં પાણી દરવાજા બહાર આવેલ ઇન્દ્રપુરી વિસ્તારની ઉપશાખાનું ઉદઘાટન શ્રી યમુનાંજીની હવેલી ખાતે પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (વડોદરા)ના વરદ હસ્તે ૧૦/૯/૮૮ના દિને કરવામાં આવ્યું. આ પ્રસંગે આપશ્રીના વચનામૃત થયેલ તેમજ આદરણીય શ્રી પ્રદ્યુમનશાસ્ત્રી પ્રદેશ સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ પ્રદેશ મંત્રી શ્રી વી. પી. પરિખ વડોદરા શાખાના સંયોજક શ્રી વલ્લભભાઇ પી. શાહ... વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરેલ.

વિલેપારલામાં શિક્ષાપાત્ર પ્રવચન : શ્રી વિલેપારલા સત્સંગ મંડળ શ્રી લક્ષ્મીનારાયણ મન્દિર વિલેપારલા (પશ્ચિમ)માં આષાઢ માસમાં નિત્ય સાયં એકતી સદિવસ સુધી પુ. શ્રી નિરંજનશાસ્ત્રી ઉમરેઠવાળાના "શ્રી હરિરાયજી વિરચિત શિક્ષાપત્ર" ઉપર સુંદર પ્રવચન થયાં હતાં. ટ્રસ્ટી મંડળે આભાર વ્યક્ત કર્યો હતો.

ઠીકરીયા શાખા : આન્તરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની ઠીકરીયા શાખામાં પરિષદના કેન્દ્રિય મંત્રી પૂ. શ્રી નિરંજનશાસ્ત્રી ઉમરેઠવાળાનું પ્રવચન હિન્દીમાં થયેલ તથા "શ્રી વલ્લભવન" સ્થળની મુલાકાત લીધી હતી અને શાસ્ત્રીજીએ કેટલાક વ્યવહારૂ સુઝાવ આપેલ.

કાંદીવલી : તાજેતરમાં શ્રી ભુરૂભાઈ આરોગ્ય ભુવન કાંદીવલીમાં પુ. ગો. શ્રી કૃષ્ણકુમારજી મહારાજશ્રીના મનોરથરૂપે શ્રી મદનમોહન પ્રભુની છત્રછાયામાં શ્રીમદ ભગવત ગીતા સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું. સમ્પ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન પુ. શ્રી નિરંજન શાસ્ત્રીજીના વ્યાસપદે ૧૦૮ શ્રીમદ ભગવદ ગીતા પારાયણ કથા થયેલ. શાસ્ત્રીજીએ સામ્પ્રદાયિક સિદ્ધાંતો સમજાવેલ પુજ્ય પરિવાર મનોરથી હતો.

કલકત્તામાં દશમ સ્કંધ નવાહ જ્ઞાનયજ્ઞ

કલકત્તા : શ્રી લક્ષ્મીનારાયણ મન્દિર સોસાયટી તથા ગુજરાતી વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે મન્દિરના સભાગૃહમાં શ્રીમદ ભાગવત દશમ સ્કંધ નવાહ્ન જ્ઞાનયજ્ઞ યોજાયેલ મુંબઇ નિવાસી પુ. શ્રી નિરંજન શાસ્ત્રીજી ઉમરેઠવાળાએ પ્રધાન વ્યાસપદે બિરાજી પુષ્ટિસિદ્ધાંતથી કથામૃતનું પાન કરાવ્યું હતું. શ્રી જન્માષ્ટમીની રાત્રે શ્રી શાસ્ત્રીજીનું વિશેષ પ્રવચન યોજાયું હતું તથા પ્રાકટયોત્સવ પુજન આરતી શ્રી શાસ્ત્રીજીના વરદ હસ્તે થયેલ. ટ્રસ્ટી શ્રી ચીમનભાઇ દાણી તથા શ્રી દ્વારકાદાસ રાણાનું સમયોચિત વકતવ્ય થયેલ. ટ્રસ્ટી શ્રી નિરંજન મોદી, સૌ. તારાબેન સંઘવી, શ્રી ચન્દુભાઇ પારેખ વગેરેની સેવાઓ સ્તુત્ય હતી.

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L.P.W.P. 43

જીજી તમે ન્યારા લાગો છો

ન્યારા લાગો છો અતિ ન્યારા
જીજી તમે ન્યારા લાગો છો
વલ્લભકુલમાં આપ પ્રગટિયા
પુષ્ટિજનોના પ્રાણ પ્યારા—જીજી૦ ૧
ઓગણીસસોને પંચાણુ સાલમાં
શ્રાવણી ચોથ સોહાની—જીજી૦ ૨
વ્રજરત્નલાલજીના લાડીલા પૌત્રી
અકકાબાના અંકમાં આળોટ્યા—જીજી ૩
મધુસુદનલાલજીના આપ છો બેટી
માતાજીના નામને ઉજાળ્યા—જીજી૦ ૪
મથુરેશ બાવાના છોટા ભગિની
નિકુંજલ તાજીના બેની—જીજી૦ ૫
બેની-બાંધવની જોડી અનોખી
દેવો રહ્યા જેને દેખી—જીજી૦ ૬
કૃષ્ણ કથાના આપ અતિ રસિયા
વૈષ્ણવ જન મન વસિયા—જીજી૦ ૭
શ્વેતવસ્ત્રોમાં શોભા છે સારી
હસતું મુખડુ મુદ્રા ન્યારી—જીજી૦ ૮
અનુગ્રહ ટ્રસ્ટના આપ અધિષ્ઠાતા
બાલકૃષ્ણલીલા રસ પાતા—જીજી૦ ૯
બાલકૃષ્ણ લાલસું પ્રીતડી ઝાઝી
સેવ્યા છે શ્રી ગિરિરાજજી—જીજી૦ ૧૦
યાત્રાઓ કીધી દેશ વિદેશની
શ્યામ સું લગાવો લગની—જીજી૦ ૧૧
જ્યાં જ્યાં નાખો છો કરૂણાની દષ્ટિ
વરસાવો સ્નેહની વૃષ્ટિ—જીજી ૧૨
દીન દુખિયાના આપ છો બેલી
વાણી મધુરી અલબેલી- જીજી૦ ૧૩
જીજીના નામે સૌ કોઇ બોલાવે
ઊર્મિ અંતરમાં આને—જીજી૦ ૧૪
આપ - દર્શનની આશ અમારી
ચરણકમલ બલિહારી - જીજી૦ ૧૫
જુગ જુગ જીવો જીજી ઇન્દિરા
શ્રીજીને વિનંતિ અમારી—જીજી૦ ૧૬
ન્યારા લાગો છો અતિ ન્યારા
જીજી તમે ન્યારા લાગો છો

માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી ૫. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિ: ॥

ગોવર્ધનપૂજાકે પદ

(રાગ–સારંગ)

ગોધન પૂજૈં ગોધન ગાવૈં; ગોધન કે સેવક સંતત સબ,
ગોધન હી કોં માથો નાવૈં. ૧

ગોધન માત–પિતા ગુરુ ગોધન, ગોધન દેવ જાહિ નિત ધ્યાવૈ;
ગોધન કામધેનુ કલ્પ–તરુ, ગોધન પૈં માગૈં સોઇ પાવૈં. ૨

ગોધન ખરિક ખોરિ ગિરિ ગહ્વર, રખવારો ઘર બન જહાં છાવૈં;
'પરમાનંદ' ભાંવતો ગોધન, ગોધન કોં હમહુ પૂનિ ભાવૈં. ૩

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૭ : અંક ૮ **નવેમ્બર, ૧૯૮૮**
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

રાજકોટ શાખા

શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર પ. ભ. શ્રી,

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા દ્વારા સાંપ્રદાયિક કાર્યો ઉપરાંત દુષ્કાળ દરમ્યાન ૩૪ પુરવણી સહાય કેટલ કેમ્પોનું આયોજન, પારેવાને ચણ, અવિકસીત વિસ્તારોમાં પાણી વિતરણ, ગરીબોને સુખડી વિતરણ, ઉપરાંત શાસણ ગીરના માલધારીઓને જુવાર તથા મીઠાઈ વિતરણ જેવા કાર્યો કરવામાં આવેલ.

ગરીબ દર્દીઓ કેન્સર–કીડની તથા હૃદયના વાલ્વની યોગ્ય સારવાર આર્થિક મુશ્કેલીઓના કારણે લઈ શકતા નથી. વૈષ્ણવ પરિષદ દ્વારા આવા દર્દીઓને યોગ્ય તબીબી સારવાર ઉપરાંત ઓપરેશન કે તબીબી સારવાર માટે બહારગામ જવું પડે તો આવવા જવાના ખર્ચ સહીત મદદ કરવાનું વિચારી રહેલ છે.

આવા દર્દીઓ માટે સર્વપ્રથમ રાજકોટ શહેરના આવા રોગોના નિષ્ણાંત ડોકટરોની સલાહ લઈ તેઓની સુચના મુજબ દર્દીને યોગ્ય સારવાર આપવાનો નિર્ણય લેવાશે.

આ ઉપરાંત આગામી વર્ષથી યોગ્ય વૈષ્ણવ બાળકોને ભણવા માટે ફી, યુનિફોર્મ, સ્કોલરશીપ અને પ્રથમ તબક્કે ધોરણ ૫ થી ૧૨ સુધી ફ્રી પાઠ્યપુસ્તકો આપવા **શ્રીમદ્ વલ્લભાચાર્ય પાઠય પુસ્તક બેંક** શરૂ કરવાનું વિચાર્યુ છે.

વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા આવા કાર્ય માટે ભંડોળ એકઠું કરવા માંગે છે. સમાજના તેમજ વૈષ્ણવ સંપ્રદાયના માનવસેવા પ્રેમી દાતાઓને આ અંગે પોતાની યોગ્ય મદદ મોકલી આપવા અનુરોધ કરવામા આવે છે

કોઈપણ દાતાને અંગત સ્નેહીની કાયમી સ્મૃતિ રાખવા કોઈ યોગ્ય દાન કરવું હોય તો તે અંગે વધુ માહિતી મેળવવા નિચેના સરનામે પત્ર વ્યવહાર કરો.

આ કાર્ય અંગે મોકલવામાં આવતી મદદ ઈન્કમટેક્સ માફ ગણાશે. આપનો ચેક અથવા ડ્રાફ્ટ **"આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, રાજકોટ"**ના નામે મે. પોપટલાલ હીરાચંદ કાપડના વેપારી ખત્રીવાડ, રાજકોટના સરનામે મોકલી આપવા વિનંતી.

પત્રવ્યવહાર શ્રી હસમુખ ખખ્ખર
મંત્રી
આં. પુ. વૈ. પરિ. રાજકોટ શાખા
C/o સંજય ગેસ સર્વિસ
ભૂપેન્દ્ર રોડ, રજની બિલ્ડીંગવાળી શેરી **રાજકોટ.**

- * શ્રી, વલ્લભ સુધા' દર માસની ૨જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ:થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;

શ્રીવલ્લભ સુધા

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૮ * નવેમ્બર, ૧૯૮૮

॥ શ્રીહરિ: ॥

અગત્યનો ખુલાસો

શ્રીવલ્લભ સુધાના ગયા અંકમાં 'શ્રીકૃષ્ણનામ મહાત્મ્ય મંજરી'ના વિવરણમાં ગો. વા. રવજીભાઈ મીસ્ત્રી દ્વારા લખાયેલ દ્દષ્ટાંતમાં એમ લખાયુ છે કે 'શ્રી તુલસીદાસજી તથા શ્રી વિષ્ણુ સ્વામીના શિષ્ય બિલ્વમંગલાચાર્ય બન્ને પ્રથમ અવસ્થામાં સ્ત્રીમાં ખૂબ આસકત હતાં' આમાં એક હકિકત દોષ છે. **સ્ત્રી લંપટ બિલ્વમંગલ તે શ્રીવિષ્ણુસ્વામીના શિષ્ય બિલ્વમંગલાચાર્ય નહીં** પરંતુ કાશી નિવાસી બિલ્વમંગલ, તેઓ ચિંતામણી નામની ગણીકામાં આસકત હતાં અને તે ગણીકા દ્વારા ઉપાલંભ મલતાં પોતાની આંખો પોતાના હાથેજ ફોડી નાખી અને વૈરાગ્યમય જીવન જીવી ભક્તિ કરી. તેઓ બિલ્વમંગલ સુરદાસ તરીકે ઓળખાય છે. આ સિવાય એક ભકત બિલ્વમંગલ ઉત્કલ દેશમાં પણ થયેલા.

શ્રી વિષ્ણુસ્વામીના શિષ્ય અને મહાનયોગી બિલ્વમંગલઆચાર્યજી દ્રવિડ દેશના હતાં. અને તેમણે યોગદ્વારા સાતસો વર્ષ પોતાની સ્થિતી રાખી શ્રી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીને વિષ્ણુસ્વામી પરંપરાના આચાર્યશ્રી તરીકે તીલક કરી વિષ્ણુસ્વામી સંપ્રદાય સોંપેલો. આવા મહાન યોગી આચાર્ય વીશે સ્ત્રી લંપટતાના દ્દષ્ટાંતમાં ઉલ્લેખ થઈ ગયો તે, નામની સામ્યતા અને હકિકતના અજ્ઞાનને લઈને થઈ ગયેલ છે તે અંગે અમોને ખૂબજ દિલગીરી છે.

આપણા સંપ્રદાયના ઈતિહાસના મર્મજ્ઞ અને **શ્રીવલ્લભાયન મહાકાવ્ય**ના રચયિતા શ્રીગણપતરામ શાસ્ત્રીજીએ અમારૂં ધ્યાન દોરી ઉકત ત્રણે બિલ્વમંગલ અંગે સ્પષ્ટતા કરી છે. તે માટે અમો શ્રીયુત ગણપતરામ શાસ્ત્રીજીના ખૂબ આભારી છીએ. **—સંપાદક**

॥ શ્રી વલ્લભ: ॥

ભક્ત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. મીસ્ત્રી રવજીભાઇ "વ્રજ" ધોરાજી

વ્રજયાત્રાના સમયનો નિર્ણય

આ રીતે આપણે કહી શકીએ કે વ્રજયાત્રા શ્રીકૃષ્ણાવતારના સમયમાં જ આરંભાઈ ચૂકી હતી. સામાન્ય રીતે લોકોની ધારણા છે કે ભગવાન શ્રીકૃષ્ણ આજથી ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષો પહેલાં આ ધરાધામમાં અવતીર્ણ થયા હતા. જો આ મત સ્વીકારી લઇએ તો વ્રજયાત્રાની પરંપરા પણ આજથી ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષો જૂની માનવી જોઇએ. પરંતુ અધિકાંશ રીતે ઇતિહાસવિદો ભગવાન શ્રીકૃષ્ણનો સમય આજથી ૩૫૦૦ વર્ષ પહેલાનો માને છે જો આ મતને સ્વીકારીએ તો પણ વ્રજયાત્રાની પરંપરા ૩૫૦૦ વર્ષ પુરાણી તો કહી જ શકાય. ઇતિહાસકારોના મતે પાંડવોના પૌત્ર અને પરિક્ષિતનો સમય ઈ. પૂ. ૧૪૩૦ છે. એટલે સને ૧૯૫૯માં ૧૪૩૦ જોડી દેવાથી પરીક્ષિતનો સમય ૩૩૮૯ વર્ષ પહેલાનો સિદ્ધ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણનો સમય લગભગ ૩૫૦૦ વર્ષ પહેલાંનો માની શકાય.

સામૂહિક વ્રજયાત્રા

પરંતુ વ્રજયાત્રાની પરંપરા ઉપર દર્શાવી છે તે પ્રમાણે તે યાત્રાઓ તો વ્યક્તિગત યાત્રાઓ જ હતી. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીની અને ગૌરાંગ મહાપ્રભુની વ્રજયાત્રા પણ આ કોટીમાં આવે છે. પરંતુ તે પછી સોળમી શતાબ્દિમાં ગુસાંઇજી શ્રીવિઠ્ઠલનાથજી અને નારાયણ ભટ્ટ જેવા આચાર્યો દ્વારા કરાયેલી વ્રજયાત્રાની આ પરંપરાને સામૂહિક સ્વરૂપ પ્રદાન કરવામાં આવ્યું હતું.

અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જો વ્રજમાં ભક્તિનું કેન્દ્ર આચાર્ય શ્રીવલ્લભ અને મહાપ્રભુ ચૈતન્યદેવના સમયમાં જ સ્થાપિત થઈ ગયું હોય તો પછી સામૂહિક વ્રજયાત્રા તેમના સમયમાં જ કેમ આરંભ ન થઈ શકી? એનું કારણ આપ્રમાણે છે.

એ તો બધા જાણે છે કે બૌદ્ધ ધર્મના વ્યાપક પ્રચારને કારણે તથા યવન આક્રમણકારીઓ દ્વારા વ્રજ ઉપર થયેલ અનેક આક્રમણોને કારણે ત્યાંનું સઘળું સૌંદર્ય તે સમયે નષ્ટ થઇ ગયું હતું અને ભગવાન શ્રીકૃષ્ણની સઘળી લીલાભૂમિ અપ્રકટ થઇ ગઈ હતી. તેવી પરિસ્થિતિ એટલે સુધી પહોંચી હતી કે વ્રજનાં બાર વનોની દશા ઘણી જ શોચનીય હતી. એવી દશામાં માર્ગ વગરના એ વનમાં સામૂહિક વ્રજયાત્રા થવી શક્ય નહોતી. વળી તે સમયે ક્યાં ક્યાં સ્થળોની યાત્રા કરવી તે પણ નિશ્ચિંત નહોતું. સ્વયં શ્રીવલ્લભાચાર્યજીએ જ્યારે વ્રજનાં વનોની પરિક્રમા કરેલી ત્યારે એ વનો હાથલા થોરના કાંટાઓથી છવાયેલાં

હતા. એવા ચોરને આચાર્યશ્રીએ પોતાના સેવકો દ્વારા દૂર કરાવ્યા હતા. (જુઓ "વલ્લભીય સુધા" શ્રી વ્રજપરિક્રમા-અંકનો આમુખ વિ. સં. ૨૦૧૩) શ્રીવલ્લભાચાર્યએ જ વર્તમાન ગોકુળનું સ્થળ નિર્ધારિત કરીને તેને વસાવ્યું હતું અને મથુરાના વિશ્રામઘાટ પાંસેથી સ્મશાનને હટાવીને ત્યાં વસવાટ કરાવ્યો હતો. તથા મહાપ્રભુ ચૈતન્યના પાર્ષદરૂપ સનાતન આદિ ગોસ્વામીઓએ વૃંદાવનની પુનઃસ્થાપના કરી હતી. તે પહેલાં ત્યાં માત્ર હિંસક પશુઓનો જ વાસ હતો. (વાંચો, The best named communinity (Bengal gouriyas vaishnavas) has had more marked influange on Bindraban then any of the others since it was chaitanya the founder of the sect whose immediate disceples were its temple builders."– ગ્રાઉસ કૃત "મથુરા મેમોયર" પૃ. ૧૮૩)

ત્યાર પછી સં. ૧૬૦૨માં શ્રી નારાયણ ભટ્ટજી વ્રજમાં પધાર્યા ત્યારે વ્રજના અનેક લીલાસ્થળોનું પુનઃસ્થાપન થયું. 'ભકતમાલના' ટીકાકાર પ્રિયાદાસજીના કથનથી આ અનુમતિને સારી પુષ્ટિ મળે છે કે, ભટજી શ્રીલાડીલેશજીના એક દેવવિગ્રહ સાથે વ્રજમાં ભ્રમણ કરતા હતા, તે શ્રીવિગ્રહ દ્વારા તેમને સ્વયં બોલીને પ્રત્યેક સ્થળનો પરિચય મળતો હતો, જેને ભટજી પ્રગટ કરતા હતા. (પ્રિયાદાસે ગાયું છે કે "બોલિ કૈ બતામેં યહાં અમુક સ્વરૂપ હૈ જ, લીલા કુંડધામ સ્યામ પ્રગટ દિખાયે હૈ") વરાહ પુરાણમાં દર્શાવ્યા પ્રમાણે ભટજીએ ભગવાન શ્રીકૃષ્ણનાં ગુપ્ત સ્થળો પ્રગટ કર્યાં, એવું વલ્લભદાસનું કથન છે કે,

"ગોપસ્થલ મથુરા-મંડલ, જિતે વારાહ બખાને ।
કિયે નારાયણ પ્રગટ, સકલ પૃથ્વીને જાને ॥"

એટલું જ નહિ, ભટજીએ અકબરી દરબારના અર્થમંત્રી રાજા ટોડરમલની સહાયતાથી વ્રજમાં ઠેક ઠેકાણે રાસમંડળ પણ બનાવ્યાં (ભકતમાલમાં લખ્યું છે કે, "ઠૌર ઠૌર રાસ કે વિલાસ લૈ પ્રગટ કિયે, જિયે યોં ભકત-જન કોટિ સુખ પાયે હૈ ।) વ્રજની પુનઃસ્થાપનાનું આ કામ શ્રીભટજીએ સં. ૧૬૦૯ પહેલાં જ પૂરૂં કરી નાખ્યું હતું, કારણ કે સં. ૧૬૦૮માં 'વ્રજ-ભકિત-વિલાસ' નામનો પોતાનો ગ્રંથ તેમણે પૂરો કરી નાખ્યો હતો. આ ગ્રંથમાં સંપૂર્ણ વ્રજમંડળનો બહોળો પરિચય મળે છે. એવી જ રીતે સં. ૧૬૦૦ની આસપાસ સામૂહિક વ્રજયાત્રાની પૃષ્ઠભૂમિ તૈયાર થયેલી જેમાં ભટજીનો ઘણો જ સહારો રહ્યો હતો. એટલા માટે શ્રી ગ્રાઉસ મહોદયે પોતાના 'મથુરા મેમોયર'માં શ્રી નારાયણ ભટજીને વ્રજયાત્રાના સંસ્થાપક કહ્યા છે.(It was disciplc Narain bhatt, who first astiblished the banjatra'–મથુરા–મેમોયર' પૃ. ૮૯)

– ક્રમશઃ

શ્રીકૃષ્ણ ભક્તિની તોલે નવ આવે

સ્વર્ગ સુખાદિ-રિદ્ધિ સિદ્ધિ

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

સ્પર્શમણિનું પુર અભિરામજી,
ચિંતામણિમય રચિયું ધામજી,
કામધેનુ ઘેર અક્ષયપાત્રજી,
વાડ વાટિકા સુરદ્રુમ માત્રજી,
નવગ્રહ સિદ્ધિ સહુ આધીનજી,
સહુ જગ જેની આગળ દીનજી,
જો નથી ભક્તિ નંદકુમારજી,
તો એ પામ્યું સહુ ધિક્કારજી.

(અ) શબ્દાર્થ :

૧ સ્પર્શમણિનું (પારસમણિનું) પુર (નગર) અભિરામજી (સુંદર, મનોહર) ચિંતામણી મય (ચંતામણિથી જડેલુ) રચિયું (બનાવેલું) ધામજી (ઘર, આવાસ)

૨ કામધેનુ (કામધેનુ ગાય) અક્ષય પાત્રજી (કદી ન ખૂટે તેવી ઇચ્છિત વસ્તુ આપનાર પાત્ર) વાડ વાટિકા સુરદ્રુમ (કલ્પવૃક્ષોથી સુમંડિત સુંદર વાટિકા–ઉદ્યાન)

૩ નવગ્રહ સિદ્ધિ આધીનજી (કામનાની સિદ્ધિ સફળતા માટે નવગ્રહો આધીન હોય તે) દીનજી (વશ, આધીન, તાબે)

૪ જો નથી ભક્તિ નંદકુમારજી (શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ વિના) તો એ પામ્યું (સર્વ ઐશ્વર્યની પ્રાપ્તિ) ધિક્કારજી ધિક્કારને પાત્ર છે, બધું મળ્યું ન મળ્યા બરાબર છે, નિષ્ફળ–વ્યર્થ છે)

(બ) પદનો અર્થ :

'પારસમણિનું અતિ સુંદર નગર હોય, ચિંતામણીથી જડીને સુશોભિત બનાવેલું આવાસ હોય, કામધેનુ જેવી ગાય ઘર-આંગણે હોય, કદી ન ખૂટે તેવી ઇચ્છિત વસ્તુ આપનાર અક્ષયપાત્ર હોય, કલ્પવૃક્ષોથી સુમંડિત સુંદર વાટિકા હોય, કામનાની સિદ્ધિ માટે નવગ્રહો આધિન હોય અને આખું જગત વશ હોય– આ બધું ઐશ્વર્ય હોય પરંતુ જો શ્રીકૃષ્ણની ભક્તિ જીવનમાં ન હોય તો ઉપર બધાં વૈભવ-વિલાસ, સુખ, રિદ્ધિ-સિદ્ધિ ઐશ્વર્ય નિષ્ફળ છે. જીવનું આવું ભક્તિશૂન્ય જીવન ધિક્કારને પાત્ર છે."

(ક) ટૂંક વિવેચન :

ભક્તકવિ શ્રી દયારામભાઇ 'રસિકવલ્લભ' નામના પોતાના ગ્રંથમાં ઉપરોક્ત પદમાં શ્રીકૃષ્ણભક્તિનો મહિમા ગાય છે. શ્રી દયારામભાઇ શ્રીકૃષ્ણ ભગવાનને સર્વસ્વ માનતા હતા. તેથી તેઓશ્રી કહે છે કે શ્રીકૃષ્ણની ભક્તિ વૈષ્ણવજનના જીવનમા પરમફલસ્વરૂપ છે અને તેની સમાન વિશ્વમાં કોઈ ફલ નથી. જગતની બધી મૂલ્યવાન વસ્તુઓ–સ્વર્ગ સુખાદિ, રિદ્ધિ-સિદ્ધિ, વૈભવ–વિલાસ શ્રીકૃષ્ણભક્તિ પાસે નિષ્ફળ બની જાય છે. જગતની કોઈપણ વસ્તુ ઐશ્વર્યાદિ સુખો 'શ્રીકૃષ્ણભક્તિની તોલે આવી શકે નહીં'. જીવનમાં શ્રીકૃષ્ણની ભક્તિ વિના બધું મળ્યું ન મળ્યા બરાબર છે. શ્રીકૃષ્ણભક્તિ જીવનને શ્રીકાર બનાવે છે. ભક્તિશૂન્ય જીવન ધિક્કારને પાત્ર છે.

॥ શ્રીનાથજી ॥

॥ શ્રીનાથજીએ જેનો હાથ પકડયો.. ॥

લે. જાદવજી ખેરાજભાઈ (ચરણરજ) સૂરત

પોરબંદરમા નટવરલાલ શેઠ તથા તેમના પત્ની લલીતાબહેન પરમ ભગવદીય હતા. પોતાના સેવ્યસ્વરૂપ શ્રી બાલકૃષ્ણજીની સેવા ખૂબ સ્નેહપૂર્વક કરતા હતા. આ બન્ને ભગવદીઓને જોતાં જ કોઈના પણ હૃદયમાં ભગવદ ભાવ જાગ્રત થઇ જતો. તાદશિય ભગવદિયનું આવું જ સ્વરૂપ હોય છે. વૈષ્ણવ સમાજની માન્યતા હતી કે, શ્રી ઠાકુરજી એને સાનુભાવતા જતાવે છે. આવ્યા ગયા વૈષ્ણવોનું સ્નેહપૂર્વક સમાધાન કરતા જે દિવસે કોઇ વૈષ્ણવ પ્રસાદ લેવામાં હોય નહીં ત્યારે એમને ખૂબ દુઃખ થતું અને માનતા કે, આજે શ્રીઠાકુરજી પ્રસન્નતાથી આરોગ્યા નથી. દયા, દિનતા વિગેરે વૈષ્ણવોના જે મુખ્ય લક્ષણો છે, એના એ મુર્તમાન્ સ્વરૂપ સમાન હતા, શ્રીગુરૂદેવ પ્રત્યે અગાધ શ્રદ્ધા હતી. વૈષ્ણવોની વિનતીથી શ્રીગુરૂદેવ જ્યારે ગામડામાં પધારતા ત્યારે આપની સાથે નટવરલાલ શેઠની હાજરી અવશ્ય હોય જ આવા એ ભાવિક ભગવદીય હતા.

નટવરલાલ શેઠને એક દીકરો હતો. નામ એનું "રાધા રમણ" હતું જે અમદાવાદમાં અભ્યાસ પૂર્ણ કરી વતનમાં વકીલાતની પ્રેકટીસ કરતો હતો. શેઠની કાપડની દુકાન હતી. જેમાંથી એનું યોગ-ક્ષેમ ચાલતું હતું એનો એક જ સિદ્ધાંત હતો કે પ્રથમ પ્રભુની સેવા અને પછી વ્યાવૃત્તિ. રાધા રમણની વહુનું નામ સરલા હતું. તે પણ વૈષ્ણવની દીકરી હતી. સાસુ-સસરાની સેવા ઉપરાંત ગૃહ કાર્ય અને શ્રીઠાકુરજીની સેવામાં પણ સહાયતા કરતી આવશ્યકતા સિવાય કાંઇ બોલવું નહીં. મુખમાં સતત અષ્ટાક્ષરનો જપ ચાલુ જ હોય. નામ પ્રમાણે સ્વભાવ પણ સરળ હતો રાધારમણ પણ બાળવયમાં તો ખૂબ ધાર્મિક વૃત્તિ વાળો હતો; સેવા-સ્મરણમાં તત્પર રહેતો પરંતુ અમદાવાદ ગયા પછી દુઃસંગના પરિણામે તેની સંપ્રદાય પ્રત્યેની આસ્થા ખૂબ ઘટી ગઇ હતી; છતાં એ તદન નાસ્તિક પણ નો'તો. આર્ય સંસ્કૃતિ પ્રત્યે એને ખૂબ સદ્‌ભાવ હતો. પરંતુ પુષ્ટિમાર્ગ પ્રત્યે એ લગભગ ઉદાસ રહેતો છતાં વડિલોનું દીલ દુભાય એવું કાંઇ કરતો નહોતો.

આજે જન્માષ્ટમીનો ઉત્સવ હતો એટલે પુષ્ટિ-સંપ્રદાયમાં જ્યાં શ્રીઠાકુરજી બિરાજતા હોય ત્યાં સેવાનો ભરચક કાર્યક્રમ હોય જ. નટવરલાલ શેઠ લલિતાબહેન, તથા અન્ય સેવા ભાવી ભગવદીઓ સેવામાં રોકાએલા હતા. ઉત્સવના કિર્તનો બોલાતા હતા. બહાર ઓશરીમાં ભાવિક સ્ત્રી સમુદાય "આનંદ સાગર ઉલટયા રે લોલ" ઇત્યાદિ ધોળ ગાઈ રહ્યા હતા. સર્વત્ર આનંદની છોળો ઉછળી રહી હતી. આ પ્રમાણે અલોકિક આનંદમાં જન્માષ્ટમીની આખી રાત્રિ વ્યતિત થઈ ગઇ. પ્રાતઃકાળે શ્રીબાલકૃષ્ણજી પલનામાં ઝૂલી રહ્યા છે, વધાઇના પદો બોલાઈ રહ્યા છે. હલદર દહીનો કીચ મચી ગયો છે. ભાવાવેશમાં ભગવદિઓ

"નંદઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી" બોલતા નાચી રહ્યા છે.

આ પ્રમાણે જ્યારે સમસ્ત વૈષ્ણવ સમાજ ભાવવિભોર બની રહ્યો હતો; ત્યારે એજ મકાનના એક ખંડમાં રાધારમણ તથા તેનો વકિલ મિત્રો અને કોલેજમાં સોબતીઓ રજાનો દિવસ હોવાથી પોતાની રમતમાં મશગુલ હતા જુગારના દાવ ખેલાતા હતા. અને જાણે મહાન ફીલસુફો હોય તેમ સાંપ્રદાયિક ઉત્સવોની ટીકા પણ કરતા હતા. એક મિત્રે કહ્યું: "દોસ્ત રાધારમણ ! વડિલો આ શું ધમાલ મચાવી રહ્યા છે ? જાણે પાગલોનો શંભુમેળો હોય તેમ બુમ બરાડા અને વાજીત્રોની ધમાલ મચાવી રહ્યા છે મારાથી તો ભાઈ, આ બધુ સહન નથી થતું. એ જુનવાણી દૃષ્ટિવાળા તો ક્યારેય સમજવાના નથી; પરંતુ તારા ઘરમાં જ્યારે તુંજ કાંઈ સુધારો દાખલ કરીશ નહી તો બીજુ કોણ કરશે ? મને અફસોસ તો એ વાતનો થાય છે કે, ખુદ તારી વાઈફ પણ એ પાગલખાનાની એક સભ્ય બની તાળોટા પાડી રહી છે; આ બધુ તને ગમે છે ? છેવટ તારી વાઈફને તો સુધારી શકે કે નહી ? જો આટલું પણ તું ના કરી શકે તો પછી તારા ઉચ્ચ સંસ્કારનો કોઈ અર્થ જ નથી.

"બીજો મિત્ર બોલ્યો: "અરે ઓ નાસ્તિક તું આ બધું કોના મકાનમાં બેસીને બોલી રહ્યો છે ! અરે ગાંડા આ તો ચુસ્ત સનાતની મર્યાદીનું મકાન છે. સામે એનો સુપુત્ર બેઠો છે તારી આવી ટીકા સાંભળીને એને દુઃખ થશે એને મીઠો મધુરો પ્રશાદ મળતો હશે તે પણ નહી મળે માટે જરા લુલી ઉપર લગામ રાખતા શીખ.

રાધારમણ :– તમારી વાતમાં હું અમુક અંશેસહમત છું. સંપૂણ તો નહીં જ; ખરેખર આપણી આર્ય સંસ્કૃતિમાં જે આધ્યાત્મિક તત્વ ભરેલુ છે, તે પૃથ્વીપરના કોઈ પણ દેશ કે સમાજમાં નથી. છતાં અન્ય દેશોમાં જે કાંઈ જોવામાં આવે છે તે પણ આપણી પાસેથી જ મણમાંથી માત્ર કણ પુરતું પ્રાપ્ત કર્યુ છે વાસ્તવિકતા એ છે કે, આપણો સનાતન ધર્મ તો વેદકાળથી જ છે દુનિયાના અન્ય દેશો જ્યારે જંગલી દશામાં હતા ત્યારે એક માત્ર આપણા ભારતમાં જ તત્વજ્ઞાનરૂપી સૂર્ય પૂર્ણ કળાથી પ્રકાશતો હતો એટલે આપણા એ અમૂલ્ય આધ્યાત્મિક વારસાની અવગણના આપણાંથી થઇ શકે જ નહીં એ કદિ ભૂલશો નહીં પરંતુ આ લોકો અત્યારે જે પ્રમાણે કરી રહ્યા છે, તે મને પણ પસંદ નથી. પરંતુ વડિલોને એ વાત સમજાવી શકાય એમ નથી અને વડિલોને આઘાત લાગે એવું કાંઇ કરી પણ શકું નહીં. એમણે માની લીધેલા સિદ્ધાંતને એ કદી છોડવાના નથી તો પછી વિરોધ કરવાનો અર્થ શું ?

એક મિત્ર :– "સહસ્રો ધન્યવાદ પિતૃ ભક્ત મહાશય ! પરંતુ તારી મિસીસને તો તું એ વર્તુળમાંથી બહાર લાવી શકે કે નહી ? એટલા પુરતો તો તારો અધિકાર છે જ. તો પછી શા માટે એને તું તારા સંસ્કારથી વંચિત રાખે છે ? તું જાણે છે કે, આપણા મિત્ર મંડલમાં આપણો સંસ્કારી સ્ત્રી વર્ગ આપણી સાથે હરે ફરે છે. સભા સોસાયટીમાં સહકાર આપે છે, એક માત્ર તું જ એવો છે કે તારી સ્ત્રી ને સુધારી શકતો નથી. અમને

લાગે છે કે, તારી વાઈફને સુધારી શકે એવી તારામાં ક્ષમતા જ નથી.

રાધારમણ :– મારામાં એ પ્રકારની ક્ષમતા છે કે નહીં, તેની ખાત્રી હું થોડા સમયમાં જ કરાવી આપીશ. એ બદ્દલ નિશ્ચીત રહેજો. અને ત્યાર પછી સહુ મિત્રો વિદાય થયા.

ઉત્સવનો પ્રસંગ પૂર્ણ થયો ત્યાર પછી સરલા રાત્રે રાધારમણના રૂમમાં દાખલ થઇ, ત્યારે પણ તેના મુખમાંથી જયંતિના ધોળની પંકિતઓ પ્રકટ થઈ રહી હતી. "ધર્મ હિતે પાયો યહ ધન ધર્મ હિતે પાયો." નિકો રાખ યશુમતી મૈયા, નારાયણ ઘર આયો.

રાધારમણે સહેજ વ્યંગથી કહ્યું: "ઓ દેવીજી, ધર્મથી તને જે ધન મળ્યું છે તેમાં મારો પણ સમાવેશ છે કે નહીં ? કે પછી મને પણ નાસ્તિક સમજી તારા લિસ્ટમાંથી બાદ કર્યો છે ?"

સરલાએ સહેજ ખિન્ન થઇને કહ્યું: આપ આજે આવું કેમ બોલો છો ? જન્માષ્ટમીનો ઉત્સવ હતો એટલે બા-બાપુજી વૃદ્ધ હોવા છતાં કેવા સ્નેહ અને શ્રધાપૂર્વક શ્રીઠાકુરજીની સેવામાં તત્પર હતા. ત્યારે તેની યથાશકિત સહાય કરવાની મારી પણ ફરજ ખરી કે નહીં ? એનો અર્થ આપ એવો કરશો કે, હું આપની અવજ્ઞા કરૂં છું ?

રાધારમણ :– મેં તો સહેજ મજાકમાં કહ્યું છે. એથી તારે નારાજ થવાનું કોઇ કારણ નથી. પરંતુ સરલા. તારા નામ પ્રમાણે તું ખૂબ સરળ છો મને તારી ખૂબ દયા આવે છે.

સરલા :– (સહેજ હસીને) દયા તો અનાથ પ્રત્યે બતાવવાની હોય, હું તો આપની સહધર્મિણી છું. આપના સ્નેહની હકકદાર છું, માત્ર દયાની નહીં.

રાધારમણ :– દયાને લીધે ભલે સ્નેહ બતાવી શકું બાકી તું તારી જડતામાંથી ઊચી આવે નહીં ત્યાં સુધી તારો મારા પ્રત્યે ગમે તેવો ઉત્કૃષ્ટ સ્નેહ હશે છતાં તું મારા દિલમાં સ્થાન પ્રાપ્ત કરી શકશે નહીં. હું જેવા સમાજમાં રહું છું ત્યાં તારી આવી જડતાને કોઇ સ્થાન જ નથી. કોઇ મહત્વ નથી જ્યાં સુધી તું મારી સાથે છૂટથી હરી ફરી શકે નહી, આધુનિક સભ્ય સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે નહી ત્યાં સુધી તું મારી અર્ધાંગના હોવા છતાં મારા જીવનમાં તો અપૂર્ણતા જ રહેવાની છે. તારી જુનવાણી જડતાને કારણે જ મારા સભ્ય સમાજમાં મારે શરમથી નિચું જોવું પડે છે તારા પ્રત્યે મને ખૂબ અસંતોષ છે.

પતિના આવા શબ્દો સાંભળી સરલાને ઘણું લાગી આવ્યું. તેણે દુઃખીત સ્વરથી કહ્યું આપને મારા પ્રત્યે જે કારણથી અસંતોષ છે, તેમાં મારો શું દોષ છે ? દરેક પ્રકારથી હું આપને અનુકૂળ બનવાનો પ્રયત્ન કરતી રહું છું. પરંતુ હું પુરૂં ગુજરાતી પણ ભણી નથી. સુધરેલા સમાજમાં હોવું જોઇએ એવું શિક્ષણ મને મળ્યું નથી; તો પછી આપના સમાજમાં ભળવાને યોગ્ય હું કયાંથી બની શકું ? તો મારી સ્થિતીનો ખ્યાલ કરીને પણ આપે મારા પ્રત્યે ઉદારતા દર્શાવવી જોઈએ તે છતાં આપ જે કહો તે કરવા હું તૈયાર છું.

રાધારમણે કહ્યું તું ધારે તો બધું જ શકય બની શકે તેમ છે. પરંતુ એમ કરવા

જતાં તારે તારા જુનવાણી સિદ્ધાંતોને તિલાંજલી આપવી પડશે. તને નાસ્તિક બનવાનું હુ કહેતો નથી. નાસ્તિક તો હું પણ નથી. પરંતુ જે પ્રકારથી તું પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરે છે તે મને જરાય પસંદ નથી. પરમાત્મા પ્રત્યેનો ભાવ એ હૃદયનો ભાવ હોવો જોઇએ જે મનમાં ગુપ્ત રાખવાનો છે એમાં બાહ્ય આડંબરને કોઇ અવકાશ નથી. જો તું મારા કહ્યા મુજબ કરવા તૈયાર થશે તો મને ખુબ આનંદ થશે, પરંતુ એમ કરવા જતાં તારે બા-બાપુજી અને એના સમાજમાં તિરસ્કાર પાત્ર બનવું પડશે. માટે વિચાર કરીજો. તારી સામે માત્ર બે રસ્તા છે, મારા કહ્યા મુજબ જીવન પરિવર્તન કરવાથી તું મારી પ્રિય પાત્ર બની શકે છે, નહીંતર તું તારૂં જુનવાણી ડીમડીમ વગાડી તારા જુના સમાજમાંજ પડી રહે પછી મારા સ્નેહની આશા રાખીશ નહીં.

સરલાઃ આપને હું પ્રસન્ન રાખી શકું તો પછી મને અન્ય કોઈ વસ્તુ પ્રત્યે આગ્રહ નથી, બા-બાપુજીને હું નમ્રતા પુર્વક વિનતી કરી પ્રસન્ન કરી લઇશ કહો હવે મારે શું કરવાનું છે?

રાધારમણે કહ્યું તો સાંભળ, આવતી કાલથી અહીં એક ઇસાઇ લેડી આવશે તે તને ઇંગ્લીશનું શિક્ષણ આપશે, સાથે જ સુધરેલા સમાજમાં કેમ મળવું, કેમ વસ્ત્રો પરિધાન કરવા વિગેરે શિક્ષણ આપશે. અને જો તારૂં દીલ હશે તો માત્ર છ મહિનામાંજ તારૂં જીવન પરિવર્તન થઈ જશે.

સરલાએ સંમતી આપી એટલે રાધારમણને સંતોષ થયો.

(૨)

બીજે દિવસેજ ઇસાઈ લેડી હાજર થઇ ગઇ. તે પ્રતિદિન બે કલાક શિક્ષણ આપવા લાગી સુધરેલા સમાજમાં કેવા વસ્ત્રો પરિધાન કરવા, કેમ વાત ચીત કરવી શરમ સંકોચને દૂર કરી સુધરેલા સ્ત્રિ-પુરૂષોમાં કેવી રીતે હળવું-મળવું વાતચિતમાં પણ અંગ્રેજી શબ્દોનો પ્રયોગ કરવો. ખાવા-પીવામાં ખાસ પ્રતિબંધ રાખવો નહીં. પ્રત્યેક વસ્તુઓ કુદરતે મનુષ્યોના ઉપયોગ માટે ઉત્પન કરી છે, તો વિવેક પૂર્વક છૂટથી ઉપયોગ કરવો પડદાને તિલાંજલી આપવી વિગેરે.

શરૂઆતમાતો સરલાને આવું બધું પસંદ પડતું નહીં. પરંતુ ક્રમે-ક્રમે નવું વાતાવરણ અનુકૂળ થવા લાગ્યું. સંકોચ દૂર થતો ગયો અને આ નવી સંસ્કૃતિમાંજ ખરૂં સુખ છે. એમ માનવા લાગી.

"અત્યાર સુધી સરલાના જીવનમાં અષ્ટ-પ્રહર અષ્ટાક્ષરમંત્રનો જપ શ્રીસર્વોત્તમજી, શ્રીયમુનાષ્ટક, શ્રીકૃષ્ણાશ્રય સાથે વિવિધ ધોળ પદોનું રટણ ચાલતું હતું. ત્યાં હવે બનાવટી ટાપટીપ, ઇંગ્લીશ શબ્દોનું ઉચ્ચારણ વિગેરે જીવન મંત્ર બની ગયા.

પ્રતિદિન સેવન કરવાથી તો ઝેર પણ કોઠે પડી જાય છે. દુઃસંગમા દુર્ગતિ સિવાય બીજુ શું હોય? પરિશ્રમ તો ઉંચે ચડવામાં છે. પડવા માટે તો માત્ર એક ક્ષણ બસ છે.

નટવરલાલ શેઠ તથા લલિતા બહેન પુત્ર અને પુત્ર વધૂના પતનને દુઃખિત હૃદયથી જોઈ રહ્યા હતા. પરંતુ તેઓ ભગવદ્ વિશ્વાસી વૈષ્ણવો હોવાથી ધૈર્ય ધારણ કરી જેવી ભગ-

વદ ઇચ્છા એમ માની શાંત રહેતા હતા. શ્રી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર વિવેક, ધૈર્ય અને આશ્રયનો સિધ્ધાંત હૃદયમાં ધારણ કરી, શરણાગત જીવોને કોઇ પ્રકારની ચિંતા કરવી જોઇએ નહી. સર્વેશ્વર સર્વાત્મા પ્રભુ નિજ ઇચ્છાથી જે કરતા હશે તે આપણા શ્રેય માટે જ હશે.” એમ વિચારી પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરતા હતા લલિતા બહેન પણ ભગવદિય જીવ હતા, છતા સ્ત્રી સુલભ સ્વભાવને કારણે કોઇ પ્રસંગે ક્રોધાવિષ્ટ બની જતા હતા. ત્યારે નટવરલાલ શેઠ તેને અનેક પ્રકારના દ્રષ્ટાંતો આપી શાંત રાખતા હતા.

એક વખત મહેમાનો આવવાના હતા, ત્યારે તેના માટે અમુક પ્રકારની વ્યવસ્થા કરવાની સરલાને સુચના આપી લલિતાબેન શ્રી ઠાકરજીની સેવામાં પ્રવૃત્ત થયા હતા. પરંતુ સરલાએ મહેમાનો માટેની વ્યવંવસ્થા બરાબર કરી નહી જેથી લલિતા બહેનને ઘણુંજ દુઃખ થયુ. મહેમાનો વિદાય થયા પછી સરલાને બોલાવીને સહેજ ઠપકો આપતાં કહ્યું સરલા! તને આજકાલ થયું છે શું? ઘરના કોઇ કાર્યમાં તારૂં ચિત લાગતુ નથી. ઘર આંગણે મહેમાનો આવેલા હોય ત્યારે પણ તું તેની વ્યવસ્થા સંભાળી શકે નહી તો પછી આપણા ઘરની ઇજ્જત શું? હું એકલી તે હવે આ ઉમરમાં કેટલું ધ્યાન આપું? છેવટ તારી પણ કાંઇ ફરજ છે કે નહીં?

સાસુજીના આવા શબ્દોથી સરલાને ઘણું દુઃખ થયું તેણે બેદરકારીથી પ્રત્યુત્તર આપ્યો “મારે માત્ર ઘરનું જ કાર્ય સંભાળવાનું હોતું નથી સાથે મારો અભ્યાસ પણ ચાલુ રાખવો પડે છે. તમારા દીકરાનો એના માટે ખાસ આગ્રહ છે. તો પછી હું શું કરૂ? મારી સ્થિતી તો સુડી વચ્ચે સોપારી જેવી છે. છતાં તમારે જે કાંઇ કહેવાનું હોય તે તમારા દીકરાને કહો મારાથી બને એટલું તો હુ કરૂજ છું.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

(શ્રી રઘુનાથ ચરણે પ્રગટ કરેલી દિપિકા)

ગ્રંથ પરિચય : **પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ** (મુંબઈ પારલા)

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

સ્વગોકુલ પરિત્રાણ સમ્ભ્રમેણોદ્ધૃતાચલમ્)
ક્રીડત્ ગોપાંગના પાંગ સંગિ ગોપાલ માશ્રયે ।।૧।।
મન્માન સેડસ્તુ સતતં શ્રીવિઠ્ઠલપદામ્બુજમ્ ।
સંસાર ભયભીતાનાં યત્સ્મૃતિર્ભયનાશિની ।।૨।।

અર્થ : પોતાના ગાયના સમૂહને (ઈન્દ્રના કોપથી) રક્ષણ આપવાના હેતુથી જેમણે (ગોવર્ધન) પર્વતને ઊંચકયો છે એવા, અને ક્રીડા કરતા ગોપ તથા ગોપીઓના સંગાથી એવા શ્રીગોપાલ (કૃષ્ણ) ને હું શરણે જાઉં છું. ૧.

મારા માનસમાં મનમાં શ્રીવિઠ્ઠલના પદામ્બુજ (ચરણારવિન્દ) હંમેશાં હજો–જેમનું સ્મરણ કરતાં જ સંસારના ભયથી ભયભીત થયેલા મનુષ્યોનો ભય નાશ પામે છે. ૨.

અર્થ (હવે શરૂ થાય છે) ભકિતની સાધના કરવાની ઈચ્છા ધરાવતા અને ભગવન્માર્ગમાં પ્રવૃત્ત થયેલા એકાંતિક (ફકત એક જ દેવની) ભકિતનાં સાધન ઉપાયને વિવેક, ધૈર્ય તથા આશ્રયને પોત પોતાના (તેમના) અસાધારણ લક્ષણોને અનુલક્ષીને વિવેચન (વિસ્તારથી કહેવા) માટે શરૂઆતમાં તેમનો અસાધારણ એવા સ્વ શબ્દથી નિર્દેશ કરે છે.

વિવેક ધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૧।।

શ્લોકાર્થ—હંમેશાં વિવેક, ધૈર્ય તથા આશ્રય રક્ષણ કરવા યોગ્ય છે. વિવેક તો હરિ સર્વ પોતાની ઈચ્છાથી કરશે. ૧.

ટીકા–રક્ષણીયે=બે વસ્તુઓ (વિવેક તથા ધૈર્ય) સ્વીકારવા યોગ્ય છે. તેમાં વિવેક વગેરે કેવા પ્રકારના હોવા જોઈએ તેનું વર્ણન કરતાં આ પ્રમાણે કહે છે. સ્વરૂપને જાણવાની ઈચ્છા વિષે પ્રથમ કહેવામાં આવેલ વિવેકના ફલિત (પરિણામ રૂપ) સ્વરૂપને વર્ણવતાં કહે છે કે "હરિ બંધુ પોતાની ઈચ્છાથી જ કરતા હોય છે" એમ માનવું એનું નામ "વિવેક" છે. "તુ" શબ્દ જાણીતી વાતનું સુચન કરવા માટે જ વાપરવામાં આવ્યો છે. જો એમ ન હોય તો અપ્રમાણિકત્વ (સાબીતિનો અભાવ) થાય. ભકતોનાં ત્રણેય પ્રકારનાં દુઃખોને દૂર કરે છે એવા ખાસ અર્થઘટનને કારણે સકલ (બધાં) દુઃખોને ચારે બાજુથી હરનાર એવા અર્થવાળા" "હરિ" શબ્દના ઉપયોગ દ્વારા "ભગવાન આમ કરશે કે નહિ" એવા અવિશ્વાસ (સંશય) ને નિરસ્ત (એટલે દુર)

કરવામાં આવ્યો છે એમ સમજવાનું છે. 'હરિ' શબ્દનો અર્થ તો મહાભારતમાં સ્પષ્ટપણે કહેલો જ છે. તે આ પ્રમાણે કે યજ્ઞોમાં હવિને હરણ કરવા (સ્વીકારવા)ની સાથો સાથ મારૂં સ્મરણ કરનારાઓના પાપોનું હું હરણ કરૂં છું. તેથી મને "હરિ" કહેવામાં આવે છે. વળી મારો વર્ણ (રંગ) પણ ઇચ્છવા યોગ્ય એવો હરિત્ (નીલ) છે તેથી પણ મને 'હરિ' કહે છે. બધું ઐહિક તથા પાર લૌકિક પોતાની ઇચ્છાથી જીવોનું અદૃષ્ટ (એટલે ભાવિ) તથા પ્રયત્નની અપેક્ષા વગર અલૌકિક સ્વેચ્છાથી થશે એવો અર્થ લેવાનો છે. આ પ્રમાણે વાક્યના અનુસંધાન પ્રમાણે રહેવું એ તાત્પર્ય (સાર) છે.

આ લોકમાં (જગતમાં (પ્રૌઢ દુઃખોને દુર કરવાના હેતુથી ભગવાનના ભકતોએ પણ પ્રાર્થના તો કરવી જ જોઇએ એ સાચું છે, તેથી આ તો "અશક્ય અર્થવાળો ઉપદેશ છે, પાંગળાઓ વડે ગિરિ ઓળંગી જવાય એવો ઉપદેશ છે" એમ જો કહેવામાં આવે તો તેના ઉત્તરમાં કહે છે–

> પ્રાર્થિતે વા તતઃ કિંસ્યાત્,
> સ્વામ્યભિપ્રાય સંશયાત્ ।
> સર્વત્ર તસ્ય સર્વં હિ,
> સર્વ સામર્થ્યમેવ ચ ॥૨॥

શ્લોકાર્થ–પ્રાર્થના કરી સ્વામીના અભિપ્રાયમાં સંશય કરવાથી શું થાય? સર્વ ઠેકાણે સર્વ પ્રભુનું જ છે અને સર્વ સામર્થ્ય પણ પ્રભુનું જ છે

ટીકા–'વા' એવા વિકલ્પ વાપરીને વિવેકની અસ્ફુર્તિ (અપ્રકટ) દશામાં 'તતઃ' એટલે કે પ્રાર્થનાથી શું થાય (વળે) એટલે કે કંઈ પણ ન થાય એવો અર્થ લેવાનો છે. ક્યાંથી એવી જો અપેક્ષા હોય તો કહે છે કે પ્રભુ શું કરવા માગે છે તે જાણવાનું જીવ માટે અશક્ય હોવાથી સંશય અવશ્ય થાય કે પ્રાર્થનાથી શું થશે (પ્રાર્થના સફળ થશે કે નિષ્ફળ થશે કે નિષ્ફળ જશે એવી શંકા રહે.) જ્યાં "ફલાનુમેયાઃ પ્રારમ્ભાઃ સંસ્કારાઃ પ્રાક્તના ઇવ" (અર્થ-કાર્યોની શરૂઆત ફલને ધ્યાનમાં રાખીને કરવામાં આવતી હોય છે અને સંસ્કારોનું અસ્તિત્વ પહેલેથી જ હોય છે")........વગેરે ઉક્તિઓમાં કહેવામાં આવ્યું છે, તે પ્રમાણે લૌકિક પ્રભુ ઇચ્છા પણ પહેલેથી જાણવી અશક્ય છે, ત્યાં અલૌકિક પ્રભુ ઇચ્છાને જાણી શકવા વિષે તો શું કહેવું? એમ અર્થ છે. એ સાચું કે ભકતની ઇચ્છા પૂરી કરવા માટે ભગવાન અશક્ય વસ્તુને પણ સિદ્ધ કરે છે અને તે આપણા જેવાથી બહુ પ્રયત્ન પૂર્વક સાધ્ય હોય એવું કાર્ય ભગવાન દ્વારા પણ કદાચ થાય એવો વિચાર આવે તો એમ વારંવાર પ્રાર્થના દ્વારા ભગવાનની સ્મૃતિને તાજી કરાવવામાં આવતી હોય છે. (ભગવાનને તે કાર્યની યાદ આપવામાં આવે છે) તેથી જ કહે છે કે "સર્વત્ર" બધાય દેશોમાં કે સમયોમાં જે કંઈ વસ્તુ માત્ર છે તે બધી તેની જ (એટલે ભગવાનની જ) છે–એવો અર્થ છે. 'હિ' શબ્દ વાપર્યો છે તે આ વાત પ્રસિદ્ધ (બહુ જાણીતી) છે એમ દર્શાવવા માટે જ વાપર્યો છે. એ પ્રસિદ્ધિ તો 'હું આખા જગતનું પ્રભવ સ્થાન છું" ("અહં સર્વસ્ય જગતઃ પ્રભવઃ") વગેરે વચનોમાંથી છે એમ સમજવું.

ખરેખર ભકતોને માટે ભગવાનનું પણ

અકાલ વસ્તુનું સંપાદન પણ બહુ પ્રયત્નથી સાધ્ય બનશે એમ જો કહેવામાં આવે તો એ બાબતમાં કહે છે કે સર્વ કંઇ કરવાનું સામર્થ્ય ભગવાનમાં છે, એવું કંઈ નથી કે ભગવાનને માટે પણ યોગ્ય કાળને જોયા પછી જ કાર્યને કરવાનું સંભવે, એથી ઉલટું કાળ પોતે જ ભગવાનને આધીન છે તેના ભગવાનથી તેનું અસ્તિત્વ છે, તેથી તેને પોતાને જ ભગવાનની શકિતની અપેક્ષા રહે છે. (એટલે કે ભગવાનની ઇચ્છા તથા શકિત વગર કાળનું પોતાનું કંઇ સામર્થ્ય નથી) 'ચ' શબ્દના ઉપયોગથી એમ પણ સુચવવામાં આવ્યું છે કે ભગવાન પોતે કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્ શકિતમાન છે (એટલે કે ન થયેલું હોય તે કરવાને થયેલાનો નાશ કરવાને તથા જે છે તેનાથી વિરુદ્ધ કરવાંને શકિતમાન છે.) ૨.

–ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

અધ્યાય ૧૫ મો

યતન્તો યોગિનશ્ચૈનં, પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્।
યતન્તોઽપ્યકૃતાત્માનો, નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥

શ્લોકાર્થ : ચિત્તનો નિરોધ કરેલા યોગી પોતાની અંદર રહેલા આત્માને યત્નથી જોઇ શકે છે, પરંતુ જેણે ચિત્તનો નિરોધ કરેલો નથી તેવા મંદ બુદ્ધિવાળાઓ તો પ્રયત્ન કરવા છતાં આત્માને જોઇ શકતા નથી. ॥૧૧॥

ટીકા : ભકતો જ જુએ છે (જોઇ શકે છે) બીજા નહીં. તેથી જ કહ્યું છે કે, યોગી પણ જ્ઞાનને માટે યત્ન કરે છે. એ પ્રકારે આત્મામાં અવસ્થિત (રહેલા)ને જુએ છે. સત્સંગ વગેરે ભકિતભાવથી રહિત જ્ઞાનના અભાવમાં કેવલ યોગ આદિથી પ્રયત્ન કરવા છતાં પણ નથી જોતા. મંદ ગતિવાળા નથી જોઇ શકતા એ અર્થ છે. ॥૧૧॥

યદાદિત્યગતં તેજો, જગદ્ભાસતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ, તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥

શ્લોકાર્થ : જે સૂર્યનું તેજ અખિલ જગતને પ્રકાશે છે, જે ચન્દ્રમાં તથા જે અગ્નિમાં તેજ છે, તે તેજ મારૂં છે એમ જાણ. અર્થાત્ પ્રકાશનો પણ પ્રકાશક હું પુરૂષોત્તમ છું. મારો કોઇ પ્રકાશક નથી. ॥૧૨॥

ટીકા : જો એમ કહીએ કે યોગાદિનું જડતાને કારણે દર્શન સંભવિત ન હોય, પરંતુ સૂર્ય વગેરે તેજયુકત છે તેમની આરાધનાથી દર્શન સંભવિત છે, તેથી કહે છે– આદિત્યમાં વિદ્યમાન જે તેજ છે તે જગતને પ્રકાશિત કરે છે તથા જે તેજ ચન્દ્રમામાં છે

જેનાથી જગત પ્રકાશિત થાય છે તથા જે તેજ અગ્નિમાં છે જેમાં હવન કરવાથી સંતોષ થાય છે અને હૃદય પ્રકાશિત થાય છે તેને મારૂં જ તેજ સમજો. પોતાના તેજનું કથન કર્યું છે. એનાથી એ પણ જ્ઞાપિત કર્યું છે (જણાવ્યું છે) કે સૂર્યાદિ તેજ પોતે અસાધક છે. એનાથી આ સિદ્ધ થાય છે કે મારી ક્રીડન ઇચ્છાથી તદ્રુપ થઇને હું જગતને પ્રકાશિત કરૂં છું. ॥૧૨॥

ગામાવિશ્ય ચ ભૂતાનિ, ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ, સોમો ભૂત્વા રસાત્મકઃ
॥૧૩॥

શ્લોકાર્થ : પૃથ્વીમાં પ્રવેશ કરી હું ભૂતોને બલથી ધારણ કરૂં છું અને રસરૂપ ચંદ્ર થઇ સર્વ ઔષધિઓનું પોષણ કરૂં છું. અર્થાત્ પૃથ્વીમાં જે ધારણશકિત છે અને ચંદ્રમાં જે પોષણશકિત છે તે પણ મારી છે. ॥૧૩॥

ટીકા : હું સર્વરૂપ થઇને બધું કરૂં છું. પૃથ્વીમાં બળથી પ્રવેશ કરીને ભૂતોને (પ્રાણીઓને) ધારણ કરૂં છું. ચન્દ્રમામાં અમૃતમય રસ બનીને બધી વ્રીહિ (ધાન્ય) વગેરે ઔષધિઓને પોષણ આપું છું. (ભૂતો) પ્રાણીઓને માટે પૃથ્વીરૂપથી ધારણ કરીને ઔષધિઓને વધારૂં છું (વિકાસ કરૂં છું) ॥૧૩॥

અહં વૈશ્વાનરો ભૂત્વા, પ્રાણીનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાન સમાયુકતઃ, પચામ્યન્નં ચતુર્વિધમ્
॥૧૪॥

શ્લોકાર્થ : હું વૈશ્વાનર થઇ, પ્રાણીઓના દેહનો આશ્રય કરી, પ્રાણ અને અપાનથી યુકત થઇ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય આ ચાર પ્રકારના અન્નનું પાચન કરૂં છું. ॥૧૪॥

ટીકા : તેમના પોષણને માટે જ તેમના દ્વારા ખવાયેલા (ભક્ષિત) અન્નને હું પચાવું છું એમ કહે છે. અહમ્ એટલે–હું વૈશ્વાનર જઠરમાં રહેલા અગ્નિરૂપ બનીને પ્રાણીઓના દેહમાં આશ્રય લઇને પ્રાણ અપાનથી યુકત થઇને પ્રાર પ્રકારના અન્નને (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય) –ને પચાવું છું. ॥૧૪॥

સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો
મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો
વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥

શ્લોકાર્થ : સર્વ પ્રાણી માત્રના હૃદયમાં પ્રવેશ કરેલો છે. સર્વ પ્રવૃત્તિના કારણરૂપ જ્ઞાનનો જ્યાંથી ઉદય થાય છે તેવા સર્વના હૃદયમાં મેં સર્વના આત્મા તરીકે પ્રવેશ કરેલો છે. (તેથી જ શ્રુતિ પણ 'અન્તઃ પ્રવિષ્ટઃ શાસ્તા આત્મા જનાનાં' કહે છે.) મેં સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો હોવાથી સર્વની સ્મૃતિ, જ્ઞાન અને અપોહન એટલે વિસ્મરણ પણ મારાથી જ થાય છે. જ્ઞાન, સ્મૃતિ તથા જ્ઞાનનું નષ્ટ થવું તે અપોહન અથવા વિસ્મરણ. આ સર્વ મારાથી થાય છે. સર્વના આત્મા તરીકે સર્વ વેદોથી વેદ્ય હું જ છું. વેદમાં અગ્નિ, સોમ, સૂર્ય, વાયુ, ઇન્દ્ર વગેરેનું વર્ણન કરેલું છે. પણ તે સર્વનો અંતર્યામી હું હોવાથી તે સર્વ મારા રૂપ જ હોવાથી તેઓનું વર્ણન કરનાર વેદ પણ મારૂં જ ગાન કરે છે. વેદવ્યાસરૂપે અવતાર લઈ મેં બ્રહ્મવાદનું સ્થાપન કરવા બ્રહ્મસૂત્રો રચ્યાં. ક્ષર અને અક્ષરથી

અતીત છું. પોતાના સ્વરૂપ રૂપ પ્રપંચથી રમણ કરવા માટે સર્જેલા મારા ભક્તો સાથે આત્મારામ છતાં નિત્ય રમણ કર્યા કરૂં છું. આવો વેદનો ભાવાર્થ જાણનાર વેદાન્ત રચનાર હું જ છું બીજું કોઇ જાણતું નથી. તેથી સર્વ વેદાંતોનું હું જ તાત્પર્ય. છું એમ જાણ. ॥૧૫॥

ટીકા : જે પ્રાણીમાત્રનું ભગવદ્રૂપ અગ્નિથી પચાવેલા અન્નથી પોષણ થાય છે, તો કોઈ ભગવાનનું સ્મરણ કરે છે અને કોઇ નથી કરતું તેનું શું કારણ ? તેથી કહ્યું છે, હું બધાના હૃદયમાં પ્રેરક બનીને (થઇને) બેઠો છું. મારાથી જ સ્મૃતિ થાય છે. જે મારા પ્રવેશથી મારી વિચિત્ર ઇચ્છાથી પૂર્વાનુભૂત (પહેલાં અનુભવેલા) મારા સ્વરૂપ સ્મરણ પુષ્ટિથી થાય છે. (તેમના ઉદ્ધારને માટે) એવી જ રીતે મુક્તિદાનની ઇચ્છાથી થનારૂં જ્ઞાન પણ મારાથી થાય છે. મોહોત્પાદનથી નરકાદિ યાતનાની ઇચ્છાથી સ્મૃતિ તથા જ્ઞાનનું વિસ્મરણ પણ મારાથી થાય છે. જો એમ કહેવામાં આવે કે વેદ તો શબ્દાત્મક છે. એના અધ્યયનથી, સૂત્રોથી, ગુરુકથન પ્રકારથી જ્ઞાનોદય કેમ નથી થતો, તો એમ કહેવામાં આવ્યું છે કે–

કાંડદ્વય (બે કાંડ) વાળા વેદથી હું જ વેદ્ય (જાણવા યોગ્ય) છું. હું જ શિષ્યના હૃદયમાં સ્થિત થઇને જ્ઞાનનો પ્રકાશક છું. તેથી વેદાદિથી પણ જ્ઞાન નથી થતું એ ભાવાર્થ છે. ॥૧૫॥

–ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઈ તથા ગો. વા. સોની જયંતિલાલ લીલાધર, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીમન્મથુરેશો જયતિ ॥

વ્રતોત્સવાદિ નિર્ણય

લેખક **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક : **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

(ગતાંકથી ચાલુ)

૨૨ ॥ અથ ફાલ્ગુન શુકલ પૌર્ણમાસ્યાંપર્વાત્મકો હોલિકોત્સવઃ ॥

ફાલ્ગુન શુકલ પૂર્ણિમાને દહાડે પર્વાત્મક હોલિકા ઉત્સવ કરવામાં આવે છે. આ વિષે પૂર્ણિમા પ્રદોષ વ્યાપિની લેવી, એવું નારદજીનું પણ વચન છે. પરંતુ હોલિકા પ્રદીપન રાતે ભદ્રા (કલ્યાણી) છોડીને પછી જે પૂર્ણિમા તેમાં કરવું.

જ્યોતિર્નિબંધ ગ્રન્થમાં લખ્યું છે કે પ્રતિપદામાં તથા કલ્યાણીમાં હોલિકા પૂજન કરવાથી એક વર્ષમાં બધું રાષ્ટ્ર (નગર) દહન થાય છે. પરંતુ જ્યારે પહેલે ડહાડે ચતુર્દશી પ્રદોષ વ્યાપિની અને બીજે દહાડે પૂર્ણિમા પ્રદોષ વ્યાપિની ન મળતી હોય ત્યારે પ્રતિપદામાં હોલિકા પૂજન કરવું, પરંતુ ચતુર્દશીની રાતે પૂર્ણિમા છતાં ન કરવું, કારણ કે તે પૂર્ણિમા ભદ્રા યુકત છે અને ભદ્રામાં હોલિકા પૂજનનો ઘણો નિષેધ છે.

ભવિષ્ય પુરાણના આધારથી નિર્ણયામૃત ગ્રન્થ કર્તા કહે છે કે બીજે દાહાડે સાડા ત્રણ પ્રહર સુધી પૂર્ણિમા અને પછી પ્રતિપદા હશે તો તે પ્રતિપદામાં પૂજન કરવું, પરંતુ ભદ્રા વ્યાપ્ત પૂર્ણિમામાં ન કરવું.

કેટલાક નારદજીના વચનથી એમ માને છે કે પહેલે ડહાડે પણ પૂર્ણિમા પ્રદોષ વ્યાપિની ન હોય તો ભદ્રા મુખ છોડીને પૂર્ણિમામાં પૂજન કરવું (ભદ્રા મુખ એટલે કલ્યાણીના પહેલા પાંચ ઘડિ) એવું જ્યોતિઃ શાસ્ત્રમાં લખ્યું છે.

તિથ્યર્ક ગ્રન્થમાં હોલિકા નિર્ણય વિષે એમ લખ્યું છે કે પહેલે દહાડે ભદ્રા રહિત કાળ ન મળતો હોય અને બીજે ડહાડે પણ પૂર્ણિમા પ્રદોષ વ્યાપિની ન મળતી હોય ત્યારે પહેલે દહાડે ભદ્રા પુચ્છમાં પૂજન કરવું.

ભવિષ્ય પુરાણમાં લખેલું 'સાર્ધયામત્રયંયાસ્યાત્' ઇત્યાદિ વચનથી પ્રતિપદામાં હોલિકા પૂજન કરવું. 'સ્નાત્વાકર્માણિ કુર્વીત' ઇત્યાદિ વચનથી પૂર્ણિમાને દહાડે ગ્રસ્તોદય છતાં (ગ્રહણ યુકત ચન્દ્ર ઉદય થયાં છતાં) સ્નાન કરીને પૂજન, નિર્ણય સિંધુ ગ્રન્થમાં લખ્યું છે કે ગ્રસ્તોદય (ગ્રહણયુકત ચંદ્ર ઉદય) થયાં છતાં તેજ રાતે ભદ્રા મુખ છોડીને અથવા રાત્રિના ચોથા પ્રહરમાં પૂજન કરવું. એવું ગ્રસ્તોદય ગ્રહણમાં પણ પૂજન કરવું, એમ લખ્યું છે. પરંતુ તિથ્યર્કાદિ ગ્રન્થમાંના આધારે ગ્રસ્તોદય છતાં મોક્ષ થયા પછી સ્નાન કરીને પ્રતિપદામાં પૂજન કરવું, આ મુખ્ય પક્ષ છે. અથવા કેવળ ગ્રહણ હોય તો પણ ભદ્રા મુખ છોડીને ભદ્રા પુચ્છમાં અથવા પ્રતિપદામાં પૂજન કરવું, એવા ઘણાં મતભેદ છે, તો પણ ભકિત માર્ગ વડે કરી દોલોત્સવને દાહાડે ગ્રસ્તોદય છતાં મોક્ષ થયા પછી સેવા સૌકર્યને સારું પુજન કરવું અથવા પહેલે દહાડે રાતે ભદ્રા

પુચ્છ છોડીને પુજન કરવું, આ ભકિત માર્ગ વાળાઓને શાસ્ત્રોકત સંમત પક્ષ છે.

હોલિકા પ્રદીપન રાત્રિના પુર્વ ભાગમાં અથવા પર ભાગમાં થશે પરંતુ પર્વાત્મક ઉત્સવ હોલિકા પ્રદીપનને પહેલે થવો જ જોઇએ એવું શિષ્ટાચાર સંમત છે.

૨૩ ।। અથદોલોત્સવ નિર્ણયઃ ।।

દોલોત્સવ ફાલ્ગુન શુકલ પુર્ણિમાને દહાડે કરવો અથવા ઉત્તારા ફાલ્ગુની (ઉત્તારા) નક્ષત્ર જે દાહાડે હોય તે દાહાડે કરવો.

બ્રહ્મપુરાણમાં એમ લખ્યું છે કે પુર્ણિમાને દહાડે હોય તે દહાડે પુરાણ પુરૂષોત્તમ ભગવાન ગોવિંદનો દોલોત્સવ કરવો. એ દહાડે ભગવાનને જે કોઇ જોઈ (દર્શન) કરીને નમસ્કાર કરે છે તેને મુકિત થાય છે,

સ્કંદપુરાણમાંનાં પુરૂષોત્તમ મહાત્મ્યમાં પણ એવું જ ભગવાનનું વચન છે કે ફાલ્ગુન શુકલ પુર્ણિમાને દાહાડે મારૂં દક્ષિણાભિમુખ કરી પુજન કરવું અને પછી દોલારોપણ કરવું ~~અને~~ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને દાહાડે મારૂં દોલામાં ક્રીડન કરવું એવું જે કોઈ જોયા (દર્શન) કરશે તેના બ્રહ્મહત્યા પાતક નાશ થશે.

આ ઉત્સવને વિષે રાતનો પેહેલો પ્રહર મુખ્યકાળ છે એવું ઉત્સવ પ્રતાન ગ્રન્થમાં લખ્યું છે તથા કાલમાધવીય ગ્રંથમાં બૌધયનનું વચન છે કે તિથિ અને નક્ષત્રનો યોગ સૂર્યોદય વ્યાપી લેવો. આ વચનથી સ્વલ્પ નક્ષત્ર હોય તો પણ તેમાં અધિવાસન માત્ર કરી પછી દોલારોહણ કરવાથી દોષ નથી.

બે દાહાડે નક્ષત્રની સૂર્યોદય વ્યાપ્તિ હોય તો પેહેલે દાહાડે ઉત્સવ કરવો. દોલોત્સવને દાહાડે ગ્રહણ છતાં નક્ષત્ર રહિત પૂર્ણિમામાં ઉત્સવ કરવો. આ વિષે ઉપર કહેલ બ્રહ્મપુરાણ વચનનો આધાર છે.

ઉત્સવપ્રતાન ગ્રન્થમાં દોલોત્સવ નિર્ણય પ્રકરણમાં પૂર્ણિમામાં તથા પૂર્ણિમા સમીપવર્તિ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં પણ દોલોત્સવ કરવો એવું વચન છે.

૨૪ ।। અથ ચૈત્ર શુકલપ્રતિપત્સંવત્સરોત્સવઃ ।।

ચૈત્ર શુકલ પ્રતિપદાને દાહાડે સંવત્સરારંભ ઉત્સવ કરવામાં આવે છે. આ વિષે પ્રતિપદા સૂર્યોદય વ્યાપિની લેવી. બે દાહાડે સૂર્યોદય વ્યાપિની પ્રતિપદા મળે અથવા ન મળે તો પણ પેહેલી લેવી.

જ્યોતિર્નિબંધ ગ્રંથમાં લખ્યું છે કે સૂર્યોદયવ્યાપિની ચૈત્ર શુકલ પ્રતિપદાને દાહાડે જે વાર (દિવસ) આવે છે તે, વાર સંવત્સરાધિપ (રાજા) થાય છે. પરંતુ જ્યારે ચૈત્રમલ માસ (અધિક માસ) આવે છે ત્યારે તે મલમાસ દેવકાર્યને વિષે નિષેધ છે માટે શુદ્ધ ચૈત્ર મહિનાનાં સંવત્સરારંભ ઉત્સવ કરવો એમ કેટલાક વિદ્વાનો કહે છે.

૨૫ ।। અથમેષસંક્રાન્તિ નિર્ણય: ।।

મેષ સંક્રાંતનો નિર્ણય, દાહાડામાં સંક્રાંત થતી હોય તો સંક્રાંતની પેહેલા અને પછીના દશ ઘડી સુધી પુણ્યકાળે એટલે બધા મળીને વીસ ઘડી સુધી પુણ્યકાળ સમજવો.

માધવીય કાલ નિર્ણય ગ્રંથમાં લખ્યું છે તુલ સંક્રાંત અને મેષ સંક્રાંત એઓના પેહેલા

અને પછીના દર્શ ઘડિ સુધી પૂણ્યકાળ છે, મધ્યરાંતના પેહેલે સંક્રાંત થતી હોય તો પેહેલે દાહાડે મધ્યાહ્ન (બપોર) પછી બે પ્રહર સુધી પુણ્યકાળ, મધ્યરાત પછી સંક્રાંત થતી હોય તો બીજે દાહાડે મધ્યાહ્ન પેહેલે બે પ્રહર સુધી પુણ્યકાળ અને મધ્યરાતમાં થતી હોય તો પેહેલે દાહાડે મધ્યાહન પછી બે પ્રહર સુધી અને બીજે દાહાડે પણ મધ્યાહન પહેલા બે પ્રહર સુધી પુણ્યકાળ. એવા બે દાહાડા સુધી પુણ્યકાળ સમજવો.

મકરસંક્રાંત અને કર્કસંક્રાંત, વગેરે જેટલી બીજી સંક્રાંતિઓ છે તેઓની ઉપર લખ્યા પ્રમાણે વ્યાપ્તિ હોય તો બે દહાડા પુણ્યકાળ સમજવો એવું વચન છે.

૨૬ ।। અથ શ્રીરામ નવમી નિર્ણય: ।।

ચૈત્ર શુકલ નવમી રામનવમી નિર્ણય તે વિષે તવમી ઉદય વ્યાપ્ત લેવી. અગસ્ત્ય સંહિતામાં એમ લખ્યું છે કે ચૈત્ર શુકલ નવમી પુનર્વસુ નક્ષત્રયુકત મધ્યાન્હ સમયમાં મળશે તો તે નવમી અત્યંત (ઘણી) પુણ્યકારક થાય છે. મધ્યાન્હ સિવાય પુનર્વસુ નક્ષત્ર યોગ છતાં ઉત્તમ પુણ્યકારક અને નક્ષત્ર યોગ ન છતાં પુણ્યકારક હોય છે.

બે દાહાડે નવમી સૂર્યોદય વ્યાપ્ત હોય તો પેહેલી (બહુકાલ વ્યાપિ હોય છે માટે) લેવી. નવમીનો ક્ષય છતાં પક્ષ ઉત્સવ કરવો જોઇએ. માટે વિદ્ધ (અષ્ટમીયુકત નવમી) લેવી. માધવીય ગ્રન્થમાં એમ લખ્યું છે કે પારણા (ભોજન) દશમીમાં કરવું પરંતુ ક્ષય છતાં પારણાને દાહાડે દશમી ન મળતી હોય તો પણ વિદ્ધ (અષ્ટમી યુકત નવમી)માં ઉપોષણ કરી દશમીને દાહાડે પારણા કરવા.

સ્માર્ત નિબંધકાર એમ કહે છે કે વૈષ્ણવોએ શુધ્ધ નવમીમાં ઉપોષણ કરી દશમીમાં ભોજન કરવું. અષ્ટમીયુકત નવમીમાં ન કરવું પરંતુ શ્રી વિઠ્ઠલનાથ પ્રભુકૃત શ્રીરામનવમી ગ્રન્થમાં તથા ઉત્સવપ્રતાન ગ્રન્થમાં એમ સ્પષ્ટ કહ્યું છે કે વૈષ્ણવોએ શુધ્ધ નવમીમાં ઉપોષણ કરી પારણાને દાહાડે દશમી ન મળતી હોય તો એકાદશીને દહાડે પારણા કરવા.

–ક્રમશઃ

સમાચાર

રાજકોટ : આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે ગો. શ્રી વલ્લભલાલજી મહારાજની સાંનિધ્યમાં સભા મળેલ જેમાં શ્રીનાથદ્વારા મંદિરમાં આચાર પ્રમાણનો ભંગ કરી મંદિરમાં પોલીસોએ જુતા સાથે પ્રવેશ કર્યો તેમજ અનુયાયીઓ તથા વૈષ્ણવો ઉપર અમાનુષી લાઠીચાર્જ કરવામાં આવ્યો તેના અનુસંધાને વિરોધ પ્રદર્શીત કરતો ઠરાવ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ શ્રી રાજકોટ દ્વારા મુકવામાં આવ્યો હતો જેને રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાંન્તીભાઈ રાધનપુરા શ્રી મનસુખભાઇ રાણપરા શ્રી જયંતિભાઇ પડીઆએ ટેકો જાહેર કર્યો હતો.

આ પ્રસંગે વૈષ્ણવ અગ્રણી શ્રી ગોકળદાસભાઇ સોની શ્રી ડાયાભાઇ ડેલાવાળા શ્રી હસમુખ ખખ્ખર તથા શ્રી પ્રમોદભાઇ કલ્યાણીએ પ્રાસંગીક પ્રવચનો કરી સંપ્રદાયની પ્રણાલિકા વિરૂદ્ધ મંદિરમાં બુટ ચંપલ સાથે પ્રવેશ કરેલ પોલીસોના કૃત્યને સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યું હતું આ પ્રસંગે સૌરાષ્ટ્રના પ્રતિનિધિઓ તથા રાજકોટના વિશાળ સમુદાયે સભામાં હાજરી આપી હતી.

॥ વાક્પતિર્વિબુધેશ્વર: ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રી વલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૨ મો] [ગતાંકથી ચાલુ

વૈષ્ણવાચાર્ય પરંપરા (ચાલુ)

ત્યાં સુધી તમે પૃથ્વી ઉપર રહો, અને તમને મળે ત્યારે આ સંપ્રદાયની રક્ષા કરવા માટે બધો વૃત્તાંત કહીને સંપ્રદાયનો ગોપાલ એવો મંત્ર બતાવીને પછી અમારા ધામમાં આવજો. ભગવાનની આજ્ઞા શ્રીબિલ્વમંગલાચાર્યજીને થઈ. **શંકા** સંપ્રદાયમાં તો **"વૈષ્ણવોનાં યથા શંભુ"** એ પ્રમાણે એમની ખ્યાતિ પ્રસિદ્ધિમાં છે, અને મહાન વૈષ્ણવ પરમભકત હોવા છતાં એમણે આ માયાવાદનો પ્રચાર શા માટે કર્યો ?

ઉત્તર – શ્રીકૃષ્ણના સ્વધામ પધાર્યા પછી સર્વ કોઈ અનઅધિકારી આસુરીજીવો પણ યજ્ઞ યાગાદિમાં આગળ વધી ગયા અને સ્વર્ગ પ્રાપ્તિનો રસ્તો લેતાં સ્વર્ગમાં અતિ ગીચ ગિરદી થવાથી અને તેવા અનઅધિકારીઓ ઉત્તમ કર્મ કરવાથી ઉત્તમ ફલ પણ પ્રાપ્ત કરી દેવી સંપત્તિના પુરુષોને દુઃખદાયી બન્યા. જન્મ, વિદ્યા, લક્ષ્મી, સત્તા, સત્પુરુષો માટે જ સારાં છે, અસાધુને માટે સર્વ દુઃખરૂપ છે. રાવણ અને અંબરીષ બન્નનો અંતર જોઇ લેવો.

દેવતાઓ અતિ કષ્ટમાં આવતાં ભગવાને આ સત્કર્મ કરતા અનઅધિકારીઓને અટકાવવા વિષ્ણુરૂપ બુદ્ધ પ્રગટ થયા. એમણે નાસ્તિકવાદ પ્રચાર કરી લોકોને યજ્ઞ, યાગાદિથી અટકાવ્યા.

ત્યારપછી બૃહસ્પતિ (ધીસેણ) ચાર્વાક શાસ્ત્રને પ્રગટ કરી બુદ્ધિને ભ્રષ્ટ કરી નાસ્તિકતા ફેલાવી.

ગૌતમે ન્યાયશાસ્ત્રથી ઈશ્વરવાદને અટકાવ્યો.

વિક્રમ સંવત ૮૪૪માં શ્રીમત્ શંકરાચાર્યજી સ્વયં શિવજી પ્રગટ થયા. એમણે જીવ અને ઈશ્વર એક ઠરાવી, તેમ બ્રહ્મના સ્વરૂપને નિર્વિશેષ અને સવિશેષ નિર્ગુણ અને શબલા બ્રહ્મનું પ્રતિપાદન કરીને ભ્રાન્તિ બતાવીને ભગવદ્ ભકિતથી આસુરી સૃષ્ટિને વંચિત કરી આ બધાય તામસ શાસ્ત્રોનું વર્ણન દૈવી સૃષ્ટિની રક્ષા કરવા માટે કરવામાં આવ્યું, તે પ્રમાણો વારાહ પુરાણમાં—

ત્વં ચ રુદ્ર મહાબાહો
મોહ શાસ્ત્રાણ કારય:
અતથ્યાનિ વિતયાનિ
દર્શયસ્ય મહાભુજ.
મકાશ કુરુચાઽત્માનમ-
પ્રકાશ ચ મા કુરુ.

તેમ પદ્મપુરાણના ઉત્તર ખંડમાં શિવજી પાર્વતી સંવાદમાં શિવાજીએ પાર્વતીજીને સર્વ વિષયોની આપત્તિ બતાવી છે. જીજ્ઞાસુએ તત્ત્વાર્થ દીપ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં

શ્રીપુરુષોત્તમજીનાં આવરણ ભંગમાં બતાવેલી પ્રમાણ પત્રિકા જોવી.

જે કાર્ય શિવજી વગેરે દેવોએ મળીને કર્યું છે; તે કાર્ય પોતાની રુચિથી થયું નથી. ભગવદ્ આજ્ઞાને અવલંબીને દૈવી પુરુષોની રક્ષા માટે તેમ થયેલ છે. તેથી શિવજી પરમ ભક્ત છે, તેમાં કોઈ અભાવ નથી.

શ્રીમત્ શંકરાચાર્યજી વૈષ્ણવ ધર્મ પરાયણ હતા. પોતાના હૃદયરૂપ શાંકરભાષ્યના મધ્ય ભાગમાં શ્રીગોવિંદનાં ગુણગાન ગાઈને અલૌકિક સર્વ સામર્થ્યયુક્ત પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સર્વોપરી માન્ય કરે છે. તેથી સ્પષ્ટ છે કે શ્રીમત્ શંકરાચાર્યજી પુરુષોત્તમ ભક્તિ પરાયણ હતા.

ત્યાર પછી વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાની સભામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી–મહાપ્રભુજી સંવત ૧૫૪૭ માં પધાર્યા. ત્યાં માયાવાદનું ખંડન કરી બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. અને વૈષ્ણવ સંપ્રદાયની ઉત્કૃષ્ટતા બતાવી તેથી રાજાએ સાષ્ટાંગ દડવત્ કરી ૧૦૦ એકસો મણ સોનાથી–કનકાભિષેક કર્યો. સભાના પંડિત, મહંત વગેરેએ ઊભા થઈને સ્તુતિ કરવા માંડી અને પ્રભાવશાળી નીચેની પદવીથી બિરદાવવા લાગ્યા.

શ્રીવેદ વ્યાસ વિષ્ણુસ્વામી સંપ્રદાય સમુદ્ધાર સભૃતં શ્રીપુરૂષોત્તમવદનાવતાર સર્વામ્નાય સંચાર ગૌણવામ્નાય પ્રાચુર્ય પ્રચાર શ્રીબિલ્વમંગલાચાર્ય સાંપ્રદાયિક અર્પિત સામ્રાજ્યાસન અખંડ ભૂમંડલાચાર્ય જગદગુરુ મહાપ્રભુ શ્રી મહાચાર્ય શ્રીવલ્લભાધીશકી જય.''

બધા આચર્યોએ શ્રી આચાર્યજી મહાપ્રભુજીને તિલક કર્યું શ્રી વલ્લભાચાર્યજી વિષ્ણુસ્વામીની ગાદી ઉપર બિરાજ્યા અને શ્રી બિલ્વમંગલાચાર્યે વિષ્ણુ સંપ્રદાય શ્રી આચાર્યજી મહાપ્રભુજીને સોંપ્યો, તેથી શ્રીમદ્ વલ્લભાચાર્યજી આ સંપ્રદાયના આઠમા આચાર્ય થયા.

આદૌ શ્રી પુરુષોત્તમમ્
પુરહરં શ્રી નારદાખ્ય મુનિમ્
કૃષ્ણં વ્યાસ ગુરુ શુકં
તદનુ વિષ્ણુસ્વામિન દ્રાવિડમ્
તચ્છિષ્ય કિલ બિલ્વમંગલ
મહં વંદે મહાયોગિનમ્
શ્રીમદ્ વલ્લભનામ ધામ ચ
ભજેઽસ્મત્સંપ્રદાયાધિપમ્.

પહેલાં શ્રી પુરુષોત્તમ, શ્રી શિવજી, શ્રી નારદજી, વ્યાસજી, શુકદેવજી, વિષ્ણુસ્વામી, તેના શિષ્ય બિલ્વમંગલાચાર્ય, આઠમા શ્રીવલ્લભ એ સર્વેને હું વંદન કરૂં છું. તેઓ અમારા સંપ્રદાયના આચાર્યો છે, અને એક બીજાના સિદ્ધાંતોને ઉત્તરોત્તર અનુસરીને ગાદીપતિ બનેલા છે, તે સ્પષ્ટ છે.

વિષ્ણુસ્વામી સંપ્રદાયના ઉત્તરાધિકારી શ્રીમદ્ વલ્લભાચાર્યે શ્રી વિષ્ણુસ્વામીના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને અનુસરીને જ 'મતાનુવર્તિતઃ' શબ્દ વાપર્યો છે, કારણ કે શ્રી વિષ્ણુસ્વામી વ્યાસ મુનિ હતા. બ્રહ્મસૂત્રમાં બ્રહ્મ જિજ્ઞાસા બતાવતાં સ્પષ્ટ છે કે શુદ્ધાદ્વૈત સિદ્ધાંત શ્રી વ્યાસ મુનિનો છે અને વિષ્ણુસ્વામીએ તેનો પ્રચાર કરેલો છે, તેજ આ પરંપરા છે.

શ્રી વિષ્ણુસ્વામીની ભક્તિ તામસભાવમાં પ્રવેશ થવાનું કારણ એ છે કે, પુરુષોત્તમનાં

દર્શન ન થવાથી અગ્નિ પ્રવેશનો પ્રયોગ કર્યો હતો. તે તેમના જીવન ચરિત્રમાં પ્રસિદ્ધ છે.

ત્યારપછી શ્રી પુરુષોત્તમે પ્રગટ થઇને શ્રી વિષ્ણુસ્વામીને ભાવાત્મક પુરુષોત્તમના સ્વરૂપમાં પ્રવેશ કરાવી, સેવા કરવાનો આદેશ આપતાં વિષ્ણુસ્વામીની **શંકા પ્રાણપ્રતિષ્ઠા રહિત થતાં** શ્રી પુરુષોત્તમે ભાવને આધીન એવું પોતાનું સ્વરૂપ બતાવીને સ્તંભમાં પ્રતિષ્ઠા કોંણે કરી હતી? તેથી શ્રી પ્રહલાદજીના ભાવરૂપ નારદજીના આદેશ પ્રમાણે હું પ્રગટ થયો છું. તેજ ક્રમ પુષ્ટિમાર્ગમાં પ્રાણપ્રતિષ્ઠા ન કરતાં પુરુષોત્તમની ભાવનાત્મક પ્રતિષ્ઠા ગોપીજનોના બતાવેલા ક્રમ મુજબ કરીને સેવા કરવામાં આવે છે, તે ક્રમ વિષ્ણુસ્વામીનો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીની નિર્ગુણ ભકિત (પુષ્ટિ ભકત) શ્રી ગોપીજનોના ઉત્તમ ભાવોનું પદે પદે પ્રતિપાદન કરતું ભાવાત્મક અને રસાત્મક પુરુષોત્તમનું દર્શન, નિ:સાધન ભાવથી વાણી અને મનથી પર સ્વરૂપ સાધનોથી અપ્રાપ્ય એવું ભાવથી પ્રાપ્ત થતું ભાવાત્મક સ્વરૂપનું જ વર્ણન શ્રી ગોપીજનોના ભાવનું સ્વરૂપ છે. સાધન અને મન વાણીથી મંત્રાધીન બની યજ્ઞાદિક અને યોગ સાધનાથી દર્શન દેતાં સ્વરૂપ વ્યુહ છે પુરુષોત્તમ ભાવથી જ પ્રાપ્ય છે.

આ વાતમાં કોઇપણ જાતની અતિશયોકિત યા કોઈનું અપમાન કરી વિશેષતા બતાવવી એ મહાન પ્રતારણા છે. સાક્ષરોએ જે સિદ્ધાંત પ્રત્યક્ષ દેખાતો હોય અને પરંપરાગત આવેલ હોય તેમાં અંદર અન્યથા ભાવ બતાવવો તે પંડિતાઇનું લક્ષણ નથી.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ શ્રીપુરુષોત્તમ પ્રણીત શ્રીવ્યાસજી, શ્રીવિષ્ણુસ્વામી, શ્રીવલ્લભદ્વારા અન્યથાવાદનું નિરાકરણ કરીને સ્થાપન કરેલું છે. તે બ્રહ્મસૂત્રના પદે પદે વ્યાસજીનું હૃદય શ્રીમદ્ આચાર્યચરણ બતાવી રહ્યા છે. જે વિષય સ્પષ્ટ હોય તેના વિષે વારંવાર પિષ્ટ-પેષણ કરવું અને મહાપુરુષોનાં સિદ્ધાંતની અવહેલના પોતાની ક્ષુદ્ર બુદ્ધિથી કરવી તે શું સત્ય છે? જિજ્ઞાસુએ બ્રહ્મવાદ; માયાવાદ અને દેવતાવાદ શું છે તે વિષયો તત્વાર્થદીપ નિબંધ દ્વારા જાણવાની જિજ્ઞાસા કરવી.

—ક્રમશઃ

સને ૧૯૮૮ના અંક ૭ના અનુસંધાને શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૨૮૧ આં. રા. પુ. વૈ. પરિષદ સત્સંગ મંડળ,
હ. હીરાલાલ વસનજી લાખાણી,
રાણા ખીરસરા.

૨૮૨ ટી.વી. એડઝ વડોદરા.

૨૮૩ ભૂપેન્દ્રકાંત નરોત્તમદાસ શાહ, વડોદરા.

૨૮૪ વનમાળીદાસ દેવકરણ કેસરીયા, રાજકોટ.

૨૮૫ રમણીકલાલ કપૂરચંદ ધોળકીયા, રાજકોટ.

૨૮૬ જગદીશ કે. જોશી, રાજકોટ.

૨૮૭ લીલાબેન પ્રવિણચંદ્ર કચેરીયા, મુંબઈ.

૨૮૮ લુધામલ નરશીદાસ, સુરત-આઠવા.

૨૮૯ રણછોડદાસ ચત્રભુજ જસાણી, વિલેપાર્લે.

૨૯૦ સોની જેઠાલાલ નાથાલાલ, રાજકોટ.

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રી વલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ)

લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં "શ્રીવલ્લભ" શબ્દ શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે, બન્ને એક જ સ્વરૂપ છે.]

થેઇ થેઈ બોલતાં, થેઇ થેઇ બોલતાં બોલે; શ્રીવલ્લભ–
તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. (૫૧)
સારીગમપધનિ, નિધપમગરીસા બોલતાં બોલતાં બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ (૫૨)
વ્રજમાં પધારતાં યમુના બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૩)
વ્રજમાં બિરાજતાં યમુના બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૪)
વ્રજ–વૃંદાવન–ગોકુલે દ્રવીભૂત સ્વરૂપે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૫)
'नमत कृष्ण तुर्य प्रियाम्' સ્વરૂપે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૬)
નિત્ય નૂતન ઘનીભૂત સ્વરૂપે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૭)
લીલા–સામગ્રી સ્વરૂપે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૮)
વ્રજવાસીના વ્રજવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૯)
વ્રજપતિના વ્રજજન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૦)
વ્રજવનિતાના વ્રજપતિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૧)
વ્રજાંગનાના વ્રજનાથ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૨)
વ્રજવાસીના વ્રજજીવન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૩)
વ્રજજીવનના વ્રજવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૪)
સમગ્ર વ્રજનાં લીલા–સ્થાન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૫)
સમગ્ર વ્રજનાં ક્રીડા–સ્થાન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૬)
સમગ્ર વ્રજની લીલા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૭)
સમગ્ર વ્રજની ક્રીડા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૮)
સમગ્ર વ્રજની વિલાસ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬૯)
સમગ્ર વ્રજનાં વિહાર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૦)
સમગ્ર વ્રજના વિલાસ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૧)
સમગ્ર વ્રજના વિહારી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૨)
સમગ્ર વ્રજનાં પશુ–પક્ષી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૩)
અજા ગાવો મહિષી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭૪)

–ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ, "વ્રજ" ધોરાજી**

શ્રીકૃષ્ણ નામથી અધમ થાય વૈકુંઠ પદવાસી
કૃષ્ણનામથી મુકિત ચાર માયાપણ દાસી ॥૧૫॥

ભાવાર્થ : અજામિલ જેવા અધમ અને મહાપાપી ફકત એકજ વખત અને તે પણ પુત્રનું નામ નારાયણ લેવાથી તેને પ્રભુએ વૈકુંઠ પદ આપ્યું. મહા અધમ ગણિકા પોપટને રામ રામ પઢાવતા. ફકત'રા. અર્થે નામ લીધું. ત્યાં સર્પે, દંસ આપ્યો અને તેને પ્રભુએ વૈકુંઠ પદ આપ્યું. ગુલાબદાસ ક્ષત્રીય, વૈષ્ણવ થયા પછી ખાનપાનથી મહાભ્રષ્ટ થઈ ગયા હતા તેને એક વૈષ્ણવે એમજ કહ્યું કે શ્રી ગુંસાઈજી તને યાદ કરે છે. આટલું સાંભળતાં તેની દેહ છુટી અને લીલામાં ગયા. આ પ્રભુનામ અને તેના શ્રવણનો પ્રતાપ બલ છે. તેનાથી પ્રભુ જીવને પોતાનું ગોલોક ધામ આપે છે. અને એ લીલા ધામના સુખ આગળ ચાર મુકિત પણ તુચ્છ લાગે છે. **સાલોકય** પ્રભુના લોકમાં રહેવું. **સારૂપ્ય** પ્રભુના જેવું ચતુર્ભુજ સ્વરૂપ. **સામિપ્ય** – પ્રભુની સન્મુખ રહેવું– **સાયુજય** તેજમાં તેજનું મળી જવું. તેમાં જીવને શું સુખ ? કારણ કે તે વૈકુંઠાદીક સુધીજ પહોંચાડે છે. જેનો મહાપ્રલયમાં પણ પ્રલય થઈ જાય છે, ત્યારે પ્રભુના ગોલોક ધામ અનંત કોટી બ્રહ્માઓનો લય થઇ જવા છતાં ત્યાંનો આનંદ એક રસ અને અખંડ રહે છે, અને માયા તેની દાસી બની જાય છે. મહાવન વાળા નારાયણદાસ બ્રહ્મચારી જયાં સુતા બેસતા ત્યાં ચારે બાજુ ધનના ઢગલા થઈ જતા અને તેને બગાડ સમજી અને બહાર ફેંકાવી દેતા ખરચુ જઇ હાથ ધોવા માટે માટી લેતા ત્યારે ત્યાં પણ સોનામહોરો નીકળતી અને તેના ઉપર ધૂળ નાખી દેતા આમ માયા પણ ભગવદ્ ભકતની દાસી થઇ અને તેના સાનિધ્યની આશા કરે છે માટે સદાશ્રીકૃષ્ણ નામનું રટણ કરવું.

શ્રીકૃષ્ણનામથી કૃષ્ણ વસે નિત્ય હૃદય રંગે
શ્રીકૃષ્ણનામથી રક્ષક ફરે સુદર્શન સંગે ॥૧૬॥

ભાવાર્થ–જેઓ સદા શ્રી કૃષ્ણનામનું રટણ કરે છે. તેના હૃદયમાં શ્રી કૃષ્ણ સદા ઉમંગ પુર્વક નિવાસ કરે છે. અને હૃદય શ્રી શ્યામ રંગથી રંગાઇ જાય છે. શ્રીકૃષ્ણ નામનું રટણ કરનારનું સદા સુદર્શન ચક્ર રક્ષણ કરે છે. અંબરિષ રાજા ઉપર દુર્વાસાએ ક્રોધ કરી અને તેને મારી નાખવા માટે ભયંકર "કૃત્યા" ઉત્પન્ન કરી. એટલે પ્રભૂએ સુદર્શન ચક્ર મુકયું તેણે કૃત્યાને બાળી નાખી. અને દુર્વાસને બાળવા તેની પાછળ થયું. દુર્વાસા ત્રણેય લોક–સ્વર્ગ–મૃત્યુ અને પાતળમાં ફર્યા પરંતુ તેનું કોઇએ રક્ષણ કર્યું નહીં. અને અંતે તે આવી અને ભકતરાજ અંબરિષ રાજાના ચરણમાં પડયા ત્યારે સુદર્શન પાછું ફર્યું. આમ ભકતોના રક્ષણ માટે પ્રભૂનું સુદર્શન ચક્ર સદા તત્પર જ રહે છે.

એક સમય તુલસીદાસજી અને સુરદાસજી આગ્રાની બજારમાં મળ્યા અને વાતો કરવા લાગ્યા. તેવામાં ગાંડો હાથી દોડયો આવતો

હતો સુરદાસજીએ કહ્યું કે મારા બાલકૃષ્ણ પ્રભૂ બાલક છે તેને હું શ્રમ નહીં કરાવું. એમ કહી અને દુર ખસી ગયા તુલસીદાસ રામચંદ્રજીનું સ્મરણ કર્યું અને તુરતજ હાથીના કપાળમાં રામ બાણ વાગ્યું અને હાથી મરી ગયો આમ પ્રભૂ પોતે ભકતની રક્ષા માટે સદા સર્વ સ્થળે તત્પર જ રહે છે. બસો બાવન વૈષ્ણવની વાર્તામાં જગન્નાથ જોશીની વાર્તા છે. તેણે પ્રભૂ સન્મુખથી માળાને વૈષ્ણવો ઉપર નાખી તે માળા બીજાના ગળામાં પડી તેની બાજુમાં ઉભેલા રજપુતને થયું કે મારા ગળામાં ન નાખતાં બીજાના ગળામાં માળા કેમ નાખી, અને તરવાર લઇને- મારવા ઉગામી ત્યારે પ્રભૂએ તેનો હાથ પકડી રાખી, જગન્નાથ જોશીનું રક્ષણ કર્યું હતું.

॥ શ્રી હરિ: ॥

તા. ૧૧-૧૦-૮૮

રાજસ્થાન શ્રીનાથદ્વારા મંદિરમાં દર્શન કરવા માટે કોઇ પણ જ્ઞાતિ જાતિ માટે પ્રવેશબંધી નથી, છતાં કેટલાક રાજકીય લોકો પોતાની ચાલબાજી ખેલવા હરિજનોને ઉશ્કેરીને સ્ટંટબાજી કરી રહ્યા છે તે તેઓ માટે અત્યંત શરમરૂપ છે એવું આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશના સંગઠનમંત્રી પ્રો. ચીમનભાઈ શેઠ એક પ્રેસ નિવેદનમાં જણાવે છે, અને રાજસ્થાન સરકારશ્રીને આવા સ્ટંટબાજી કરનારા લોકોને જેર કરવા તથા શાંતિ ન જોખમાય તે દ્દષ્ટિથી કડક હાથે કામ લેવા અનુરોધ કરે છે.

મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારમાં પ્રવેશ માટે નકકી કરવામાં આવતા નિયમોનું પાલન સૌએ કરવું જોઇએ. છતાં પણ શ્રીનાથજીના મંદિરમાં બીડી પીતા જવું કે જોડા પહેરીને જવું એ અત્યંત અશોભનીય અને આકરી ટીકારૂપ છે. તથા એવી રીતે પ્રવેશ કરનારા અશાંતિ ઉભી કરવાના પ્રયાસો કરી રહ્યા છે એટલે સરકારશ્રીએ આવા લોકોની સાન ઠેકાણે લાવવા કડક હાથે સંગીન પગલાં ભરવા શ્રી શેઠે રાજસ્થાન સરકારને અનુરોધ કર્યો છે.

ચીમનભાઈ શેઠ
સંગઠન મંત્રી
આં. પુ. વૈષ્ણવ પરિષદ, ગુજ. પ્રદેશ

રૂા. ૫૧/- પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રીમતી કુસુમબેન અશોકભાઈ મોદી, શાંતાક્રુઝ (વેસ્ટ) મુંબઇના જય શ્રીકૃષ્ણ.

।। શ્રીવલ્લભઃ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ-વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૫૧ મું, રાગ-રામકલી

શ્રી યમુનાજી તિંહારોદરસ મોહી ભાવે ।
શ્રી ગોકુલ કે નિકટ બહત હો
લહેરનકી છબિ આવે ।।૧।।
સુખકરની દુઃખહરની શ્રીયમુનાજી જે
જન પ્રાત ઉઠ–ન્હાવે ।।
મદનમોહન જૂકી ખરી હે
પ્યારી પટરાની જુક હાવે ।।૨।।
વૃંદાવન મેં રાસ રચ્યો હેં,
મોહન મુરલી બજાવે ।।
'સૂરદાસ' પ્રભૂ તુમ્હારે **મિલન**
કોં વેદ વિમલ જસ ગાવે ।।૩।।

ભાવાર્થ–હે શ્રીયમુનાજી આપનાં દર્શન મને પ્રિય લાગે છે. શ્રીગોકુલમાં ઠકુરાની ઘાટ નિકટ આપનો રાસ પ્રવાહ મંથર ગતિથી વહી રહ્યો છે. આપ મંદ ગતિથી રસભર સ્વરૂપે વહી રહ્યાં છો. આપ મંદ ગતિથી પધારો છો ત્યારે આપના ઉલ્લાસ રૂપ લહરિઓની અદ્ભૂત શોભા લાગે છે. નિત્ય પ્રાત સમયે આપનામાં કોઈ સ્નાન પયપાન કરે તેનાં સર્વ દુઃખોનું હરણ કરી અને સર્વ અક્ષય સુખો આપો છો હે શ્રી પ્રિયતમનાં પ્યારીજી ! આપ તો મદનને પણ મોહ કરનાર શ્રીરાસ વિહારીજીના પરમ પ્યારી પટ્ટરાણીજી છો. વૃંદાવનમાં આપના તટ ઉપર શ્રીમદન મોહનજીએ મુરલી બજાવી અને મહારાસ કર્યો અને મુરલીનાદથી મહારાસને પણ રસોન્મત્ત બનાવ્યો છે શ્રીસૂરદાસજી કહે છે કે એવા આપના સ્વરૂપનાં દર્શન મિલન માટે વેદો **પણ આપના** વિમલ યશો ગાઇ રહ્યા છે.

વિવેચન–શ્રીમદ્ ગોકુલ ઠકુરાણી ઘાટ ઉપર આપશ્રી યમુનાજીનાં અદ્ભુત અને અલૌકીક દર્શન થાય છે. ઠકુરાની ઘાટનાં દર્શન કરતાં જ જીવના હ્રદયમાં અલૌકિક આનંદની લહરિઓ જાગી ઉઠે છે અને નિત્ય લીલામય ગોલોક ધામમાં જ આવ્યા હોઇએ તેવી લીલામય ભાવના ઉદ્ભવે છે, અને જીવન અલૌકીક નૂતન રસાનંદમાં મસ્ત બની જાય છે. કોઇ પણ જીવ ઠકુરાની ઘાટ ઉપર જાય છે તે સર્વને યથાઅધિકાર નૂતન આનંદ મળે જ છે, અને પુષ્ટિ ભકતો તો ભાવ વિભોર બની સ્વરૂપાનંદમાં મસ્ત બની જાય છે.

–ક્રમશઃ

આ માસના ઉત્સવ

આસો વદ અમાસ તા. ૯–૧–૮૮ બુધવાર દિવાળી, હટડી, કાન જગાવન, લક્ષ્મીપૂજન.

સં. ૨૦૪૫ કારતક સુદ ૧ તા. ૧૦–૧૧–૮૮ ગુરુવાર નવું વર્ષ, ગોવર્ધન પૂજા, અન્નકુટ, ઉત્સવ. અન્નકુટની આરતિ વખતે ઈન્દ્રમાનભંગના પદ શરૂ કરી સાતમ સુધી બોલાય. ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (કામવન) નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૧૧–૧૧–૮૮ શુક્રવાર ભાઈબીજ, ચંદ્રદર્શન.

કારતક સુદ ૩ તા. ૧૨–૧૧–૮૮ શનિવાર ગો. શ્રી યમુનેશ બાવાશ્રી (બોરીવલી) નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૧૩–૧૧–૮૮ રવિવાર ગો. શ્રી ભૂષણજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૧૪–૧૧–૮૮ સોમવાર ગો. શ્રી વ્રજભૂષણબાવાશ્રી (મથુરા) અને ગો. શ્રી પુરૂષોત્તમ બાવાશ્રી (જુનાગઢ) નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૧૫–૧૧–૮૮ મંગળવાર ગો. શ્રી વ્રજોત્સવબાવા (નાથદ્વારા) અને શ્રી વિશાલકુમારબાવા (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૧૬–૧૧–૮૮ બુધવાર ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઈ), ગો. શ્રી જયદેવ બાવા (કોટા) અને ગો. શ્રી પુરૂષોત્તમ બાવા (કાંદીવલી) નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૧૭–૧૧–૮૮ ગુરુવાર ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૧૮–૧૧–૮૮ શુક્રવાર અક્ષયનવમી, કુષ્માંડ નવમી, સત્યયુગાદિતિથિ ગોવિંદાભિષેકોત્સવ. વિવાહના પદનો પ્રારંભ પુનમ સુધી બોલાય. ગો. શ્રી અક્ષયકુમારજી (મથુરા) નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૧૯–૧૧–૮૮ શનિવાર ગો. શ્રી દ્વારકેશજી બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૨૦–૧૧–૮૮ રવિવાર પ્રબોધિની એકાદશી વ્રત. તુલસી વિવાહ, મંડપ શૃંગારમાં. રસાત્મક મહારાત્રિ, હેમન્ત ઋતુની શરૂઆત થઈ પોષ વદ ૮ સુધી, શ્રી ગુસાંઈજીના પ્રથમલાલજી શ્રી ગિરિધરજી (સં. ૧૫૯૭) તથા પંચમલાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧) નો ઉત્સવ. ગો. શ્રી લાલજી બાવા (મથુરા) નો તથા ગો. શ્રી વ્રજેન્દ્રકુમાર બાવા (અમદાવાદ) નો જન્મદિન.

કારતક સુદ ૧૩ તા. ૨૧–૧૧–૮૮ સોમવાર ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૨૩–૧૧–૮૮ બુધવાર પૂર્ણિમા ચાતુર્માસ નિયમ સમાપ્તિ. ભક્ત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૨૪–૧૧–૮૮ ગુરુવાર ગોપમાસનો આરંભ. વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૨૫–૧૧–૮૮ શુક્રવાર ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૨૭–૧૧–૮૮ રવિવાર શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. શ્રી કમલેશ બાવાશ્રી (મુંબઈ), શ્રી વ્રજેન્દ્ર બાવાશ્રી (માંડવી) તથા ગો. શ્રી દ્વારકેશબાવા (કાંકરોલી) નો જન્મદિન-

કારતક વદ ૭ તા. ૩૦–૧૧–૮૮ બુધવાર ટિક્રૈત શ્રી ગોવિંદલાલજી મહારાજ શ્રી (નાથદ્વારા) નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૧–૧૨–૮૮ ગુરુવાર શ્રી ગુસાંઈજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯) ગો. શ્રી રાજેન્દ્રબાવા શ્રી (મથુરા) નો જન્મદિન.

કારતક વદ ૧૦ તા. ૩–૧૨–૮૮ શનિવાર ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ) નો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૫–૧૨ ૮૮ સોમવાર ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૭–૧૨–૮૮ બુધવાર શ્રી ગુસાંઈજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮), ગો. શ્રી ત્રિભંગીરાય મહારાજ (બોરીવલી) તથા ગો. શ્રી રમેશ બાવાશ્રી (મુંબઈ) નો જન્મદિન.

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L.P.W.P. 43

॥ શ્રીહરિ: ॥

શ્રી મહારાણીજીનાં નામાષ્ટકનું ધોળ

શ્રી મહારાણીજીનાં નામ નિશદિન રટીએ રે,
ભકિતભાવે અંતર નિજ ભરીએ... મહા. નાં નામ-
વ્રજ વાસિની, યમુના, કાલિંદી રે,
સૂર્ય-પુત્રી એ પાપ - નાશિની રે,
સ્નાન-પાનથી ભવસાગર તરીએ... મહા. નાં નામ (૧)
એ તો કૃષ્ણ તુરિય પટરાણી રે,
વેદ પૂરાણે એને વખાણી રે,
આરતી દર્શન કરીને સુખ લઈએ... મહા. નાં નામ (૨)
યમ - ભગિની એ વૈષ્ણવની માતા રે.
યમ પુષ્ટિ - જનોથી દૂર જતા રે,
મા ની કૃપા વૈષ્ણવ પર વરસે... મહા. નાં નામ (૩)
શરદ પૂનમે રાસલીલા રમતા રે,
ગર્વ 'કુસુમાયુધ' નો કૃષ્ણ હણતા રે,
ગોપી સંગ યમુના-સ્નાન કરતા .. મહા. નાં નામ (૪)
ભકિત દાત્રી સકલ સિદ્ધિ આપે રે,
ચિંતા, ભવ ભય, સંકટ કાપે રે,
નિજ ભકતોને વ્રજવાસ આપે... મહા. નાં નામ (૫)

-જયંત જી. ગાંધી (જુનાગઢ)

મૈયા જમુનાજી મંગલકારી

(રાગ -- ભૈરવી)

મૈયા જમુનાજી મંગળકારી, જમુનાજી મંગળકારી, વિશ્રામ ઘાટે જલે દીપ ભારી, શોભા ભઈ અતિ ન્યારી.
અણુ અણુમાં જ્યોતિકારી જાઉં હું વારી વારી, તારા નયને કરુણા અતિ ભારી, મુજ નયને વહે અશ્રુવારિ.
કૃપાદષ્ટિ પડે જ્યાં તારી, ત્યાં પ્રગટે પુષ્ટિ ચિનગારી, જન્મોજન્મના પાતક હારી, અમી નજરથી જોનારી.
ભરૂં જમુના જળની ઝારી, શ્રીજીબાવાને અતિ પ્યારી, ગાયું યમુનાજી મૈયા પ્યારી, સદા રહેજો કૃષ્ણ પ્રીતિકારી.

-પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક --રતુભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિઃ ॥

શ્રી ગોકુલનાથજીની વધાઈ

[રાગ-લલિત]

પ્રગટે શ્રી ગોકુલનાથજી, શ્રી વિઠ્ઠલનાથ કે ધામ બધાઇ;
ઉગ્ર કિયો યશ યા ભૂતલ પર, માલા તિલક દૃઢાઈ. ૧

ગુણ લાવણ્ય માધુરી મુખ, છબિ દેખ અનંગ લજાઈ;
દીન દયાલ મહા કરુણામય, કૃષ્ણરૂપ સરસાઈ. ૨

નિજ દાસન પર કરત સદા હિત, કીરતિ સબ જગ છાઈ;
અતિ ઉદાર શ્રી વિઠ્ઠલનંદન, 'રસિકદાસ' શિરનાઈ. ૩

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૯ ❁ ડીસેમ્બર, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

॥ શ્રી હરિ : ॥

આં. શ્રી. પુ. વૈ. પરિષદ (રજીકૃત)

જી. ૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ મુંબઈ–૧

આં. શ્રી. પુ. વૈ. પરિષદની શાખાઓને નિર્દેશ

નાથદ્વારામાં કેટલાંક રાજનીતિક સ્વાર્થી તત્વો દ્વારા હરિજનોના મંદિર પ્રવેશના નામે અશાન્તિનું વાતાવરણ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ વિષયમાં પૂજ્યપાદ ગોસ્વામી તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીએ પુરી સ્થિતિ અનેકવાર સ્પષ્ટ કરી દીધી છે.

આપશ્રીનો સંદેશ નિચે મુજબ છે.

"નાથદ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિર છે. તથા ત્યાં હરીજનોના પ્રવેશ પર કોઈ રોકટોક નથી, શ્રીનાથજીના મંદિરમાં જવાવાળા વૈષ્ણવ મતાવલમ્બી અને વૈષ્ણવ ધર્મમાં આસ્થા રાખવાવાળા છે. મંદિરમાં હરિજનોના પ્રવેશ પર ક્યારેય બંધી રહી નથી. શ્રીનાથજી મંદિર નાથદ્વારા પુષ્ટિમાર્ગીય વલ્લભસંપ્રદાયનું પ્રધાન–પ્રથમ મંદિર છે. જે સંપ્રદાયની જે મર્યાદા છે એ મર્યાદાના અનુસાર પાલન થવું આવશ્યક છે.

મર્યાદાનું અનુસરણ કરવાવાળા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બની જાય છે અને પ્રભુના દર્શન કરી સ્વ જીવનને કૃતાર્થ કરવામાં સફળ થાય છે."

પરિષદની બધી શાખાઓને સુચના આપવામાં આવે છે કે આ પ્રકરણ અત્યંત સંવેદનશીલ છે તથા ન્યાયાલયમાં પણ પ્રકરણ વિચારાધીન છે. માટે શાખાઓએ સ્વતંત્ર રૂપથી વકતવ્ય ન દેવું જોઈએ, તેનાથી મુંઝવણો ઉભી થઈ શકે છે. શાખાઓએ શ્રી તિલકાયત મહારાજશ્રીના વકતવ્યનો જ વ્યાપક પ્રચાર–પ્રસાર કરવો જોઈએ. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને રાજસ્થાન સરકારના મુખ્યમંત્રીશ્રીને પણ આજ આશયના પત્ર લખવા જોઈએ. સાથે એ પણ આગ્રહ કરવો જોઈએ કે ધર્મસ્થળ પર બીનજરૂરી રાજનીતિક ઉદ્દેશ્યથી પ્રેરિત ગતિવિધીઓ સખ્તીથી બંધ કરવી જોઈએ. અમારા ધર્મસ્થળની મર્યાદાની રક્ષા કરવી જોઈએ.

જ્યારે શ્રદ્ધા અને શાન્તીપૂર્વક બધાને ભેદભાવ વીના નાથદ્વારામાં દર્શનની છૂટ છે તો આંદોલનાત્મક ક્રિયાકલાપ કરવા સર્વથા અનુચિત છે.

ભ વ દિ ય

મુકુન્દભાઈ આર. શાહ	ડૉ. [illegible] શર્મા
કેન્દ્રીય મંત્રી	કેન્દ્રીય [illegible]
આં. પુ. વૈ. પરિષદ	આં. પુ. વૈ. પરિષદ

તા ૩૦–૧૦–૮૮

ઠરાવનો નમુનો

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ શાખા..................ની તરફથી આયોજીત વૈષ્ણવોની સાર્વજનિક સભામાં પસાર થયેલ ઠરાવ.

નાથદ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિરમાં હરિજનોના પ્રવેશ પર કોઈ રોકટોક નથી. મંદિરની પુષ્ટિમાર્ગીય વલ્લભસંપ્રદાય અનુસાર પરંપરાગત મર્યાદાઓ છે. તેનું પાલન થવું જોઈએ. આ મર્યાદાઓના પાલન કરતા કોઈપણ વીના ભેદભાવથી શ્રીનાથજીના દર્શન કરી શકે છે. આવી સ્થિતિમાં સ્વાર્થી તત્વોને ધર્મસ્થળની મર્યાદા ભંગ કરવાનો અને અશાંતિ તથા ઉત્તેજનાનું વાતાવરણ ઉભું કરવાની અનુમતિ ન દેવી જોઈએ. વૈષ્ણવોની આ સભા આવા કુટીલ પ્રયાસોનો વિરોધ કરે છે તથા શાસનને અનુરોધ કરે છે કે આવી પ્રવૃતિને સખ્તીથી દબાવે.

સહિ

પ્રમુખ..................

સ્થાન તારીખ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૯ * ડીસેમ્બર, ૧૯૮૮

॥ શ્રીહરિ: ॥

પ. પૂ. આચાર્યશ્રીઓના આશીર્વાદ

* પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રીપ્રથમેશજી.
* પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી, (પારલા–મુંબઇ)
* પૂ. પા. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજશ્રી, માંડવીવાળા (હાલોલ)
* પૂ. પા. ગો. શ્રી પ્રભુજી મહોદય (સુરત–વડોદરા)

આ ચારે આચાર્યશ્રીઓ તરફથી 'શ્રીવલ્લભસુધા'ના સંપાદક, કાર્યકર્તાઓ અને તે દ્વારા 'શ્રીવલ્લભસુધા'ના સર્વે વાચકવૃન્દને વિક્રમના નૂતન વર્ષ પ્રસંગે શુભાશિર્વાદ પ્રાપ્ત થયાં છે.

–સંપાદક

* શ્રી. વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

વ્રજયાત્રાનો ઉદય અને વિકાસ

લેખક : **શ્રી શેઠ ગોવિંદદાસ (સંસદ સભ્ય) જબલપુર**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના** બી. એ. (ઓનર્સ) કોવિદ

(ગતાંકથી ચાલુ)

એ રીતે અહીં વિવેચન કરવાનો અમારો કહેવાનો હેતુ એવો નથી કે, ગુસાંઇ શ્રીવિઠ્ઠલનાથજીએ પહેલી સામૂહિક વ્રજયાત્રા કરી અથવા તો ભટ્ટજીએ પહેલી વ્રજયાત્રા કરી; કારણ કે જો બંને મહાપુરૂષો સમાન ઉદ્દેશથી પ્રેરાયેલ હતા. અમે તે બંને મહા પુરૂષોને આ સામુહિક વ્રજયાત્રાના પ્રણેતા માનીએ છીએ અને એમ કહેવા માગીએ છીએ કે, વ્રજયાત્રાની આ પરંપરાએ સંવત ૧૬૨૪ સુધીમાં ઘણી જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી લીધી હતી, કારણ કે ગુસાંઇજી શ્રી વિઠ્ઠલનાથજીની સં. ૧૬૨૪માં કરવામાં આવેલી વ્રજયાત્રાનું વિસ્તૃત વિવરણ સાહિત્યમાં મળી આવે છે. કવિ જગતાનંદે વિસ્તાર પૂર્વક ગુસાંઇજીની આ યાત્રાનું વર્ણન કરેલું છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે એ કવિ પણ ગુસાંઇજીની સાથે આ યાત્રામાં જોડાયેલા હતા, નહિ તો પ્રત્યેક દિવસની યાત્રાનું એવું તાદશ વર્ણન થઇ શકે નહિ અસ્તુ.

(કવિ જગતાનંદ સંબંધી વિશેષ જાણકારીને માટે જુઓ 'વ્રજ-ભારતી' વર્ષ ૧૬ અંક ૧માં શ્રી અગરચંદ નાહટાનો લેખ પૃષ્ઠ ૩૧ તથા 'વ્રજ ભારતી' વર્ષ ૧૫ અક ૪માં શ્રી રતનલાલ ગોસ્વામીનો લેખ અને વિદ્યા-વિભાગ કાંકરોલીથી પ્રકાશિત ગ્રંથ 'જગતાનંદ')

એવી રીતે સંવત ૧૬૦૦ ની આસપાસ વ્રજમાં આ સામુહિક યાત્રાની પરંપરા શરૂ થઇ અને વ્રજયાત્રાના નિયમ પણ નિર્ધારિત કરવામાં આવ્યાં. નારાયણ ભટ્ટજીએ વ્રજયાત્રાની જે વિધિ વ્રજ-ભકિત-વિલાસમાં લખી છે. લગભગ તે નિયમો પ્રમાણે આજ પણ બધા સંપ્રદાયો વ્રજયાત્રા કરે છે.

વ્રજયાત્રાના નિયમો-

ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓને ધ્યાનમાં રાખીને વન યાત્રાનો પ્રારંભ કરવો જોઇએ. પ્રદક્ષિણાના માર્ગમાં વૃક્ષો, લતા, કુંડો, ગાયો, બ્રાહ્મણો, મુર્તિઓ, પથરાઓ, તીર્થો તેમ જ ભગવાનના કોઈ સ્થળનો ત્યાગ કરવો જોઇએ નહિ. વળી યથા વિધિ બધાની પુજા તેમ જ સન્માન પણ કરવાં જોઇએ. સાથો સાથ કૂર્મ પુરાણમાં કહેવાયેલી મર્યાદા પ્રમાણે રાત્રે જે વસ્ત્રો પહેર્યાં હોય તે વસ્ત્રો પહેરીને યાત્રા કરવી જોઇએ નહિ. યાત્રામાં ધોયેલાં સ્વચ્છ પહેરવાં જોઈએ. અને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. રાત્રિના સમયે વ્રજયાત્રા કરવાનો નિષેધ છે. યાત્રાનો પ્રારંભ શૌચાદિ કાર્યોથી પરવારીને પછી જ કરાય. યાત્રામાં પગ ધીરે ધીરે સંભાળપુર્વક મુકવા જોઈએ કે જેથી જીવ હિંસા થાય નહિ. અજીઠાં જલ, ભોજન લેવાં નહિ અને તેલનો સ્પર્શ પણ યાત્રામાં કરવો જોઇએ નહિ. યાત્રાના સમયે માંદા પડી જવાય અને સ્ત્રીઓ રજસ્વલા હોય ત્યારે અથવા તો સૂતક વગેરે લાગતાં હોય તેવે સમયે યાત્રા ન કરવી જોઇએ. જો એવું બને તો તેટલો સમય યાત્રી યાત્રાના માર્ગમાં

નિવાસ કરે અને તેમાંથી નિવૃત્ત થતાં આગળની યાત્રાનો આરંભ કરે.

યાત્રામાં યાત્રાળુએ અલ્પાહાર કરવો અને રાત્રિના વ્રત કરવું. યાત્રામાં જવ, ચોખા અને ધાન્યનું દાન મુખ્ય છે. મંત્ર પાઠ કરતાં કરતાં અને હાથ પગ ધોઈને દાન કરવું. યાત્રાના નિયમોમાં એમ પણ કહેવાયું છે કે, વન યાત્રીએ શરીરને અધિક કષ્ટ આપ્યા વગર પ્રદક્ષિણા કરવી જોઇએ, કારણ કે શરીરે દુઃખી થવું તે આત્મઘાતી થવા બરાબર છે. તેવી યાત્રા સામાન્ય ફળ આપે છે. વળી ભગવાન પણ ક્રોધિત થઇને શાપ આપે છે.

આ રીતે વ્રજ યાત્રાની એ પ્રાચીન પરંપરાને ભકિત યુગમાં વિકસિત થવાનો અવસર મળ્યો અને આ વ્રજ યાત્રા ત્યારથી આજ સુધી પ્રતિ વર્ષ ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી તથા ગોસ્વામી શ્રી ગોપાલલાલજી દ્વારા કરાયેલાં કેટલાક સામયિક પરિવર્તનોની સાથે આજ સુધી ચાલી આવે છે. હા, ઔરંગઝેબ જેવા શાસકોના સમયમાં કેટલાક સમય સુધી યાત્રાના આ સામુહિક ક્રમમાં અવશ્ય વિક્ષેપ થયો હતો, જેને અન્ય કોઇ મહત્વ આપ્યા વગર અમે અહીં કેવળ એટલું જ કહેવા ઇચ્છીએ છીએ કે વ્રજ યાત્રાની આ પરંપરા બહુ જ પ્રાચીન છે અને શ્રીકૃષ્ણ ભકિતના ક્ષેત્રમાં તેમજ વ્રજના લોક જીવનમાં તેનું મહત્ત્વ અસાધારણ છે.

(ક્રમશઃ)

સતસઇ સાહિત્યમાં શ્રી દયારામભાઇનું સર્વોચ્ચ સ્થાન

પ્રા. એમ. આર. પાસેજા (રાજપીપળા)

અદ્‌ભૂત જીવન અને અજોડ વ્યકિતત્વ ધરાવતા શ્રી દયારામભાઈ બહુવિધ પ્રતિભાવાળા એક મહાન ભકતકવિ હતા. ગુજરાતના ત્રણ જયોતિર્ધરોમાં તેમનું માનભર્યું સ્થાન છે. તેમને પાણીદાર પાસાવાળા અતિ મૂલ્યવાન બહુપાર્શ્વી હીરાની ઉપમા આપી શકાય. ગુજરાતી, હિંદી, વ્રજભાષા, ઉર્દુ, મરાઠી, પંજાબી વગેરે અનેક ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા આ પુષ્ટિમાર્ગી કવિએ કાવ્ય સાહિત્યના બધા અંગો પર સમાન પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. અષ્ટછાપના કવિઓ પછી સુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગમાં આવો પ્રભાવશાળી કવિ બીજો કોઇ થયો નથી. તેમના અતિ વિશાળ કવિતા–સાહિત્યમાં ભકિતકાળના નન્દદાસ અને રીતિકાલના શ્રી બિહારી કવિના ગુણોનું શુભ મિલન થયેલું છે.

હિંદી સતસઇ પરંપરામાં બિહારી–સતસઇને શિખરનું સ્થાન મળ્યું છે. 'દયારામ–સતસઇ' વસ્તુવિધાન, ભાવ–વિધાન અને કલાના ગુણોની ઉચ્ચતાને લીધે બિહારી–સતસઇ પર સરસાઈ ધરાવે છે. વ્રજભાષાની કવિની રચનાઓમાં દયારામ–સતસઇ ઉત્કૃષ્ટ છે. હિન્દી સતસઈ પરંપરામાં મોખરે રહી તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમાં એક બાજુ શુદ્ધાદ્વૈત અને પુષ્ટિમાર્ગનું પ્રતિપાદન છે તો બીજી બાજુ કાવ્યકલાનો ચરમોત્કર્ષ પણ તેમાં જોવા મળે છે.

આ કૃતિ નિઃશંકપણે ભકિત તથા શૃંગારનો અદ્‌ભુત અને અપૂર્વ ગ્રંથ છે. આ લઘુ લેખ એક ઐતિહાસિક પ્રસંગ પ્રસ્તુત કરે છે, જે હિંદી સતસઈ પરંપરામાં 'દયારામ–સતસઇ' કેવું ઉત્કૃષ્ટ સ્થાન ધરાવે છે તે પુરવાર કરે છે.

એકવાર ઉદયપુરના રાજાએ પોતાના રાજ દરબારમાં વિદ્વદ્‌સભા ભરી અનેક કવિઓ અને પંડિતોને આમંત્ર્યા. અનેક જગાએથી કવિઓ અને વિદ્વાન પંડિતો પોતાનું પાંડિત્ય અને કવિત્વશકિત બતાવવા આ ઉદયપુરની રાજ દરબારની વિદ્વદ્‌સભામાં ઉપસ્થિત થયા. રાજાએ અનેક કવિઓને અને પંડિતોને તેમની સુંદર અને કલાત્મક રચનાઓ પેશ કરવા બદલ ભેટ–સોગાદો અને ઇનામ અકરામથી નવાજયા.

ઉદયપુરની આ વિદ્વદ્‌સભામાં એક ચારણ કવિએ પણ પોતાનું નશીબ અજમાવવા ભાગ લીધો. તેણે પોતાનું કવિત રજુ કર્યું અને અંતે એક દોહો બિહારી–સતસઈમાંથી અને એક દોહો દયારામ–સતસઇમાંથી પોતાની લાક્ષણિક ઢબે બુલંદ અવાજે ગાઇ સંભળાવ્યા.

આ મુકતકો સાંભળી ઉદયપુર–નરેશ અતિ પ્રસન્ન થયા.

તેમણે પુછયુ, 'કવિશ્રી, આ બંને મુકતકોમાંથી કયું મુકતક વધુ સારું છે ?'

ચારણે કહ્યું, 'મહારાજશ્રી, બંને મુકતક સારાં છે.'

રાજાએ પ્રસન્ન ભાવે કહ્યું, 'તમારું કહેવું બરાબર છે પરંતુ બંનેની તુલના કરતાં તમે બેમાંથી કોને શ્રેષ્ઠ ગણો ?"

ચારણ કહે : 'કૃપાનાથ, મારી દષ્ટિએ તો શ્રી દયારામભાઇની સતસઇ બિહારી કવિની સતસઇથી શ્રેષ્ઠ છે.'

રાજાએ પુછયું. 'એનું કોઇ પ્રમાણ ?'

કવિ કહેઃ 'એનું કારણ તો સ્પષ્ટ છે. બિહારીની સતસઈ માત્ર લૌકિક શૃંગારને અભિવ્યકત કરે છે. જયારે શ્રી દયારામભાઇની સતસઇ ભકિત અને અલૌકિક શૃંગારને પ્રકટ કરે છે. તેમની સતસઈ ભકિતકાવ્ય, કીર્તિકાવ્ય અને નીતિકાવ્યની સુંદરતા અને રુચિરતાથી સુમંડિત છે તેથી પણ ત બિહારીની સતસઇ પર સરસાઇ કરે છે વસ્તુવિધાન, ભાવવિધાન અને કલાવિધાનની દષ્ટિએ હિંદી સતસઈ સાહિત્યમાં દયારામ–સતસઈ સર્વોત્કૃષ્ટ છે."

ઉદયપુર નરેશ આ સાંભળી અતિ પ્રસન્ન થયા. તેમણે ચારણ કવિને ઉચ્ચ ભેટ સોગાદો અને ઇનામ આપી તમનું બહુમાન કરી નવાજયા.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઈ તથા ગો. વા. સોની જયંતિલાલ લીલાધર, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

✓

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૫ મો ચાલુ)

દ્વાવિમૌ પુરૂષૌ લોકે, ક્ષરશ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ, કૂટસ્થોક્ષર ઉચ્યતે ।૧૬।

શ્લોકાર્થ :– ક્ષર પુરૂષ છે, તે પણ બ્રહ્મરૂપ સત્ય સ્વરૂપથી અક્ષર જ છે, ક્ષર નાશવાન નથી, મિથ્યા નથી, પરંતુ ભગવાનની ઇચ્છાથી પ્રકૃતિનો તેને સંસર્ગ થવાથી, પ્રકૃતિના સંસર્ગ રૂપ ઉપાધિથી નાશ પણું થયેલું છે પણ તે વાસ્તવિક નથી, બ્રહ્માથી તૃણ પર્યંત સર્વ જગત્ જે મારી સદંશરૂપ પ્રકૃતિ સાથે જોડાયેલા હોવાથી ઉત્પત્તિ વગેરે ક્રિયાના વિષય કહેવાય છે તે ‘ક્ષર’ પુરૂષ છે. કૂટ એટલે પ્રાણીઓના સમૂહમાં રહેનાર કૂટસ્થ, શુદ્ધ, સચ્ચિદાનંદ રૂપ, ‘ભગવદ્ધામ’ વગેરે તેનાં નામ છે. (ઉપનિષદના જ્ઞાનથી જેનો સાક્ષાત્કાર થાય છે તે અક્ષર પુરૂષ કહેવાય છે) આ પ્રાણીઓના સમૂહમાં અંતર્યામીરૂપે પણ રહે છે, આ અક્ષર મારૂં ધામ છે. ૧૬

ટીકા–પોતાના દ્વારા દર્શાવેલા સ્વરૂપ જ્ઞાનને માટે સપરિકર પોતાનું સ્વરૂપ બતાવે છે (ત્રણ શ્લોકોમાં). લોકમાં બે પુરૂષ સંપૂર્ણ પદાર્થોના ભોકતા છે. આધિભૌતિક અને અધ્યાત્મરૂપવાળા, ક્ષર અને અક્ષર છે. ક્ષર પુરૂષ સંપૂર્ણ ભૂતોને (પ્રાણીઓને) બ્રહ્માથી માંડીને સ્થાવર સુધી શરીરોની લીલાને ઉપયોગી એવા અનેક રૂપોને ભોગવે છે. ક્ષર શબ્દ વાચ્ય પુરૂષાંશરૂપ છે એમ છે એમ અર્થ છે. કૂટનો અર્થ શિલાસમૂહ પર્યંત, તેની જેમ શરીરાદિના નષ્ટ થયા (નાશ પામવા) પર પણ એ સમુદાયોમાં સ્થિત અવિનાશી ભોકતા જે મારા ચરણાત્મક છે તે અક્ષર પુરૂષ છે એમ કહેવાનું તાત્પર્ય છે. ૧૬

ઉત્તમ : પુરૂષસ્ત્વન્યઃ, પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય, બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ।૧૭।

શ્લોક–સર્વ કારણોના કારણરૂપ આ ઉત્તમ પુરૂષ પૂર્વે વર્ણવેલા ક્ષર તથા અક્ષરથી ભિન્ન છે. આને ‘પરમાત્મા’ કહે છે આ પરમ આત્મા છે. આ પુરૂષ અદ્ભુત ઐશ્વર્યવાળા છે. ત્રણે લોકમાં અંતર્યામીરૂપે પ્રવેશ કરી તેમને ધારણ કરે છે. તે અવ્યય એટલે વિકાર રહિત છે તે ઈશ્વર છે. કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છે, તેથી અવ્યય રહી ત્રણે લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે. સર્વ વિરૂદ્ધ ધર્મોના આશ્રય છે. ૧૭

ટીકા–પુરૂષોત્તમને જાણવાને માટે આ બન્નેનું નિરૂપણ કરેલું છે. ‘તુ’ એ શબ્દ (તુકાર) તેના સમત્વના નિરાસ (નિવારણ) ને માટે છે. ઉત્તમ પુરૂષને કોઇ જાણતું નથી, કારણકે એ સર્વોત્કૃષ્ટ (સર્વમાં ઉત્તમ) આત્મા છે એમ શ્રુતિઓમાં પણ કહ્યું છે. એ ત્રણેય લોકોને તે તે રસોના અનુભવને માટે આવિર્ભૂત થાય છે, ધારણ કરે અને પોષણ કરે છે. એમ હોય તો ન્યૂનાધિક્ય (ઓછાપણું અથવા

વધારે પણ) થશે એવી આશંકા થાય તો કહે છે કે એ અવ્યય છે, નિર્વિકાર છે, તો પછી ધારણ અનુપપન્ન થાય, એમ કહેવામાં આવે તો સમાધાન કરતાં કહે છે કે એ ઇશ્વર છે અને કરવામાં તથા અન્યથા કરવાને સમર્થ છે. આવો અર્થ છે ૧૭

યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોઽસ્મિ લોકે વેદે ચ, પ્રથિતઃ પુરૂષોત્તમઃ ।૧૮।

શ્લોકાર્થ-હું ક્ષરથી અતીત છું, અક્ષરથી પણ ઉત્તમ છું. તેથી લોકમાં તથા વેદમાં 'પુરૂષોત્તમ' એમ પ્રસિદ્ધ છુ. ૧૮.

ટીકા-તદ્રુપ આ જ છે. તે હું જ છું (સોહમ્) એમ કહ્યું છે. જેનાથી જડ વગેરે દેહ ધર્મો છે તેનાથી અતિક્રાન્ત (ઓળંગી ગયેલ) હું આનંદરૂપ છું. કૂટસ્થ ચેતનથી પણ ઉત્તમ છું. તેથી ચતુર્દશ (ચૌદ) ભુવનાત્મક લોકોમાં, વેદમાં, સૂત્ર સ્મૃતિઓમાં પણ ('ચ'કારથી અર્થ લેવાનો) પુરૂષોત્તમ કહેવાયો છું. ૧૮

યો મામેવમસંમૂઢો, જાનાતિ પુરૂષોત્તમમ્ ।
સ સર્વવિદ્ભજતિ માં, સર્વભાવેન ભારત
।।૧૯।।

શ્લોકાર્થ : હે ભારત ! હું સર્વથી ઉત્તમ શ્રી પુરૂષોત્તમ છું. ઉત્તમ જ્ઞાનવાળા સર્વજ્ઞ ભકત મારૂં અનન્યતાથી ભજન કરે છે. જ્ઞાનીઓ મને અજ, અનાદિ પુરૂષોત્તમ જાણે છે, તે જ સર્વજ્ઞ છે, મારૂ સર્વભાવથી ભજન કરે છે, મોહથી રહિત હોય તેને જ મારા પુરૂષોત્તમત્વનું જ્ઞાન હોય છે, કારણ કે મોહ આસુર છે અને અસુરોને તેવું જ્ઞાન હોતુ નથી. દૈવીને મારા એકલાના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે, તે ભકતો સર્વાત્મભાવથી સેવા કરે છે. ।।૧૯।।

ટીકા : હું પુરૂષોત્તમ છું, તેથી જે મને જાણે છે તે જ્ઞાનવાન છે. તે અન્ય ભજન વિનાનો થઇને મને ભજે છે. જે મોહાદિદોષ રહિત થઇને પૂર્વોકત પ્રકારે મને જાણે છે તે જ સર્વજ્ઞ છે. અથવા તે બધું જ જાણે છે સર્વજ્ઞત્વનું લક્ષણ છે- મને સર્વભાવથી ભજે છે. "ભારત" એ સંબોધન વિશ્વાસને માટે છે. ।।૧૯।।

ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુકતં મયાનઘ ।
એ તદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્, સ્યાત્કૃતકૃત્યશ્ચ
ભારત ।।૨૦।।

શ્લોકાર્થ : હે અનઘ ! પાપરહિત, કુતર્કરહિત ભારત અર્જુન ! આ સર્વ વેદાંતના સારરૂપ સર્વથી ગુહ્ય પુરૂષોત્તમયોગ નામનું શાસ્ત્ર સર્વવેદાંતોથી વેદ્ય વેદાંતકર્તા શ્રી પુરૂષોત્તમે મેં તને કહ્યું, કારણ કે તું નિષ્પાપ હોવાથી આ ગુહ્યતમ શાસ્ત્ર જાણવા યોગ્ય છે. આ જાણીને હરકોઈ સામાન્ય પ્રાણી પણ બુદ્ધિમાન શાસ્ત્રતાત્પર્ય જાણનાર અને કૃતકૃત્ય થાય છે. તો હે ભરતકુલોત્પન્ન ! તું પણ કૃતકૃત્ય થશે. ।।૨૦।।

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા સૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન સંવાદે પુરૂષોત્તમયોગો નામ પંચદશોઽધ્યાયઃ ।।

ટીકા : આ પ્રકારે અત્યંત ગુપ્ત રહસ્ય શાસ્ત્રનું શાસન ધર્મરૂપ છે. હે અનઘ ! અર્થાત્ પાપશૂન્ય ! કુતર્ક વગેરેના દ્વારા જેની

બુદ્ધિ ભ્રમિત નથી એવા હે અર્જુન ! કૃપાલુ એવા મેં તને સાર કહ્યો છે. તેનું પ્રયોજન એ છે કે આને બુદ્ધિમાન વ્યક્તિ જાણીને સેવારૂપ બની જાય છે અથવા કૃતકૃત્યનો અર્થ છે. બુદ્ધિમાન થઈ જાય છે. આનાથી સમસ્ત દૈવીજીવોનાં સ્વરૂપ જ્ઞાનાર્થ પ્રાકટ્ય સિદ્ધ છે. "ભારત" એ સંબોધન સિદ્ધ (સાબિત) કરે છે કે આનાથી સ્વાભાવિક બુદ્ધિ આવે છે. તેમાં પણ અર્જુન તો સુંદર વંશમાં જન્મેલા છે તેથી તમારી બાબતમાં તો કહેવાનું જ શું હોય. (કંઈ કહેવાનું ન જ હોય) એ ભાવ વ્યંજિત છે. (સૂચવ્યો છે).

કારિકા :

કૃષ્ણઃ પંચદશેઽધ્યાયે લોકોનાં હિતકામ્યયા ।
પુરૂષોત્તમયોગં હિ પાર્થાય કૃપયાઽદિશત્ ॥

કારિકાર્થ : પંદરમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણે લોકોની હિતકામનાથી (કલ્યાણની ઈચ્છાથી) અર્જુનને પુરૂષોત્તમયોગનો ઉપદેશનો આપ્યો.

આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં અમૃત-તરંગીણી ટીકામાં પંદરમો અધ્યાય પૂર્ણ થયો.

(ક્રમશઃ)

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

(શ્રી રઘુનાથ ચરણે પ્રગટ કરેલી દિપિકા)

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

કદાચ અત્યન્ત અપેક્ષિત કાર્ય પણ ભગવાન નથી કરતા એમ માનીને ભકતના મનમાં કદાચ અભિમાન જાગે કે મારે ભજનને માટે [કે પ્રાર્થનાને માટે] પણ પ્રયત્ન ન કરવો જોઇએ તો તેમ ન કરવું, પણ એવા અભિમાનનો ત્યાગ કરવો એમ કહે છે.

અભિમાનશ્ચ સંત્યાજ્ય; સ્વામ્યધીનત્વ ભાવનાત્ ।
વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદન્તઃકરણ ગોચરઃ ॥૩॥

તદા વિશેષગત્યાદિ, ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ ।
આપદ્ ગત્યાદિ કાર્યેષુ, હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ॥૪॥

શ્લોકાર્થ—સ્વામીના આધીનપણાની ભાવનાથી વાસના સહિત અભિમાનનો ત્યાગ કરવો. પ્રભુ અંતઃકરણ ગોચર છે, તેથી જો દેહ સંબંધીથી જુદી પ્રભુ સબંધી વિશેષ-પણાથી આજ્ઞા થાય તો તેની ભાવના કરવી. આપત્તિ પ્રાપ્ત થઈ હોય તે વગેરે વખતે સર્વથા કાર્યમાં હઠનો ત્યાગ કરવો. ૩-૪

ટીકા—"ચ" શબ્દના ઉપયોગથી એમ પણ કહેવામાં આવ્યું છે કે ધારેલું કાર્ય સિદ્ધ ન થવાથી ઉત્પન્ન થતી ગ્લાનિનો પણ ત્યાગ

કરવો જોઇએ. 'સમ્' શબ્દના ઉપયોગ દ્વારા એમ સૂચવવામાં આવ્યું છે કે બાહ્ય યા તો આંતરિક કોઇ પણ પ્રકારના ભેદ વગર સર્વ પ્રકારની ગ્લાનિ અર્થાત્ શોકનો ત્યાગ કરવો જોઇએ. એ પછી એમ કરવાનો હેતુ જણાવે છે, સ્વામીને આપણે અધીન (તાબે) છીએ એવી ભાવના પુર્વક એમ કરવું જોઇએ. આપણે આપણા સર્વસ્વનું નિવેદન કરેલું છે તેમાં આપણા અંતઃકરણનું પણ નિવેદન સમાયેલું છે વળી અભિમાન એ તો અંતઃકરણનો ધર્મ છે અને તેને એટલે અભિમાનને સરળમાની ન કરવું જોઇએ એવું તાત્પર્ય છે.

આ પ્રમાણે પોતે એક પણ કાર્ય ન કરવું એમ નકકી થતાં ભગવાનની આજ્ઞા થઇ હોય તો ખાસ કરીને ન કરવું એમ કહે છે. દેહ (શરીર) સાથે સબંધ ધરાવતું એટલે કે દેહનો નિર્વાહ કરવાનું કાર્ય હોય તે દૈહિક કાર્ય કહેવાય છે. અને એ તો હંમેશ માટે નિષિદ્ધ છે એમ તાત્પર્ય છે.

“વિશેષતઃ” એટલે ખાસ કારણને લીધે કોઈ ખાસ કાર્ય કરવાને માટે એમ કહે છે અને તે પણ ફક્ત બાહ્ય રીતે નહિ પરંતુ અંતઃકરણગોચર એટલે અંતઃકરણ પૂર્વક જો હોય તો પણ ત્યારે જ દૈહિકથી ભિન્ન અને વિશેષ (ખાસ પ્રકારની) ગતિથી થતુ કાર્ય પણ ન કરવું એમ કહે છે. “ગતિ” શબ્દથી દરેક ક્રિયાનું સૂચન થાય છે. “આદિ” શબ્દથી પ્રાર્થના પણ જો એ કાર્ય મધ્યે (એ કાર્યને અંગે) સંભવે તો તે કરવી ન જોઇએ એમ સૂચવે છે. ખરેખર વિશેષ (ખાસ પ્રકારની) આજ્ઞામાં પણ જો કાલ વગેરેને કારણે પણ ભગવાને આજ્ઞા કરેલા કાર્યની પણ અસિદ્ધિ પ્રાપ્ત થાય એવા સંજોગોમાં પણ “ભગવાને શી આજ્ઞા કરેલી છે એમ કરીને, પ્રાણાદિ ભયને પણ સહન કરીને હઠપૂર્વક અશકય પણ કરવું જ જોઇએ કે નહિ એવી સ્થિતિ પ્રાપ્ત થતાં કહ્યું છે કે 'આપદ્ ગતિ વગેરે કાર્યોમાં પ .” –ભગવદીઓને આ પ્રકારની દશા આવી પડે ત્યારે ફકત ભગવાન જ હેતુ છે એમ સમજીને ભગવાનની આંજ્ઞાના ઉલ્લંઘન રૂપ દોષ પણ લાગતો નથી એમ કહેવામાં આવ્યુ છે.

“ગતિ” શબ્દથી પ્રાપ્તિ વિષે કહેવાયું છે. “આદિ” શબ્દથી અશકયનો અર્થ સૂચવાયો છે. એ દ્વારા આપત્કાલિન અશકય એવાં બધા કાર્યોમાં પણ હઠ એટલે આગ્રહ હમેશાં સર્વ પ્રકારે તજવો જોઇએ એમ કહે છે. 'ચ' શબ્દ વાપરીને આપદ્‌ની નિવૃત્તિ (મુકિત) થતાં ફરીથી આગ્રહનો સ્વીકાર કરવો જોઇએ એમ કહે છે. અથવા તો આપદ્ ગતિ વગેરે જે કાર્યો કરવાથી થાય તેવાં કાર્યો માટે આગ્રહ ન કરવો જોઇએ એમ કહે છે.

ભગવાને ન કહેલાં એવાં કાર્યોમાં પણ અનઆપત્તિમાં પણ સ્પૃહા (ઈચ્છા) ન કરવી જોઇએ એમ કહેતાં લખે છે કે “સર્વત્ર અનાગ્રહ” હોવો જોઇએ. બીજું કર્તવ્ય પણ કહે છે.

અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્ર દર્શનમ્ ॥૪૨

ભાવાર્થ : સર્વ ઠેકાણે ધર્મ અને અધર્મનું દર્શન કરી અનાગ્રહ રાખવો.

ટીકા : “ધર્માધર્માગ્રદર્શનમ્” એટલે કે ધર્મ અને અધર્મ એ બન્નેનું ફળ તેનું દર્શન

જરાય પ્રમાદ (આળસ) વગર ધ્યાનમાં રાખવું જોઇએ. વિહિત (કહેલા) એવાં કાર્યોમાં જે કરવાથી સ્વધર્મનો ત્યાગ થવા સંભવ હોય, એવું કાર્ય ન કરવું, કારણ કે સ્વધર્મના ત્યાગમાં અધર્મનો હેતુ રહેલો છે. સ્વધર્મમાં અવરોધવાળા કાર્યો તો તેમાં રહેલા ધર્મ હેતુને કારણે કરવાં જ જોઇએ એવું તાત્પર્ય છે. ૪

વિવેકોયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે ॥૫॥

ભાવાર્થ–આ રીતે વિવેક પ્રખ્યાત છે, હવે ધૈર્યનું વિશેષે કરીને નિરૂપણ કરાય છે.

ટીકા–હવે ઉપસંહાર કરતાં કહે છે કે “વિવેકોયં સમાખ્યાતઃ” એટલે વિવેકની આ સમગ્ર રીતે વ્યાખ્યા (વર્ણન) કરેલ છે.

એ પછી ક્રમમાં આવતાં “ધૈર્ય” નું નિરૂપણ કરે છે. “ધૈર્યં તુ વિનિરૂપ્યતે” એટલે કે હવે ધૈર્યની વિશિષ્ટ વ્યાખ્યા (વર્ણન) આપવામાં આવે છે. ૫.

ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદ ॥
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપ
ભાર્યવત્ ॥૬॥

ભાવાર્થ–મરણપર્યંત સર્વ પ્રકારથી હંમેશાં ત્રણ દુઃખનું સહન કરવું તેને ધૈર્ય કહે છે. આધિ ભૌતિક (દેહસંબંધિ) દુઃખમાં તક્ર (છાશ) ની પેઠે ભાવના રાખવી, આધ્યાત્મિક (ઇન્દ્રિય સંબંધી) દુઃખમાં જડ ભરતના જેવી ભાવના રાખવી અને આધિદૈવિક પ્રતિબંધાદિકમાં ગોપ ભાર્યાના જેવી ભાવના રાખવી. ૬.

ટીકા–ત્રણ દુઃખોનો સમૂહ તે ત્રિદુઃખ દુખના ત્રણ પ્રકાર આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક વગેરેમાં કાયિક વગેરેમાં શરીરાદિકના ભેદથી અથવા તો કાલ તથા કર્મના સ્વભાવથી એ ભેદ પાડેલા છે. તે દુખોને સહન કરવાનું અર્થાત્ પ્રતિકાર (એટલે કે સામનો) કર્યા વગર તેનો અનુભવ કરવો તે અને તે પણ “મરણ પર્યન્ત” એટલે કે દેહનો ત્યાગ થાય ત્યાં સુધી એવી મર્યાદા (હદ) બાંધીને અને તે પણ કોઇ જાતની ગણનાને નિમિત્ત બનાવીને નહિ, પરંતુ સર્વ રીતે ભગવાનની ઇચ્છાથી જે જે રૂપમાં આવી પડે તે તે બધું સહન કરવું જોઇએ એવો અર્થ છે એ પણ કોઇ કાલની ચોક્કસ હદ બાંધીને નહિ પરંતુ “હંમેશાં” સહન કરવું જોઇએ. ‘મરણ પર્યન્ત’ એમ કહીને બધો સમય વીત્યા પછી પણ “સર્વદા” એમ કહીને ફરીથી અર્થ સ્પષ્ટ કરવા માટે પુનરુક્તિ (‘સર્વદા’ એવી) કરી છે. ખરેખર અવિરત (ચાલુ) દુઃખ સહન કરવાને લીધે શરીર સુકાવાને લીધે શરીરનો નાશ પણ થઇ જાય એ કંઈ યોગ્ય ન કહેવાય તેથી દુઃખ સહન કરવાનું હોય નહિ–એમ જો કોઇના તરફથી કહેવામાં આવે તો એ પ્રસંગ કહે છે કે “તક્રવત્ દેહવત્ ભાવ્યમ્” દેહની હાનિ થતાં શોક ન કરવો જોઇએ–એમ કહેવામાં આવે તો પ્રાકતન (એટલે શરીર ચાલુ હોય તે) અવસ્થામાં ત્રણ દ્દષ્ટાંતો આપ્યા છે. એ ત્રણ દ્દષ્ટાંતો એટલે ૧. તક્રવત્ (છાશની જેમ), ૨. જડની જેમ અને ૩. ગોપભાર્યાની જેમ. અર્થ એકે દેહવાળાની જેમ રહેવું. એટલે કે દેહ ધારણ કરનારા પુરૂષે, શરીરાદિકને જેમ પોતાના માનીને રહેતા જણાય છે, તેમ ન કરવું. ત્યાં કેવા પ્રકારનું અનુસંધાન રાખવું એમ પૂછવામાં આવે તો કહે છે કે છાશ વગેરે પ્રસંગો એ જેમ અનુસંધાન હતું તેમ પોતાના દેહ સંબંધમાં પણ રાખવું.

॥ શ્રીનાથજી ॥

॥ શ્રીનાથજીએ જેનો હાથ પકડયો.. ॥

લે. જાદવજી ખેરાજભાઈ (ચરણરજ) સૂરત

(ગતાંકથી ચાલુ)

લલિતા બહેનને વહુના આવા પ્રત્યુત્તરથી ખુબ આઘાત લાગ્યો શું મારી આજ્ઞાનું હવે આ ઘરમાં કોઇ મહત્વ નહીં ? એનો પતિ કહે એટલુંજ વહુ કરવાની છે. તો પછી ઘરમાં મારી કિંમત શું ? લલિતા બહેનનો ક્રોધ કાબુમાં રહ્યો નહીં, તેણે સરલાને ધમકાવતા કહ્યું સાંભળ વહુ ! “આ ઘરમાં મારા કહ્યા પ્રમાણે જ તારે કરવું પડશે. તને તારા ધણીનું અભિમાન છે, કારણકે તે વધારે કમાણી કરતો હશે, છતાં તું એ ભૂલી જાય છે કે, તારો પતિ પણ મારો તો દિકરો છે. નાનપણથી પાળી પોષીને મેં મોટો કર્યો છે ત્યારે તેના મેલા ધોવાતું’ નોતી આવી, માટે યાદ રાખજે સરલા ! અત્યાર સુધી આ ઘરમા મારી સત્તા રહી છે અને ભવિષ્યમાં પણ રહેશે. તને હું વહુ નહીં પણ પુત્રિ તુલ્ય માનતી આવી છું અને ભવિષ્યમાં પણ મારો એવોજ ભાવ રહેશે પરંતુ એનો અર્થ એ નથી કે, તું મારી આજ્ઞાનો અનાદર કરે. અને એટલું તો તારે અવશ્ય યાદ રાખવાનું છે કે, તું પણ એક વૈષ્ણવની દીકરી છે, અને વૈષ્ણવ કુટુંબની વહુઆરૂ છે. છતાં તે જે મ્લેચ્છનું શિક્ષણ ચાલુ કર્યું છે. અને એમાં મારા દીકરાની પણ સમ્મતીછે એટલે હું કાંઇ બોલતી નથી, છતાં તમારા બન્નેના આ સારા લક્ષણો નથી એનું પરિણામ ભવિષ્યમાં સારૂં નહીજ આવે એટલુ મારી ફરજ સમજીને કહું છું. સરલા ખરેખર સરલ સ્વભાવની અને ખાનદાન કુટુંબની દીકરી હતી એટલે સાસુજીને સામે કોઇ પ્રત્યુત્તાર આપ્યો નથી. પરંતુ પોતાના રૂમમાં જઈ પલંગ પર પડી રડવા લાગી.

સાસુ વહુ વચ્ચેનો આ ઝગડો રાધારમણે સંપુર્ણ સાંભળ્યો હતો, એ વખતે એ ઉપરના રૂમમાં હતો તે સરલા પાસે ગયો અને તેને આશ્વાસન આપતાં કહ્યું. સરલા ! જે કાંઇ બન્યુ તે મેં અક્ષરસઃ સાંભળ્યુ છે. મારી સમજણ પ્રમાણે આ બાબતમાં તમારી કોઈની કસુર નથી બા ના સિદ્ધાંત પ્રમાણે એણે જે કાંઇ કહ્યુ તે બરાબર છે, એમાંથી આપણે એને પાછા વાળી શકી એ તેમ નથી ત્યારે આપણે પણ આપણા સભ્ય સમાજમાં જીવવું છે, એટલે જુનવાણી વર્તુળમાંથી બહાર નિકળ્યા સિવાય છુટકો નથી એથી આપણી અને વડિલો વચ્ચેનું અંતર વધતું જશે જેનું પરિણામ સારૂં નહીં જ આવે. વડિલોને દુઃખ થાય એવું આપણે કાંઈ કરી શકીએ નહીં આપણા કુળની ખાનદાનીનેએ શોભે પણ નહી. માટે મેં નિશ્ચય કર્યો છે કે–આપણે અમદાવાદ ચાલ્યા જઇએ ત્યાં આપણે સ્વતંત્રતા પૂર્વક જીવી શકશું અને કોઇને મનદુઃખનું કારણ રહેશે નહીં. મારો આ નિશ્ચય હું આજે બા–બાપુજીને જણાવીશ.

અને રાત્રે જ્યારે ભગવદ વાર્તા થઈ ચુકી ત્યારે રાધારમણે માતા–પિતા પાસે નમ્રતા પુર્વક પોતાનો વિચાર જણાવ્યો અને કહ્યુ કે અહીં મારી પ્રેકટિસ બરોબર ચાલતી નથી,

એટલે આપ પ્રસન્નતા પુર્વક આજ્ઞા આપોતો મારો વિચાર અમદાવાદ સ્થિર થઇને રહેવાનો છે. ત્યાંના વકિલ મંડલ સાથે મારે સારો પરિચય છે. એથી મારૂં કાર્યક્ષેત્ર ત્યાં ખુબ સુંદર ચાલશે. મનમાં બીજુ કાંઇ લાવશો નહીં.

નટવરલાલ શેઠ અને લલિતા બહેન મનમાં સમજી ગયા કે, અહીં એની સ્વચ્છંદ પ્રવૃતિ ચાલી શકે તેમ નહીં હોવાથી આ નિમિત ઉભું કર્યું છે તો ખુશીથી અમદાવાદ જઇને રહે. એની ઇચ્છામાં અવરોધ કરવાનો કોઇ અર્થ નથી. માટે જેવી પ્રભુ ઇચ્છા. એ જે કાંઇ કરતા હશે તે આપણા ભલા માટેજ હશે અને માતા-પિતાએ અનિચ્છા પુર્વક અમદાવાદ જવાની આજ્ઞા આપી.

રાધારમણ તથા સરલા અમદાવાદ રહેવા જવાના છે, એ સમાચાર લાગતા-વળગતાને મળી ગયા, ત્યારે નંટવરલાલ શેઠના એક પરમ વૈષ્ણવ મિત્ર કૃષ્ણદાસજીએ રાધારમણને એકાંતમાં બોલાવીને કહ્યું "બેટા તું અમદાવાદ જઇને રહેવાનો છે એ જાણ્યું, એમાં મારો કોઇ વિરોધ નથી; પરંતુ મારી આટલી વાત માન્ય રાખજે, અમદાવાદમાં તને દરેક પ્રકારની સ્વતંત્રતા હશે, પરંતુ એ સ્વતંત્રતા સ્વચ્છંદતાના દુષણરૂપ ન બને એટલો ખ્યાલ રાખજે તારા કુટુબની પરંપરામાં વૈષ્ણવતાના ઉચ્ચ સંસ્કાર ચાલ્યા આવે છે, તે ભૂલીશ નહીં. સ્વધર્મની સમક્ષ ધન-વૈભવનું કોઇ મુંલ્ય નથી. એક બીજી વાત પણ લક્ષમાં રાખજે, વકિલાતનો વ્યવસાય ખરાબ નથી, પરંતુ એમાં પણ ખુબ સંભાળવાનું છે. તારા અસિલનો કેસ ખોટો હોય તો હાથમાં લઇશ નહીં. અત્યારે તો ઘણા વકિલો ખરેખર જે ગુન્હેગાર હોય એના વતી કોર્ટમાં ઉભા રહે છે અને કાયદામાંથી છટકબારી શોધી ગુનેગારને નિર્દોષ ઠરાવી સજામાંથી મુકિત અપાવે છે. તે બરાબર નથી. ગુનેગાર તો સજાને પાત્રજ ગણાય તેને બચાવવાનો પ્રયાસ કરવો એ પણ અપરાધ છે ગુન્હેગારના મદદગાર બનવા જેવું છે. અને આવા કાયદાશાસ્ત્રિઓને અહીં સજા નહીં મળતી હોય પરંતુ ઇશ્વરની અદાલતમાંથી એ બચી શકતા નથી. તો મારી આટલી સુચના અવશ્ય યાદ રાખજે.

રાધારમણએ સહેજ અણગમાથી કહ્યું વડિલ આપનું કથન અવશ્ય ઉત્તામ છે પરંતુ અત્યારે હું માની શકુ એવા મૂડમાં નથી ધંધામાં વેદીઆપણુ ચાલે નહી; એમ મારૂં મારૂં માનવું છે. લોક-પરલોકની વાતો બાજુ પર રાખશો તો આપને પણ સમજાશે કે આ યુગમાં તો પૈસાની જ બોલબાલા છે "સર્વે ગુણાકાંચન માશ્રયંતે" આજના અર્થ પ્રધાન યુગમાં કોઇ વ્યકિત હશે, શ્રીમંત વેપારી હશે, કે જાહેર કાર્યકર્તા હશે, પરંતુ જેની પાસે પૈસા હશે એનો જ ભાવ પુછાય છે. સમાજ એનું જ સન્માન કરે છે. અને જાહેર ક્ષેત્રમાં એવી જ વ્યકિત ચુંટાઇને આવે છે. એને જ નેતા બનાવવામાં આવે છે. ત્યારે સમાજ એ નથી પુછતો કે, પૈસો કેવા પ્રકારથી પ્રાપ્ત કર્યો છે? એટલું જ નહીં પરંતુ એવી વ્યકિતના મૃત્યુ બાદ પણ એની સેવાને બિરદાવવામાં આવે છે. અલબત્ત સાચા સેવકો પણ હશે. પણ એની સંખ્યા કેટલી ? અત્યારે તો જ્યાં જોશો ત્યાં "દુનિયા ઠગની મકરસે ઓર

રોટી ખાના સક્કરસે" એવું ચાલે છે. અવિનય બદલ ક્ષમા કર જો વડિલ, પણ મારી ઇચ્છા કોઇ પણ પ્રકારે પૈસો પ્રાપ્ત કરવાની છે એટલે હું પણ સત્યવાદી હરિશ્ચંદ્ર બની શકું એમ નથી આપના સૂચન બદલ આભાર માનું છું.

કૃષ્ણદાસ :– તો જેવી તારી ઇચ્છા મેં મારી ફરજ બજાવી છે, છેવટ તો દુનિયા ગોળ છે, સહુને હારી થાકીને અસલ સ્થાન પર આવવું પડે છે. પ્રભુ તને સદ્બુદ્ધિ આપે અને રક્ષા કરે એટલી જ મારી અભિલાષા છે,

રાધા રમણ :– આપની કૃપા છે વડિલ, તો જ્યારે મારા જીવનમાં મુશ્કેલી આવશે ત્યારે આપ વડિલોના ચર્ણોમાં મને અવશ્ય આશ્રય મળશેજ એટલીતો મને શ્રદ્ધા છેજ.

કૃષ્ણદાસ :– જેવી તારી ઇચ્છા, પરંતુ મારી એક વાત તું માન્ય રાખજે, તારા ઘરમાં જે ચાર સ્વરૂપ શ્રીનાથજીના ચિત્રજી બિરાજે છે તે તું અવશ્ય સાથે પધરાવી જજે સાથે તારા માતા–પિતા ના ફોટા પણ લઇ જજે એને અમદાવાદમાં તારા નિવાસ સ્થાનમાં એવા સ્થાન પર પધરાવ જે કે તેના દર્શન તને હરતા–ફરતા કાયમ થતા રહે એનાથી તારૂ સદા કલ્યાણ થશે.

રાધારમણ :– "અવશ્ય, આપની આજ્ઞા શિરોધાર્ય કરૂં છુ. હું નાસ્તિક નથી. પ્રભુ પ્રત્યે મને પણ ખુબ આસ્થા છે.... અને ત્યાર પછી સહુ છુટા પડયા. અને થોડા દિવસમાં રાધારમણ તથા સરલા અમદાવાદ રહેવા આવી ગયા.

નટવરલાલ શેઠ તથા લલિતા બહેનને ઘરમાં સુનુ–સુનુ લાગે છે. શ્રીઠાકુરજીની સેવામાં પણ બરોબર મન લાગતું નથી. પુત્ર અને પુત્ર વધુ અમદાવાદ ગયા, એનો રંજ નથી, ચિંતા માત્ર એટલીજ છે કે, રાધારમણ અમદાવાદમાં ભલે લાખો રૂપિયાની કમાણી કરશે પરંતુ કુળ પરંપરાના વૈષ્ણવતાનાં સંસ્કાર રૂપી અલૌકિક ધન ગુમાવી બેસશે એવી કલ્પના પણ એના માટે અસહ્ય થઈ પડી છે. છેવટ બન્ને શ્રીગુરૂદેવ સમક્ષ ગયા છે શ્રીગુરૂદેવના ચર્ણોમાં પડી અશ્રુસહિત પોતાની કથની વિદિત કરી છે સમસ્ત વૃતાંત જાણ્યા પછી ગુરૂદેવે નટવરલાલ ના મસ્તક ઉપર પોતાનો શ્રીહસ્ત પધરાવી પ્રસન્નતા પુર્વક આજ્ઞા કરી :– "ચિંતા ન કરો નટવરલાલ! તમે બન્ને પરમ ભગવદિય જીવ છો, છતાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા કેમ ભૂલો છો?

॥ चिंताकापि न कार्या निवेदात्मभी कदापीती ।
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकी
च गतीम ॥

શ્રીમહાપ્રભુજીના ચર્ણોનો દ્રઢ આશ્રય રાખો સમસ્ત ચિંતા એના ચર્ણોમાં સોંપી નિશ્ચિત બનો અને અષ્ટાક્ષર મહામંત્રનું સતત સ્મરણ કરતા રહો, પરિણામ સારૂં જ આવશે. સમય સમયનું કાર્ય કરેજ છે. શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રય માં આજ્ઞા કરી છે. સર્વ માર્ગેષુનષ્ટેષુ આવો સમય આવી રહ્યો છે. તમે રાધારમણન આધુનિક શિક્ષણ અપાવ્યુ. અત્યારના યુગની એ માગપણ છે. છતાં ત્યારે તમને આવી કલ્પના પણ નહી આવી હશે. પરંતુ આજના શિક્ષણનું લગભગ આવું જ પરિણામ આવે છે. સ્વચ્છંદતાને સ્વતંત્રતા માનવામાં આવે છે. અપવિત્ર અને અને અસમર્પિત ખાનપાન ભારોભાર દુઃસંગ

ધર્મ અને પ્રભુ પ્રત્યેની અવજ્ઞા પ્રભુની સેવા સ્મરણ અને સત્સંગની અવજ્ઞા, નાટક, સિનેમાં કલબો વિગેરેમાં ભટકવું, એને ફેશન માનવામાં આવે છે, ભાગ્યેજ એમાંથી કોઇ બચી શકતુ હશે. આપણા સંપ્રદાયમાં પ્રભુને સમર્પિત કર્યા સિવાય કોઇ પણ પદાર્થનો ઉપયોગ કરવાની ખાસ મનાઇ કરવામાં આવી છે, છેવટ કાંઇ ન બની શકે તો રસોઈમાં ચરણામૃત પધરાવીને પણ લેવાની આજ્ઞા છે, ત્યારે અત્યારે તો બધુ વિપરીત ચાલી રહ્યું છે. હોટલ લોજ વિગેરેમાં તળીયાથી ટોચ સુધીના ગમે તેવા ભ્રષ્ટ લોકો સાથે બેસીને ગમે તેવા અખાધ્ય-અપવિત્ર જગત ઝુઠણ લેતાં વૈષ્ણવોના સંતાનોને પણ સંકોચ થતો નથી પછી બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં આશ્ચર્ય શું ? તે છતાં તમારે નિરાશ થવાનું કોઇ કારણ નથી. રાધારમણ અને સરલા દૈવી જીવો છે, અત્યારે એ અવશ્ય માર્ગ ભૂલ્યા હશે, પરંતુ ભવિષ્યમાં શુભ રાહ ઉપર અવશ્ય આવશેજ. એની ભૂલ એને સમજાશે ત્યારેએ જીવનની અગ્નિ પરિક્ષામાંથી શુદ્ધ કાંચન બનીને તમારી પાસે આવશે. એટલુંજ નહીં પરંતુ તમારા સેવ્ય સ્વરૂપના ખુબ સ્નેહ અને શ્રધાપુર્વક સેવા પણ કરશેજ એમાં કોઇ સંદેહ નથી. માટે સર્વ ચિંતાનો ત્યાગ કરી શ્રીમહાપ્રભુના ચર્ણોનો દ્રઢ આશ્રય રાખો. શ્રીસર્વોત્તમજી, શ્રી યમુનાષ્ટક, શ્રીકૃષ્ણાશ્રય વિગેરેનું અનુસંધાન રાખો એની કૃપાથી સહુ સારાવાના થશે. ભગવદ્ વિશ્વાસમાં જરા પણ શિથિલતા લાવશો નહીં. વૈષ્ણવો ભગવદ્ વિશ્વાસ ગુમાવે તો પછી એના જીવનમાં બાકી શું રહે ?

શરણાગતને શ્રીનાથજી ક્યારેય છોડતા નથી.

આ પ્રમાણે શ્રીગુરૂદેવે ઉપદેશ સાથે આશ્વાસન આપ્યું. એટલે બન્નેને ખૂબ સંતોષ થયો અને પ્રસન્નતા પૂર્વક ઘેર આવ્યા.

(ક્રમશઃ)

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. મીસ્ત્રી રવજીભાઇ, "વ્રજ" ધોરાજી

શ્રીકૃષ્ણ નામથી નંવ ગ્રહ ચરણે રહે શિરનામે
શ્રીકૃષ્ણ નામથી શત્રુ સર્વ પરાજ્ય પામે ॥૧૭॥

ભાવાર્થ—શ્રીકૃષ્ણ નામ રટણથી નવ ગ્રહો પણ ભકતના ચરણમાં નમન કરે છે. મંગળ-શની-રાહુ-કેતુ-સિવાયના સર્વ ગ્રહો તો પ્રભુના મહાત્મ્યને જાણે છે. અને પ્રભુના દાસ થઇને રહે છે. શુકે-બલી રાજાના પ્રસંગમાં પ્રભુના મહાત્મયને જોયુ હતું કે પ્રભુને પોતાના ભકતો વહાલામાં વહાલા છે. અને સમુદ્ર મંથન સમયે અમૃત પાન સમયે રાહુનું પણ મસ્તક છેદન કર્યું હતું. તેથી તે પણ ગમે તેવા હોય છતાં સૂર્ય પુત્ર છે. ભકત પુત્ર છે. મંગળ પણ પ્રભુના સામર્થ્યને જાણે છે. કારણ કે તે ભુમિ પુત્ર છે. આમ સર્વ ગ્રહો પ્રભુને જાણે છે. અને ભકતો પ્રભુને બહુ વહાલાં છે. તે પણ જાણે છે. પ્રભુ પણ પોતાના ભકતોની ચરણ રજ પોતાના માથે ચડાવે છે તે પણ ગ્રહો જાણે છે.

શ્રીકૃષ્ણ નામ રટણથી પોતાના શત્રુઓ પણ પરાજય પામે છે. મીરાંબાઈ પાસે તેનો પતિ પરાજીત થયો. નરસિંહ મહેતા પાસે રા'માંડલિક પરાજીત થયો, રત્નાવતી પાસે તેનો દિયર માધાસિંહજી પરાજીત થયો. હીરાની ધરતી પારખનાર રજપૂત વૈષ્ણવથી અગીયાર ભયંકર ઠગો પણ પરાજીત થયા. અને દાસ થયા. અંબરિષ પાસે મહા અભિમાની અને મહાન તપસ્વી દુર્વાસા પણ પરાજીત થયા. અને ચરણમાં નમ્યાં, આમ ઘણા ઘણા ભકતો સાથે દ્વેષ રાખનાર દુર્જનના પરાજય થયા છે. માટે શ્રી હરીનું નામ સર્વ સમય સર્વ સ્થળે અને શકય અશકય સ્થિતિમાં સદા હિતકર અને પરમ કલ્યાણકારી છે માટે ભજન કરવું.

કૃષ્ણ નામથી અવળું તે સવળું થાયે
કૃષ્ણ નામથી અખિલ વિશ્વ વલ્લભ થઈ જાયે ॥૧૮॥

ભાવાર્થ—શ્રીકૃષ્ણ નામ રટણથી અવળું પણ સવળું થઈ જાય છે. મીરાંબાઇ માટે રાણાએ મોકલેલ ઝેરનો કટોરો અમૃત કટોરો બની ગયો. વ્રજમાં ઇન્દ્ર યજ્ઞ સમયે શ્રીગિરિરાજજીનું પુજન કરવાથી ઇંદ્ર ખીજાયો અને વ્રજને ખોદી અને સમુદ્રમાં વહાવી દેવા માટે પ્રલયકારી બાર મેઘને બોલાવ્યા. પરંતુ વ્રજભકતોના સતત રટણ અને આશ્રયથી ઇંદ્ર પણ શત્રુતા મુકી અને દાસ થઇ ગયો. આમ તે પણ અવળાનું સવળું થયું–રાજા દશરથે રામ રાજાભિષેયક વિચાર્યો તે રામની દૃષ્ટિએ અવળું હતુ કારણ કે ભુમિનો ભાર ઉતારવા માટે તો પોતે અવતાર લીધો હતો. ઘણાં ભકતોનાં કાર્ય કરવાં હતો કોઇને અભય આપવાં હતાં–શિલા માંથી અહલ્યા કરવી હતી. સર્વ વાનર જ્ઞાતિને મિત્રતાનો આનંદ અને સુખ આપી પોતાની સેવામાં તેને જોડવી હતી. વિભિષણને લંકેશ બનાવવા હતા. આ સર્વ કાર્યોને કારણે રામ રાજ્યાભિષેક કાર્ય અવળું હતુ તે મંથરાદાસી અને માતા કૈકેયીના મનમાં વસી અવળાનુ સવળુ કરાવ્યુ. અને વનવાસ મેળવ્યો. અને સર્વ પોતાની ઇચ્છાનુકુળ બનાવ્યું પુતના પણ અવળું કરવા આવી હતી તેને પણ માતાની ગતિ આપી. અને સવળું કર્યું ઘણા રાક્ષસો શ્રીકૃષ્ણને મારવા આવ્યા હતા. અને કંસાદિક દ્વેષ રાખતા હતા પરંતુ સર્વને ઉત્તમ ગતિ આપી અને સવળું કર્યું આમ પ્રભુ નામથી સર્વ અવળાનું સવળું થઇ જાય છે. અને અખિલ વિશ્વને પણ તે ભકત વલ્લભ વહાલાં થઈ જાય છે. માટે સતત શ્રીકૃષ્ણ નામનું રટણ કરવું.

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૧મું : રાગ-રામકલી

શ્રી યમુનાજી તિંહારો દરસ હોં પાઉં ॥
શ્રી ગોવર્ધન શ્રી વૃંદાવન,
વ્રજ રજ અંગ લગાઉ ॥૧॥
દિન દસ પાંચ રહોં શ્રી ગોકુલ
ઠકરાની ઘાટ હોં ન્હાઉં ॥
દાસન પર કરો કૃપા-હોં
સંતન કે સંગ આવું ॥૨॥

ભાવાર્થ—હે નિજાશ્રિત સુખદાયી શ્રી યમુનાજી! મને આપનાં દર્શન થાય શ્રી ગોવર્ધન તરહટી શ્રી વૃંદાવન રમણ રેતી આદિ સર્વ બ્રજરજ હું મારા અંગમાં લગાઉ લોટું અને રજમાં સ્નાન કરૂં-પાંચ દસ-દિવસ શ્રી ગોકુલ નિવાસ કરૂં અને ઠકરાની ઘાટ ઉપરની આપની રસરૂપ લહરિમાં સ્નાન કરી પરમ પાવન થાઉં. હે શ્રી ગોકુલેશ પ્રિય શ્રી યમુનાજી! આપ એવી કૃપા કરો કે હું મારાં પ્રિય સ્વજન ભકતો સાથે આવી અને આપનાં અલૌકીક સ્વરૂપ અને શોભાનાં દર્શન કરૂં.

વિવેચન-ભકતોના હૃદયની અભિલાષા! કેવી હોય તેનું આ સુંદર માર્ગદર્શન આ કીર્તનમાં છે શ્રી બ્રજરજ પ્રત્યેની ભાવના પણ અનુકરણીય છે કે બ્રજ રજના કણે કણમાં દાસત્વ ભકિતવાળા ભકતો બીરાજે છે માટે જ બ્રજ રજમાં જોડા પહેરી શકતા નથી અનેક મર્યાદા જીવો વ્રજવાસ ઈચ્છે છે, અને તે પણ ચરણાવિંદ ભકિત દાસત્વ સહિત ઈચ્છે છે, તેને બીજી કોઈ લીલાનું સાક્ષાત્ પ્રવેશ કે ગોપીજનો જેવું સુખ નહીં, પણ પ્રભૂની સર્વ લીલાઓ બ્રજરજમાં જ છે જેથી તેને દર્શન થાય છે. જે મહાન યોગીઓને પણ દુર્લભ હોય છે. શ્રી શ્યામ સુંદર અને આપના પ્રાણ પ્યારાં ગોપીજનો ચરણો ઉપર ધરે છે અને પોતાને અતિ આનંદ થાય છે માટે જ ઉદ્ધવજીએ પણ ગુલ્મ લત્તા જેવી નાની ઔષધી, અને તૃણ રૂપે બ્રજમાં થવાની ગોપીજનોને વિનંતિ કરી છે. જેથી આપનાં ચરણોનો મને સદા સ્પર્શ થાય. માટે જ ભકતો કહે છે કે. "તું તો બ્રજની રજમાં નવ લોટીયો રે નવ નિરખ્યાં ગોકુલ ગિરિરાજ" "જે રમણ રેતીમાં લોટીયો નહીં તેનો તેનો એળે ગયો અવતાર રે" વિગેરે ભકતોએ પોતાની ભાવના પ્રગટ કરી અને આપણને માર્ગદર્શન આપ્યું છે એવા ભકતોની ભાવનાને અનુસરીએ.

—ક્રમશઃ

॥ શ્રીમન્મથુરેશો જયતિ ॥

વ્રતોત્સવાદિ નિર્ણય

લેખક **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક : **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

૨૭ ॥ અથ ચૈત્ર કૃષ્ણૈકાદશ્યાં શ્રીમદાચાર્યચરણોત્સવઃ ॥

ચૈત્ર કૃષ્ણ એકાદશીને દાહાડે શ્રીમત્ આચાર્યચરણ ઉત્સવ વિષે એકાદશી શ્રીસ્વામીનીજીના ઉત્સવ તરીકે સૂર્યોદય વ્યાપ્ત લેવી, કેમકે આ વિષે 'યુગાદ્યાવર્ષવૃદ્ધિશ્ચ' આ વચનથી યુગ્મવાકયનો નિષેધ થાય છે. બે દાહાડે સૂર્યોદય વ્યાપ્તિ હોય તો પેહેલે દાહાડે ઉત્સવ કરવો. ઉપવાસ નિર્ણયનો અભાવ છે. તેથી એકાદશીનો ક્ષય હોય તો વિદ્ધ (દ્વાદશીયુકત) એકાદશીમાં ઉત્સવ કરવો.

૨૮ ॥ અથ વૈશાખશુકલતૃતિયાયાં ચન્દનયાત્રોત્સવઃ ॥

વૈશાખ શુકલ તૃતીયાને દાહાડે ચંદનયાત્રોત્સવ સ્કંદપુરાણમાંના પુરૂષોત્તમ માહાત્મ્યમાં લખ્યું છે કે ભગવાન કહે છે કે વૈશાખ શુકલ પક્ષમાંની જે તૃતીયા તેને અક્ષય્ય તૃતીયા સંજ્ઞા છે એ દાહાડે અતિ સુવાસિક એવો જે લેપ તેને સુગંધયુકત કરી મને અર્પણ કરવો (મને લેપ કરવો) એ વિષે તૃતીયા સૂર્યોદય વ્યાપ્ત લેવી.

સ્કંદપુરાણમાં લખ્યું છે કે તૃતીયાને દાહાડે સૂર્યોદય પછી દ્વિતીયા એક કલા, એક કાષ્ઠા હોય તો તે તૃતીયા ન લેવી. બે દાહાડે સૂર્યોદય વ્યાપ્ત છતાં પેહેલી લેવી અને ક્ષય હોય તો વિદ્ધ (દ્વિતીય યુકત) લેવી.

૨૯ ॥ અથ વૈશાખશુકલ ચતુર્દશ્યાં શ્રી નૃસિંહોત્સવઃ ॥

વૈશાખ શુકલ ચતુર્દથીને દાહાડે શ્રીનૃસિંહોત્સવ. નૃસિંહપુરાણમાં તથા સ્કંદપુરાણમાં લખ્યું છે કે વૈશાખ શુકલ ચતુર્દશીને દાહાડે નિશામુખમાં (સંધ્યાકાળમાં) પાપનાશક અને પુણ્યકારક મારો (શ્રી નૃસિંહજીનો) જન્મ થયો છે માટે પ્રત્યેક વર્ષે મારો ઉત્સવાહિક ઉત્સાહ કરવો. તેમજ વૈશાખ શુકલ ચતુર્દશી સોમવાર અને સ્વાતિ નક્ષત્રયુક્ત પ્રદોષકાળમાં શ્રી નૃસિંહજીનો અવતાર થયો છે, માટે ચતુર્દશી ત્રયોદશી રહિત લેવી, કેમકે બ્રહ્મપુરાણમાંના સમય મયૂખ ગ્રંથમાં એમ લખ્યું છે કે નરસિંહ પ્રિત્યર્થ ત્રયોદશીયુકત ચતુર્દશીને દાહાડે ઉપોષણ ન કરવું. પૂર્ણિમાયુકત ચતુર્દશી હોય તો ઉપોષણ કરવું.

બે દાહાડે ચતુર્દશી સૂર્યોદય વ્યાપ્ત છતાં પેહેલી લેવી અને ક્ષય છતાં વિદ્ધ (પૂર્ણિમાયુકત લેવી. ઉત્સવ તો થવો જોઇએ તેથી.

૩૦ ॥ અથ જયેષ્ઠ શુકલ દશમી દશહરા ॥

જયેષ્ઠ શુકલ દશમી (દશહરા દશમી–ગંગાદશહરા) બ્રહ્મપુરાણમાં દશહરા આ નામ પડવાનું કારણ એમ લખ્યુ છે કે જયેષ્ઠ શુકલ પક્ષમાં હસ્ત નક્ષત્રયુકત જે દશમી આવે છે

તેનાથી દશ પાતકોનો નાશ થાય છે, તેથી તેનું નામ દશહરા એવું પડ્યું છે.

વરાહપુરાણમાં પણ એવું વચન છે કે જ્યેષ્ઠ શુક્લ દશમી, હસ્ત નક્ષત્ર, મંગળવારને દાહાડે ભાગીરથી નદી પોતે સ્વર્ગથી અવતીર્ણ (પ્રગટ) થઈ છે, માટે આ દશમીનું નામ દશહરા પડ્યું છે.

સ્કંદપુરાણમાં એના દશયોગ લખ્યા છે કે જ્યેષ્ઠ માસ, શુક્લપક્ષ, દશમીતિથિ, બુધવાર, હસ્તનક્ષત્ર, વ્યતિપાત, ગરકરણ, નંદા, કન્યારાશિસ્થચંદ્ર, વૃષભરાશિનો રવિ એવા દશયોગ મળીને દશહરા નામ પડ્યું છે.

આ દાહાડે (દશહરાને દાહાડે) જે કોઇ સ્નાન કરી દાન–ધર્માદિક કરે છે તે પાપ થકી મુક્ત થાય છે.

વરાહપુરાણમાં મંગળવાર લખ્યો છે અને સ્કંદપુરાણમાં બુધવાર લખ્યો છે, પરંતુ આ બન્ને વારની કલ્પભેદથી વ્યવસ્થા લગાડવી જોઇએ પછી દોષ નથી આવતો.

નિર્ણયસિંધુ ગ્રંથમાં લખ્યું છે કે બે દાહાડે દશમી છતાં જે દહાડે યોગ વધારે મળતો હોય તે લેવી. પરંતુ ભક્તિમાર્ગવાળાઓએ ઉદયવ્યાપિની દશમી લેવી, એવો સદાચાર છે.

૩૧ ॥ અથ જ્યેષ્ઠશુક્લ પૂર્ણિમાયાંતત્સમીપે વા જ્યેષ્ઠાયાં જ્યેષ્ઠાભિષેકોત્સવઃ ॥

જલયાત્રા જ્યેષ્ઠ શુક્લ પૂર્ણિમા જ્યેષ્ઠા નક્ષત્રયુક્ત છતાં અથવા જ્યેષ્ઠા નક્ષત્ર પૂર્ણિમાને દાહાડે સ્નાનયાત્રા ઉત્સવ કરવો.

બ્રહ્મપુરાણમાં લખ્યું છે કે જ્યેષ્ઠ માસની પૂર્ણિમા જ્યેષ્ઠા નક્ષત્ર છતાં ભગવાનને જ્યેષ્ઠાભિષક સ્નાન કરાવવું. એમ જ બીજું વાક્ય છે કે આ પૂર્ણિમાને દાહાડે સ્વર્ણધર્મ અનુવાકથી (આ વેદમંત્રથી) અથવા બીજાં સૂક્ત તથા તંત્રથી ભગવાનને વિધિયુક્ત (યથાશાસ્ત્ર) મંગલસ્નાન કરાવવું.

અહીં 'પૌર્ણમાસ્યા' એવું જે સપ્તમી વિભક્ત્યંત પદ છે તે સપ્તમી સામીપ્યાર્થે છે એમ માનીને દોલોત્સવ પ્રમાણે વ્યવસ્થા જાણવી. એટલે તિથિ અને નક્ષત્રનો યોગ એક દાહાડે મળશે તો અતિ પ્રશસ્ત જાણવું.

બ્રહ્મપુરાણમાં એવું વચન છે કે જ્યેષ્ઠા નક્ષત્રયુક્ત જ્યેષ્ઠ પૂર્ણિમાને દાહાડે જ્યેષ્ઠાભિષેક સ્નાન કરેલા ભગવાનને જે કોઈ જોયા (દર્શન) કરશે તેઓના એકવીસ કુળના ઉદ્ધાર થઇ પછી તેઓને પણ મુક્તિ પ્રાપ્ત થાય છે.

તિથિ અને નક્ષત્રનો યોગ એક દાહાડે ન મળે તો દોલોત્સવ પ્રમાણે કેવળ નક્ષત્ર માત્ર ગ્રહણ કરી ઉત્સવ કરવો. એ દાહાડે ચન્દ્રગ્રહણ હોય તો પણ દોલોત્સવ પ્રમાણે કેવળ પૂર્ણિમામાં ઉત્સવ કરવો એવો નિર્ણય સિદ્ધ છે.

(ક્રમશઃ)

॥ વાક્પતિર્વિંબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

વલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૩ મો] [ગતાંકથી ચાલુ

કનકાભિષેક દ્રવ્યનો અસ્વીકાર

શ્રીકૃષ્ણદેવે શ્રીવલ્લભને આચાર્ય તરીકે તિલક કર્યા બાદ પોતે પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે ૧૦૦ મણ સોનાનું સિંહાસન, ૫ મણ સોનાના ફૂલ, કલશ પાત્રો, અને ૧૦૦૦ હજાર સુવર્ણ મુદ્રા દેવ ભેટ તરીકે ધરેલા તે સર્વ આપને અર્પણ કરું છું.

શ્રીવલ્લભે શંભુભટ દ્વારા સૂચન કરાવ્યું કે આ દ્રવ્ય અમારા કામનું નથી. સ્નાન કરેલ સુવર્ણ ધરમાદા અને દાનમાં આપી દો. એક હજાર મહોરો ધરી તે પણ ન લેવાય, કારણ કે તેમોએ હજુ દીક્ષા લીધી નથી.

શ્રીકૃષ્ણદેવે તે સુર્વણના ધાર્મિક કામોમાં ભાગ પાડયા. બ્રાહ્મણો, પૂજારીઓ, દુઃખી, વિયોગીજનો, અંધ પંગુ, ઔષધાલય, અન્નક્ષેત્રો, કૂવા, તળાવો, ગૌશાલા, બ્રાહ્મણ, બાલિકાના લગ્ન, પાઠ શાળાઓ વગેરેમાં ભાગ કરી નિવૃત્ત થયા પછી, શ્રીકૃષ્ણ દેવ રાજા શ્રીવલ્લભ પાસેથી શરણ મંત્ર પ્રાપ્ત કરી કુટુંબ સાથે શ્રીવલ્લભની પાદુકાનું પૂજન કરી વૈષ્ણવ ચિહ્ન યુક્ત ચરણોદક લઈ માનવ જન્મ સફલ માનતો ૭ સાત હજાર મુદ્રા સુર્વણની શ્રીવલ્લભને ગુરુ ભેટ ધરતો, તિલક આરતી કરતો નીચે મુજબ સ્તોત્રથી સ્તુતિ કરવા લાગ્યો.

ચૌપાયા છંદ

જય જય વ્રજ ઇશા પ્રભુ જગદીશા ગુણાતીત ગુણવાના
દૈન્યાશ્રિત સ્વામી ખલનીહંગામી અદ્વિતીય ભગવાના
જગઇશિ વિશેષા ગાવત શેષા નિજ પ્રકાશ બલઠાના
પૂરત સતકામા ક્રીડત ધામા પ્રણામ હો વ્રજરાના
માયા તમ નાશી સુગુણ પ્રકાશી વચન કિરણ રવિરૂપા
નાશક જન દ્વંદા ગોકુલ ચંદા બ્રાહ્મણ કુલ ઇક ભૂપા
વૃન્દાવન રાસા હરિ મનવાસા કુલ આભૂષણ ચુપા
કવિ કુલમણિ સાજા દ્વિજજન રાજા કરેં ભાવકૂપા
રક્ષક વેદ મંદિર સરસ્વતી ક્ષીર સોહત શ્રુતિ યુત માલા
માયિક અંધિયારી આપ નિવાસી બ્રહ્મવાદ ઉજિયાલા
જગજન સુખધારા ધર અવતારા ગો ગોકુલ ગોપાલા
માંગત કર જોરી પદ રતિ તોરી **‘ગણપત’** ઇશ કૃપાલા

ઉપર પ્રમાણે શ્રીકૃષ્ણદેવે સ્તુતિ કર્યા પછી શ્રીવલ્લભના પ્રકટ દર્શન ગુણોનું વર્ણન કરી સાષ્ટાંગ દંડવત્ કરી ભેટ પર આગ્રહ ધરતાં શ્રીવલ્લભે સાત મુદ્રા લીધી (ભવિષ્યમાં શ્રીજીના નૂપુર કરાવશે.) સાત મુદ્રાનો યૌગીક ભેદ વર્ણન કરું છું. સાત હજારનો ભાગ પણ કર્યો.

સાત મહોરો લેવાનો હેતુ

રાજા કૃષ્ણદેવને મર્યાદા રીતિથી શરણ લીધો. સાત ભકિત જીવ સાધિત છે. સખ્ય અને આત્મ નિવેદન હરિના આધિન હોવાથી જ્યારે બ્રહ્મ સંબંધની આજ્ઞા થશે ત્યારે નવધા ભકિતનો અધિકાર પેદા થશે. સાત મહોરો ૬ ધર્મ અને ધર્મીનો ભેદ દેખાય છે. પોતાના શરણાગતોમાં ધર્મ ધર્મીના ભેદથી ઉદ્ધાર કરશે.

૬૯૯૩ મહોરોના ભાગ

જે મહોરો બાકી હતી તેના ચાર ભાગ કર્યા છે. (૧) શ્રી વિઠ્ઠલનાથજીના શૃંગાર માટે આપ્યો (૨) માતાની રક્ષા માટે મામાને આપ્યો (૩) ધર્માદામાં અને (૪) શ્રીલક્ષ્મણ ભટના રૂણમાં આપેલ છે. (યદુનાથ વિજય) સાત દીનાર લીધી તે દીનદાસ નામની કોઇ વૈષ્ણવની ખજાનામાં આવેલ તે લીધી. બાકીનું દ્રવ્ય અદૈવી હતું. તે વાર્તા પ્રસંગમાં છે. દીનાર એટલે મહોર ફારસી ભાષામાં આને દીનાર કહેવાય છે. આ પ્રસંગ ક્ષેપક છે. માનો બાકીનું દ્રવ્ય અદૈવી હોત તો શ્રી વિઠ્ઠલનાથજીના શૃંગારોમાં કેમ લેવાતું ?

શ્રીવલ્લભનો ઉપદેશ

દોહા – ધર્મ જ્ઞાન ચાહત નૃપત, વિનતિ કરત સિર નાય
મુદિત ભયે નૃપ પ્રેમ લખ, વચન વદત દ્વિજ રાય

શ્લોક

આશ્રિત્યાશ્રમ ધર્મ મત્ર ભવતાં સ્થૈયમ્ પ્રજા રક્ષતા
સેવ્યઃ શ્રીરમણઃ સદા હરિ જનૈઃ કાર્યાધિકા સંગતિઃ ।
આજીવ્યમ્ વિદુષાં વિધાય જગતાં યોજ્યાશ્ચતે શિક્ષણે
દીનાનામ્ દયયા નયેન વિનયૈઃ કીર્તિર્વિધેયાચલા ।।

આશ્રમ ધર્મ દરેક માટે છે. ચાર આશ્રમના ક્રમે ક્રમે જવું. રાજાનો ધર્મ પ્રજાનું પાલન મુખ્ય છે. શ્રી હરિની ભકિત વગર ભગવત્ સુખ મલતું નથી. તેમાં પણ ભકતો સાથે સત્સંગ કરી ભકતો ભાવની વૃદ્ધિ કરે છે. પંડિતોને આજીવીકા આપી પ્રજામાં ધર્મનો ફેલાવો કરવો તે રાજાનું કર્તવ્ય છે. દીનજનો પર દયા રાખવી, ન્યાય વિનયી બની વરતવાથી કીર્તિ અચલ થાય છે શ્રીવલ્લભે સ્માર્ત ધર્મનો ઉપદેશ આપ્યો છે.

કનકાભિષેક ઉત્સવમાં આવેલા સર્વ નટ, ભટ, નટિકા, ગુણીજનો, કવિ, ગાયક, પંડિતો સર્વને રાજાયે દાન માનથી સંપૂર્ણ પણે સંતોષી રાજ્ય કર અર્ધ રૂપમાં ફેરવી દીધો. બન્દી જનો સર્વને મુકત કર્યા. ત્યાર બાદ સર્વ આચાર્યો જે ૭ માસથી વિજય નગરમાં રોકાયેલા હતા તેમનું ખુબ જ સ્વાગત દાન માન સાથે કર્યું. ભિક્ષુકોને ઇચ્છાથી અધિક દાન દીધું. ઉત્સવનું કાર્ય પૂરણ કરી શ્રીવલ્લભ આગળ પાદુકા ધરી વાદ્યગીત સાથે સર્વ સમાજ સ્વારી સાથે વિદાઇ લેતા નગરજનો પરમાનંદ પામ્યા.

દોહા – બરખા કિય જન કુસુમકી, શોભા બરની ન જાય
ધરત ચરણ માતુલ ભવન, માતુલ સનમુખ ધાય
આસન આશિષ મંત્રસે, દેવત માતુલ માન
વન્દન કિય પ્રભુ વૃદ્ધ જન, પરિકર મુદિત મહાન

– ક્રમશઃ

આ માસના ઉત્સવ

માગશર સુદ ૫ તા. ૧૩–૧૨–૮૮ મંગળવાર શ્રી મદન મોહનજી (કામવન) નો પાટોત્સવ.

માગશર સુદ ૭ તા. ૧૫–૧૨–૮૮ ગુરુવાર શ્રી ગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલ નાથજી (સં. ૧૬૦૮) નો પ્રાકટ્યોત્સવ પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૧૬–૧૨–૮૮ શુક્રવાર ધનુર્માસ આરંભ શ્રી ગોવર્ધનનેશજી કૃત ૭ સ્વરૂપોત્સવ.

માગશર સુદ ૯ તા. ૧૭–૧૨–૮૮ શનિવાર. પંડિત શ્રી ગટ્ટુ લાલજીનો સ્મરણ દિન. શ્રી ગુંસાંઇજીની વધાઇનો પ્રારંભ ગો. શ્રી ચંદ્ર ગોપાલજી મહારાજ (વેરાવળ) નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૧૯–૧૨–૮૮ સોમવાર મોક્ષદા એકાદશી વ્રત શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતિ ગો. શ્રી વલ્લભરાયજી બાવા (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૨૩–૧૨–૮૮ શુક્રવાર ગોપ માસ સમાપ્તિ શ્રી નાથજીનો છપ્પન ભોગ. શ્રી બળદેવજીનો ઉત્સવ

માગશર વદ ૧ તા. ૨૪–૧૨–૮૮ શનિવાર ગો. શ્રી દાઉજી રાજીવજી બાવા (નાથ દ્વારા) નો જન્મદિન.

માગશર વદ ૨ તા. ૨૫–૧૨–૮૮ રવિવાર ગો. શ્રી સંદીપ બાવા (મથુરા)નો જન્મદિન

માગશર વદ ૪ તા. ૨૭-૧૨-૭૮ મંગળવાર ગો. શ્રી હૃષિકેશ બાવા (મુંબઈ-ધોરાજી) નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૨૯-૧૨-૮૮ ગુરુવાર ગો. શ્રી નિરજકુમાર બાવા (મુંબઇ) અને શ્રી હરિરાય બાવા (નાથદ્વારા) નો જન્મદિન.

માગશર વદ ૭ ૩૦-૧૨-૮૮ શુક્રવાર શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી) નો ઉત્સવ સં. ૧૬૨૫

માગશર વદ ૮ તા. ૩૧-૧૨-૮૮ શનિવાર હેમન્ત ઋતુ પુરી થઇ. ગો. શ્રી પંકજ કુમાર બાવા (મથુરા)નો જન્મ દિન.

માગશર વદ ૯ તા. ૧-૧-૧૯૮૯ રવિવાર શ્રી ગુસાંઇજી શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઇ મહા સુદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૨-૧-૮૯ સોમવાર ગો. શ્રી રસિકરાય મહારાજ (મથુરા-પોરબંદર) નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૩-૧-૮૯ મંગળવાર સફલા એકાદશી વ્રત.

માગશર વદ ૧૨ તા. ૪-૧-૮૯ બુધવાર ગો. શ્રી વલ્લભજી બાવા (ચાંપાસેની) નો જન્મદિન. લલિત પંચમના પદની શરૂઆત કરી મહા સુદ ૫ ના રોજ રાજભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ અમાસ તા. ૭-૧-૮૯ શનિવાર શ્યામ ઘટા. ગો. શ્રી ભુપેન્દ્ર બાવા (નાથ દ્વારા) નો જન્મદિન.

સને ૧૯૮૮ના અંક ૮ના અનુસંધાને શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૨૯૧ પરીખ સુંદરલાલ પિતાંબરદાસ, વડોદરા.
૨૯૨ શ્રીમતી શારદાબેન રમણીકલાલ ઠક્કર, કલ્યાણ.
૨૯૩ શ્રીમતી સવિતાબેન ચંદુલાલ ઠક્કર, કલ્યાણ.
૨૯૪ શ્રીમતી શારદાબેન કાંતિલાલ રવાણી, કલ્યાણ.
૨૯૫ શ્રીમતી દમયંતીબેન ગોવિંદજી પાલા, કલ્યાણ.
૨૯૬ દિનેશભાઇ મુખીયાજી, કલ્યાણ.
૨૯૭ હરિલાલ શામજીભાઇ જોબનપુત્રા, કલ્યાણ.
૨૯૮ શ્રીમતી અમીતાબેન ચંદુલાલ સરૈયા, અમદાવાદ.
૨૯૯ યશવંત ગીરધરલાલ રાજાણી, ડોમ્બીવલી.
૩૦૦ ગીરધરલાલ નાથાલાલ કોટક, કલ્યાણ.

॥ શ્રી વલ્લભ: ॥

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રીવલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ) લેખક :- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં 'શ્રીવલ્લભ' શબ્દ શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે, બન્ને એક જ સ્વરૂપ છે.]

શુક મયુર હંસાદિ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૫)
સમગ્ર વ્રજનાં વૃક્ષ-લત્તા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૬)
સમગ્ર વ્રજનાં શાખા-પલ્લવ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૭)
સમગ્ર વ્રજની કલિકાઓ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૮)
સમગ્ર વ્રજનાં ફલ-ફૂલ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૭૯)
સમગ્ર વ્રજનાં કંદ-મૂલ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૦)
સમગ્ર વ્રજનાં કુંડ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૧)
રાધાકુંડ બોલે, કૃષ્ણકુંડ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૨)
ગોવિંદકુંડ બોલે, માનસીગંગા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૩)
સાંકરીખોર બોલે, રમણસ્થાન બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૪)
ગોવર્ધન બોલે, રમણરેતી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૫)
કંદરા બોલે, શિખર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૬)
તળેટી બોલે, કેડી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૭)
દ્વાર બોલે, ઉપદ્વાર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૮)
ગોવર્ધન ચોક બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૮૯)
કમલ ચોક બોલે, રતન ચોક બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૦)
નિજ મંદિર બોલે, શયનગૃહ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૧)
પાન ઘર બોલે, શાક ઘર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૨)
ફૂલ ઘર બોલે, ફલ ઘર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૩)
કીર્તનિયા ગલી બોલે, મણીકોઠા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૪)
જગમોહન બોલે, પ્રીતમ પોળ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૫)
કૃષ્ણદાસ અધિકારીની ગાદી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૬)
આઠ સખા બોલે, આઠ સખી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૭)
સૂરદાસ બોલે, નંદદાસ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૮)
કૃષ્ણદાસ બોલે, કુંભનદાસ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૯૯)
પરમાનંદદાસ બોલે, ચતુર્ભુજદાસ બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૦)
ગોવિંદસ્વામી બોલે, છીતસ્વામી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૧)
દાસ બોલે, દાસી બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૨) (ક્રમશઃ)

પુસ્તક પરિચય

પ્રગટે પુષ્ટિ મહારસ દેન

ભાવાર્થ–વિવેચક
૫. ભ. "વલ્લભ પાદ પદ્મ મિલિન્દ"
પ્રસ્તાવના પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, (મથુરા–પોરબંદર)
પ્રકાશક વડોદરા–વલ્લભી મંડળ, વડોદરા
પ્રાપ્તિ સ્થાન
શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર, સિહોર–૩૬૨ ૨૪૦

આ પુસ્તકમાં શ્રી હરિરાયજી કૃત ૭ પદો પૈકી પદ ૧ થી ૩ પદોનું ભાવાર્થ–વિવેચન "શ્રી વલ્લભ સુધા"માં ક્રમશઃ પ્રસિદ્ધ થયેલ તેમાં અન્ય ૪ પદો ઉમેરી કુલ સાત પદો પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પદોમાં શ્રી હરિરાયજીએ શ્રી મહાપ્રભુજીના ગૂઢ સ્વરૂપનું વર્ણન કરેલ છે. તે પદો સમજવા સામાન્ય જનસમાજ માટે સહેલા નથી. પરંતુ તેનું ભાવાર્થ–વિવેચન વિસ્તાર પૂર્વક અન્ય ભકત કવિઓના પદોના પ્રમાણ સહિત શ્રી વલ્લભ પ્રભુના સ્વરૂપનું મર્મજ્ઞ વર્ણન સરળ ભાષામાં લખેલ છે જેથી વિવેચકને ધન્યવાદ આ ભગવદીય વિવેચક વૈષ્ણવ સૃષ્ટિમાં તેમના લેખો–પુસ્તકોથી ખૂબ જાણીતા છે જેથી તેમનો કે તેમના સાહિત્યનો વિશેષ પરિચય આપવાનો હોય ખરો ? વિવેચક–પ્રકાશકને અભિનંદન.

પુસ્તક પરિચય

શ્રી યમુનાજીના નવાખ્યાન : શ્રી યમુનાષ્ટકના એકેક શ્લોક ઉપર શ્રી વલ્લભાખ્યાનના રાગ–ઢાળ પ્રમાણેના નવાખ્યાનની રચના ક્રાઉન સોળ પેઈજી એક ફર્માનું કાચા પુંઠાનું પુસ્તક કીંમત રૂા. ૨–૦૦ પોસ્ટેજ સાથે નીચેના સ્થળેથી મળશે,

શ્રી જીતેન્દ્રભાઈ રમણિકલાલ પરીખ (ઉંચી શેરી, લીમડાવાસ, મહેસાણા–૩૮૪૦૦૧)

સમાચાર

સિહોર–પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે તા. ૨૮–૯–૮૮ થી તા. ૪–૧૦–૮૮ સુધી ૮૪–૨૫૨ ભગવદીય વાર્તા સપ્તાહનું આયોજન કરવામાં આવેલ. વકતા ખંભાત નિવાસી શાસ્ત્રીજી જગદીશચંદ્ર નર્મદાશંકર દવે હતા. આ સપ્તાહના મુખ્ય મનોરથી ૫. ભ. શ્રી ત્રંબકલાલ મગનલાલ વોરા પરિવાર હતા, તથા ભાદરવા વદ ૫ ના રોજ શ્રી હરિરાયજી મહાપ્રભુનો પ્રાકટ્ય મહોત્સ ઉજવાયો હતો.

રાજકોટમાં પુષ્ટિમાર્ગીય પુસ્તક વેચાણ કેન્દ્ર

સંપ્રદાયની જુદી જુદી સંસ્થાઓ તરફથી તથા વ્યકિતગત રીતે સાંપ્રદાયિક સાહિત્ય પ્રકાશિત થાય છે તેવા તમામ પુસ્તક વૈષ્ણવોને સહેલાઈથી ટપાલ ખર્ચ વગર મળી શકે તે માટે શ્રી બાલકૃષ્ણલાલજી હવેલીમાં વેચાણ કેન્દ્ર ઘણા સમયથી ચાલી રહ્યું છે. તેનું સંચાલન ૫. ભ. શ્રી ગોરધનભાઈ છાટબાર તથા ૫. ભ. શ્રી મનસુખભાઈ માવજીભાઈ સોની નિષ્કામ ભાવે કરી રહ્યા છે.

વિશેષ માહિતી માટે નીચેના સ્થળે સંપર્ક સાધવો અગર પત્ર લખવો.

૫. ભ. શ્રી મનસુખભાઈ માવજીભાઈ સોની
શૃંગાર જ્વેલર્સ, સોની બજાર, રાજકોટ.
ફોન ઓ. ૨૪૨૫૨ ઘર ૨૪૮૫૭

વિનંતિ : પુષ્ટિમાર્ગીય પાઠશાળા પાટણના પ્રકાશન કાર્યમાં સેવાભાવી અથવા વેતનથી કાર્યમાં મદદ કરનાર વૈષ્ણવની જરૂર છે.

શ્રીમદ્ ભાગવત ભાગ બીજો તૈયાર થાય છે તેમાં "ઉપોદ્‌ઘાત-નિવેદન-દ્રવ્ય સહાયકની નામાવલી અધુરી છે તે" છાપવાના છે. પછી બાઈન્ડીંગ થશે, વહેંચણી માટે ગામે ગામની યાદીઓ લખવાની છે અને પછી પહોંચાડવાની વ્યવસ્થા કરવાની છે. તેમાં નિષ્કામ ભાવે કે વેતનથી સેવા આપનાર વૈષ્ણવની ખાસ જરૂર છે અને મદદ કરનાર કોઈ નહિ મળે તો મારી શકિત પ્રમાણે ધીમે ધીમે થશે. આવા સંજોગોમાં ભાગ બીજો કયારે આપી શકાશે તે જણાવી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

ઉપરોકત કાર્યમાં સેવા ભાવે અગર વેતનથી મદદ કરવા ઈચ્છુક વૈષ્ણવે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

લિ. દાસાનુદાસ (પ્રકાશક) રમણિકના સદૈન્ય ભગવદ્ સ્મરણ
પુષ્ટિમાર્ગીય પાઠશાળા
ત્રણ દરવાજા, પાટણ (ઉ. ગુ.) ૩૮૪૨૬૫

જામનગર : "આં. પુ. વૈ. પરિષદ, જામનગર શાખા દ્વારા દિનાંક ૧૫-૯-૮૮ ગુરુવાર, ગણેશ ચતુર્થીના રોજ સાંજના ૫ વાગ્યે, હવેલીની વાડીમાં પ. પુ. ગો. શ્રી રસિકરાય બાવાશ્રીના કરકમળો દ્વારા **વૃક્ષારોપણ** કરવામાં આવેલ છે.

આપશ્રીના શ્રીહસ્તથી આસોપાલવ, ગુલમહોર, વગેરે વૃક્ષોનું રોપણ થયેલ. શાખાના પ્રમુખ શ્રીયુત જયંતિભાઈ ડી. સોની તેમજ ઉપસ્થિત વૈષ્ણવ સમુદાય દ્વારા આશરે ૪૦૦-૪૫૦ વૃક્ષ રોપવામાં આવેલ છે.

ઉપવનનું નામાભિધાન **'વ્રજવાટિકા'** આપવામાં આવેલ છે"

સુરેન્દ્રનગર આં. રા. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે સુરેન્દ્રનગર વઢવાણ સીટી, લખતર, ધ્રાંગધ્રા, હળવદ વગેરે ગામોમાં ધર્મ સંસ્કૃતિના પસાર-પ્રચાર માટે સમાજમાં એકતા પ્રસ્થાપિત કરવા યોજાયેલ સભાઓમાં વિસ્તૃત સમજ આપી હતી. આ પ્રવાસમાં સહયોગ આપવા પરિષદના કાર્યકર ભાઈઓ જેવા કે શ્રી જયંતિભાઈ સોની, શ્રી કાંતિભાઈ પાવાગઢી, ઠાકોર શ્રી બલભદ્રસિંહજી ઝાલા, ઉષાકાંત શેઠ, લલિતભાઈ કંસારા, મનસુખલાલ કંસારા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને નવેમ્બર માસમાં સુરેન્દ્રનગર જીલ્લાનું પરિષદના કાર્યકરોનું સંમેલન યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

જંબુસર : વધતા જતા દુસંગના વાતાવરણને મીટાવવા સત્સંગ પ્રવૃતિની નિતાંત જરૂરીઆત છે અને તે નિયમીત રીતે ચાલે તેની અત્યંત આવશ્યકતા છે. પરિષદના તે દિશામાં થઈ રહેલા કાર્યને વધુ ગતિમાન કરવા અને સહકાર આતવા તા ૨૪-૯-૮૮ની ભરાયેલ સભામાં પરિષદના ઉપપ્રમુખ અને ભાગવતના પ્રવકતા શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીએ પોતાના પ્રવચનમાં વૈષ્ણવ સમાજને અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રા. શ્રી ચીમનબાઈ શેઠ, શ્રી વૈકુંઠભાઈ ભગત, ડૉ. પિયુષભાઈ પરિખ, પ્રો. બટેરીવાળા, શ્રી નરેન્દ્રભાઈ ભંડારી ઉપસ્થિત રહી પ્રાસંગીક ઉદબોધન કરેલ. જંબુસરના કાર્યને વ્યવસ્થિત કરવા સાત સભ્યોની એક સમિતિ બનાવવામાં આવી અને તેના સંયોજક તરીકે પ્રોફે. શ્રી નરેશ- ભાઈ બટેરીવાળાને નિયુકત કરવામાં આવ્યા.

સમાચાર

જતીપુરામાં વૈષ્ણવ પરિષદનું ઐતિહાસિક અધિવેશન

જતીપુરા (યુ. પી.) તા. ૩ પુષ્ટિસમ્પ્રદાયની પરંપરાગત વ્રજયાત્રામાં વ્રજયાત્રાનાયક ગો. શ્રી મથુરેશ્વરજી મહોદય સુરતવાળાએ જતીપુરામાં અન્તરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું અધિવેશન યોજ્યું હતું જેમાં શ્રી વિનોદશર્મા, શ્રી વ્રજમોહનદાસ વિજયવર્ગીય, શ્રી રમેશચંદ્ર ઉપમન્યુ, પ્રિન્સીપલ શ્રી વી. પી. શાહ, શ્રી મધુસુદન શાસ્ત્રી, શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી પરિષદના કેન્દ્રિયમંત્રીશ્રી નિરંજનશાસ્ત્રી ઉમરેઠવાળા શ્રી મદનલાલ જોષીનાં સમયોચિત ભાષણ થયાં.

પૂ. શ્રી ચંદ્રગોપાલજી મહોદય, પૂજ્ય શ્રી ઇન્દિરાબેટીજી પૂજ્ય શ્રી મથુરેશજી મહોદય, પૂજ્ય શ્રી કલ્યાણરાયજી પૂજ્યશ્રી બાલકૃષ્ણલાલજી અધ્યક્ષ પૂજ્ય ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના પ્રવચન થયા જેમાં વી. પી. એસ. એસ. અ. રા. પુ. વૈષ્ણવ પરિષદમાં જોડાયાની "એફીલીત" થયાની જાહેરાત થઈ, શ્રી નિરંજનશાસ્ત્રીજી સભાસંચાલન અને શ્રી ચન્દ્રકાંતભાઈએ આભારદર્શન કર્યું.

રાજકોટ પૂ.પા.ગો.શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે શ્રી હરિરાયજી મહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ ઉત્સાહ પૂર્વક મનાવાયેલ.

પૂ.પા.ગો.શ્રી રાજીવલોચનજી બાવાશ્રી તથા પૂ.પા.ગો.શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીની સાન્નિધ્યમાં વધાઈ કિર્તન તથા બડી દાનલીલા ગવાયેલ. પૂ.પા.શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ વચનામૃતમાં ઉત્સવ નાયકના ગુણાનુવાદ કરતાં વૈષ્ણવોએ શ્રી હરીરાયજી મહાપ્રભુજીની શીક્ષા દ્વારા સ્વધર્મ પાલનમાં દ્રઢતા લાવવા આજ્ઞા કરેલ.

સંખેડા આં.પુ.વૈ. પરિષદ દ્વારા સત્સંગ અને સ્વાધ્યાયની પ્રવૃતિને ગતિમાન કરવાનો પ્રયાસ ખૂબ સારો છે અને તેને વ્યવસ્થિત કરવાની જરૂર છે એમ સંખેડા મુકામે પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયે વૈષ્ણવોની સભામાં આજ્ઞા કરેલ. તેમજ પરિષદના સભ્ય બની સંગઠનને મજબૂત બનાવવા વૈષ્ણવોને અનુરોધ કરેલ

પરિષદ દ્વારા થયેલ દુષ્કાળ રાહત વગેરે કાર્યોની તથા પ્રચારકાર્યની માહિતી પ્રો.શ્રી ચિમનભાઈ શેઠે આપેલ. પરિષદની સંખેડા શાખાના પ્રમુખ શ્રી કે. એલ. શાહે સ્વાગત કરેલ. ડભોઈના શ્રી કંચનલાલ દરૂ તથા શ્રી વિઠુલદાસ શાહે પ્રાસંગિક પ્રવચનો કરેલ.

શ્રી બાલકૃષ્ણલાલજીના પાટોત્સવ પ્રસંગે કળશ, શોભાયાત્રાનો કાર્યક્રમ યોજાએલ. જેમાં પૂ. પા. શ્રી દ્વારકેશલાલજી મહોદય અને વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયેલ.

ભકિતવર્ધિની પ્રચાર વાહન દ્વારા પ્રચાર પ્રવાસ

આં.પુ.વૈ. પરિષદના પ્રચારવાહન ભકિતવર્ધિનીમાં આં.પુ.વૈ. પરિષદના ગુજરાતના સં. મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ તથા કાર્યાલય મંત્રી શાન્તીભાઈ સોનીના પ્રચાર પ્રવાસ નિચે મુજબ વિસ્તારોમાં થયેલ. ખેડા જીલ્લાનાં માતર મહેમદાબાદમાં પ્રચાર સભાઓ થયેલ અને શાખા સ્થાપવા સંયોજકોની નિયુકિત થયેલ: તેમજ તારાપુર, સોજીત્રા, ખંભાત ખાતે પ્રચાર સભાઓમાં સત્સંગ સ્વાધ્યાય પ્રવૃતિ વિકસાવવા અનુરોધ કરેલ.

ધંધુકા, શિહોર, ભાવનગરનો પ્રવાસ કરી પરિષદના સંગઠનનો વ્યાપ વધારવા ઉપર ભાર મુકાએલ.

સુરેન્દ્રનગર જીલ્લામાં સુરેન્દ્રનગર, વઢવાણ સીટી, લખતર, ધ્રાંગધ્રા હળવદ આદિ સ્થળોએ હવેલીઓમાં સભા કરી સ્વમાર્ગના સંરક્ષણ માટે એકતા સ્થાપવા ઉપર ભાર મુકાયેલ સુરેન્દ્રનગર જીલ્લાના સંયોજક શ્રી કાંતિભાઈ [illegible] સમગ્ર પ્રવાસમાં સાથે જોડાયેલ. લખતર મુકામે ઠાકોર શ્રી બલભદ્રસિંહજી ઝાલા, સુરેન્દ્રનગરમાં શ્રી ઉષાકાન્ત શેઠ ધ્રાંગધ્રામાં શ્રી લલીતભાઈ કંસારા હળવદમાં શ્રી મનસુખભાઈ કંસારાના પ્રમુખસ્થાને સભાઓ યોજી પરિષદના સભ્યો નોંધવાનું અભિયાન શરૂ કરેલ તેમજ તા. ૧૯ નવેમ્બરે સુરેન્દ્રનગર જિલ્લાના કાર્યકરોનું સંમેલન યોજવા નક્કી કરેલ

॥ શ્રીહરિઃ ॥

શ્રીજી બાવા તમે લાગો સોહામણા.....!

ઓ... શ્રીજી બાવા તમે લાગો સોહામણા,
વારી વારી લઉં તારા વારણા રે... ઓ... શ્રીજી બાવા૦
અજબકુંવરીને કારણે વા'લો આવી વસ્યા મેવાડ
ભક્તવત્સલ આપ છો પ્રભુ ભકતના પ્રતિપાળ રે... ઓ... શ્રીજી બાવા૦
વલ્લભપ્રભુજી ભૂતલ પધારી દૈવી જીવો ઉદ્ધરી
બ્રહ્મસંબંધની આજ્ઞા કાજે સન્મુખ આપ પધારી રે... ઓ... શ્રીજી બાવા૦
મહાપ્રભુજીના લાડીલા રે સેવ્યા તમને ખાસ
વલ્લભકુલના રસિયાવાલા નિત્યે કીધા વાસ રે.. ઓ.. શ્રીજી બાવા૦
ગોકુળ ગામના ગિરિધારી વૃંદાવન રાસવિહારી
જમુનાતીરે બંસી બજાવી મધુવન ગૌધેન ચારી રે.. ઓ... શ્રીજી બાવા૦
શોભે શૃંગાર સજી શ્રીવિઠ્ઠલેશજી કિર્તન રાગે રીઝવે રે
શ્રી નવનીત પ્રિયાજીને સંગે વહાલા સ્નેહ શું ભીંજવે રે... ઓ... શ્રીજી બાવા૦
ગોપ ગ્વાલની સંગે વહાલા નિત્ય કરતા ટેલી
વહુ-બેટી શું ગિરિધરજી ઘર રંગભર રમીઆ હોલી રે... ઓ.. શ્રીજી બાવા૦
ઓ... રંગરસીયા વ્રજયુવતિ શું ક્રીડા કરતા ન્યારી
નટવરનાગર રાધા પ્યારી રાસ રમીયા સારી રે... ઓ... શ્રીજી બાવા૦
અષ્ટસખાની મંડલી લીલા દર્શન પામી
કીર્તન મંગલ સુણતાં મારૂં શિર જાય છે નામી રે... ઓ... શ્રીજી બાવા૦
આ અજ્ઞાની જીવને પ્રભુ રે'વું તારે ચરણે
વલ્લભકુલની કાનિ થકી પ્રભુ આવ્યો તારે શરણે રે... ઓ... શ્રીજી બાવા૦
મારા તે ઉરની આર્તિને પ્રભુ એક દિન પૂરી કરજો
શ્રીમુખ સુંદર ચરણકમલની ઝાંખી હૈયે ધરજો રે... ઓ... શ્રીજી બાવા૦
કુંજબિહારી મુરલીધારી ગોવર્ધન ગિરિધારી
સાંવરી સુરત મોહિની મુરત, ભક્ત મનોરથ કારી રે.. ઓ... શ્રીજી બાવા૦

માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ: ॥

મકર સંક્રાંતિ કે પદ

રાગ-પંચમ

બોલ પઠાઇ શ્યામ પેં, જસોદા રોહની કીયો સનમાન;
અપનો પરિકર સબે બોલાવો, મકર સંક્રાંતિ પરવ બડો જાન ૧

રીઝ ગોપાલ પેં દાન કરાવહુ, તુમ હો ચતુર સુજાન;
મન માન્યો સજ સોંજ કરાવહુ, ભર ભર તિલ ગુડધાન ૨

સબ સખીયન મિલ મંગલ ગાવત; અપનો ભવન નિદાન;
'સૂર સ્યામ' કોં અંક મધ્ય લે, અસીસ પઢાય દીજે બહુ દાન ૩

નમ્ર નિવેદન

પ્રકાશન ખર્ચમાં વધેલ મોંઘવારીને લીધે શ્રી વલ્લભ સુધાનું લવાજમ વાર્ષિક રૂા. ૧૫ તથા આજીવન રૂા. ૨૦૧ કરવામાં આવેલ છે, જેની દરેક ગ્રાહકો તથા સેવાભાવ કાર્યકર્તાઓએ નોંધ લેવી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૧૦ — **જાન્યુઆરી, ૧૯૮૯**

શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧.

॥ શ્રીહરિઃ ॥

પ્રયાગમાં કુંભ પર્વ પ્રસંગે શ્રી વલ્લભાચાર્યનગરનું આયોજન

આ વર્ષે પ્રયાગરાજ (ત્રિવેણી સંગમ)માં કુંભમેળો યોજાઇ રહ્યો છે. તે પ્રસંગે પૂ. પા. પ્રથમપિઠાધિશ્વર શ્રીરણછોડાચાર્યજી મહારાજશ્રી પ્રથમેશજીની આજ્ઞાથી 'શ્રીવલ્લભાચાર્ય નગર'નું આયોજન તા. ૧૨-૧-૮૯થી તા. ૧૨-૨-૮૯ સુધી રાખેલ છે.

મુખ્ય સ્નાનની તારીખો આ પ્રમાણે છે.

તા. ૧૪-૧-૮૯	મકરસંક્રાંતિ
તા. ૨૧-૧-૮૯	પૂર્ણીમા, માઘસ્નાનારંભ
તા, ૨-૨-૮૯	ષટતીલા એકાદશી
તા. ૬-૨-૮૯	સોમવતી અમાવાસ્યા
તા. ૧૦-૨-૮૯	વસંત પંચમી.

આ પ્રસંગે મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજીના સ્વરૂપની પધરામણી પ્રયાગમા થશે. તથા પૂ.પા.શ્રી પ્રથમેશજી મહાજશ્રી તથા અન્ય પૂ. ગોસ્વામી બાળકો પણ પધારશે એઓશ્રીના વચનામૃતનો અલૌકિક લાભ તથા વિદ્વાન શાસ્ત્રીજીઓના પ્રવચન, ભગવદ્ ગુણાનુંવાદનો લાભ મલશે.

શ્રી વલ્લભાચાર્યજી નગરમાં વૈષ્ણવોને કલ્પવાસ (આખો મહિનો રહેવા) અથવા ૨/૪ દિવસ પણ રહેવાની તથા મંડાણની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ શુભ પ્રસંગે સંભવ થશે તો 'ચાતુર્માસ' યજ્ઞનું આયોજન પણ કરવામાં આવશે.

શ્રી વલ્લભાચાર્ય નગર (કેમ્પ)નું સ્થળ પ્રયાગ (અલ્હાબાદ)ના રેલ્વે સ્ટેશનો પર તથા બસ સ્ટેશનો પર બેનર લગાવેલ હશે તેમાં જણાવેલ છે. તેમજ રીક્ષા, ટેકસીવાળાઓને પણ જણાવવામાં આવશે.

સર્વ વૈષ્ણવો બહોળી સંખ્યામાં હાજરી આપી અલૌકિક લાભ લેવા વિનંતિ.

વિશેષ વિગત માટે આં. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય, સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ મુંબઈ-૧

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકો માટે ભેટ પુસ્તક યોજના

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ દ્વારા પ્રકાશિત થતા "શ્રી વલ્લભ સુધા" માસિકના આજીવન ગ્રાહક તેમજ સને ૧૯૮૮-૮૯ના ચાલુ ગ્રાહકો જે સને ૧૯૮૯-૯૦માં ચાલુ રહેવા માગતા હોય અને તેઓનું લવાજમ સંસ્થાના કાર્યાલયમાં તા. ૩૧-૩-૮૯ સુધીમાં જમા થઇ ગયેલ હશે તેઓને પ.ભ. શ્રીમતી કંચનબેન કાંતિલાલ શાહ, ૧૨૮, નવયુગ નગર નં-૨, ફોર્જેટ હીલ રોડ, તારદેવ, મુંબઈ-૩૬ તરફથી શ્રી પરિખ પરિવાર દ્વારા પ્રકટ કરવામાં આવેલું "શ્રીયમુનાજીનાં ૪૧ પદ-એક ઝાંખી શબ્દાર્થ-ભાવાર્થના વિવરણ સાથે (કિંમત રૂાં. ૫-૦૦, પોષ્ટથી રૂા. ૬-૦૦)નું પુસ્તક" ભેટ આપવાની યોજના વિચારેલ છે, તો જે ગ્રાહકો ચાલુ રહેવા માગતા હોય તેઓએ પોતાનું લવાજમ સંસ્થાના આ અંકમાં અન્યત્ર છપાયેલ સેવાભાવી કાર્યકરો પાસે તા. ૨૦-૩-૮૯ સુધીમાં જમા કરાવવાનું રહેશે. અગર સંસ્થાના કાર્યાલયમા રૂબરૂ અગર મનીઓર્ડરથી પહોંચાડવાનું રહેશે.

નિવેદક-શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

- શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધાંમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાપામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિપદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૧૦ ✻ જાન્યુઆરી, ૧૯૮૯

॥ શ્રીહરિ: ॥

"સા વિદ્યા તન્મતિર્યયા"

લે. શ્રી પરાગ

જીવનને સુવ્યવસ્થિત બનાવીને ઉંચે લઇ જવાની રીત શિખડાવવી એજ શિક્ષણનો ઉદ્દેશ્ય છે. આધુનિક શબ્દોમાં તેને એક સાચા નાગરિક બનાવવાની રીત કહેવામાં આવે છે. આજ વાત શ્રી ભગવદ્ ગીતામાં 'યોગઃ કર્મસુ કૌશલમ્' શબ્દોમાં કહેવાઇ છે. પરંતુ ભગવદ્ ગીતામાં કહેલા કર્મ કૌશલના અર્થમાં કેવળ બાહ્ય ઇન્દ્રિય નહીં કિન્તુ મનુષ્યના અંતઃકરણમાં પણ કર્મની કુશલતાને ગ્રહણ કરવી આવશ્યક છે. કે જે ધર્મ અથવા તો આધ્યાત્મિક શિક્ષણથી જ સંભવ છે.

આખા વિશ્વમાં સાચી નાગરિકતાનો ખ્યાલ દેવાનો આજે પ્રચાર છે. પરંતુ એટલાથી જ શાન્તિ અને સુરક્ષારૂપી ફલ સનાતન રૂપથી પ્રાપ્ત થતું હોય તેમ નથી દેખાતું. એક-બે વિસ્ફોટ માત્રથી જ સંપૂર્ણ સંસારનો નાશ કરવાની શકયતાવાળા આધુનિક શસ્ત્રો (અણુ બોંબ)ની વિરોધી રાજનીતિવાળા મહાદેશોમાં પરસ્પર હોડ મચેલી છે. જેનાથી એમની માનસિક અશાન્તિનો પરિચય મળે છે.

અને તેજ તત્ત્વ આપણા દેશની હવામાં પણ ફેલાવા લાગ્યું છે. ત્યારે અનેક પ્રકારના રાજનૈતિક વિરોધનું રૂપ લઇને અશાન્તિનું કારણ બને છે. જેની અંદર આદેશના લોકો પણ આપણા ધાર્મિક ચેતનાના સ્રોતથી દૂર રહેવાના કારણે અજાણતાં જ ભાગીદાર બને છે. આ રીતે શિક્ષણ સંબંધી અનેક પ્રયાસો હોવા છતાં વાસ્તવિક લક્ષ્ય સિદ્ધ થતું દેખાતું નથી તે શિક્ષણના વાસ્તવિક સ્રોત આપણાં શાસ્ત્રો છે. જેમને આચાર્યો એ પ્રમાણના રૂપમાં માન્યાં છે. તે પ્રમાણ ગ્રંથો છેઃ (૧) વેદ (૨) ભગવદ્ ગીતા અને (૩) બ્રહ્મસૂત્ર. પરંતુ શ્રીવલ્લભાચાર્યજીએ તો શ્રીમદ્ ભાગવતને પણ આ પ્રમાણ કોટિમાં દેખાડીને પ્રત્યેક જીજ્ઞાસુના માર્ગને સરળત્તમ બનાવ્યો છે. અતઃ આ ચારેય ગ્રંથ અને તેમને સહમત સાહિત્યનું શિક્ષણ જ ઉપાદેય (માન્ય) છે.

ભાગવત્માં વર્ણિત અનેક પ્રકારના ઉપાખ્યાન અને અવતાર કથાને કારણે કઠિન જ્ઞાનની વાતો સામાન્ય જનતાને સુગમ થઈ શકે છે. કે જેમાં આજ વાત સમજાવી છે કે **"જેનાં જાણવાથી તે સર્વાન્તર્યામિમાં બુદ્ધિ સ્થિર થાય તેજ વિદ્યા છે."**

તત્કર્મ હરિતોષં યત્સા વિદ્યા તન્મતિર્યયા ॥૪૯॥
હરિર્દેહ ભૃતામાત્મા સ્વયં પ્રકૃતિરીશ્વરઃ ।
તત્પાદમૂલં શરણં યતઃ ક્ષેમો નૃણામિહ ॥૫૦॥
(શ્રી ભાગવત્ સ્કંધ ૪ અધ્યાય ૨૯)

[શ્લોકાર્થ–જેનાથી ભગવાન પ્રસન્ન થાય એ ખરું કર્મ અને જેથી ભગવાનમાં મન લાગે એજ ખરી વિદ્યા. ભગવાન જ સર્વ દેહધારીઓના આત્મા, સ્વતંત્ર (બીજા પદાર્થોની ગરજ નહિ રાખનાર) કારણ અને નિયામક છે. એમનું ચરણાવિંદ લોકોનું શરણ છે. એનાથી જ મનુષ્યોનું પરમ કલ્યાણ થાય છે.]

આજ વાતનો ઉલ્લેખ સંક્ષેપમાં પુષ્ટિભક્તિમાર્ગના ઐતિહાસિક ગ્રંથ" "ચોર્યાશી વૈષ્ણવની વાર્તા'માં ભગવાન દાસ સાંચોરાની (૫૩) વાર્તામાં આ પ્રકારે છે.

"ભગવાનદાસ નામના સાચોરા બ્રાહ્મણ ગુજરાતમાં અમદાવાદની પાસે કોઈ ગામમાં ૧૮ વર્ષની અવસ્થા સુધી વિદ્યા ભણ્યા પછી પોતાના અધ્યાપક સાથે દ્વારિકા શ્રી રણછોડરાયજીના દર્શને આવ્યાં. ત્યાં તે અધ્યાપક બ્રાહ્મણનો મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી સાથે શાસ્ત્રાર્થમાં પરાજ્ય થયો. જેનાથી લજ્જિત થઇને તે તેજ સમયે ભણવા માટે કાશી ચાલ્યો ગયો. જ્યારે ભગવાનદાસ થોડાક દિવસ દર્શનના લોભથી ત્યાં જ રોકાણા. તે સમયે તેમણે શ્રી આચાર્યજી પાસે આવીને વિનંતિ કરી કે "મહારાજ ! તે પંડિત વાદમાં નિરુત્તર થયો એટલે કાશી ગયાં. હું તેની પાસે ભણતો હતો. હવે આપ મને ભણાવશો ?

ત્યારે શ્રી આચાર્યજીએ પુછયું કે તું બહુ ભણીને શું કરીશ ? ત્યારે ભગવાન દાસે કહ્યું કે 'મહારાજ બહુ ભણેલો હોઉં તો દ્રવ્ય કમાઉ, જ્યાં ત્યાં પંડિતોની સભામાં આદર થાય.' ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું કે વિદ્યા ભણવાની બે યોગ્યતાઓ હોય છે, 'ઉત્તમ અને કનિષ્ઠ વિદ્યા ભણવાથી શાસ્ત્ર વાંચવાની યોગ્યતા મળે. જે શાસ્ત્ર છે તે શીતલ જલરુપ અંદરનાં બે સુંદર નેત્રો છે. તે જ્યારે ઉઘડે છે ત્યારે સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે. શીતલ જલની જેમ ચિત્તશાંત થઇ જાય છે. સુખ

દુઃખને ભગવદ્ ઇચ્છા માનતા થઇ જાય છે. જગતમાં જીવમાં ભગવાન માત્ર બુદ્ધિ થઇ છે. જેનાથી વિનમ્રતા, સંતોષ, નિર્મળતા આવે છે ને ક્રોધાદિકનો નાશ થાય છે. આ રીતે ભગવદ્ આશ્રિત હોય તો તેનું ભણવું સફળ છે. આલોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત કરે છે. પરંતુ જો ઓછું પાત્ર વિદ્યા ભણે તો ત્યારે તે વિદ્યા તેને અગ્નિરુપ બની જાય છે. એકતો કામ, ક્રોધ, મદ, મત્સર્યાદિ અવગુણોમાં લપટાયેલો હતો. તેમાં વળી તેના ઉપર વિદ્યાભણવાનો અહંકાર પણ થઇ જાય છે. જેનાથી તે જગતમાં કોઇનેય ગણતો નથી. રાત દિવસ અહંકાર રુપી અગ્નિમાં બળે છે. આવો જીવ આ લોકમાં દુઃખ અને પરલોકમાં નર્ક પ્રાપ્ત કરે છે. એટલે તમે બહુ શાસ્ત્ર ન ભણો. જે ભણ્યા છો તેજ બહુ છે. અને દ્રવ્યાદિક તો ભાગ્યથી મળે છે. કેમકે ઘણા પંડિત મોટા મોટા રાજસી મૂર્ખોની ચાકરી કરે છે. એટલે સંતોષ અને દયા રાખીને કામ ક્રોધ, મોહ, લોભાદિકને છોડીને શ્રીઠાકોજીનું ભજન કરો. આજીવિકા ભગવાને વિચારી છે. તે ભગવદ્ ઇચ્છાથી ભાગ્ય પ્રમાણે મળતી રહેશે. આ રીતે સિદ્ધાંત રુપે આચાર્યજીના વચનોને સાંભળીને ભગવાનદાસના હૃદયમાં ભગવદ્ ધર્મોનો પ્રવેશ થયો અને તે શ્રી આચાર્યજીના શરણમાં આવીને કૃતાર્થ થયાં.

એટલે જે વ્યકિત આધ્યાત્મિકતા અથવા ભગવાન શ્રીકૃષ્ણની સર્વેશ્વરતામાં શ્રદ્ધા ધરાવતો હોય તેને ઉપરોકત વાતોમાં શ્રદ્ધા રાખવાનું આવશ્યક છે. એટલે તે ભગવાન શ્રીકૃષ્ણના શરણમાં આવે ને તેને માટે એવો સત્સંગ અને સાહિત્યાવલોકન આવશ્યક છે.

જેને ભગવાન શ્રીકૃષ્ણના સર્વેશ્વરતામાં વિશ્વાસ છે. તેને માટે ભગવત્સમર્પિત જીવન ગાળવું એજ ફળદાયક છે.

સંક્ષેપમાં વેદ, ગીતા, ભાગવતાદિ શાસ્ત્ર સમ્મત એવું જ શિક્ષણ ઉપયોગી માનેલ છે.

જીવનમાં આ લક્ષ્યની પ્રધાનતા રાખીને આનાથી અવિરોધી આધુનિક શિક્ષણ પણ અર્જિત (પ્રાપ્ત) કરી જાય તો ભગવદ્ કૃપાના બલે તે વિષયમાં પણ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી શકાય છે 'મૂકં કરોતિ વાચાલ' 'મૂક પુનિ બોલે' (સૂરદાસજી) જેનાથી અનેક લોકકલ્યાણ કારી કાર્ય કરીને તેમને નિર્બાધ પણે ભગવત પ્રાપ્તિ પણ થઇ જાય છે. આ સંબંધમાં શ્રી ભાગવતમાં આવેલ ઉત્તાનપાદના વંશ ચતુર્થ સ્કંધનો અને પંચમ સ્કંધનો પ્રિયવ્રત રાજાના વંશના ચરિત્રો અને નવમ સ્કંધમાં આવેલ રાજાના ચરિત્રો દાખલા રૂપ છે. જેમણે ભકિતના બળથી અનેક લોકોપકારક કાર્યો કરી અંતે ભગવદ્ પ્રાપ્તિ કરી છે.

પુષ્ટીમાર્ગમાં પણ સાક્ષાત રૂપથી લોકોપકાર કરનાર ચરિત્રો મળે છે. જ્યારે આચાર્ય ચરણો એ પુષ્ટીમાર્ગ અને સેવા પ્રકાર પ્રકટ કર્યો તેથી દેશમાં અદ્ભૂત એકતા અને શાંતિનો ઉદ્ગમ થયો જેને શ્રી ગુસાંઇજી તથા તેમનાં વંશજ સેવકોએ વિસ્તાર કર્યો જે દ્વારા ભગવત પ્રાપ્તિ થયેથી આજ સુધી અનેક જીવોને ભગવતપ્રાપ્તિ થઇ છે. અને તેમના સત્સંગથી અસંખ્ય લોકોનો સંસારમાંથી ઉદ્ધાર થયો છે. કારણ કે સમાજને સ્થિર રાખનારા દયા, પરોપકાર, સંતોષ, સંયમ આદિ સાત્વિક ગુણો ભગવદાશ્રયથીજ પોષણ મેળવી જીવને ઉન્નતિ અપાવે છે. અને તેથીજ પ્રેરણા શકિત પ્રાપ્ત કરી મનુષ્ય કર્તવ્ય પરાયણ બની મોટા મોટા કાર્યો કરી શકે છે.

।। શ્રીનાથજી ।।

।। શ્રીનાથજીએ જેનો હાથ પકડયો.. ।।

લે. **જાદવજી ખેરાજભાઈ (ચરણરજ) સૂરત**

(ગતાંકથી ચાલુ)

રાધારમણ અને સરલા અમદાવાદ આવ્યા. ત્રણ રૂમનો એક બ્લોક ભાડે રાખી લીધો છે. જેમાં દરેક પ્રકારનું આધુનિક ફરનીચર ગોઠવાઇ ગયું છે. એક નોકર અને એક સ્ત્રી પરિચારિકા રાખી લીધા છે. મિત્ર મંડલીમાં વૃદ્ધિ થઈ રહી છે.

રાધા રમણની પ્રેકટીસ સારી ચાલે છે. પોતે બુદ્ધિમાન હોવાથી અસીલોનું આકર્ષણ એના પ્રત્યે વધી રહ્યું છે. આવક સારી છે, પણ ખર્ચનું પ્રમાણ આવક કરતાં વધારે છે. રાધારમણ માટે આ એક ચિંતાનો વિષય બની ગયો છે. છતાં ખર્ચમાં કરકસર કરવાનો એ વિચાર પણ કરી શકતો નથી. પોતાના માની લીધેલા સભ્ય સમાજમાં સહેજ પણ હીણપત જણાય એ એને મંજુર નથી, સરલા પણ હવે પ્રથમની સરલા રહી નથી. સુધરેલા સમાજની લલનાઓના સંપર્કમાં આવીને એ પણ એના જેવી જ બની ગઇ છે. ઘર કુટુંબ અને પોતાના પતિ પ્રત્યે પણ બેદરકાર બની ગઈ છે. એક વખતની લજ્જાશિલ અને આર્ય સંસ્કૃતિના મૂર્તમાન સ્વરૂપ જેવી સરલા હવે તદ્દન બદલાઇ ગઇ છે. પોતાના પતિ કરતાં પણ અન્ય પુરુષ અને સ્ત્રી મિત્રો પ્રત્યે એનું આકર્ષણ વધી રહ્યું છે.

રાધારમણ આ બધું જોઈ રહ્યો છે. સરલા સ્વતંત્ર જીવનનું મહત્ત્વ સમજે એમાં એ ખુશી છે, પરંતુ સ્વતંત્રતાના રૂપમાં સ્વચ્છંદતા તરફ એની આંધળી દોટ રાધારમણને જરા પણ પસંદ નથી. એ વિચારી રહ્યો છે કે "ક્યાં પ્રથમની ધર્મનિષ્ઠ, લજ્જાશિલ અને પતિપરાયણ સરલા અને કયાં આજની ફેશન પરસ્ત સ્નેહ રહિત અને સ્વાર્થમાં અંધ બની ચુકેલી મારી આ અર્ધાંગના ?

પરંતુ એમાં રાધારમણ પોતાનો જ દોષ માને છે, સરલાના પવિત્ર જીવનમાં આ વાતાવરણનું બીજરોપણ કરનારતો એ પોતે જ છે ને ? એમાં સરલાનો શું દોષ ?

આવક કરતાં વધારે ખર્ચ, સરલાની પતિ પ્રત્યેની વિરકિત, અને પુરૂષ મિત્રો પ્રત્યેનું આકર્ષણ વિગેરે સરલાના દુષણો રાધારમણને શુલની માફક ખટકી રહ્યો છે. પરંતુ એ લાચાર છે. પોતે એમાં કાંઈ સુધારો કરી શકે એવું લાગતું નથી. પણચમાંથી છુટેલું તીર પાછું કેમ વાળી શકે ! ખુબ હતાશ બની ગયો છે રાધારમણ વતનમાંથી સાથે પધરાવી લાવેલા. શ્રી ઠાકુરજીના ચિત્રની અને માતા–પિતાના ફોટાને પ્રણામ કરી એ પશ્ચાત્તાપથી રડી પડે છે.

ચિંતા જેવો કોઈ ભયંકર રોગ નથી. દવા ધનવંતરી વૈદરાજ પાસે પણ નથી. છેવટ એની અસર શારિરીક સ્વાસ્થ્ય પર થાય છે. અને રાધારમણ પથારીવશ બને છે. નર્સ–ડોકટરો આવે છે. દવા ઈંજેકશન વિગેરે ચાલુ છે. પરંતુ કોઇ લાભ જણાતો નથી. સરલા નર્સ

અને ડોકટરોને ભલામણ કરે છે અને પોતે સમય થતાં મિત્ર મંડલી સાથે ફરવા ચાલી જાય છે.

એક સમય એવો હતો કે, રાધારમણનું સહેજ માથું દુઃખતું હોય તો પણ સરલાની ઉંઘ હરામ થઈ જતી, અને પ્રભુને પ્રાર્થના કરતી કે, હે નાથ ! મારા પતિનું દુઃખ મને આપો. હું એ સહન કરી લઈશ પરંતુ એને હું દુઃખી જોઈ શકતી નથી. ત્યારે અત્યારની સરલા થોડીવાર રાધારમણ પાસે બેસે છે, ઔપચારિક પુછપરછ કરે છે, અને મિત્ર મંડલી સાથે ફરવા ચાલી જાય છે. એટલાથી જ એ સંતોષ માને છે, કે પતિની સેવા માટે નર્સ ડોકટર વિગેરે તો છે જ પછી મારી શું આ આવશ્યકતા છે ? અને મારી હાજરીથી પણ શું ફરક પડવાનો છે ? કેવી ઘોર આત્મ વંચના !

અત્યારના કહેવાતા સુધરેલા સમાજમાં લગભગ આવું જ જોવામાં આવે છે ? ત્યાં ભલે પૈસાની વિપુલતા હશે, પરંતુ હૃદયના સાચા સ્નેહનો તો સરિયામ દુષ્કાળ હશે.

રાધારમણના હૃદય ચક્ષુ હવે ખુલ્લી ગયા છે, આધુનિક કૃતિમતાની મોહજાળના પડલ ખસી ગયા છે, હવે યાદ આવે છે એને નિર્મળ સ્નેહ રસથી છલકાતું માતા–પિતાનું સાનિધ્ય યાદ આવે છે શ્રીઠાકુરજીની સેવા–સ્મરણ, દર્શન અને ભગવદીઓના સત્સંગ અને ધોળ કિર્તનની રસમસ્તી....હૃદય તડપી રહ્યું છે જન્મ ભૂમિના સ્નેહ સરોવરમાં માછલું બની પરમ શાંતિ પ્રાપ્ત કરવા માટે અહીંની એકક્ષણ પણ યુગ સમાન લાગે છે.

આજે પણ સરલા બની ઠનીને ફરવા જવા માટે તૈયાર થઈ ગઇ છે. એટલામાં રાધારમણ એને બોલાવી. સરલા પતિ પાસે આવી. રાધારમણે કરૂણાર્દ્ર દૃષ્ટિથી એની સામે જોયું અને એના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા.

સરલાને પતિ પ્રત્યે અનુકંપા પ્રકટ થઈ આશ્વાસન આપતાં એમણે પુછયું ‘‘કહો તો કોઇ બીજા ડોકટરની વ્યવસ્થા કરૂ ?

રાધારમણે ગદ–ગદ વાણીથી કહ્યુ :– હું અહીં સારો થઇ શકું એવું મને લાગતું નથી મારે મારી જન્મ ભૂમિમાં જવું છે. મારા માતા–પિતા અને આપણા શ્રીઠાકુરજીની ચરણ રજમાં લોટવું છે. મારા દર્દની માત્ર એજ દવા છે.

સરલાએ ખિન્નતાથી પુછયું ત્યાં જવાથી સારૂં થઈ જશે એવી આપને ખાત્રી છે ?

રાધારમણે શાંતિથી કહ્યું :– મારો અંતરાત્મા કહે છે કે, ત્યાં જવાની મારી સમસ્ત ચિંતાઓ દુર થઇ જશે. ગઇ રાત્રિએ સ્વપ્નામાં મને આપણા શ્રીઠાકુરજીના દર્શન થયા છે. શ્રીઠાકુરજી જાણે મારી સામે જોઇને હસી રહ્યા છે. આપણે ભલે શ્રી ઠાકુરજીને ભૂલી ગયા, પણ શ્રી ઠાકુરજી આપણને ભુલ્યા નથી. મારૂ હૃદય ત્યાં જવા માટે તડપી રહ્યું છે.

સરલાએ સહેજ અણગમાથી કહ્યું :– આપને વિચાર વાયુ થયું હોય એવું લાગે છે આવી કલ્પનાથી આપના સ્વાસ્થ્ય પર અવળી અસર થશે. આવી કલ્પનાઓ બંધ કરોતો સારૂ....

રાધારમણે કહ્યું :– ‘‘આ તારી માન્યતા છે સરલા, ખરી રીતે તો આપણે જેવા પ્રકારનું

જીવન જીવી રહ્યા છીએ એજ મારી બિમારીનું મુખ્ય કારણ છે. કોઇ ડોકટર પાસે એનો ઇલાજ નથી.

સરલાએ આશ્ચર્યથી રાધારમણ સામે જોયું

રાધારમણે કહેવાનું ચાલુ રાખ્યું :-- ખરે ખર આવી જીંદગીથી હું કંટાળી ગયો છું. જેને હું નિર્મળ અને મધુર જળરાશિ સમજતો હતો એ માત્ર સળગતી મરૂ ભૂમિ સમાન છે. એવી મને ખાત્રી થઇ ચુકી છે, મારી ભૂલ હવે મને સમજાય છે, છેલ્લા બે વર્ષમાં મને અનુભવ થયો છેકે, જેને હું પુષ્પ વાટિકા સમજતો હતો, તે ખરેખર અર્થમાં કંટકપુર્ણ ભયંકર જંગલ છે, જ્યાં નથી હૃદયની શાંતિકે નથી આત્મિક આનંદ. અહી તો છે માત્ર અશાંતિથી બળબળતી વાસનાની જવાળા વિલાસ યુકત સ્વાર્થિ જીવન. જ્યાં ન્યાય નિતિ ધર્મ કે સરળતાનું નામો નિશાન નથી. આ અગ્નિ જંવાળામાંથી મુકત થવા હું તડપી રહ્યો છું. તું સાંભળે છે ને સરલા ! મને સારૂં થશે તો મારા માતા-પિતાની કૃપા-દૃષ્ટિ અને આપણા શ્રીઠાકુરજીના દર્શનથીજ થશે. અને કદાચ એના ચર્ણોમાં મારૂ મૃત્યુ થશે તો પણ મારા આત્માને પરમ શાંતિ મળશે.

રાધારમણના શબ્દોની સરલાના હૃદયમાં કોઇ અસર થઈ નહીં એણે તો માની લીધું કે તાવની અધિકતાને લઇને મગજ પર આવી અસર થઈ લાગે છે એટલે આવો પ્રલાપ કરે છે, એટલે નર્સને કહ્યું :- જરા થર્મામિટરથી તપાસોતો ખરા કે કેટલો તાવ છે?

નર્સ થર્મોમિટર લઇ રાધારમણ પાસે ગઇ એટલે રાધારમણે નર્સના હાથમાંથી થર્મામિટર ઝટવી લઇ ફેંકી દેતાં સરલાને કહ્યું :- 'સાફ સાફ કેમ કહેતી નથી કે તારે કલબમાં જવાનું મોડું થાય છે? તારી તૈયારી ઉપરથી હું સમજી ચુકયો છું તો ખુશીથી જા, પણ તને હું પ્રથમથીજ કહી ચુકયો છું કે, મારી દવા કોઈ ડોકટર પાસે નથી. હવે મને શાંતિથી મરવાદે !

આ સાંભળી સરલા એકદમ ચોંકી ગઇ ભય ભીત બની ગઇ. દરદીની વિકટ પરિસ્થિતીનો એને ખ્યાલ આવી ગયો.

રાધારમણ આવેશ પુર્વક કહેવા લાગ્યો 'હુ તને ઘણા દિવસથી કહેવા ઇચ્છતો હતો તે આજે કહી દઉં છું. 'આપણે બન્ને આપણા વતનમાં જઇએ એવી મારી પ્રબલ ઇચ્છા છે. ત્યાં આપણે પ્રથમની માફક સાત્વિક ધર્મ યુકત જીવન જીવી શકશું. ત્યાર પછીજ મારી બિમારી દુર થશે. મને શારિરિક નહીં પણ માનસિક બિમારી છે. મારી ખુબ ઇચ્છા છે કે, તું પ્રથમ હતી તેવીજ સેવા પરાયણ અને ધર્મનિષ્ટ સન્નારી બની રહે. એને પ્રથમની માફકજ તારા મુખથી અષ્ટાક્ષર મંત્રનો ગુંજારવ ધોળ કિર્તન અને સર્વોત્તમજી, શ્રીયમુનાષ્ટક વિગેરે હું શ્રવણ કરતો રહુ. એવી મારી વિવ્ર અભિલાષા છે, તું પ્રથમ જેવી હતી તેવી લજ્જા યુકત કુલવધુ પતિપરાયણ અને કુશળ ગૃહીણીબની રહે એ જોવાની મારી ખુબ અભિલાષા છે. અને મને વિશ્વાસ છે કે, તું મને નિરાશ નહીંજ કરે. બોલ સરલા બોલ! મને જવાબ આપ, તારા જવાબ ઉપરજ મારી જીંદગી આશારૂપી કાચા સુતરના તાર ઉપર ટકી રહી છે. તું મને નિરાશ કરશે તો પરિણામ કેવું ભયંકર આવશે તેની કલ્પના કરી લેજે.

સરલાએ ડરતાં પુછયું :– 'આપણે અહીં કેવું સુખી જીવન જીવી રહ્યા છીએ એ છોડીને આપ પાછું ગુલામી જીવન જીવવાનું પસંદ કરો છો ?

મને કાંઈ સમજ પડતી નથી. આપ મને જેવી બનાવવા ઇચ્છો છો એવી તો હું પ્રથમથી હતી જ પરંતુ આપની ઇચ્છાથીજ મેં આવું નુતન જીવન અપનાવ્યું છે. મને એમાં આનંદ પણ છે હવે આપને એમાં શું ખામી જણાય છે ?

રાધારમણે ક્રોધથી કહ્યું: હું ભાન ભુલ્યો હતો. મારી ભુલ હું કબુલ કરૂં છું. પરંતુ તું તારા અંતરમાં સહેજ ઉંડે ઉતરીને તપાસી જો કે, તું પ્રથમ જે હતી તે અત્યારે છો ખરી ? મારા પ્રત્યે તારા હૃદયમાં પ્રથમ જે શ્રદ્ધા–ભક્તિ હતા તે અત્યારે છે ? તને ભલે એ નહી સમજાતુ હોય કારણ કે, તું અત્યારે કૃતિમ માયા જાળમાં ફસાઈ ચુકી છો, પરંતુ હું પ્રતક્ષ જોઇ રહ્યો છું કે, મારા કરતાં પણ તારા જીવનમાં અત્યારે–કૃતિમ વિષલા જીવનનો પ્રભાવ વધારે પડયો છે. જેથી તું ભાન ભૂલી છો અને એનુંજ આ પ્રત્યક્ષ પ્રમાણ છે કે, મારી આવી કટોકટીભરી હાલતમાં પણ તું મને નર્સને ભરોંસે છોડી બનીઠનીને કલબમાં જવા તૈયાર થઈ શકી છો. ખરેખર મને આવા કૃતિમ જીવનથી ખુબ કંટાળો આવે છે આર્યસંસ્કૃતિના વિજયધ્વજ સમાન વૈષ્ણવતાના શુભ સંસ્કારો છોડીને આપણે કેવા અધકિચડમાં ફસાઇ ગયા છીએ તેનો ખ્યાલ તને નથી આવતો સરલા ? ! મારા હૃદયની વ્યથા તને સમજાય છે ?

સરલા પણ છેવટ તો વૈષ્ણવની પુત્રી હતી. વિદુષી ગૃહણી હતી. થોડા સમય માટે ભલે એ માયાની મોહજાળમાં ફસાઇ હતી પરંતુ અત્યારે પતિના હૃદયના પશ્ચાતાપપુર્ણ કરૂણ ઉદગારો સાંભળીને એ જાગ્રત બની ગઇ. રાધારમણના એક–એક 'શબ્દોએ એના સુપ્ત આત્માને જાગ્રત કર્યો અને પોતાના અત્યારના જીવન પ્રત્યે એને સખ્ત ઘૃણા ઉત્પન થઈ. પતિની હૃદય વ્યથાથી એનું હૃદય પીગળી ગયું અને ભૂલના પાયશ્ચિત સ્વરૂપે એના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા. રાધારમણના ચર્ણોમાં મસ્તક નમાવીને ગદગદ કંઠથી બોલી: "આપની ઇચ્છા અને આજ્ઞા મારા માટે ભગવદ આજ્ઞાતુલ્ય છે, ખરેખર આપના માતા–પિતા અને આપણા શ્રી બાલકૃષ્ણજીના ચરણાશ્રય સિવાય આપણો ઉદ્ધાર નથી. અત્યારથીજ આપણા નવજીવનની શરૂઆત થાય છે. આવતી કાલેજ આપણે અહીંથી રવાના થશું પ્રયાણની તૈયારીમાં હું લાગી જાઉ છું.

રાધારમણે પ્રસન્નતાપુર્વક કહ્યું:–" મને તારા તરફથી આવાજ પ્રત્યુત્તરની આશા હતી. અને આજે કેટલા દિવસો પછી રાધારમણ શાંતિથી ઉંઘી શકયો.

પોરબંદર આવી રાધારમણ તથા સરલાએ માતા–પિતાના ચર્ણોમાં પ્રણામ કર્યા બન્નેના નેત્રોમાંથી પશ્ચાતાપના અશ્રુઓ વહેવા લાગ્યા.

માતા–પિતાના હૃદયમાં તો સંતાનો પ્રત્યે હંમેશા કરૂણાજ હોય છે. સંતાન ભાન ભૂલશે પણ માતા–પિતાના હદયમાંથી સ્નેહની સરવાણી કયારેય ખૂટશે નહીં. છતાં નિરૂપાયે કદાચ માતા–પિતાનું હૃદય કકળી ઉઠે છે ત્યારે સંતાન માટે શ્રેયની કોઇ આશા નથી. વિધાતાયે આપેલુ સ્વર્ગ સુખ પણ શુળીમાં પલટાઇ જાય છે.

માતા-પિતા બન્નેએ ખુબ આશ્વાસન આપ્યું ત્યારપછી શ્રી ઠાકુરજીની સેવામાં પહોંચ્યા. રાધારમણ તથા સરલાયે ખુબ સ્નેહ પુર્વક શ્રી ઠાકુરજીના દર્શન કર્યા. સસલાના મુખથી ગદગદ કંઠે નિચેની પંકિત સરી પડી.

"વ્રજના જીવન કરૂં વિનતી અંતરગત જાણે ચરણ શરણ રાખો સદા જીવ જગત લોભાણો....

આ સાંભળીને નટવરલાલ શેઠ તથા લલિતા બહેનના હૃદય આનંદસાગરમાં ઉછળી રહ્યા.

ઉત્થાપન પછી બધા શ્રી ગુરૂદેવના દર્શન કરવા મંદિરમાં ગયા દર્શન-ચર્ણસ્પર્શ કર્યા પછી નટવરલાલ શેઠે કહ્યું:- "કૃપાનાથ! આપના આશિર્વાદ સફળ થયા. આજે અમે ધન્ય બની ગયા'

શ્રી ગુરૂદેવે સ્હેજ હસીને આજ્ઞા કરી:- "શ્રીનાથજીએ જેનો હાથ પકડયો છે એને કદી છોડતા નથી."

બીજે દિવસે રાધારમણે સમસ્ત ઇંગ્લીશ નોવેલો હતા તેનો ઢગલો કરી સળગાવી મુકયા. હવે માત્ર અષ્ટાક્ષર મહામંત્ર, સાંપ્રદાયિક ગ્રંથો અને ભગવદ સેવા-સત્સંગતેના જીવનમંત્ર બની ગયા.

પ્રભુના પંખીડા પ્રભુની કૃલ્પવૃક્ષની શિતળ છાંયામાં ટહુકા કરવા લાગ્યા.

"સૂર કિશોર કૃપાતે સબ બલ;
હરિ કો હરિનામ"

રાજકોટમાં નીચેના સ્થળોએ "શ્રી વલ્લભ સુધા"નું લવાજમ લેવાય છે.

૧. શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી, બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ.

૨. શ્રી મનસુખભાઈ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી.

૩. શ્રી વેણીભાઈ
શ્રી ત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,

૪. શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ
રજની બિલ્ડીંગવાળી શેરી, ભૂપેન્દ્ર રોડ,

૫. શ્રી વસંતભાઈ એન. વોરા
C/o. વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઈ રોડ.

૬ શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્વરા
'લલિત કુંજ' ૪. કૈલાસવાડી, જંકશન પ્લોટ,

૭. શ્રી હેમતભાઈ બી. પટેલ
C/o. શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪. વૈશાલીનગર આમ્રપાલી સિનેમા સામે,

૮. શ્રી જયસુખલાલ એન. વોરા
"કૃષ્ણાશ્રય"
અંબિકા એપાર્ટમેન્ટ, કરણસિંહજી રોડ,

૯. શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ પ્લોટ નં. ૨
ગણેશવાડી સામે, યુનિવર્સિટી રોડ.

શ્રીવલ્લભ સુધાનું લવાજમ: વાર્ષિક રૂા. ૧૫, આજીવન રૂા. ૨૦૧

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઈ)

(અધ્યાય ૧૬ મો)

શ્રી ભગવાન બોલ્યા–

અભયં સત્ત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગ વ્યવસ્થિતિ ।
દાનં દમ શ્ચયજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ।।૧।।

શ્લોકાર્થ–અભય, ચિત્તશુદ્ધિ, (ભગવાનના) જ્ઞાન મેળવવાના ઉપાયમાં એકાગ્રતા–જ્ઞાન યોગ વ્યવસ્થિતિ, દાન, દમ (ઇન્દ્રિય નિગ્રહ) યજ્ઞ, સ્વાધ્યાય, તપ, આર્જવ (કુટિલતાનો અભાવ) એટલે સરળતા. ૧.

કારીકા–

વિમુક્તિ બન્ધ જ્ઞાનાર્થં દૈવી સમાત્તયાऽऽસુરી ।
સલક્ષણા સકાર્યા ચ ષોડશે વિનિરુપ્યતે ।।૧।।

અર્થ–વિમુક્તિ તથા બન્ધના જ્ઞાન માટે દૈવી તથા આસુરી સંપત્તિનું તેના લક્ષણ તથા કાર્ય સહિત, વિગતપૂર્વક નિરૂપણ કરવામાં આવે છે. ૧

આ અધ્યાયની પહેલાંના (એટલે ૧૫માં) અધ્યાયના છેવટના ભાગમાં એમ કહેવામાં આવ્યું છે કે "આ જાણ્યા પછી માણસ બુદ્ધિમાન બને છે તથા કૃતકૃત્ય બને છે." ત્યાં સૃષ્ટિમાં ઘણા બુદ્ધિમાન માણસો દેખાય છે. તેઓ કેમ આ જ્ઞાન માટે પ્રયત્ન કરતા નથી અને પ્રયત્ન કરનારાઓમાંથી પણ બધા જ જ્ઞાન મેળવીને ભજનથી કૃતકૃત્ય (કરવા યોગ્ય કાર્ય કર્યું છે જેમણે એવા) કેમ બનતા નથી. એમ શંકા કરીને અહીં તેનું સમાધાન કરતાં કહે છે કે દૈવી જીવો દૈવી સંપત્તિ સહિત જ (અવતર્યા) જન્મ્યા હોય છે અને પ્રયત્નો કરીને કૃતકૃત્ય (સફળ) થાય છે, એમ જણાવવા માટે દૈવી સંપત્તિનું સ્વરૂપનું વર્ણન કરે છે. "અભય" વગેરેથી શરૂ કરીને. આમ ત્રણ શ્લોકોમાં તેનું વર્ણન કરે છે.

અભય એટલે ભય (ડર)નો અભાવ, કાળ વગેરે સર્વના નિયામકપણાને લીધે ઈશ્વર સંબંધી જ્ઞાનને લીધે, સત્ત્વની એટલે ચિત્તની સારી રીતની શુદ્ધિ. ગુરૂ પાસે રહેવા વગેરેથી પ્રાપ્ત કરેલ ભગવાનનાં નામના રટણ દ્વારા પ્રાપ્ત કરેલ ભગવાન તરફ વળેલી વૃત્તિ, જ્ઞાન યોગ વ્યવસ્થિતિ એટલે ભગવાન સંબંધી જ્ઞાન મેળવવા માટેના પ્રયત્નો તથા તેમાં એકાગ્રતા દાન (એટલે શકિત પ્રમાણે તથા કોઈ પણ જાતની ઈચ્છા રાખ્યા વગર કરેલું દાન) પોતાના અધિકાર પ્રમાણે અગ્નિહોત્ર વગેરે કરવા તે 'ચકાર' એટલે 'ચ' શબ્દ વાપરીને બતાવ્યું છે કે ભગવાનની વિભૂતિના જ્ઞાનપૂર્વક અને કે બીજી કોઈ રીતે.

સ્વાધ્યાય એટલે બાહ્ય યજ્ઞો વગેરે, તપ (એટલે ભગવત્ પ્રાપ્તિ માટે દેહને કષ્ટ આપવું તે) આર્જવ એટલે ઋજુતા (કોમળતા, સરળતા) ૧.

કારિકાર્થ–મુકિત તથા બંધના જ્ઞાનાર્થે

લક્ષણ સહિત કાર્ય સહિત, દૈવી સંપત્ તથા આસુરી સંપત્નું વિવેચન ૧૬ માં અધ્યાયમાં કરવામાં આવે છે.

આ પહેલાંના અધ્યાયમાં કહ્યું હતું કે આને જાણીને બુદ્ધિમાન મનુષ્ય- કૃતકૃત્ય બની જાય છે. [૧૫/૨૦] આ જગતમાં ઘણા બુદ્ધિમાન લોકો દેખાય છે. તેઓ આ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન શા માટે નથી કરતા ? જેઓ યત્ન કરે છે તેમાંના બધા જ્ઞાન મેળવ્યા પછી ભજન કરવાથી કૃતકૃત્ય શા માટે બનતા નથી ? એવી આ શંકાથી અહીં સમજાવતાં દૈવી સંપત્નું સ્વરૂપ કહે છે. એ સ્વરૂપનું વર્ણન ત્રણ શ્લોકમાં છે.

કાળ વગેરે સર્વને નિયમમાં રાખનાર (એવા) ભગવાનના જ્ઞાનને કારણે ભય કદી થતો નથી. ચિત્તની સમ્યક્ (સારી રીતની) શુદ્ધિ સદ્ગુરુની સન્નિધિ (સમીપતા) થી ભગવાનનું નામ વારંવાર લેવાથી ભગવત્પરાયણતા થાય છે. ભગવાન સંબંધી જ્ઞાન મેળવવાના પ્રયત્નોમાં એકાગ્રતા પ્રાપ્ત થાય છે. બદલામાં કોઈ વસ્તુની અપેક્ષા રાખ્યા વગર ફક્ત ભગવત્ પ્રીત્યર્થે અન્નાદિની વહેંચણીરૂપ દાન, પોતાના અધિકાર (ધર્મશાસ્ત્ર દ્વારા અપાયેલી છુટ) મુજબ અગ્નિહોત્ર વગેરે યજ્ઞ, આ બધું ભગવાનની વિભૂતિઓના જ્ઞાનથી સંભવિત છે. બ્રાહ્મ યજ્ઞ વગેરે રૂપ સ્વાધ્યાય, ભગવત્ પ્રાપ્તિને માટે દેહાદિને કષ્ટ આપવા રૂપ તપસ્યા કુટિલતાનો ત્યાગ (એટલે રુજુતા–કોમળતા–સરળતા આર્જવ) આ બધી દૈવી સંપત્ છે અને ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. ૧.

અહીંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિર પૈશુનમ ।
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીર ચાપલમ્ ॥૨॥

શ્લોકાર્થ–અહીંસા એટલે બીજાને પીડા (દુઃખ) પહોંચાડવાથી દુર રહેવું તે, પોતાના સ્વાર્થ અથવા પરાર્થે લોભાદિથી મુક્ત થઇને (રહીને) યથાર્થ (જેવું હોય તેવું જ) સત્ય બોલવું તે, કારણ વગર માર પડે વગેરેથી પણ ક્ષોભ (ખળભળાટ–દુઃખ) થવાનો અભાવ, ત્યાગ (એટલે અનાસક્તિ કોઇ પણ વસ્તુ માટેના મોહનો અભાવ) શાંતિ (ચિત્તની સ્થિરતા એટલે ડામાડોળ ન થવું તે (જેને અંગ્રેજીમાં બેલેન્સ ઓફ માઇન્ડ કહે છે તે) અપૈશુન એટલે સર્વત્ર ભગવાન છે એવી આત્મબુદ્ધિ ધારણ કરીને બીજાને નિંદા વગેરે દ્વારા દુઃખ ન પહોંચાડવાથી. ભૂતેષુ દયા (એટલે પ્રાણી માત્ર ઉપર દયા રાખવી તે), ભગવાનથી વિયુક્ત (સંબંધ તુટી ગયો છે જેમનો એવા) જીવો ઉપર દયા લાવીને ભગવાનના સ્મરણનો ઉપદેશ આપવો વગેરે રૂપ દયા, અલોલુપપણું એટલે કોઇ વસ્તુના ઉપભોગની ઇચ્છાથી મન દોડયા ન કરે તેવી સ્થિતિ, માર્દવ એટલે મૃદુતા એટલે પરદુઃખના જ્ઞાનથી પોતાને દુઃખ થાય એવી ‘કોમળતા, ‘હ્રી’ એટલે લજ્જા પ્રભુના વિયોગમાં જીવન વીતાવતાં લૌકિક પ્રવૃત્તિઓમાં ડુબેલા રહીને સેવા વગેરે ન કરવાથી ઉપજતી લજ્જા (શરમની ભાવના). અચાપલ એટલે લૌકિક ક્રિયાઓમાં આસક્તિને કારણે ભગવત્ ક્રિયા વગેરે કરવામાં શીઘ્રતાનો અભાવ એટલે ઢીલ ન થવા દેવી તે ૨

ટીકા – પરપીડાના ત્યાગરૂપ અહિંસા, સ્વાર્થ–પરાર્થના લોભ રહિત, યથાર્થ ભાષણ રૂપ સત્ય, વિના કારણ તાડન (માર મારવો વગેરે) કરવામાં આવે તો પણ ક્ષોભ (અસ્વ-

✓

સ્થતા) ન થવા રૂપ અક્રોધ, આસકિતનો અભાવ, શાન્તિ એટલે ચિત્તની સ્થિરતા, અપૈશુન એટલે બધે ભગવાન રહેલો છે એવી ભાવનાથી બીજાને દુઃખ આપવાનો અભાવ, ભૂતો પ્રત્યે દયા એટલે બધા જીવોમાં ભગવાન રહેલો છે એવી ભાવનાને લીધે દયા, અર્થાત્ તેમને ભગવાનનું સ્મરણ કરવાનો ઉંપદેશ આપવો તે, ભોગની ઇચ્છામાં મનને ચંચળ ન થવા દેવા રૂપ અલોલુપતા, પરદુઃખને જાણવાથી થતું માર્દવ, પ્રભુના વિયોગમાં જીવન વીતાવતા હોવા છતાં પણ પ્રભુની સેવા વગેરે ન કરતાં લૌકિક કાર્યોમાં પ્રવૃત્ત રહેવા રૂપ લજ્જા, લૌકિક ક્રિયાઓમાં લાગ્યા રહેવાથી સંબંધિત ક્રિયાઓમાં શીઘ્રતાનો અભાવરૂપ અચાપલ (આ બધા ગુણો ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય છે. ૨

તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચ મદ્રોહો નાતિમાનિતા ।
ભવન્તિ સંપદં દૈવીમભિજાતસ્ય ભારત ॥૩॥

શ્લોકાર્થ – તેજ એટલે ભગવાનની કૃપાના મહાનપણાથી કોઇનાથી પણ સામનો અથવા તિરસ્કાર ન થઇ શકે તેવી પ્રભા, ક્ષમા એટલે સામર્થ્ય (સામા ઉપર જીત મેળવવાની શકિત) હોવા છતાં તેને માફ કરવું તે, ધૃતિ એટલે લોકિક યા તો અલૌકિક દુઃખો વગેરે આવી પડતાં ચિત્તની સ્થિરતા જાળવવી તે, શૌચ એટલે સ્નાન વગેરે દ્વારા શરીરની બાહ્ય શુદ્ધિ તથા ભગવત્ સ્મરણ વગેરે દ્વારા આન્તશુંદ્ધિ (મનની શુદ્ધિ) જાળવવી તે, અદ્રોહ એટલે બીજાના અનિષ્ટ (બુરૂં-ખરાબના ચિન્તન (વિચાર)નો અભાવ, અતિમાનિતા એટલે પોતામાં બીજા બધાથી વધુ જ્ઞાન અથવા શકિત છે એવી માન્યતા અથવા અભિમાનનો અભાવ, આ બધી ભગવાનની ક્રીડામાં ઉપયોગી બને તેવી દૈવી અને સાત્વિકી સંપદ, ઊંચા કુળમાં જન્મેલા (અભિજાત)ને ભગવાન તરફ તેનું વલણ હોવાથી (અભિમુખ્યેણ) ભગવાનની કૃપાથી તેને (દૈવી સંપદ્) પ્રાપ્ત થાય છે. આ પ્રકારના ધર્મો (લક્ષણો) ધારણ કરવામાં આવ્યા હોય (એટલે મનુષ્ય ધરાવતો હોય) તો ભગવાન તરફ તેની મનોવૃત્તિ (વળેલી) છે એમ જાણવું, એમ તાત્પર્ય છે. 'ભારત' એવું જે સંબોધન કરેલું છે તે વિશ્વાસ દર્શાવવા માટે છે. ૩

ટીકા–ભગવાનની કૃપાના મહત્ત્વને લીધે કોઇથી તિરસ્કાર ન થઇ શકે તેવું તેજ, સામર્થ્ય હોવા છતાં પણ ક્રોધ ઉત્પન્ન ન થાય એવી ક્ષમા, લૌકિક તથા અલૌકિક દુઃખાપત્તિઓમાં ચિત્તની સ્થિરતા જાળવવારૂપી ધીરજ (ધૃતિ), કોઇનું અશુભ થાય એવો વિચાર ન કરવો તે અદ્રોહ, હું બધા કરતાં વધુ જ્ઞાન કે શકિત ધરાવું છું એવા અભિમાનનો અભાવ, આ બધી ભગવત્ ક્રીડામાં ઉપયોગી બને તેવી દૈવી સંપદ ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

આ ધર્મો–લક્ષણો–ગુણો ધરાવનાર ભગવાન તરફ વળેલો છે એમ જાણવું. 'ભારત એવું સંબોધન વિશ્વાસને માટે છે. ૩

–ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

(શ્રી રઘુનાથ ચરણે પ્રગટ કરેલી દિપિકા)

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

પરિશિષ્ટ : ત્રિદુઃખ સહન ધૈર્ય

(૧) આધિભૌતિક દુઃખ–દેહના તથા બધી લૌકિક વસ્તુઓના અભિમાનનો ત્યાગ કરવો. જેમ માખણ કાઢી લીધા પછીની છાશ સત્ત્વ વિનાની હોય છે, તેમ માખણની માફક સારવાળા ભગવાનમાં મન પરોવવું અને સત્ત્વ વિનાની છાશના જેવા અભિમાનનો ત્યાગ કરવો આથી આધિભૌતિક દુઃખ સહન કરવાની શકિત આવે છે. જેમ માખણ વલોવતી વખતે છાશ, વલોણાના અનેક પ્રહારો તથા રવૈયાની અવળીસવળી ગતિના ફેરફાર સહન કરે છે. તેમ જો જીવ દેહ સંબંધી દુઃખો સહન કરે તો તેને માખણરૂપી ભગવદ્ પ્રાપ્તિ થાય છે.

છાશની બાબતમાં શ્રી વ્રજોત્સવજી મહારાજ નીચેનો પ્રસંગ નોંધે છે :–

એક બ્રાહ્મણ હતો. તેની સ્ત્રી બહુ જ સુંદર હતી. તેને પ્રથમ ગર્ભ રહયો. તેથી તે પ્રથમની સુવાવડ કરવા પીયરમાં ગઈ. ત્યાં તેને દીકરો જન્મ્યો. પછી તે બ્રાહ્મણ તેની સ્ત્રીને પીયરમાંથી લઇને આવતો હતો. રસ્તામાં ગામ આવે ત્યાં સ્ત્રીને ગામમાં ન લઇ જાય. તે સ્ત્રીને ગામ બહાર વૃક્ષની નીચે બેસાડીને પોતે ભિક્ષા માગીને લઇ આવે અને રસોઈ કરી જમીને ગામમાં જઇ સૂઈ રહે. પાછો સવારે આગળ ચાલે. આ સ્ત્રી બહુ જ રૂપાળી હતી તેથી કયાંય ગામમાં ન લઇ જાય. આ પ્રમાણે હંમેશાં કરે.

હવે એક દિવસ આ બ્રાહ્મણ પોતાની સ્ત્રીને ગામ બહાર બેસાડીને ગામમાં ભિક્ષાવૃત્તિ માટે ગયો. વનમાં રસ્તા ઉપર સ્ત્રીને બેસાડીને ગયો. ત્યાં એક રાજા શિકાર ખેલતો જ્યાં આ સ્ત્રી બેઠી હતી ત્યાં આવી ચડયો. ત્યારે રાજાએ આ સ્ત્રીને પૂછયું કે તું કોણ છો ?

ત્યારે સ્ત્રીએ કહ્યું હું બ્રાહ્મણી છું અને મારો ધણી ગામમાં ભીક્ષા લેવા ગયા છે. તે આવશે ત્યારે રસોઇ કરી જમીને આગળ ચાલશું

ત્યારે રાજાએ કહ્યું કે તું અમારી સાથે ચાલ હું તુંને રાણી કરી રાખીશ. તું આવા ભીખારીની સાથે શા માટે દુઃખ ભોગવે છે.

ત્યારે આ સ્ત્રીએ કહ્યું કે આપતો રાજા છો, અમારા માબાપ છો તેથી આપને આવું બોલવું યોગ્ય નથી.

ત્યારે રાજાએ સામ, દામ, દંડ, ભેદથી સ્ત્રીને સમજાવી. પરંતુ સ્ત્રી માની નહિ. એટલે રાજાએ બળજબરીથી તેનો હાથ પકડીને પોતના ઘોડા ઉપર બેસાડી દીધી. ત્યારે સ્ત્રીએ કહ્યું કે મારા બાળક નેતો મને લેવા દો. પરંતુ રાજાએ સાંભળ્યું અણુ સાંભળ્યું કરી ઘોડાને દોડાવી મૂકયો. પોતાના શહેરમાં લઈ આવ્યો અને તે સ્ત્રીને પોતાના મહેલમાં બેસાડી પરંતુ આ સ્ત્રી પતિ વ્રતા હોવાથી રાજાને કહ્યું કે મારે છ માસ સુધી એક પ્રકારનું વ્રત છે. તેથી તમારી ઇચ્છા પ્રમાણે ‘હાલમાં તમારી સાથે વર્તીંશ નહિ, અને મારા નામનું સદાવ્રત ચલાવો અને હું જુદા મહેલમાં રહીશ. અને છ મહીના પછી તમારી સાથે વિવાહ કરીશ. ત્યારે રાજાએ ઠીક છે એમ કહી કામદારને હુકમ કરી દીધો, તેથી આ બ્રાહ્મણી નિત્ય સદાવ્રત દેવા લાગી તે વાત તો અહીં રહી.

હવે તેજ રસ્તે એક વણજારાની પોઠ નીકળી તેણે તે છોકરાને રોતો જોયો. પ્રથમ તો ડર્યા કે કયાંક ભુત પ્રેતાદિ તો નથી ને! પછી હિંમત કરીને બધા પાસે ગયાને તેમાંથી એક જણે તે બાળકને ઉઠાવી લીધો અને તેમનો જે નાયક હતો તેને આપ્યો ત્યારે નાયક બોલ્યો કે મને શ્રી ઠાકોરજીએ દીકરો દીધો. પછી નાયકની સ્ત્રીએ તે બાળકને દૂધ પીવરાવ્યું. અને તે વણજારાની પોઠ તો આગળ ચાલી.

ત્યાર પછી તે બ્રાહ્મણ ભિક્ષાવૃત્તિ કરીને આવ્યો અને જુએ છે તો સ્ત્રી કે પુત્ર કોઇ નથી. પછી તે બ્રાહ્મણે વિચાર કર્યો કે હવે હું ઘેર જઇને શું કરીશ ? પછી ધીરજ ધરીને વિચાર્યું કે છ મહીના સુધી હું તેને શોધીશ પછી મારૂં નશીબ.

આમ વિચારી શોધવા નિકળ્યો. શોધતા શોધતા ચાર મહિનામાં તે રાજાના નગરમાં આવ્યો. લોકોને પૂછયું કે અહીં કયાંય સદાવ્રત મળે છે. ત્યારે ગામના લોકોએ કહ્યું કે મહારાજાની નવી રાણી સદાવ્રત આપે છે તો ત્યાં જશો તો પેટ ભરીને અન્ન મળશે. એટલે તે રાણીની પાસે આવ્યો. રાણીએ બ્રાહ્મણને ઓળખ્યો. કે આ મારો પતિ છે. પોતાની પાસે બોલાવી પોતાને હાથે સીધો દીધો અને કહ્યું કે તમે કયાં ઉતારો કરશો ?

ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે હું તળાવ ઉપર જઇને તમારો જય જયકાર મનાવીશ. આજ તો હું થાકી ગયો છું તેથી હું તળાવ ઉપર સૂઇ રહીશ. આમ કહી તે બ્રાહ્મણ સીધો લઇને ગયો ને રસોઇ કરવા લાગ્યો. તેની વાત ત્યાં રહી.

હવે રાણીએ પોતાના કામદારને બોલાવ્યો ને તેને કહ્યું કે મારે કંઇક રાજાને વિનતિ કરવી છે ત્યારે કામદારે કાગળ કલમ દીધા. પછી આ નવી રાણીએ બે ચિઠ્ઠી લખી. તેમાં એક તો બ્રાહ્મણ ઉપર લખી કે હું તમારી બ્રાહ્મણી છું, માટે અહીંથી તમે જશો નહિ. હું તમારી પાસે આવીશ. પછી હું અને તમે આપણા વતનમાં જઇશું અને તમે ચાલવાની તૈયાર કરી રાખશો. આ પ્રમાણે બધા સમાચાર બ્રાહ્મણીએ તે બ્રાહ્મણને લખ્યા.

બીજી એક ચિઠ્ઠી રાજા ઉપર લખી. તેમાં લખ્યું રાજાજી ! હું છ મહિના પછી વિવાહ કરૂં તો પણ તમે જ પતિ થશો. તો આજે અર્ધિ રાતે મારા મહેલમાં આવો. પરંતુ લોકોને ખબર ન પડે. જો સાંભળશે તો કહેશે

કે છ મહિનાનો કરાર કરીને ચાર મહિનામાં કેમ ગયા ! તેથી કોઈ ન જાણે એ રીતે આજની રાતે પધારશો. અને મારી પાસે રહે છે તેમને કહેવરાવી દેશો કે આજની રાત મારી પાસે કોઇ રહે નહિ અને બે શીશા દારૂના અહીં મોકલાવી દેશો. અને આપ પધારશો તો આ પહેરાવાળા જાણશે તો તેમને પણ કહેવરાવી દેશો કે આજની રાત અહીં કોઇ ન રહે. આ પ્રમાણે કરવાનો વિચાર હોય તો પધારશો, નહિતર મારી ફજેતી ન કરશો. અને જો કોઇ આ વાત સાંભળશે તો હું તમારૂં મોઢું નહિ જોઉં. આ પ્રમાણેની ચિઠ્ઠી દઇને એક દાસીને રાજા પાસે મોકલી. અને બીજી ચિઠ્ઠી બરાબર બંધ કરીને બીજી દાસીને હાથ બ્રાહ્મણને દેવા મોકલી અને કહ્યું કે તલાવ ઉપર બે રૂપિયા અને આ ડાબલી દઇ આવ. એટલે તે દાસીએ તળાવ ઉપર જઇ બ્રાહ્મણને કહ્યું કે તમને આ દક્ષિણા મોકલી છે.

તે બ્રાહ્મણ બોલ્યો કે બરાબર સમય પર જ દક્ષિણા આવીને હું હમણાં જ જમી ચૂકયો છું. તો મારા આશીર્વાદ કહેજો, તમારા સકલ મનોરથ સિદ્ધ થશે. આ સાંભળીને તે દાસી તો ગઈ.

પછી આ બ્રાહ્મણે ડાબલી ખોલી તો તેમાંથી રૂપિયા બે અને એક ચિઠ્ઠી નિકળી તે વાંચીને બ્રાહ્મણ બહુ ખુશી થયો. તે આવશે પછી અમારાથી અહીં રહી શકાશે નહિ તેથી બધી ચીજ વસ્તુ બાંધીને સૂઇ રહું આમ વિચાર કરી સૂતો કે તુરત જ તેને સર્પ કરડયો ને તે બ્રાહ્મણ મરી ગયો.

પહેલી ચિઠ્ઠી રાજા પાસે આવી. વાંચીને રાજા બહુ જ પ્રસન્ન થયો. તેણે પ્રતિ ઉત્તર લખ્યો કે તમે લખ્યું છે તે પ્રમાણે જ આવીશ તમે બહુ જ કૃપા કરી.

પછી રાત પડી એટલે રાજાએ ચિઠ્ઠી પ્રમાણે બધો બંદોબસ્ત કર્યો. રાણી પાસે જે દાસીઓ હતી તેમણે રાણીને કહ્યું કે દરબારનો હુકમ થયો છે કે આજની રાત અહીં કોઈ રહે નહિ તો હુકમ હોય તો ઘેર જઇએ.

ત્યારે રાણીએ કહ્યું કે જેમ હુકમ હોય તેમ કરો. એટલે બધી દાસીઓ ચાલી ગઇ.

પછી એક પ્રહર રાત્રિ ગઇ એટલે રાજા વેશ બદલીને આવ્યો, ત્યારે રાણીએ આદર સન્માન કરી બેસાડયો. પછી તો દારૂની પ્યાલા બાજી થવા લાગી. પરંતુ તે બ્રાહ્મણીએ એક પણ પ્યાલો ન પીધો. તે તો બ્રાહ્મણ જ્ઞાતિ કહીને છુટી ગઇ. અને રાજાને ખૂબ નશો ચડયો. આ પ્રમાણે રાંજાને ભાનશાન ગુમાવેલા જોઇને તરવાર કાઢીને રાજાનું માથું કાપી નાખ્યું અને તે બ્રાહ્મણી બોલી કે તું તો મારો ધર્મ બગાડવાનો હતો પરંતુ મારો ધર્મ પ્રભુએ બચાવ્યો અને તુંને દંડ મલ્યો આમ કહી ઢાલ તલવાર બાંધી રાજાનો પોશાક પહેરી બહાર નિકળી તળાવ પર આવી. ત્યાં જઇને જુએ છે તો તે બ્રાહ્મણ મર્યો પડયો છે. આ જોઇને વિચારમાં પડી ગઈ અને કહ્યું કે મેં રાજા પ્રત્યે વિશ્વાસઘાત કર્યો તેનું ફલ મળ્યું હવે હું શું કરૂં ? કયાં જાઉં ? જ્યાં જઈશ ત્યાં રાજાના માણસો મને મારી નાખશે. માટે અહીંથી ભાગી નિકળવું તે ઠીક છે. વળી વિચાર કર્યો કે આ મર્યો પડયો છે તેનું શું કરૂં ? પછી તેના મોઢામાં અગ્નિ સંસ્કાર કરી તળાવમાં વહેતો કરી ભાગી.

—ક્રમશઃ

॥ શ્રીમન્મથુરેશો જયતિ ॥

વ્રતોત્સવાદિ નિર્ણય

લેખક **શ્રી નિર્ભયરામ ભટ**

અનુવાદક : **પંડિત દયારામ ગીરધરજી મિશ્ર**

(ગતાંકથી ચાલુ)

૩૨ ॥ અથષાઢે રથોત્સવઃ ॥

આષાઢ શુકલ દ્વિતીયાને દાહાડે રથયાત્રા કરવામાં આવે છે. સ્કંદ પુરાણમાં લખ્યું છે કે વિશેષતઃ મોક્ષ આપનારી એવી જે પુષ્ય નક્ષત્ર યુકત અષાઢ શુકલ દ્વિતીયા એ દાહાડે લક્ષ્મી અને બલરામ યુક્ત મને રથમાં બેસાડીને મોટો ઉત્સવ કરવો, બ્રાહ્મણોને દાન ધર્માદિકથી તૃપ્ત કરવા.

તિથિ અને નક્ષત્રનો યોગ એક દાહાડે ન મળે તો કેવળ નક્ષત્ર માત્ર લઇને ઉત્સવ કરવો જેવું જ્યેષ્ઠાભિષેક નિર્ણયમાં સ્પષ્ટ કર્યુ છે.

૩૩ ॥ અથાષાઢ શુકલષષ્ઠયાં ષષ્ઠપંડુ સંજ્ઞક પર્વ ॥

અષાઢ શુકલ ષષ્ઠીને દાહાડે ષષ્ઠ પંડુ નામનો પર્વ માનવામાં આવે છે. (કશુંબાષષ્ઠી) એ પર્વ સદાચાર સિદ્ધ છે. એ પર્વને વિષે ષષ્ઠી સૂર્યોદય વ્યાપિની લેવી એવો સદાચાર પણ છે.

૩૪ ॥અથાષાઢ શુકલ પૌર્ણમાસ્યા સુદય વ્યાપિનાં પર્વાત્મક ઉત્સવઃ ॥

આષાઢ શુકલ પૂર્ણિમાને દાહાડે પર્વાત્મક ઉત્સવ કરવામાં આવે છે. આ વિષે પૂર્ણિમા સૂર્યોદય વ્યાપિની લેવી.

વૃદ્ધ યાજ્ઞવલ્કય ઋષિનું વચન એવું છે કે દેવકાર્યને વિષે સૂર્યોદય વ્યાપિની તિથિ લેવી.

જ્યારે પણ "ચતુર્દશ્યા ચ પૂર્ણિમા" ઈત્યાદિ યુગ્મવાકયથી ચતુર્દશીયુક્ત પૂર્ણિમા લેવાને યુકત છે ખરી, પરંતુ વ્યાસપૂજાદિકને વિષે પરવિદ્ધા (સૂર્યોદય વ્યાપ્ત માત્ર પૂર્ણિમા અને પછી પ્રતિપદા) હોય તો યુકત માને છે, તેમજ શિષ્ટાચારથી ભકિતમાર્ગ વાળાઓ પણ પરિવિધ્ધા યુકત માને છે.

૩૫ ॥આષાઢ કૃષ્ણથી હિંદોલાદોલના રંભ ॥

આષાઢ વદમાં દિન શુદ્ધિ જ્યારે હોય ત્યારે હિંડોળાદોલનારંભ ઉત્સવ કરવો. જેમ વસંતાદિ ઉત્સવને વિષે સદાચારનું પ્રામાણ્ય છે તેમજ આ ઉત્સવને વિષે સદાચારનું પ્રામાણ્ય છે, એવું પૂર્વમીમાંસાના પ્રથમાધ્યાયના તૃતીય પાઠમાં સ્મૃતિ સદાચાર નિર્ણયમાં બહુ વિસ્તાર કરીને કહ્યું છે.

૩૬ ॥શ્રાવણ શુકલ તૃતિયા ઠકુરાણી તૃતિયા ॥

શ્રાવણ શુકલ તૃતીયા (મધુ શ્રવા તૃતીયા) ઠકુરાણી તૃતિયા ધર્મ શાસ્ત્રમાં એની દેવતા ગૌરી ધારેલી છે તો પણ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધમાં બીજા અધ્યાયમાં માયાને ભગવતનું દુર્ગા, ભદ્રકાલી વિજયા, ઈત્યાદિક વચન છે, તેથી ભગવત્ પૂજામાં બધી પૂજાઓનો સમાવેશ થાય છે. માટે આ તૃતીયાનો પર્વાત્મક

ઉત્સવ ભકિત માર્ગમાં શિષ્ટાચાર યુકત છે. એ વિષે તૃતીયા ચતુર્થી યુકત લેવી એવું નિર્ણય સિંધુમાં લખ્યું છે.

૩૭ ।।અથ શ્રાવણ શુકલ પંચમી નાગપંચમી।।

શ્રાવણ શુકલ પંચમી (નાગપંચમી) બે દાહાડે પંચમી હોય તો નાગપૂજાદિકને માટે બીજી લેવી એવો સાધારણ નિયમ છે, પરંતુ ચતુર્થીયુક પંચમી વિશેષ હિત કારક છે. એવા નિર્ણય સિંધુ ગ્રન્થ વગેરેમાં ઘણાં વચનો છે.

૩૮ ।।અથ શ્રાવણ શુકલ એકાદશી પવિત્રા રોપણ।।

શ્રાવણ શુકલ એકાદશીને દાહાડે પવિત્રા રોપણ ઉત્સવ વિષે વિષ્ણુ રહસ્ય ગ્રંથમાં કહે છે કે, શ્રાવણ શુકલ પક્ષમાં દ્વાદશીને દાહાડે કર્કરાશિસ્થ સૂર્ય છતાં ભગવાન શ્રીકૃષ્ણને પવિત્રા રોપણ કરવું, આ મુખ્ય પક્ષ છે. આવી મુખ્ય તિથિ જો ન મળે તો, શુકલ પંચમીને દાહાડે અથવા પૂર્ણિમાને દાહાડે કરવું.

ઉત્સવ પ્રતાન ગ્રંથમાં ઘણું વિસ્તારથી કહ્યું છે કે દ્વાદશી એકાદશી પર લેવી. આ ઉત્સવને વિષે ભદ્રા (કલ્યાણી) નો નિષેધ છે. તેથી ભદ્રા છોડીને એકાદશીમા ઉત્સવ કરવો. ઉત્સવ તો થવો જોઇએ માટે એકાદશી યુકત દ્વાદશીમાં ઉત્સવ કરવો, પરંતુ દશમીયુકત એકાદશીમાં ન કરવો, કારણ કે દશમી વિદ્ધ એકાદશીને આસુરીત્વ દોષ છે. વેધનો નિર્ણય ગ્રંથારંભમાં એકાદશી નિર્ણયમાં કહ્યું છે ત્યાં વિશેષ જોઈ લેવું.

પવિત્રા રોપણ કરવું એ નિત્યકર્મ છે' બ્રહ્મપુરાણમાં લખ્યું છે કે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સ્ત્રી અથવા શૂદ્ર એઓએ સ્વધર્મ ઉપર ભકિતયુકત થઇ પવિત્રા રોપણ કરવું. જે કોઈ આ પ્રમાણે ન કરે તે એક સંવત્સર (વર્ષ) માં જેટલી પૂજા કરે છે તેટલી બધી નિષ્ફલ થાય છે માટે ભકિતયુકત થઇ વર્ષો વર્ષ પવિત્રા રોપણ કરવું

૩૯ ।।અથ શ્રાવણ પૌર્ણમાસ્યાં રક્ષા બંધનોત્સવઃ।।

શ્રાવણ શુકલ પૂર્ણિમાને દાહાડે રક્ષાબંધન ઉત્સવ, આ વિષે પૂર્ણિમા ભદ્રા રહિત લેવી, કારણ કે શ્રાવણી પૂર્ણિમા અને ફાલ્ગુની પૂર્ણિમા ભદ્રાયુકત લઇને ઉત્સવ કરવાથી શ્રાવણી પૂર્ણિમાનું ફલ રાજા મરણ પામે છે અને ફાલ્ગુની પૂર્ણિમાનું ફલ દેશ દહન થાય છે ઈત્યાદિ સંક્ષેપથી કહ્યું છે.

ઇતિ શ્રીનિર્ભયરામ ભટ્ટ કૃત વ્રતોત્સવાદિ નિર્ણયની શ્રી કચ્છ રાજ્યાશ્રિત પંડિત ગિરિધરજીસુત દયારામે કરેલી ગુર્જરટિકા સમાપ્તઃ।।

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વાં. સોની લીલાધર ડાયાભાઈ તથા ગો. વા. સોની જયંતિલાલ લીલાધર, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

।। શ્રી વલ્લભ: ।।

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. મીસ્ત્રી રવજીભાઇ, "વ્રજ" ધોરાજી

શ્રીકૃષ્ણનામથી બ્રહ્માદિક સુરગણ સહુ પૂજે
કૃષ્ણ નામથી પ્રેત પિશાચ અસુર ગણ ધ્રૂજે ।૧૯।

ભાવાર્થ-શ્રીનંદ-યશોદાજી-ગોપ-ગોપી અને ગાયોના ભાગ્યની સરાહના ઇદ્રાદિ શિવ, બ્રહ્માદિ કે પણ કરી છે. અને પોતે પણ એવા સુખ અને આનંદની અષ્ટ પ્રહર ઝંખના કરે છે, વ્રજ ભૂમિના પશુ-પક્ષી-વૃક્ષ લત્તાઓના ભાગ્યની પણ તેઓ સરાહના કરે છે. અને તેના ચરણની રજની પણ તેઓ ઝંખના કરે છે. આ પણ એક પ્રકારનું પૂજન જ છે. ઉપરાંત નારદજી-શુકદેવજી-વ્યાસજી આદી અને મુનિશ્વરોના ચરણનું પુજન ઇદ્રાદિ દેવો પણ કરે છે, અને ધન્ય ભાગ્યમાને છે. કારણકે ત્રિકાળ દર્શિ ઋષિમુનિઓ પણ પ્રભૂના ભક્ત છે, અને અષ્ટ પ્રહર સેવન ભજન કરનાર છે. ઉપરના સર્વ મહાનુભાવોનું પૂજન તો વૈકુંઠ ભગવાન પણ કરે છે, ભૃગુ ઋષિના પદ પ્રહારને પણ પ્રભૂએ પુજયો છે. અવતાર દશામાં શ્રી કૃષ્ણે પણ ઘણા ઋષિ મુનિઓ અને સુદામાના ચરણનું પ્રક્ષાલન પોતે પ્રભૂએ કર્યું છે. તો સુર બ્રહ્માદિકતો ભકત ચરણનું પૂજન કરે જ એ આદિ અનાદિ સત્ય છે.

શ્રીકૃષ્ણ નામ રટણથી પ્રેત પિશાચ-અસુર ગણ ધ્રૂજે છે, તે પણ ખરૂં છે એક દેવાભાઇ પટેલ કૃષ્ણ ભકત હતા, તેઓ પોતાના પરાં (ગામનો એક ભાગ) માંથી ગામમાં ભગવદ વાર્તા સાંભળવા આવતા એક દીવસ રાત્રે મોડું થઇ ગયું રસ્તામાં એક પ્રેત મળ્યો, તે દેવાભાઇને ખાંવા દોડયો, પરંતુ દેવાભાઇના શરીરમાંથી અગ્નિના તણખા છૂટયા, એટલે પ્રેત ખાઈ શકયો નહીં અને દુર રહયો, તેણે દેવાભાઇને આપવીતી કહી અપરાધની ક્ષમા માગી-અને દેવાભાઇએ શ્રીકૃષ્ણ નામથી તેનો ઉદ્ધાર કર્યો. સૌરાષ્ટ્રના જામખંભાળીયા ગામની શ્રી મહાપ્રભૂજીના બેઠકજીમાં આપશ્રી બીરાજતા હતા. રાત્રે એક વૈષ્ણવ આપશ્રીનાં વસ્ત્રો ધોતો હતો, તેને રાત્રે એક પિશાચે ખાઇ જવા માટે

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

પ્રયત્ન કર્યો, પરંતુ તે ભકત પાસે આવતાં તેના અંગમાં અગ્નિનો દાહ થવા લાગ્યો અને દુર ઉભો ધ્રૂજવા લાગ્યો, વૈષ્ણવે તેને પુંછયું ત્યારે તેણે પૂર્વ જન્મના અપરાધો કહી ઉદ્ધાર માટે વિનંતિ કરી અને શ્રીમહાપ્રભૂજીની આજ્ઞાથી તે વૈષ્ણવે ધોતીના છીંટા થી તેનો ઉદ્ધાર કર્યો વ્રજભૂમીના કામવનમાં આવેલા શ્રી કુંડ ઉપર પણ એક આવો જ પ્રેત હતો તે પણ કુંડ ઉપર રહેનાર સર્વને ખાઈ જતો ત્યાં પણ એક વૈષ્ણવ શ્રીમહાપ્રભૂજીનાં વસ્ત્ર કુંડ ઉપર ધોતો હતો, તેને ખાઇ જવાની ઇચ્છાથી તે પિશાચ દોડયો. પરંતુ તે પ્રેત વૈષ્ણવને ખાઇ ન શકયો પરંતુ પાસે પણ આવી શકયો નહીં, તેણે પણ પોતાના પુર્વ જન્મના અપરાધોની વાત કરી ઉદ્ધાર માટે વિનંતિ કરી અને તેને પણ તે વૈષ્ણવે શ્રીમહાપ્રભૂજીની આજ્ઞાથી ઉદ્ધાર કરી અને સ્વર્ગમાં મોકલ્યો–ગુજરાતમાં મહાનદીના કીનારે પણ આવાજ પ્રેતો બે–હતિત અને પતિત હતા. તે પણ તે રસ્તે નીકળેલાં ચાચા હરિવંશજી અને ચાર પાંચ વૈષ્ણવોને ખાવા દોડયા અને ઘણી યુકિતઓ કરી પરંતુ તેઓ ખાઇ શકયા નહી, અને ચાચાજીના ભગવદ્ નામના પ્રભાવથી તેઓ ધ્રૂજવા લાગ્યા. અને ચાચાજી એ ભગવદ્ નામ અને શ્રીગુંસાઇજીની ચરણામૃતથી તેનો ઉદ્ધાર કર્યો. આમ ભગવદ્ નામથી પ્રેત પિશાચ અને અસુર ગણ પણ ધ્રુજે છે, આવો શ્રીકૃષ્ણ નામનો પ્રતાપ બળ છે. જેથી સદા રટણ કરવું.

અગત્યની સુચના

પ્રકાશન ખર્ચમાં થતાં ભાવ વધારાને કારણે શ્રીવલ્લભસુધાના લવાજમમાં વધારો કરવાની ફરજ પડેલ છે. હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫ તથા આજીવન લવાજમ રૂા. ૨૦૧ રહેશે તેની નોંધ લેવા વિનંતી

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

।। વાક્‌પતિર્વિબુધેશ્વરઃ ।।

શ્રી વલ્લભાયન હાર્દ

વલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલ)**

લેખાંક ૩૪ મો]   [ગતાંકથી ચાલુ

શ્રીવલ્લભે કરેલો સ્વધર્મનો બોધ

શ્રીકૃષ્ણદેવ રાજા સર્વ આચાર્યોને તેમના મુકામે સ્વારી સાથે વિદાય કર્યા બાદ શ્રી વલ્લભ પાસે રંગનાથના ઘરમાં બેઠો. ત્યાર પછી રાજા પ્રાર્થના કરવા લાગ્યો કે મહારાજ! આપે વૈષ્ણવ ધર્મ સંબંધી મને બોધ દીધો નથી. હવે સ્વધર્મનો બોધ આપવા કૃપા કરશો.

શ્રીવલ્લભ પ્રસન્ન થઈ બોલ્યા–

શ્લોક

દૈવત્વેન ગુરોરનુગ્રહ વશાજ્જાતા પ્રવૃત્તિર્યદા ।
સકપુંડ્રાદિ વિધારયેત પર જયન્ત્યેકાદશીનાં વ્રતમ્ ॥
ધર્મં ભાગવતં ચરેત્ હરિ કથા માચાર્ય ભકતાર્ચનમ્ ।
પાપં તદ્ વિમુખાનનર્પિત ભુજિં ચાન્યાશ્રયં વર્જયેત ॥

મનુષ્યનું કલ્યાણ બે પ્રકારે થાય છે. એક પૂર્વ જન્મના પુણ્ય, સદાચાર, સત્કર્મના બળથી અને બીજું ગુરુ અનુગ્રહ બળે શ્રીહરિશરણાગતિ પ્રાપ્ત થતાં તેને વૈષ્ણવ ધર્મના નિયમોનું પાલન કરવું. તુલસીકાષ્ટની માલા તથા ઉર્ધ્વપુંડ્ર તિલક મુદ્રા શિતલ ધારણ કરવી. ચ.ર જયન્તિ (કૃષ્ણ, રામ, નૃસિંહ અને વામન) અને એકાદશીનું વ્રત અવશ્ય કરવું. ભાગવત ધર્મ જે આત્મધર્મ ભગવાનને પ્રસન્ન કરવાનો હેતુ ભૂલવો નહિં, તે મુખ્ય ધર્મ માનવો. ભગવત ધર્મ ભગવત કથાથી વૃદ્ધિ પામે છે. આચાર્ય અને ભકતો તરફ ભગવાન સમાન માન રાખવું, જેથી ભગવત ધર્મ તેમના દ્વારા હૃદયારૂઢ થાય છે. દરેક બાબતે ધર્મ અધર્મનો વિચાર રાખી વરતવું. ધર્મ પક્ષ ન ભૂલવો, અર્થાત્ પાપ લાગે તેવું કામ ન કરવું. હરિવિમુખ નાસ્તીક સાથે બેસવું બોલવું કે વૃથા આલાપ, અસદ્ વાર્તા ન કરવી. સેવકનો ધર્મ સ્વામીને અર્પણ કરી પ્રસાદથી નિર્વાહ કરવો (અપ્રસાદ ત્યાગ) સર્વસ્વરૂપી શ્રીહરિ છે. સર્વમાં સત્તા તેની જ છે. તેમના બળથી બધા બળવાન છે. માટે પ્રભુનો આશ્રય રાખવો, કારણ કે સર્વ દેવો, મનુષ્યો, મુનિ તેમનામાં વિશેષતા શ્રીહરિની છે. માટે એક દેવ શ્રીહરિ માનવા. દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ તેમ મુખ્ય દેવ તરીકે જોવા. જેમ પતિવ્રતા પતિ પરાયણ થઇ પતિના અંગભૂત સર્વનું માન પતિની પ્રસન્નતા માટે રાખી વરતે, તેમ સર્વ કોઇનું માન પ્રભુના અંશ તરીકે માનવું (અર્થાત્ કોઇના દ્વેશમાં ન જવું એ વૈષ્ણવ ધર્મનું કર્તવ્ય છે.)

શ્રીકૃષ્ણદેવ રાજા ભગવત્ ધર્મનો બોધ લઈ પ્રસાદી માલા સાથે લઇ પોતાના મંદિરે આવ્યો. શ્રીવલ્લભ મામા રંગનાથના ઘરમાં બિરાજ્યા. માતા પણ ત્યાં જ હતા. મોસાળ પક્ષ ઘણો પ્રસન્ન થયો.

એક દિવસે શ્રીબિલ્વમંગલાચાર્ય યોગબળે વલ્લભને મળવા આવતાં આસન આપી શ્રીવલ્લભ પ્રણામ કરી બેઠા. તે વખતે શ્રીબિલ્વમંગલાચાર્ય પૂર્વે થયેલા ૭૦૦ આચાર્યોની કથા સંભળાવી. ત્યાર બાદ આપ હવે ગાદી પતિ થયા તેથી હું પ્રસન્ન છું. કહી આગળ હિમાલયમાં બદ્રિકાશ્રમમાં આપને મળી હું ત્યાંથી વૈકુંઠમાં જઈશ. તે વાર્તા કરી અદ્રષ્ય થયા.

શ્રીવલ્લભ વિજયનગરમાં છ મહિના બિરાજી ગ્રામ્યજનોને મંત્ર દીક્ષા તથા વિજયનગરના મંદિરો જે વિષ્ણુ મંદિર તરીકે હતા, તેમની સેવા પૂજાનો ક્રમ યોગ્ય રીતે બાંધી રાજાના મનને અને પ્રજાજનોને પરમાનન્દ રૂપ બન્યા. જાહેર વ્યાખ્યાનો ધાર્મિક બોધ લેતી પ્રજા માનો કે વૈકુંઠમાં નિવાસ કરતી જોવામાં આવી.

આપશ્રીની હવે પૃથ્વી પરિક્રમા કરવાની ઇચ્છા જોતાં રાજા કૃષ્ણદેવે પોતાના કુટુંબી, રાજ્ય કર્મચારી, રણવાસમાં વસતી સન્નારીઓ, પોતાના અંગત સુભટો, સચિવો, પ્રજાજનોની ચાહના થતાં રાજ મંદિરના મોટા મેદાનમાં જાહેર સભા બોલાવી, જેમાં શ્રીવલ્લભ સેવકો સાથે ઉપદેશ દેવા પધાર્યા.

ગોવા (લોહગઢ)માં શ્રી મહાપ્રભુજીની ૪૩મી બેઠકજીનું નિર્માણ

વિત્તજા સેવા કરવા માટે ઉત્તમ તક

બેઠક ચરિત્ર મુજબ શ્રીમહાપ્રભુજીની ૪૩મી બેઠક લોહગઢ ગોવામાં છે જે સ્થળ આજસુધી અપ્રકટ હતું તે શ્રી ઠાકુરજીની કૃપાથી હવે સ્થાન પ્રાપ્ત થયું છે. જે સ્થળે શ્રી બેઠકજીના નિર્માણનું કાર્ય પ્રથમ પીઠ તરફથી કરવામાં આવી રહ્યું છે.

આ રમણીય સ્થળ માવાસાની પાસે આવેલ સાંખળી ગામથી બે કિલોમીટર છે. અને વાહન વ્યવહારથી જોડાયેલ છે જ્યાં ૪00 વર્ષ જૂનું રુદ્રોશ્વર મહાદેવનું મંદિર છે. પાસે જ જલધોધ પડે છે. અને યાત્રાળુઓ પ્રવાસીઓ આવે છે.

અહીં બેઠકજીના નિર્માણ માટે લગભગ ૨૦ લાખ રૂપીયાના ખર્ચનો અંદાજ છે. પ્રારંભિક નિર્માણ-કાર્ય જે દિવાળી શરુ કરેલ છે તે માટે લગભગ ચાર લાખ રુ.ની જરૂર રહેશે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે પોતાની દૈવી સંપત્તીનો સદ્ ઉપયોગ કરવાની આ ઉત્તમ તક છે. રૂ. પાંચ હજાર કે તેથી વધુ સેવા કરનારનું નામ બેઠકજી પરિસરમાં શીલાલેખ પર લખવામાં આવશે.

ઈન્કમટેકસમાં માફી મેળવવા ઇચ્છતા હોય તેઓ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સેવાની રકમ મોકલાવે.

આં અવસરનો તુરત લાભ લેવા સર્વે વૈષ્ણવોને અનુરોધ છે.

પત્ર વ્યવહાર : ચેક, ડ્રાફ્ટ મોકલવાનું સરનામું

પ્રમુખશ્રી, આં. પુ. વૈ. પરિષદ (ગોવા રાજ્ય શાખા)
C/o શ્રી અમૃતલાલ સી. દોશી
કાપડ બજાર, પો. બો. નં. ૨૪
મડગાંવ (ગોવા) પીન ૪૦૩૬૦૧

"દયા–સતસૈયા" એક પરિચય

–પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભકતકવિ શ્રી દયારામભાઇ ગુજરાતના મહાન કવિઓમાંના એક છે. તેમણે ગુજરાતી હિંદી, વ્રજભાષા તેમ જ અન્ય ભાષાઓમાં અનેક ગ્રંથો અને હજારો ગેય પદોનું પ્રણયન કરેલ છે. એટલું તો ચોક્કસ છે કે ગુજરાતી, હિંદી અને વ્રજ ભાષામાં સમાન રૂપે સાહિત્ય નિર્માણ કરવાવાળા પ્રમુખ કવિઓમાં બહુશ્રુત અને બહુવિદ્ ભકત શિરોમણિ શ્રી દયારામ ભાઇનું સ્થાન બધાથી મોખરે છે.

આપણા માટે ગૌરવ લેવા જેવી વાત છે કે હિંદીના વિશાળ સતસઇ–સાહિત્યમાં દયારામભાઇના 'સતસૈયા'નું શિરમોર સ્થાન છે, તે કલાત્મક ઢંગની એક અનોખી કૃતિ છે. રીતિ નીતિ, શૃંગાર અને ભકિતના દુર્લભ સંયોગથી તે અલંકૃત થયેલ છે.

કવિશ્રીએ તેમાં શુદ્ધાદ્વૈત અને પુષ્ટિમાર્ગનું સચોટ અને સમર્થ પ્રતિપાદન કરેલું છે, તેમાં શૃંગારથી સુમંડિત કરી ભકિતને આપણી આગળ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

રૂપવિધાનના દૃષ્ટિકોણથી જોઇએ તો દયા સતસૈયામાં ૭૩૧ દોહા છે. કૃતિનું નામ કર્તાના નામ પરથી પાડેલ છે. આરંભમાં મંગલાચરણ છે અને અંતમાં ગ્રંથ સમાપ્તિ સૂચક છંદ છે. અઢાર પ્રકરણોમાં આ સતસૈયા વિભકત થયેલ છે. વર્ણ્ય વિષયોમાં ભકિત, શૃંગાર અને નીતિ મુખ્ય છે. આથી અતિરિકત શબ્દક્રીડા, ચિત્રકાવ્ય, કાવ્યચાતુર્ય, પ્રકરણ પ્રહેલિકા, અંતર્લાપિકા, બાહ્યલાપિકા વગેરે તેમાં નિરૂપવામાં આવ્યા છે, આ 'સતસૈયા' પાંડિત્યપૂર્ણ તેમ જ ચમત્કાર સંપન્ન છે. અન્ય સતસઇઓની તુલનામાં 'દયા–સતસૈયાં' પોતાની મૌલિક વિશેષતાને લઇને એક અનોખી રચના છે.

વસ્તુવિધાનની દૃષ્ટિએ 'દયા–સતસૈયા'ને ત્રણ પ્રકારે વિચારી શકીએ :– (૧) ભકિત કાવ્ય (૨) રીતિ–કાવ્ય અને (૩) નીતિકાવ્ય, સુંદર [illegible] રુચિર દોહાવાળા સતસૈયાનું આ ત્રિવેણી સંગમ તેની શ્રેષ્ઠતાના સમર્થ દ્યોતક સમાન છે આને આપણે સંક્ષેપમાં જોઇએ.

ભકિત–કાવ્ય

કેટલાક વિવેચકો દયારામને એક કલાકાર કવિ ગણે છે પરંતુ સર્વ પ્રથમ તે ભકત કવિ છે, કલાના સુંદર સ્વાંગમાં ભકિતને સતસૈયામાં નિરૂપવામાં આવી છે, તેથી વસ્તુતઃ 'દયા–સતસૈયા' એક ભકિત–કાવ્ય તરીકે આપણા મન પર પહેલી છાપ પાડે છે.

સતસૈયામાં શ્રી દયારામભાઇએ પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના પ્રિયાજી શ્રીરાધાજીની સ્તુતિ–પ્રાર્થના કરી છે. તેમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંત પ્રમાણે ભકિતનું નિરૂપણ કરવામાં આવેલ છે. આમાં કવિએ સત્સંગ અને નામ સ્મરણનું માહાત્મ્ય વર્ણવ્યું છે, સતસૈયામાં પ્રેમ–લક્ષણા ભકિતને અન્ય વસ્તુની અપેક્ષાએ પ્રાધાન્ય આપવામાં આવેલું છે, જ્ઞાનથી ભકિતને અધિકી ગણવામાં આવી છે. પરમાત્માને નિરાકાર નહી પણ સાકાર સ્વરૂપ અને સગુણ સ્વરૂપ તરીકે નિરૂપવામાં આવ્યા છે અને ભગવાનના નામનો મહિમા ગાવામાં આવ્યો છે. શ્રીકૃષ્ણનો આશ્રય એજ જીવ માટે પરમ આશ્રય છે એવું દૃઢ પણે દર્શાવવામાં આવ્યું છે. ભગવાન અને ભકત વચ્ચે અનન્ય ભાવનો સંબંધ પ્રકટ કરવામાં આવ્યો છે. ભકતને પોતાની સર્વ ચિંતાઓ છોડી દઇ

સાંસારિક બંધનો અને મોહમાયાથી મુકત થઇ સર્વાત્મભાવે ઇશ્વરની સેવામાં નિમગ્ન રહેવા ઉદ્બોધન કરવામાં આવેલ છે. થોડાંક ઉદાહરણ જોઇએ.

નિરાકાર સબકોં કહે, યે પ્રભુ હેં સાકાર ।
જો અવયવ નહિં ઇસ, લહ્યો કહાં સંસાર ॥
ટરે ન શ્રીહરિ નાં ઉસોં, એસો અઘ નહિં કોય ।
એસી વસ્તુ ન હોય જો, નભ નિમગ્ન નહિં હોય ॥
ચિંતા તૂં ચિત કયોં કરે, વિશ્વંભર વ્રજપાલ ।
સક્કર સક્કરખોર કો, દધિ મધિ દેત દયાલ ॥

રીતિ-કાવ્ય

સતસૈયામાં રીતિ-કાવ્યને અનુરૂપ અનેક વિષયોનું નિરૂપણ કરવામાં આવેલ છે, જેવાં કે પ્રેમ વર્ણન, રૂપ વર્ણન, વિરહ વર્ણન, માન વર્ણન, નાયિકા ભેદ, દૂતિકાર્ય, કાવ્ય ભાષા વિષયક ચમત્કારી વિધાન, ચાતુર્યભરી શબ્દ, ક્રીડા, એકાક્ષર, દ્વયક્ષર પ્રકારના દોહા અને ગોમૂત્રગતિ, અશ્વગતિ, કપાટબંધ, ધનુષબંધ કમળબંધ, હારબંધ તથા છત્રબંધ જેવાં ચિત્ર કાવ્યો.

સતસૈયા પ્રકટપણે શ્રી દયારામભાઇમાં રહેલ પાંડિત્ય, બહુશ્રુતતા અને અને કાવ્ય શાસ્ત્રજ્ઞતાનાં દર્શન કરાવે છે. તેમાં રીતિ-કાવ્ય પ્રકારનાં ૨૭૮ દોહા છે. જે સંખ્યામાં બીજાં કાવ્ય પ્રકારના દોહાઓથી અધિક છે. અહીં આપણે શ્રી દયારામભાઇની કાવ્ય કલાનો ચરમોત્કર્ષ જોઇ શકીએ છીએ. કાવ્ય પ્રકારનાં થોડાં ઉદાહરણો અવલોકીએ.

પનઘટ પનઘટ જાય પન, ઘટ પનઘટ કોં ધ્યાન ।
પનઘટ લાલ ચઢાય દે, અલિ પનઘટ સુખખાન ॥
મુકર મુકર સબ વસ્તુ ભઇ, નયન અયન કિય લાલ ।
દ્રગ પસારું જિત જિત અલી, તિત તિત લખૂં ગુપાલ ॥
ક કં કં કં કં ક કિ, ખં ખં ખં ખં ખાલ ।
ગો ગો ગા ગે ગાગ ગો, લલી લાલ લે લાલ ॥

નિતી-કાવ્ય :

સતસૈયામાં નીતિ-વિષયક દોહાઓની સંખ્યા ૨૭૧ની છે. આ પ્રકારના નીતિ-કાવ્યમાં માનવ જગતની રીતિ-નીતિની અનેક વસ્તુઓ કવિએ સમાવી છે. કવિના અનુભવના ભાવ-વિભાવોથી રંગાઇ આ વસ્તુએ સતસૈયામાં કલાત્મક રીતે વર્ણવાઇ છે. સંત મહાત્મા, સદ્ગુરુ, સંગતિ, સજ્જન-દુર્જન, પ્રશંસક-નિંદક, પાપ-પુણ્ય, મન અને તેની મનોવૃત્તિઓ ત્યાગ અને ગ્રાહ્ય-ગુણો-વસ્તુઓ અને આવા અનેક વિષયો કાવ્યાત્મક વ્યાખ્યા અને પરિભાષાથી સુમંડિત થઇ આપણી સન્મુખ પ્રકટ થાય છે આમાં માનવજીવનના અનેક ક્ષેત્રો સમાવિત થાય છે જેને કવિશ્રીએ કલાત્મક રંગોનો ઓપ આપી સુંદર રીતે પ્રકાશિત કરેલ છે. આમાં શ્રી દયારામભાઇના અનુભવનું વિશાળ ફલક આપણને દૃષ્ટિગોચર થાય છે. ભર્તૃહરિ, તુલસી, રહીમ, બિહારી અને વૃન્દની સૂકિતઓની જેમ શ્રીદયારામભાઇની આ સમર્ય સૂકિતઓ પણ જીનનના અનેકવિધ પાસાંઓને અને અનુભવોને અસરકારક રીતે વ્યકત કરે છે. આનાં થોડાં સચોટ ઉદાહરણો જોઇએ.

સાર-અસાર ન સમુઝ જિંહિં, ગુઙ ન ખોલ ઇકતોલ
જહાં સબકો સુનિઓં ગુનિ, ઉચિત ન વદિઓં બોલ ॥
બડે નામતેં કા ભયો કાજ બડો નહિ હોત ।
કહેં અરક સબ આંક કૂં પેં નહિ હોત ઉદ્દોત ॥
પ્રીત હ્યાં નિતી નહીં, નિતી હ્યાં નહિ પ્રીત ।
સ્યાનપ અરુ મદ છાક જિમિ, નહિ ઇકત્ર કહું રીત ॥

આમ ‘દયા-સતસૈયા’માં ભકિત, રીતિ અને નીતિનું સુભગ સમન્વય છે. હિંદી સતસઈ પરંપરામાં ‘દયા-સતસૈયા’ એક વિશિષ્ટ કૃતિ છે, જેમાં આપણને કવિની વ્યાપક મૌલિકતાનો પરિચય મળે છે.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૫ તા. ૧૨-૧-૮૯ ગુરૂવાર ગો. શ્રી ગોકુલોત્સવજી (નાથદ્વારા) તથા શ્રી સંજયબાવા (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૬ તા. ૧૩-૧-૮૯ શુક્રવાર ભોગી, ધનુર્માસ સમાપ્તિ.

પોષ સુદ ૭ તા. ૧૪-૧-૮૯ શનિવાર મકર સંક્રાંતિ. તિલવા શૃંગારમાં ધરવા, ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૧૬-૧-૮૯ સોમવાર ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૧૭-૧-૮૯ મંગળવાર પૂત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૩ તા. ૧૯-૧-૮૯ ગુરૂવાર ગો. ઘનશ્યામલાલજી મહારાજ (કામવન) નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૨૧-૧-૮૯ શનિવાર પોષી પૂનમ, માધ સ્નાન પ્રારંભ.

પોષ વદ ૩ તા. ૨૫-૧-૮૯ બુધવાર ગો. શ્રી મુકુંદબાવા (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૨૬-૧-૮૯ ગુરૂવાર પ્રજાસત્તાક દિન, ગો. શ્રી મધુસૂદનબાવા (મુંબઈ) નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૨૭-૧-૮૯ શુક્રવાર ગો. શ્રી પ્રભુજીબાવા (સુરત) શ્રી પ્રાણવલ્લભબાવા (મથુરા) અને શ્રી વલ્લભદીક્ષીતબાવા (મુંબઈ) નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૨૮-૧-૮૯ શનિવાર શ્રી દિક્ષીતજી, શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી મથુરેશજીના ઘરમાં મનાય છે. ગો. શ્રી પરિતોષબાવા (મથુરા)નો જન્મદિન.

પોષ વદ ૯ તા. ૩૧-૧-૮૯ મંગલવાર ગો. શ્રી વિઠ્ઠલનાથ મહારાજ (મથુરા) અને શ્રી નવનીતબાવા (ચાંપાસેની)નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૨-૨-૮૯ ગુરુવાર ષટતિલા એકાદશી વ્રત તિલવા શૃંગારમાં ધરવા.

પે.ષ વદ ૧૨ તા ૩-૨-૮૯ શુક્રવાર ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલ (૧૯૦૧) નો જન્મદિન.
ગો. શ્રી વિઠ્ઠલનાથ મહારાજ (માંડવી)નો જન્મદિન.

પોષ વદ ૧૩ તા. ૪-૨-૮૯ શનિવાર ગો. શ્રી વલ્લભલાલ મહારાજ (બોરીવલી-રાજકોટ) નો જન્મદિન.

પોષ વદ અમાસ તા. ૬-૨-૮૯ સોમવાર સોમવતી અમાવાસ્યા.

સમાચાર

જુનાગઢ-નિ. લી. પૂ. પા. ગો. શ્રી પુરૂષોતમલાલજીનો પ્રાકટય મહોત્સવ સં, ૨૦૪૫ ભાઈબીજના રોજ ગોદ બિરાજતા પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને મોટી હવેલીમાં ધામધૂમથી ઉજવવામા આવેલ હતો. સવારના પ્રભાતફેરી અને સાંજના શોભાયાત્રામાં કળશ, કીર્તનીયા તેમજ સ્થાનિક અને બહારગામના વૈષ્ણવોના સમૂહ સાથે પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ ખૂલ્લાં ચરણારવિંદથી પધારતા રસ્તામાં ઠેર ઠેર હારતોરાથી આપશ્રીનું ભવ્ય સ્વાગત થયું હતું અને શોભાયાત્રા મોટા મંદિરે પહોંચી સભાના રૂપમાં ફેરવાયેલ તેમાં અધ્યક્ષશ્રીએ સમયોચિત વચનામૃત કરેલા. તેમાં ગૌસેવા અને હરિસેવા ઉપર ખાસ ભારપુર્વક આજ્ઞા કરેલ. આ રીતે માર્ગના મુખ્ય સિદ્ધાંતોનું પાલન કરવામાં આવે તો જ ઉત્સવ ઉજવવાની સાર્થકતા લેખાય,

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ પ૩મુ : રાગ-રામકલી

શ્રીયમુનાજીકી મહિમા મોપેં બરની ન જાઇ ॥
સુર સુતા ઘનશ્યામ બરનહે. પ્રફુલ્લિ
દ્રુમ નિકાઇ ॥૧૦॥
શ્રીહરિ ગોપ વધુ વ્રિજ સબ
ગોકુલકે લરકાઇ ॥
"વ્રજાધિશ" પ્રભૂ આદિ **ભકતનકોં**
સકલ સિદ્ધિ સુખદાઇ ॥૨॥

ભાવાર્થ-શ્રીવ્રજાધિશજી મહારાજનું આ કીર્તન છે તે આજ્ઞા કરે છે શ્રી યમુનાજીની મહિમાનું વર્ણન મારાથી થઈ શકે નહીં કારણ કે દિનકર સુતા શ્રી ઘનશ્યામ વર્ણ છે અને ઘનશ્યામ રૂપ છે. પ્રિય સંગમની પ્રફુલિતતા જેનું રૂપ અતિ સુંદર રીતે શોભી રહ્યું શ્રીહરિ ગોપ વધુઓ અને બીજા શ્રી ગોકુલના ગોપ બાલકો તેનાથી શ્રી યમુનાજીના કિનારાઓ શોભી રહ્યા છે એવાં શ્રીયમુનાજીના મુળ લીલા સ્થાયિ ભકતો કે જે નિત્ય સિદ્ધા" ભકતો કહેવાય છે તે ભકતોને સકલ સિદ્ધિઓનું દાન કરનારાં અને સર્વ સુખદાયિ છે એવાં શ્રીયમુનાજીની મહિમાનું વર્ણન કોણ કરી શકે?

વિવેચન-શ્રીવ્રજાધિશજી મહારાજ કહે કહે છે કે શ્રીકૃષ્ણતન વર્ણ ગુણ ધર્મ શ્રીકૃષ્ણ કે કૃષ્ણ લીલામયિ કૃષ્ણ સુખ કંદની" આવાં શ્રીરાસ રસિક પ્રભુના વર્ણ-ગુણ ધર્મ અને કૃષ્ણ લીલામયિ અને કૃષ્ણને સુખ આપવાવાળાં અને કૃષ્ણ સમાન ગુણ ધર્મ અને લીલાવાળાં અને શ્રીકૃષ્ણનાં પરમ સુખદાયિ એવાં અનંત નામ અનંત લીલા અને અનંત ગુણોવાળાં શ્રીયમુનાજી છે વૃજાધિશજી મહારાજ કહે છે કે એવાં શ્રીયમુનાજીની મહિમા મારાથી કેમ વર્ણવી શકાય? માટે સુક્ષમ સંજ્ઞારૂપેં જ વર્ણન કર્યું છે.

શ્રી વલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધીઓ

૧. મીસ્રી નાગજીભાઇ ખીમજીભાઇ
વાયા—મોટી મેંગણી. અનિડા (વાછરા)

૨. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ
અરાદ. (પંચમહાલ)

૩. શ્રી મુલજીભાઇ એલ. ભાટીયા
'ગુરુ કૃપા' ૧૬ બી. ડોઉર રોડ,
કલકત્તા—૭૦૦૦૧૯.

૪. શ્રી મોરારજી જમનાદાસ હીંડોચા
૧૧૨, આસુતોશ મુકરજી રોડ,
ભવાનીપુર કલકત્તા—૭૦૦૦૨૫

૫. શ્રી રણછોડદાસ કાનજીભાઈ આશરા
C/o. Ciesco, ૩૭/૩૯ ઈઝરાસ્ટ્રીટ
કલકત્તા ૭૦૦૦૦૧.

૬. શ્રીકૃષ્ણદાસ મથુરદાસ અઢીઆ
હવેલી બિલ્ડીંગ, પાર નાકા
કલ્યાણ (જી. થાણા) ૪૨૧૩૦૧

૭. શ્રી દેવેન્દ્રભાઈ આર. પાલેજા
૧૨/૧૯૦ રંગાઇ ગોવદર સ્ટ્રીટ
કોઇમ્બતુર. (તામિલનાડુ)

(૨૪ મા પાનેથી ચાલુ)

૮. સોની ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ
રાયજાદા શેરી, ગોંડલ.

૯. શ્રી રમણલાલ એમ. શેઠ
પત્રકાર અને સામાજીક કાર્યકર
શ્રીવાડા દલાલફળીયા, ગોધરા

૧૦. સોની કાંતિલાલ છગનલાલ
મેઈન બજાર, ચીત્તલ.

૧૧. શ્રી વિઠ્ઠલભાઈ શાહ
C/o. શ્રી દ્વારકેશ હાર્ડવેર માર્ટ
ઝંડા ચોક, છોટા ઉદેપુર.

૧૨. શ્રી પોપટલાલ જમનાદાસ
વડ ફળીયા, જુનાગઢ.

૧૩. શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
C/o. શ્રી રૂગનાથભાઈ વશરામભાઈ
શ્રી નાથજી ચેમ્બર, જુનાગઢ.

૧૪. શ્રી માર્કંડભાઈ વી. ધોળકીયા
C/o. ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલો, જામનગર.

૧૫. શ્રી દિનકરરાય વી. લાઠીગરા
રેલ્વે સ્ટેશન સામે, ધોરાજી.

૧૬. શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
C/o. પટેલ જીવરાજ ગોકળભાઈની કું.
કાપડ બજાર, ધોરાજી.

૧૭. શ્રી મુકુન્દભાઈ ફિચડીયા
સોની બજાર, ધ્રોલ.

૧૮. શ્રી ગોકળદાસ જીગજીવનદાસ કંસારા
શકિત માતાના મંદિર સામે, ધ્રાંગધ્રા.

૧૯. શ્રી ભનુભાઈ પોપટ
'કુલદેવી કૃપા' ગાયવાડી ટાંકી પાસે.
ઠક્કર પ્લોટ, પોરબંદર.

૨૦. શ્રી કનૈયાલાલ ભોગીલાલભાઈ
ટ્રસ્ટી શ્રીનાથજી બારા હવેલી
પાળીઆદ રોડ, બોટાદ.

૨૧. શ્રી એન. એમ. પારેખ
C/o. પારેખ એજન્સીઝ
૧૫૧, ગોવિંદાપા
નાઈક સ્ટ્રીટ, બીજે માળે,
મદ્રાસ. ૬૦૦૦૧

૨૨. પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
મોટા ભાદરા.

૨૩. શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
ખત્રીવાડ, શેરી નં. ૪ મોરબી.

૨૪. આં. શ. પુ. વૈ. પરિષદ કેન્દ્રિય કાર્યાલય
જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે મુંબઈ-૧.

૨૫. પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ, રાજપીપળા.

૨૬. શ્રી ચિમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે, લીંબડી.

૨૭. શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
ગિરધર નિવાસ, મજમુદારની ખડકી
મંગળ બજાર, ચાર રસ્તા પાસે.
બાજવાડા, વડોદરા.

૨૮. શ્રી સુભાષચંદ્ર ભોગીલાલ કંસારા
કંસારા બજાર, વાંકાનેર.

૨૯. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન ૧ લે માળે
વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૫૬

૩૦. શ્રી હિરજીભાઈ રણછોડભાઈ નસીત
વાયા-મોટા ઉજળા, કુંકાવાવ મોટી સનાળા.

૩૧. શ્રી રમણિકભાઈ મેઘજીભાઈ બાબરીયા,
વાયા ઉપલેટા સમઢીયાળા.

૩૨. શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રીકૃપા રત્ન કોર્નર, મોટા મંદિર કમ્પાઉન્ડ
સુરત.

૩૩. શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o. શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન
હળવદ.

૩૪. શ્રી મનોજકુમાર ગોરધનદાસ કડકીયા
બજાર શેરી, ગામડી કાપડના વેપારી
દેવગઢ બારીયા.

૩૫. ઠા. પોપટલાલ રામજીભાઈ (સરજાદી)
બામણગામવાળા
ઠે. શ્રીવૃજભુષણલાલજી મહારાજની હવેલી
જેતપુર (કાઠી)

SHREE VALLABH SUDHA Regd. No G/RJ 212 L.P.W.P. 43

॥ શ્રીહરિ: ॥

"મિષનુ ઘોળ"

[ઢાળ–માતા જશોદા ઝૂલાવે પૂત્ર પારણે રે]

હું તો આવી છું નંદરાણી, દીપક જોડવા રે;
જઉં જ્યાં પ્રગટાવીને, મારગમાં ઠરી જાય...હું તો. ૧

ઘુંઘટ ઓટ કરીને, ચાલું જતન ઘણું કરી રે;
ઝપાટો પવન તણો લાગેને, લાગે ને જાય બુજાય...હું તો. ૨

લાગે શરમ ઘણેરી, વારે વારે આવતા રે;
રાણી શું કરવું પણ, બીજો ન કોઇ ઉપાય...હું તો. ૩

તમારૂં ઘર મ્હોટું ને, મન પણ મ્હોટું છે ઘણું રે;
તેથી તો અહીં આવું, જઉં ન બીજે કયાંય...હું તો. ૪

ગોપી દીપ સંજોવે ને, નિરખતી શ્યામને રે;
મનડું મોહી રહ્યું છે, મન મોહનની માંહ્ય...હું તો. ૫

ગોપીનાં મનની જાણે છે, મોહન વાતડી રે;
મુજને મળવા માટે, કરતી આ ચતુરાઈ...હું તો. ૬

ગોપીની સંગાથે ચાલ્યા, વ્હાલમ વાટમાં રે;
ઢાંકી પિતમ્બરથી દીપક ન હોલવાય...હું તો. ૭

વ્હાલી અંક મહીં પધરાવી, પ્રભુને પ્રેમથી રે;
'લાલ' પ્રભુની લીલા, કો'થી ન પરખાય...હું તો. ૮

કીર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, પોરબંદર.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રી દામોદરદાસ હરસાનીજી ॥

(રાગ–ભૈરવ)

વન્દૌ શ્રી દામોદરદાસ હરસાની,
સખી સ્વરૂપ શ્રી 'લલિતાજી' કો, ભૂતલ પ્રકટ જાની. ૧
રોમ રોમ શ્રી વલ્લભ ઝલકે, અદયદાન કે દાની;
શ્રી વલ્લભ બિન કુછ ન જાનત, ઈનિકે રૂપ લુભાની. ૨
શ્રી વલ્લભકે મુખ્ય સેવક યહ, ગૂઢભાવ રસખાની;
'લાલદાસ' યહ સબ વૈષ્ણવકે, મૂલરૂપ પહિચાની. ૩

–કીર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, પોરબંદર.

નમ્ર નિવેદન

પ્રકાશન ખર્ચમાં વધેલ મોંઘવારીને લીધે શ્રી વલ્લભ સુધાનું લવાજમ વાર્ષિક રૂા. ૧૫ તથા આજીવન રૂા. ૨૦૧ કરવામાં આવેલ છે, જેની દરેક ગ્રાહકો તથા સેવાભાવ કાર્યકર્તાઓએ નોંધ લેવી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૭ : અંક ૧૧ ✠ ફેબ્રુઆરી, ૧૯૮૯
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

શ્રી વલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધીઓ

૧. મીસ્ત્રી નાગજીભાઈ ખીમજીભાઈ
વાયા–મોટી મેંગણી. અનિડા (વાછરા)

૨. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ
અરાદ. (પંચમહાલ)

૩. શ્રી મુલજીભાઈ એલ. ભાટીયા
'ગુરુ કૃપા' ૧૬ બી. ડોઉર રોડ,
કલકત્તા–૭૦૦૦૧૯.

૪. શ્રી મોરારજી જમનાદાસ હીંડોચા
૧૧૨, આસુતોષ મુકરજી રોડ,
ભવાનીપુર કલકત્તા–૭૦૦૦૨૫

૫. શ્રી રણછોડદાસ કાનજીભાઈ આશરા
C/o. Ciesco, ૩૭/૩૯ ઇઝરાસ્ટ્રીટ
કલકત્તા ૭૦૦૦૦૧.

૬. શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીઆ
હવેલી બિલ્ડીંગ, પાર નાકા
કલ્યાણ (જી. થાણા) ૪૨૧૩૦૧

૭. શ્રી દેવેન્દ્રભાઈ આર. પાલેજા
૧૨/૧૯૦ રંગાઈ ગોવદર સ્ટ્રીટ
કોઈમ્બતુર. (તામિલનાડુ)

૮. સોની ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ
રાયજાદા શેરી, ગોંડલ.

૯. શ્રી રમણલાલ એમ. શેઠ
પત્રકાર અને સામાજીક કાર્યકર
શ્રીવાડા દલાલફળીયા, ગોધરા.

૧૦. સોની કાંતિલાલ છગનલાલ
મેઈન બજાર, ચીત્તલ.

૧૧, શ્રી વિઠ્ઠલભાઈ શાહ
C/o. શ્રી દ્વારકેશ હાર્ડવેર માર્ટ
ઝંડા ચોક, છોટા ઉદેપુર.

૧૨. શ્રી પોપટલાલ જમનાદાસ
વડ ફળીયા, જુનાગઢ.

૧૩. શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
C/o. શ્રી રૂગનાથભાઈ વશરામભાઈ
શ્રી નાથજી ચેમ્બર, જુનાગઢ.

૧૪. શ્રી માર્કંડભાઈ વી. ધોળકીયા
C/o. ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલે, જામનગર.

૧૫. શ્રી દિનકરરાય વી. લાઠીગરા
રેલ્વે સ્ટેશન સામે, ધોરાજી.

૧૬. શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
C/o. પટેલ જીવરાજ ગોકળભાઈની કું.
કાપડ બજાર, ધોરાજી.

૧૭. શ્રી મુકુન્દભાઈ ચિચડીયા
સોની બજાર, ધ્રોલ.

૧૮. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શક્તિ માતાના મંદિર સામે. ધ્રાંગધ્રા.

૧૯. શ્રી ભનુભાઈ પોપટ
'કુલદેવી કૃપા' ગાયવાડી ટાંકી પાસે,
ઠક્કર પ્લોટ, પોરબંદર.

૨૦. શ્રી કનૈયાલાલ ભોગીલાલભાઈ
ટ્રસ્ટી શ્રીનાથજી બાવા હવેલી
પાળીઆદ રોડ, બોટાદ.

૨૧. શ્રી એન. એમ. પારેખ
C/o. પારેખ એજન્સીઝ
૧૫૧, ગોવિંદાપા નાઈક સ્ટ્રીટ,
બીજે માળે,
મદ્રાસ. ૬૦૦૦૦૧

૨૨. પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
મોટા ભાદરા.

૨૩. શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
ખત્રીવાડ, શેરી નં. ૪ મોરબી.

(વધુ માટે જુઓ ટાઇટલ ત્રીજું)

|| શ્રી હરિઃ ||
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત
શ્રી વલ્લભ સુધા
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક
શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૧૧ * ફેબ્રુઆરી, ૧૯૮૯

- * શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વાંતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

|| શ્રીહરિઃ ||

પ્રપત્તિમાર્ગ

(પુષ્ટિ માર્ગ-અનુગ્રહ માર્ગ)

મુળ અંગ્રેજીમાં લેખક
શ્રી સુંદરલાલ મણિલાલ વકીલ, એડવોકેટ
ગુજરાતીમાં અનુવાદક
પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ

[શ્રી સુંદરલાલભાઇનો જન્મ ભરૂચમાં સંવત ૧૯૫૬ માં થયો હતો. તેઓ બી. એ.; એલ. એલ. બી. અને હાઈકોર્ટ વકીલ એડવોકેટ હોવા છતાં મુંબઈમાં હાઇસ્કુલમાં સંસ્કૃત અધ્યાપકનો વ્યવસાય સ્વીકારી આજીવન સાંપ્રદાયિક સંસ્કૃત સાહિત્યનું પરિશીલન કરનાર, શ્રી વલ્લભાચાર્યજીના સંસ્કૃત મૂળ આકર ગ્રંથો જેવાંકે શ્રી સુબોધિનીજી, તત્ત્વાર્થદીપ નિબંધ, બ્રહ્મસૂત્ર અણુભાષ્ય, પ્રદીપ, પ્રકાશ ઇત્યાદિની ટીકાઓ સાથેના અધ્યયન મનન ને પઠનમાં જીવન વીતાવનાર તેના ફલ રૂપે શ્રી ભાગવત સુધા-પ્રથમ સ્કંધ, સર્વ નિર્ણય પ્રકરણ, શિક્ષા પત્ર જેવા ગ્રંથો સરલ, સુવાચ્ય તથા મૂળને વફાદાર રહી ગુજરાતીમાં અનુવાદ કરીને નિષ્કામ ભાવે સંપ્રદાયની નામ સેવામાં સુંદર ફાળો આપેલ છે.

આવા ગૌરવશાળી વિદ્વાનના સિદ્ધ હસ્તે અભ્યાસ

પૂર્ણ અંગ્રેજીમાં લખાયેલ લેખ–સર્વ જાતિ અને કોમ પ્રત્યે-પુષ્ટિ સંપ્રદાય ઉદ્ધાર અને વિશાળ ભાવનાશીલ હોવાનું દિગ્દર્શન કરાવે છે એટલું જ નહિ પરંતુ હાલમાં નાથદ્વારામાં હરિજનોના મંદિર પ્રવેશના નામે અશાંતિનું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કેટલાંક રાજનીતિક સ્વાર્થી તત્ત્વોને શુધ્ધ સૈધ્ધાંન્તિક જવાબ આપે છે. – સંપાદક]

પપત્તિ (શરણાગતિ) નો આ માર્ગ સર્વને માટે ખુલ્લો છે. (એટલે કે તેમાં પ્રવેશને માટે કોઇને પ્રતિબંધ નથી)–પછી તે જીવ કોઈપણ જ્ઞાતિનો કે વર્ણનો કે શ્રી વલ્લભાચાર્યજીના કે શ્રી રામાનુજાચાર્યના સંપ્રદાયનો અનુયાયી હોય. પરંતુ સર્વ જીવોને માટે તેમાં પ્રવેશની છૂટ છે. વૈષ્ણવ આચાર્યોએ પોતપોતાના માર્ગમાં પ્રપત્તિ માર્ગને સ્વીકારેલો છે. વૈષ્ણવમાર્ગીય આચાર્યો "પવિત્ર સૂતરના તંતુઓ" એટલે કે પાવનકારી જનોઈ, કંઠી, માળા વગેરે વસ્તુઓ બધા જીવોને અધિકાર મુજબ આપે છે–જેમાં સ્ત્રી શુદ્રાદિકનો તેમજ હલકી ગણાતી જ્ઞાતિના લોકોનો પણ સમાવેશ થઇ જાય છે. પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાનની ઇચ્છાને સંપૂર્ણ પણે આધીન રહેવાની વૃત્તિ એ જ પ્રપત્તિ માર્ગનો સિદ્ધાંત છે. આ પપત્તિમાર્ગ અનુસાર મુકિત (એટલે મોક્ષ) આપવાનું કાર્ય સર્વ શક્તિમાન પરમાત્મા શ્રીકૃષ્ણની ઇચ્છાને આધીન છે, તેમજ તેમની સ્વયંપ્રેરિત તથા (નિર્વ્યાજ) નિઃસ્વાર્થ કૃપા અથવા અનુગ્રહ પર આધારિત છે, આ સિદ્ધાંતમાં એવું પ્રતિપાદન કરવામાં આવે છે કે દુઃખ પીડિત જીવોના દુઃખનું સંવેદન પરમ કૃપાળુ ભગવાનને થાય છે અને તેથી જ તેમની કૃપા અથવા પુષ્ટિ, અજ્ઞાની અથવા સાધન હીન જીવો–જેઓ તે ઇશ્વરનું સંપૂર્ણ શરણ સ્વીકારે છે તેમના–ઉપર મુકત પણે (એ કૃપા) ઉતરે છે.

પુષ્ટિ ભકિતમાં શ્રીવલ્લભાચાર્યજીએ એક સ્પષ્ટ તથા વિશ્વવ્યાપી ધર્મ તરીકે કૃષ્ણ-શરણ માર્ગ અથવા ભગવત્ પપત્તિમાર્ગનો ઉપદેશ કરેલો છે અને તદનુસાર તેમના મહાનુભાવ પુત્ર તથા અનુગામી શ્રીવિઠ્ઠલેશ ચરણ મહોદયે જાતિ યા તો સાંપ્રદાયિક માન્યતા યા તો વર્ણભેદની કોઈ પણ મર્યાદા વગર બધા જીવોને કૃષ્ણ શરણ માર્ગમાં પ્રવેશ આપ્યો છે. ભગવાનને શરણે જવાની પ્રક્રિયાના સર્વોદ્ધારક મહત્ત્વને લક્ષમાં રાખીને તેમણે શ્રીકૃષ્ણ સેવાની છૂટ માત્ર દ્વિજ જાતિના લોકોને જ નહિ, પરંતુ પતિત લોકોને પણ આપી. જેમાં નીચેના લોકોનો સમાવેશ થઇ જાય છે. જેવાં કે–

વેશ્યાઓ તથા માછીમાર મેહા ઢીમર; અંત્યજો કે અસ્પૃશ્યો જેવા કે ચહુડા, મોહના ભંગી તેમજ ઝાડુવાળાઓ તથા યવનોને પણ જેવા કે–રસખાન, અલીખાન પઠાણ તથા તેની પુત્રી–જેઓ અનુક્રમે મુંબઇના શ્રીમદનમોહનજી તથા શ્રીલલિત ત્રિભંગીરાયજીના અત્યારના કૃષ્ણ સ્વરૂપના સેવકો ગણાય છે અને તાજબીબી તથા બાદશાહ અકબરના અંતઃપુરની બીજી લલનાઓને.

શ્રીમદાચાર્યચરણ તથા શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણજી એમ બન્ને મહાનુભાવોએ ધર્મની બાબતમાં વિશ્વ ભ્રાતૃત્ત્વનું ઉદાહરણ પૂરું પાડયું છે. કારણ કે તેમણે શ્રીકૃષ્ણની સેવા તથા શ્રીકૃષ્ણનો આશ્રય યા તો ભગવત્પ્રપત્તિના રાજમાર્ગનો પુષ્ટિમાર્ગમાં બધાને ઉપદેશ આપ્યો

છે. પુષ્ટિમાર્ગનું આ સર્વોદ્ધારક લક્ષણ છે. જેની ઉદ્‌ઘોષણા તથા પાલન, આજના સમયમાં પણ સાચા વલ્લભીયજનોએ, ધગશવાળા અન્ત્યજોના ઉદ્ધારના કાર્ય માટે કરવું જોઈએ. આમ કરવાથી વિશ્વોદ્ધારક કૃપાનિધિ ભગવાન શ્રીકૃષ્ણનું તથા શ્રીવલ્લભાચાર્યજીનું મહાન યશોગાન કર્યું ગણાશે.

શ્રીમદ્દાચાર્યચરણના તથા શ્રીપ્રભુ ચરણના આ મહોદાર સર્વોદ્ધારક ચરિત્રનું શ્રીહરિરાયજીએ સાચી રીતે નિદર્શન કરેલું છે. એ બન્નેને નમન કરતાં શ્રીહરિરાયજી નીચે પ્રમાણે ગુણ ભરી ઉક્તિઓ ભરે છે.

કૃષ્ણાશ્રય હૃદયાય નમઃ। પતિત સંગ્રહણાય નમઃ વિશ્વોદ્ધરણદક્ષાય નમઃ। પતિત તારકાય નમઃ। સર્વોદ્ધારકાય નમઃ। વગેરે વગેરે.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ તથા ભગવદીય ચાચા શ્રીહરિવંશજી–જેમણે કૃષ્ણ શરણ માર્ગની ક્ષેત્ર મર્યાદામાં ભિલ્લોને, કોળીઓને, પતિતોને, અન્ત્યજોને, મલેચ્છોને, તથા બીજા પાપયોનીમાં જન્મેલા જીવોને પણ પ્રવેશ આપ્યો હતો. તેમના મહોદાર વલણને હાલના કાળમાં જો પુનરુજ્જિવિત કરીને, ઉદારતાપૂર્વક અમલમાં મૂકવામાં આવે અને અલબત્ત દ્વિજ વૈષ્ણવોની આચાર શુદ્ધિની મર્યાદાને ઓળંગ્યા વિના અન્ત્યજોદ્ધારની વર્તમાન સમયની જોરદાર માગણીનો સાનુકૂળ પ્રત્યુત્તર આપવામાં આવે તો આપણા સર્વોદ્ધારક અખંડ ભૂમંડલાચાર્યના વિશ્વ ધર્મરૂપ પુષ્ટિ સંપ્રદાયનો મહાન યશ ધ્વજ ફરકાવ્યો ગણાશે.

શ્રીમદ્‌ ભાગવતના સ્કં. ૭ અ.૭ શ્લોક ૪૯ થી ૫૫ માં દર્શાવ્યા મુજબ શરણ માત્રથી પણ શ્રીવલ્લભાચાયાર્યજી અન્ત્યજોને તથા પાપ યોનિમાં જન્મેલા અન્ય જીવોને, શુદ્ધિ, ભગવત્ સેવા યોગ્યત્ત્વ તથા તેમના ઉદ્ધારની છુટ આપે જ છે. (આ શ્રીમદ્‌ ભાગવતજીના શ્લોક અર્થ સહિત નીચે મુજબ છે.)

સર્વેષામપિ ભૂતાનાં, હરિરાત્મેશ્વરઃ પ્રિય ।
ભૂતૈર્મહદ્‌ભિઃ સ્વકૃતૈઃ, કૃતાનાં જીવ સંક્ષિત ॥૪૯॥

દેવોઽસુરો મનુષ્યો વા, યક્ષો ગન્ધર્વ એવ ચ ।
ભજન્ મુકુન્દચરણંસ્વસ્તિમાન્ સ્યાદ્‌ યથા
વયમ્ ॥૫૦॥

નાલં દ્વિજત્વંદેવત્વમૃષિત્વં વાસુરાત્મજાઃ ।
પ્રીણનાય મુકુન્દસ્ય, ન વૃત્તં ન બહુજ્ઞતા ॥૫૧॥

નદાનં ન તપો નેજ્યા, ન શૌચં ન વ્રતાનિ ચ ।
પ્રીયતેઽમલયા ભક્ત્યા, હરિરન્યદ્‌ વિડમ્બનમ્
॥૫૨॥

તતો હરૌ ભગવતિ, ભક્તિં કુરુત દાનવાઃ ।
આત્મૌપમ્યેન સર્વત્ર, સર્વત્ર ભૂતાત્મનીશ્વરે ॥૫૩॥

દૈતેયા યક્ષરક્ષાંસિ સ્ત્રિયઃ શૂદ્રા વ્રજૌકસઃ ।
ખગા મૃગાઃ પાપજીવાઃ સન્તિ હ્યચ્યુતતાં ગતાઃ
॥૫૪॥

એતાવાનેવ લોકેઽસ્મિન્ પુંસઃ સ્વાર્થઃ પરઃ સ્મૃતઃ ।
એકાન્તભક્તિર્ગોવિન્દે યત્ સર્વત્ર તદીક્ષણમ્ ।૫૫।

ભા. ૭–૭–૪૯થી૫૫.

શ્લોકાર્થ : ભગવાન આત્મા સર્વ પ્રાણીમાત્રના મૂળરૂપ છે, તેથી જ એ અત્યંત પ્રિય છે. સર્વના અંતરમાં રહી એ નિયંત્રણ કરે છે તેથી ઇશ્વર છે. ભૂતને પણ પોતે જ કરે છે અને એમાં એ સ્વયં અંતર્યામીપણાથી રહે છે. ॥૪૯॥

દેવ, મનુષ્ય, અસુર, યક્ષ, અથવા ગંધર્વ કોઇ હો, મોક્ષ આપનાર મુકુંદ ભગવાનના

ચરણનુ ભજન કરવાથી જ એ અમારી પેઠે કલ્યાણ મેળવી શકે છે. ।।૫૦।।

હે દૈત્ય બાલકો; ભગવાનને પ્રસન્ન કરવા માટે બ્રાહ્મણ, દેવતા અથવા ઋષિ હોવું, સદાચાર અને વિવિધ પ્રકારના જ્ઞાનથી સંપન્ન હોવું તથા દાન, તપ, યજ્ઞ, શારીરિક અને ભારે-ભારે વ્રતોનું આચરણ પૂરતું નથી. ભગવાન માત્ર નિષ્કામ પ્રેમભકિતથી જ પ્રસન્ન થાય છે. બીજું બધું તો વિડંબન છે-દેખાવ માત્ર છે. (૫૧–૫૨)

તેથી હે દાનવો, સમસ્ત પ્રાણીઓને પોતાની સમાન જ સમજી સર્વત્ર બિરાજમાન, સર્વાત્મા, સર્વશકિતમાન ભગવાનની ભકિત કરો. ।।૫૩।।

દૈત્ય, યક્ષો, રાક્ષસો, સ્ત્રીઓ, શૂદ્રો જંગલમાં રહેનારા, પક્ષી, પશુ અને બીજા ઘણા પાપી જીવો પણ ભગવદ્‌ભાવને પ્રાપ્ત થઇ ગયા છે. ।।૫૪।।

આ સંસારમાં અથવા મનુષ્ય શરીરમાં જીવનો મહાનમાં મહાન પુરુષાર્થ જો કોઇ હોય તો તે ભગવાન્ શ્રીકૃષ્ણની અનન્ય ભકિત કરવી, તે છે. સર્વદા, સર્વત્ર બધી વસ્તુઓમાં ભગવાનનું દર્શન કરવું એ ભકિતનું સ્વરૂપ છે. ।।૫૫।।

શ્રી ભાગવત સુબોધિનીમાં ૨–૪–૧૮ સ્પષ્ટીકરણ કરતાં આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે જાતિથી યા તો કાર્યથી (કર્મથી) દુષ્ટ હોય એવાં અત્યંજો પણ માત્ર ભગવાનના ભકતનો આશ્રય કરવાથી શુદ્ધ થાય છે. અને ભકતોની જેમ ભગવાનની સેવા કરવાને યોગ્ય બની જાય છે. "અન્યેઽપિ પાપાઃ પ્રાયશ્ચિતાનધિકૃતા અપિ ।" એટલે કે અન્ય પાપીઓ પણ –પ્રાયશ્ચિતનો અધિકાર ન હોવા છતાં પણ.

[કિરાતહૂણાન્ધ્રપુલ્કસા, આભીરકન્કા યવનાઃ
ખસાદયઃ ।
યેઽન્યે ચ પાપાયદુપાશ્રયાશ્રયાઃ શુદ્ધયન્તિ તસ્મૈ
પ્રભવિષ્ણવે નમઃ ।।૧૮।।
ભા. ૨–૫–૧૮.

શ્લોકાર્થ : કિરાત, હૂણ, આન્ધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ વગેરે નીચ જાતિઓ તથા જે પાપી લોકો છે એઓ પણ ભગવાનના ભકતોનો આશ્રય કરવાથી શુદ્ધ થાય છે, તે સર્વશકિતમાન ભગવાનને હું નમું છું. ।।૧૮।।]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

રિતુ બસંત કે આગમ મેં હો, પ્રચુર મદન કો જોર

પ્રેષક : **સોની કાન્તીલાલ છગનલાલ-ચીત્તલ**

વસંતનુ આગમન એટલે જાણે કોઇ નવોઢા સોળે શણગાર સજી પોતાના પિયુને મળવા જવા તૈયાર થઇ હોય, તેમ ચોપાસ વનશ્રી વિકસી રહિ છે. વાતાવરણ ત્રિવિધ પવનથી એકદમ આહલાદક લાગે છે. વૃંદાવનની કુંજોમાં કોયલના ટહુકારા જાણે કેમ પિયુ મિલનની વધામણી દેતા હોય તેવા મીઠા લાગે છે. પલાશના વૃક્ષોમાં કેશુડાના કુલોની શોભા તો જાણે નવયૌવના વ્રજભકતો કેશરી સાડી પરીધાન કરીને પોતાના પ્રાણ પ્રિતમને મળવા પાણી ભરવાનુ મિષ કરીને ટોળે ટોળા ન નિકળી પડયા હોય ? તેવુ લાગે છે.

આવોજ થનગનાટ અને આનંદ વ્રજનાં ગોપીજનોના હૈયામાં પણ હિલોળા લ્યે છે, કારણ કે વસંતનો ખેલ તથા હોરી ખેલ એટલે પોતાના પ્રાણ પિયુને લોક લાજ તથા કુલકાન વગર છુટથી રંગ લગાવવાના મિષથી સ્પર્શ સુખ લેવું અને પોતાના મનના મનોરથ પુરા કરવાના જ દીવસો કારણ કે વસંત ને અને કામદેવને પરમ મિત્રતા છે. તેથી જ વસંત પંચમીથી ખેલ દ્વારા કામનુ પ્રાગટય છે.

વ્રજમાં બધા ગોપીજનો મળી શ્રીવ્રષભાનજીને ત્યાં કીર્તીજી પાસે આવે છે. અને વિનંતી કરે છે. કે હે કીર્તીજી આજે વસંતનો પ્રથમ દીવસ છે. તો તમારી લાડીલી "રાધા" ને કૃપા કરી અમારી સાથે ખેલવા મોકલો, ત્યારે કીર્તીજી બહુજ પ્રસન્ન થયા. અને શ્રી સ્વામીનીજીને સ્નાન કરાવી, સુંદર વસ્ત્રાભુષણ પહેરાવી, સખીઓ સહિત શ્રી સ્વામિનીજીને નાના પ્રકારના સુંદર ભોજન કરાવી, ખેલનો બધો સાજ તૈયાર કરી પ્યારીજીને લલિતાજીના હાથમાં સોંપતા કીર્તીજી કહે છે જુઓ લલિતા આ મારી દીકરી પરમ સુકોમળ અને ભોળી છે. તેને ખેલમાં કયાંય એકલી જવા દેશો નહિ. અને તમે બધી સખીઓ તેનું ધ્યાન રાખશો. લલિતાજી વગેરે સખીજનો કહે છે. અરે કીર્તીજી આ તમારી દીકરી તો અમોને પ્રાણથી પણ પ્યારી છે. તેની તમો જરાપણ ચિન્તા કરશો નહિ આમ કરિ શ્રી સ્વામિનીજી સહિત સર્વે ગોપીજનો બહાર શેરીમાં આવ્યા કારણકે દરેક ગોપીજનને મનમોહનને મળવાની તાલાવેલી છે.

વ્રજની શેરીઓમાં ગોપ અને ગોપીજનો ટોળે ટોળા દેખાય છે, ગોપીજનો શ્રીસ્વામિનીજી સહિત બહાર આવે છે, ત્યાં સામેથી નંદનંદન સખાઓ સહિત નાચ ગાન કરતા, વિવિધ પ્રકારના વાજીંત્રો ઝાંઝ, ડફ, મૃદંગ બજાવતા ચાલ્યા આવે છે.

શ્રીઠાકુરજીનુ યુથ તથા શ્રીસ્વામિનીજીનું યુથ બન્ને સામ સામે મળી જાય છે. શ્રીઠાકુરજી કહે આજે તો વૃંદાવનમાં વસંત ખેલવા જવુ છે, બધા સખાઓએ કીલકારી કરતા નાચતા તાળીઓ પાડતા શ્રીઠાકુરજીના આ પ્રસ્તાવને વધાવી લીધો.

રસ્તે ચાલતા શ્રીઠાકુરજી મનોરથ કહે છે. કે આજે દાવ મળે નો ગોપીઓના યુથાધિપતિ રાધાને લાલ ગુલાલથી મુખ માંડવુ છે.

આ બાજુ શ્રી સ્વામિનીજી પણ મનમાં મનોરથ કરે છે કે આજે દાવ મળે તો પીળા ગુલાલથી શ્રી ઠાકોરજીનું મુખ માંડીશ તથા દરેક ગોપીજનો પણ વિવિધ પ્રકારના મનોરથો કરે છે.

માઇ આજ તો મોહન સંગ રંગ ભરી
ખેલુંગી લોકલાજ પાઇન સો. પિછોડીયાં પે
લુંગી ॥૧॥ નિંદરોંગી આરજ પંથ નેક ન
ડરૂંગી નિધરક એકવાર, પિય કો ભરૂંગી ॥૨॥
કેશરકે રંગન, રંગીલો કરૂંગી વેસરકો મોતી;
ફગુવા કાજ હરૂંગી ॥૩॥ લલિત ત્રિભંગી રસ
ઢરન ઢરૂંગી રતિ પતિ રન, 'વ્રજપતિ" સો
લરૂંગી ॥૪॥

આમ વિવિધ મનોરથો કરતા સૌ વૃંદાવનમાં આવ્યા. ત્યાં એક બાજુ શ્રી ઠાકોરજીનું યુથ તથા એક બાજુ શ્રી સ્વામિનીજીનું યુથ એમ સામ સામે ગોઠવાઇ ગયા.

શ્રી ઠાકોરજીએ ખેલની શરૂઆત કરતા ગોપીજનોના યુથમાં ગુલાલની જોરદાર પોટરી ચલાવી ત્યારબાદ દરેક સખાઓએ પણ રંગ બેરંગી પીરો, શ્યામ, લીલો વગેરે ગુલાલની પોટરી ચલાવી. આકાશમાં જાણે રંગબેરંગી વાદળો છવાઈ ગયા. આ બાજુ ગોપીજનોના યુથમાંથી પણ અલગ અલગ રંગોની પોટરી ચાલી.

થોડીવાર આ રીતે ખેલ ચાલ્યો. પછી લલિતાજીને વિચાર આવ્યો કે આમ ખેલમાં કાંઇ મજા આવતી નથી. કંઇક લીલા થાય અને શ્રી ઠાકોરજી પકડાય તો આનંદ આવે. આમ વિચારી શ્રી સ્વામિનીજીને પોતાનો આ વિચાર જણાવ્યો. અને પકડવાનો ઉપાય પણ કાનમાં કહયો. આ સાંભળી શ્રી સ્વામિનીજી અતિ પ્રસન્ન થયા અને લલિતાજીને કહ્યું- જલદી શ્રી ઠાકોરજીને જઇને કહિ દે.

લલિતાજીએ જઇને શ્રી ઠાકોરજીને કહ્યું કે શ્રી સ્વામિનીજી તો ઘરે ચાલ્યા જાય છે. શ્રી ઠાકોરજી કહે મારો શું વાંક છે કે ખેલ પડતો મૂકીને જાય છે? ત્યારે લલિતાજી કહે તમારી પીચકારી માગે છે તે જો આપ આવીને આપી જાવ તો જશે નહિ.

શ્રી ઠાકોરજી લલિતાજીની સાથે શ્રી સ્વામિનીજી જ્યાં બિરાજી રહ્યા હતા, ત્યાં આવ્યા. અને શ્રી ઠાકોરજીએ કહ્યું: લો આ પીચકારી. શ્રી સ્વામિનીજીએ પીચકારી પકડી, પરંતુ શ્રી ઠાકોરજી બધી ચાલબાજી સમજી ગયા અને પોતે પણ પીચકારીને છોડી નહિ. એક બાજુથી શ્રી સ્વામિનીજી પીચકારી ખેંચે તો બીજી બાજુથી શ્રી ઠાકોરજી ખેંચે.

ત્યારે શ્રી લલિતાજી શ્રી સ્વામિનીજીને પાનો ચડાવવા બોલ્યા કે જો રાજા વૃષભાનજી તથા કીર્તિજીના બેટી હો તો પીચકારી છોડતા નહિ,

આ બાજુ મધુમંગલ શ્રી ઠાકોરજી પ્રતિ પડકાર કરે છે કે જોજે ભૈયા કૃષ્ણ! નંદરાયજી તથા જશોદાજીની હાંસી કરાંવતો નહિ, મારો મિત્ર થઇને પીચકારી છોડતો નહિ. આમ પીચકારીની સામસામી ખેચા ખેંચીમાં શ્રી ઠાકુરજીએ કેડે ખોસેલ મુરલી નીચે પડી ગઈ, તે કોઇનું ધ્યાન નથી. ફક્ત એક ચંદ્રાવલીજીને જ ખબર છે. તેમણે પોતાના હસ્તમાંથી એક કંકણ કાઢી નીચે કોઇ ન જુવે તેમ ફેંક્યું, પછી કંકણના મિષથી મુરલી પણ લઈ લીધી. અને સીધા પોતાની નિકુંજમાં પધાર્યા.

આ બાજુ શ્રીસ્વામીનીજીએ જોરદાર એક ઝાટકો લગાવી શ્રીઠાકુરજી પાસેથી પિચકારી છીનવી લીધી. ત્થા બીજા ગોપીજનો શ્રીઠાકુરજીને ઘેરી વળ્યા. અને રંગબેરંગી ગુલાલની પોટરી ચલાવી એકદમ અંધિયારી કરી મુકી. આ મોકાનો લાભ લઈ શ્રી સ્વામીથીજીએ પોતાના મનોરથનો પીરો ગુલાલ શ્રીઠાકુરજીના મુખે લગાવી દીધો. આ જોઇ બધા ગોપીજનો હસવા લાગ્યા. શ્રીઠાકુરજી છટકીને માંડ માંડ ગોપીઓના યુથમાંથી બહાર આવ્યા, પરંતુ શ્રી સ્વામીનીજીએ છોડયા નહિ. મધુમંગલ કહે : અરે ભૈયા કૃષ્ણ ! તેં મારૂં બોળ્યું ? મારો મિત્ર થઇને હાર્યો. ત્યારે શ્રીઠાકુરજી કહે : શું કરૂં ? ભૈયા ! મારામાં જેટલું બળ હતું તેટલું મેં કર્યું અને એમની પાસે તો આમેય પણ સદા મારી હાર જ છે.

પછી ગોપીજનોના ટોળામાંથી લલિતાજી બોલ્યા : જો મુરલી ગીરો મુકો તો પિચકારી મળે !!! હેં મુરલી ??? જ્યાં શ્રીઠાકુરજી પોતાની ફેંટમાં જુએ છે તો મુરલી ન મળે, ત્યાં રહેલ બધાને પુછયું, પરંતુ ત્યાં એક ચંદ્રાવલીજીને જોયા નહિ, ત્યારે જાણ્યુ કે મુરલી નકકી ચંદ્રાવલી જ લઇ ગયા છે. ત્યારે શ્રીઠાકુરજી કહે : તમે મને છોડો તો હું મુરલી લાવી આપું. શ્રીસ્વામીનીજી કહે : વચન આપો તો છોડીએ, શ્રીઠાકુરજીએ વચન આપ્યું ત્યારે છોડયા.

* * *

ત્યાંથી શ્રીઠાકુરજી શ્રી ચંદ્રાવલીજીની નિકુંજમાં પધાર્યા. ત્યાં ચંદ્રાવલીજીએ અનેક પ્રકારની સામગ્રી નિકુંજની સજાવટ કરી છે. અનેક પ્રકારની સામગ્રી સિદ્ધ કરી રાખી છે. શ્રીઠાકુરજીને બીરાજવા માટે શૈયા વગેરે પણ સિદ્ધ કરી રાખી છે.

શ્રીઠાકુરજીને પધારેલા જોઇ ચંદ્રાવલીજી અતિ પ્રસન્ન થયા. શ્રીઠાકુરજીને આદરસન્માન પૂર્વક સિંહાસન પર પધરાવી ભાંતી ભાંતીના ભોજન આરોગાવી પોતાનો મનોરથ પુરો કરે છે.

આ બાજુ બધા ગોપ શ્રીઠાકુરજીને ન જોતા, પોકાર કરવા લાગ્યા. ચંદ્રાવલીજીની નિકુંજ એવી ગાઢી છે કે કોઇને કંઇ પત્તો જ મળે નહિ. સખાઓનો સાદ સાંભળી શ્રીઠાકુરજીએ કહ્યું : કોઇ મને સાદ કરે છે.

ત્યારે ચંદ્રાવલીજી કહે : મારી નિકુંજમાં કોઇને ગમ્ય પડે તેવું નથી. આપ સુખેથી બિરાજો. અહીંના પશુ, પક્ષી, શુક, સારસ, હંસ, મોર વગેરે બધાં મનુષ્યની બોલી બોલે છે. તે કોઇ બોલતું હશે ! તેથી આપ કોઈ સંદેહ ન કરો. ત્યારે શ્રીઠાકુરજી પ્રસન્ન થઈ ચંદ્રાવલીજીના જે કંઇ મનોરથ હતા તે પુરા કરી, મુરલી લઇ પાછા ખેલમાં સામેલ થઇ ગયા.

ત્યારે બલદેવજી કહે : કૃષ્ણ તું કયાં ગયો હતો ? તને બધા ગોતે છે. ત્યારે શ્રીઠાકુરજી કહે : ભૈયા ! હું ગોપીઓને ફગુવા દેવા ગયો હતો. તેથી બધા મને ગોતે છે. પછી બધા સખાઓને શ્રીઠાકુરજીએ સેનમાં પોટરી ચલાવવાની આજ્ઞા કરી. બધાં સખાઓએ તુરત જ શ્યામ, પીરો, લાલ, લીલો વગેરે રંગબેરંગી ગુલાલની પોટરી જોરદાર ચલાવી. આકાશમાં એકદમ અંધિયારી થઇ ગઇ. ગોપી-

જનો બચવા માટે અહિં તહિં ભાગવા લાગ્યા. આ મોકાનો લાભ લઈ શ્રીઠાકુરજીએ પોતાના મનોરથનો લાલ ગુલાલ શ્રી સ્વામીનીજીના મુખ પર લગાવી દીધો. ત્યારે બન્ને યુગલ-સ્વરૂપ પ્રેમમગ્ન થઇ ગયા.

"તબ વૃષભાન દુલારી, હરિભરિ લીને અંક ।।
ન કહી જાય તા સુખકી, માનો નિધિ પાઇ રંક ।।૧૬।।
બરનિ ન સકે કોઉ હરિ કે, અગનિત ચરિત્ર વિચિત્ર ।।
જિહિં તિહિં ભાંતિ "ગદાધર" રસના કરે પવિત્ર ।।૧૭।।
સકલ કુંવર ગોકુલ કે, નિકસે હે ખેલન ફાગ ।।"

આ માસના ઉત્સવ

મહા સુદ ૪ તા. ૯-૨-૮૯ ગુરૂવાર શ્રી મુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ. શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧) શિશિર ઋતુ પૂરી થઈ. ગો. શ્રી યોગેશબાવા (કામવન) તથા ગો. શ્રી કૃષ્ણકુમાર બાવા (મથુરા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૧૦-૨-૮૯ શુક્રવાર વસંત પંચમી. શ્રીમદનમોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ. કવિશ્રી જયદેવનો જન્મદિન. વસંતઋતુની શરૂઆત થઈ વૈશાખ સુદ ૨ સુધી.

મહા સુદ ૬ તા. ૧૧-૨-૮૯ શનિવાર શ્રી યશોદાજીનો જન્મદિન. ગો. શ્રી રાજકુમાર અનિરૂદ્ધજી મહારાજ (મુંબઈ) અને ગો. શ્રી ઘનશ્યામબાવા (મુંબઇ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૧૩-૨-૮૯ સોમવાર ગો.શ્રી માધવરાયજી મહારાજ (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૧૬-૨-૮૯ ગુરૂવાર જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૧૭-૨-૮૯ શુક્રવાર શ્રી લાડીલેશજી (વેરાવળ)નો પાટોત્સવ.

મહા સુદ ૧૫ તા. ૨૦-૨-૮૯ સોમવાર માઘ સ્નાન સમાપ્તિ. હોળી દંડારોપણ સાંજે સૂર્યાસ્ત પછી ચંદ્રગ્રહણ. સ્પર્શ રાત્રે ક. ૭-૧૩. મોક્ષ રાત્ર ૧૦-૫૭. વેધ ત્રણ પ્રહરનો લાગે છે તેથી સોમવારે સવારે ૧૦ વાગ્યા સુધી પ્રસાદ લઇ શકાય. બપોરના ત્રણ વાગ્યા સુધી જલપાન થઈ શકે.

મહા વદ ૪ તા. ૨૪-૨-૮૯ શુક્રવાર ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (ચાંપાસેની)નો તથા ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૨૬-૨-૮૯ રવિવાર શ્રીરણછોડજી (ડાકોરનો) પાટોત્સવ. ગો. શ્રી કલ્યાણરાયબાવા (સુરત) અને ગો. શ્રી અભિષેકબાવા (મથુરા)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૨૭-૨-૮૯ સોમવાર ગો. શ્રી રસિક પ્રિયતમબાવા (વિરમગામ) અને ગો. શ્રી રઘુનાથબાવા (મુંબઈ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૨૮-૨-૮૯ મંગળવાર શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

મહાવદ ૯ તા. ૨-૩-૮૯ ગુરૂવાર ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ (માંડવી) તથા ગો. શ્રી યદુનાથબાવા (મુંબઈ) અને ગો. શ્રી ગોપાલલાલબાવા (મથુરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૩-૩-૮૯ શુક્રવાર ગો. શ્રી રાજેશબાવા (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા ૪-૩-૮૯ શનિવાર વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૫-૩-૮૯ રવિવાર ગો. શ્રી વસંતબાવા (પોબંદર)નો જન્મદિન.

મહા વદ અમાસ તા. ૭-૩-૮૯ મંગળવાર ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોરબંદર) તથા ગો. શ્રી વલ્લભબાવા (ગોકુલ)નો જન્મદિન.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૬ મો)

દમ્ભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવચ ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદમાસુરીમ્ ॥૪॥

શ્લોકાર્થ–દમ્ભ એટલે બહારથી ધર્મિષ્ઠ હોવાનો ડોળ કરવો, જ્યારે અન્દરથી ધર્મ ભાવનાનો અભાવ હોય તેવો ખોટો દેખાવ; દર્પ એટલે વિદ્યા વગેરે પોતે ધરાવે છે એવો ખોટો ગર્વ. અભિમાન, ક્રોધ એટલે ગુસ્સો, પારુષ્ય એટલે કર્કશતા, અજ્ઞાન (સાચી વસ્તુના) જ્ઞાનનો અભાવ, આ બધાં લક્ષણો આસુરી સંપદ્‌વાળા પુરુષનાં છે. ૪

ટીકા–આ પ્રમાણે લક્ષણો સહિત દૈવી સંપદ્‌નું વર્ણન કર્યા પછી હવે આસુરી સંપદ એટલે શું એ કહે છે, દમ્ભ એટલે ધર્મનો ખોટો ધજાગરો ફરકાવવો તે, એટલે કે અંતરખાનેથી ધર્મનો અભાવ હોવા છતાં બહારથી ધર્મ છે એમ દેખાવ કરવો તે ઢોંગ, દર્પ એટલે વિદ્યાના મદમાં પોતાની જાતને ભૂલિ જઇને બધાની સમાન માનવી તે. ક્રોધ એટલે પોતામાં અધિક બળ છે તેમ માનીને નઠોર વાકયો બોલવાં તથા કોઇનું ખરાબ ઇચ્છિવું તે. પારુષ્ય એટલે બીજાના દુઃખને અવગણવાની કઠોરતા, એવં શબ્દ વાપરીને જણાવ્યું છે કે બધા પ્રસંગે તથા સમયે કઠોરતાનો અભાવ હોવો જોઇએ અને વળી સર્વ સ્વરૂપનું અજ્ઞાન ધરાવવું તે અજ્ઞાન અર્થ એ છે કે મારી (એટલે ભગવાનની) ઇચ્છાથી આસુરી સંપદમાં જન્મેલા પુરુષોનાં આ લક્ષણ છે. ૪

દૈવી સંપદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મત ।
મા સુચઃ સંપદં દૈવીમભિજાતોઽસિ પાંડવ ॥૫॥

શ્લોકાર્થ–દૈવી સંપદ્ મુકિત માટે છે અને આસુરી સંપદ્ બન્ધન માટે છે એવો મારો મત છે. હે પાંડવ ! તું શોક નહીં કર. તું તો દૈવી સંપદ્‌વાળા કુળમાં જન્મ્યો છે. ૫

ટીકા–બન્ને સંપદ્‌નાં કાર્ય વર્ણવે છે. દૈવી સંપત ખાસ કરીને મોક્ષ માટે છે. પુષ્ટિ તથા મર્યાદા ભેદથી મનાય છે તેમાં મારી સંમતિ છે, એ ભાવાર્થ છે.

આસુરી સંપદ્ નિબંધ એટલે નિકૃષ્ટ બંધ માટે છે. ફરી ફરી સંસારમાં જન્મ મરણના ફેરા લાવી આપનાર અંધકારમાં પ્રવેશ કરાવનાર છે. એવો અભિપ્રાય છે. આ વચનો સંભળાવીને યુદ્ધ માટે આવી પહોંચેલા અર્જુનને કૌરવો વગેરે તરફ ક્રોધ જાગૃત કરીને, (યુદ્ધ કરવું કે નહિ એમ) વિચારતા અર્જુનને આશ્વાસન–હિંમત–આપે છે કે તું શોક ન કર. પાંડુના કુળમાં જન્મેલા હે અર્જુન ! તું ક્ષત્રિયના કુળમાં જન્મેલો હોવાથી શોક કરવાને યોગ્ય નથી. મારી ઇચ્છાથી તું દૈવી સંપદ ધરાવનાર કુળમાં જન્મેલો છે, માટે તું વિચાર ન કર–શોક ન કર. ૫

દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્દૈવ આસુર એવ ચ !
દૈવો વિસ્તરશઃ પ્રોકતઃ આસુરં પાર્થ મે શ્રૃણુ ॥૬॥

શ્લોકાર્થ–આ લોકમાં બે પ્રકારની પ્રાણીની સ્ટિ છે. દૈવી અને આસુરી તેમાંથી

દૈવી સૃષ્ટિ વિષે વિસ્તારથી વર્ણન કર્યું હવે હે પાર્થ આસુરી સૃષ્ટિ વિષે સાંભળ ૬.

ટીકા–એમ શંકા થાય કે દૈવી સંપદ્‌માં હું જન્મ્યો છું એમ શ્રીકૃષ્ણ કહે છે તો પછી મારા મનમાં ક્રોધ (જે આસુરી સંપદનું લક્ષણ છે તે) કેમ ઉત્પન્ન થાય છે! એવી શંકાને કલ્પી લઇને એવી શંકાનું સમાધાન કરતાં શ્રીકૃષ્ણ કહે છે કે ફક્ત એક જ દોષને કારણે આસુરીપણું આવી જતું નથી. પરંતુ તેની ઉત્પત્તિ તો સંગ દોષને કારણે થતી હોય છે તેથી તેના ત્યાગના માટે વિસ્તારથી સર્વ લક્ષણો આપીને આસુરી સંપદનું વિવેચન કરે છે. "દ્વૌ" વાળા શ્લોકમાં (કહે છે.) આ લોકમાં જીવ (પ્રાણી)ની બે પ્રકારની સૃષ્ટિ વિષે (દૈવી તથા આસુરી વિષે) કહ્યું છે. એક દૈવી તથા બીજી આસુરી–જ–ચકાર વાપરીને રાક્ષસ વગેરેની ગણના કરી. ત્યાં દૈવી સૃષ્ટિનું વિસ્તાર પૂર્વક પહેલાં જ ફલાદિ સહિત મેં વર્ણન કર્યું હે પાર્થ ! કૃપાપાત્ર ! આસુરનું મેં પહેલાં સંક્ષેપમાં (ટુંકાણમાં) વર્ણન કર્યું. હવે તું મારી પાસેથી આસુરી સૃષ્ટિનું વિસ્તાર પૂર્વક વર્ણન કરું છું તે સાંભળ. ૬.

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ, જના ન વિદુરાસુરાઃ ।
ન શૌચ નાપિ ચાચારો, ન સત્યં તેષુ વિદ્યતે ॥૭॥

શ્લોકાર્થ–આસુર જીવો આસુરી સૃષ્ટિ (સર્ગ)માં જ ઉત્પન્ન થયેલા લોકો પ્રવૃત્તિને અથવા નિવૃત્તિને જાણતા નથી અને શૌચ એટલે પવિત્રતાને કે આચારને જાણતા નથી. સત્ય તેમનામાં હોતું નથી. ૭

ટીકા–આ પ્રમાણે જણાવીને બાર શ્લોકમાં વિસ્તારપૂર્વક કહે છે. આસુરી સૃષ્ટિમાં જ થયેલા આસુરી જીવો પ્રવૃત્તિને (એટલે મારી સેવા માટે અનુકૂળ ધર્મ પદાર્થોમાં પ્રવૃત્તિને) જાણતા નથી, તેમજ સેવા માટે અનુકૂળ ન હોય તેવા ધર્મમાંથી નિવૃત્તિને જાણતા નથી. તેમને આ સંબંધી કશું જ્ઞાન હોતું નથી એ તાત્પર્ય છે. અજ્ઞાન વિષે દાખલો આપતાં કહે છે કે મારી સેવા માટે અનુકૂળ વસ્તુઓ જેવી કે દેહ શુદ્ધિ (સારું) આચરણ, સત્ય વગેરે તેમનામાં નથી. ૭.

–ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઈ તથા ગો. વા. સોની જયંતિલાલ લીલાધર, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

(શ્રી રઘુનાથ ચરણે પ્રગટ કરેલી દિપિકા)

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ**

(ગતાંકથી ચાલુ)

અહીં સવાર થતાં જ બધી દાસીઓ તે મહેલમાં આવી જુએ છે તો રાજાનું માથું કાપેલ પડયું છે અને રાણી જોવામાં ન આવી. દાસીઓએ પોકાર કર્યો તેથી બધા માણસો ભેળા થઈ ગયા. હાહાકાર મચી ગયો. એ વાત નકકી થઈ કે નવી રાણી રાજાને મારીને ભાગી ગઇ છે તેને પકડવા માટે ઘોડેસ્વારો દોડાવ્યા, પરંતુ તે કયાંય મળી નહિ. પછી રાજાનો અગ્નિ સંસ્કાર કર્યો અને બીજો રાજા ગાદી પર બેઠો.

હવે આ બ્રાહ્મણી તો કોઇ મોટા શહેરમાં આવી. ત્યાં જઇને પોતાની બધી ચીજવસ્તુ વેચીને વેશ્યાની દુકાન માંડી, અને પ્રમાણ એ બાંધ્યું કે જે પાંચ હજાર રૂપિયા આપે તેનો સંગ કરવો. એક ડોશી રાખી, તે નીચે બેસે; તે ડોશી કબુલ કરે તે ઉપર જાય. આમ કરતાં બારેક વરસ વીતી ગયા,

હવે એક વખત તે ગામમાં તે જ વણજારાની પોઠ આવી. ગામની બહાર વણજારાની પોઠ ઉતરી તે વણજારાનો છોકરો બીજા પાંચ સાત છોકરાઓને પોતાની સાથે લઇને તે શહેરમાં સહેલ કરવા નિકળ્યો. બજારમાં મેડી ઉપર જુએ છે તો ઝરૂખામાં એક બહુજ સુંદર સ્ત્રી બેઠેલી જોતાં તેનું મન તે સ્ત્રીમાં આસકત થયું, અને પોતાની સાથેના છોકરાઓને કહેવા લાગ્યો કે અરે યાર! જુઓ તો ખરા સ્ત્રી કેવી સુંદર છે. ત્યારે એક જણો બોલ્યો કે કહો તો ઠરાવ કરીએ. ત્યારે વણજારાના છોકરાએ કહ્યું કે નાયકજી લડશે તો જવાબ શું દેઇશ. ત્યારે બધાઓએ કહ્યું કે તેમાં શા માટે લડશે, તેમને અમે કહી દઇશું કે સહેલ કરવા ગયા હતા ત્યારે તે છોકરાએ કહ્યું કે ભલે તો જઇએ. એમ કહી ત્યાં બધા ગયા તો ડોશીએ આદર કરી બેસવા માટે ખુરશી આપી. તે વણજારાનો છોકરો ખુરશી ઉપર બેઠો. તેની સાથેના છોકરાઓએ પૂછયું કે અહીં મુજરો કેટલાનો છે? ત્યારે ડોશી બોલી કે રૂપિયા પાંચ હજારનો મુજરો છે અને ઇનામ જુદું.

ત્યારે આપસમાં સલાહ-વિચારણા કરવા લાગ્યા કે એટલા રૂપિયા તો છે નહિ અને જો હવે અહીંથી પાછો ફરીએ તો વટ જાય. ત્યારે એક જણ બોલ્યો કે તમારે રૂપિયાની કયાં ખોટ છે, નાયકજીના બેટા છો. ગળામાં

સોનાનો હાર પહેર્યો છે તે આપી દેજે. હજાર બે હજાર વધારે જશે, અને તમારું નામ રહી જશે. એમ બોલી ડોશીને કહ્યું કે અમારી પાસે રોકડા રૂપિયા તો છે નહિ. અમારા પિતા નાયક છે, તેનાથી અમે છૂપી રીતે આવ્યા છીએ. અમારી પાસે તો મોતીનો હાર છે તે અમે તેને પહેરાવી દઇશું.

આ સાંભળીને ડોશીએ ઉપર જઇને કહ્યું કે આ નાયકનો બેટા છે, તો તેમને તું પ્રસન્ન કરજે. એક મોતીનો હાર ઠેરાવ્યો છે. પાંચ હજારથી સવાયો ડોઢો છે, અને રાજી થશે તો ઇનામ પણ દેશે. તેણે હા કહી કે ઉપર મોકલો.

પછી ડોશીના કહેવાથી તે વણજારાનો છોકરો ઉપર ગયો, ત્યારે તે સામે આવી હાથ પકડી લઇ ગઇ અને પોતાના પલંગ ઉપર બેસાર્યો. અને રસરીતની વાતો કહેવા લાગી. પછી આ બાઇએ તેનું મોઢું બરાબર નિરખીને જોયું તો પોતાનો બેટો જે છ મહીનાનો વનમાં છોડયો હતો તેની અણહાર તેના જોવામાં આવી ને બાઈને દુઃખ થયું. જો મારો બેટો હોત તો હું આ દુકાન શા માટે માંડત.

આ બાઇને રોતી જોઇને વણજારાના છોકરાયે પૂછયું. ત્યારે બાઇએ કહ્યું કે કાંઈ નથી. મારા મનમાં જરા આવી ગયું ત્યારે વણઝારાના છોકરાએ કહ્યું કે તું આ વાત કહીશ તો જ તારી સાથે બોલીશ, નહિં તો બિલકુલ નહિ બોલું.

ત્યારે તે બાઇએ વણઝારાના છોકરાને કહ્યું કે તમારી અણહારનો એક મારો બેટો હતો, તે મારો બેટો વનમાં રહી ગયો હતો, તે અત્યારે તમારા જેવડો જ હોત તેની મને યાદી આવી ગઈ તેની યાદીથી મને રોવું આવી ગયું.

આ વાત સાંભળીને વણઝારાનાં છોકરાને પણ યાદી આવી કે નાયકને પણ હું વનમાંથીજ મળ્યો છું. તેથી કયાંક આ મારી માંતો નહિ હોય! પછી વણઝારાના છોકરાએ કહ્યું કે હું પણ વનમાં નાનો બાલક હતો ત્યાંથી નાયકને મળ્યો છે એમ અમારા સંઘના લોકો કહે છે, તો તું જ મારી મા ન હો!

આ સાંભળીને તે બાઇને માતાનો ભાવ ઉત્પન્ન થયો અને વણઝારાના બેટાને પુત્ર ભાવ ઉત્પન્ન થયો. ત્યારે તેની માતાએ કહ્યું કે બેટા! બહુ ગજબ થયો! માટે શાસ્ત્રમાં પ્રાયશ્ચિત જોવું જોઇએ.

પછી આ વણઝારાનો બેટા વણઝારાની પાસે આવ્યો અને બધી વાત કહી. આ શહેરમાં ધર્મ સભા બોલાવો અને બધાને બે બે રૂપિયા દક્ષિણા વાંટો.

પછી તે વણઝારાએ ગામના પંડિતોને ભેળા કર્યા અને બધા પંડિતો ધર્મ ચર્ચા કરવા લાગ્યા. પછી વણઝારના છોકરાએ પંડિતોને કહ્યું કે મારે એક પ્રશ્ન કરવો છે. ત્યારે પંડિતોએ કહ્યું કે પ્રશ્ન કરો.

ત્યારે તે છોકરાએ કહ્યું કે માતા ઉપર સ્ત્રીભાવ કરે તેનું પ્રાયશ્ચિત શું ?

ત્યારે પંડિતોએ કહ્યું કે અગાઉ એવી બીના બની હતી કે કોઇ એકને કોઇએ કહ્યું કે તમારી મા વ્યભિચાર કરે છે તે જોવા ગયો. જઇને જુએ છે તો તે પુરૂષ અને તેની મા ભગવદ્ વાર્તા કરતા હતા. આ જોઇને પોતાના મનમાં ધિક્કાર આવ્યો ને નદીના કાંઠે પીપ-

ળાના ઝાડની બખોલમાં બેસીને બળી મર્યો ત્યારે તેનું પ્રાયશ્ચિત નિવૃત્ત થયું.

હવે જો કોઇ મા ઉપર સ્ત્રીભાવ કરીને જાય તો મા–બેટા બન્નેએ નદીના કાંઠે પીપળાના વૃક્ષની બખોલમાં બેસીને બળી મરવું જોઇએ. એમ પંડિતોએ કહ્યું.

પછી તે વણઝારાના છોકરાએ બધા પંડિતોની પૂજા કરી બે બે રૂપિયા દક્ષિણા આપી વિદાય કર્યા.

પછી વણઝારાનો બેટા ફરવા જવાનું બહાનું બતાવી બજારમાં ગયો અને બધી વાત પોતાની મા ને કહી ત્યારે તેની માએ કહ્યું કે એમ જ કરીએ પછી બન્ને મા દીકરો નદીને કાંઠે આવી પીપળની બખોલમાં બેસી બળવા મંડયા તેમાં દીકરો બળીને મરી ગયો પરંતુ તે વખતે વરસાદ આવવાથી અગ્નિ બુઝાઇ ગયો અને માતા બચી ગઇ અને પૂરમાં પીપળો તણાતો તણાતો બીજા ગામને પાદર નીકળ્યો. ત્યાં ગોવાળિયા ગાયો ચરાવતા હતા, તેમણે આ પીપળાને તણાતો જોઇને પુરમાંથી બહાર કાઢયો તો તેમાં એક સુંદર સ્ત્રી જોઇ તેથી એક ગોવાળીઓ પોતાની સ્ત્રી કરીને પોતાને ઘેર લઈ ગયો. ને ગોવાલણ તરીકે ઘરમાં રહેવા લાગી.

પછી ગોવાળીઆઓની બીજી સ્ત્રી સાથે આ સ્ત્રી પણ માથે છાશનું દોણું લઇને વેચવા જતી હતી. રસ્તામાં લપસણું આવતાં બધી સ્ત્રીએ લપસીને પડીને બધાના દોણા ફુટયા. એટલે કોઈ બોલવા લાગી કે મારી સાસુ–નણંદ લડશે મારૂં દોણું કેવું સુંદર હતું અને ફુટી ગયું. આમ બધી ગોવાલણો સોચ કરવા લાગી પરંતુ આ તો ઉભી ઉભી હસતી હતી.

ત્યારે તેને હસતી જોઇ બીજી ગોવાલણો કહેવા લાગી કે અમને બધીને તો સોચ થાય છે ને તું કેમ હસે છે ?

ત્યારે આ સ્ત્રીએ કહ્યું કે હું કોનો સોચ કરૂં ? સોચને તો મેં ફેંકી દીધો છે અને મને ધીરજ સિદ્ધ થઈ છે. અને ધણી કાઢી મૂકે તો ભગવદ ઇચ્છા આમ કહી પહેલેથી છેલ્લે સુધી પોતાના જીવનનું વૃત્તાંત સંભળાવ્યું.

હત્વા નૃપં પતિમવેક્ષ્ય ભુજંગદષ્ટં
દેશાન્તરે વિધિવશાદ ગણિકાપિ જાતાઃ ।
પુત્રં પતિં સમધિગમ્ય ચિતા પ્રવિષ્ટા
શોચામિ ગોપગૃહિણી કથમદ્ય તક્રમ્ ॥

રાજાને મારી, પતિને સર્પ કરડેલો જોઇ બીજા દેશમાં ભાગ્યને લીધે ગણિકા થઈ અને પુત્રની સાથે પતિની માફક વ્યવહાર થતાં ચિતામાં પેઠી અને અત્યારે ગોપની સ્ત્રી બનેલી હું આ છાશનો કેમ શોક કરૂં ?

આ દૃષ્ટાંત ઉપરથી કહેવાનું કે છાશવાળી ગોવાલણની માફક આ દેહ ઉપર આવી પડતાં દુઃખો સહન કરવાં અને પ્રભુની સેવા અને સ્મરણ ભૂલવા નહિ.

–ક્રમશઃ

શ્રીહરિગુરુ વૈષ્ણવ પ્રેમી ભગવદી વૈષ્ણવ ગંગામા

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

મૂળ અમરેલીના પણ હાલ ધોરાજી સ્થાયી થયેલા પ. ભ. શ્રી રવજીભાઈ મિસ્ત્રી તા. ૩–૬–૮૮ ને શુક્રવારના દિને શ્રીજી ચરણ પામ્યા. શ્રીરવજીભાઇના પ્રભુમય અને પુષ્ટિપ્રેમી જીવનના ઘડતરમાં ગો. વા. શ્રી કૃષ્ણદાસભાઇ ખિલખાવાળા, અન્ય વૈષ્ણવો અને શ્રીવલ્લભકુલના બાલકોનું પ્રદાન રહેલું છે. વિશેષમાં તેમના ભગવદ્ પરાયણ માતુશ્રી ગંગામાનો ફાળો પણ ગણનાપાત્ર છે.

શ્રી રવજીભાઇના પિતા શ્રી વેલજીભાઇ મિસ્ત્રી સંવત ૧૯૭૧માં હરિશરણ થયા. આ સમયે શ્રી રવજીભાઇના માતુશ્રી ગંગાબેનની વય ૩૩ વર્ષની, સાસરે રહેતા મોટા બેન જવલબેનની ઉમર ૧૫ વર્ષની અને રવજીભાઇની ઉમર માત્ર ૩ વર્ષની હતી, યુવાન વયે વૈધવ્ય અવસ્થા પ્રાપ્ત થઇ હોવા છતાં ગંગાબેનો નાહિંમત નહિં થતાં કુટુંબના ભરણ પોષણનો ભાર પોતાના શિરે ઉપાડી લીધો અને પોતાના પુત્ર રવજીનો ઉછેર સ્નેહપૂર્વક કરવા લાગ્યા.

ગંગાબેન ભલે ભણેલા નહીં હતા પણ ગણેલા હતા, તેમનામાં આત્મબળ, વિવેકશીલતા અને ધૈર્યના ગુણો હોવાને લીધે તેમણે ધીરજથી કામ લીધું. પોતાના પ્રિય પુત્ર રવજીના જતનપૂર્વક ઉછેરમાં તેમણે જીવનનો આનંદ અને સુખ માન્યા. તેઓ સાદું, સરળ ધર્મપ્રેમી અને નિષ્કલંક જીવન જીવતા અને કુટુંબનિર્વાહ અર્થે સ્વતંત્ર કામ કરતા.

આ સમયે ગંગાબેનનો બ્રહ્મસંબંધ થયેલ નહીં. આમ છતાં હવેલીએ દર્શને જવાનો તેમનો નિત્યક્રમ બની રહેતો. બાલક રવજીને હવેલીએ લઇ જતા અને પ્રભુદર્શન કરાવી આનંદ પામતા, શ્રીનાથજી પ્રભુના દર્શનથી તેમને આત્મબળ અને આત્મશાંતિ પ્રાપ્ત થતા અને જીવનની કઠીનતાઓ હળવી બની જતી તેઓ પ્રભુને મનોમન વિનવતા 'હે પ્રભુ! મારા રવજીની સારસંભાળ લેતા રહેજો. એને આપનો સાચો સેવક બનાવજો કે જે જોઇ મારી આંતરડી ઠરે.'

પરમકૃપાળુ પ્રભુએ જાણે ગંગાબેનની વિનવણી સાંભળી, તે સમયે રવજીભાઇના બે કાકા મુંબઇમાં વસવાટ કરતા હતા. આ બંને કાકાઓએ રવજી અને ગંગાબેનને મુંબઇ બોલાવી લીધા સંવત ૧૯૮૧ના એ વર્ષનો એક શુભ દિને બંને કાકા–કાકી, રવજી અને ગંગાબેને શ્રી દાઉજી મંદિરમાં પ. પૂ. ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજ પાસેથી શ્રીપ્રભુ સન્મુખ બ્રહ્મસંબંધ લીધો.

બ્રહ્મસંબંધનો એ દિન ! એ શુભદિનની યાદ રવજીભાઈ અને ગંગામાના મનને હંમેશાં આનંદથી પુલકિત કરી દેતી. પ્રભુકૃપાએ કરી તે દિવસથી ગંગામા અને રવજીનું ચિત્ત પુષ્ટિ ધર્મમાં વિશેષ પરોવાવા લાગ્યું અને તેમને અપાર આનંદની ઝાંખી થવા લાગી. પ્રભુસેવા અને ભજનકીર્તનમાં મન આનંદપૂર્વક પ્રવૃત્ત રહેવા લાગ્યું.

ગંગામા અને રવજીભાઇ મુંબઇમાં લગભગ ચાર વરસ રહ્યા. આ ચાર વરસના ગાળામાં કાકાએ રવજીને એક કાબેલ કારીગર બનાવ્યો. આથી ગંગામાને કુટુંબનિર્વાહ માટે જાતે કામ કરવાની જરૂર રહી નહીં. મુંબઇના હવાપાણી માફક ન આવતાં ગંગામા અને રવજી અમરેલી આવી વતનમાં રહેવા લાગ્યા. અહીં રવજીભાઇએ જીવનનિર્વાહ માટે પોતાને યોગ્ય કામ મેળવી લીધું.

હવે ગંગામા કુટુંબનિર્વાહની ચિંતામાંથી મુક્ત થયા. આથી તેઓ મંદિર, શ્રીવલ્લભકુલ અને વૈષ્ણવોની સેવામાં વધુ પ્રવૃત્ત રહેવા લાગ્યા. તેઓ હવે મંદિરમાં સેવા ટહેલમાં, જનાનામાં માજી મહારાજની ટહેલમાં અને મરજાદી બહેનોના સત્સંગમાં વિશેષ ઓતપ્રોત રહેવા લાગ્યા. આ માટે તેઓ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. ગંગામાની સેવાની સુવાસ અને પુષ્ટિપ્રેમની પમરાટ અમરેલી અનો આસપાસના ગામોની વૈષ્ણવસૃષ્ટિમાં પ્રસરી વળી.

પુત્ર રવજીને નાનપણથી સ્નેહપૂર્વક ઉછેરી મોટો કરવામાં ગંગામા એ અથાગ પરિશ્રમ લીધો હતો. એ પુત્રને પ્રભુ પરાયણ અને ધર્મપ્રેમી જોઈ તેઓ ખૂબ આનંદિત થતા અને અનેકવાર પ્રભુની સન્મુખ હર્ષાશ્રુ વરસાવી પોતાનો આનંદ પ્રકટ કરતા આવો પ્રભુ સેવાભાવી પુત્ર આપવા માટે તેઓ સદા પ્રભુનો ઉપકાર માનતા અને પોતાને પ્રભુના કૃપાપાત્ર માનતા.

સંવત ૧૯૮૬માં ગંગામા વ્રજયાત્રા કરી આવ્યા. ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલ રજથી પાવન બનેલી એ વ્રજભૂમિમાં યાત્રા કરવામાં તેમને અપાર સુખની અનુભૂતિ થઇ. જમુના જલ સ્નાન અને જમુના જલપાન કરવાનો લ્હાવો મળ્યો તેથી તેમને ખૂબ આનંદ થયો.

રવજીભાઈ અઢાર વર્ષના થયા ત્યારે અમરેલીથી ગોંડલ સ્ટેટમાં કામ કરવા જવાનું થયું ગંગામા અને ધર્મપત્ની મણિબેન સાથે આવી ગોંડલમાં ઠરીઠામ થયા. ગોંડલની આસપાસના ગામો ઉપલેટા, ભાયાવદર, વડાળી, સુપેડી, વાડલા, મોટીમારડ, ધોરાજી, ભાવનગર અમદાવાદ જ્યાં જ્યાં રવજીભાઇને કામકાજ અંગે જવાનું થતું તે બધા સ્થળે ગંગામાં તેમનાં પુષ્ટિપ્રેમી સ્વભાવથી વૈષ્ણવોના મનને જીતી લેતા. શ્રીહરિગુરુ વૈષ્ણવ પ્રતિ સમભાવવાળા ગંગામાં પોતાની વિવેક શીલતાથી કાર્ય કુશળતાથી મધુર વાણીથી, પ્રભુ સેવાથી અને પ્રભુના કીર્તન ગુણગાનથી સર્વે વૈષ્ણવોના પ્રીતિપાત્ર બની જતા: જે જે સ્થળે તેઓ જતા તે તે સ્થળોએ વાતાવરણને પુષ્ટિ રંગથી અને પ્રભુ પ્રીતિથી ભરી દેતા અને વૈષ્ણવોને પ્રસન્ન કરી દેતા. અમરેલી અને આસપાસની વૈષ્ણવ સૃષ્ટિમાં રવજીભાઈ ગંગામાના દીકરા તરીકે ઓળખાતા થઇ ગયા–'આમને ઓળખ્યા આ છે ભગવદી ગંગામાના દીકરા રવજીભાઇ' આમ કહી સૌ તેમને પ્રભુ પ્રેમી ગંગામાના દીકરા તરીકે ઓળખવા–ઓળખાવવામાં આનંદ પામતા અને તેમના પર અપાર પ્રેમ ભાવ રાખતા.

પુત્રની ત્રણ વર્ષની નાની વય હતી ત્યારથી ગંગામા પર વૈધવ્ય આવી પડયું. અસહ્ય દુઃખ સહી, અપાર ધીરજ ધરી ભગીરથી ગંગાના જેવા પવિત્ર ગંગામાએ ધર્મમય અને નીતિમય જીવન જીવીને વૈધવ્યને ઉજાળ્યું

અને સ્નેહમયરીતે માતૃધર્મને સાર્થક કર્યું. પુત્રને પ્રેમથી પાળીપોષી મોટો કર્યો અને તેનામાં રહેલા પુષ્ટિધર્મના સંસ્કારબીજને સિંચન કરી પુષ્ટ બનાવ્યો. જે સમયે જ્ઞાતિના અન્ય કુટુંબીજનો અને સગાંસંબંધીજનો પુષ્ટિમાર્ગને છોડી અન્યમાર્ગી બનતા જતા હતા ત્યારે શ્રીનાથજીપ્રભુમાં અડગ શ્રદ્ધા રાખી ગંગામા પુષ્ટિમાર્ગમાં અવિચળ રહ્યા હતા. આવા પ્રભુમય જીવન ગાળનાર ભગવદ્દી ગંગામાનો દીકરો. ચોરાસી બસો બાવનની પાવન સ્મૃતિ કરાવે તેવો શ્રીહરિગુરુવૈષ્ણવપ્રેમી બને તેમાં આશ્ચર્ય શો ?

ભગવદ્દી ગંગામાની સ્નેહમયી અને ધર્મમયી શીતલ છત્રછાયા નીચે મોટા થનાર પુત્ર રવજીભાઇ અને પુત્રવધુ મણીબેને 'માતૃદેવો ભવ' ની પુનિત ભાવનાથી જીવનભર ગંગામાની આજ્ઞામાં રહી તેમને સ્નેહ અને સુખના અમીરસ પાઇ સદા પ્રસન્ન રાખ્યા છે અને તેમના અંતરના આશીર્વાદ મેળવ્યા છે. માતપિતાની આંતરડી ઠારનાર સંતાનો પર પ્રભુકૃપા ઊતરે છે. ગંગામાનો અને તેમના પુત્ર–પુત્રવધુનો આ અનેક ભણેલા અને અભણજનોને હૃદયમાં ચોટ વાગે એવી એક શીખ આપી જતું નથી ?

આવા ભગવદ્દી ગંગામા સંવત ૨૦૨૬ના માગસર સુદ છઠના દિને ધોરાજીનગરીમાં શ્રીજીચરણ પામ્યા. પોતાની પાછળ તેઓ લીલો વંશવેલો અને બહોળો પરિવાર મૂકી ગયા છે. આ દુનિયા છોડતી વખતે તેમણે કોઇ પણ જાતના દુઃખ કે દર્દ ભોગવ્યા નથી. સાત-આઠ દિવસ ઉપવાસ કરી આનંદથી અને પ્રસન્ન વદને લૌકિક સંબંધીજનોની વિદાય લઇ શ્રીજીના અલૌકિક ધામમાં સિધાર્યા છે. પ્રભુકૃપાથી અને ગંગામાના શુભ આશીર્વાદથી આજે તેમનો પરિવાર સુખી. આત્મસંતોષી, સત્યનિષ્ઠ, પુષ્ટિપ્રેમી અને કોઇપણ જાતના વ્યસનો અને નિંદનીય દૂષણોથી દૂર રહી પ્રભુની સેવા અને કીર્તનમાં નિષ્ઠાવાન રહી પ્રભુ સન્મુખ રહે છે ભગવદ્દી ગંગામાના અને પુષ્ટિધર્મના સિંચનથી તેમના પરિવાર જનો સન્માર્ગે રહી શ્રીહરિના, શ્રીવલ્લભકુલના અને શ્રીવૈષ્ણવસૃષ્ટિના કૃપાપાત્ર અને પ્રીતિપાત્ર બન્યા છે.

સંવત ૨૦૨૮માં પરિવારના નવા બનાવેલા મકાનમાં પૂજ્ય ગંગામાની માલાપહેરામણીનો પ્રસંગ કૌટુમ્બિક પરિસ્થિતિ અનુસાર ખૂબ ધામધૂમથી ઉજવાયો. કીર્તન ધોળપદો, ઢાઢી લીલા, શ્રી ગુરુદેવની ભેટ અને ગામ પરગામના લગભગ બસો જેટલા વૈષ્ણવોના પ્રસાદગ્રહણથી આ અલૌકિક પ્રસંગ દીપી ઊઠયો અને આનંદથી સંપન્ન થયો.

ભગવદ્દી ગંગામા આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમની ભકિતભાવના, ધર્મભાવના અને શ્રી હરિગુરુ વૈષ્ણવો પ્રત્યેની પ્રેમભાવનાની સૌરભ આપણે આજે પણ માણી રહ્યા છીએ. લૌકિક રીતે આવા પુષ્ટિપ્રેમી વૈષ્ણવની ખોટ આપણને સાલે પણ તેમનું સ્થાન તો નિકુંજલીલામાં જ હોય. આવા પરમ ભગવદ્દી વૈષ્ણવ ગંગામાને આપણા સૌ વૈષ્ણવોના અનેકશઃ વંદન.

।। વાક્પતિર્વિબુધેશ્વરઃ ।।

શ્રી વલ્લભાયન હાર્દ

વલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધરમ્બોલ)**

લેખાંક ૩૫ મો]

[ગતાંકથી ચાલુ

શ્રીકૃષ્ણદેવ અને પ્રજાજનોને ધાર્મિક બોધ

ચૌપાઈ-રાધેશ્યામ

વસુધા ભ્રમણ કરનકી ઇચ્છા લખ, નૃપ કૃષ્ણ દેવ સકુચાતે હૈ
નિજ નગર લોગ ઉપદેશ દેન, કર પ્રણામ બચન સુનાતે હૈ
મમ પરિકર ઔર નગર વાસી, વસુ યાત્રા સુનત ઉદાસી હૈ
નિજ ધર્મ કર્મ કા જ્ઞાન ચહત, વચનામૃત કે અભિલાષી હૈ
ઉમરાવ સચિવ સૈનાપતિજન, સબ નગર નિવાસી આયેંગે
ઉપદેશ લેન અતિ આતુર સબ, આયસુ પાવત બુલવાયેગેં
દ્વિજવર લખ નૃપત પરમ આતુર, આયસુ નૃપ સે કર પાતે હૈ
ડુગડુગી ફિરાવત નૃપત નગર, ચહું લોગ સભામેં આતે હૈ
જય જય ધ્વનિ કરત સભાકે જન, દર્શન કર અતિ સુખ પાતે હૈ
રાજત દ્વિજવર સિંહાસન પર, પ્રભુ બચન સુધા બરષાતે હૈ
પ્રભુ કહત સભાજન શ્રવણ કરેં, યહ માનવ તનુ બલિહારી હૈ
પાવત સદગતિ સદ ધર્મ ધરત, સુર વદત સદા ભવહારી હૈ
ગુણ વિવશ કર્મ મય ધર્મ ધરત, ચાહત સુખ વહિં દુખ પાતે હૈ
શ્રદ્ધા હીન ભટકત લોગ ચહું, ઉત્તમ નરતન બિસરાતે હૈ
હરિ મારગ નીર્વ સુદૃઢ કરને, હરિજન સંગતિ સુખકારી હૈ
હરિ ગાથા પુનિ ભકત ચરિત, વહ શ્રવણ મહત ઉપકારી હૈ
બ્રહ્માડોં કી સબ સંપતિ રખ, હરિ સુખસે કછુક મિલાયેંગે
જિમિ અંશ અંશી કા ભેદ ગિનત, યહ વિધ સુખ તનક ન પાયેંગે
મેરા મન દુખિત રહત ઉનસે, જ્ઞાતા ભી અતિ ચકરાતે હૈં
માયા મેં મોહિત દોષિત બન, દુર્ગતિ કયોં નિકટ બુલાતે હૈં
વિશ્વાસ ઇશ પર પૂર્ણ જહાં, દૂજે પર કયોં અનુરાગ ધરેં
હરિ સિદ્ધ કરેંગે કાર્ય સભી, નિર્ભય બન ચિન્તા ત્યાગ કરેં
દોહા – શ્રીહરિ ભજન સુખદ સદા, તજે અન્ય અભિલાષ
અભય પાય દ્વય લોકમેં, હૃદય ધરે વિશ્વાસ

છંદ ગીતિ

નિમિત અરુ જગકે જો કર્તા, ઇશ ઇક સબહી કે ભર્તા
કોટિ બ્રહ્માંડો કે સ્વામી, રહે વ્યાપક અન્તરયામી
પંચ મહાભૂત સૂર્ય શકિત, કરત વિધિ શિવ સુરનર ભકિત
તારા ગણ ચન્દ્ર દેવ દેવી, સિદ્ધિયાં સુભગ ચરણ સેવી
દયાલુ ભકતોં કે અધિન, સન્ત શુભ કાર્ય કરન ચિતલિન
ભજન અરુ બિરહ દૈન્ય ધરતે, જન્તુ ભવસાગર સે તરતે

માનવ દેહ પુણ્યાત્માને પ્રાપ્ત થાય છે, તે જ દેહથી મોક્ષ અને બન્ધન થાય છે. સત્ પુરૂષો માનવ દેહનો પ્રથમ વિચાર કરે છે, તેથી ચૌદ લોક વટાવી બૈકુંઠ વગેરે ઉત્તમ ગતિ મેળવી લે છે. ત્યારે તે જ માનવ દેહથી દુષ્ટ બુદ્ધિના જીવો ચોરાસી લાખ યોનીમા પુનઃ ભટકવાનુ દુખ વોહરી લે છે. માટે મનુષ્ય દેહ મોક્ષનુ દ્વાર છે તે વિચારી સત્ પુરૂષોનો સંગ કરવો. કદાચ ઇશ્વર ભકતની ખામી જોતાં દુઃખનો અનુભવ શુદ્ધિ માટે કરે તો હરિશરણ છોડવું નહિં, કદાચ તે એમ માની બેસે કે હરિની ભકિતમાં દુઃખ પડે છે, તેથી અન્ય દેવની ઉપાસના કરૂં, ત્યાં જ ભૂલ કરે છે, કારણ કે અન્ય દેવ હરિના આધિન છે. તે કયાંથી પોતે સુખ આપી શકે. રાજય કર્મચારીઓને રાજા આપી રહયો છે, તે રાજ્ય કર્મચારી રાજાના વિરોધમાં કેમ જઇ શકે, તો સ્વામી દ્રોહથી પોતાનું સુખ પણ ખોઇ બેસે છે. તેમ સર્વ દેવો, દેવીઓ ઇશ્વરની પરિચારકીથી મહાન ગણાયા છે. તે મહાનતા તેમની નથી, પણ મહત પુરૂષ પુરૂષોત્તમની છે, તો પછી રાજાની રાણીપણું છોડી, તેના સિપાઇની ગોલી બની ગોબરના ટોપલા ઉઠાવવા છે કે શું ? સુખ માટે સર્વ કોઇ દોડે છે, પણ સામે દુઃખ કયાંથી દોડી આવી વગર બોલાવ્યે ભેટી પડે છે. તો દુઃખ સુખનો દેનાર કોણ છે, તેનો તો વિચાર કરવો જરૂરી છે.

મનના ધર્મો સદા દુઃખની દીશામાં દોડે છે. બેઠા બેઠા વિતેલી વાતો યાદ કરે જાણે હમણા તે જ દુખ પડી રહ્યું છે, તેથી શોકગ્રસ્ત બની રોવા લાગે છે, તો તેવા મનને ઇશ્વર તરફ દોરી સતત સ્મરણમાં રાખી સમય પસાર કરવો. તેથી આયુષ એળે જતું નથી, વિચારો આવતા નથી, ભકિતની વૃદ્ધિ થાય, પૂર્વના પાપોનો નાશ થાય, તેમાં કયાં ધનની જરૂર છે, અર્થાત્ મન માકડાને ફુરસદ ન આપવી એજ મોટો હેતુ છે.

ચૌપાઇ-રાધેશ્યામ

છન એક ન હરિ બિન રહત હૃદય આસકત પરમ કહલાતી હૈ
જબ વ્યસન દશા અરુ વિરહ બઢત, વહ ભકિત મહત સુખ લાતી હૈ
વ્યવહારિક કાર્ય ભી કરત રહેં હરિ સ્મરણ ભજન રતિ લેતે હૈ

અંબરીશ જનક સમ પરમ ભકત, બન્ધન નહિં પાને દેતે હૈં
શ્રીહરિપર રત ચિત હોય જહાં, નિજ ધરમ મરમ સમઝાતા હૈ
ચિત અભય પાય મન મગન સદા, અર્જુન સમભય બિસરાતા હૈ
સબ ધર્મ કર્મ મય વિવિધ ક્રિયા, અધિકાર ભેદસે ગાઇ હૈ
સબ સે અતિ ઉત્તમ આત્મ ધર્મ, હરિ રતિ પરમાનન્દ દાઇ હૈ
યહ ભગવત્ ધર્મ બઢાને મેં, હરિજન કછુ સંશય ના લાવેં
સુખ દુખ ફલ અફલ સકલ હરિમય, લીલા માનત ભય બિસરાવેં

શ્લોક

સ્વધર્માચરણં શકત્યા, વિધર્માચ્ચ નિવર્તનમ્ ।
ઇન્દ્રિયાશ્વ વિનિગ્રાહઃ, સર્વથાન ત્યજેત્ ત્રયમ્ ॥

કા. ત. દી. નિ. ૨૩૮ (સ. નિ. પ્ર.)

પોતાની શકિત પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું અને વિધર્મ (ધર્મથી ઉલટું તે વિધર્મ) થી દુર રહેવું તથા ઇન્દ્રિયરૂપી ઘોડાને નિયમમાં રાખવો, એ ત્રણનો કોઈપણ પ્રકારે ત્યાગ કરવો નહિ.

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ, “વ્રજ” ધોરાજી**

શ્રીકૃષ્ણ નામ તે સકલ ધર્મ સહુ સાધનનું ફલ
શ્રીકૃષ્ણ નામથી મહા અધમ તતક્ષણ હોય નિર્મળ
॥૨૦॥

ભાવાર્થ—સર્વ સાધનો, અને સર્વ મર્યાદાના ધર્મો, પરિપૂર્ણ કરી અને જીવ મર્યાદા માર્ગથી નિવૃત થાય ત્યારે જ તે પરમ ફલ રૂપ શ્રીકૃષ્ણના નામ અને ભજન સેવાનો અધિકારી થાય છે, અષ્ટ સખા માહેના શ્રીનંદદાસજી પોતાના કીર્તનમાં કહે છે કે **“જેતેક-નેમ-ધર્મ-વ્રત કીનેરી મેં બહુ વિધ-અંગ અંગભઇ હોં તો શ્રવણુ મઇ રી.”** પદ્મ પુરાણમાં પણ શંકર પાર્વતીજીનો સંવાદ છે તેમાં પણ પાર્વતીજી પુંછે છે કે, મહારાજ ! જીવને પ્રેમ લક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય તે તો સીધા ગોલોક ધામમાં જાય. પરંતુ જગતના સર્વ જીવોનો ઉદ્ધાર કેમ થાય ? ત્યારે મહાદેવજી કહે છે કે, પાંચ જન્મ દેવી દેવતાનું ભજન કરે ત્યાર પછી દશ જન્મ સુધી. “હય ગ્રિવ” ભગવાનનું-ભજન કરે ત્યાર પછી એક હઝાર જન્મ સુધી નરસિંહ

ભગવાનનું ભજન કરે ત્યાર પછી દસ હજાર જન્મ સુધી નારાયણનું ભજન કરે ત્યાર પછી એક લાખ જન્મ સુધી શ્રીરામચંદ્રજીનું ભજન પૂજન કરે અને તે પછી જ શ્રીકૃષ્ણ ભક્તિનો અને તેના ગોલોક ધામમાં જવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. કૃષ્ણ નામથી મહા અધમનો પણ ઉદ્ધાર થઇ ગયો છે. ભૈયારૂપ મુરારી જેવા હત્યારા–કટહરિયા જેવા ખુની લુંટારા નારાયણદાસજી દીવાનનાં સ્ત્રી–વીરાંને મારી નાખનાર ઠગ ગુજરાતી વૈષ્ણવ રણછોડદાસજીના પુત્રને મારી નાખનાર ઠગ હીરાની ધરતી પારખનાર ક્ષત્રિય વૈષ્ણવને મારી નાખવા તૈયાર થયેલા ૧૧, ભયંકર ઠગો વાલીયો ભીલ વીગેરે સર્વ મહા નિર્મળ થઇ અને જગત પૂજ્ય બની ગયા માટે શ્રીકૃષ્ણ નામ રટણ કરો.

કૃષ્ણ કીર્તન સકલ તિર્થને પાવન કરતા
કૃષ્ણ કીર્તની ગંગાદિક સરિતા અધ હરતા ।૨૧।

ભાવાર્થ—અષ્ટ સખા માંહેના શ્રીનંદદાસજીએ શ્રીરાસ પંચાધ્યાયીમાં શ્રીશુકદેવજી માટે કહ્યું કે, **ગંગાદિક પવિત્ર કરન અવનિમેં ડોલે** બીજુ એક દ્રષ્ટાંત છે કે તિર્થો કેવી રીતે ભકત ચરણ રજથી નિર્મળ થાય છે. પંઢરપુર વિઠ્ઠલનાથજીનો ભકત પુંડલિક પહેલાં દુરાચારી અને દુર્જન હતો. માતા પીતાને મારતો. એક વખત તે માતા પીતાથી કંટાળી ઘર છોડી અને ચાલી નીકળ્યો એક ગામમા તેરાત્રિ રહ્યો, સદ ભાગ્યે તે ઘર ભકતનું હતું. પુંડલીક સુતો હતો, ત્યાં રાત્રિના બાર વાગે તેના ફળીમાં ત્રણ કાળી ગાયો આવી અને ફળીયામાં લોટતાં જ તે શ્વેત થઇ ગઇ. આ ચમત્કાર જોઇ અને તે ગાયો પાસે ગયો અને પુછ્યું કે માતાજી ? આપ કોણ છો ? ત્યારે ગાયોએ કહ્યું કે અમે ગંગા, ગોદાવરી અને સરસ્વતિ છીએ. અમારામાં અનેક જીવો સ્નાન કરી અને નિર્મળ બને છે, તે સર્વના પાપોથી અમે મેલી શ્યામ થઇ જઇએ છીએ. અહીં આ ભકત પિતૃ ભકત ઈશ્વર ભકત છે. તેના ચરણની રજમાં અમે લોટી અને અમારાં પાપોથી મુકત થઈ ફરી નિર્મળ થઇએ છીએ. આમ સર્વ તિર્થોનું ચાલ્યા કરે છે. અને સર્વ તિર્થો કોઇ ભકતની ચરણ રજથી અને કોઇ તિર્થો ભગવદ ભકતોના સ્નાન કરવાથી નિર્મળ બને છે. પુંડલિક તો આ સાંભળી અને પોતાના અપરાધનો પસ્તાવો કરતો પાછો ઘેરે આવી માતા પિતાની અને પ્રભુની સેવા કરવા લાગ્યો. એ સેવાના પ્રતાપથી પાંડુરંગ વિઠ્ઠલનાથજી તેને ઘેરે પધાર્યા અત્યારે પાંડુરંગ વિઠ્ઠલનાથજી બીરાજે છે તે પુંડલીકનું જ ઘર છે. માટે સેવા ભજન કરો.

—ક્રમશઃ

સમાચાર

મનોહર થાના આ. રા. પુ. વૈ. પરિષદ શાખાના ઉપક્રમે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૧૩ થી ૨૦ ડી. સે. ૮૮ સુધીનું થયેલ વ્યાસપીઠ પર પં શ્રીમદનલાલજી જોશી શાસ્ત્રીજી બિરાજમાન હતા ગૃહ સેવા, સંગઠન, આદર્શ જીવન કલા આદિ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પર તેમજ ગીતા જયંતિના દિને ગીતાતાત્પય અનુસાર કથા અંતરગત પ્રવચનો થયા હતા કથામાં વૈષ્ણવો ઉપરાંત અન્ય સમાજ પણ ઉપસ્થિત રહીને પુષ્ટિ માર્ગનું ખરૂં સ્વરૂપ સમજી આસ્થાવાન થયેલ.

।। શ્રીવલ્લભ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૪મું : રાગ-રામકલી

શ્રીયમુનાજી તુમ સમ ઓર ન કોઈ ।।
કૃપા કરો મોહિ દીન જાન કેં
નિજ વ્રજ વાસો હોઈ ।।૧।।

રાખો ચરણ શરણ તરણિ તનયા
જન્મ આપદા ખોઈ ।।૨।।

યહ સંસાર સ્વારથકો સબ વિધ
સુત બંધૂ સગોન કોઈ ।।

પ્રેમ ભજન મેં કરત વિઘ્નતા
સંત સંતાપે સોઇ ।।

તાકો સંગ મોહી સપને ન દીજે
માગું નૈન ભર રોઇ ।।૩।।

ગરલ પાન ડારત અમૃત મેં
વિષયા રસ સમોઇ ।।

રસિક કહે **દિન હોય માગું-**
લહેર સમુદ્ર સમોઇ ।।૪।।

ભાવાર્થ-હે શ્રી વ્રજેશકુમારનાં પ્રાણ પ્યારી શ્રીયમુનાજી આપના સમાન અનંત બ્રહ્માંડોમાં પણ કોઇ નથી આપતો અનુપમ (અન-ઉપમ) છો હે પરમકૃપાળુ યમુનાજી ! મને દીન જાણી અને કૃપા કરો કે આપના વ્રજમાં મારો વાસ થાય કારણ કે આપતો વ્રજના-વૃક્ષ-વેલી-તૃણ-રજ વિગેરેના અણુએ અણુમાં વ્યાપિ રહ્યાં છો અને વ્રજ લીલાનાં અધિષ્ઠાત્રી છો માટે જ યાત્રા સમયે આપની આજ્ઞા અને આપની સન્મુખ નિયમ લેવાય છે પછી જ આપના બ્રજમાં પગલું ભરાય છે હે તરણિ તનયા ! મને આપના ચરણ શરણમાં રાખો કે જેથી જન્મ જન્મનાં દુઃખો ટળી જાય. આ સંસાર તો સર્વ પ્રકારે સ્વાર્થમય છે, સગાં-કુટુંબ-બંધૂ-પુત્રાદિ કોઇ સાચાં સગાં નથી. તેઓ વૈષ્ણવ હોય તો ઠીક છે નહીં તો સંસારના વિષયોમાં ડુબાવી અને રાજી થાય છે. એકાંતિક પ્રેમ ભજનમાં વિઘ્ન કરી અને લૌકિક બુદ્ધિથી સદા ભકતોને સંતાપે છે હે શ્રી યમુનાજી તેઓનો સંગ મને સ્વપ્ને પણ આપશો નહીં. એ હું આપની પાસે રોઇ અને માગું છું લૌકિક સબંધીઓ તો અલૌકિક રસામૃતમાં ગરલ (ઝેર) નાખવાવાળા છે અને તે પણ જગતના વિષયોમાં ઝબકોળી અને રસિકરાય શ્રી હરિરાયજી કહે છે કે હે સ્નેહ રસના સાગર શ્રી યમુનાજી ! આપતો દીન ઉપર દયા કરનારાં છો એટલે હું દીન થઇને આપની પાસે માગું છું કે આપના લહેર સાગરની રસ લહેરોથી સદા રસબોળ રહી અને આપ યુગલ સ્વરૂપના બ્રજની રસમય લીલાઓમાં દેહાનુસંધાન પણ ભુલી જવાય હે શ્રી યમુનાજી એવું આપો.

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રીવલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ)

લેખક :- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં 'શ્રીવલ્લભ' શબ્દ શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે, બન્ને એક જ સ્વરૂપ છે.]

લલિતા બોલે, વિશાખા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૩)
ચંપકલતા બોલે, ચંદ્રભાગા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૪)
ભામા બોલે, પદ્મા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૫)
ઇંદુ બોલે, વિમલા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૬)
કૃષ્ણદાસ બોલે, કૃષ્ણદાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૭)
પરિવાર બોલે, પરિકર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૮)
ઉપસ્કર બોલે, વલ્લભ–વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦૯)
કીર્તનિયા બોલે, જલઘરિયા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૦)
પાનઘરિયા બોલે, શાકઘરિયા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૧)
ફૂલઘરિયા બોલે, ભીતરિયા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૨)
મુખિયાજી બોલે, નાના–મોટા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૩)
અધિકારી બોલે, સ્ટાફ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૪)
પુષ્ટિસ્થ બોલે, શરણસ્થ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૫)
લીલાસ્થ બોલે, ક્રીડાસ્થ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૬)
લીલાસક્ત બોલે, ક્રીડાસક્ત બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૭)
"मनसा वाचा कर्मणा" બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૮)
"तदेक परत्वम्" બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧૯)
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૦)
માટે, તમે સૌ બોલો, બોલો રે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૧)
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૨)
શ્રીવલ્લભી વૈષ્ણવજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૩)
મહાનુભાવી તાદૃશીજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૪)
કૃષ્ણ ભકત કવિજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૫)
તમે સૌ બોલો રે, બોલો, ભાઈ ! શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૬)
તમે સૌ બોલો રે, બોલો, બેની; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૭)
શ્વાસે – શ્વાસે બોલો રે, બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨૮) (ક્રમશઃ)

પુસ્તક પરિચય

શ્રીવલ્લભાચાર્યજી –(અંગ્રેજીભાષામાં)

લેખિકા : અ. સૌ. શ્રી વ્રજલતાવહુજી, એમ. એ. (સંસ્કૃત)

પ્રકાશક : અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ, ગિરિરાજ ભવન,
ઘડીઆલી પોળ, **વડોદરા**

“શ્રીવલ્લભાચાર્યજી” આપશ્રીનું જીવન અને રચનાઓ તથા આપશ્રીનો માનવજાત માટે સંદેશો એક સુંદર અને અનોખી શૈલીમાં અંગ્રેજી ભાષામાં લખાયેલું પુસ્તક છે.

આ પુસ્તકમાં શ્રીમદ વલ્લભાચાર્યજીનું જીવન સંક્ષિપ્તમાં છતાં સચોટ અને મહત્વપૂર્ણ ઘટનાઓને આવરીને દર્શાવેલ છે. તદ્ ઉપરાંત શ્રીમદ વલ્લભાચાર્યજી રચિત ષોડશ ગ્રંથ તેમજ અન્ય રચનાઓનું પણ સુંદર રીતે વિહંગાવલોકન કરેલ છે. જે વૈષ્ણવ સૃષ્ટિ તેમજ અન્ય વાચકને શુદ્ધાદ્વૈતવાદના સિદ્ધાંતો સંક્ષિપ્ત છતાંય સચોટ રીતે સમજવામાં મદદરૂપ થશે. તે સિવાય શ્રીમદ વલ્લભાચાર્યજીના જીવન અને રચનાઓમાંના સુસ્પષ્ટ સિદ્ધાંતોઆધારિત માનવજાત માટેનો સંદેશો આ કલિકાલમાં દરેકને માર્ગદર્શન રૂપ સાબિત થશે.

અંગ્રેજીભાષી પ્રજા માટે પુષ્ટિમાર્ગ–શુદ્ધાદ્વૈતવાદને સમજવા માટે ખૂબજ ઉપયોગી પુસ્તક નિવડશે. પશ્ચિમની પ્રજાને આપણી ભવ્ય સંસ્કૃત્તિના ભવ્ય પાસાનો પરિચય આપવાની દિશામાં એક સંગીન પ્રયાસની શુભ શરૂઆત કહી શકાય. આપણા આ મહાન સંપ્રદાય વિશે માહિતી આપતા સીધી સાદી અંગ્રેજી ભાષામાં લખાયેલા પુસ્તકોના પ્રકાશનની ખૂબજ જરૂર છે.

સમાચાર

લીલીયા મોટા :

: પરમકૃપાળુ શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજીનો ૪૭૩ મો પ્રાકટ્ય મહોત્સવ અનેરા ઉત્સાહથી ઉજવવામાં આવ્યો. પ્રભાતફેરી, શોભાયાત્રા, વધાઈ કિર્તન સમાજ અને ઉત્સવ નાયકના ગુણાનુવાદ સભા દ્વારા અલૌકિક આનંદ “શ્રી દ્વારકેશ આનંદ મંગલ સમિતિ” દ્વારા મનાવેલ.

રાજકોટ આંતર રાષ્ટ્રિયપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના માધ્યમ દ્વારા રાજકોટ વૈષ્ણવ સમાજ અને શ્રી મદનમોહન પ્રભુ યુવક મંડળના ઉપક્રમે રાજકોટના સમસ્ત વૈષ્ણવ સમુદાયે સંગઠીત થઈ ચાર દિવસ શ્રી ગુંસાઈજીનો પ્રાકટ્ય મહોત્સવ ઉજવ્યો..

પ્રથમ ત્રણ દિવસ પૂ. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા અનુસાર ઉજવાયો. જેમાં પ્રથમ દિવસે પૂ. પા. શ્રી ગોવિંદરાયજી (ગટુબાવાશ્રી) નાવચનામૃત બીજે દિવસે પ્રશ્નોતરી સિદ્ધાંનો જ્ઞાનનો કાર્યક્રમ ત્રીજા દિવસે સવારે શ્રી નામરનાખ્ય સ્તોત્રના પાઠ અને સાંજે ધર્મસભા મળી જેમાં રાજકોટના વિદ્વાન શાસ્ત્રી રતિભાઈ ભટે મંગલાલરણ કરી સભાની શરૂઆત કરી. શ્રી જીવણભાઈ જોષી, શ્રી જયંતભાઇ દેસાઇ હસમુખ ખખ્ખર વિ.એ પ્રાસંગિક પ્રવચન કર્યા ત્યારબાદ

પુ. ગો. શ્રી પન્નુબાવાશ્રી, પુ, શ્રી કાલીન્દ્રીબેટીજી ત્થા પુ. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના શ્રીમદ શ્રી વીઠલેશપ્રભુચરણ શ્રી ગુંસાઈજીના જીવનચરિત્ર ઉપર પ્રવચન થયા, આ પ્રથમ સભાનું સંચાલન શ્રી શાંતિભાઈ ઘેડીયાએ કર્યું.

ચોથા દિવસે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે ધર્મસભાનું આયોજન શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં કરવામાં આવ્યું. શરૂઆત વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપપ્રમુખ શ્રી ઘનશ્યાનભાઈ શાસ્રીએ મંગલાચરણ દ્વારા કરી શ્રી કાંતિભાઈ રાધનપુરા તેમજ અન્ય અગ્રણી વૈષ્ણવોના પ્રાસંગિક પ્રવચનો બાદ પૂ, શ્રી કાલીન્દીબેટીજી ત્થા પૂ. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના વચનામૃતોના લાભ ઉપસ્થિત સેંકડો વૈષ્ણવોએ લીધો. જામનગર શાખાના મંત્રી શ્રી ધોળકીયા અને શ્રી વિઠલભાઈ માણેક દ્વારા દ્રઢ ઈન ચરણ ગવાયું અને ચાર દિવસના મહોત્સવની પુર્ણાહુતિ આ બીજી ધર્મસભા દ્વારા થઈ.

અમદાવાદ : આંતરરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના વધતાં જતાં કાર્યને અનુલક્ષીને અમદાવાદ મુકામે પરિષદના કાર્યાલયનું ઉદઘાટન સ્થળ : "શ્રી નટવર કૃપા" પીપલ્સ બેંક સામે, ખાડીયા ચાર રસ્તા, અમદાવાદ–૧ મુકામે પ. પૂ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીના આશીર્વચન સાથે ગુજરાન પ્રદેશના પ્રમુખ શ્રી ઈન્દ્રકાંત ત્રિકમલાલ શેઠના વરદ હસ્તે દીપ પ્રગટાવી "શ્રી ગુસાંઈજી"ના પ્રાકટ્ય ઉત્સવ દિને તા. ૧–૧–૮૯ના રોજ કરવામાં આવ્યું હતું શ્રી ચીમનભાઈ શેઠે. શ્રી જયંતિભાઈ સી. વોરા શ્રી જયંતિભાઈ શેઠ (ચોકસી) મહેનત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તથા ઓફીસનું સંચાલનનું કાર્ય કરવાની જવાબદારી શ્રી વિજુભાઈ એમ. શાહ તથા શ્રી હરિશચંદ્ર જી. પરીખે સ્વીકારી હતી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ–રાજકોટ શાખા

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ તેમજ જુનાગઢ શાખાના ઉપક્રમે આગામી ૫મી ફેબ્રુઆરીએ રાજકોટ તથા જુનાગઢ જીલ્લાં કક્ષાના વૈષ્ણવ પ્રનિનિધિઓનું સંમેલન રાજકોટ મુકામે મળશે.

આ સંમેલનમાં ઉપવન નિર્માણ – શાખાઓ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ – શાખાઓનું વ્યવસ્થિત સંચાલન – ચાલુ વરસે સભ્ય અભીયાન – બન્ને શાખાના પ્રમુખશ્રી રજુ કરે તે એજન્ડા ઉપર ચર્ચા થશે.

આ સંમેલનમાં રાજકોટ તથા જુનાગઢ જીલ્લામાં બિરાજતાં વૈષ્ણવાચાર્યો ઉપસ્થિત રહી શાખાઓના વિકાસ માટે આશિર્વચન તેમજ પ્રેરણા આપશે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા માંગતા પ્રતિનિધિઓને પોતાના ગામની શાખાનો સંપર્ક કરવા ગુજરાત પ્રદેશ સમિતિના પ્રચારમંત્રી શ્રી હસમુખ ખખ્ખરે આ યાદીમાં જણાવ્યું છે.

(બીજા પાનેથી ચાલુ ટાઈટલ)

૨૪. આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રિય કાર્લાલય
જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે મુંબઈ-૧.

૨૫. પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ, રાજપીપળા.

૨૬. શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે, લીંબડી

૨૭. શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
ગીરધર નિવાસ, મજમુદારની ખડકી
મંગળ બજાર, ચાર રસ્તા પાસે,
બાજવાડા, વડોદરા.

૨૮. શ્રી સુભાષચંદ્ર ભોગીલાલ કંસારા
કંસારા બજાર, વાંકાનેર.

૨૯. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન ૧ લે માળે
વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૫૬

૭૦. શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
વાયા-મોટા ઉજાળા, કુંકાવાવ મોટી સનાળા.

૩૧. શ્રી રમણીકભાઈ મેઘજીભાઈ બાબરીયા,
વાયા ઉપલેટા સમઢીયાળા.

૩૨. શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રીકૃપા રત્ન કોર્નર, મોટા મંદિર કમ્પાઉન્ડ
સુરત.

૩૩. શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન
હળવદ.

૩૪. શ્રી મનોજકુમાર ગોરધનદાસ કડકીયા
બજાર શેરી, ગામઠી કાપડના વેપારી
દેવગઢ બારીયા.

૩૫. ઠા. પોપટલાલ રામજીભાઈ (મરજાદી)
બામણગામવાળા
ઠે. શ્રીવૃજભુષણલાલજી મહારાજની હવેલી
જેતપુર (કાઠી)

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકો માટે ભેટ પુસ્તક યોજના

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ દ્વારા પ્રકાશિત થતા **"શ્રી વલ્લભ સુધા"** માસિકના આજીવન ગ્રાહક તેમજ સને ૧૯૮૮-૮૯ના ચાલુ ગ્રાહકો જે સને ૧૯૮૯-૯૦માં ચાલુ રહેવા માગતા હોય અને તેઓનું લવાજમ સંસ્થાના કાર્યાલયમાં તા. ૩૧-૩-૮૯ સુધીમાં જમા થઇ ગયેલ હશે તેઓને પ.ભ. શ્રીમતી કંચનબેન કાંતિલાલ શાહ, ૧૨૮, નવયુગ નગર નં.-૨. ફોર્જેટ હીલ રોડ, તારદેવ, મુંબઇ-૩૬ તરફથી શ્રી પરીખ પરિવાર દ્વારા પ્રકટ કરવામાં આવેલું "શ્રીયમુનાજીનાં ૪૧ પદ-એક ઝાંખી શબ્દાર્થ-ભાવાર્થના વિવરણ સાથે (કિંમત રૂા. ૫-૦૦, પોષ્ટથી રૂા. ૬-૦૦)નું પુસ્તક" ભેટ આપવાની યોજના વિચારેલ છે, તો જે ગ્રાહકો ચાલુ રહેવા માગતા હોય તેઓએ પોતાનું લવાજમ સંસ્થાના આ અંકમાં અન્યત્ર છપાયેલ સેવાભાવી કાર્યકરો પાસે તા. ૨૦-૩-૮૯ સુધીમાં જમા કરાવવાનું રહેશે. અગર સંસ્થાના કાર્યાલયમાં રૂબરૂ અગર મનીઓર્ડરથી પહોંચાડવાનું રહેશે.

નિવેદક-શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

॥ શ્રીહરિઃ ॥

પુષ્ટિ સૃષ્ટિ અગ્રેશ-મધ્યા સ્વરૂપ શ્રી દામોદરદાસજીને વિનવણી

[રાગ–બિહાગ]

શ્રી દામોદરદાસ ! કૃપા નિધે !
મહા અપરાધી મુને મુકાવો;
મેં દુભવ્યોં પરિવાર આપનો,
શરણ પડયો માટે વિનતિનો દાવો. શ્રી દામોદરદાસ ! ૧

નહિ પ્રાયશ્ચિત જેહ પાપનાં,
તે નિત્ય બને, જદપિ પસ્તાવો;
દુષ્ટ સ્વભાવ હરો, દુર્મતિ મારી દહો,
થયાં થવા થકી બચાવો. શ્રી દામોદરદાસ ! ૨

દુષ્ટ દયાળ છો મહાસહિષ્ણુ,
મતિ મૃદુ હૃદય, ભકતમણિ કહાવો;
દુષ્ટ સ્વાભાવિક જીવ–અશકય હું,
દો લક્ષણ, પ્રભુ ભાવું ને ભાવો. શ્રી દામોદરદાસ ! ૩

કાળ કર્મ માયા ભવ ભય હરો,
સહજ કૃપા, ત્રય તાપ, ન તાવો;
પુષ્ટિ સૃષ્ટિ અગ્રેશ; '**દયા**' પ્રભો !
કર ગ્રહી મુજને શ્રીકૃષ્ણ મિલાવો. શ્રી દામોદરદાસ ! ૪

રચયિતા, **ભકત કવિશ્રી દયારામભાઈ**
સંપાદક : **પ્રા. શ્રી જીવનલાલ જોશી (રાજકોટ)**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રત્નજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિઃ ॥

ડોલનું પદ

(રાગ-સારંગ)

ડોલ ભલો સિંગાર્યો ફુલને;
વૃન્દાવન બંશીવટ છૈયા, શ્રી જમુનાકે ફૂલનિ. ૧

નંદનંદન વૃષાભાનનંદિની, બૈઠે દોઉ જન ઝુલનિ;
છિરકત કેસર ચોવા ચંદન, છાડયો ગુલાલ અતુલનિ. ૨

માંગત ફગુવા સબ બ્રજ યુવતિ, કહ્યો હમેં જિનિ ભૂલતિ;
વસન મંગાય દિયે **'બ્રજપતિ'** તબૌ, ઔરે રતન અતુલનિ. ૩

નમ્ર નિવેદન

પ્રકાશન ખર્ચમાં વધેલ મોંઘવારીને લીધે શ્રી વલ્લભ સુધાનું લવાજમ વાર્ષિક રૂા. ૧૫ તથા આજીવન રૂા. ૨૦૧ કરવામાં આવેલ છે, જેની દરેક ગ્રાહકો તથા સેવાભાવિ કાર્યકર્તાઓએ નોંધ લેવી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૭ : અંક ૧૨ માર્ચ, ૧૯૮૯
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧.

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકો માટે ભેટ પુસ્તક મેળવવાની છેલ્લી તક

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ દ્વારા પ્રકાશિત થતા **"શ્રી વલ્લભ સુધા"** માસિકના આજીવન ગ્રાહક તેમજ સને ૧૯૮૮-૮૯ના ચાલુ ગ્રાહકો જે સને ૧૯૮૯-૯૦માં ચાલુ રહેવા માગતા હોય અને તેઓનું લવાજમ સંસ્થાના કાર્યાલયમાં તા. ૩૧-૩-૮૯ સુધીમાં જમા થઇ ગયેલ હશે તેઓને પ.ભ. શ્રીમતી કંચનબેન કાંતિલાલ શાહ, ૧૨૮, નવયુગ નગર નં.-૨. ફોર્જેટ હીલ રોડ, તારદેવ, મુંબઇ-૩૬ તરફથી શ્રી પરીખ પરિવાર દ્વારા પ્રકટ કરવામાં આવેલું "શ્રીયમુનાજીનાં ૪૧ પદ-એક ઝાંખી શબ્દાર્થ-ભાવાર્થના વિવરણ સાથે (કિંમત રૂા. ૫-૦૦, પોષ્ટથી રૂા. ૬-૦૦)નું પુસ્તક" ભેટ આપવાની યોજના વિચારેલ છે, તો જે ગ્રાહકો ચાલુ રહેવા માગતા હોય તેઓએ પોતાનું લવાજમ સંસ્થાના આ અંકમાં અન્યત્ર છપાયેલ સેવાભાવી કાર્યકરો પાસે તા. ૨૦-૩-૮૯ સુધીમાં જમા કરાવવાનું રહેશે. અગર સંસ્થાના કાર્યાલયમાં રૂબરૂ અગર મનીઓર્ડરથી પહોંચાડવાનું રહેશે.

પ્રતિનિધિ ભાઇઓને નમ્ર વિનંતિ

ઉપરોકત હકીકતે આપની પાસે લવાજમની જે કાંઇ રકમ આવે તે તમામ રકમ કાર્યાલયમાં તા. ૩૧-૩-૮૯ સુધીમાં જમા કરાવી આપવી જેથી કોઇ ગ્રાહક ભેટ પુસ્તકથી વંચિત રહેવા ન પામે.

સદ્‌ભાવના અને સહકારની અપેક્ષા સહ.

નિવેદન : શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

પુસ્તક પરિચય

ભજનીયો વ્રજાધિપઃ

સંકલન-સંપાદન-લેખન-ગો.વા. વ્રજરત્નદાસ ચીમનલાલ પરીખ તથા પ.ભ.પ્રા. શ્રી રમેશભાઈ વિ. પરીખ. પ્રકાશક-શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ C,0 'વ્રજરજ' ૨૧/શિવ સોસાયટી નં. ૨ બી. કે. સિનેમાની બાજુમાં મહેસાણા-૩૮૪00૨

સાઈઝ ડેમી આઠ પેઈજી, પાકા પુંઠાનું પૃષ્ઠ સંખ્યા ૨૮૮+૧૬=૩0૪

આ પુસ્તકને બે ભાગમાં સંકલિત કરવામાં આવેલ છે. તેમાં પ્રથમ ભાગમાં સેવા-સિદ્ધાંત, સ્વરૂપ અને નિત્ય તથા વર્ષોત્સવનો પ્રકાર સાત પેટા વિભાગથી લેખોના રૂપમાં સચોટ અને સરલ શૈલીમાં પ્રસ્તુત છે. જેવાં કે સેવો શ્રીકૃષ્ણકૃપાળુ સેવાનો વ્યવહારુ વિચાર, સેવાનું આચાર સ્વરૂપ, સેવામાં સ્વરૂપ-ભાવના, મંગળાથી શયન સુધીની સેવા પ્રણાલિકા પ્રકાર અને સેવાનો ઓછામાં ઓછો ક્રમ દર્શાવવામાં આવેલ છે. તેમજ વૈષ્ણવોને વૈષ્ણવી જીવન જીવવામાં નિત્ય ઉપયોગી માહિતી, જુદા જુદા નવ પરિશિષ્ટોનાં રૂપમાં જુદા જુદા લેખકો દ્વારા લખાયેલ લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(વધુ માટે જુઓ ટાઇટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૭ : અંક ૧૨ * માર્ચ, ૧૯૮૯

॥ શ્રીહરિ: ॥

નિવેદન

પ્રિય વાંચક વૃંદ,

માનવ જીવનમાં શાશ્વત સુખ અને શાંતી પ્રાપ્ત કરવા માટે તેમજ લાખો વર્ષથી વિખુટા પડેલ જીવે પ્રભુ શરણની પ્રાપ્તી માટે વ્યકિત એ ફરજનું પાલન કરવું એટલે કે ધર્માચરણ કરવું પડે છે.

માનવ જીવનના વિકાસ માટે સારસ્વતકલ્પથી ચાલ્યા આવતા અને જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાર્યજી પ્રસ્થાપીત પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતોને જગતના અનેક વિદ્વાનો તેમજ ધર્મવિદો તેમાંથી પ્રેરણા લઇ પોતાના કલ્યાણ સાથે સમગ્ર સમાજના કલ્યાણ માટે પ્રયત્ન કરી રહ્યા છે.

જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રસ્થાપીત પુષ્ટિ માર્ગ જગતમાં સર્વશ્રેષ્ઠ સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેના આપણે સૌ સેવકો કહેવડાવીએ છીએ પરંતુ સાંપ્રદાયીક સિદ્ધાંતો જાણવાની જીજ્ઞાસવૃત્તિ નહિવત હોવાને કારણે, નિજી સ્વાર્થમાં રચ્યા પચ્યા રહેવાને કારણે, ભૌતિક સુખ પાછળ દોટ મુકનાર આપણા સૌનું જીવન દંભ, આડંબર તેમજ અહંકારથી ભરેલું બનેલ છે જેથી મનને પરમઆનંદ પ્રાપ્ત થતો નથી અને દૈનમ્ દિન જીવન ગમે તેટલા ભૌતિક સુખોની પ્રાપ્તિ હોવા છતાં કષ્ટમય લાગે છે.

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાંના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વાતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

નિત્ય જીવનમાં વ્યક્તિને પારિવારીક ક્ષેત્રમાં, ધંધાકિય ક્ષેત્રમાં, અપાત્ર વ્યક્તિઓ દ્વારા ચાલતી સંસ્થાકીય ક્ષેત્રમાં, સમાચાર પ્રાપ્ત કરવાની વૃતિથી દૈનિક પત્રોનાં સાચા ખોટા વાંચનના માધ્યમથી, મનોરંજન પ્રાપ્ત કરવા નાટક–સિનેમા દ્વારા, અધાર્મિક પુસ્તકોને વાંચન દ્વારા જીવને ડગલે ને પગલે દુઃસંગ પ્રાપ્ત થાય છે જેથી તે પોતાનું કર્તવ્ય વીસરી જાય છે.

બીનજરૂરી સાહિત્ય પાછળ તેમજ અન્ય પાછળ અનેકવિધ ખર્ચ કરતા એવા આપણે સૌ સ્વમાર્ગીય સિદ્ધાંત જાણવા કે સમજવા માટે દુર્લક્ષ સેવીએ છીએ જો આ પ્રકારનું આપણું વલણ રહેશે તો આપણે તો કષ્ટ ભોગવીશું પરંતુ ભાવી પેઢીમાં સંસ્કારનું સિંચન નહિ થવાને કારણે તે પણ દુઃખી થશે.

આ બધામાંથી બહાર નીકળવા માટે આચાર્ય ચરણોએ સત્સંગનું મહત્વ વિશેષ બતાવેલ છે અને તાદ્દશી જનનો નિત્ય સત્સંગ કરવા જણાવેલ છે. પરંતુ તાદ્દશી જનને ઓળખવા કે પ્રાપ્ત કરવા અતી મુશ્કેલ બને છે. જેથી આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રી ગુંસાઇજી પરમદયાલ, શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્યો તેમજ પુષ્ટિમાર્ગીય વિદ્વાનોનાં ગ્રંથોનું નિત્ય પઠન કરવાથી સત્સંગ પ્રાપ્ત થાય છે પરંતુ દરેક ગ્રંથો વસાવવા પ્રાપ્ત કરવા તેમજ સમજવામાં મુશ્કેલી પડે છે.

આ બધું સરલતાથી પ્રાપ્ત કરવાના હેતુથી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સાંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત “શ્રી વલ્લભ સુધા માસિક” માં આચાર્યચરણ રચિત ષોડષગ્રંથ, અમૃત તરંગીણી ટીકા સહિત–શ્રીમદ્ ભગવદ્ ગીતાજી ....વિગેરે ગ્રંથોનું ગુજરાતી–ભાષાંતર કરી રજુ કરવામાં આવે છે તે ચિંતન–મનન સાથે વાંચન કરીએ જેથી સત્સંગ પ્રાપ્ત થાય.

કાગળ, છપાઇ,પોસ્ટેજનાં દૈનમ્દિન વધતાં જતાં ભાવ છતો સામાન્ય જનને પોષાણ થઇ શકે તે હેતુથી અન્ય માસિકો કરતાં લવાજમના દર પણ સામાન્ય રાખેલ છે. વાર્ષિક રૂા. ૧૫/– પંદર તથા આજીવન રૂા. ૨૦૧/–

“શ્રી વલ્લભસુધા માસિક” સાત વર્ષ પુર્ણ કરે છે ત્યારે શ્રીમતી કંચનબેન કાંતિલાલ શાહ (મુંબઇ) દ્વારા “શ્રી યમુનાજીનાં ૪૧ પદ–એક ઝાંખી શબ્દાર્થ ભાવાર્થનાં વિવરણ સાથેનું ભેટ પુસ્તક “શ્રીવલ્લભ સુધા” માસિકનાં ગ્રાહકોને આપવાનું વિચારેલ છે.

આ ભેટ પુસ્તક આજીવન ગ્રાહક તેમ જ ૧૯૮૯–૯૦ નાં વર્ષમાં ચાલુ રહેનાર ગ્રાહક કે જેનું લવાજમ ૨૦ માર્ચ ૧૯૮૯ સુધીમાં સંસ્થાના કાર્યાલયે જમા થયેલ હશે તેઓને પ્રાપ્ત થશે તો આ અંક પ્રાપ્ત થયે આપ આપનું લવાજમ નજીકના સેવાભાવી કાર્યકરને અગર સીધું મનીઓર્ડરથી “શ્રીવલ્લભ સુધા” કાર્યાલય ઉપર મોકલી આપશોજી શકય હોય તેઓ આજીવન લવાજમ મોકલી સંસ્થાનું કાર્ય સરલ બને તે હેતુથી સહયોગી બને તેવી તેવી અભિલાષા ચેક ડ્રાફ્ટ મોકલો તે “શ્રીવલ્લભ વિજ્ઞાન નામે જ રવાના કરવા.

સંપ્રદાયની સેવા કરવી તે દરેક વ્યક્તિનું કર્તવ્ય છે આપ પણ સાંપ્રદાયિક સાહિત્ય એક

વધુ ઘરમાં વાંચન થાય તે હેતુથી દરેક વાંચક એક નવા જ ગ્રાહક “શ્રીવલ્લભ સુધા” ના બનાવી ૨૦ માર્ચ પહેલા તેનું લવાજમ કાર્યાલય ઉપર પહોંચે તે પ્રમાણે પ્રબંધ કરી સાંપ્રદાયીક સેવા કરી આપનું કર્તવ્ય બજાવશો એજ અપેક્ષા.

નિવેદક
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

વ્રજરજનો અલૌકિક મહિમા

(એક સત્ય ઘટના)

શ્રીવલ્લભ પદરેણુ

સૌરાષ્ટ્રના મોરબી શહેરમાં શ્રી પરસોત્તમદાસ ‘ભાઇજી’ એક પરમ ભગવદી ભાટિયા વૈષ્ણવ થઇ ગયા તેમના ભાઇ શ્રી લક્ષ્મીદાસ સંપટ પણ પ્રભુ સેવાનુરાગી હતા. શ્રી લક્ષ્મીદાસભાઇના પત્નિ લક્ષ્મીબેન શ્રીનાથજી પ્રભુ પર અનન્ય પ્રીતિ ધરાવતા. તેઓ એક ઉચ્ચ પ્રકારના તાદશી વૈષ્ણવ હતા. તેમણે પોતાના જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રભુ સેવા, ભાવથી કરી. નિજ લાડીલેશને લાડ લડાવતા ‘લક્ષ્મીમા’ ઠાકોરજીના કૃપાપાત્ર વૈષ્ણવ હતા.

પરમ ભગવદી લક્ષ્મીબેનના જીવનમાં બનેલ એક ઘટના ઉલ્લેખનીય છે.

એકવાર લક્ષ્મીબેન વ્રજયાત્રાએ ગયા હતા. ઠાકોરજીના ચરણ કમલરજથી ધુસરિત વ્રજ ભુમિમાં વિચરણ કરવામાં તેમને અનહદ આનંદ આવ્યો.

યાત્રા દરમ્યાન લક્ષ્મીબેન દુર બેઠા ત્યારે માસિક ધર્મના પાલન અર્થે પાલમાં નહીં સૂતાં પાલથી થોડા અંતરે સૂઈ ગયા. નિંદ્રામાં હતા ત્યારે એક સાપ તેમને કરડયો. સર્પે દંશ આપી પોતાના બે દાંત બેસાડી દીધા અને તેમાંથી લોહીના બે ટીપાં નિકળ્યાં.

અચાનક લક્ષ્મીબેન જાગી ગયા. વસ્તુસ્થિતિ પામી ગયા. જરાપણ ગભરાયા વગર ‘વ્રજરજ’ હાથમાં લઇ તેઓ પગ પરના સર્પ દંશ પર ઘસવા લાગ્યા અને સાથે સાથે અષ્ટાક્ષર મંત્રનો જપ કરવા લાગ્યા. તેમના ચહેરા પર પીડાની નિશાની માત્ર ન મળે! અર્ધા એક કલાકમાં તો સાપનું ઝેર ઉતરી ગયું. જાણે વ્રજરજના પ્રતાપે વિષ અમૃતમાં પલટાઈ ગયું!

પોતાને સર્પ ડસ્યો એવું જાણવા છતાં લક્ષ્મીબેને બૂમાબૂમ કરી નહીં કોઇને દોડાવ્યા નહીં દવાદારુ કર્યા નહીં. પ્રભુ પર અડગ વિશ્વાસ રાખી તેઓ શાંત ચિત્તે, સ્થિરપણે શ્રી અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા રહ્યા.

બીજા દિવસે સવારે લક્ષ્મીબેને પોતાના લૌકિક પતિ શ્રી લક્ષ્મીદાસભાઇને આ વાત કહી.

લક્ષ્મીદાસભાઇ કહેઃ ‘પ્રભુ તો પરમકૃપાળુ છે. તે ચોવીસે કલાક જીવનું રક્ષણ કરે છે પણ જીવ પ્રભુનું વિસ્મરણ કરી દુર દુર ભાગે છે, તેં આવા આપદ્ સમયે તારા મનને પ્રભુ સાથે જોડી દીધું તેથી પ્રભુએ તારું રક્ષણ કર્યું. હવે આપણે ડોકટરને બતાવી આવીશું ?’

લક્ષ્મીબેન કહેઃ ‘શા માટે ? વ્રજરજરૂપી અમોઘ ઔષધથી સાપનું ઝેર તો ઉતરી ગયું’

છે અને હવે મારા નખમાં પણ રોગનું–વિષનું નામ નિશાન રહ્યું નથી તેથી હવે એવું કંઇ પણ કરવાની જરૂર નથી. 'વિષને અમૃત કરનારા' આ મારા ઠાકોરજી હાજરાહજૂર મારા સાથે બિરાજે છે. સર્પ ડસ્યો હોય એવું મને હવે લાગતું જ નથી. મારા લાલાએ મને અમૃતપાન કરાવ્યું હોય તેમ મારા તનમનમાં આ અમૃત જાણે છલછલ વહી રહ્યું છે?'

લક્ષ્મીદાસ કહેઃ હે પરમકૃપાળુ ઠાકોરજી! તારી કરુણાનો કોઇ પાર નથી. તારામાં અમારી આસ્થા સદા સર્વદા લીલીછમ રહે એવી તારી કૃપા બની રહે એજ યાચના.'

લક્ષ્મીબેન કહેઃ 'વળી બીજું કે હું છોવાયેલ હોવાથી ડોકટર મારી નાડ જોઇ બીજા ભગવદી વૈષ્ણવોની નાડ તપાસે તો એવી આ પવિત્ર યાત્રામાં મારા થકી આભડછેટ થાય એ તો મને ન ગમે?

લક્ષ્મીદાસભાઇ કહેઃ 'હા, એ ખરું પ્રભુ તો ડોકટરોના ય ડોકટર છે. આસ્થાવાન વૈષ્ણવોનું હીત પ્રભુ વિચારે છે."

લક્ષ્મીબેને કહ્યું: 'પરંતુ આપણે એક કામ કરીશું હું સ્વચ્છ થાઉં તે પછી આપણે શ્રી ગિરિરાજજીને દુધથી સ્નાન કરાવીશું જેથી મારું રક્ષણ કરવામાં શ્રી ગિરિરાજ બાવાને પરિશ્રમ થયો હોય તો ક્ષમા વિચારે.

લક્ષ્મીદાસભાઇ કહેઃ 'એનાથી ઉત્તમ બીજું શું? ભલે, આપણે ભાવપૂર્વક શ્રી ગિરિરાજ બાવાને દુધથી સ્નાન કરાવીશું.

થોડાં વર્ષ પર બનેલ આ સત્ય ઘટના લક્ષ્મીમાની પ્રભુ પર અડગ શ્રદ્ધાનું આપણને દર્શન કરાવે છે. જેમના જીવનમાં ભગવદ્ ભકિતનું અવતરણ થયું હોય છે તેમની પ્રત્યેક ચેષ્ટામાં પ્રભુ પ્રત્યેની તેમની અડગ આસ્થાની ઝાંખી થાય છે. પ્રત્યેક પરિસ્થિતિને પ્રભુનો પ્રસાદ સમજી સહર્ષ સ્વીકાર કરવામાં તેમની ભકિત પ્રતિપાલિત થતી હોય છે. પુષ્ટિમાર્ગ ભાવ ભાવનાનો માર્ગ છે, પુષ્ટિ ભકતોમાં પ્રભુ પ્રતિ કેવો ઉચ્ચ ભાવ હોય તેનું આ પ્રસંગ આપણને દર્શન કરાવે છે.

પ્રભુ કૃપાના મહા ધની પરમ ભગવદી પૂજ્ય લક્ષ્મીમાને આપણા અનેકશઃ વંદન!

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૬ મો)

અસત્યમપ્રતિષ્ઠં તે, જગદાહુરનીશ્વરમ્ ।
અપરસ્પરસંભૂતં, કિમન્યત્કામહૈતુકમ્ ॥૮॥

શ્લોકાર્થ–અસત્ય એટલે :– વેદ, પુરાણ વગેરેને પ્રમાણ (આધારભૂત આજ્ઞા) તરીકે સ્વીકારતા નથી, તેમજ અપ્રતિષ્ઠ (અવ્યવસ્થિત) ગણે છે અને કહે છે કે જગત્‌માં ઇશ્વર નથી અને એ લોકો માને છે કે જગત્‌ની ઉત્પત્તિ કામના હેતુથી સ્ત્રી પુરુષના સંયોગથી જ થઇ છે, એ સિવાય બીજું કોઈ કારણ નથી. ૮

ટીકા–વળી તે અસુરો કહે છે કે જગત્ અસત્ય છે. વેદ, પુરાણો વગેરેના પ્રમાણોને તેઓ સ્વીકારતા નથી જગતને અવ્યવસ્થિત માને છે અને અસુરો કહે છે કે જગત એવું છે કે જેનો કર્તા ઇશ્વર નથી. જો કોઇ દલીલ કરે તો પછી એમ કહેવામાં આવે છે કે જગતને ઇશ્વરે ઉત્પન્ન કર્યું છે ? તો તેઓ કહે છે કે સ્ત્રી પુરુષનો કામ છે હેતુ જેનો એવા સ્ત્રી પુરુષના સંયોગથી ઉત્પન્ન થયું છે. એ સિવાય બીજું કોઇ કારણ નથી એમ અર્થ છે. ૮

એતાં દૃષ્ટિમવષ્ટભ્ય, નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ ।
પ્રભવન્ત્યુગ્રકર્માણઃ, ક્ષયાય જગતોઽહિતાઃ ॥૯॥

શ્લોકાર્થ–આ દૃષ્ટિનો આશ્રય કરીને જેમણે આત્મ સ્વરૂપનું દર્શન કર્યું નથી. (નષ્ટાત્માનઃ) અને જેઓ અલ્પ બુદ્ધિવાળા છે તેઓ ઉગ્ર (હિંસાવાળા) કર્મો કરવાવાળા શત્રુરૂપ બનીને જગતના ક્ષય (વિનાશ) માટે ઉત્પન્ન (પેદા) થાય છે. ૯

ટીકા–વળી આવી કામ હેતુવાળી જ દૃષ્ટિનો આશ્રય લઇને, અને આત્મ સ્વરૂપને ન જોનારા, અલ્પબુદ્ધિવાળા (એટલે માત્ર પ્રત્યક્ષને જ માનનારા) હિંસા પ્રધાન કર્મ કરવાવાળા, શત્રુરૂપ બનીને જગતનો એટલે સર્વ લોકનો, નરક વગેરેમાં પાડવા માટે, નાશ કરવા માટે પેદા થાય છે. ૯

કામમાશ્રિત્ય દુષ્પૂરં, દમ્ભમાનમદાન્વિતાઃ ।
મોહાદ્ ગૃહીત્વાઽસદ્ગ્રાહાન્પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ
॥૧૦॥

શ્લોકાર્થ–વળી દુઃખથી પણ પૂરો ન કરી શકાય એવા કામનો આશ્રય કરીને દંભ તથા માન તથા મદથી ભરેલા તેઓ ખોટા મોહથી અસત્ય ગ્રાહીને ક્ષુદ્ર એવા દેવ મંત્રોને સકલ કાર્યસાધક માનીને અપવિત્ર આચરણ કરવાવાળા બનીને વર્તન કરે છે. ૧૦

ટીકા–જે કામને પૂરો ભોગવવો અને પૂરેપૂરો સંતોષ મેળવવો એ શકય નથી. એવા કામનો આશ્રય કરીને, દંભ એટલે પારલૌકિક વેશ ધારણ કરીને ધર્મનો દેખાવ કરવો તે, માન એટલે લોકોમાં પૂજાવાપણું, મદ એટલે પોતાના સાચા સ્વરૂપને ભૂલી જઇને માત્ર કામને જ આધીન બની રહેવું–આ બધાં લક્ષણોથી યુકત અને અસત્ય (ખોટા) તથા ક્ષુદ્ર એવા દેવમંત્રોને મોહથી (ભ્રમથી) જાણીને તથા ધારણ કરીને અશુચિવ્રત એટલે અપવિત્ર એવા અપેય (શરાબ વગેરે) થી પીણાઓમાં રાચનારાઓ (મગ્ન રહેનારાઓ) તેની આરાધના (પૂજા)માં પ્રવૃત્ત બને છે. ૧૦

ચિન્તામપારમેયાં ચ, પ્રલયાન્તામુપાશ્રિતાઃ ।
કામોપભોગપરમા, એતાવદિતિ નિશ્ચિતાઃ ॥૧૧॥
આશાપાશશતૈર્બદ્ધઃ, કામક્રોધપરાયણાઃ ।
ઈહન્તે કામભોગાર્થં, મન્યાયેનાર્થસંચયાન્ ॥૧૨॥

શ્લોકાર્થ-જેનું માપ નિકળી શકે નહિ એવી અને પ્રલયના અંત સુધી ચાલુ રહેનારી ચિંતાનો આશ્રય કરીને (ધારણ કરીને) કામ ભોગને વરેલા અને તેમાં જ ચોકકસપણે નિશ્ચયપૂર્વક ડૂબેલા અને સેંકડો આશાઓના પાશમાં જકડાયેલા, કામ તથા ક્રોધ જેવા દુર્ગુણોમાં પરાયણ (ડૂબેલા-વ્યસ્ત રહેતા) એવા આસુરી વૃત્તિવાળા લોકો કામ તથા ઉપભોગને માટે અન્યાયપૂર્વક ધન ભેગું કરવાની ઇચ્છા રાખે છે. ૧૧-૧૨.

ટીકા-વળી અપરિમેય એટલે જેનું માપ કાઢવું અશકય છે એવી અને મરણ સુધી ચાલુ રહેનારી ચિંતાનો આશ્રય કરી રાત દિવસ ચિંતા મગ્ન રહે છે એમ અર્થ છે. જેમને મન કામોપભોગ જ પરમ મોટામાં મોટું અને છેવટનું) ફળ છે અને કામોપભોગ જ પુરુષાર્થ છે એવો નિશ્ચય જેમણે કરેલો છે, અને એ માટે જ આશાઓના સેંકડો પાશથી બંધાયેલા અને તેને વશ થઇને અનેક તુચ્છ દેવતાઓ વગેરેનો આશ્રય કરનારા અને માત્ર કામ તથા ક્રોધને જ છેવટનું ધ્યેય સમજનારા અને કામ તથા ભોગ એ જ પુરુષાર્થો છે એવો નિશ્ચય કરવાને કારણે કામ તથા ભોગને માટે અન્યાયથી-ચોરી-લૂંટ-હિંસા-(કાળા બજાર) વગેરેથી ધન-પૈસો ભેગો કરવાની ઇચ્છા રાખે છે. ૧૧-૧૨.

ઇદમદ્ય મયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।
ઇદમસ્તીદમપિ મે, ભવિષ્યતિ પુનર્ધનમ્ ॥૧૩॥

શ્લોકાર્થ-આજે મેં આટલું ધન મેળવ્યું, હું આ મનોરથને મેળવીશ (પ્રાપ્ત કરીશ.) આ (આટલું ધન મારી પાસે છે અને ધન ફરીથી થશે (પ્રાપ્ત થશે.)

ટીકા-આ પ્રમાણે તેમનું કર્માદિ લક્ષણ કહ્યા પછી મનની અસદ્ (દુષ્ટ-ખરાબ) વાસનાઓ દુષ્ટતાને કારણે નરક પ્રાપ્તિ વર્ણવે છે. મેં પોતે પ્રયત્ન પ્રાપ્ત કરીને આજે આ (આટલું ધન-સંપત્તિ વગેરે મેળવ્યું (સ્વાભાવિક રીતે મળ્યું એમ નથી જાણતા) અને આવી જ રીતે પ્રયત્નો કરતાં કરતાં આ મનોરથ (મનનું ધારેલું) હું મેળવીશ. (પ્રાપ્ત કરીશ) ભોગ વગેરે માટે આ ધન મારું છે અને મારી ઇચ્છા મુજબ ચાલુ રહેશે-(ચાલ્યું જશે એ જાણતા નથી) આ ધન મને ફરીથી પ્રાપ્ત થશે. ૧૩.

અસૌ મયા હતઃ શત્રુર્હનિષ્યે ચાપરાનપિ ।
ઇશ્વરોડહમહં ભોગી, સિદ્ધોડહં બલવાન્સુખી ॥૧૪॥

શ્લોકાર્થ-આ શત્રુને મેં માર્યો, બીજા શત્રુઓને પણ હું જ મારીશ. હું ઇશ્વર (સર્વ સત્તાધીશ) છું હું ભોગ ભોગવનાર છું હું સિદ્ધ પુરૂષ છું, હું બલવાન છું, હું સુખી છું, એમ માને છે. ૧૪

ટીકા-આ મારો શત્રુ તેને મેં હણ્યો (માર્યો) બીજા પણ એવાઓને (શત્રુઓને) હણીશ ભગવાનની ઇચ્છાથી એથી ઉલટું થાય એ જાણતા નથી. બધું કરવા હું સમર્થ (શકિતમાન) છું. હું ભોગી છું એટલે ભોગના બધાં સાધનો ધરાવું છું, અને કર્તા પણ છું. હું સિદ્ધ એટલે કૃત કૃત્ય (કરવા યોગ્ય કાર્ય જેનું સિદ્ધ થયેલું છે એવો) છું. હું બલવાન છું પરોપકારને મર્દન કરવામાં સમર્થ છું. હું સુખી છું. ૧૪.

-ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

(શ્રી રઘુનાથ ચરણે પ્રગટ કરેલી દ્વિપિકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

(૨) આધ્યાત્મિક દુઃખ :– કામ ક્રોધ વગેરેને લીધે થનારાં દુઃખ ઇન્દ્રિયોનાં દુઃખ છે. તે આધ્યાત્મિક દુઃખ કહેવાય છે. આવાં દુઃખ જડભરતજીની જેમ સહન કરવાં.

જડભરતજીની બધી જ ઇન્દ્રિયો ભગવદ્ભાવવાળી હતી તેથી તેમને ઇન્દ્રિયોના દુઃખનું ભાન જ ન હોતું. તેઓ જડની માફક વિચરતા. તેઓ દેહ કે ઇન્દ્રિયોમાં આસક્તિ રાખતા નહિ. તેથી રહુગણ રાજાની પાલખી ઊચકી વળી અંબિકાદેવીની આગળ વધ માટે પણ ઊભા રહી અનેક અપમાન તથા દુઃખ સહન કર્યા. તેમને દેહનું અભિમાન ન હોવાથી ક્રોધ ન થયો. માન–અપમાન સરખું ગણ્યું. (જડભરતની આખ્યાયિકા શ્રીભાગવતજીના પાંચમા સ્કંધમાં જોઈ લેવી.)

(૩) આધિદૈવિક દુઃખ :– પ્રભુની પ્રાપ્તિ કરવામાં પ્રારબ્ધના દુઃખો અંતરાયરૂપ બને છે, અથવા ભગવાન જીવની પરીક્ષા કરવા માટે ભગવદ્ પ્રાપ્તિમાં વિલાંબ થાય તેવાં દુઃખો આપે છે. તે આધિદૈવિક દુઃખો છે. ભક્તિભાવપૂર્વક, દીનતાપૂર્વક જીવે ભગવાનના શરણે રહી તે દુઃખો સહન કરવાં જોઇએ.

આ માટે શ્રીમહાપ્રભુજી ગોપભાર્યાનું દૃષ્ટાંત આપે છે. ભગવાને શરદપુનમની રાતે વેણુનાદ કર્યો. ત્યારે નિષ્કામભાવવાળાં ગોપીજનો તો જે સ્થિતિમાં હતાં તેવી જ સ્થિતિમાં ઘર છોડીને નીકળી ગયાં. પરંતુ સકામભાવવાળા અંતર્ગૃહગતા ગોપીજનોને ભગવાનમાં જાર ભાવ હતો. તેથી તેઓ પોતાનાં શરીરને શણગારવા લાગ્યા. તેમના પતિઓને આ વાતની ખબર પડતાં બારણા વચ્ચે ઊભા રહી, તેમને રાસમાં જતાં રોકયાં તેથી તેમને સકામ બુદ્ધિરૂપી પ્રારબ્ધ ભોગ નડયો, ઘરમાંથી નિકળવાનો માર્ગ ન રહેતાં, ત્યાંજ મૂર્છા ખાઇ જમીન પર ઢળી પડયાં બ્રહ્માના કરોડો વર્ષ સુધી કુંભીપાક નરકમાં સડવાથી જેટલું દુઃખ થાય તેટલું દુઃખ પ્રભુના વિરહથી તેમને એક ક્ષણમાં થયું. તેથી તેમનાં બધાં પાપ તથા પ્રારબ્ધ ભોગ નિવૃત થતાં, હૃદયમાં પ્રભુ પધાર્યા. તેઓ પ્રભુને ભેટયાં તેથી બ્રહ્માના કરોડો વર્ષ સુધી સ્વર્ગમાં રહેવાથી જે સુખ મળે તેટલું સુખ તેમને મળ્યું આથી તેમનું બધું પુણ્ય પણ ભોગવાઇ ગયું. આમ પાપ અને પુણ્ય પૂરા થતાં સગુણ દેહ છુટી ગયો અને તેમને ભગવત્ પ્રાપ્તિ થઇ તેઓ

સાયુજય પામ્યાં રાસલીલામાં પ્રભુએ તેમને પોતાના શ્રીઅંગમાંથી બહાર કાઢી, ગોપીદેહ આપી રમણ કરાવ્યું અને રાસ પૂરો થતાં પોતાનામાં પાછા પધરાવ્યાં.

રાસલીલામાં જે ગોપીજનો સદેહે જઇ શકયાં, તેમની પણ પરીક્ષા કરવા ભગવાનને પાછા જવાની આજ્ઞા કરી, પરંતુ યજ્ઞપત્નીની માફક તેઓ ઘેર પાછા ન ગયાં. તેમની ઇચ્છા પુરી નહિ થાય તેનું તેમને દુઃખ થયું તે સહન કરી તેમણે ભકિતભાવ પુર્વક ભગવાનને જવાબ આપ્યો ભગવાન સાથે વિહાર કરવા થયેલ વિલંબનું દુઃખ તેમણે સહન કર્યુ

આમ શ્રી ગોપીજનોની માફક પ્રભુ પ્રાપ્તિમાં અંતરાયરૂપ બનતાં પ્રારબ્ધનાં દુઃખો ધીરજ પુર્વક સહન કરવાં જોઇએ.

પરિશિષ્ટ સમાપ્ત

ગોપોવડે ભરણ પોષણ જેમનું કરવામાં આવે છે તે ગોપ ભર્યા, દેહ (ગોપીનો) ભગવત્ સંબંધને લીધે પહેલાંના કાલનો એટલે પ્રાકૃત સમયનો દેહ તેના વિનાશથી જેમ ગોપીને શોક થતો નથી. એવી જ રીતે પોતાના દેહ વિષે પણ કરવું રાખવું એ અર્થ છે. અહીં "ગોપ ભર્યા" એ શબ્દના ઉચ્ચારણથી પુરૂષની જેમ ભાવની અસિદ્ધિ (અનુપપત્તિ) હોવાથી તેનાથી ઉલટું કહેવાયુ છે, ૬

ભગવદિચ્છાથી પ્રાપ્ત થતાં દુઃખમાં જેમ સામનો કરવાનો નથી, એવી રીતે ભગવાનની ઇચ્છાથી પ્રાપ્ત થતાં પોતાના પ્રયત્ન વિના જ દુઃખનો પ્રતિકાર (સમનો) કરવામાં પણ મારૂં સુખ ન થાઓ એવી બુદ્ધિથી દુઃખના અભાવના સંપાદન હેતુની નિવૃત્તિ થતાં આગ્રહ ન કરવો (રાખવો) એમ જણાવતાં કહે છે પ્રતિકારો યદચ્છાતઃ વગેરે વગેરે.

પ્રતિકારો યદચ્છાતઃ, સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।
ભાર્યાદીનાં તથાન્યેષા, મસતશ્ચાક્રમં સહેત્ ॥૭॥

ભાવાર્થ : દુઃખનો સામો ઉપાય પ્રભુ ઇચ્છિાથી મળી આવે તો આગ્રહી થવું નહિ. ભાર્યાદિનો, બીજાનો તથા અસત્ માણસોનો અતિક્રમ સહન કરવો. ૭

ટીકા : ભાર્યા વગેરેના એટલે ભાર્યા તથા પુત્રાદિનાં તથા અન્યોનાં એટલે જેનું પોષણ કરી છીએ તે સેવકોના ભાર્યાદિમાં પોતાના અત્યન્ત નિકૃષ્ટ (નીચ કક્ષાના) તથા સદોષ (એટલે અપરાધવાળાં) ના આરોપને પણ, તેમનાથી કરતા તિરસ્કારને પણ સહન કરી લેવો એમ અર્થ છે અહીં "સહેત્" એમ કહ્યું છે તે પરસ્મૈપદના ક્રિયાપદમાં પણ "સહમર્ષણ" એવા આત્મને પદની સાથે મેળ બેસતો નથી તો પણ 'સહન' એમાં વ્યુત્પત્તિથી 'અચ્' પ્રત્યય લાગવાથી, પાછળથી સહ કરે છે આચરણ કરે છે એવો પરસ્મૈપદનો અર્થ લેવાનો છે. (આ બધું વિવરણ વ્યાકરણના નિયમોને અનુલક્ષીને વ્યાકરણના પરસ્મૈપદ આત્મને પદને લગતા નિયમોને સ્પષ્ટીકરણ તરીકે કરેલુ છે.) ૭

એવી જ રીતે ભગવદિચ્છાથી પ્રાપ્ત થયેલા સુખદુઃખ વગેરેને સહન કરવાં એમ પુર્વે (પહેલાં) કહ્યું છે તો હવે પોતાની કૃતિથી સિદ્ધ થઇ શકે એવા સુખાદિકને ન કરવાં એમ કહેતાં કહે છે. "સ્વયમિતિ"

સ્વયમિન્દ્રિય કાર્યાણિ, કાયવાંગ્મનસા ત્યજેત્ ।
અશૂરેણાપિ કર્તવ્યં, સ્વસ્યાસામર્થ્ય ભાવનાત્ ॥૮॥

ભાવાર્થ : પોતાના લૌકિક સ્વાર્થ માટે કાયા અને મનવડે ઇન્દ્રિયોના કાર્યોને છોડવાં, અને તે પ્રમાણે જ્યાં સુધી અશૂરપણાવડે ત્યાગ ન થઈ શકે, ત્યાં સુધી પોતાના અસામર્થ્યની ભાવના કરવી. ૮

ટીકા : ઇન્દ્રિયકાર્યાણિ એટલે તેને ઇન્દ્રિયથી સાધ્ય એવો વિષય ભોગ એને તો શરીરથી, વાણીથી તથા મનથી તજવો જોઇએ એમ અર્થ છે. કાયા, વાણી તથા મનથી એમ કહીને અત્રે દ્વન્દ્વોના (જોડકાંના) એકત્વ ભાવથી એક વચન સમજવાનું છે દુઃખને સહન કરવા માટે અશક્ત હોય તેવાઓએ પણ એ માટે વૃદ્ધોનું સેવન તથા વૈરાગ્ય ભાવનું સેવન વગેરે કરવું, પરંતુ ધૈર્યનો ત્યાગ ન કરવો એમ કહ્યું છે ત્યાં હેતુ એ છે કે સ્વસ્યા સામર્થ્ય ભાવનાત્" (એટલે કે પોતાના સામર્થ્યનો અભાવ છે એવી ભાવનાથી ભાવના એટલે ચારેય બાજુથી સમગ્ર દૃષ્ટિએ જોવું તે દ્વારા. શું કર્તવ્ય છે એ દર્શાવ્યા પછી કહે છે કે "અશક્યે હરિઃ એવ અસ્તિ." ૮

અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।

ભાવાર્થ : (આ ઉપર બતાવેલું ધૈર્ય) ન બની શકે તો દીનતા પુર્વક શ્રી હરિને શરણે જવું, તેથી સર્વ (વિવેક અને ધૈર્ય) સિધ્ધ થશે.

ટીકા : એટલે કે સર્વ પ્રકારે અશક્ય એવા અર્થમાં (કાર્યમાં) માત્ર હરિ જ મારૂં શરણ છે એવી બુદ્ધિ (વિચારણા) નો આશ્રય કરીને સ્થિર રહેજો એટલે બધું ઐહિક (આ લોક સંબંધી) તથા પારલૌકિક (પરલોક સંબંધી) કાર્ય સિધ્ધ થશે એમ અર્થ છે.

હવે ઉપસંહાર કરે છે (અત્યાર સુધી કરેલા ઉપદેશનો સાર કહે છે) એ તદ્દ વગેરે વગેરે.

એતત્સહનમત્રોક્ત માશ્રયોતો નિરૂપ્ય તે ॥૯॥

ભાવાર્થ : એ પ્રમાણે ધૈર્યની હકીકત કહી હવે આશ્રયનું નિરૂપણ કરાય છે. ૯

ટીકા : હવે ચાલુ ક્રમમાં આવતા "આશ્રય"નું નિરૂપણ કરે છે. અતઃ એટલે ધૈર્યના નિરૂપણ પછી એમ અર્થ છે. ૯

ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. સોની લીલાધર ડાયાભાઈ તથા ગો. વા. સોની જયંતિલાલ લીલાધર, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૪મુ : રાગ-રામકલી

શ્રી યમુના યમુના નામ ભજો ॥
હરખત કરો આરાધન ઈનિકો
ઓરકો પંથ તજો ॥૧॥
દેહેં સકલ પદારથ તુમકોં ઇનકે નામ રજો ॥
વ્રજપતિ કી અતી પ્યારી **કાલિંદી**
તાતેં સકલ શૃંગાર સજો ॥૨॥

ભાવાર્થ–શ્રીવ્રજપતિજી મહારાજ આજ્ઞા કરે છે કે શ્રીયમુના યમુના નામ ને સદા ભજો એ સર્વનાં સુખદાયિની અને ભકત વત્સલ છે દ્રઢ નિશ્ચય અને હર્ષોલ્લાસથી તેનું આરાધન કરો. બીજા સર્વ કષ્ટસાધ્ય માર્ગો નાશવંત સુખો આપનાર છે શ્રીયમુનાજી તમને સકલ પદાર્થો આપશે એટલે કે આ લોક અને પરલોકમાં પણ હિત થાય. આ લોક અને પરલોકમાં પણ અલૌકિક મનમાન્યા સર્વ મનોરથો પુર્ણ કરે છે તટ ઉપર વાસ આપી અને પ્રભૂની અનેક વિધ લીલાઓનાં સુખ આપે માટે શ્રીયમુનાજીના ભજનમાં દ્રઢ નિશ્ચય કરી અને અનુસરો કારણ કે શ્રીયમુનાજી તો શ્રીવ્રજપતિ રાસ વિહારીજીને પરમ પ્યારાં છે માટે હર્ષ અને સ્નેહપુર્વક દ્રઢ નિશ્ચયરૂપ શૃંગાર સજો અને શ્રીયમુનાજીનું ભજન કરો.

"જીન કોઉ કરો ભૂલ મન શંકા નિશ્ચય કર શ્રુતિ ગાવેહો"–નિશંક થઈ અને શ્રીયમુના યમુના નામ ભજો.

–ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ, "વ્રજ" ધોરાજી**

શ્રીકૃષ્ણ નામથી વિઠ્ઠલ-વિપત્તિ કરે પલાયન
જન્મ મરણ **ભવરોગ હરે હરિનામ**
રસાયન ॥૨॥

ભાવાર્થ–શ્રીકૃષ્ણ નામથી વિઘ્નો અને વિપત્તિઓ પણ પલાયન થઈ જાય છે. પૃથ્વી ઉપર **માંડવ્ય** ઋષિએ બાલવયમાં અણસમજમાં એક 'ટીડ' (કીડા) ને બાવળની શુળથી વિંધ્યું હતું. તો તેને યમપુરમાં શુળીએ ચડાવવામાં આવ્યા હતા. ત્યારે કૃષ્ણ કિર્તની એક ભગવદ્ પતિ પત્નિ ગંગાજી કિનારે રહી અને ભગવદ સેવન ભજન કરતાં તે સર્વજ્ઞ અને પુર્ણ ભકત હતા. થોડા સમય પછી તેની પાસે બાજુમાં પર્ણકુટી બાંધી અને એક જયોતિષિ પંડિત રહેવા આવ્યા. આ ભગવદ ભકત તેને નિત્ય પ્રસાદ લેવડાવતા. એક દિવસ જયોતિષિના જોવામાં આવ્યું કે કાલે, આ ભકત ઉપર

આરોપ આવશે. અને રાજાના માણસો તેને પકડી લઇ જઈ શુળી ઉપર ચડાવી દેશે. પંડિતજીએ તો તે રાત્રે ચિંતા અને દુઃખમાં વ્યતિત કરી. બીજે દિવસે ભકત યુગલે સામગ્રી કરી પ્રભુને ભોગ ધર્યો અને ભકત જપ કરવા બેઠા, અને જરા નિંદ આવી તેમાં સ્વપ્નમાં આ બધું બની ગયું. તેઓ જાગ્યા અને ફરી ગંગા સ્નાન કરી આવ્યા. પંડિતને બોલાવી પ્રસાદની પાતાળ ધરી. અને પંડિતજી તો, ભકત સામે જોઇ જ, રહ્યા અને કહ્યું કે આજે તો તમારા ઉપર બહુ ભારે વિતવાની હતી. અને તમને શુળી દંડ મળવાનો હતો. ત્યારે ભકતે કહ્યું કે ભાઇ પ્રભૂ ભકતને પ્રભૂ, શુળીના દંડને સોયથી પતાવી દે છે. ત્યારે બીજાને પૂર્ણ રીતે ભોગવવું પડે છે. આવી રીતે પ્રભૂ ભકતની વિપત્તિ અને વિઘ્નો પ્રભૂ દુર કરી દે છે. અને ભકતના જન્મ મરણનો અને સંસારાસકિતનો રોગ તો ભગવદ્ ભજનથી એટલે કે હરિનામ રસાયનથી **સદાને માટે** નાશ પામે છે. માટે પ્રભૂ ભજન કરીએ.

કૃષ્ણનામ અહિ વૃશ્ચિક, વ્યાઘ્ર ચોર ભય ટાળે
કૃષ્ણ નામ ભ્રમ–કુર્તક–સંઘે સહુ દુઃખ બાળે ॥૨૩॥

ભાવાર્થ–શ્રીકૃષ્ણ નામ સર્પ વિંછી સિંહ ચોર વિગેરેના ભયને ટાળે છે. ધારી પાસે મોટા ભલગામ'માં એક પુરૂષોત્તમદાસ સુતાર ભકત રહેતા હતા અત્યારે તેનો પરિવાર છે. તેઓ ઘરની ઓંસરીમાં બેઠા હતા ત્યાં એક કાળોતરો **સર્પ** દોડી અને કરડયો અને ચત્તો પડી ગયો. સર્પ કરડી અને ચત્તો પડી જાય એટલે તો માણસ કદીએ બચે નહીં. પુરૂષોત્તમદાસે સર્વોત્તમજીના જપ ચાલુ કરી દીધા. અને ચાર કલાક થયાં ત્યાં સર્પ ઉતરી ગયો. આ દ્રષ્ટાંત સત્ય ઘટનાનું ખાત્રી પૂર્વકનું છે.

વિંછી પણ ભગવદ નામ સાથે તુલસીનો રસ બન્ને કાનમાં નાખવાથી ઉતરી જાય છે.

વ્યાઘ્ર બસો બાવનમાં રત્નાવતી રાણીની વાત છે. તે વૈષ્ણવ થઈ અને પ્રભુ સેવા કરવા લાગી તેના દિયર માધવસિંહને તે ગમ્યું નહીં અને કોઇ ન જાણે તેમ એક સિંહને પકડી તેના દ્વારમાં પીંજરામાંથી છોડયો. સિંહ ઉપર ગયો રાણી અને રાણીની દાસી ભગવદ સેવા કરતા હતા. દાસી સિંહને જોઇ અને કહ્યું કે રાણીજી નૃસિંહજી પધાર્યા છે. એમ કહી તેને તીલક કર્યું ફૂલમાલા પહેરાવી. અને પ્રસાદ ધર્યો, તે સિંહે શાન્ત થઈ અને ખાધો અને માથું નમાવી બહાર જઇ માધવસિંહજીના ઘણા માણસોને મારી નાખ્યા. આમ સિંહમા નૃસિંહ પ્રભુએ પ્રવેશ કરી ભકત રક્ષા કરી.

એક ભકત દ્રવ્ય પાત્ર અને સુખી હતા તેના ઘરમાં **ચોર** ચોરી કરવા આવ્યો તેણે જોયું તો ભકત પ્રભુ નામ લેતાં હતા ચોરે ચાર પ્રહર વાટ જોઇ પરંતુ ભકતો પ્રભુ નામ સવાર સુધી લેતા રહ્યા. આમ ચોરનો ભય ટળી ગયો. પ્રભુ પોતાના ભકતના ખોટા ભ્રમ ખોટા તર્કો અને સંદેહોને સર્વ દુઃખોને ભસ્મિભૂત કરે છે.

સત્યકામ–જાબાલ

પંડિત ઘનશ્યામભાઈ ભટ્ટ રાજકોટ

સૃષ્ટિના પ્રારંભનો ઇતિહાસ છે. જાબાલા નામે એક વૈષ્ણવ ધર્મનિષ્ઠ બ્રાહ્મણી હતી. કૃષ્ણદાસી ભાવે આવતા અતિથિઓની સેવાનિષ્ઠ હતી. અનેક વિદ્વાન બ્રાહ્મણ વૈષ્ણવો વેદાન્તજ્ઞ તેને ત્યાં આવતા હતા. હરિ, ગુરુ, વૈષ્ણવને સમદૃષ્ટિથી જાબાલા સહુને સેવા આપતી હતી. તેને સત્યકામ નામે પુત્ર થયો, તે પણ સંસ્કારી માતૃભક્ત હતો.

“કૌમારાત્ આચરેત્ પ્રાજ્ઞઃ” તે સૂત્ર મુજબ નાનપણથી જ તે વિદ્યાનિષ્ઠાવાન, ગુરુભક્તિ નિષ્ઠાવાન, સેવા નિષ્ઠાવાન હતા. જ્યારે તે વિદ્યાભ્યાસને યોગ્ય થયા ત્યારે માતાને કહ્યું કે મારે ગુરુકુલમાં બ્રહ્મચર્ય પાલન સાથે ગુરુની સેવામાં રહેવા ઇચ્છું છું ગુરુ મને ગોત્રનું પૂછશે, તો હું કયા ગોત્રનો છું તે મને કહો.

ત્યારે જાબાલાએ કહ્યું કે બેટા ! તું કયા ગોત્રનો છો તે હું પણ જાણતી નથી. ઘણાં બ્રાહ્મણોની સેવા નિષ્ઠામાં તારો જન્મ છે. તેથી ગુરુજી પૂછે તો કહેજે કે હું જાબાલાનો પુત્ર છું. સત્યકામ છું.

માતાને નમસ્કાર કરી આજ્ઞા–આશિર્વાદ લઈ સત્યકામ મહર્ષિ હરિદ્રુમાનના પુત્ર ગૌતમ ઋષિના આશ્રમે જઈ પ્રાર્થના કરી, ભગવન્! હું બ્રહ્મચર્ય વૃત સાથે આપ સમીપ સેવા કરવા ઇચ્છું છું. મારો સ્વીકાર કરશો.

ગુરુજીએ ઘણા સ્નેહથી પૂછયું–સૌમ્ય! તારું ગોત્ર શું છે ?

સત્કામે નમ્રતાથી કહ્યું ભગવન્ ? મારૂં ગોત્ર શું છે તે વાતને હું જાણતો નથી, મેં અહિં આવતા સમયે મારી માતાને પૂછયું હતું. ત્યારે તેણે કહ્યું હતું કે યુવાન અવસ્થામાં અનેક અતિથિઓની સેવામાં લાગી રહેવાના કારણે કેવળ એટલું જ હું જાણું છું કે “મારૂં નામ જાબાલા છે અને તારૂં નામ સત્ય કામ છે.”

સત્યવાદી, સરળ હૃદયી સત્યકામની સીધી સાચી વાત સાંભળી ઋષિ ગૌતમ પ્રસન્ન થઇ કહે, વત્સ ! વૈષ્ણવ બ્રાહ્મણ સિવાય કોઇપણ આ પ્રકારે સરળ ભાવથી સાચી વાત ન કહી શકે. “નૈતદ્ બ્રાહ્મણો વિવકતુ મહંતિ” એવું સત્ય અને કપટ રહિત વચન કહેનાર તું નિશ્ચય બ્રાહ્મણ જ છે.

“નજાર જાતસ્ય લલાટ પદ્મં, ન કુલ પ્રસૂતસ્ય ચ પાણી પદ્મમ્ યથા યથા મુંચતિ વાકબાણ, તદ્દા તદ્દા જાતિ કુલ પ્રમાણમ્”

હું તારો ઉપનયન સંસ્કાર કરીશ. જા થોડા સમિધા (હવન કાષ્ઠ) લાવ. સત્યકામ સમિધ લાવે છે. સમર્થ ગૌતમ મહર્ષિએ વિધિવત્ ઉપનયન સંસ્કાર કરી, સેવા આજ્ઞા કરે છે કે ગૌશાળામાં ૪૦૦ દુબળી પાતળી ગાયો છે તે વનમાં ચરાવવા લઈ જા, સાંભળ આ દુર્બલ ગાયોને હૃષ્ટ–પુષ્ટ બનાવી તેની એક હજાર સંખ્યામાં પૂર્ણ કરી આવજે. ત્યાં સુધી પાછો આવીશ નહિ.

સત્યકામે પ્રસન્ન થઇ કહ્યું, ભગવન! આ ગાયો જ્યારે હૃષ્ટ–પુષ્ટ એક હજારની સંખ્યામાં થશે ત્યાં સુધી હું પાછો નહિ ફરૂં.

પછી સત્યકામ ગાયો લઈ જે વનમાં ઘાસ પાણીની સારી સુવિધા હતી, ત્યાં જઇ પર્ણકુટી બનાવી વર્ષો સુધી ગાયોની તન, મન વડે ખૂબ સેવા કરતો રહ્યો.

ગુરુભકિતનો કેટલો આદર્શ પ્રસંગ છે. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો, તેને ગુરુ ગાયો ચરાવવા વનમાં મોકલે છે. તે પણ ચૂપચાપ ''આજ્ઞા ગુરુણાં ન વિચારણીયા એ સૂત્રાનુસાર આજ્ઞાશિરોધાર્ય કરી વર્ષો સુધી નિર્જનવનમાં ગોપાલ–કૃષ્ણનું સ્મરણ કરતો વનમાં રહે છે. આવી નિષ્ઠા જ્ઞાન પિપાસુ ગુરુ ભકત ભારતીય ઋષિકુમારોમાં જ દેખાય છે. આજની સંસ્કૃતિ આથી સાવ વિપરીત છે.

સેવા કરતા કરતા ગોપાલ કૃષ્ણની આરાધના સાથે એક હજારની સંખ્યા પૂર્ણ થઈ છે. સાક્ષાત્ ભગવાને વૃષભ રૂપે પધારી પુકાર કર્યો કે વત્સ ! અમારી સંખ્યા એક હજારની પૂર્ણ થઇ છે, હવે તમે ગુરુના આશ્રમમાં લઇ જાવ, તે પહેલાં હું તમને બ્રહ્મના પ્રથમ પાદનો ઉપદેશ કરૂં છું. ઉપદેશ આપતાં કહ્યું કે આનું નામ 'પ્રકાશવાન'–પ્રસ્થાન ચતુષ્ટયીમાં પ્રથમ ગીતા એ ગાવાથી પ્રકાશ આત્માને અનુભવાય છે. આટલા પ્રથમ પાદનું અવગાહન કરો, હવે પછી બીજા પાદનો ઉપદેશ તમને અગ્નિદેવ કરશે.

બીજી સવારે સત્યકામ ગાયોને લઇ આગળ ચાલ્યા. સંધ્યાં સમયે માર્ગમાં પડાવ નાખ્યો પૂર્વ તરફ મુખ રાખી અગ્નિ પ્રગટ કરી બેઠા ત્યાં અગ્નિદેવ (વૈશ્વાનરાવતારશ્રી મહાપ્રભુજી) કહે, સૌમ્ય ! હું તને બ્રહ્મનું બીજું પાદ 'અનંતવાન' (જે ભગવત ગુણાનુવાદનો અંત નથી) બીજું પ્રસ્થાન ચતુષ્ટયીમાં શ્રીભાગવતજી-ત્રીજું પાદ તમને 'હંસ' હવે પછી કહેશે.

સત્યકામ રાત ભર ઉપદેશનું મનન કરતા રહ્યા. પ્રાતઃ કાલ થતાં ગાયો હાંકી આગળ પ્રવાસ શરૂ કર્યો. સંધ્યા સમયે સુંદર જલાશય કિનારે રોકાણા. ગાયોના ઘાસચારાની વ્યવસ્થા કરી અગ્નિ પ્રગટ કરી પૂર્વાભિમુખે બેઠા. એવામાં ઉપરથી ઉડતા ઉડતા 'હંસ' પધાર્યા. અને બ્રહ્મના ત્રીજા પાદનો ઉપદેશ કર્યો. તૃતીય પ્રસ્થાન પાદ 'જ્યોતિષ્માન' (જયોત સમાન પ્રકાશ કર્તા) બ્રહ્મસૂત્ર, હવે ચોથું પાદ તમને આગળ 'મદગું' નામના જલ પક્ષી પધારી કહેશે.

ત્રીજું પાદ બ્રહ્મસૂત્રાત્મક હંસ પ્રભુથી પ્રાપ્ત થયેલ ઉપદેશનું રાત ભર મનન કરતા રહ્યા. પ્રાતઃ કાલે ગાયોના મંડલને લઇ આગળ પ્રસ્થાન કર્યું. સાંજ પડી. એક સરોવર કિનારે વિશાળ વટ વૃક્ષ નીચે ગાયોની સેવા કરી નિવાસ કર્યો. અગ્નિ પ્રગટાવી પૂર્વાભિમુખે બેઠા. ત્યાં જલપક્ષી પધાર્યાને પ્રસ્થાન ચતુષ્ટયી 'આયતનવાન' રૂપનો (અણુભાષ્યાત્મક) પ્રસ્થાનનો ઉપદેશ કર્યો.

આ રીતે ગાય, ગોપાલને ગુરુ સેવાના પ્રભાવથી વૃષભ રૂપ ધર્મ વાયું, વૈશ્વાનરાત્મક અગ્નિદેવ, હંસ રૂપ સ્વયં ભગવાન રૂપ અને અલૌકિક સૂર્યદેવ રૂપે સાક્ષાત્ શ્રી મહાપ્રભુ અણુ ભાષ્યાદિ પ્રસ્થાન ચતુષ્ટયી અને સદ્ગુરુ પ્રાણદેવતા વડે જ્ઞાન પ્રાપ્ત કરી સત્યકામ એક હજાર ગાયો લઇ આચાર્ય ગૌતમના આશ્રમમાં પહોંચ્યા. એ સમયે સત્યકામ જાબાલાના મુખ મંડલ ઉપર વૈષ્ણવી દિવ્ય તેજ પ્રકાશી રહ્યું છે.

આ ઇતિહાસ ગાય, ગોપાલ, ગુરુદેવની. દયા, દીનતા, ધૈર્યને આશ્રય આ ચાર વૈષ્ણવી સદ્ગુણો વડે સત્યકામ જાબાલની જેવા ભગવદીયો ઉપર આજે પણ કૃપાના અધિકારને પાત્ર થાય છે.

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રી વલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૯ મો]   [ગતાંકથી ચાલુ

શ્રીવલ્લભનો ધાર્મિક બોધ (ચાલુ)

ચૌપાઈ–રાધેશ્યામ

યહ આત્મ ધર્મ અતિ ગુપત ગહન, શ્રદ્ધાબલિ સંચાલક હોગા
શ્રદ્ધા ન ઘટે સબ રીત નિભે, અતિ વિવેક સે પાલન હોગા
સબ સાધન ધર્મ સુકર્મ યોગ, શ્રીહરિ રતિ આય સમાયે હૈં
હરિ મારગ સે બઢકર નહિં કછુ, સ્વધર્મ ધરત સુખ પાયે હૈં
રથ કે સમ તનુ હિય રથિક જીવ, મેધા રસરિ નિજિ હાથ ધરેં
ઇન્દ્રિયાં અશ્વમય સ્વાધિન કર, હરિપદ રતિ પથિક સનાથ કરેં
બાલ્યાવય સે હી બાલક પર, નિજ કર્મ ધર્મ અનુરાગ ધરેં
શ્રીહરિ પતિ દ્વેશી નીતિ ભંગ, ઐસી ભાર્યા કા ત્યાગ કરેં
ઉઠ પાયેં બ્રહ્મ મુહુર્ત દેખ, ઉઠતે હી હરિ ગુનગાન કરેં
પુનિ દેહ શુદ્ધ કર હરિ સેવા, બ્યવહાર કરત હરિ ધ્યાન ધરેં
બ્રહ્માસ્ત્ર ભાવ ચિત ચાતક સમ, યહ વિધ હરિ પર વિશ્વાસ ધરેં
હરિ હરત દોષ દુખ ભકતન કે, શ્રીહરિ સર્વોપરિ આશ કરેં
જિમિ વિટપ મૂલ જલ સિંચન સે, તરુપર્ણ ડાલ જલ પાતે હૈં
યહ વિધ શ્રીહરિ કી સેવા સે, બ્રહ્માંડ ત્રપ્ત બન જાતે હૈં
તન મન વાણી કે ધરમ કરમ, હરિ મુદિત કરન કૃતિ લાતે હૈં
ઉપકાર કરેં હરિમય જગલખ, વહ ભવ બન્ધન નહિં પાતે હૈં
નિજ ત્રિયા કુટુંબી બાલક પૈ, નહિં કલેશ દ્વેશ અરુ રોષ ધરેં
દેં દાન માન બન દયાવન્ત, આશ્રિત વહ હૈં સંતોષ કરેં
જિન કે ઘર નર નારી બાલક, પ્રફુલિત અતિ સુખ સે રહતે હૈં
સુખ દુખમેં સમ અરુ સદાચાર, બહ સ્વર્ગ મનહું સુર કહતે હૈં

દોહા–પૂર્વ યોગસે મિલત સબ, ભોગત કરમ મનાય
જિમિ પંખી બૈઠત વિટપ, સમય પાય ઉડ જાય

પૂર્વના દત અનુસાર સર્વ પ્રથમ થાય છે. દ્વેશથી પાલન ન કરતાં દયા અથવા કૃપાથી આપ્તજનોનું પાલન કરવું.

શ્રીકૃષ્ણ દેવનો પ્રશ્ન-શું ત્યાગ કરવા જેવું ?
શ્રી વલ્લભ કહેવા લાગ્યા.

દોહા-કામ ક્રોધ મદ લોભ અરુ, મોહ અહંતા દ્વેશ
નર્ક દ્વાર સબકે લિયે, બોલે બચન દ્વિજેશ

કામ-દુનિયામાં મોટામાં મોટું શત્રુ છે, તે પ્રથમ જીતવો જોઇએ. જ્યાં સુધી તેને જીત્યો નથી, ત્યાં સુધી કદી પણ ભકિતમાર્ગમાં પ્રવેશ થઈ શકશે નહિ.

દોહા-કામ કામ સબ કોઇ કહે, કામ ન ચીન્હે કોઇ,
જેતી મન કી કલ્પના, કામ કહાવત સોઇ

કામને જીતવો એટલે કંઇ એને બાળીને ભસ્મ કરવાનો નથી, પણ જેમ પારસમણિનો સ્પર્શ થતાં લોહનું સુવર્ણ થઇ જાય છે, તેમ આ કામને ભગવદ્ ભાવના સ્પર્શથી નિર્દુષ્ટ રસરૂપ બનાવવો જોઇએ. નહિ તો કામાદિ જીત્યાનું વિશેષ પ્રયોજન નથી. બાકી ફકત કામને જીત્યાથી કંઇ પણ ફળ નથી. પ્રભુમાં સ્નેહ હોય તો કામાદિનું જીતવું સફળ છે. નહિ તો સર્વ સાધનો એકડા વિનાનાં મીંડાં બરાબર છે.

ક્રોધ-કરવો એટલે ગુસ્સો કરવો. જેમ "કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય." તેમ થોડો ખિજવાટ, થોડો ચિડવાટ, થોડી કડવી વાણી, થોડાં મહેણાં-ટોણાંથી ક્રોધ અને કજિયા.

સાખી-ઘર સળગ્યાં બીજા થશે, વન સળગ્યાં ઓલાય;
પણ મન સળગ્યાં તે ઠારતાં, સાગર સૂકાઇ જાય. ૧
સર્પ ડંશ ઊતરે કદી, વીંછી ડંશ ભૂલાય;
પણ વચનો ડંખ્યાં હોય તે ઝેર કદી ન જાય. ૨
કાળ જાય કહાની રહે, રહેશે વદેલાં વેણ;
માટે કોઇને ના કહો, કદીયે કડવાં વેણ. ૩

દોહો-મીઠો સબસોં બોલિયે, સુખ ઉપજત ચહું ઓર;
બસીકરન યહ મંત્ર હે, તજ દો બચન કઠોર.

કામને દહન તો કોઈ કરી શકે, પરંતુ ક્રોધને સહન કરવો બહુ જ કઠણ છે. ક્રોધ કહે છે કે, હું લોકોને અંધ બનાવી દઉં છું, બહેરા બનાવી દઉં છું. ધીર તેમજ ચેતનને અચેતન બનાવી દઉં છું હું એવું કરી દઉં છું કે, જેનાથી મનુષ્ય પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. હિતની વાત પણ સાંભળતો નથી.

શ્રી મહાદેવજી ભકતોમાં શિરોમણિ છે. શ્રી પ્રભુજીનું અહર્નિશ ધ્યાન કરે છે. તેમણે કામદેવને બાળ્યો, પરંતુ ક્રોધનું સહન થઇ શકયું નહિ. ક્રોધ તથા કામનું દહન તો શ્રીપ્રભુજીથી જ થયું બીજાનું ગજું નહિ.

ભગવદીએ ક્રોધ ન કરવો, કારણ કે જ્યાં ક્રોધ છે ત્યાં ભગવદ્ ધર્મ અને ભગવાન ન રહે. ક્રોધ છે તે અગ્નિરૂપ છે અને તેથી ભગવદ્ ભાવનો નાશ કરે. તેથી ક્રોધ છે તે મહાન દોષ છે અને તેનાથી હંમેશાં સાવધાન રહેવું.

લોભ–એ કનિષ્ઠમાં કનિષ્ટ દુર્ગુણ છે. લોભીમાં સદ્ગુણ હોય તો તે ઢંકાઇ જાય છે. લોભી માણસ વિવેક તો સાચવી શકે જ નહિ.

લોભમાં પંદર દોષ છે–ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, અહંકાર, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા (હરિફાઇ), વ્યસન, ત્રાસ અને હિંસા આ પંદર અવગુણો, થોડા ઘણા લોભમાં હોય છે, તો લોભી ભગવાનનાં સેવા સ્મરણ શી રીતે કરી શકે ? આ સૂક્ષ્મ વિચારે કામ અને લોભ આ બન્ને દોષો જતાં ક્રોધ, જેમ દાળના દાણા છુટા પડતાં આપો આપ વચલો ભાગ નથી રહેતો, તેમ આપોઆપ નાશ પામે છે. જેથી કામ અને લોભ પર્વતો ઓળંગે તે જ સેવા કરી શકે.

મોહ–એટલે પોતાના હિતાહિતને સમજવામાં બુદ્ધિનું અસમર્થપણું મોહમાં પડેલો જીવ અહિતનો નિશ્ચય કરી શકે નહિ. મોહમાં જે સાધનભૂત પદાર્થ હોય તે હિત કહેવાય અને તેમાં પ્રતિબંધક માયાના કાર્યો અહિત કહેવાય. માયાનાં કાર્યો જે સર્વ વિષયો છે, તે દુઃખદાયી અને અહિત કરનારાં છે. તેની પ્રાપ્તિ માટે વિવેક રહિત બની પ્રયત્નપૂર્વક પુરૂષાર્થ કરવો તેનું નામ મોહ છે.

હરણ, હાથી, પતંગિયું, ભમરો અને માછલાં એ એક એક વિષયની વધારે પડતી આસકિતને લઇને નાશ પામે છે તો પછી મનુષ્ય એકલો જ પાંચે વિષયને પાંચ ઇન્દ્રિયોથી ભોગવે છે તે જો પ્રમાદી બને, એટલે વિષયાસકિતમાં મોહમાં તણાતો જાય, તે તો શા માટે નાશ ન પામે ! જરૂર નાશ પામે.

મદ–એટલે ગર્વ, અહંકાર, અભિમાન, ભકિતમાર્ગમાં આ મદ મહાન બાધક છે. મદ ઘણી જાતના છે. વિદ્યા મદ, રાજમદ, સત્તામદ, ધનમદ, કુળમદ, યૌવન મદ, બળ મદ, રૂપ મદ, શીલ મદ, દાતાપણાનો મદ, જ્ઞાન મદ, ભજન મદ, વૈરાગ્ય મદ વગેરે આવા અનેક પ્રકારના મદો છે. તેને નિર્મૂળ કરવા.

દોહા–પંડિતથી પચાસ કોસ, કીર્તનીયાથી ત્રીસ,
વાદીથી હજાર કોસ, ભકતજનને શીશ.

–ક્રમશઃ

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૨ તા. ૯-૩-૮૯ ગુરુવાર ગો. શ્રી વલ્લભ બાવાશ્રી (કામવન) તથા શ્રી વિઠ્ઠલનાથ બાવાશ્રી (ગોકુલ) નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૧૦-૩-૮૯ શુક્રવાર ગો. શ્રી અનિરુદ્ધ બાવાશ્રી (કામવન) નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૧૧-૩-૮૯ શનિવાર ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ શ્રી (ગોકુલ) નો જન્મદિન.

ફાગણ સુદ ૫ તા. ૧૨-૩-૮૯ રવિવાર શ્રી લલિત ત્રિભંગીજી (વેરાવળ) પાટોત્સવ તથા બગીચા (છઠનો ક્ષય હોવાથી આજે)

ફાગણ સુદ ૭ તા. ૧૩-૩-૮૯ સોમવાર શ્રી મથુરેશજી (કોટા) પાટોત્સવ ગો. શ્રી રાકેશ બાવાશ્રી (નાથદ્વારા) અને શ્રી કૃષ્ણ કુમાર બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૧૪-૩-૮૯ મંગળવાર હોળાષ્ટકનો પ્રારંભ ગો. શ્રી વ્રજ વલ્લભ બાવા (મથુરા) નો જન્મદિન.

ફાગણ સુદ ૯ તા. ૧૫-૩-૮૯ બુધવાર બગીચા નોમ, નેકનો બગીચો.

ફાગણ સુદ ૧૧ તા. ૧૭-૩-૮૯ શુક્રવાર ગો. શ્રી કુંજેશ કુમારજી બાવા શ્રી (કોટા) નો જન્મદિન.

ફાગણ સુદ ૧૨ તા. ૧૮-૩-૮૯ શનિવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદ ૧૩ તા. ૨૦-૩-૮૯ સોમવાર બગીચા તેરસ ગો. શ્રી મુરલી મનોહર બાવા (મુંબઇ) નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૨૧-૩-૮૯ મંગળવાર ગો. શ્રી મધુસૂદનલાલ બાવાશ્રી (સુરત) નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૨૨-૩-૮૯ બુધવાર હોળી પ્રદીપન સવારે સૂર્ય ઉદય પહેલાં. દોલોત્સવ (ઉત્તરા ફાલ્ગુન નક્ષત્ર આજે છે તેથી.) કામ દહન પૂર્ણિમા, મન્વાદિતિથિ. શ્રી ચૈતન્ય મહા પ્રભુ જયંતિ (સં. ૧૫૪૧) ગો. શ્રી ગોકુલનાથજી (મંદારજી) મહારાજશ્રી (મુંબઇ) નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૨૩-૩-૮૯ ગુરુવાર દ્વિતીયા પાટોત્સવ આજથી છાક તથા કુંજના પદ અક્ષય તૃતીયા સુધી બોલાય.

ફાગણ વદ ૭ તા. ૨૯-૩-૮૯ બુધવાર શ્રી દામોદરજી (જુનાગઢ) નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૩૦-૩-૮૯ ગુરુવાર ગો. શ્રી રાજેન્દ્રબાવાશ્રી (મથુરા) ને જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૧-૪-૮૯ શનિવાર ગો. શ્રીદેવકીનંદન બાવા (ગોકુળ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૨–૪–૮૯ રવિવાર પાપમોચની એકાદશી વ્રત ગો. શ્રી ભરતકુમાર મહારાજ (પૂના) નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૪–૪–૮૯ મંગળવાર ગો. શ્રી રઘુનાથ બાવાશ્રી (કામવન) અને ગોકુલનાથ બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૫–૪–૮૯ બુધવાર દર્શ–અમાવાસ્યા ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની) નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૬–૪–૮૯ ગુરુવાર ગુડી પડવો–સંવત્સરોત્સવ (એકમનો ક્ષય હોવાથી આજે) ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ) નો જન્મદિન.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ)
રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રીવલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ -	રાજકોટ
(૨) તેના પ્રકાશનની સામાયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	**રવજીભાઇ પરસોત્તામભાઈ પટેલ**
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	"અમૃત" જલારામ પ્લોટ નં. ૧ માર્ગ ૩, યુનિવર્સિટી રોડ; રાજકોટ. ૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	"
સરનામું	"
(૫) સંપાદનું નામ	"
રાષ્ટ્રીયતા	"
સરનામું	"
(૬) જે વ્યતિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આ. રા. પુ. વૈષ્ણવ પરિષદ જી–૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઈ–૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦–૩–૮૯

મુદ્રક, પ્રકાશક અને સંપાદક
રવજી પરસોતમભાઇ પટેલ

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રીવલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ)

લેખક :- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં 'શ્રીવલ્લભ શબ્દ' શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે, બન્ને એક જ સ્વરૂપ છે.]

નિશદિન બોલો બોલે રાખો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૦)
રાતે બોલો મધરાતે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૧)
સવારે બોલો મધશતે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૨)
સાંજે બોલો; મળસ્કે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૩)
શ્વાસે બોલો, ઉચ્છ્વાસે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૪)
ડગલે બોલો, પગલે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૫)
નાડીના ધબકારે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૬)
રોમે રોમના રણકારે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૭)
ઘરમાં બોલો, આંગણામાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૮)
ગામમાં બોલો, પાદરમાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩૯)
જ્યાં ત્યાં બોલો, જેમ-તેમ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૦)
યાત્રામાં બોલો, પર્યટનમાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૧)
ગોવિંદઘાટે બોલો, ઠકુરાણીઘાટે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૨)
વલ્લભ ઘાટે બોલો વિશ્રામ ઘાટે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૩)
રાધા કુંડે બોલો, કૃષ્ણ કુંડે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૪)
ગોવિંદકુંડે બોલો માનસીગંગાએ બોલો શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૫)
ક્રીડાસ્થાને બોલો લીલાસ્થાને બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૬)
સાંકરીખોરે બોલો રમણ રેતીએ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૭)
ગોવર્ધને બોલો, યમુના ઘાટે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૮)
ગોવર્ધનને શિખરે બોલો કંદરાએ બોલો શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪૯)
ગોકુલે બોલો, વૃંદાવને બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૦)
વ્રજ મંડલે બોલો, જ્યાં ત્યાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૧)
રસકુંજે બોલો, ભાવ નિકુંજે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૨)
વિરહકુંજે બોલો અનુભવ નિકુંજે બોલો શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૩)
તમે સૌ બોલો અનુભવ નિકુંજે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૪)
શ્રીવલ્લભી વૈષ્ણવજન બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૫)
શ્રીકૃષ્ણ ભકતજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૬)

—ક્રમશઃ

સૂરદાસજીના ગૂઢ પદની ટીકા

સંપાદક : **સોની કાન્તીલાલ છગનલાલ-ચીત્તલ**

અરથ કરો પંડીત અરૂ જ્ઞાની ।। રવિ કે અંત દધિ સુત કે આગમ દ્વે ષટ ચાર અધિક છબિ બાની ।।૧।। નહિ વ્રજ વનિતા નહિ સુર વનિતા નહિ રાધા સહચરી યહ જાની ।। નહિ નરનારી ભરમ જીન ભુલો, બ્રહ્મ સૃષ્ટિમેં યહ ન ઉપાની ।।૨।। સારંગ સુત સારંગ ચક્ષુ દીને સારંગ સુતા દેખી વિલખાની ।। કનક સહોદર વશકર લિને સૂર ગૂઢ નિજ સંતન જાની ।।૩।।

એક સમય મહાદેવજીએ શ્રી ઠાકુરજીને વિનંતી કરી કે આપશ્રીએ જે મોહિની રૂપ ધારણ કરેલું, તે સ્વરૂપના દર્શન અમોને કરાવો. ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું. એમા કંઇ વિશેષ લાભ તો છે નહિ, ત્યારે મહાદેવજી એ ખુબ આગ્રહ પૂર્વક વિનંતી કરી કહ્યું અમારે એ સ્વરૂપના દર્શન કરવા છે. તેથી અમારી વિનંતિ સ્વીકારો; મહાદેવજીનો ખૂબ આગ્રહ જોઇ શ્રીઠાકુરજી એ કહ્યું. અવશ્ય કરાવીએ, આમ શ્રીઠાકુરજી મોહિની સ્વરૂપ ધરવા માટે દુર વનમાં પધાર્યા.

આ બાજુ મહાદેવજી અને પાર્વતીજી જ્યાં હતા, તે વનમાં ચારે બાજુ જાણે કે વસંત ઋતુનું આગમન થયું હોય તેમ ચારે બાજુ વૃક્ષોમાં નવી કુંપળો આવી તથા ચારે બાજુ ફુલોની મહેંક આવવા લાગી, ભ્રમરો ગુંજારવ કરવા લાગ્યા. કોયલના ટહુકારા સંભળાવવા લાગ્યા. વેલીઓ બધી નવ પલ્લવિત થઈ વૃક્ષોને લપેટાઇ રહી છે; ત્રીવિધ પવન વા વા લાગ્યો છે. વનમાં ચારે બાજુ મહેંક પ્રસરી ગઇ છે. સુંદર મજાના રંગ બે રંગી પક્ષીઓનો કોલાહલ થઇ રહ્યો છે. ત્યારે મહાદેવજી તો જે બાજુ શ્રીઠાકુરજી પધાર્યા છે. તે બાજુ દષ્ટિ કરીને ઉભા છે; જે હમણાં મોહિની રૂપ ધરીને શ્રીઠાકુરજી પધારશે.

એટલામાં સાંજનો સમય થયો, તેથી સૂરદાસજી કહે છે કે “રવિ કે અંત દધિ સુત કે આગમ” એટલે કે સુર્યાસ્ત સમયે એવી તો સુંદર શોભા થઇ છે કે જાણે કોઈ નવ યૌવના સોળે શૃંગાર કરીને ન ઉભી હોય,’ એવી સુંદર શોભા થઇ છે.

આવા સુંદર આહલાદ વાતાવરણમાં શ્રીઠાકુરજી મોહિની સ્વરૂપ ધારણ કરીને મનોહર હાવભાવ કરતા પધારી રહ્યા છે. નૂપુરના સુંદર ઝંકાર કરતા, કયારેક વૃક્ષની આડમાં છુપાઈ જાય છે. કયારેક લટક મટકતી ચાલ ચાલે છે. પવનમાં વસ્ત્રો ઉડે છે. તેમાં શ્રી અંગનું દર્શન થતાં અત્યંત મોહક લાગે છે. ભમરાંઓ માથે ઉડી રહ્યા છે. તેને દુર કરી વસ્ત્રો સંભાળે છે. કયારેક ફુલ તોડીને ભમરાઓ તરફ ફેંકે છે. આ પ્રકારે વિવિધ હાવભાવ કરી હંસ ગતિ ચાલ ચાલી રહ્યા છે.

આગળ વર્ણન કરતા સૂરદાસજી કહે છેઃ “દ્વે ષટ ચાર અધિક છબિ બાની” ૨×૬=૧૨+૪=૧૬ એટલે કે દ્વાદશ આભરણ અને શોળે શૃંગાર સજી આપશ્રી પધાર્યા છે. તેની અધિક શોભા બની છે. હવે દ્વાદશ આભરણનું વર્ણન

(૧) ઉબટનો મંજન કરી શ્રીઅંગ સ્વચ્છતા કરવી (૨) ફુલેલ વાળમાં લગાવવું (૩) માંગમાં સિંદુર ભરવું (૪) કેશર આદીની ભાલમાં આડ કરવી. (૫) ભ્રકુટી વચ્ચે બીંદી કરવી. (૬)

નેત્રાંજન (૭) તાંબુલ (૮) ચિબુકમાં શ્યામ બિન્દી કરવી. (૯) કેશર ચંદન ઇત્યાદીકથી અંગરાગ કરવું (૧૦) ફુલની માળા (૧૧) શ્રી હસ્તમાં મહેંદી (૧૨) ચરણોમાં મહાવર. આ પ્રકારે બાર આભરણ કરે ત્યારે નૂતનતા કહેવાય, તેથી કહ્યું કે અધિક છબિ બાની.

હવે શોળ શૃંગાર નખથી શિખા પર્યંત સર્વે અંગોમાં શોભાયમાન છે. જે બીજા કોઇને તો કરવા પડે છે. ત્યારે અહીં તો સ્વતઃ સિદ્ધ, ઇચ્છા માત્રમાં ભૂષિત થઇ ગયા છે.

હવે આગળ તુકનુ વર્ણન જે સ્વરૂપ પધાર્યું છે. તે કોઇ વ્રજ વનિતા નથી, કોઇ સુર (દેવ) વનિતા પણ નથી, તથા શ્રીરાધાજીનું વર્ણન તો જાણવું જ નહિ, તેમ જ તેમની કોઇ સહચરી અષ્ટ સખીનું વર્ણન પણ નથી. તથા કોઇ કોઇ ઉત્તમ નરનારી પણ સુંદર હોય છે. દમયંતી ઇત્યાદીક, તો તે પણ નથી. ત્યારે કોઇ આસુરી કે માયિકીનો જો ભ્રમ હોય તો તેનો તો નિષેધ જ છે. અર્થાત્ તે કોઇ પણ નથી, તે તો ભ્રમ તો ભુલિ જ જવો, તથા જે સ્વરૂપનું વર્ણન કર્યું છે તે કોઈ બ્રહ્માની સૃષ્ટિમાં પેદા થયેલ જ નથી.

"નહિ નરનારી ભરમ જીન ભૂલો બ્રહ્મ સૃષ્ટિમે યહ ન ઉપાની" ।।૨।। સુરદાસજી કહે છે.' મેં જે મોહિની સ્વરૂપનું વર્ણન કર્યું તે કોઇ બ્રહ્માની સૃષ્ટિમાં ઉત્પન્ન થઇ હોય તેવો ભ્રમ રાખવો નહીં હવે આગળ વર્ણન કરે છે.

"સારંગ સુત સારંગ ચક્ષુ દીને સારંગ સુતા દેખી વિલખાની"

સારંગ એટલે દીપક તેનું સત એટલે અંજન અને સારંગ એટલે મૃગ, અર્થાત્ મૃગ જેવા નેત્રોમાં અંજન લગાવ્યું છે. આ અંજન યુકત નયની દ્વારા તે મોહિની સ્વરૂપે નેત્ર કટાક્ષ બાણ ચલાવ્યા તેથી સારંગ એટલે પર્વત તેની સુતા એટલે પાર્વતીજી જોતા જ વિલખાની. અર્થાત્ લજ્જા પામી ગયા લજ્જા પામવાનું કારણ કે,' મહાદેવજી તો ભગવદ્ ભકત શ્રીઠાકુરજીના સ્વરૂપને જાણતા જ હતા. પરંતુ પાર્વતીજીને પોતાના સ્વરૂપ સૌંદર્યનું અભિમાન આવી ગયું હતું તેને મનમાં હતું કે શું મારા કરતા પણ મોહિની રૂપની સુંદરતા હશે ? આ ગર્વ દુર કરવા માટે જ શ્રીઠાકુરજીને મોહિની સ્વરૂપ ધારણ કરવું પડયું પાર્વતીજીએ મહાદેવજીને કહિને વિનંતી કરાવી હતી ત્યારે મોહિની સ્વરૂપના દર્શન કરતા જ પાર્વતીજીનો ગર્વ ઓગળી ગયો હતો. પછી આગળ—"કનક સહોદર વસ કરલીને સૂર ગૂઢ નિજ સંત ન જાની."

કનક=સોનુ તથા સોનાને હિરણ્ય પણ કહેવામાં આવે છે, અને હિરણ્ય ગર્ભ બ્રહ્માનું નામ છે. અને મહાદેવજીનું પ્રાગટય બ્રહ્માથી થયું છે તેથી કહ્યું: "કનક સહોદર" તે વસ થઇ ગયા અને પ્રથમ પોતે મોહિની સ્વરૂપ ધરવાની જે વિનંતિ કરેલી તે ભૂલી ગયા. અને મોહિની સ્વરૂપને પકડવા મોહિત થઇને પાછળ દોડયા. ત્યારે મહાદેવજીએ વિર્ય સ્ખલિત થયું તેથી કહ્યું: "કનક સહોદર વસ કર લિને." અને ગૂઢ એ કે શ્રીઠાકુરજીને ગર્વ સુહાતો નથી. તેથી પાર્વતીજીનો ગર્વ ટાળ્યો, અને મહાદેવજી જે પ્રગટ સ્વરૂપ છોડીને મોહિની સ્વરૂપની ઇચ્છા કરી તેથી તે સ્ખલિત થયા આ "ગૂઢ અર્થ નિજ સંતન જાની."

ભક્તોની નિર્દોષતા

લેખક : **શ્રી ત્રિપાઠી નારાયણ શર્મા**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૮૭મા અધ્યાયના ૨૮મા શ્લોકમાં કહ્યું છે કે,) “સકલ પ્રાણીઓમાં આપ નિવાસ કરીને રહેલા છો, એવા આપની જેઓ સેવા કરે છે તેઓ અન્ય સર્વને અવગણીને મૃત્યુના મસ્તક ઉપર પાદપ્રહાર કરે છે; કારણ કે જે મૃત્યુથીયે ઉત્કૃષ્ટ દેવ છે તેમને પણ વાણીથી બાંધો છો. જેઓ આપના પ્રત્યે પ્રેમ ધરાવે છે તેઓ ખરેખર સર્વને પવિત્ર કરે છે, પરંતુ આપનાથી વિમુખ તપસ્વી આદિ હોવા છતાં તેઓ પવિત્ર કરતા નથી.”

શ્રુતિઓ કહે છે કે, ‘જેઓ આપની પરિચર્યા (સેવા) કરે છે તેઓ જ મૃત્યુના શિર પર આક્રમણ પોતાના પાદપ્રહારથી કરે છે.’ તેઓનું તે પ્રમાણે કરવું અજ્ઞાનથી નથી, પરંતુ તેઓ જાણવા છતાં એમ કરે છે. મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરવો તે તો માત્ર ભગવાનની સેવાથી જ પ્રાપ્ત થઈ જાય છે. જ્યારે ભગવાન તેઓને સેવાનું ફળ દેશે ત્યારે તો તેઓનું કેટલું સામર્થ્ય હશે તે તો અવર્ણનીય જ છે. બધાને બે વાતની રાહ હોય છે કે મારું દુઃખ દૂર થાય અને મને સુખ મળે. આ બેમાં સુખ તો માત્ર ભગવાનથી જ સિદ્ધ થાય છે, અન્યથા સુખની પ્રાપ્તિ થતી નથી. અને વળી દુઃખનો નાશ પણ ભગવાનની સેવાથી થાય છે, બીજી રીતે નથી થતો. બધાથી અધિક દુઃખ મૃત્યુનું છે, અથવા દુઃખોની અંતિમ સીમા મૃત્યુ છે. તે મૃત્યુ કર્મ પ્રમાણે પ્રાણીઓને દુઃખ આપે છે. બધા પ્રકારનાં કર્મો કરતાં પણ દુઃખ આપનાર (મૃત્યુ)નું અપમાન કરવું, અને એ અપમાન પણ સામાન્ય નહિ, પગથી તેના માથાનું મર્દન કરવું તેનાથી તો તે તેને બહુ જ દુઃખ આપે છે. ‘જ્યારે મૃત્યુના શિર પર પગ મૂકવા જેવું કાર્ય પણ ભગવાનના ભકતો માટે ભગવાનના ભજનનું સાધન થાય છે, તો પછી તેને દુઃખ શેનાથી હોય? તેને માટે ભક્ત ધૃવનું ઉદાહરણ આપણી સમક્ષ છે. ધૃવે જ્યારે ભગવાનના ધામમાં જવા માટે પ્રયાણ કર્યું તો મૃત્યુના મસ્તક પદ પગ રાખીને ભગવાનના વાહનમાં બેઠા. મૃત્યુના શિર પર પગ મૂકવો તેને એટલા માટે આવશ્યક છે કે જે નિરંતર ભગવાનની સેવા કરે છે, તેની સેવાની આવશ્યકતા વૈકુંઠમાં પણ હોય છે. આથી તેમને વૈકુંઠમાં તાત્કાલિક પહોંચવું અતિ આવશ્યક હોય છે. પરંતુ દેહાંતર વિના વૈકુંઠમાં જવાતું નથી. તેમ છતાં અન્ય દેહના નિર્માણમાં સંસ્કારોનો નાશ આવશ્યક છે. તેથી અન્ય દેહની પ્રાપ્તિની પ્રતીક્ષા કરવામાં વિલંબ થવાની શકયતા છે. તેથી તે વર્તમાન શરીરથી જ સેવાને માટે તુર્ત જ જાય છે. ત્યારે જવામાં રૂકાવટ કરવા માટે જો મૃત્યુ આવી પડે તો તેને જોઇને કોઇ પણ ભય વગર તેની અવગણના કરીને વાહન પર ચડવામાં નિસરણીની જગ્યા એ તે મૃત્યુના માથા પર આક્રમણ (ઉપયોગ) કરે છે, એટલે કે તેનો ઉપયોગ કરે છે. મૃત્યુના મસ્તક પર પગ મૂકીને ચડી

જવું તે સાહસનું કાર્ય છે. આ થઇ આધિભૌતિક વ્યવસ્થા.

આધ્યાત્મિક વ્યવસ્થામાં તો એવા ઉત્તમ ભકત દેહધર્મ દૈહિક ધર્મ અને વૈદિક ધર્મનું ઉલ્લંઘન કરીને પણ ભગવાનની સેવા કરે છે, તેઓ ખરેખર ભગવદીય છે.

સેવામાં વિશેષરૂપે ધ્યાન રાખવાની વાત એ છે કે, 'અખિલસત્ત્વનિકેતનતયા' (સર્વે પ્રાણીઓમાં નિવાસ કરીને રહેલ હોવાથી) બહિર્મુખ હોય તેઓની સેવા ભગવાન ગ્રહણ કરતા નથી, પરંતુ સર્વે પ્રાણીઓમાં જેમનો નિવાસ છે, અર્થાત્ સર્વત્ર ભગવાન છે, એમ જાણીને કોઇનો વિરોધ કર્યા વગર જે સેવા કરે છે તેમની સેવાનો ભગવાન સ્વીકાર કરે છે.

ભગવાન પોતે જ કહે છે કે, 'સર્વ મદ્ધિષ્ણ્ય-મીક્ષધ્વમેવં વસ્તોષિતો હ્યચૌ' આ વાકયથી સર્વે પ્રાણીઓમાં ભગવાનને જોવાથી પણ ભગવાન પ્રસન્ન થાય છે, જો કોઈ ભકત તેનાથી વિપરીત કરે તો તેને માટે દોષ બતાવ્યો છે, કુરુતેઽર્ચાન્વિડંબનમ્' માત્ર મૂર્તિ પૂજા કરીને મને છેતરે છે. (એટલે કે ભૂતમાત્રમાં અર્થાત્ જડ અને ચૈતન્યમાં આત્મારૂપે સદાય વિરાજમાન એવો હું, તેમનો આદર કરીને માનવી માત્ર મૂર્તિને જ સેવે છે તે મને છેતરતો રહ્યો છે.–ભાગ. ૩–૨૯–૨૧) અને 'ભસ્મન્યેવ જુહોતિ સઃ'–તે ભસ્મમાં જ હોમ કરે છે. (એટલે કે ભૂતમાત્રમાં અર્થાત્ જડ અને ચેતનમાં આત્મરૂપે રહેલ પરમેશ્વર, એવા મને મૂઢતાથી કેવળ મૂર્તિની જ સેવામાં જે લાગ્યો રહે છે તે ભસ્મમાં જ હોમ કરે છે.–ભાગ. ૩–૨૯–૨૨) સર્વે પ્રાણીઓમાં વિરાજમાન ભગવાનનો વિરોધ કરીને જે માત્ર મૂર્તિની જ સેવા કરે છે તેની સેવા તો કેવળ દેખાવ કરવા પૂરતી જ છે. તેમ જ રાખમાં નખાનારી આહુતિ જેમ વ્યર્થ છે તેમ તેમની સેવા પણ અર્થ રહિત છે. 'તવ' શબ્દ છઠ્ઠી વિભકિતમાં છે, તેનાથી એમ બતાવાયું છે કે ભગવાન સાથે સંબંધ રાખનારો કોઈ પદાર્થ હોય તેની પરિચર્યા જે કરે છે તે પરિચર્યા ભગવાનની જ છે, પરંતુ તે પરિચર્યામાં સર્વાત્મભાવ હોવો જોઇએ, પણ જો ભેદદૃષ્ટિ થઈ તો તેના ઉપર મૃત્યુનું પરાક્રમ (આક્રમણ) થઈ જાય છે. 'મૃત્યોઃ સ મૃત્યુમાપ્નોતિ ય ઇહ નાનેવ યશ્યતિ' (જે અહીં વૈવિધ્ય જુએ છે તે વારંવાર જન્મ–મરણને પામે છે.–કઠોપ. ૨–૧–૧૧).

(ક્રમશઃ)

સમાચાર

મુલુન્ડ–પુષ્ટિ ભકિત સિદ્ધાંત સેવા શિબીર

પૂજ્યપાદ ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી મહારાજ દ્વારા સસ્થાપિત અને ચિ. ગોસ્વામી શ્રી રઘુનાથબાવાશ્રી દ્વારા સંચાલિત શ્રી વલ્લભપીઠ પાઠશાળામાં અદયયન અદયાયનનું કાર્ય સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવી રહ્યું છે જેમાં શ્રીવલ્લભ સિદ્ધાંત ગ્રંથોનું અધ્યયન વ્યાકરણીય પદ્ધતિથી કરાવવામાં આવી રહયું છે. આના અંતર્ગતમાં આપશ્રીએ દર વર્ષે સિદ્ધાંત સેવા શિબીરનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં દર વર્ષે ભારતના અલગ અલગ સુંદર એકાંત બેઠકજી જેવાં સ્થળો સમીપ સિદ્ધાંત સેવામાં રૂચી રાખનારા વૈષ્ણવોને સાથે લઇ સત્રનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

પ્રથમ પ્રયોગાત્મક રૂપમાં એક સત્ર ૫મી જાન્યુઆરીથી ૮મી જાન્યુઆરી દરમ્યાન શ્રી મનસુખલાલ દેસાઇ આરોગ્યભુવન માથેરાનમાં 'સિદ્ધાંત રહસ્ય' પર યોજવામાં આવ્યું હતું જેમાં અઢારથી વીસ વૈષ્ણવોએ ભાગ લીધો હતો.

સમાચાર

રાજકોટ : આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ–જુનાગઢ જીલ્લાનાં કાર્યકરોનુ સંમેલન દિનાંક ૫–૨–૮૯ નાં દિને શ્રી અરવીંદભાઈ મણીયાર હોલ જયુબીલી બાગ રાજકોટમાં મળી ગયુ આ સંમેલનમાં રાજકોટ જુનાગઢ જીલ્લાનાં ૭૫૦ પ્રતિનીધી ઉપસ્થિત રહયા હતી.

આ સમેલનમાં પૂ.પા. ગોવીંદરાયજી મહારાજ (પોરબંદર) ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ તથાશ્રી વ્રજેશકુમારજી (રાજકોટ) ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (જુનાગઢ) ગો. શ્રી વાગીશલાલજી (વડોદરા), ગો. શ્રી કલ્યાણરાયજી (કામવન) ગો. શ્રી ચંદ્રગોપાલજી (વેરાવલ), ગો. શ્રી દામોદરલાલજી (ગોંડલ) ગો. શ્રી ગોપીકાલંકારજી (રાજકોટ), ગો. શ્રી રૂષીકેશજી તથા પ્રબોધકુમારજી (ધોરાજી) વગેરે ગોસ્વામી બાલકોએ પ્રવચન કરી માર્ગદર્શ,, આપેલ.

તેમજ આ સંમેલનમાં વૈષ્ણવ પરિષદના પ્રદેશ હોદેદારો રાજકોટ તથા જુનાગઢ જીલ્લાની શાખાઓના પધાધીકારીઓ તેમજ અગ્રણી વૈષ્ણવોએ ચર્ચા જીવંત રસ લીધો હતો.

ચર્ચામાં મુખ્યત્વે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના એક નેજા હેઠળ એકત્રીત થઇ ગામે ગામ શાખા ખોલી પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર, પ્રસાર, સંરક્ષણ અને સવર્ધન કાર્યમાં લાગીજવા, સ્વધર્મ આચરણ તરફ વળવા, સત્સંગ પ્રવૃત્તિ વધારવા, બાલમંદિર-પાઠ શાળા તથા ઋષિકુલ ઠેર ઠેર નિર્માણ કરવાની પ્રવૃત્તિને વેગ આપવા, ગૌશાળા નિર્માણ કરવા, સંગઠનની મહતા વિગેરે મુદ્દા ઉપર બન્ને સત્રોમાંર સપૂર્વક આઠ કલાક સુધી ચર્ચા વિચારણા કરવામાં આવી તેમજ હિન્દુ ધર્મના જુદા જુદા દેવ-દેવીઓના તથા સંપ્રદાયના આચાર્યોના ચિત્રો જે ધંધાકિય જાહેરાતોમાં ઉપયોપમાં લેવાય છે તે બંધ કર વવાવા ઠરાવ તથા પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં જીવન ચરિત્રનો પાઠ પાઠય પુસ્તકમાં અભ્યાસક્રમમાં દાખલ કરવાની માંગણી સાથેના મહત્વના ઠરાવો કરવામાં આવ્યા.

રાજકોટ : આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાનાં ઉપક્રમે **૨૪–૧–૮૯ થી ૩૧–૧–૮૯સુધી** શ્રી સાતસ્વરૂપની હવેલીમાં હવેલી કિર્તન સંગીત શિક્ષણ શિબિર'' નું આયોજન કરવામાં આવ્યુ આ શિબિરમાં શ્રી વીઠલદાસ બાપોદરાએ સરલ પદ્ધતીથી શિક્ષણ આપેલ શિક્ષણ શિબિરનું ઉદઘાટન ગો. શ્રી ગોપીકાલંકાજી બાવાએ કરેલ.

પુ. પા. શ્રી ગોપાલબાવા (કોટા) ગા. શ્રી પુરૂસોતમલાલજી બાવા (રાજકોટ) ગો. શ્રી વૃજેશકુમારજી (કામવન–રાજકોટ) ગો. શ્રી કલ્યાણરાયજી (કામવન) ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (જુનાગઢ) ગો. શ્રી રાજીવલોચનજી (રાજકોટ) વિગેરે આચાર્યો જુદા જુદા દિવસે ઉપસ્થિત રહી માર્ગદર્શન તેમજ આશીર્વાદ આપેલ

તા. ૩૧–૧ નાં સાંજે ૭ કલાકે ૧૫૧ શિબીરાર્થીઓએ શ્રી બાલકૃષ્ણલાલજી હવેલીમાં શ્રી ઠાકોરજી સન્મુખ સયન દર્શનમાં ગવતા બે પદો સમુહમાં ભાવવાહી સ્વરે ગાન કરેલ તેમજ રાત્રિના ૯થી ૧ એ જાહેર કાર્યક્રમ ગો. શ્રી વૃજેશકુમારજીની ઉપસ્થિતિમાં શિબીરાર્થીઓ તેમજ રાજકોટનાં ખ્યાતનામ કિર્તનકારોનું સંગીન સંમેલન શ્રી અરવીદભાઇ મણીયાર હોલમાં યોજવામાં આવેલ જેમાં શિક્ષણાર્થીઓના ૮ ગ્રુપ પાડી કિર્તનગાન કરવામાં આવેલ તેમજ જાણીતા કિર્તનકારો દ્વારા વ્યકિતગત કિર્તનગાન કરેલ પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદયે સુંદર પખાવજ બજાવી સમગ્ર ગૃહને આનંદ વિભોર બનાવી દીધેલ.

(ટાઈટલ બીજા પાનેથી ચાલુ)

બીજા ભાગમાં મહાનુભાવ શ્રીહરિરાયજી મહાપ્રભુજી કૃત સહરત્રીભાવના પર આધારિત "નિત્યલીલા ભાવના"ને કેન્દ્રમાં રાખી શ્રી ઠાકોરજીને જગાવવાથી શયન–સુધીનો સેવા પ્રકાર ભકત કવિઓના સમય સમયના પદો અને તેમાં વર્ણવાયેલ લીલા ભાવનાની સમજુતી સાથે સંકલન કરવામાં આવેલ છે.

એકંદર આ પુસ્તક પુષ્ટિમાર્ગમાં સાધન–ફળ સેવા જ છે તે સેવાભાવના-સિદ્ધાંત સમજવામાં પ્રેરણા મેળવવામાં આબાલવૃદ્ધ સૌ વૈષ્ણવોને ઉપયોગી સાહિત્યનું સંકલન સંપાદન કરનાર અને "વૈષ્ણવ પરિવાર"ના ગ્રાહકોને ભેટ આપવા માટે વિત્તજા સેવા કરનાર અભિનંદનીય છે.

આપણા શ્રીનાથજી

લેખક – ષ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ પ્રકાશક – શ્રી વલ્લભ ગ્રંથ પ્રકાશન કાર્યાલય.

૬/૭૦૯, ગલેમંડી, મોટી શેરી, સુરત–૩૯૫૦૦૩ સાઈઝ ક્રાઉન સોળ પેઈજી પાકા પુંઠાનું પૃષ્ઠ સંખ્યા ૩૧૦+૨૦=૩૩૦ ન્યો રૂ. ૨૮/– પોસ્ટેજ અલગ,

આ પુસ્તક શ્રીનાથદ્વારામાં બિરાજતા આપણા પુષ્ટિ સંપ્રદાયના ઈષ્ટદેવ નિકુંજનાયક શ્રીનાથજીનું પ્રાકટય શ્રી ગિરિરાજજીમાં થયું તે પૂર્વનું વૃત્તાંત અને મેવાડમાં પધાર્યા ત્યાં સુધીનો પ્રાકટય લીલા ભાવના અને ઐતિહાસિક પ્રમાણ સાથેનું માહિતીસભર છે. તેમજ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી તથા અત્યાર સુધી તેમના વંશજો-તિલકાયતશ્રીઓ સેવા કરતા આવ્યા છે અને કરે છે તેમની વંશાવળી, શ્રીનાથજીની ચરણચોકી–બેઠકજીઓ શ્રીનાથજીના સ્વરૂપની ભાવના, ઘોળ તથા વૈષ્ણવોની જીવન પ્રણાલિકા તથા શ્રીનાથજીના મંદિરની ભાવના તેમજ પ્રાચીન–અર્વાચીન ભકતો પર પ્રમેય બળથી કૃપા કર્યાના પ્રસંગોને આવરી લેતું અનોખું પુસ્તક લખનાર અને પ્રકાશક સંસ્થા ધન્યવાદને પાત્ર છે.

આન્તર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ–૪૦૦–૦૦ તા. ૩૧–૧૦–૧૯૮૮

બધી શાખાઓ માટે કેન્દ્રીય કાર્યાલય તરફથી પરિષદનો પરિપત્ર

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાની પરીક્ષાઓ ૬૫ વર્ષોથી હિન્દી અને ગુજરાતીમાં લેવાય છે. આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ પોતાની દરેક શાખાઓને આગ્રહ રાખે છે કે આ પરીક્ષાઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

પોતાની શાખામાં પરીક્ષા કેન્દ્ર સ્થાપિત કરવા અધ્યયનની વ્યવસ્થા કરવી જોઈએ. પરીક્ષા કેન્દ્રને માટે નીચે લખેલા સરનામે પોતાની શાખાનું સંપૂર્ણ નામ અને એડ્રસ સ્પષ્ટ લખીને પત્ર વ્યવહાર કરી શકો છો.

પરીક્ષા કેન્દ્ર સ્થાપિત કરવા પત્ર વ્યવહારનું સરનામું
મધુસુદન શાસ્ત્રીજી (નિ:શુલ્ક ભાગવત કથાકાર)
(અવૈતનિક માનદ્ શાસ્ત્રી, વેદાન્ત–સાહિત્ય–આચાર્ય)
બંગલા નં–૩, દ્વારકાધીશ સોસાયટી,
પાલનપુર પાટિયા, બસ સ્ટેન્ડ પાસે, રાંદેર રોડ સુરત–૩૯૫૦૦૯

કેન્દ્રીય કાર્યાલયથી, કેન્દ્રીય સમિતિના નિર્ણયાનુસાર આ પરિપત્ર કાઢવામાં આવ્યો છે,

આથી આજેજ પરિષદની બધી શાખાઓ સ્વધર્મ પ્રચારના હેતુથી બાળક–યુવાન તેમજ નિરક્ષરોમાં (૬૫ વર્ષોથી સતત કાર્યરત એવી) મહાસભાની પરીક્ષા દ્વારા સ્વધર્મનું–ભકિત–જ્ઞાનનું બીજ અંકુરિત કરો.

મધુસુદન શાસ્ત્રીના દંડવત પ્રણામ
સહી (હસ્તાક્ષર) **મુકુન્દ શાહ**
મુકુન્દભાઈ આર. શાહ (કેન્દ્રીય મંત્રી
આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ
કેન્દ્રીય કાર્યાલય મુંબઈ

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L.P.W.P. 43

॥ શ્રીહરિઃ ॥

આચાર્યજી શ્રી મહાપ્રભુજી કૃત "નવરત્ન" નો ભાવાનુવાદ

[રાગ–માઢ ઢાળ : મારા છેલગુમાની શ્યામ રે, પ્યારા પાલવ મૂકોને]

ચિંતા કરવી નહીં લગાર, કરો નવરત્ન તણો વિચાર,
હોય નિવેદિત આત્મા તેને, ચિંતા ન કરવી કોઈ;
પુષ્ટિ-પુરૂષોત્તમ શિરપર રાજે, લૌકિક ગતિ ન હોય. –કરો નવરત્ન૦ ૧
નિવેદનનું સ્મરણ કરવું, ભકતજનોની સાથ;
નિજ ઇચ્છાથી સઘળું કરશે, સર્વાત્મા શ્રીનાથ. –કરો નવરત્ન૦ ૨
અન્ય વિનિયોગ થતા પોતાનો, તેથી ચિંતા થાય;
પ્રભુ સંબંધ સર્વને જાણી, મુંઝાવું ન મનમાંય. –કરો નવરત્ન૦ ૩
કર્યું નિવેદન જેણે, જ્ઞાનથી કે અજ્ઞાન;
પ્રાણ જોડયા જેણે પ્રભુની સાથે, તેને ચિંતા નહીં આન. –કરો નવરત્ન૦ ૪
કર્યું નિવેદન પુરૂષોત્તમને, તેથી ચિંતા ન લગાર;
થાય વિનિયોગ ભલે બીજામાં, સમર્થ છે મુરાર. –કરો નવરત્ન૦ ૫
કરે નહીં પ્રભુ પુષ્ટિ ભકતોનું, લૌકિક વૈદિક સિદ્ધ;
સાક્ષીવત થઇ સર્વમાં રહેવું, છોડવું નહીં સાનિધ. –કરો નવરત્ન૦ ૬
ગુરુ આજ્ઞા પ્રમાણુ માની, સેવાવા સુંદર શ્યામ;
વિશેષ આજ્ઞા હરિ કરે તો, પાળવી તે તમામ. –કરો નવરત્ન૦ ૭
ચિત્ત પરોવી હરિ સેવામાં, સદા પામવું સુખ;
અન્ય વિષયોમાં મન રાખીને, વૃથા ન પામો દુઃખ. –કરો નવરત્ન૦ ૮
દુઃખ આપે હરિ કદિ તો, તેથી ઉદ્વેગ થાય;
હરિ લીલા માનવી તેને, ચિંતા સઘળી જાય. –કરો નવરત્ન૦ ૯
તેથી સદા 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જપો અહરનિશ;
મત અમારો એવો છે એમ, વદે શ્રીવલ્લભાધીશ. –કરો નવરત્ન૦ ૧૦
નવરત્નનાં પાઠે કરીને, ચિંતા થાયે દૂર;
'લાલ' હૃદય શુદ્ધ થાતાં, રહે પ્રેમ ભરપૂર. –કરો નવરત્ન૦ ૧૧

–કીર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, પોરબંદર.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.